શ્રીદયાવિમળજૈનગ્રંથમાલા અંક. ૫

શ્રીમત્તપાગચ્છાચાર્યવિમલશાખીયમહાકવિ.

શ્રીજ્ઞાનવિમલસૂરીશ્વરાદ્વિરચિતઃ

પ્રાચીનસ્તવનાદ્વિરત્નસંગ્રહ

ભાગ ૨ જો.

સંગ્રહકર્તા સુધત.

સદ્ગત શ્રીમત્પન્ન્યાસ સૌભાગ્યવિમલગણિશિષ્ય-

સુદ્ગત પન્ન્યાસ મુક્તિવિમલગણિ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શ્રેષ્ઠિવર્ય જમનાભાઈ ભગુભાઈ.

શેઠ. મનસુખભાઈની પોળ—અમદાવાદ.

અમદાવાદમાં શ્રી મહાવીર સ્વામીના દેરા સામે નંબર ૧૨૫ વાળા મકાનમાં આવેલા ધી બુદ્ધિસાગર પ્રિ. પ્રેસમાં શા. ચંદુલાલ ડાહ્યાભાઇએ છાપ્યો.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦

સંવત ૧૯૮૦ સને ૧૯૨૪

કિંમત બે રૂપીઆ.

આ પુસ્તક છપાવી પ્રસિદ્ધ કરનાર શ્રેષ્ઠિવર્ય–નરરત્ન–

શ્રી જમનાભાઇ ભગુભાઇની પ્રશસ્તિ.

પૂર્વે પૈથાપુરનગરમાં માણિકરત્નની જેમ શ્રેષ્ઠ અને વીશા-પોરવાડજ્ઞાતિમાં અગ્રેસર માણિક્યચંદ્ર નામે શ્રેષ્ઠિવર્ય થયા. તેમના પુત્ર પ્રખ્યાતયશવાળા નાનાલાલ નામે શ્રેષ્ઠી થયા. ત્યારથી નાના-માણિક્યનો વંશ કહેવાયો. તેમના પુત્ર સૌભાગ્યચંદ્રશ્રેષ્ઠી થયા, ને તેના પુત્ર વીરચંદ્રશ્રેષ્ઠિ થયા. આ સર્વ શ્રેષ્ઠિવર્યો વ્યાપારનિમિત્તે અમદ્દાવાદ આવ્યા, ને ત્યાં રહીને પોતાના ઘર વિગેરે સ્થાપન કર્યા. હવે શ્રીવીરચંદ્રશ્રેષ્ઠિના પુત્ર, પ્રાણીઓને પ્રેમપાત્ર અને શ્રીતીર્થંકર-મહારાજના વચન સાંભળવામાં પ્રેમી, શ્રીપ્રેમચંદ્રશ્રેષ્ઠિવર્ય થયા, તે શ્રેષ્ઠીએ શ્રીમત્તપાગચ્છસ્થવિમલશાખીય શ્રીમત્પંડિતમણિવિમલગ-ણિશિષ્યપંડિતશ્રીઉદ્યોતવિમલજીમહારાજના ઉપદેશથી વિક્રમસંવત્ ૧૮૮૭ વર્ષે શ્રીઅમદાવાદનગરથી શ્રીસિદ્ધાચલમહાતીર્થનો સંઘ કહાઢયો હતો. અને અનેક યાત્રાળુઓને યાત્રા કરાવી હતી. હવે તેમના પુત્ર ઘણા લોકોને માનનીય, ભદ્રકભાવિ, માણસોમાં શિરોમણી અને ધર્મકાર્ય કરવામાં તત્પર શ્રીભગુભાઇ નામે શ્રેષ્ઠિવર્ય થયા. તે શ્રેષ્ઠિયે શ્રાવકવર્ગથી સંપૂર્ણ શ્રી રાજનગર (અમદાવાદ) માં હાજાપટેલની પોળમાં રામજીમંદિરની પોળમાં પોતાના દ્રવ્યથી શ્રી મહાવીરસ્વા-મીનું નવું દહેરાસર બંધાવી વિક્રમ સંવત્ ૧૯૦૩ વર્ષે વૈશાખ વદી સાતમને દિવસે સુવિહિતગુરૂની પાસે બિંબપ્રવેશાદિકની ક્રિયા કરાવી. તથા ભગુભાઇશ્રેષ્ઠિવર્ય શ્રીમત્પંડિતશ્રી ઉદ્યોતવિમલગણિ મહારાજના સુશિષ્ય શ્રીમત્પંડિતદાનવિમલજીગણિમહારાજના ઉપ-દેશથી સંવત્ ૧૯૧૧ વર્ષે શ્રી સિદ્ધાચલજીનો સંઘ કહાઢીને અનેક ભવ્યોને તીર્થયાત્રા કરાવીને પોતાના દ્રવ્યને કૃતાર્થ કીધું. અને

તે ભગુભાઇશ્રેષ્ઠિની ધર્મકાર્યાદિકમાં તત્પર પ્રધાનબાઈ નામે ભાર્યાની કુક્ષિરૂપ છીપમાં મોતી સમાન બે પુત્રો થયા, તેમાં પ્રથમપુત્ર શ્રેષ્ઠિવર્ય મનસુખભાઇ થયા, તેમનો જન્મ સંવત્ ૧૯૧૧ વર્ષે શ્રાવણ સુદી એકાદશીને દિને થયો હતો. આ શ્રેષ્ઠિએ પોતાના સંપૂર્ણ આયુષ્યમાં ધર્મકાર્ય કરવાને હેતે, જીર્ણોદ્ધારને માટે તથા તિર્થસ્થાપનાને વાસ્તે તથા ઘણા ધર્મકાર્યમાં આશરે પંચવીશલક્ષ રૂપૈયા (૨૫૦૦૦૦) ખરચ્યા. હવે શ્રેષ્ઠિવર્ય શ્રી ભગુભાઈના બીજા પુત્ર શ્રી જમનાભાઇ થયા તેઓનો જન્મ સંવત્ ૧૯૧૫ વર્ષે પોષ સુદ ૨ તિથીએ થયો હતો, અને આ શ્રેષ્ઠિનો સ્વભાવ અતિશાન્ત છે, અને ધર્મ કરવામાં અન્ય ભવ્યને ધર્મકાર્યે જોડવામાં અને અનેક રીતિયે લાખો રૂપીયા પ્રમાણે દ્રવ્ય ખર્ચીને જ્ઞાનનો તથા અરિહંતની પ્રતિમાઓનો તથા જીર્ણદેરાસરનો અથવા જીર્ણતીર્થોનો જીર્ણોદ્ધાર કરાવવામાં તથા જીવોને અભયદાન આપવામાં તેમનો સ્વભાવ અત્યુચ્ચપદને ધારણ કરનાર છે. આ શ્રેષ્ઠિવર્ય આધુનિકસમયમાં વિદ્યમાનપણે પોતાના દ્રવ્યથી અનેક રીતિયે ઉપકાર કરે છે, ઘણા જીર્ણોદ્ધાર કરે છે અને તે જૈન પ્રજામાં સ્તંભરૂપ છે. પોતાના પ્રાગ્વાટ (વીશાપોરવાડ) વંશને દીપાવે છે, કેમકે સિંહના પુત્ર તે સિંહજ હોય છે, તેવી રીતિયે આ શ્રેષ્ઠિવર્ય શ્રી જમનાભાઈ ભગુભાઈ ઘણા વર્ષો સુધી જૈન શાસનને દીપાવશે, ને શાસનની ઉન્નતિ કરશે, તેવો સજ્જનવર્ગનો સદા આશીર્વાદ છે. આ શ્રેષ્ઠિવર્યનો વિશેષ અધિકાર જાણવાની ઇચ્છા હોય તો સંસ્કૃત શ્લોકબદ્ધ શ્રીમત્પન્યાસ સૌભાગ્યવિમલગણિ ચરિત્રના બીજા સર્ગથી જાણી લેવો, અને શ્રેષ્ઠિવર્ય શ્રી જમનાભાઈ ભગુભાઇએ પોતાના દ્રવ્યનો સદ્વ્યય કરી આ પ્રાચીન સ્તવનરત્નસંગ્રહ નામનું પુસ્તક જૈનસમાજને વાંચવા ભણવા માટે છપાવી પ્રસિદ્ધ કર્યું છે. અને આ તેનો બીજો ભાગ છે.

ઘણા મહાશયો તરફથી, તથા જ્ઞાનભંડારોમાંથી, સ્તવનો વગેરે અમને મળ્યા છે તે નવા નવા (અપ્રસિદ્ધ) સ્તવનો આ પ્રાચીન સ્તવનરત્નસંગ્રહમાં દાખલ કર્યા છે.

આ પ્રાચીન સ્તવન રત્નસંગ્રહમાં સ્તવનોની જીર્ણ પ્રતો કેટલીક અશુદ્ધ ને કેટલીક શુદ્ધ તથા કેટલાએક સ્તવનોની એક નકલ કેટલાએકની બે નકલ એવી રીતે મળવાથી પ્રાયઃ કેટલાક સ્તવનો અશુદ્ધ હોવાથી બનતા પ્રયાસે સંશોધન કર્યું છે તેમ છતાં દૃષ્ટિદોષે અથવા પ્રેસવાળાના દોષથી જે કાંઇ ભૂલચૂક રહી ગઇ હોય તો યોગ્યરીતિયે વાચકોએ સુધારીને વાંચી લેવી.

इत्गलं विस्तरेण.

यदुक्त-गच्छतः स्खलनं क्वापि, भवत्येव प्रमादतः ।
हसन्ति दुर्जनास्तत्र, समादधति सज्जनाः ॥ १ ॥

इति ज्ञापयति.

सेवक

चंदुलाल मोहनलाल कोठारी.

दादा साहेबनी पोल

अमदावाद.

संवत् १९८० माहा सुदि ५

અનુક્રમણિકા.

સ્તવનો.

જ્ઞાનવિમલ.

પૃષ્ઠ	વિષય
૧—૮	સૂર્યાભ નાટક
૮-૨૩	ત્રિષષ્ઠિ શલાકા પુરુષ
૨૩-૩૦ ૪૧-૪૯	તીર્થમાલા યાત્રા
૩૨—૩૪	અતિશય (૩૪)
૩૪—૩૫	પ્રાતિહાર્ય
૩૬—૩૯	ભાવન અક્ષરમય જીનસ્તવન
૩૯—૪૦	પિંડસ્થાદિ ધ્યાન
૫૧	અંતરંગ ઓઢણી
૫૭—૫૮ ૫૯—૬૦	સાધારણજિન
૫૮—૫૯	જીનગીત
૫૯	સિદ્ધચક્ર
૬૦—૭૫	ચોવીસી
૭૬—૮૦	વિહરમાન જીન સ્તવન
૫૦ ૫૫—૫૬	આદિજિન
૫૬	શાન્તિનાથ
૪૦—૪૧ ૫૧—૫૨	પાર્શ્વનાથ
૪૯	ગોડીપાર્શ્વ
૫૨—૫૪	ચિન્તામણિ પાર્શ્વ
૫૪—૫૫	સંખેશ્વર પાર્શ્વ
૩૧ ૩૫—૩૬	વીરજિન

વિમલગચ્છના અન્ય સાધુઓ રચિત.

૮૫—૧૦૨ ચોવિસી (કીર્તિવિમલ)
૧૦૩—૧૧૬ ચોવિસી (દાનવિમલ)
૧૧૭—૧૨૮ વિહરમાન (૨૦) જિન (વિબુધવિમલ)
૧૨૯—૧૩૨ ઋષભદેવનું ગીત (વિનીતવિમલ)
૧૩૨—૧૩૪ ધુલેવા ઋષભદેવ (ઉદય વિમલ શિષ્ય)
૧૩૨—૧૩૮ ઋષભદેવ સ્તવનો (અમૃત જિતવિમલ વીર મહોદય)
૧૩૮—૧૩૯ અજિતનાથ (અમૃત)
૧૩૯ સંભવનાથ (અમૃત)
૧૪૭ અભિનંદન (સાધુવિમલ)
૧૪૦—૧૪૧ સુમતિનાથ (અમૃત)
૧૪૧—૧૪૨ ચંદ્રપ્રભુ (મહોદય)
૧૪૨—૧૪૩ સુવિધિનાથ (પ્રીતિવિમલ)
૧૪૩—૧૪૫ શાન્તિનાથ (વીર વિમલ અમૃત ધીરવિમલ)
૧૪૫—૪૬ શિતલશાં ત (અમૃત)
૧૪૭ નેમનાથ (વિબુધ)
૧૪૭—૧૫૧ | પાર્શ્વનાથ ગોડી (પ્રીતિવિમલ)
૧૫૩—૧૫૮ |
૧૬૧ | પાર્શ્વનાથ (લક્ષ્મીવિમલ વિશુદ્ધવિમલ અમૃત જિત)
૧૫૨—૧૫૩ પાશ્વનાથ ફલવર્દ્ધી (ધનવિમળ)
૧૫૮-૧૬૦ પાર્શ્વનાથ સંખેશ્વર (વીરવિમલ) રત્નવિમલ
૧૬૧-૧૬૨ ,, મોઢેરા (અમૃત)
૧૬૨ ,, ભટેવા (અમૃત)
૧૬૩-૧૬૫ મોહબંધ સ્થાન વિચાર ગર્ભિત મહાવીરજી પં. જીવવિમલ શિષ્ય
૧૬૫-૧૭૧ શાશ્વતજિન (માણિક્યવિમલ)
૧૭૧-૧૭૩ જિનપૂજાવિધિ (ગુણવિમલ જીત)
૧૭૪-૧૭૫ સિદ્ધચક્ર (અમૃત)
૧૭૫-૧૭૮ મૌન એકાદશી (વિશુદ્ધ વિમલ)

૧૭૯-૧૮૩ એકસો વિશ કલ્યાણક ગર્ભિત સ્તવન (પ્રીતિવિમલ)
૧૮૩ ચતુર્વિંશતિજિન (વિશુદ્ધ)
૧૮૩-૧૮૪ વિહરમાન જિન (વિશુદ્ધ)
૧૮૪ અતીત જિન [અમૃત]
૧૮૫ વર્તમાન જિન [અમૃત]
૧૮૫ અનાગત જિન [અમૃત]
૧૮૬-૧૮૭ સિદ્ધાચળ

મુક્તિવિમલ.

૨૧૦-૨૨૫ ચોવિસી
૨૩૬-૨૩૭ જિનપ્રતિમા પ્રતિપાદક
૨૩૯-૨૪૦ } તીર્થ [૬૮]નું સ્તવન
૨૫૭-૨૫૮ }
૨૪૬-૨૪૭ આબુજી
૨૫૧-૨૫૨ સિદ્ધિપદ
૨૫૨-૨૫૩ વિહરમાનજિન
૨૫૪-૨૫૬ અતિશય [૩૪] ગર્ભિત સ્તવન
૨૫૮-૨૫૯ અક્ષયવિધિ તપ
૨૫૯-૨૬૧ યુગપ્રધાન
૨૬૨-૨૬૩ પૂર્વ [૧૪]
૨૬૩-૨૬૫ લબ્ધી [૬૮]
૨૬૫-૨૬૬ વિજય [૩૨] ગણ્યો
૨૬૭ જિનપદ
૨૩૪-૨૩૬ } સિદ્ધાચલ
૨૪૩ }
૨૪૯-૨૫૧ }
૨૪૮-૨૪૯ આદીશ્વર [મેત્રાણા]
૨૪૨-૨૪૩ વાસુપૂજ્ય [સરખેજ]
૨૪૪-૨૪૫ મલ્લીનાથ [લોયણી]
૨૪૫-૨૪૬ નેમિનાથ [કુંભારિયા]
૨૫૭ પાર્શ્વનાથ [સંસ્કૃત]

૨૨૮–૨૩૦ ,, [પંચાસર]
૨૪૯ ,, ભાભા
૨૩૦–૨૩૧ ,, ગોડી
૨૪૧–૨૪૨ ,,
૨૩૧–૨૩૬ ,, સંખેશ્વર
૨૫૩–૨૫૪ ,, ચારૂપ
૨૪૭ મહાવીર [આસણવાડ]
૨૩૩–૨૩૪ ,, [પાનસર]
૨૩૮–૨૩૯ ,, વીજાપુર

ચૈત્યવંદન–જ્ઞાનવિમલ.

સિદ્ધાચલ.

૮૧—૮૨ ભાભાપાર્શ્વનાથ
૮૨ ૧૮ દોષ વર્જન ગર્ભિતજિન ચૈત્યવંદન
૮૨—૮૩ દેવવંદન વિધિ ગર્ભિતજિન ચૈત્યવંદન

ચૈત્યવંદન મુક્તિવિમલ.

૧૮૮ સિદ્ધાચલ
૧૮૯ આદિનાથ
૧૯૦ અજિતનાથ
૧૯૦–૧૯૧ સંભવનાથ
૧૯૧ અભિનંદન
૧૯૧–૧૯૨ સુમતિનાથ
૧૯૨–૧૯૯ એકમતિથી પુનમતિથિ સુદ્ધાંત
૨૦૦ અમાવાસ્યા
૨૦૦–૨૦૭ વિહરમાનજીન
૨૦૭–૨૦૮ અક્ષયનિધિ તપ
૨૦૮ અડસઠ તીર્થ
૨૦૮—૪૫ આગમ
૨૦૯ સિદ્ધિતપ

સ્તુતિ.

૨૬૮ } મહાવીરસ્વામી
૨૭૬ }
૨૬૮–૨૭૦ સિદ્ધાચલ
૨૭૦–૨૭૧ સિદ્ધચક્ર
૨૭૧–૨૭૨ જ્ઞાનપંચમી
૨૭૨–૨૭૩ દીવાલી
૨૭૩ આદીશ્વર
૨૭૩–૨૭૪ અજિતનાથ
૨૭૪ સુમતિ
૨૭૫ ગોડીપાર્શ્વનાથ
૨૭૫ ચિંતામણિ પાર્શ્વનાથ

સ્વાધ્યાય (સઝાયો) જ્ઞાનતિમલ્લ.

૪૧૭ ૧૧ અંગ ૧૨ ઉપાંગ
૩૬૪–૩૬૭ અલ્પ બહુત્વ [૯૮ બોલનો]
૨૭૮–૨૮૧ અવન્તિસુકુમાલ
૩૮૮ અષ્ટભંગી
૩૯૧ અસમાધિ ૨૦ સ્થાનક
૪૦૩ આચાર્ય
૩૯૯
૪૧૮–૪૧૯ | આત્મશિક્ષા
૪૨૮–૪૨૯
૪૪૨–૪૪૩
૩૮૫–૩૮૬ આત્માને સુમતિની શિક્ષા
૩૯૨ આશાતના ૩૩ વારક
૩૭૩–૩૭૪ આત્મહિત શિક્ષા
૪૦૪–૪૦૭ આહાર ૪ પરિજ્ઞા
૪૪૭–૪૪૮ } ઇર્યાવહિ કુલક
૪૧૩–૪૧૫ } ઇર્યાવહી કુલક
૪૨૩–૪૨૪ ઉપાધ્યાય પદ
૩૬૯–૩૭૦ કથાકામિની શિક્ષા

૩૫૪ કલિયુગ
૪૨૯-૪૪૧ કાઠિયા [૧૩]
૨૮૧-૨૮૨ કાયોત્સર્ગના ૧૯ દોષ
૪૦૯ કૌશલ્યા
૩૯૬-૩૯૭ ગજસુકુમાલ
૩૯૭-૩૯૯ ગણધર [૧૪૫૨]
૪૦૮ ચંદનબાલા
૪૧૧-૪૧૨ ચરણસિત્તરી કરણસિત્તરી
૪૧૭-૪૧૮ | ચેતન
૪૨૭
૪૪૬-૪૪૭ ચેલા
૩૫૯-૩૬૦ જંબૂસ્વામી
૩૪૩-૩૪૪ જયભૂષણમુનિ
૪૪૪ જ્ઞાનપંચમી
૩૮૫ તિથિ [૧૫]
૩૮૨-૩૮૫ દમયંતી રાજર્ષિ
૪૦૧ દમયંતી
૩૪૫ દૃષ્ટિ [૮]
૨૯૫-૨૯૮ દેવસીય પ્રતિક્રમણ વિધિ

સ્વાધ્યાય (સઝાયો) જ્ઞાનવિમલ.

૪૦૨ નંદાસતી
૩૮૦-૩૩૮ નમસ્કાર
૪૨૪-૪૨૫ નમસ્કાર મહિમા વર્ણન
૩૧૧-૩૪૧ નરભવ દૃષ્ટાન્તો
૩૪૪ પદ્મનાભ નૃપ
૪૧૦ પાપશ્રુત [૨૯]
૩૬૭-૩૬૮ પૂર્વો [૧૪]
૩૦૦-૩૦૨ પૂર્વસેવા લક્ષણ

૩૫૫ પ્રત્યાખ્યાન
૩૭૦-૩૭૨ | બાહુબલી
૪૧૨-૪૧૩ |
૨૯૩-૨૯૫ ભગવતી સૂત્ર
૪૨૫ મનોરમા
૧૮૭ મયણરેહા સતી
૩૪૨-૩૪૩ મહસેન મુનિ
૪૨૦-૪૨૨ મહા મોહનીય (૩૦)
૨ ૯-૨૯૧ મુક્તિ અદ્વેષ પ્રાધાન્ય
૩૯૩ મુહપત્તિ પડિલેહણા
૩૫૬-૩૫૭ મૃગાપુત્ર
૩૪૬-૩૫૨ | યતિધર્મ (૧૦)
૩૬૨ |
૪૦૦ રત્નસારના પાંચ બાંધવ
૧૨૬ રહનેમિ
૩૦૯-૩૧૦ રાજેમતી તથા રહનેમિ
૨૮૧-૨૮૫ રાત્રિભોજન
૨૮૫-૨૮૬ રાત્રિ પ્રતિક્રમણ વિધિ
૪૪૫ રોહિણી
૪૨૬ વણઝારા
૨૯૯-૩૦૦ વિગય નિવિગય
૪૪૭ વિનય
૪૧૯-૪૨૦ વીસ સ્થાનક કાયોત્સર્ગ સંખ્યા
૩૬૦-૩૬૧ વૈરાગ્ય
૩૦૫-૩૦૭ વ્યવહાર
૩૯૫-૩૯૬ વ્યસન (૭) પરિહાર
૨૭૫-૩૭૬ શઠદોષ [૮]
૩૬૩ શાલીભદ્ર
૩૭૭-૩૭૮ શ્રાવકગુણ
૨૯૧-૨૯૩ સચિત્ત અચિત્ત વિચાર

૩૭૨ સતાસતી
૩૭૬-૩૭૭ સપ્તદ્વીપ
૪૧૫ સાધુ
૩૦૭-૩૦૯ સાધુ સમુદાય
૩૭૯-૩૮૦ સાધુગુણ
૪૧૬-સાધુ પદ
૩૯૬ સામાયિક દ્વીપ [૩૨)
૪૪૬ સાલ મહાસાલ
૪૧૧ સીતા
૩૯૦ સીમંધરજિન ૩૨ શિષ્ય કેવલી
૪૦૪ સીમંધર ગણધર
૩૯૪ સુંદરી
૩૫૮, ૪૦૭-૪૦૮ સુલસા
૩૫૩-૩૫૪ સ્થૂલભદ્ર
૩૦૧-૩૦૫ સ્વપ્ન [૧૬] વિચાર

॥ श्रीमत्पंन्यासमुक्तिविमलजिगणि ॥



જન્મ–વિક્રમ સંવત્ ૧૯૪૯.
વૈશાખ શુદી ૩.
દીક્ષા–સં. ૧૯૬૨ માગશીર, વદી ૩.

પંન્યાસપદ તથા ગણીપદ
સં. ૧૯૭૦, કારતક વદી ૧૧.
સ્વર્ગવાસ–૧૯૭૪ ભાદરવા
સુદી ૪.

Lakshmi Art, Bombay.

શ્રીમત્તપાગચ્છાચાર્યવિમલશાખીયશ્રીજ્ઞાનવિમલસૂરીશ્વરેભ્યો નમઃ



અથ શ્રીજ્ઞાનવિમળસૂરિકૃત.

સ્તવનસંગ્રહ.

ભાગ બીજો.

શ્રીસૂર્યાભનાટક.

(કાવ્યમ્)

કમલપત્રવિશાલવરેક્ષણા, મૃદુમરાલવિહંગમવાહના ।
વિધુસમંડલપૂર્ણવરાનના, જયતુ સા ભગવત્યમૃતાજ્ઞના ॥૧॥
વિશસિ યદા મમ હૃદયા–મ્બુજકોશે ભારતિ પ્રભાતાભે ।
શ્રીમદ્ભગવત્સદ્ગુણ-કીર્તનમારભ્યતામિ શિવફલદમ્ ॥૨॥

રાગ સામેરી અષ્ટપદી.

આમલકલ્પા નયરી, ધણ કણ કંચન કણપૂરી
અલકા અધિક સનૂરી, નહી જિણ ભાંતિ અધૂરી (॥ટૂ૦॥)
વયરી હરાયા સુભગકાયા શ્વેતરાયા જસ ધણી
તિહાં સહલછાયા સુમંડલયા અંબસાલ ચૈત્યહ ગુણી
તિણિ કાલિને વલી તેણિ સમયે વીરજિન શાસન ધણી
સમવસર્યા યા સુપસિવરિયા સાહૂ ને વલી સાહૂણી ॥ ૩ ॥

વંદન કાજે આવે, ચઉરંગિણી સેના લાવે
સોવન કુસુમે વધાવે, ધરણી રાણી ભાવે (॥ત્રુ૦॥)
પાવેરે ચિત્તમાં બહુ પ્રમોદ, દેશના સુણે જીનતણી ॥
ઈણિ સમે સોહમકલપવાસી, સુરિયાભ વિમાનનો ધણી ॥
અવધિનાણે દીઠડા પ્રભુ, આમલકલપાએ રહ્યા ॥
રોમાંચ પુલકિત દેહ વંદે, બહુ આનંદે ગહ ગહ્યા ॥૪॥

રાગ કાફી.

ચરમજિન વંદ હે, સુરિયાભ સુરરાય. ચરમ જિન૦ (આંચલી)
સાત આઠ પગ અભિમુખ આવત, પાવત પરમ આનંદ હે ॥
કરે શકસ્તવ ઉત્તરાસંગ કરી, દોહગ દુઃખ નિકંદિ ॥૫॥ ચર૦
હિતસુખ નિઃશ્રેયસ સુખ કાજે, આયતિએ શુભ કંદ હે ॥
ચિન્તિત ચિતગત શુભ સંકલ્પે, નમિત ચરણ અરવિંદ ॥૬॥ચર૦

દૂહા.

ધમ મનમાંહિ ચિંતવી, સૂરિયાભ સુરરાય ॥
તેડી આભિયોગિક સુરા, ભાખે વયણ બનાય ॥૭॥

ઢાલ રત્નમાલાનો

આમલકલપ પુરિ, વિદિશિ ઇશાનમાં ચૈત્ય છે અંબશાલાભિધાને
અશોકતરૂવરતલે પુઢવિશિલાપટ્ટકે, વિચરતા જિનવર વર્ધમાનં ॥૮॥
તિહાં જઈ ગહગહી, તીન પરિદક્ષણા દેઇને વંદના ચિત્ત ધરેએ
નામ ને ગોત્ર સવિ, આપણા દાખવી જોયણ મંડલ મહી
શુદ્ધ કરેએ ॥૯॥

ઊલાલો.

આવિયા તિહાં આભિઓગ દેવા, ચરમ જિનવર વંદીયા ॥
નિજ નામ ગોત્ર પવિત્ર ભાખી, મનમાંહિ આનંદિયા ॥
તવ કહે જિનવર ચઉવિહા સુરે કૃત્ય કરણીએ આચર્યું ॥
અરિહંત ભગવંત નમન પૂજન અનુજ્ઞા ધમ મન ધર્યું ॥૧૦॥

ઢાલ–' અટ્ઠસંવટ્ટ વાએણ' દેશી.

ધમ જિનવચ સુણી હર્ષ ચિત્તે ધરે, વાયસંવર્ત્તકે કયવર અવહરે ॥
સરસ ગંધોદકે સિંચએ તિહાં ધરા, પંચ વરણ સુમ વૃષ્ટિ
મનોહરા ॥૧૧॥

જોયણમાનિં તે ધૂપ ઘટી કરે, જિન નમી સુર નિજ થાનકે સંચરે ॥
આણા પ્રભુ તુજ જિમ કહી તિમ કરી, પાવન થઈ અમ્હે
આવિયા ઇહાં ફરી ॥૧૨॥

ઢાલ

શ્રીવીરને વંદન જાસ્યાંજી, તિહાં જઈ તસ ગુણ ગાસ્યાંજી ॥
આજ સુરભવ સુકૃત સરાસ્યાંજી, મહાવીરને વંદન જાસ્યાંજી ॥૧૩॥
ધર્મ મનમાંહિ આનંદ લહીને, કહે હવે ઘંટ વજાસ્યાંજી ॥ મ૦ ॥
ઘંટનાદ સુણી સકલ સુરાસુરી, સવિ સામગ્રી સજાસ્યાંજી ॥૧૪॥
લહી આદેશ સૂરિયાભ દેવનો, આગલિ ઉભા રહાસ્યાંજી ॥મહા૦॥
શ્રીજિન વંદી સમકિત નિરમલ, કરી બહુ સુખીયા થાસ્યાંજી ॥૧૫॥

વસ્તુ

કેઇ વંદન કેઇ પૂજન કેઇ જિનરાગી કેઇ મિત્ર અનુવર્તને
કેઇ સત્કાર સન્માન હેતે,
કેઇ ધર્મ ચિતચિન્તને કેઇ જિત આચાર હેતે ॥
જે સૂરિયાભ વિમાનના વાસી દેવી દેવ,
તે સવિ સૂરિયાભ આગલિં આવ્યા તિહાં તતખેવ ॥ ૧૬ ॥

ઢાલ

લાખ જોયણનું વિમાન રચના, કરે દેવ મનોહરૂયા ॥
થભ તોરણ બાર મંગલ, છત્ર ધ્વજ અતિસુંદરૂયા ॥ ૧૭ ॥
રાયપસેણીમાંહિ શોભા, વર્ણવી છે વાહયા ॥
દેવ દેવી સપરિવારે, અતિ આનંદે ઉમાહયા ॥ ૧૮ ॥
દ્વીપ નંદીસરે થાપે, તે વિમાન મહંતિયા
કરી ઉચિત વિમાન વેગે, અધિક મનની ખંતિયા ॥ ૧૯ ॥
સામાનિક સુર ચાર સહસા, અગ્ર મહિષી ચાર યા
અંગરક્ષક સોલ સહસા, અવરિ બહુ પરિવારયા ॥ ૨૦ ॥
ગન્ધર્વ નાટિક અનીકાધિપતિ વાહન ધારયા
આમલકલપે અંબસાલે વનમાંહિ આવંતિયા ॥ ૨૧ ॥
અશોકતરુતલે પુઢવીપટ્ટકે જહાં જિન વિસ્તરંતિયા
દેવ ત્રિણ્ય પ્રદક્ષિણા ને સવે વિધિ સાહંતિયા ॥ ૨૨ ॥
આપ આપણું નામ ગોત્રહ કહી જિનને નમંતિયા ॥

એહ કરવા યોગ્ય કરણીય છે એમ અણુજાણંતિયા ॥
પોરાણ સવિ સુર એમ કહે, જિન સૂરિયાભ આમંતિયા ॥૨૩॥

ઢાલ–' લાલત સરોવર કેરી પાલિ ' એ દેશી.

રાગ દેશાષ

દેશના દાખે શ્રીજિન રૂડી જોયણપ્રમાણે મધુરી રે,
અધરી કીધી છે સુધા સાકર શેલડી રે ॥ ૨૪ ॥
વયણ સુણીને આનંદ પામ્યા, પર્ષદા થાનિકે જાવે રે ॥
પૂછે સૂરિયાભ પ્રભુને ધમ કહી રે ॥ ૨૫ ॥
ભવ્ય અભવ્ય સમા મિથ્યાત્વી, સુલભબોધ દુઃખબોધી રે ॥
ચરમ અચરમ આરાધક વિરાધકો રે ॥ ૨૬ ॥
વીર કહે હું ! ભો ! સૂરિયાભ ! ભવ્ય સમકિતી સુખબોધી રે ॥
અલપસંસારી ચરમ આરાધકો રે ॥ ૨૭ ॥
હર્ષ સન્તુષ્ટ થયો ધમ નિસુણી, હિત સુખ નિવૃત્તિ કામે રે ॥
આયાતિ કાલે અવરતિ એહથી આધક છે રે ॥ ૨૮ ॥

ઢાલ ' રાગ કાન્હડો '

પૂછેરે ભાવે જિનવરને તવ સૂરિયાભ,
ગૌતમ પ્રમુખ મુનિવર અવલોકન, હેતે હિતધરી લાભ॥પૂછે૭॥ ૨૯ ॥
નાટક નવિ નવિ ભાંતિ મંડું, મનુ મણિ ચિત્રિત આભ ॥
ધમ નિસુણી જિન મૌન કરી રહ્યા, દેખી આયત લાભ॥પૂછે૭॥૩૦॥
જે ન નિષેધ્યું તેહની આણા, એહવો નીતિનો ગાભ ॥
દુગ દુ તિગવાર કહ્યું પણ ન કહ્યું, ના હા વચન વિભાગ ॥પૂછે૦॥૩૧॥
તુમ્હો સર્વ ભાવ જાણો ને દેખો, જિમ લહો ઋદ્ધિ અતાગ ॥
ધમ કહી સજ્જર્થ સકલ સામગ્રી, મેલે સુર સરિયાભ ॥પૂછે૦॥ ૩૨ ॥

ઢાલ—'સમવસરણ જિન વાજાં વાગે'-એ દેશી.

રાગ--સામેરી,

વૈક્રિય દિવ્ય કરે સમ ભાગે, ભૂતલે નાટક કરવા રાગે,
ભક્તિ તણે પરભાગે ॥ ૩૩॥

સરસ કાંતિ વયરૂપ શૃંગારા, એક શત આઠ સુર કુમરી કુમારા,
વામ દક્ષિણ બાહુ પસારા ॥૩૪॥

શંખશૃંગ ૨ શિષિકા ને ૩ પેયા ૪, પિરિપિરિકા ૫ પટ્ટ ૬૨

પણવ ૭ ભંભા ૮ ભેયાઝલ્લરી ૯ ભેરી ૧૦ હોરંભા ૧૧ ॥૩૫॥
દુંદુંભિ ૧૨ મુરજ ૧૪ મૃદંગને ૧૪ મદ્દલ ૧૫, નંદી મૃદંગ ૧૬
આલિંગ ૧૭ કુરૂબલ ૧૮, ગોમુખી ૧૯ વલ્લરી ૨૦ વિપંચીર ૨૧ ॥૩૬॥
ભ્રામરી ૨૨ પરભ્રામરી ૨૩ પરિવાદિની ૨૪, નંદિ ઘોષા ૨૫ સુઘોષા
૨૬ મોહિનો ૨૭, કચ્છપી ૨૮ વલકી ૨૯ આમોટ ૩૦ ॥૩૭॥
ચિત્રવીણા ૩૧ ઝંઝાને ૩૨ તૂંણા ૩૩ હુંભા ૩૪ મુકુંદ ૩૫ હુડુક્ક
૩૬ તુંબવીણા ૩૭ ડિંડિમ ૩૮ વિચકી ૩૯ કરટી ૪૦ ॥૩૮॥
કિણિત ૪૧ કડંબા ૪૨ કહણી ૪૩ દર્દર ૪૮, કાંસ્યતાલ ૪૫ તલ
૪૬ તાલ ૪૭ કલશીવર ૪૮, કુસ્તુમ્બા ૪૯ મગસિકા ૫૦ વાલી ૫૧॥૩૯॥
વંશી ૫૨ વેણુ ૫૩ મુખ ચંગ ને ૫૪ પિરલી ૫૫, બંધૂક ૫૬ સમસી
૫૭ સેણી ૫૮ હિરલી ૫૯, મકરિકા ૬૦ મધુરી ૬૧ મિજુરી ૬૨॥૪૦॥
ઇત્યાદિક વાજિંત્ર વિશેષા, એક શત આઠ પ્રત્યેકે અશેવા, વાદ્ય
વાજિંત્ર કરી પ્રેખા ॥૪૧॥

ઢાલ—'રાગ નટ્ટ'

એક શત આઠ વર અમર કુમર કુમરી ॥
કરતી નાચ સાચ વાચ બોલતી દિએ ભ્રમરી ॥એક૦ ॥૪૨॥
દયા ઈયા દયા તિયા તિયા તિયા તિયા ॥
દયા ઈયા ઈયા પદકજે હું ભમરી ॥એક૦ ॥૪૩॥
દઈ તાલી અંગ વાલી આલી પાલિ બાંધતે ॥
મુખડું નિહાલી પાપરાલી તાલી તાલ સાધતે ॥એક૦ ॥૪૪॥
તાદ્ધિ થૈા ન દૈા દોંચિ ચિટ્ટ ધટ્ટ તાલના ॥
એઁ કિ એઁ એઁ શંખ વાજતિ બોધિ બીજ પાલના ॥એક૦ ॥૪૫॥
ઘન તતનદ્ધ શુષિર તાલ વીણા મદ્દલા ॥
વંશ વેણુ વાજતે સુહિર મેઘ વદ્દલા ॥એક૦ ॥૪૬॥

ઢાલ.

રાગ—'સારંગ' ચર્ચરી જાતિ.

વર્ધમાન દેવ આગે, વર્ધમાન ભક્તિ રાગે ॥
વાગતે સંગીત રાગ રચિત સુર તાનરી ॥
ષડ્જ ૧ રિષભ ૨ ગંધાર ૩ નામ, મધ્ય ૪ નિષધ પંચમાન ॥
ધૈવત ધરત ધ્યાન સપ્તસર બંધાનરી. ॥૪૭॥
એક શત આઠ વર અમર અમરી નિકર ॥

એક તાન એકસર ધરત ગુણ ધ્યાનરી ॥
કરત દશ દિશે ઉદ્યોત સરસ વય કાંતિ જ્યોતિ ॥
પેહિરી વર ધોતી પોતિ ધૌતી મિલિત અસમાનરી. ॥૪૮॥
તત્તતતત્તત થેઈ સંગ દ્ધિદ્ધિકદ્રેં દ્રૈં ગિ ॥
કિટિકીકિકટી કિરટી સંગ રાગ પઠતીસરી ॥
આઠ ગુણ શુદ્ધ જુત્ત પટ્ દોષ વિપ્રમુક્ત ॥
તીન ગ્રામ તીન સત્ત મૂર્છનાએ કીસરી ॥૪૯॥
તાલ ભેદ ગુણ પચાસ હાવભાવ કે વિલાસ ॥
જય જય ગુણનિવાસ આસ જગદીસરી ॥
કરે નાટક બત્રીસ બદ્ધ હવે કરે પઇસ નદ્ધ ॥
લદ્ધ સિદ્ધ બોધિ શુદ્ધ નામ થઇ બતીસરી ॥૫૦॥

ઢાલ—'રાગ મલ્હાર' દેશી હિંડોલનાની.

અષ્ટ મંગલ ભક્તિ પહિલું, ૧ આવર્ત્ત પ્રત્યાવર્ત્ત ॥
૨ લતા ભક્તિ ૩ ને ચક્રવાલ ૪ ચંદ્ર રવિ ગ્રહ ચિત્ર ॥
૫ શશિ સુર ઉદ્ગમ ૬ ગમન તેહનું ૭ આવરણ ૮ અસ્તવિભક્તિ ॥
૯ સુર્ય શશિ યક્ષાદિ ગંધર્વ મંડલાદિ વિભક્તિ ૧૦ ॥
મનમોહના ભવિ કરો નાટક રંગ ॥૫૧॥
ઋષભ હય ગજ લાલત ૧૧ સાગર નાગર પ્રવિભક્તિ ૧૨ ॥
મગર જરા માર અંડક ૧૩ ચંપકાદિ વિભક્તિ ૧૪ ॥
પંચવર્ણે વણ પ્રવિભક્તિ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ અશોકાદિતરૂજાત ૨૦
પદ્મનાગ ૨૧ અશોક ચંપક કુંદ વલ્લી જાતિ ૨૧ ॥મન૦॥૫૨॥
દ્રુત ૨૨ વિલંબિત ૨૩ દ્રુત વિલંબિત ૨૪ અચિત ૨૫
રિંભિત ૨૬ ટોલ
૨૭ અચિત રિંભિત ૨૮ આરભટ ૨૯ સોલરભટભસોલ ૩૦ ॥
ઉતપતન વિપતન રચિત સંકુચિત પ્રસારિતનેં ભ્રાંત ૩૧ ॥
પૂર્વભવ સવિચરિત જિન ઋદ્ધિ યાવત્કર્મહ અંત ॥મન૦॥૫૩॥
બત્રીશ નાટક ધમ કરીને વંદીયા શ્રીવીર,
સુર કુમર કુમરી સર્વ આવઇ સૂરિયાભને તીર ॥
જિમ કૂટશાલાગારમાંહિ સભ્યજન સવિ માય,
તિમ સૂરિયાભ શરીરમાંહિ સંકમી એક થાય ॥મ૦॥૫૪॥
શ્રીવીરજિનને દેઇ પ્રદક્ષિણા હર્ષ પૂરિત હોય,

જિણુદિશીથી આવીયા નિજ થાનિં ગયા સોય ॥
તમ ભણે ગૌતમસ્વામી એ કુણ ? દેવ અદ્ભુતભક્તિ,
વિવિધ નાટક દિવ્ય શક્તિ કરણની સશકિત ॥ ૫૦ ॥ ૫૫ ॥

॥ ઢાલ ॥ રાગ નટ્ટ ॥ તથા રૂશાષ ॥ તથા સામેરી નટ્ટ ॥

વીરજિનેશ્વર ઇણિપરે ભાખે, સુણી ગૌતમ ગુણી ગણધરૂયા ॥
કૈકેયર્દ્ધ દેશ નયરી શ્વેતાંબી, રાય પ્રદેશી નરવરૂયા ॥ ૫૬ ॥
સૂરિકંતા રાણીનો ધણી, સૂરકંત વર પુત્ર યા ॥
નાસ્તિકમતથી જીવ શરીરજ માને નહી પરલોક યા ॥ ૫૭ ॥
ચિત્ર સારથી અંધવ મંત્રી, તેહને પરમ સ્નેકેત યા ॥
કેશી ચઉનાણીની સંગતિ, તાસ કરાવે હેતયા ॥ ૫૮ ॥
દશ પ્રશ્ને કરી તે પ્રતિબોધ્યો, ધર્મે મતિ અવલોક યા ॥
દેશ વિરતિ આરાધી સાચી, તત્ત્વવિચારે વાસિતયા ॥ ૫૯ ॥
સૂરીકંતા રૂઠી આપે, સર્વ ઠામિ વિષ જાતયા ॥
થિર દૃઢ ધર્મ પ્રભાવ ને મહિમા, સોહમકલ્પે ઉપનુયા ॥ ૬૦ ॥
સુરિયાભ નામે સુર સુન્દર, શ્રીસૂરિયાભ વિમાને યા ॥
સાઢા બાર લખ યોજન માને, ત્રિગુણ પરિધિ અધિક માનયા ॥૬૧॥
હિત સુખ નિર્વૃતિ કામે હર્ષે, પુસ્તક ધર્મનું વાચ્યયા ॥
કરે અભિષેક મિલી સુર તેહના, આનન્દિત થઈ માચૈયા ॥ ૬૨ ॥
દ્રહમાંહિ નાહી પૂજા પરિકર, મેલી પ્રતિમા પૂજયા ॥
સત્તરભેદે શક્રસ્તવ દાખી, જિનદાઢા વલી પૂજયા ॥ ૬૩ ॥
રાયપસેણી માંહિ સઘલો, એ અધિકાર વિસ્તારે યા ॥
અવધિજ્ઞાને અમને નિરખી, વંદનહેતે આવૈયા ॥ ૬૪ ॥
સપરિવાર નિજ વિધિ આચારે, સમકિત નિર્મલ થાવૈયા ॥
ચાર પલ્યોપમ આયુ છે એહનું, સુરભવ ચરિમ લહંત યા ॥૬૫॥

ઢાલ—જિણંદરાય દાન દેવારેરે (એ દેશી.)

રાગ સામેરી.

જિણંદરાય તેહવું દાખેરે, પૂછે શ્રીજિનને શિર નામી ॥
હોરયે કિસ્યું આગામી, ભવે કહે ઈમ ગૌતમસ્વામી ॥૬૬॥જિ૦॥
પૂર્વ મહાવિદેહમાંહિ, ઉત્તમ કુલ જાતિ છે ત્યાંહિં ॥ જિ૦ ॥
તિહાં રાજપુત્ર શુભકર્મી, હોરયે જનમ થકી જિનધર્મી ॥૬૭॥જિ૦॥

કલા બહોતેર ભણસ્યે, લક્ષણ ગુણ સઘલા લહસ્યે ॥ જિ૦ ॥
દૃઢ પ્રતિજ્ઞા નામે કરણી, ભોગવસ્યે બત્રીસ તરૂણી ॥૬૮॥જિ૦॥
ભોગ વિછંડી સંયમ લેશે, વર કેવલજ્ઞાન લહેશે ॥ જિ૦ ॥
બહુ પ્રાણિને પ્રતિબોધી, શિવગતિ લહેસ્યે તિહાં સુધી ॥૬૯॥જિ૦॥
પૂજના ભાવી હોયા, તે સંબંધ વિસ્તારે જોજો ॥જ૦॥
તે જાણો બહુલ સંસારી, જિનભક્તિ નહી મતિ સારી ॥૭૦॥જિ૦॥
જિનપ્રતિમા સિદ્ધિ સમાણી, એહવી ગણધરની વાણી ॥જિ૦॥
તહ્ત્તિ મં તહત્તિ કરીને જાણિ 'જ્ઞાનવિમલ' મતિ મનિ જાણી
॥ ૭૧ ॥ જિ૦ ॥
બોધિ બીજ સદા હું માંગુ, લાલ લલિ શ્રીજિનપાયે લાગું ॥જિ૦॥

કલશ.

સૂરિયાભ સુરભક્તિ રચના કરી ભવિજન હિત ભણી,
આદર કરીને એહ પભણ્યો દ્રવ્ય ભાવે બહુ ગુણી,
શ્રીજ્ઞાનવિમલસૂરિ વયણ સવણે સાંભલ્યો નિતુ હિત કરી,
સંસાર જલનિધિ તરણ હેતે, આદરો એ વરતરી ॥ ૭૨ ॥
રસ ઋતુ મુનિ વિધુ માની સંવત (૧૭૬૬) માસ માધવ ઉજલી,
તે જિનપૂજા રસિક તેરિસિ સાર શશિ યોગે મિલી,
સૂરતિ બંદર માંહિ કીધી એહ પૂજા ભાવના,
સા મોતિચંદ ઇન્દ્રહ કહણથી મન પાવના ॥ ૭૩ ॥

ઇતિ શ્રીસૂર્યાભ નાટક સંપૂર્ણ.

ત્રિષષ્ઠીય સ્તવન.

દુહા.

ચન્દ્રકિરણ પરિ નિર્મલી, સકલ ભવિક સુખદાય ॥
શ્રીજિનવરની સંકથા, કરતાં પાપ પલાય ॥ ૧ ॥
ચોવીસે જિનવર તણા, નામારથ દ્રવ્ય ભાવ ॥
લંછન વર્ણન આંતરે, ઉત્તમ પુરુષ પ્રભાવ ॥ ૨
જે જિન વારે આંતરે, જેહ થયા ગુણ ગેહ ॥

તે તેણિ પરિ દાખવું, પ્રવચનથી ધરી નેહ ॥ ૩ ॥
અતીત ચોવીસીએ છહુઆ, સંપ્રતિ જિનથી સાર ॥
યુગલ ધર્મ જે સાગરા, કોડાકોડિ અઢાર ॥ ૪ ॥
ત્રીજે આરે થાકતે, પૂર્વ ચોરાસી લાખ ॥
વર્ષ ત્રણ્ય સાઢા વલી, માસ આઠની ભાષ ॥ ૫ ॥
તિહાંથી જિન ચક્રી પ્રમુખ, થયા જિમ મંડાણ ॥
સાગર કોડાકોડિ એકમાં, દસ ક્ષેત્રે પરિમાણ ॥ ૬ ॥
કહું ભરતની વારતા, તિણિ પરે લીજે સર્વ ॥
ઉત્સર્પિણી અવસર્પિણી, કાલપ્રમાણે પર્વ ॥ ૭ ॥

ઢાલ—ત્રિભુવન તારણ તીરથ પાર્શ્વ ચિંતામણી રે; એ દેશી.

મલ્હાર—રાગે.

શ્રીરિસહેસર પ્રથમ જિનેસર વંદિએરે કે જિને ॥
મરૂદેવી સુત સુંદર દેખી આનંદિએ રે કે દે ॥
ધન ધન સારથવાહ ભવિ ઘૃતદાનથી રે કે ભવિ૦ ॥
પામ્યું સમકિત પૂર્વવિદેહે સુધ્યાનથી રે કે વિ૦ ॥૧॥૮॥
શુભ શુભ કરી ભવ તેર ધ્વજવાગ ભૂમે થયા રે કે ઇ૦ ॥
કુલગર સમમ નાભિ ઘરિં જનમ લહ્યા રે કે સવ્વદૂથી ચવ્યા ॥
લખ ચોરાસી પૂર્વ વરસ આયુ જેહનું રે કે આયુ૦
કંચનવાનિ ઉન્નત પંચસે ઘણુ તનુ રે કે પંચ૦ ॥૨॥૯॥
વૃષ કહિએ શુદ્ધ ધર્મ તિણે કરી શોભીએ રે કે તિ૦ ॥
પંચ મહાવ્રત ભાર ધુરા ધુરિ ધોલીએરે કે ધુ૦ ॥
દક્ષિણ જાંઘે લંછન વૃષભનું દેખીએ રે કે વૃષભનું૦ ॥
આદિ ભુપ મુનિ કેવલી જિનવર લેખીએ રે કે જિન૦ ॥૩॥૧૦॥
તિણથી વૃષભજિન નામ થયું ગુણ પડવડું રે કે થયું૦ ॥
શતનન્દન સુતા દોય તિહાં ભરતચક્રિ વડારે કે ભરતચક્રી૦ ॥
સુમંગલાનો જાત ગાત વાનિ જિન પરિં રે કે ગાત૦ ॥
જીવીતચ્ય પરિમાણ કેવલી આય'સ આદર્શક ઘરિ રે કે કે૦ ॥૪॥૧૧॥
દસ સહસ મુનિ પરિવાર સીધાં અષ્ટાપદિં રે કે૦ ॥
પચાસ લાખ કોડિ સાગર શાસન જસ વદિરે કે શા૦ ॥
બીજા અજિત જિણંદ ત્રિભુવ છે જેહનારે કે ત્રિ૦ ॥

વિજય વિમાનથી ચવિયા વિજયા કૂખેં ઊપનારે કે વિ૦ ॥૫॥૧૨॥
જિતશત્રુ નૃપ વિજયા સાથે સોગઠ રમે રે કે સા૦ ॥
જિતે વિજયા માય હારે નૃપતિ તિણે સમે રે કે હારે૦ ॥
ગર્ભ તણે અનુભાવે અજિત નામ થાપનારે કે અ૦ ॥
કર્મે ન જીત્યા જાય અજિત સવિ નીપનારે કે અ૦ ॥૬॥૧૩॥
બહોતેર પૂર્વ લખ આયુ કંચનવર્ણ દેહડીરે કે કં૦ ॥
નિજ ગતિ જિત ઐરાવણપતિ તનિ પડવડીરે કે પતિ૦ ॥
લંછન મિસિ ગજરાજ રહ્યો જસ પાઉરે કેં રે કે જસ૦ ॥
સુરતરૂ સમ જિન છોડી લગે કુણ બાવલેંરે કે લગે૦ ॥૭॥૧૪॥
સાડાચારસેં ધનુમાન અમાનગુણના ધણીરે કે અમા૦ ॥
એક સહસ આઠ લક્ષણ સવિજિન ચરણનાં રે કે સવિ૦ ॥
જિતશત્રુ નૃપ બંધુ સુમિત્ર નરેસરુ રે કે સુમિ૦ ॥
માત યશોદા પુત્ર સગર ચક્રી સુંદરુ રે કે સગ૦ ॥૮॥૧૫॥
અજિત પરે તનુ આયુ વરણ ગતિ સારખીરે કે વરણ૦ ॥
તીસ લખ સાગર કોડિ શાસન જસ સહુ સુખીરે કે શા૦ ॥
ઉવરિમહિટ્ઠિમ ગ્રૈવેયકથી આવીયારે કે ગ્રે૦ ॥
ભૂપ જિતારિ પુત્ર સેના માતેં જાઈરે કે સેના૦ ॥૯॥૧૬॥
સાહમીવચ્છલ પુણ્ય પાછલ્યે ભવે બહુ કર્યા રે કે પા૦ ॥
જનમ સમયે બહુ ધાનના સંભવ વિસ્તર્યારે કેં સં૦ ॥
શં કહેતાં સુખ અક્ષય જેહથી નીપજેરે કે જે૦ ॥
તિણ હેતે શંભવનામ સકલ જિનનું ભજે રે કે સં૦ ॥૧૦॥૧૭॥
જાત્ય તુરંગ આસક્ત ન હોઇ જિમ સહજથી રે કે ન હો૦
ભૂષણ ભૂષિત હોઈ આલસ ભવરજથી રે કેં અ૦ ॥
અશુચિપણું નહિ લેશ તિણે ગુણે હારીયઓ રે કેં તિણે૦ ॥
લંછન મિસિ સેવઈ અશ્વ મને માનું તારીઓ રે કેં મને૦ ॥૧૧॥૧૮॥
સાઠિ લાખ પૂરવ આય ધનુષ તનુ ચારસેંરે કેં ધનુ૦ ॥
કંચન કોમલ કાય ત્રિલોક સુધારસ્યેં રે કેં ત્રિલો૦ ॥
સાગર દસ દસ કોડિ શાસન થયું જેહનું રે કે શાસ૦ ॥
હરિ પ્રતિહરિ બલ ચક્રિ ન સંભવ એહનો રે કેં ન સં૦ ॥૧૨॥૧૯॥
જયન્ત વિમાનથી આયા ભવ ત્રિણ જેહનારે કે ભવ૦ ॥
ભૂપ સંવરના પુત્ર સિદ્ધાર્થ માયનારે કેં સિદ્ધા૦ ॥
સાઢાતીનસે ધનુ તનુ કંચન વાનિ છે રે કે કંચન૦ ॥

માતાને સ્તવે ઇન્દ્ર વારંવાર ધમ રચેરે કે વારં૦ ॥૨૩॥૨૦॥
ત્રિભુવને આનંદ દિએ ગુણથી થયુંરે કે દિઇં૦ ॥
અભિનંદન તિણ નામ વિશેષપણે લહ્યુંરે કે વિશેષપણે૦ ॥
મુજથી ચપલ જે ચિત્ત ઇણિ જિનેં વશિ કર્યું રે કે ઇણિ૦ ॥
તિણિ ભયથી કપિ લંછન મિસિ સેવા કરે રે કેં મિસિ૦॥૨૪॥૨૧॥
પચાસ પૂરવ લખ આય શાસન વલી જાણીએ રે કે શાસ૦ ॥
નવ લખ સાગર કોડિ તું અંતર આણીએ રે કે અંતર૦ ॥
નહી ઇહાં અંતર કોઇ હરિ બલ પ્રતિહરી રે કે હ૦ ॥
ચઉ ગતિ છેદણહાર સેવો જિનહિત ધરી રે કે સેવો જિન૦ ॥૨૫॥૨૨॥

ઢાલ—(સુણો મોરી સજની રજની ન જાવે રે એ દેશી.)

સમકિતથી ત્રિણ્ય ભવે જિન થાવેરે, જયન્તવિમાનથકી પ્રભુ આવેરે॥
મેઘ નૃપતિ સુત મંગલા માતરે, ત્રિણ્યસે ધણુ તણુ કંચણ ગાતરે
॥૧॥૨૩॥
સોકિ બિહુનો ઝગડો લોપ્યોરે, પ્રભુની માતાએ પુત્ર રોપ્યોરે ॥
ગર્ભ પ્રતાપે સુમતિ જણાવીરે, શુભમતિ સહુની નામ ભણાવીરે ॥
॥ ૨ ॥૨૪॥
ક્રૌંચ પંખી જિમ જાલ ન પામેરે, તિણિ પરિ પ્રભુ ભય પાસ ન કામેરે ॥
ધમ જાણી ક્રૌંચ લંછન પંખીરે, આયુ ચાલીશ લાખ પૂરવ
સંખીરે ॥ ૩ ॥ ૨૫ ॥
કોઇ સલાકા પુરુષ ન થાવેરે, નેઉ સહસ કોડિ અંતર પાવેરે ॥
છઠ્ઠા ગ્રૈવેયકથી આવે રે, ઘર નૃપ સુસીમા માત સુણાવેરે ॥૪॥૨૬॥
પદ્મતણી પેરે નિર્મલ ભાવેરે, રક્તકમલ સમ વર્ણ સોહાવેરે ॥
પદ્મશય્યાની માયને ઇચ્છારે, ઇન્દ્ર પુરી નહી વિચિકિચ્છારે ॥૫॥૨૭॥
તેણિ પદ્મપ્રભ નામ વિશેષરે, અઢીસયા ધનુ છવિત લેખેરે ॥
તીસ લખ પૂરવ લછને પદ્મરે, છઠ્ઠો જિનવર નહિ જસ છદ્મરે
॥૬॥૨૮॥
ભવ ત્રિણ્યેં જિણે જિનપદ પામ્યુંરે, પુરુષશલાકા કોઇ ન કામ્યોરે ॥
નવ સહસકોડિ સાગર તીર્થરે, જેહનું વરતયું ધર્મ સમર્થરે ॥૭॥૨૯॥
ત્રિણ્ય ભવે જે જિનપદ પાવેરે, છઠ્ઠા ગ્રૈવેયથી આવે રે ॥
પ્રતિષ્ઠ નૃપતિ તસ પૃથ્વી રાણીરે, નયરી વાણારસી જેહની
જાણીરે॥૮॥૩૦॥

ગર્ભે જનનીનાં થયાં શુભ પાસાંરે, શુભ સમીપથી નામ સુપાસારે॥
શિરે ફણિ ફણ નવ પણ વલી એકરે, દીઠા તિણિ શિરે ફણ કરે છેકરે
॥ ૯ ॥ ૩૨ ॥

સ્વસ્તિકરણ સ્વસ્તિક છે ચંકેરે, પ્રથમ મંગલનો તે ગુણ લહકેરે ॥
સ્વસ્તિક પૂર્યે દુઃખ સખ ચૂરરે, મંગલ આઠ હોએ હજૂરરે॥૧૦॥૩૨॥
બસે ધણુ, તણ કંચન વાનરે, વીસ લાખ પૂરવ આયુ પ્રમાણરે ॥
નવ સય કોડિ સાગર તીરથ જાણોરે, વીસ પૂરવ લક્ષ ન્યુન પ્રમાણોરે॥
॥૧૧॥૩૩॥

જિન આયુખુ ભેલતાં પૂરેરે, સર્વ આંતરે જિન આયુ અપૂરેરે ॥
શાસન જેહનું ધર્મ પ્રવર્ત્તેરે, હરિ પ્રતિહરિ બલ ચક્રી ન વરતેરે
॥૧૨॥૩૪॥

ચવીય જયંતથી ભવ ત્રિણ્ય લેખેરે, ઉપના મહાસેન લક્ષ્મણા કૂખેરે॥
ચન્દ્રપાન દોહદ સુર પૂરેરે, ચંદ્રથી નિર્મલ ગુણનું નૂરરે ॥ ૩॥૩૫॥
ચંદ્રપ્રભ તિણે નામજ ઠવિઊંરે, દોઢ સયા ધણુ આયુ ભવીઊંરે ॥
દશ લખ પૂરવ ઉજ્વલ વરણેરે, મુખ જિત ચંદા સેવે ચરણેરે
॥૧૪॥૩૬॥

અંતર નેઉ કોડિ સાગર માનરે, શાસન જાસ ધરુ તસ ધ્યાનરે ॥
પુરૂષ શલાકા ઇંહા નહી કાંઇરે, અષ્ટમવિધુ પણિ શિવસુખ દાઇરે
॥૧૫॥૩૭॥

ત્રિભવ આનતથી આવી ઉપનારે, સુગ્રીવ નૃપ રામા માય ધન્નારે ॥
ગર્ભ છતે માય શુભ વિધિ દાખેરે, શુભ વિધિ ક્રિયા જિન સવિ
ભાખેરે ॥૧૬॥૩૮॥

શુભ વિધિ આપે તત્પર ગુણથીરે, સુવિધિનાથ પુષ્પદંત તે ક્ષુરિથીરે॥
રૂપે જિત મકરધ્વજ હેતેરે, મકર લંછન થયું ગુણસંકેતેરે ॥૧૭॥૩૯॥
ઉજ્જવલ વરણે ધનુ શત કાયરે, નવકોડિ સાગર શાસન થાયરે ॥
નવમો જિનવર અવમને વારેરે, પુરૂષશલાકા નહી ઇણિ વારેરે (૯)
॥૧૮॥૪૦॥

ભવ ત્રિણ પ્રાણત સ્વર્ગથી આયારે, દઢરથ નંદા રાણી જાયારે ॥
માતા કર ફરસ્યાથી શમીએરે, જ્વરદાહજ્વરરોગ ગમીએરે
॥૧૯॥૪૧॥

જગના ભવભય તાપ શમાવેરે, દર્શન તિણે શીતલ નામ થાવેરે ॥

એક લખ પૂરવ જીવિત કાયારે, કંચનવરણી નેવું ધનુ થાયરે ॥૨૦॥૪૨॥
શ્રીવચ્છલંછન શ્રી બહુ આપેરે, નવકોડિ સાગર શાસન થાપેરે ॥
ચક્રિપ્રમુખા નહિ ઠણિ વારેરે, દાખે દશવિધ ધર્મ પ્રકારેરે ॥૨૧॥૪૩॥

ઢાલ—('કપૂર હોય અતિ ઉજલુંરે' એ દેશી.)

સમકિતથી ત્રિણ્ય ભવ લહીરે, અચ્યુત સ્વર્ગથી આય ॥
શૂન્યદેશમાં સિંહપુરીરે, વિષ્ણુનૃપ વિષ્ણવી માય ॥ ૧ ॥ ૪૪ ॥
સોભાગી જન ધ્યાએા જિનવર નામ, જિમ સીજે સવિ કામ
સોભાગી૦॥ આંચલી. ॥
સુરશય્યાએ આશ્રયેારે, વિપ્રકરંત નિવારિ ॥
ગર્ભતણા અનુભાવથીરે, શ્રેયકરણ આચાર ॥ સોભા૦ ।૨॥ ૪૫ ॥
શ્રેયાંસનામ તિણિ ગુણ થકીરે, ચુલસી લખ વર્ષ આય ॥
એસી ધનુષ કંચનવનેરે, જેહની સાહે કાય ॥ સોભા૦ ॥૩॥૪૬॥
એક સભાવે વિચરતારે ષડ્ગી સિંહ પરિ જેહ ॥
લંછન મિસિ ચરણે રહ્યોરે, સેવ કરે ધરી નેહ ॥સો૦॥૪॥૪૭॥
સહસ છવીસ છાસઠિ લખેરે, વરસે ઉણા જાણ ॥
એકસો સાગર જાણિયેરે, તીર્થ તણું મંડાણ ॥સો૭॥૫॥૪૮॥
વીર જીવ પોતનપુરીરે, પ્રજાપતિ નૃપ પુત્ર ॥
મૃગાવતી કુખે ઉપનોરે, ત્રિપૃષ્ટ નામે થયો તત્ર ॥સો૦॥૬॥૪૯॥
વૃદ્ધ બંધુ બલ જાણીએરે, અચલ તે ભદ્રાજાત ॥
આયુ પંચ્યાસી લખ વર્ષનુંરે, એંસી ધનુ તનુ વિખ્યાત ॥સો૦॥૭॥૫૦॥
હરિનું જિનસમ જાણીએરે, આયુ દેહ પ્રમાણ ॥
અશ્વગ્રીવ પ્રતિહરિ તિહાંરે, બલસમ તનુ આયુમાન ॥સો૦॥૮॥૫૧॥
શ્રેયાંસજિન ભક્તા થયારે, એ ઉત્તમ નર તામ ॥
અગ્નિશર્માભિધ નારદોરે, કલિકર શીલનું ધામ ॥સો૦॥૯॥૫૨॥
ભવ ત્રણ્ય પ્રાણતથી ચવ્યારે, વસુપૂજ્ય નૃપ જયા માય ॥
વર્ષ લખ બહોતરિ આઉખું રે, વિદ્રુમ વરણીકાય ॥સો૭॥૧૦॥૫૩॥
વસુપૂજ્ય નૃપ પુત્ર હેતથી રે, વસુદેવે માતા પૂજ્ય ॥
વાસુપૂજ્ય નામ થાપનારે, થાપી જગ જન પૂજ્ય ॥સો૦॥૧૧॥૫૪॥
જન્મ મરણ ભય જીતીયારે, યમવાહન પદ્દિ સકત ॥
બ્રહ્મ ઉમાસુત હરિ ભલેારે, દ્વિપૃષ્ટ નામ જસ ભક્ત ॥સો૦॥૧૨॥૫૫॥

સુભદ્રા સુત જ્યેષ્ઠ બંધવોરે, વિજય નામ બલદેવ ॥
તારક પ્રતિહરિ તેહનોરે, સુશર્મા નારદ દેવ ॥સો૦॥૧૩॥૫૬॥
પ્રતિહર બલનું આયુખુંરે, પંચ્યોતેર વરસ લાખ ॥
હરિ જિન સિત્તરિ ધનુતનુરે, જીવિત જિનસમ દાખ ॥સો૦॥૧૪॥૫૭॥
ચોપન સાગર આંતરેરે, બારસમા જિન રાય ॥
ત્રિભવ કરી સહસ્રારથીરે, સુત કૃતવર્મ્મ શ્યામા માય ॥સો૦॥
॥૧૫॥૫૮॥

અંતરંગ બહિ નિર્મલારે, જસ મન વચન ને કાય ॥
ગર્ભ છતે માયમતિ નિર્મલીરે, નૃપ વાદે સમજાય ॥સો૦॥૧૬॥૫૯॥
આયુ સાઠિ લાખ વરિસનુંરે, સાઠિ ધણુ વાન સોવન્ન ॥
લંછન જાસ વરાહનું રે, મનુભૂ વહન વિષન્ન ॥સો૦॥૧૭॥૬૦॥
દ્વારિકાધિપ રૂદ્રનૃપતણોરે, પૃથિવી રાણી પુત્ર ॥
હરિ સ્વયંભૂ વડ બંધવોરે, ભદ્રબલ સુપ્રભા પુત્ર ॥સો૦॥૧૮॥૬૧॥
પાંસઠિવર્ષ લખ આઉખુંરે, મેરક પ્રતિહરિ જાણ ॥
શિવશર્મા નારદ કહ્યોરે, હરિનું જીવિત તનુ જિનમાન ॥સો૦॥૧૯॥૬૨॥

ત્રીસ સાગરનું આંતરૂંરે, ઉત્તમ નર ધમ થાય (૧૩)
ત્રિભવ પ્રાણતથી આવીયારે, સિંહસેન સુજસા માય ॥સો૦॥૨૦॥૬૩॥
ગુણજ્ઞાનાદિ અનન્તથીરે, દોહદ ઉપન્યો માય ॥
અનન્ત ગંઠિ દવરકે કરીરે, રોગવારે જિનની માય ॥સો૦॥૨૧॥૬૪॥
અનન્તમણિમાલા તણોરે, સૂરે પૂર્યો તિણહેત ॥
નામ અનન્ત ઈતિ થાપીયું રે, તીસ લખ વર્ષ આય સંકેત
॥ સો૦ ॥ ૨૨ ॥૬૫॥

પચાસ ધણુ તણુ કંચનેરે, અંક સીંચાણો જાસ ॥
મનુષિંસક તિરિભવ ટાલવારે, કીધો ચરણે વાસ ॥સો૦॥૨૩॥૬૬॥
દ્વારકાએ સોમ ભૂપનો રે, સુત સીતા જસ માત ॥
પુરૂષોત્તમ હરિ બલ સુપ્રભોરે, સુદંસણા તસ ભાત ॥સો૦॥૨૪॥૬૭॥
આયુ પાંત્રીસ લાખ વરસનું રે, મધુ પ્રતિહરિ તિમ જોય ॥
દ્વીર્ણશર્મા નારદ કહ્યોરે, ભક્ત એ જિનના જોય ॥સો૦॥૨૫॥૬૮॥
નવસાગર અંતર કહ્યોરે, શ્રી અનન્ત જિનરાય (૧૪)
ત્રિભવ અનુત્તર વિજયથીરે, આવ્યા ભાનુ નૃપ તાય ॥ સો૦ ॥
॥૨૬॥૬૯॥

સુવ્રતા માતા જેહનીરે, ગર્ભ થકે વધ્યો ધર્મ ॥
આપે ધર્મસ્વભાવથીરે, નામ થયું જિન ધર્મ ॥સો૦॥૨૭॥૭૦॥
ધનુ પણયાલીશ કંચન વણીરે, દસ લખ વરસનું આય ॥
વજ્રલંછન મિસિ સેવનારે, ઇન્દ્ર કરે જસ પાય ॥સો૦॥૨૮॥૭૧॥
શિવ નૃપ રાણી અમ્મકારે, પુરૂષસિંહ હરિ જાણી ॥
વિજયા સુત દર્શન ઉલોરે, વડમંડવ ગુણ ખાણી ॥સો૦॥૨૯॥૭૨॥
પનર વર્ષ લખ આયુખુ રે, નિશુંભ પ્રતિહરિ જાણિ ॥
શિખી નારદ જિન રાગીયારે, ચાર અતર તીરથ જાણિ ॥સો૦॥
॥૩૦॥૭૩॥ (૧૫)

ઢાલ—(ચતુર સનેહી મોહનાં એ દેશી.)

ધર્મ શાન્તિને આંતરે, પલ્ય ત્રિભાગે ઉણેરે ॥
ત્રિણે સાગર તુ તિહાં ચક્રી, બેહુ વિચિહૂણા રે ॥૧॥૭૪॥
શ્રી જિનશાસન સેવીએં ॥ આંકણી ॥
સમુદ્રાવજય ભદ્રા પ્રિયા સાવત્થીના દસરે ॥
પંચ લખ વરસનું આઊખુરે, તેતાલીસ સંઠા ધનું દીસ રે ॥શ્રી૦॥
॥૨॥૭૫॥
સહસ ભૂપસું તીસરો, ત્રીજે કલ્પે દેવોરે ॥
મઘવા નામે સંયમી, તે સમે અવર ન તેહવોરે ॥શ્રી૦॥૩॥૭૬॥
હસ્થિણાઉરિ અશ્વસેન નૃપો, સહદેવી તસ ઘરણીરે ॥
સનતકુમાર નામે થયો, ચોથો ચક્રી કંચન વરણીરે ॥શ્રી૦॥૪॥૭૭॥
સાઢા એકતાલીસ ધનુ તનુ, ત્રિણ લખ વરસનું આયરે ॥
રૂપ ગુણે દેવતા દ્વિજે શંસીઓ રોગી થાય રે ॥શ્રી૦॥૫॥૭૮॥
સાતસેં વરસ લગે સહી, વેદન સયમવંતોરે ॥
લાખ વરસ લગે નવિ ચહ્યો, ત્રીજે સ્વર્ગ પોંહતો રે ॥શ્રી૦॥૬॥૭૯॥
શ્રીષેણાદિ બારે ભવે, સર્વારથથી આવે રે ॥
વિશ્વસેન અચિરા તણો, સુત ચાલીશ ધનુ કાયરે ॥શ્રી૦॥૭॥૮૦॥
ક્રોધાદિકની શાન્તિથી, ક્ષતિ ઉપદ્રવ વારે રે ॥
શાન્તિ નામ કંચન વનિ, મૃગલંછન મનોહાર રે ॥શ્રી૦॥૮॥૮૧॥
સિંહિકા સુતથી ભય લહ્યો, વને ગગતિ ઠામ ન પામ્યોરે ॥
નિર્ભય જિનપદ જાણીને, મૃગ અંકે રહ્યો કામ્યોરે ॥શ્રી૦॥૯॥૮૨॥

પારેવો ઉગારીયો, મેઘરથ ભવિ સુર માયો રે ॥
પંચમો ચક્રી જાણીયે, એક લખ વર્ષનું આયોરે ॥શ્રી૦॥૧૦॥૮૩॥
ત્રિભવ સર્વારથથી ચવી, સુરનૃપ રાણી શ્રીદેવી રે ॥
પાંત્રીશ ધનુ તનુ કંચને, પંચાણુ સહસ વર્ષ જીવી રે ॥ શ્રી૦ ॥
॥૨૧॥૮૪॥

રત્નથૂભ માના સ્વપ્નમાં, કુ પ્રાથવીએ કરત વિહારો રે ॥
કુંથુ નામ તિણથી દીઓ, છઠો ચક્રી સારો રે ॥શ્રી૦॥૧૨॥૮૫॥
યજ્ઞાદિક નામ ધર્મનું, કરે અધર્મ મુજ ઘાતે રે ॥
તે પાતકને છુટવા, છાગ અંક અવદાત રે ॥શ્રી૦॥૧૩॥૮૬॥
શાન્તિથી અર્ધ પલ્યોપમે, સતરમા જિન એહો રે ॥
અઢારમા સર્વારથ થકી, આવ્યા અતિગુણ ગેહોરે ॥શ્રી૦॥૧૪॥૮૭॥
ભૂપ સુદર્શનની પ્રિયા, દેવી રાણી માયો રે ॥
ત્રીશ ધનુપતણું આઉખું, સહસ ચોરાસી વર્ષ થાયોરે ॥શ્રી૦॥
॥૧૫॥૮૮॥

ચક્રીસર એ સાતમો, સોવનવાનિં જસ અંકરે ॥
નન્દાવર્ત્તક તે ગુણે, મંગલમાં નિકલંક રે ॥શ્રી૦॥૧૬॥૮૯॥
બાહ્ય અભ્યન્તર ધનવૃદ્ધિ, કરવાથી અરનામા રે ॥
ગર્ભ છતે માતા દેખી, રત્નચક્ર અરધામા રે ॥શ્રી૦॥૧૭॥૯૦॥
હજાર કોડિ વરસેં ઊણે, પલ્યોપમ ચઉભાગરે ॥
સાત ચક્રી એટલે થયા, હવે હરિ બલ પ્રતિ લાગરે ॥શ્રી૦॥૧૮॥૯૧॥
અર નિર્વાણથી જિન મલ્લિ, અંતર વર્ષ એક કોડિ સહુસારે ॥
તિહાં વિચિં શત કોડિ વર્ષથી, હરિ બલ પ્રતિહર સહુસારે ॥શ્રી૦॥
॥૧૯॥૯૨॥

ચક્રિપુરે મહી શિવતણો, લક્ષ્મીવતી સુત જીવીરે ॥
પણસઠી સહસ વરિસા લગે, ઓગણત્રીસ ધણું તણું હેવીરે ॥
॥શ્રી૦॥૨૦॥૯૩॥

પુરુષ પુંડરીક નામે, આનંદ બલ લધુ ભાયરે ॥
વૈજયન્તી માય બલતણી, સહસ ત્રાસી વર્ષ આયરે ॥શ્રી૦॥
॥૨૧॥૯૪॥

નસિ નામે થયો પ્રતિહરી, શિખંડ નારદ નામારે ॥
તદનન્તર ચક્રી આઠમો, સુભૂમ કરીય નિદાનરે ॥શ્રી૦॥૨૨॥૯૫॥

હસ્તિણાઉર કૃતવીર્યની, તારા રાણીએ જાયારે ॥
વાધ્યો તાપસ આશ્રમે, ફરસુરામ હરાયોરે ॥શ્રી૦॥૨૩॥૬૬॥
સાઠિ સહસ વર્ષ આયુખું, અઠાવીસ ધનુ તનુ ઉંચોરે ॥
લવણસિંધુમાં બૂડીયો, સાતમીએ ગયો નીચોરે ॥શ્રી૦॥૨૪॥૬૭॥
તદનંતર વાણારસીએ, અમિસિંહ નૃપ નંદરે ॥
શેષવતી સુત દત્ત હરી, છવ્વીસ ધનુષ અમંદરે ॥શ્રી૦॥૨૫॥૬૮॥
છપ્પન સહસ વર્ષ આયુખું, જયંતી સુત બલદેવોરે ॥
નંદન સાઠ સહસ વરિસાં, પ્રતિહ પ્રહ્લાદ તેહવોરે ॥શ્રી૦॥૨૬॥૬૯॥
રુદ્ર નામે નારદ થયો, હવે જિન મલ્લી થાવેરે ॥
કુંભ નૃપતિ પ્રભાવતી, પુત્રી નીલિકાન્તિ સોહાવેરે ॥શ્રી૦॥
ત્રિભવ જયંતથી આવીયા, કર્મ જીતવાને મલ્લીરે ॥
પટ્ ઋતુ માલા માય દોહદે, નામ થયું તિણે મલ્લીરે ॥શ્રી૦॥
કુંભ લંછન થયું તે ગુણે, કુંભ ગ્રહી તરે લોકરે ॥
પૂરવ પટ્ મિત્ર પૂજવ્યા, પૂતલીને અવલોકેરે ॥શ્રી૦॥૨૯॥૧૦૨॥
પંચાવન વર્ષ સહસ આયુખું, પણવીસ ધનુ દેહમાનરે ॥
ચોપન લખ વર્ષે મલ્લીથી, મુનિસુવ્રત થયા નામરે ॥શ્રી૦॥૩૦॥૧૦૩॥
ત્રિભવ અપરાજિત કલ્પથી, આવ્યા સુમિત્ર નૃપ ગેહેરે ॥
પદ્માવતી જસ માવડી, ધનુ વિંશતિ શ્યામ દેહરે ॥શ્રી૦॥૩૧॥૧૦૪॥
સુવ્રત સવિ અરિહંત છે, મુનિ પરિ માય સુવ્રતા થાવેરે ॥
મુનિસુવ્રત નામ આયુખું, ત્રીસ સહસ વર્ષનું પાવેરે,
કચ્છપ અંક સોહાવેરે ॥શ્રી૦॥૩૨॥૧૦૫॥
કાશી દેશ વણારસી, પદ્મોત્તર નૃપ રાણીરે ॥
જવાલા નામ તસ સુત બેહુ, વિષ્ણુ મહાપદ્મ ગુણ ખાણીરે ॥શ્રી૦॥
માત મનોરથ પૂરવા, મહાપદ્મ વિદેશે જાવેરે ॥
પટ્ ખંડ સાધી ચક્રી થયો, મહિ ચૈત્ય મંડિત કરાવેરે ॥શ્રી૦॥૩૪॥
સુવ્રત પરિ આયુ તનુ, ચક્રી નવમો જાણોરે ॥
મુનિસુવ્રતથી નમિ થયા, છ લાખ વર્ષ પ્રમાણોરે ॥શ્રી૦॥૩૫॥૧૦૮॥

ઢાલ (શારદ શુદ્ધદાય એ દેશી.)

હવે વિચમાં હુવા પંચ લખ વર્ષ ગયતીને
દશરથ કોશલા સુત ચક્રી નામે પ્રતીત

નામ બીજું નામે સુમિત્રા રાણી જાત,
લક્ષ્મણ હરિ પ્રતિહરી દશકંધર વિખ્યાત ॥ ત્રૂ૦ ॥
રત્નશ્રવાકેકસીનો જાયો રાવણ નામ કહાયેા ॥
પનર સહસ વર્ષ જીવિત પ્રતિહરિ સેાલ ધનુષની કાયેા ॥
હરિનું બાર સહસ વર્ષ જાણેા બ્રહ્મા નારદ લહ્યેા ॥
હવે નમિનાથ હરિષેણહ ચક્રી એ બિહુ સાથે કહેત ॥૧૦૯॥
પ્રાણત કલ્પથી ત્રિભવ કરીને આવે,
વિજયાભિધ નરપતિ વપ્રામાતા થાવે ॥
પનર ઘણુકાય દશ સહસ વરિસનું આય ॥
પ્રભુ ગર્ભે અરિ સવિ નમીયા તિણે નમી નામ કહાય ॥ત્રૂ૦॥
કર્મશત્રુ નમીયા સવિ જિનના તિણે નમી નામ કહીજે ॥
નયન કમલથી નિર્જિત નીલું કમલનું અંક લહી જે ॥
કપિલપુર હરિ નૃપ સ્ત્રી મેરા સુત હરિષેણ સુચકી ॥
જિનપરિ વર્ણ તનુ જીવિત માનિ શિવપદ લહે અચકી ॥૧૧૦॥
પંચ લખ વરિસે થયા નમિથી શ્રીજિન નેમી ॥
વિચિ ત્રિણ્ય લખ વર્ષે જય ચક્રી થયા ખેમી ॥
વિજયાભિધ રાજ વપ્રા સુત જય નામા ॥
ત્રિણ્ય સહસ સમ જીવી બાર ધણુ તણુ અભિરામ ॥ત્રૂ૦॥
નવ ભવ અપરાજીતથી આયા સેારીપુર હરિવંશે ॥
સમુદ્રવિજય શિવાદેવીનો સુત દશ ધનુ તનુ અવતંસ ॥
સામલ વાન નવભવનો નેહી રાજુલનો નામે નેમી ॥
અરિષ્ટ રત્ન શય્યા દેખીને વિઘનવિદારણ નેમી ॥૧૧૧॥
નિજ કંઠે જીત્યેા શંખ સેવે જસ પાય ॥
તિહાં રેાહિણી દેવકી વસુદેવ ઘરણી કહાય ॥
બલભદ્ર નારાયણ બલ હરિ પ્રતિ જરાસંધ ॥
બારસય વરિસાયુ દશ ધણુ તણુ નિર્બન્ધ ॥ત્રૂ૦॥
બંધવ નેમિ કૃષ્ણનું જીવી સહસ વર્ષ પ્રમાણ ॥
નારદઋષિ ત્યાસી સહસે વરિસા સાતસેં પચાસ પ્રમાણ ॥
પાસ જિનેશ થયાં તિહાં વિચમાં ત્રેપન શત વર્ષ જાતે ॥
બ્રહ્મરાય ચુલણીના અંગજ બ્રહ્મદત્ત વિખ્યાત ॥૧૧૨॥
ધનુ સાતની દેહી સાતસેં વર્ષનું આય ॥
બારસમેા ચક્રીપદ ભેાગવે અંધ થાય ॥

સોલસ વરિસાં લગે સાતમી નરકે જાય ॥
ઇમ ચક્રી હરિ બલ પ્રતિહરિ નારદ સઘલાં થાય ॥૨૦॥
આયુ ભોગવી પ્રાણત દસ ભવ વાણારસી વરનયરી ॥
અશ્વસેન નૃપ વામા દે સુત કાયા નીલકસયરી ॥
શય્યા પાંસે પન્નગ પેખ્યો જ્ઞાનાદિક જસ પાસે ॥
તેહથી લહે તેહને હેતિ નામ ઠવ્યું શ્રીપાસ ॥૨૧૩॥
નવ કર માન દેહી આયુ વર્ષ શત જાસ ॥
કમઠાગ્નિ બલંતો ઉરગ ઉગાર્યો ખાસ ॥
ધરણિંદ થયો તે લંછન મિસિ સેવા સારે ॥
ચક્રિ હરિ પ્રતિ બલ નહી કોઇ એહને વારે ॥૨૦॥
સાર સતાવીસ ભવ કરી આવે, પ્રાણતથી ઋષભદત્ત ॥
દેવાનન્દા કુક્ષિથી હરીયા, હરિણેગમેષી પવિત્ત ॥
ક્ષત્રિયકુંડ સિદ્ધારથ નરપતિ, ત્રીશલા રાણી કુળ ॥
મુકયાં તિહાં જન્મ્યા ને વાધ્યા, કરતા ભવિજન સુખ ॥૨૧૪॥
સત્ત કર માની કાયા સોવનવરણી જાસ ॥
આયુ બહોતેરી વરસનું ચરમ જિણેસર ખાસ ॥
ધનવૃદ્ધિ દેખીને ગુણની વૃદ્ધિને હેતે ॥
વર્ધમાન શ્રમણ ને મહાવીર તે દેવની શકતે ॥ ૨૦ ॥
ઇમ હેતિ પરીસહથી ન ડગ્યા ધૈર્ય થકી હરિ હાર્યો ॥
લંછન મિસિ નિતુ સેવા સારે તિર્યગ્ગતિથી વાર્યો ॥
એકવીસ સહસ વરસ લગે રહેશે સાસન જાસ અખંડ ॥
શ્રેણિક કોણિક પ્રમુખ બહુ રાજા ભક્તા જાસ પ્રચંડ ॥૨૧૫॥

ઢાલ (બે કર જોડીને જિમ પાએ લાગું—એ દેશી)

સઘવા સનતકુમાર ત્રિજે સરગે, સંભૂમ બ્રહ્મદત્ત સાતમી નરકે ॥
શેષ આઠ ચક્રીય શિવપત્તા, સંયમ ગ્રહી ઇંદ્રાદિકે થુત્તા ॥૨૧૬॥
ચક્રીય સઘલા સોવનદેહા, સવિ હરિ સામલ વરણ સનેહા ॥
ગૌરવર્ણ સઘલા બલદેવા, પ્રતિહરિ બલ પરિ વર્ણ લહેવા ॥૨૧૭॥
પ્રથમ હરી ગયો સાતમી નરકે, પંચ હરી ગયા છઠી નરકે ॥
સાતમો પાંચમી આઠમો ચોથી, ત્રીજએ નવમો નિયાણપણાથી॥૨૧૮॥
બલદેવ આઠ લહ્યા શિવમંદિર, નવમો પંચમ કલ્પે સુંદર ॥

અન્તિમ ભવ ઉદ્ધરગામી રામા, પ્રતિહરી હરિને એકદા ઠામા ॥૧૧૯॥
પહેલી સાઠિ પ્રાણી (૬૯) ગુણસઠ્ઠિ, જનક એકાવન માયા સઠ્ઠિ ॥
નારક સઘલા સુરપદ વરસે, આઠમો નારદ જિનપદ લહસ્યે ॥૧૨૦॥
એકવીસમો મલ્લ નામે થાસ્યે, બીજા નારદ શિવપુર જાસ્યે ॥
સમકિત શીલધરા ને કુલગી, નવમો અગ્નિ નારદ શિવસંગી ॥૧૨૧॥
ભીમાવલિ થયો ઋષભ વારે, જીતશત્રુ રુદ્ર અજિત જિન વારે ॥
રુદ્ર ૩ વિશ્વાનલ ૪ સુપ્રતિષ્ટ ૫ અચલ ૬ પુંડરીક ૭ જિતધર ૮
નક્ષધરલ ૯ ॥૧૨૨॥
ઢાલ આઠમે સુવિધિથી લહિએ, આઠ જિનવારે અનુક્રમે કહીએ॥
સત્યકી રુદ્ર ૧૧ થયો વીર વારે, એ એકાદશ રુદ્ર વિચાર ॥૧૨૩॥
રુદ્ર દોઇ ગયા સાતમી નરકે, છઠ્ઠીએ પંચ અધમ પણ નરકે ॥
ચોથી નરકે નવમો ને દશમો ત્રીજીએ ગયો એકાદશમો ॥૧૨૪॥
અનુક્રમે શિવગતિ સઘલા જાશે, સત્યકી તો તિર્થંકર થાશે ॥
દમ ત્યાશી નરના અવદાત, ગજહસ્તિ સિદ્ધસેન વિખ્યાત ॥૧૨૫॥
તસકૃત પ્રકરણથી એ આવ્યા, આવશ્યક પ્રમુખમાંહિ પણ જાણ્યા॥
લોકપ્રકાશે વિસ્તર દાખ્યા, તસ અનુસારે મેં પણ ભાખ્યા ॥૧૨૬॥
નામ તણાં છે ફેર કિહાંકણિ, ભ્રમ મત ધરશો બહુ શ્રુત નવ સુણી ॥
આવશ્યક થકી વિસ્તાર લહેશો, સજ્જનચિત્તે એહ ધરેજો ॥૧૨૭॥
દમ ચોવીસ એ સઘલા થાવે, દશ ક્ષેત્રે છે એહવા ભાવ ॥
વીરથકી વલી સહસ ચોરાસી, વર્ષ સાત ઉપરિ પણ માસી ॥૧૨૮॥
ઉત્સર્પિણીને ત્રીજે આરે, પક્ષ નવ્યાસી થયા નિરધાર ॥
પદ્મપ્રભ જિન એણિક જીવ, હોસ્યે વીરજી સમ તતખેવ ॥૧૨૯॥
દમ અનુક્રમે નર સઘલા થાશે, જે જિન અંતર આયુ પ્રકાશ ॥
દેહ માન વર્ણ લંછન સરીખા, સકલ ચોવીશીની એહ પરીક્ષા ॥
॥ ૧૩૦ ॥

કલશ.

દમ ત્રિષષ્ટિ શલાકા પુરૂષા નારદા નવ જાણીએ,
રુદ્ર એકાદશ મિલીને ત્યાશી નર દમ આણીએ ॥
સા સોમચંદ કલ્યાણ કથને એહ સાર વિચાર એ,
કમુદાદ્ય જાણણ હેત કીધો તવન બંધ ઉદાર એ ॥૧૩૧॥
ચોવીશ જિનવર તણાં કીર્તન કર્યે ભવિભય સવી ટલે,

કલ્યાણ કમલા સુમતિ વિમલા સહજશું આવી મિલે ॥
શ્રીજ્ઞાનવિમલસૂરિ એમ ભાખે ભણો ભવિ ઉદ્યમ કરી,
જિમ જૈનશાસનતણું ભાસન વાસના હોઈ વિસ્તરી ॥૧૩૨॥

॥ઇતિ શ્રીચતુર્વિંશતિ જિન ત્રિષષ્ટિ શલાકાપુરૂષમય સ્તવન સંપૂર્ણમ્ ॥

एतस्यामवसर्पिण्यामृषभोऽजितशंभवौ ।
अभिनन्दनः सुमतिस्ततः पद्मप्रभामिधः अ. ॥१-२६॥
सुपार्श्वश्चन्द्रप्रभश्च सुविधिश्चाथ शीतलः ।
श्रेयांसो वासुपूज्यश्च विमलोऽनन्ततीर्थकृत् ॥१-२७॥
धर्मः शान्तिः कुन्थुररो मल्लिश्च मुनिसुव्रतः ।
नमिर्नेमिः पार्श्वो वीरश्चतुर्विंशतिरर्हताम् ॥१-२८॥
ऋषभो वृषभः श्रेयान् श्रेयांसः स्यादनन्तजिदनन्तः ।
सुविधिस्तु पुष्पदन्तः मुनिसुव्रतव्रतौ तुल्यौ ॥१-२९॥
अरिष्टनेमिस्तु नेमिः वीरश्चरमतीर्थकृत् ।
महावीरो वर्धमानो देवार्यो ज्ञातनन्दनः ॥१-३०॥

× × × × ×

नाभिश्च जितशत्रुश्च जितारिरथ संवरः ।
मेघो धरः प्रतिष्ठश्च महसेननरेश्वरः अ. ॥१-३६॥
सुग्रीवश्च दृढरथो विष्णुश्च वसुपूज्यराट् ।
कृतवर्मा सिंहसेनो भानुश्च विश्वसेनराट् ॥१-३७॥
सूरः सुदर्शनः कुम्भः सुमित्रो विजयस्तथा ।
समुद्रविजयश्चाश्वसेनः सिद्धार्थ एव च ॥१-३८॥
मरुदेवा विजया सेना सिद्धार्था च मङ्गला ।
ततः सुसीमा पृथ्वी लक्ष्मणा रामा ततः परम् ॥१-३९॥
नन्दा विष्णुर्जया श्यामा सुयशाः सुव्रताऽचिरा ।
श्रीर्देवी प्रभावती च पद्मा वप्रा शिवा तथा ॥१-४०॥

वामा त्रिशला क्रमतः पितरो मातरो ऽर्हताम् ।

× × × × ×

वृषो गजोऽश्वः प्लवगः क्रौञ्चोऽब्जं स्वस्तिकः शशी ।
मकरः श्रीवत्सः खड्गी महिषः शूकरस्तथा ॥१-४७॥
श्येनो वज्रं मृगश्छागो नन्द्यावर्तो घटोऽपिच ।
कूर्मो नीलोत्पलं शङ्खः फणी सिंहोऽर्हतां ध्वजाः ॥१-४८॥
रक्तौ च पद्मप्रभवासुपूज्यौ शुक्लौ तु चन्द्रप्रभपुष्पदन्तौ ।
कृष्णौ पुनर्नेमि मुनी विनीलौ श्रीमल्लिपार्श्वौ कनकत्विषोऽन्ये ॥१-४९॥

× × × × ×

यः सर्वेऽमलस्येशो राजसूयं च योऽयजत् ।
चक्रवर्ती सार्वभौम ते तु द्वादश भारते अ. ॥३-३५५॥
आर्षभिर्भरतस्तत्र सगरस्तु सुमित्रभूः ।
मघवा वैजयिः अथाश्वसेन नृपनन्दनः ॥३-३५६॥
सनत्कुमारः अथ शान्तिः कुन्थुररो जिना अपि ।
सुभूमस्तु कार्तवीर्यः पद्मः पद्मोत्तरात्मजः ॥३-३५७॥
हरिषेणो हरिसुतः जयो विजयनन्दनः ।
ब्रह्मसूनुर्ब्रह्मदत्तः सर्वेपीक्ष्वाकुवंशजाः ॥३-३५८॥
प्राजापत्यस्त्रिपृष्ठः अथ द्विपृष्ठो बहासंभवः ।
स्वयंभू रुद्रतनयः सोमभूः पुरुषोत्तमः ॥३-३५९॥
शैवः पुरुषसिंहः अथ महाशिरः समुद्भवः ।
स्यात्पुरुषपुण्डरीकः दत्तोऽग्निसिंहनन्दनः ॥३-३६०॥
नारायणो दाशरथिः कृष्णस्तु वसुदेवभूः ।
वासुदेवा अमी कृष्णा नव शुक्ला बलास्त्वमी ॥३-३६१॥
अचलो विजयो भद्रः सुप्रभश्च सुदर्शनः ।
आनन्दो नन्दनः पद्मो रामः विष्णुद्विषस्त्वमी ॥३-३६२॥

अश्वग्रीवस्तारकश्च मेरको मधुरेव च।
निशुम्मबलिप्रल्हादलङ्केशमगधेश्वराः ॥३-३६३॥
जिनैः सह त्रिषष्टिः स्युः शलाकापुरुषा अमी।
चक्रवर्तिमातृपितृप्रतिपादनायाहः—

सुमंगला १ जसवइं २ भद्दा ३ सहदेवि ४ अइर ५ सिरि ६ देवी ७
तारा ८ जाल[illegible] ९ मेरा १० य वप्पगा ११ तह य चूलणी अ ॥आ.३९८॥
उसभे १ सुमित्तविजए २ समुद्दविजए ३ अ अस्ससेणे अ. ४।
तह वीससेण ५ सूरे ६ सुदंसणे ७ कत्तविरिए ८ अ. ॥३९९॥
पउमुत्तरे ९ महाहरि १० विजए राया ११ तहेव बंभे १२ अ.।
अ.सप्पिणी इमीसे पिउनामा चक्कवट्टीणं ॥४००॥

અથ તીર્થમાલાયાત્રા સ્તવન.

ઢાલ (શાસનદેવીય—એ દેશી.)

શ્રીજિનવરતણા લીજ્એ ભામણાં, ચરણપંકજ નમી ભાવશ્યું એ॥
ચૈત્ય પરિવાડીય પુન્યની વાડીય, પભણિય પ્રેમ બહુ પાવશ્યું એ ॥૧॥
મનમાં આનંદિયા જિનવર વંદિયા, સત્તર પંચાવન વરસમાંહિ ॥
ઢાલ બંધિં કહું વંદિય ગહગહું, સયલ સુખ જિમ લહુ ઘરી
ઉચ્છાહિ ॥૨॥

॥ ત્રૂટક. ॥

ઉચ્છાહ આણી લાભ જાણી ભવિક પ્રાણી બહુ મિલી,
લહી સુગુરૂ વાણી હૃદયે આણી પૂરતા મનની રલી ॥
શુભ લગ્ન યોગે વિધિ સંયોગે યાત્રા કરવા સંચર્યા,
શ્રી સૂર્યપુરવર થકી શ્રાવક સપરિવારે પરવર્યા ॥૩॥

ઢાલ (આગિં આદિ જિનેસર–એ દેશી)

હુરિ થકી સેહમાં વંદિયા પાસ ચિંતામણિ વારુ ॥
ધર્મ જિણેસર નમિ જિન કુંથુ જિનેસર તારુ ॥૪॥
ઋષભ અજિત જિન શાંતિજી શાન્તિકરણ જગનાથ ॥
ઇત્યાદિક બહુ જીનવર પ્રણમી શિવપુર સાથ ॥૫॥
વારુ વૃષભ તે જોતર્યા સપર સજી સેજવાલી ॥
વડ વખતી ત્રિવહરિયા વિધિશું પાપ પખાલી ॥૬॥
રાનેર બંદિરે આવીયા નેમિ જિનેસર વાંદ્યા ॥
નવ નીધિ સમ નવ ઠામે જીનવર દેખી આનંદ્યા ॥૭॥

ઢાલ (વીર જિનેસર–એ દેશી.)

તિહાંથી આવ્યા સંચરી ભરૂઅચે આવે,
પાસ કલ્હારો ઋષભદેવ પ્રણમી સુખ પાવે ॥
શ્રીમુનિસુવ્રત સ્વામી ઠામિ સામલિયા વિહાર,
મૂલતિરથ એ જાણીએ મહિમા ભંડાર ॥૮॥
સત્તરિસય જિનબિંબ પઢ આરસમય દીપે,
સમ ધાતુમય બિંબ ત્રિણ્ય તેજે ત્રિભુવન ઝીપે ॥
નવ પ્રાસાદના બિંબ સર્વ દેખી આનંદે,
પૂરવ સંચિત અશુભ કર્મ સવિ દૂર નિકંદે ॥૯॥
અનુક્રમે વડવા ગામે આવે મહાવીર જુહારઈ,
અતિ ઊભાહિ આવીયા ગંધારિ મઝારિ ॥
સોવનવાનિ વર્દ્ધમાન સ્વામી જગ દીઠા,
બિંબ અનેકે ઋષભદેવ ચિત્ત અમીય પયઠા ॥૧૦॥
ભોહરામાંહિ ત્રિણ્ય બિંબ પાસ જિનવર કેરાં,
અતિ ઉત્તંગ સોહામણાં ભાંજે ભવ ભય ફેરાં ॥
તિહાંથી આવ્યા આવીયા, જિંહા બિંદર કાવી,
તિહાં જિન બિંબ પૂજા કરી બહુ ભાવના ભાવી ॥૧૧॥
જંબૂસરે શ્રી પદ્મપ્રભ પ્રણમીને આવે,
સોજીતરામાં ચંદ્રપ્રભ દેખી સુખ પાવે ॥

કાઉસગ્ગ મુદ્રાએ રહ્યા જિનબિંબ નિહાલી,
પૂજે પ્રણમે ભવિક જેહ તસ નિતુ દીવાલી ॥૧૨॥

ઢાલ (સમોસરણ જિમ વાજા વાજે—એ દેશી.)

કાવીઠામાં એક દેહરાસર, તેહ જુહાર્યું અતિ ઉલટિ ભરિ ॥
ભાવ અધિક મણિ આંણિ તો જયો જયો ભા૦ ॥૧૩॥
તિહાં થકી સાણંદ આવ્યા, પદ્મપ્રભુ નિરખી સુખ પાવ્યા ॥
બિંબ અવર સંભલાવ્યા તો ॥જયો૦॥૧૪॥
શોધાવી ખોરજ વીરમગામ, બિંબ અનેક અછે અભિરામ ॥
ભાવે વાંદ્યા સ્વામિ તો ॥જયો૦॥૧૫॥
ભોજૂયા ગામે પ્રતિમા ખાસ, માંડલિમાં ગાડરીઓ પાસ ॥
વાંદ્યા ચિત ઉલ્લાસ તો ॥જયો૦॥૧૬॥
મુંજપરે કોટિગો પાસ, અવર બિંબ બહુ ગુણ આવાસ ॥
પ્રણમ્યેં થયો ઉલ્લાસ તો ॥જયો૦॥૧૭॥
તિહાં થકી સમી શહેરે આવ્યા, સાધર્મિક જન બહુ સુખ પામ્યા ॥
કેતા એક દિન તિહાં ઠાવ્યા ॥જયો૦॥૧૮॥
ધર્મસનેહી પૂરા બનેગે, શ્રીજ્ઞાનવિમલ સૂરીશ્વર વેગે ॥
વાંદ્યા તિહાં સુવિવેકેં તો ॥જયો૦॥૧૯॥
અંગપૂજા પ્રભાવના કીધી, સોહાગિણી મિલી સાંઝી દીધી ॥
બહુ શોભા તિહાં લીધી તો ॥જયો૦॥૨૦॥
વીર જિનેસર સામલ પાશ, શાન્તિનાથ પ્રગટાવ્યા ઉલ્લાસિ ॥
ભક્તિ કરી તસ ખાસ તો ॥જયો૦॥૨૧॥
ઠામે ઠામે વલી જે દેહરાસરિ ભક્તિ કરી બહુવિધ જનમહર ॥
સફલ સમીહિત સુરતરૂ તો ॥જયો૦॥૨૨॥
શ્રી સંખેશ્વર પારસ ભેટ્યા, ભવભયના દુઃખ દૂરે મેટ્યા ॥
પૂજ્યા વિવિધ પ્રકારતો ॥જયો૦॥પૂ૦॥૨૩॥

ઢાલ (કનક કમલ પગલાં ઠવે એ—એ દેશી.)

અનુક્રમે તિહાંથી ચાલીયાએ, સાથે ગચ્છપતિ રાજે કે સંઘોગી-
તણા એ ॥૨૪॥

સોહી ગામે આવીયા એ, ભેટયા ઋષભ જિણંદ ॥
ઉચ્છાહ ધરી ઘણો એ ॥૨૫॥
અઢ રતન આરસ તણીએ, પ્રતિમા પ્રથમ જિણંદ ॥
અછે મહિમા ઘણો એ ॥૨૬॥
શેઠ ધનાવહ જાણીયે એ, વેનાતટિમાંહિ જેહ ॥
થયો પહિલાં સુણ્યો એ ॥૨૭॥
નાનો અભયકુમારનો, તિણે ભરાવ્યો બિંબ ॥
સવા કોડિ માઝને એ ॥૨૮॥
તે માંહિલ્યા એ બિંબ છએ, સંપ્રતિ પ્રગટયાં તેહ ॥
ભવિક જન પુન્યથી એ ॥૨૯॥
તાસ ભગતિ કીધી ઘણીએ, ચંદ્રોદય કરી આદિ ॥
પૂજા પરિકરિ તણીએ ॥૩૦॥
તસ પાસે લઘુ ગામ છે એ, ભરડુયા નામે જેહ ॥
તિહાં પ્રતિમા હતી એ ॥૩૧॥
પ્રગટ કરાવી તે ભલીએ, કીધી તસ બહુ ભક્તિ ॥
યથાશક્તિ કરી એ ॥૩૨॥
ખંભાઇતિ બંદિર તણોએ, સંઘ સાથે કરી યાત્ર ॥
પાસ ગોડી તણી એ ॥૩૩॥
વિષમ વાટિ રણભૂમિકા એ, ઉલ્લંઘી અતિ છક ॥
પણિ કરી યાતરા એ ॥૩૪॥
અનુક્રમે વલીને આવીયા એ, સોહી ગામ મઝારિ ॥
પ્રથમ જિન વંદિયા એ ॥૩૫॥
તિહાંથી આઘા સંચર્યા એ, વાવિ અજિત જુહારિ ॥
સંપ્રતિ નૃપતિએ રચ્યુ એ ॥૩૬॥
તિહાંથી થિરાદ્રિ આવીયા એ, સંઘને કરી મનોહારી ॥
મનોરથ પૂરિયા એ ॥૩૭॥
પ્રગટ કરાવી વીરને એ. લીધો બહુલો લાભ ॥
સવે આણંદીયા એ ॥૩૮॥
તિહાંથી સાચોરિ આવીયા એ, પધરાવ્યા શ્રીવીર ॥
પ્રાસાદમાં ઉચ્છવે એ ॥૩૯॥
ચાર પ્રાસાદ શ્રીવીરના એ, દેહુરાસર વલી એક ॥
ભાવશું ભેટીયા એ ॥૪૦॥

તિહાંથી પુનાસે આવીયા એ, નિરખી શાન્તિ પ્રાસાદ ॥
આનંદ્યા અતિ ઘણું એ ॥૪૧॥

ઢાલ (નરભાતડીનો.)

તિહાંથી ભીમાલે આવીયા, ભેટયા શ્રીપાસ,
ચાર પ્રાસાદ તણા સુબિંબ નિરખ્યા ઉલ્લાસ;
ઘાણ સામોદરા ગામમાંહિ પ્રાસાદ જુહારી,
જાલોરે આવ્યા વહી સુખથી નરનારી,
સોવનગિરિ તિહાં નીરખીઓ એ જે પહિલાં જિન ઠામ,
વિવિધ દેહરાસરિ વંદિયા, નિરમાલડીએ
પ્રણમ્યા તે અભિરામ, મનરહીએ પ્રણમ્યા૦ ॥૪૨॥
તિહાંથી આવ્યા સંચરી માદલપુરી આણ્યા,
અગરવગરીને વેરૂ ગામ બલાણ દુઝાણા;
સાંડેરે પ્રાસાદ એક ખીમેલિ વીઝવો,
ઇહા એક એક પ્રાસાદ વંદિ મનિ હર્ષ ધરેવો;
વરકાણે શ્રીપાસજીએ, નાડોલે ત્રિણ્ય પ્રાસાદ,
નહુલાઈ પ્રાસાદ નવ, નિર૦ યાદવો નમીઈ આલ્હાદ ॥મન૦॥૪૩॥
દેસૂરીયઇ પ્રાસાદ એક ઘાણેરા ગામિં,
પારસનાથને વીર ચૈત્યગિરિ વિષમે ઠામિં;
સાદડી પ્રાસાદ એક આનંદ્યા નિરખી,
રાણપુરે શ્રી ધરણ વિહાર ચઉમુખ અતિહરખી;
એ સરિખી નહિ માંડણીએ મહિલમાંહિ ઉદાર,
ત્રિભુવન તિલક સોહ મણો નિર૦ પ્રથમ જિણંદ વિહાર॥મ૦॥૪૪॥
મંડપ મોટા થંભ તુંગ કોરણી અનેક,
સહસ કૂટિને પંચમેરૂ તીરથસું વિવેક;
ભૂમિહરમાં જેનબિંબ પ્રણમી આનંદુ,
મંગલ ચૈત્યને દેહરી સવિ ઠામે વંદુ;
ચાર પ્રાસાદ બીજાવલીએ એવં મિલીને પંચ,
પંચમગતિને પામવા નિર૦ એહજ સબલ પ્રપંચ ॥મ૦॥૪૫॥
ભદ્રે મુડાઇ રાજપુરિ ચૈચલીઓ પાસ,
વોઇઉને વલી પેરવું જાખોરે વાસ;
પોમાવસને પાલ્હડી પૂરાડું વિચિત્ર,

અરહવાડું પોસાલીઉં પ્રાસાદ વિચિત્ર;
બાવર્સાણુ દેાઇ પ્રાસાદ છઇએ પાહહુડી કેાહલર ઠામ,
તિહાં પ્રાસાહને વદિયા નિરં૦ હરખ્યા મનિ અભિરામ
॥મન૦॥૪૬॥

ચેયલિયાથી અવર પંથસી વાડીગામ,
વીજાપુર વિસલપુરે રાતા દેવઠામ;
નાણે બેહરુ કેારટે જીવિતસ્વામી વીર,
નાંદીઇ લેાઢાણે વલી શેત્રુંજની ભીર;
અજાહરી વીરવાડિમાં એ બંભણવાડિ વીર,
દાણાવીર નમી લહેા નિરં૦ ભવિજન ભવ જલતીર ॥મન૦॥૪૭॥

ઢાલ (ચેાપાઇની દેશી.)

શિરેાહી દશે જૈનવિહાર, તે કહેતાં નવિ આવે પાર ॥
ગામ ગામ ગિરિવિષમેં ઠામ, દેહરાં દીસેં અતિ ઉદ્દામ ॥૪૮॥
ભાવ થકી સવિ તે વંદીયા, પણિ દ્રવ્યે કેતાક કથયા ॥
ઇમ સીરેાહી નગરે આવીયા, જનમ કૃતારથપણું ભાવિયા ॥૪૯॥
આદિ ચૈત્ય દીઠું ઉદ્દામ, જેહનું સર્ગસમેા વડિ કામ ॥
અઉમુખ ચૈત્ય ત્રિમમિક ભલેા, અજિત શાન્તિ કુંથુજિન હરગુણ
નિલેા ॥૫૦॥

શ્રી જીરાલિ પાસ પ્રસદ્ધ, વિવિધ ચૈત્ય યાત્રા તિહાં કીધ ॥
દેહરા તિહાં ઉભં(ત્તં)ગ ઇગ્યાર, ભેટી કીધ સફલ અવતાર ॥૫૧॥
ગેાહલી ચીદરેાઠ ગામ અગ્યાર, એક એક છે જૈનવિહાર ॥
હમીરપુરે પ્રાસાદ છે સાર, મેહ્યું સીરેાહીઇ ચૈત્યજુહારિ ॥૫૨॥
ઇહાં પાખતી છે બહુ લાગામ તિહાં પ્રાસાદ અછે અભિરામ ॥
પાલડીઇ શ્રી વીરવિહાર, વલી ચાલ્યા આગલિ સુખકાર ॥૫૩॥
હરાદરૂં આમૂતલ હટી, જિનવંદી દુઃખ ગયા સવિ મિટી ॥
મજા થઈ નઈ આમ્બ ચહયા, જય તણા નીસાણજ મહયા ॥૫૪॥

ઢાલ (અઢીયાની.)

અર્બુદગિરિને શ્રૃંગ ઋષભ પ્રાસાદ ઉત્તંગ ॥
નિરખી ઉપનેાઝે, આણંદ અતિ બહેાઝે ॥૫૫॥

વિમલવસહી સુખકાર, પાસે નેમિ વિહાર ॥
વસ્તુપાલે કરીએ, લૂણિગવસહી ધરીએ ॥૫૬॥
રૂપા અધિકપાષાણ, દ્રવ્યતણું નહિ માંન ॥
મનોહર કારણીએ, દીસે અતિ ઘણીએ ॥૫૭॥
ભીમસાહ કૃતચૈત્ય, વંદી પાવન ચિત્ત ॥
પીતલ પરિકર્યુંએ, બિંબે પરિવર્યું રે ॥૫૮॥
પાસ ભુવન ત્રિણભૂમિ, ખરતર કૃત ગુણ સીમ ॥
ચઉમુખ દેહરૂંએ, ત્રિભુવન સેહરૂં એ ॥૫૯॥
બામણા દેહેલ એક, બિંબ આઠ અધિક શત એક ॥
નિરખી ભાવિયાએ, અચલગઢ આવીયા એ ॥૬૦॥
પીતલ પ્રતિમા સાર, ચૌદસયમણ નીવાર ॥
ચઉમુખ સુખ કરૂએ, ભવિભવ સયહરૂ એ ॥૬૧॥
આરસમય સાત બિંબ, મુદ્રા અતિહિં અચંભ ॥
જિમણે પાસેં ભલાએ, સોહેં નિર્મલા એ ॥૬૨॥
ગામમાંહિ શાન્તિવિહાર, બાહિર વીરવિહાર ॥
કુમર નૃપતિ કર્યું એ, જિનબિંબિ ભર્યું એ ॥૬૩॥
ઓરીસા ગામે એક, જિનવર બિંબ અનેક ॥
આરસમય સહીએ, પ્રણમ્ય ગહ ગહીએ ॥૬૪॥
પૂજાવિવિધ પ્રકાર, આંગી રચના સાર ॥
જનમ સફલ કર્યુંએ, ભવસાગર તર્યો એ ॥૬૫॥
પરીપકા દેને વ્રધમાન, વહિને વીસાલામાનિ ॥
ચોથું વ્રત વહે એ, આનંદ અતિલહેએ ॥૬૬॥
સાહા સામજી ઉજમાલિ, તિહાં પહિરે ઇંદ્ર માલિ ॥
વજરોપણ કરીએ સંઘતિલક ધરીએ ॥૬૭॥
શ્રાવક શ્રાવીકાં જેહ, આનંદ અધિક અછેહ ॥
ભાવે ભાવના એ હરખીત સવિજિનાએ ॥૬૮॥
અઠાઈ મહોત્સવ કીધ, નરભવ લાહો લીધ ॥
કુશલે ઊતર્યાએ, જયલચ્છી વર્યા એ ॥૬૯॥

ઢાલ (રાય કહે રાણી પ્રત્યે) એ દેશી.

હવે તીહાંથી સમર્યા સુણિ સુંદરી, આયા મહાડિ મઝારિ સાહેલડી॥

વિચિ બ્રહ્માણિ જીરાઉલો સુણિ૦ ભાવે વાંદ્યા સાર સાહેલડી ॥૭૦॥
દોઈ પ્રાસાદ મઢાડિમાં સુ૦, હાથિસણિ એક જોઈ સા૦ ॥
દાંતીવાડે એક જિન તણો સુ૦, ચૈત્ય અનોપમ હોય ॥સા૦॥૭૧॥
પાલવિહાર શ્રી પાસજી સુ૦, રાય પ્રાહ્લાદિ કીધ સા૦ ॥
અક્ષત મૂડો નિતુ પ્રતિ સુ૦, સોલ મણિ પૂગી પ્રસિદ્ધ ॥સા૦॥૭૨॥
પૂજા ભોગ એહવો હતો સુ૦, પહિલા ઇણિ જગિમાંહિ સા૦ ॥
સંપ્રતિ પણિ મહિમા ઘણો સુ૦, પાહણપુર વરમાંહિ ॥૭૩॥
લાલપુરે વલી વલી આવિયા સુ૦, શાન્તિ ભક્તિ કરી ખાસ સા૦ ॥
સિદ્ધપુરે દેહરાસરે સુ૦, વાંદ્યા ચૈત્ય ઉલ્લાસ ॥સા૦॥૭૪॥
વર્ષાઋતુ નેડી ભણી સુ૦, ન રહ્યા થિરપરિણામ સા૦ ॥
તારંગાની યાતરા સુ૦, દ્રવ્યે ન કરી તામ ॥સા૦॥૭૫॥
ભાવ થકી તે વંદિયા સુ૦, વિચિમાં નગર અનેક સા૦ ॥
અનુક્રમે ઘર ભણી ચાલતાં સુ૦, વાંદ્યા તીર્થ વિવેક ॥સા૦॥૭૬॥
મહિસાણ રાજનગર પ્રમુખે સુ૦, શ્રી જિનકેરાં ઠામ સા૦ ॥
પ્રણમી પ્રેમઇ પોહતલાં સુ૦, સૂરત બંદિર નામ ॥સા૦॥૭૭॥
વિધિસ્યું છરી પાલતાં સુ૦, ષટ્માસે કરી યાત્ર સા૦ ॥
જ્ઞાનવિમલસૂરિ સાથસ્યું સુ૦, વંદી સફલ કરે ગાત્ર ॥સા૦॥૭૮॥
સાત ખેત્રઇ વિત્ત વાવતા સુ૦, ઉચિત પ્રમુખ કરે દાન સા૦ ॥
શાસન શોભા દાખવી સુ૦, નિજ વચનનું રાખ્યું માન ॥સા૦॥૭૯॥
ઠામિ ઠામિ પરિ ભાવિના સુ૦, પૂજા સત્તર પ્રકાર સા૦ ॥
દેવદ્રવ્ય વૃદ્ધિ દાખતા સુ૦, સફલ કર્યો અવતાર ॥સા૦॥૮૦॥
સંવત્ ૧૭ સત્તર પંચાવને વર્ષ સા૦, સફલ મનોરથ સિદ્ધ સા૦॥
જ્યેષ્ઠ શુકલ દશમી દિને સુ૦, એ તીરથ રચના કીધ ॥સા૦॥૮૧॥

કળશ.

ઇમ તીર્થમાલા ગુણવિશાલા કરી સંઘે અતિ ભલી,
કલ્યાણમાલા ભવિક બાલા લહો જિમ મનની ટલી ॥
પરભાત ઉઠી એહ જિનવર નામ ગુણ કંઠે ધરે,
જ્ઞાનવિમલ ગુણોધ સમકિત સહજ લીલા તે વરે ॥૮૨॥

॥ ઇતિ શ્રી તીર્થમાલાયાત્રા સંપૂર્ણ. ॥

॥ શ્રી વીરજિન સ્તવન. ॥

અરજ સુણો એક માહરી, ત્રિશલાનંદન વીર જિણંદા ॥
કેવળ નાણ દિવાકરૂ, મેરૂ મહીધર ધીર જિણંદા ॥અરજ૦॥૧॥
એ અપર પર તારીએ, ભવસાગર ગુણવંત જિણંદા ॥
દિલભરી દરિસન દીજીએ, તુજ સમ કો નહિ સંત જિણંદા ॥અ૦॥૨॥
તરસ્યાં તપ ક્રિયા થકી, તે સ્યો તુમ્હચો પાડ જિણંદા ॥
જો રલતાં હોઇ લખેસરી, તો સી સુરતરૂ છ.ડ ॥જિ૦॥અરજ૦॥૩॥
જાણ્યાછાં કલિયુગતણી, રાખ્યોછો પ્રભુરીતિ જિણંદા ॥
જે ધની તે લોભી હુએ, ન કરે નિર્ખલસ્યું પ્રીતિ ॥જિ૦॥અ૦॥૪॥
અવરાંને જો પ્યારથાં, તો શી તાહરિ સોભ જિણંદા ॥
બિરૂદ રહે કિમ તાહરૂં, ભગતવત્સલની થોભ ॥જિ૦॥અરજ૦॥૫॥
તુજ પરિ ધન જો મુજ હુએ, તો દેતો ન કરૂં ઢીલ જિણંદા ॥
વિણ માગ્યે પૂરણ કરૂં, આસ સકલ જન લીલ ॥જિ૦॥અરજ૦॥૬॥
જોર કરાવી ચોકરી, અમચી આશ પૂરેસ જિણંદા ॥
નિષ્કારણ જગહિતકર, તે કિમ બિરૂદ ધરેસ ॥જિ૦॥અરજ૦॥૭॥
હરિલંછન હીયરે (હીઇહે) જસ્યું, આપો સમકિત ભાગ જિણંદા ॥
કેડે પડયા કિમ મૂકસ્યેં, નહી કહાં ઢીલનો લાગ ॥જિ૦॥અ૦॥૮॥
ઘણું ઘણું તેહને કહાં, જે હોય સહજિં અજાણ જિણંદા ॥
સુપ્રીછને સ્યું શીખવું, જ્ઞાન અનંતની ખાણિ ॥જિ૦॥અરજ૦॥૯॥
ઓલગ કીજે તેહની, જે હોઇ ઓલગ જાણી જિણંદા ॥
તું અંતરયામી અછે, તો સીખીચાતાણિ ॥જિ૦॥અરજ૦॥૧૦॥
જાણ અજાણ તો તાહરો, સેવક વિશ્વાવીસ જિણંદા ॥
ધર્મ જાણીને આપણો, લેખ લિખાવીએ જગદીશ ॥જિ૦॥અ૦॥૧૧॥
સઘલી સંપદ આપણી, જો પ્રભુ આપો મોહિ જિણંદા ॥
તો કો પાડ ન તાહરો, જગતપિતા તું હોઇ ॥જિ૦॥અરજ૦॥૧૨॥
આ સંગાયત જે હુએ, તે કહી કોડી વચન જિણંદા ॥
કહિવાએ પણિ તેહનેં, જેહસ્યું બાંધ્યું મન ॥જિ૦॥અરજ૦॥૧૩॥
નિજ બાલક લધુ ઓલડા, સુણી હરખે માવીત જિણંદા ॥
તે માટે પ્રભુ દીજીએ, તુજ સેવા પરતીત ॥જિ૦॥અરજ૦॥૧૪॥
સિદ્ધારથસુત વીનવ્યો, ભગતિ ઓલ વિચાર જિણંદા ॥
ધીરવિમલ કવિ શિસનેં, મત મૂકો વીસારી ॥જિ૦॥અરજ૦॥૧૫॥

॥ ઇતિ શ્રી વીરજિન સ્તવન ॥

(સકલ સદા ફલ આપે એ દેશી.)

રાગ સામેરી.

પ્રણમું દેવનો દેવ એ, સકલ સુરાસુર સેવે એ નિતમેવએ ॥
ધ્યાન સદા તેહને રહું એ ॥ ૧ ॥
જન્મ થકી હુએ અતિ ભલા, ચ્યારે અતિશય ગુણનીલા જગભલા ॥
તે પ્રભુની આણા વહું એ ॥ ૨ ॥
અદ્‌ભુત રૂપ નિરામય, દેહ સુગંધ ગુણાલય ॥
નવિ હુએ સ્વેદ મયલની અશુચિતા એ (૧) ॥ ૩ ॥
કજ પરિમલથી અતિ ઘણો, શ્વાસોશ્વાસ સુગંધ ભણ્યો જિનતણોએ।
બીજા અતિશયની સુભગતા (૨) ॥ ૪ ॥
ખીરધારા પરિ ઊજલું, રૂધિરામિષ જસ નિર્મલું ॥
કોમલું નહિ વિગંધ નવિ વિણસતું એ (૩) ॥ ૫ ॥
ચર્મચક્ષુ ને ગોચર, ન હુએ જનને સહચર ॥
તિમ પવર જસ આહાર નીહારણું એ (૪) ॥ ૬ ॥
દેહ ગુણે કરી ઉપના, તીર્થંકરભવે પ્રભુ તણા ॥
નીપના લોકોત્તર બલ વીર્યથી એ ॥ ૭ ॥
એક સહસ્ર આઠ લક્ષણ, સોભાગ્ય વિચક્ષણ ॥
દાક્ષિણ્ય પ્રમુખ ન જાએ કહણથી એ ॥ ૮ ॥

ઢાળ ('વીરજિનેસર ચરણ કમળ) એ દેશી.

જોયણ પ્રમાણે ક્ષેત્રમાંહિ, સુર કોડા કોડિ ॥
એસે પરખદ બાર સાર, વિનયે કર જોડી (૧)
સુર નર તિરિય અસંખ માયે, વલી જોયનેં સરીખી ॥
વાણી નિજ નિજ વયણ રૂપ, સમજેં સવિ હરખી (૨) ॥૯॥
ભામંડલ પૂઠેં ઝલહલે રવિ તેજથી સાર (૩) ॥
પણ વીસ જોયણ ચિહું દિસે અહ ઉર્ધ્વ સાઢી બાર ॥
સંવાસો જોયણ માનિ ક્ષેત્ર નહી ઈતિ (૪) ॥
મારી ૫ વૈર ૬ ન રોગ નહી દુર્ભિક્ષની રીતિ ૭ ॥૧૦॥
અતિવૃષ્ટિ ૮ ને અનાવૃષ્ટિ ૯ આપ ૧૦ પર ચક્રની ભીતિ (૧૧)॥
ન હોએ જિન વિચરે જિહાં હોએ સુખરીતિ ॥

ઘાતિકર્મના ક્ષય થકી હુએ એહ અગ્યાર ॥
અતિશય અવર ન દેવને હુએ નિરધાર ॥૧૧॥

॥ ઢાલ એકવીસાની. ॥

હવે સુરકૃત રે ઓગણીશ અતિશય સુંદરુ,
આકાશેરે ચાલે આગલથી જિનવરૂ ॥
ધર્મધ્વજરે ૧ ચક્ર ૨ ચામર ૩ ને છત્ર રે ૪ ॥
સિંહાસનરે પાદપીઠયુત ચિત્રરે ૫ ॥૧૦॥
વિચિત્ર કંચન કમલ થાપે જિહાં જિન પગલાં ઠવે ૬ ॥
ગઢ ત્રિણ્ય ૭ ચઉમુખ બિંબ ૮ ચૈત્યદ્રુવૃક્ષ બાર ગુણો હુવે ૯ ॥
શુભ ગંધિ વર્ષણ નીર ૧૦ યોજન માની કુસુમની વૃષ્ટિએ ॥
જાનુમાને પંચવરણી જલજ થલજ નીસૃષ્ટ એ ૧૧॥ ॥૧૨॥
સુર કોટીરે પાસે ૧૨ પવન અનુકૂલતા ૧૩ ॥
નખ કેશારે ન વધે દીસે સુભગતા ૧૪ ॥
અધોવદનેરે કંટક ૧૫ તરુ સઘલાં નમે ૧૬
દેવદુંદુભીરે નદતી દીસે ગગનમે ૧૭ ॥૧૦॥
તિમ નમી સવલી દિએ પ્રદક્ષિણ, શકુનિ ગણ ગુણરાગથી ૧૮॥
સમકાલિ ષટ્ ઋતુ દિંએ ફૂલફલ સુખદ જિન પર ભાગથી ૧૯॥
દેવકૃત ઓગણીસ એહવાં જિહાં ઠવે જિન પાઉલા ॥
તિહાં હોએ કોડિ કલ્યાણમાલા સિદ્ધિસુખના આઉલા ॥૧૩॥
છત્ર બારેરે ચોવીસ જોડાં ચામરાં ॥
ધ્વજ ચિહું દીસરે સહસ જોયણના ચિત્તહરા ॥
સિંહાસનરે પાદપીઠ આગલ ઠવે ॥
દેશનાસમેરે રે નાટક કરે સુર સંસ્તવે ॥૧૦॥
હુએ ધર્મોપદેશ સમયે અન્યથા ગગને વહે ॥
જિહાં જિહાં જિન રહે ઉભા, તિહાં ઉચિતે સંઠવે ॥
ચાર અતિશય મૂલગા વલી ઘાતિક્ષય કર્માવિધા ॥
જ્ઞાન ૧ પૂજા ૨ વચન ૩ અતિશય અપાયાપગમાભિધા ॥૧૪॥
પણ વિગ્ધરે ૫ હાસ્યાદિક ષટ્ ૬ કામ એ ૧ । ૧૨॥
નિદ્રા ૧૩ અવિરતિરે ૧૪ તિમ મિથ્યાત ૧૫ અજ્ઞાન રે ૧૬ ॥
રાગ ૧૭ દ્વેષ ૧૮ રે દોષ અઢાર ન જેહને ॥

સ્તુતિ વંદનરે અહનિશિ કરું હું તેહને ॥ટૂ૦॥
જેહના નિક્ષેપ સુંદર ચ્યાર નામ ને ૧ થાપના ૨ ॥
વલી દ્રવ્ય ૩ ભાવે ૪ શુદ્ધ રુપે સદૃશ બોલ્યા આપના ॥
જગશરણ તારણ તરણ બહુગુણ જ્ઞાનવિમલથી જાણીયે ॥
ભવબીજ વારણ ચિત્ત ઠારણ બોધિ કારણ આણીએ ॥૧૫॥

॥ ઇતિ ચોત્રીસ અતિશય સ્તવન. ॥

॥ અથ પ્રાતિહાર્ય સ્તવન. ॥

અણાપદ્ય સિંહાસને રે લાલ, બેઠા વીર જિણંદ સુખકારીરે ॥
પ્રાતિહારિજ આઠસ્યું રે લાલ, દીપે જ્ઞાનદિણંદ, ભવિયાં ભાવધરી નમોરે લાલ ॥સુ૦॥૧॥

બાર ગુણો તનુમાનથીરે લાલ, સોહે વૃક્ષ અશોક સુ૦ ॥
જસ છાયા સુખ સેવતારે લાલ, હોએ લોક અશોક ॥સુ૦॥૨॥
પંચવરણ જલ થલ તણા રે લાલ, કુસુમ તણો જલધાર સુ૦॥
જાનુપ્રમાણે સુરવરારે લાલ, વિરચે વિવિધ પ્રકાર બીંડ અધો મુખ ધારિ ॥સુ૦ ભ૦॥૩॥

અમૃતથી અતિ મીઠડીરે લાલ, જોયણ ગામિની વાણિ સુ૦॥
નિજ નિજ ભાષાને રસેરે લાલ, પરિણમતી ગુણ ખાણિ ॥સુ૦ ભ૦॥૪॥
ચામર બિહું પાસ હલેરે લાલ, સોવન જડિત ઉદાર સુ૦ ॥
સિંહાસન પાદપીઠસ્યું રે લાલ, રત્ન કાન્તિ ભર સાર ॥સુ૦ ભ૦॥૫॥
ભામંડલ પૂઠિં થકીરે લાલ, તેજ તણો અંબાર સુ૦ ॥
સેવા મિસિ રવિબિંબ છે રે લાલ, ટાલ્યો તિમિર પ્રચાર ॥સુ૦॥ ભ૦॥૬॥
ઘાતિ કરમ ક્ષયથી થયું રે લાલ, જિનનામાધિક તેજ સુ૦ ॥
દુરાલોક વપુ જિમ ન હુએરે લાલ, સુરકૃતપણિ અતિ હેજ જ્ય કારીરે ॥સુ૦ ભ૦ ॥૭॥

દુંદુભિ પ્રમુખ વાજાં સવેરે લાલ, કોડિ ગમે સુરવાય સુ૦ ॥
જિનવાણી રાગે મિલ્યારે લાલ, ભવિમૃગને સુખદાય ॥જ૦ ભ૦॥૮॥
છત્રત્રય શિર રાજતાં રે લાલ, મુક્તાફલગુણચ્યંગ સુ૦ ॥
માનુ સુખના બિંદુયારે લાલ, છાંયતાં ભવિકના અંક ॥સુ૦ ભ૦॥ ॥૧૩॥૯॥

ત્રિભુવન અધિપતિ એહ છેરે લાલ, દેવ સર્વે સિરતાજ સુ૦ ॥

ભાનુ રજત કિંકિણી ધ્વનિરે લાલ, ભાખે ધર્મ ભવિ કાજ ॥સુ૦॥
॥ભ૦॥૧૦॥

સુરકૃત એ આઠે હુવે રે લાલ, શ્રીજિનવરને નિત્ય સુ૦ ॥
ભામંડલ દિવ્ય ધ્વજરે લાલ, ઘાતિકરમ ક્ષય જ્યોતિ ॥સુ૦ ભ૦॥૧૧॥
આઠ મહાસિદ્ધિ પામીએરે લાલ, આઠ કરમથી દૂરિ સુ૦ ॥
આઠ ત્રિગુણ જિન એહછેરે લાલ, અડો અહાં દેવહજૂર ॥સુ૦ ભ૦॥૧૨॥
આઠદૃષ્ટિ જે પેખતાં રે લાલ, તે દાખે ગુણ ખાણિ સુ૦ ॥
આઠે પ્રવચન માવડીરે લાલ, પાલી લહ્યા વરનાણ ॥સુ૦ ભ૦॥૧૩॥
આઠે દિસની સંપદારે લાલ, ઘરિ આવે જસ નામિ સુ૦ ॥
આઠ મહાભય ભંજનોરે લાલ, દિન દિન દોલતિ દામ ॥સુ૦ ભ૦॥૧૪॥
આઠમિ દિને શ્રી વીરનુંરે લાલ, ધ્યાન ધરો હિત આણિ સુ૦ ॥
જ્ઞાનવિમલ સૂરીશ્વરુરે લાલ, ભાખે મધુરી વાણિ ॥સુ૦ ભ૦॥૧૫॥

॥ ઇતિ શ્રી આઠ મહાપ્રાતિહાર્ય સ્તવન ॥

॥ અથ ત્રિશલાનંદન મહાવીર જિન સ્તવન. ॥

અરજ સુણો અરિહંતજીરે લાલ, અખય અનંત ગુણધામ ॥
જાઉંવારીરે ॥
ઉપગારી અવનીતલેરે લાલ, અવિનાશી ભગવાન ॥જા૦॥અ૦॥૧॥
કાલ અનાદિ અનંતમાં રે લાલ, ઈગ દુ તિ ચઉ પણમાંહિ ॥જા૦॥
અસન્ની અપજજઈ નવિ લહ્યું રે લાલ, તુજ દરિસણ ભવમાંહિ
॥જાઉંવારીરે॥અરજ૦॥૨॥
સન્નીપણે શૂન્યતારે લાલ, શુભ સામગ્રી અહેતિ ॥જાઉં૦॥
અવધિ પ્રમાદ અનાદરે રે લાલ, ન લહ્યો તુમ્હ સંકેત ॥જા૦॥અ૦॥૩॥
યોગ્ય તથા ભવિતવ્યતા રે લાલ, કુંભ શશિ દૃષ્ટાંત ॥જાઉં૦॥
કર્મવિવર અનુકૂલથી રે લાલ, ગઇ મિથ્યામતિ ભ્રાંત ॥જા૦॥અ૦॥૪॥
સહજ સભાવ સદાગમે રે લાલ, પ્રગટયો પ્રેમ પિંડૂર ॥જાઉં૦॥
હરખી ચેતના સુંદરીરે લાલ, નિરખ્યે તુમ્હ મુખ નૂર ॥જા૦॥અ૦॥૫॥
અદ્ભુતરૂપ નિહાલતાં રે લાલ, ઉલસે પરમાનન્દ ॥જાઉં૦॥
આપ અરૂપી ભાવમાં રે લાલ, પ્રગટે ગુણમકરંદ ॥જા૦॥અ૦॥૬॥
ખીણ મોહની સંગતેરે લાલ, ભવિક હોય ગતમોહ ॥જાઉં૦॥
સમવસરણિરે પણ પ્રાણિયારે લાલ, જાતિવેર ગતદ્રોહ ॥જા૦॥અ૦॥૭॥

તુમ્હચી મુદ્રા ભાવતાં રે લાલ, પ્રગટે સહુજ સરૂપ ॥જાઉં૦॥
એ યુગતું પરમારથિરે લાલ, તુમ્હ ભગતેં તુમ્હ રૂપ ॥જા૦॥અ૦॥૮॥
ત્રિશલા નંદન ભેટીયારે લાલ, હરિલંછન મહાવીર ॥જાઉં૦॥
ભવભય ભાવઠિ ભાંજવાં રે લાલ, તમ રજ હરણ સમીર ॥જાઉં૦॥
॥અરજ૦॥૯॥

સિદ્ધારથ સુત જે હોયેરે લાલ, તે સિદ્ધારથ હોય ॥જાઉં૦॥
સિદ્ધારથ તસ સેવનારે લાલ, અચિરજ ઇહાં નહી કોય ॥જાઉં૦॥
॥અરજ૦॥૧૦॥

મુજ શિર સાહિબ તું છતેરે લાલ, મોહ કરે મહા ચોર ॥જાઉં૦॥
તે ઘટતું નહી નાથજીરે લાલ, પણ ભાવિને દોર ॥જા૦॥અ૦॥૧૧॥
કર્મતણો ભય નવિ ગણુંરે લાલ, જો તુમ્હચી ભક્ત પ્રતીત ॥જા૦॥
લીલાએ અરિ નિર્દલુંરે લાલ, ન ધરૂ અવધિ અનીત ॥જાઉં૦॥
॥અરજ૦॥૧૨॥

ઘણું ઘણું રયું વીનવુંરે લાલ, જાણો સવિ મનના ભાવ ॥જા૦॥
એક અછે તુમ્હ સેવનારે લાલ, ભવજલ તરવા નાવ ॥જા૦॥અ૦॥૧૩॥
સત્તર પંચાવન વત્સરેરે લાલ, મધુ વદિ છઠિ શશિવાર ॥જાઉં૦॥
દરિશન દીઠું તાહરૂંરે લાલ, થીરપુર નયર મઝારિ ॥જા૦॥અ૦॥૧૪॥
ઉદય અધિક દખી કરીરે લાલ, પ્રગટ થયા ભગવાન ॥જાઉં૦॥
સંઘ મનોરથ પૂરવારે લાલ, સુરતરૂ સુરમણિ આનિ ॥જા૦॥અ૦॥૧૫॥
આનંદ ઉધમેં કરીરે લાલ, પધરાવ્યા જિન રાજ ॥જાઉં૦॥
જ્ઞાનવિમલ પ્રભુ નિરખતાં રે લાલ, સિધ્યાં સઘલાં કાજ ॥જાઉં૦॥
॥અરજ૦॥૧૬॥

॥ ઇતિ ત્રિશલાનંદન મહાવીરજિન સ્તવન. ॥

॥ ભાવન અક્ષરમય જિન સ્તવન. ॥

(થારે માથે પંચરંગ પાઘ સોનારો પૂંદણો એ દેશી.)

ઓંકાર અનાદિ પરમબ્રહ્મને પ્રણમીએ સાહેબ,
અરિહંત અનોપમ અવિનાશી મનિ કામીએ સા૦ ॥
ઓદર આણ્યાથી આતમ ભાવે આતમા સા૦ ॥
આધાર છે એહી આશાલુંબો નહી તમા ॥સા૦॥૧॥

સાહિબજીરે નાથ નિરંજન તૂં પ્રભુ ॥સા૦॥આંચળી॥
ઇલાતલિ ઇચ્છાપૂરક મોટો તૂં સહી ॥સા૦॥
ઇશ્વર જન સેવે ઇહક ઇહાં તુજ નહીં ॥સા૦॥
ઉદયાચલ ઉનત ઉદયો દિનપતિ જિમ તપે ॥સા૦॥
ઊભાહિં ઊભા તાહરૂં નામ સદા જપે ॥સા૦॥૨॥
ઋદ્ધિ સવલી લહીએ ઋષભ જિણંદના નામથી ॥સા૦॥
ઋષિરાજ જે મોટા હૃદયમાં રાખે ધ્યાનથી ॥સા૦॥
(ભૃ)લિલા અલવેસર લબ્ધિ સયલ આવાસ છે ॥સા૦॥
(ભૃ)લિહા એવા તે સુરનર તાહરા દાસ છે ॥સા૦॥૩॥
એહવો એકલમલ એહીજ સુણીએ ભવનમાં ॥સા૦॥
ઐશ્વર્ય એકાંગે એ વિનુ અવર ન સુપનમાં ॥સા૦॥
ઓજસ્વી ઓપમ ઓરનકો અવનિ તલે ॥સા૦॥
ઔદાર્ય ગુણથી મેરુ મહીધર પણિ લુલે ॥સા૦॥૪॥
અંકે તુજ દીસે વૃષભ અનોપમ ઉજલો ॥સા૦॥
માનુ ત્રિભુવન વ્યાપી આદિ કરણ યશ નિર્મલો ॥સા૦॥
કરુણાનિધિ કરુણા કરી કરુણો હવે મોપરિં ॥સા૦॥
ખલ ખંચન કરીએ ખંતિ ખરીછઇ તો પરિ ॥સા૦॥૫॥
ગુણનિધિ ગુણસાગર ગ્રહપતિ સવલા તુમ્હ પદિં ॥સા૦॥
ઘનવિઘન વિદારણ ઘોર તપસ્વી વદઈં ॥સા૦॥
(ઙ)નમો નાથ નિરંજણ નેહનયણસ્યું નિરખીએ ॥સા૦॥
ચોખે ચિત્ત ચાહું ચાકરભાવે પરખીએ ॥સા૦॥૬॥
છે છયલ છબીલા છોગાલા તુજ છાયમાં ॥સા૦॥
જયવંત જગમાં જંગમ તે સુરરાયમાં ॥સા૦॥
ઝલકે તનુ કંતી જ્યોતિ ઝલમલ ઝગમગે ॥સા૦॥
(ઞ)નીરાગી નાગર જિન સવે તુજને ઓલગે ॥સા૦॥૭॥

ટગમગ તુમ્હ જોતાં સંકટ વિકટ સવે ટલે ॥સા૦॥
ઠગ ઠોઠામા ઠાકા ઠામ હુયા પરિગલે ॥સા૦॥
ડાહાપણ મુઝ એહ ડીંભપરિ તુમ્હ પદિ રહું ॥સા૦॥
ઢમઢોલ ધ્રસુકે ઢાલે ચામર સુર બહુ ॥સા૦॥૮॥
ણુકખર ણુગ અણુયા જે મણુયા તુમ્હથી ટલ્યા ॥સા૦॥
તે તુરતમાં તરિયા તીર લહ્યા તીરથ મિલ્યા ॥સા૦॥
થિરતા થઈ થોભે મન અલિ થરે પદકજે ॥સા૦॥
દિએ દિલમાં આણી દાન અભયનું સુખ ભજે ॥સા૦॥૯॥
ધરણિધર વિક્રમ ધર્મધુરંધર ધીર તું ॥સા૦॥
નિશ્ચયનય નિરખે પરખે સવિ વડવીર તું ॥સા૦॥
પુરૂષોત્તમ પ્યારો પર ઉપગારી ઓલખ્યો ॥સા૦॥
ફંદ ફેર ન રાખું ફોકટ ભાવે નવિ લખ્યો ॥સા૦॥૧૦॥
બાહિં મુઝ ગ્રહીએ બંધવ નિષ્કારણ તુમ્હો ॥સા૦॥
ભગતે ભલ ભાવે ભર્મ વિના આવ્યા અમ્હો ॥સા૦॥
મહારાજ મહામુનિ મોટા મહિમ મયાલ છે ॥સા૦॥
યમ નિયમનો ધારી યમવારણ ઉજમાલ છે ॥સા૦॥૧૧॥
રતનાધિપ પ્રણમે રાજેસર રતનાગરૂ ॥સા૦॥
લખ લીલ વિલાસી અવિનાશી અલવેસરૂ ॥સા૦॥
વચને ન કહાય વર્ણના તાહરા ગુણતણી ॥સા૦॥
તુમ્હ શક્તિ અનંતી શમતા શીલાદિક ઘણી ॥સા૦॥૧૨॥
ખીમાએ ખેપવીયા દોષ પોપ શોષ્યા સવે ॥સા૦॥
સાહિબ મુઝ સમરથ સિરધરીએ મેં ભવભવે ॥સા૦॥
હીયે હર્ષ ધરીને હુંસિ પૂરો હવે માહરી ॥સા૦॥
લહુપણિ ભવ લહ્યો સાર કૃપા થઇ તાહરી ॥સા૦॥૧૩॥
હવે ક્ષણિક સ્વભાવે ક્ષણિક સુખે નવિ રાચીએ ॥સા૦॥
અતિ અક્ષય ભવે અક્ષય સુખરસું માગીએ ॥સા૦॥

મરૂદેવીનંદન ચંદનશીતળમયો ॥સા૦॥
નમું નાભિ નરેશ્વર વંશ વિભૂષણ તું જયો ॥સા૦॥૧૪॥

કળશ.

ધ્રમ જિન તુમ્હારી દ્વાદશાંગી વર્ણરૂપે આણીએ,
શ્રુતજ્ઞાનરૂપે તાસ ભાવા જ્ઞાનવિમલથી જાણીએ;
તે લહે અક્ષર પદ અનોપમ ઇહાં કિસ્યુ અચરિજ અછે,
જે અક્ષરે તુમ્હ સુયશ ભાખે તાસ સમકિત ગુણ મચે ॥૧૫॥

॥ ઇતિ ભાવન અક્ષરમય જિનસ્તવનમ ॥

(પ્રથમ ગોવાલાતણે ભવે એ દેશી.)

સકલ કુસલ સુખ સંપદાજી, લહવા એહ નિદાન ॥
પૂજા શ્રીજિનરાજનીજી, સમકિત રત્ન નિધાનરે ॥
આતમ અનુભવ આણોરે ચિત્ત ॥૧॥
શુભ અનુષ્ઠાન નિમિત્તરે, આતમ અનુ૦ ॥આંચલી.॥
દેશવિરતિની માંડણીજી, સમકિત નિર્મલકાર ॥
શુભયોગ જોડયે હુંઇજી, ચરણ ધર્મ આધાર રે ॥આ૦॥૨॥
નામ થાપના દ્રવ્યથીજી, ભાવે ચ્યાર પ્રકાર ॥
નિક્ષેપા અરિહંતનાજી, નિશ્ચય ને વ્યવહારરે ॥આ૦॥૩॥
નિશ્ચયથી શુદ્ધાતમાજી, ભાવે જેહ અભેદ ॥
નામાદિક વ્યવહારથીજી, ધ્યાવા ભેદાભેદરે ॥આ૦॥૪॥
આર્ત્ત રૌદ્ર બિહું પરિહરીજી, ભવભય કારણ જેહ ॥
વિષય કષાય પ્રમાદના, અશુભ સંકલ્પ નહી રેહરે ॥આ૦॥૫॥
ધર્મ ધ્યાન ચિત્ત ધારીએજી, તેહના ચ્યાર પ્રકાર ॥
પૂજંતા અરિહંતનેજી, ચિત્ત કીજે એક તારરે ॥આ૦॥૬॥
તિહાં પિંડસ્થ પદસ્થીજી, રૂપસ્થ રૂપાતીત ॥
જનમરાજ્યશ્રામણ્યથીજી, જે છદ્મની રીતિરે ॥આ૦॥૭॥
એ પિંડસ્થની ભાવનાજી, જાપ પદસ્થે જાણી ॥
પરમેષ્ટીપદ આદિદેજી, રહસ્ય ઉપાંશુ દિલ આણિરે ॥આ૦॥૮॥
ભાષ્ય ભેદ તો બહુ અછેજી, ઇગ દુગ ચઉ પણ છક્ક ॥
સોલ ઇગતીસ પણતીસનાજી, અડસઠ્ઠિ જાવ તથ કરે ॥આ૦॥૯॥

તિહાં વિધિ સઘલો સાચવેંજી, આશાતન પરિહાર ॥
નામ થકી ઈમ ધ્યાવતોજી, પામે જયજયકારરે ॥આ૦॥૧૦॥
હૃદય કમલ અડ પાંખડીજી, અથવા બત્રીશ ભેદ ॥
કર્ણિકાર બહુ સૂપથીજી, ધ્યાવે થઈ નિર્વેદ રે ॥આ૦॥૧૧॥
જે કેવલી સિંહાસનેંજી, પ્રાતિહાર્યે રે યુક્ત ॥
અતિશય જાસ અનેક છેજી, સુરનર કરતા ભક્તિરે ॥આ૦॥૧૨॥
જે રૂપસ્થ જિન ધ્યાનથીજી, નિર્મલ હોઇ પણ ભેદ ॥
સૂપાતીત સિદ્ધ ભાવતાંજી, તિહાં હોઇ અચલ અભેદરે॥આ૦॥૧૩॥
પદસ્થ ધ્યાન પણ એહનેજી, કેઇક શાસ્ત્ર મઝાર ॥
તે અવસ્થા ભેદથીજી, ચિંતી જે નિરધારરે ॥આ૦॥૧૪॥
મૈત્રી પ્રમુખ ચાર ભાવનાજી, પુષ્ટ હોઇ ચિત્તમાંહિ ॥
દ્રવ્યથી શુભશુભ જોડીયેજી, જે પદારથ જગમાંહિરે॥આ૦॥૧૫॥
ભાવેં યા વ્રત ચરણનોજી, શુદ્ધ સકલ વ્યવહાર ॥
દ્રવ્ય મુખ્ય સાગારીનેજી, ભવિતો અણગારરે ॥આ૦॥૧૬॥
ઈમ જિન પૂજા રાગીયાજી, તેહના જનમ પ્રમાણ ॥
હીલે જિન નિક્ષેપનેજી, તાસ પ્રથમ ગુણઠાણરે ॥આ૦॥૧૭॥
જ્ઞાનવિમલ પ્રભુ સાનિધિજી, આદર આણીરેં જેહ ॥
જિનની સેવા આદરેજી, તે જગમાં ગુણગેહ ॥
અનુભવ આણો રે ચિત્ત૦ ॥૧૮।

॥ ઇતિ પદસ્થાદિ ધ્યાન સ્તવન. ॥

॥ રાગ કાફી. ॥

પાસજી પ્યારા મનમોહનાં, ગુણરોહના ભવિ મોહના
જગિસાહેનાં પાસજી પ્યારા.
કોડિ કૃતારથ આજથેં, અમલ ભએ અવતારા ॥
આનંદ આધક રોમિ રોમિ દેખત તુમ્હ દીદારા ॥પાસ૦॥૧॥
કમઠ હઠ હઠી માન, કીયા તેહી ધિક્કારા ॥
તવથિતું હિ જ્ઞાનમર્દિ બિરૂદ વદત સારા ॥પા૦॥૨॥
મેઘમાલી કમઠદેવે, કીયા ઘન અંધારા ॥
ભેદ્યા નાંહિ મનમાંહિ, ધ્યાનથેં લિંગારા ॥પા૦॥૩॥

જલત આગિ જેહ નાગિ, સુણા જે નવકારા ॥
ધરણરાય તેણિ આય, રહત ફણ વિસતારા ॥પા૦॥૪॥
લહે જ્ઞાન તેણિ વેરં, જોતિરૂપ સારા ॥
જ્ઞાનવિમલ કહે સોઈ પાસ, પ્રાણુકા આધારા ॥પા૦॥૫॥
॥ ઇતિ શ્રી પાસજિન સ્તવન. ॥૨૧॥

॥ ઢાલ ૧ લી. ॥

સાસનાદેવીય પાય પ્રણમેવિ ગાઇસું રિખભ વિવાહલોએ એ-દેશી.
સકલમંગલતણા નંદનવનઘણાં સીંચવા પુષ્કર જલધરુએ.
પાસ-ચિંતામણી કામિત સુરમણી પૂરવા ભવિજન જયકરુએ.
પાસ જય જેહનો શાશનિ શુભમનો પરતા પૂરણ પરગડાએ.
દેવ ધરણિંદ્ર પદમાવતી જસ પદિં સેવ સારૂં ચિંતે પલવડાએ.

॥ ત્રોટક. ॥

અતિવહા પરતાપ ભુવન માંહિં હામ ઠામેં દીપતા,
તેહના ચરણસરોજ પ્રણમી કર્મ સવિનેં જીપતા;
દીપતું શાસનવલી ય જેહનું વર્દ્ધમાન જિણંદનું,
જાગતું જેહનું દૂસમમાંહિં તેજ જેમ દિણંદનું. ॥૧॥
જેહનું ઉત્તમ ગૌતમ ગોત્ર છે ઇંદ્રભૂતિ જ વડા ગણધરુએ,
સોહમસામિ છે પંચમગણધર પાટિ થાપેં તસ જય કરુએ;
નિગ્રંથ બિરૂદ આઠ પાટ લગેં તે ચઢયું કોટિક બિરૂદ નવમ સૂરિ વર્યએ,
ચંદ્રગચ્છ બિરૂદ થયું પનરમા પાટિથી પ્રગટીઉં ચંદ્રસૂરિથકીએ.

॥ ત્રોટક. ॥

સોલમેં પાટિ બિરૂદ બીજું પણિ કહું વનવાસથી,
પાંત્રીસ પાટિ લગેં તેહી ચાલ્યું પૂર્ણ પૂરણ પ્રકાશથી;
વડગચ્છ નામેં બિરૂદ છઠું કહિયું ત્રેતાલીસ પદ લગેં,
મહારાજ રાણે બિરૂદ દીધું મહાતપા ઇતિ સહુ વગેં. ॥૨॥

॥ ઢાલ ૨ જી. ॥

(રાગ ગોડી—જંબૂદ્વીપ મઝારિ—એ દેશી)
ચિંમાલીસમેં પાટિ જગતચંદ્રસૂરીસર તપા બિરૂદ જિણે ધારીઉએ ૧
સંવત બારનેં માનેં વરસ પંચાસીઈ ૧૨૮૫ તિહાથી જગ જસ
વિસતર્યો એ. ૨

પંચાંગી અનુસારેં કિરિયા સાચવેં થાપ ઉથાપ ન જેહનેં એ. ૩
પણચાલિસમેં પાટિ શ્રી દેવેંદ્રસૂરિ થયા ધારક બહુ પ્રવચન તણાએ ૪
કર્મ ગ્રંથને લાખ પ્રકરણ બહુ કર્યાં વિધિ સામાચારી વલીએ ૫
ધર્મ બહુવિધ થયા સૂરિ પાટપરંપરા શાસનનેં દીપાવતાએ. ૬
અનુક્રમેં સગવનપાટિ થયા સૂરીસર શ્રીઆણંદવિમલ વદાએ. ૭
કીધો નિર્મલ માર્ગ કિરિયા ઉદ્ધરી શિથિલ પંથ જિણેં અપહર્યોએ ૮
તપા બિરૂદ જિણેં વારુ કીધું ઊજલું પૂરવ મુનિ ઓપમલહેંએ ૯

॥ ઢાલ ૩ જી. ॥

(કંત તમાકું પરિહરો—એ દેશી.)

શ્રીવિજયદેવ સૂરીસરૂ તસ પટ પ્રગટયા દિણંદ મહારાજ;
અઢી લાખ જિણેં બિંબની, કરી પ્રતિષ્ટા સુખકંદ મહારાજ. ૧
ધન ધન સાધુપરંપરા તસ પદિ પટપૂર્વાચલેં ઉદયો અભિનવભાણ મ૦;
શ્રીહીરવિજય સૂરીસરૂ કેતાં કરૂં હું વખાણ ॥મ૦ ધ૦॥૨॥
સંવત સોલ ઓગણ્યાસમેં ૧૬૩૯ સાહિ અકબર રાણિ ॥મ૦॥
ફત્તેપુરમાં તેડીયા પાઉધાર્યા ગુણખાણ ॥મ૦ ધ૦॥૩॥
દર્શનના સવિ પૂછીઆ ધર્મતણા આચાર ॥મ૦॥
પંચ મહાવ્રતનો કહ્યો આગમ અર્થ ઉદાર ॥મ૦ ધ૦॥૪॥
નિર્દોષી પરમારથી પંચ પ્રકારેં શુદ્ધ ॥મ૦॥
નામ થાપના દ્રવ્ય ભાવથી મુક્ત્યાદિક પ અવિરૂદ્ધ ॥મ૦ ધ૦॥૫॥
તે દેવ તસ વયણે ચલેં, નિસ્પૃહ સાચા વયણ ॥મહા૦॥
તે ગુરૂ ધર્મ અનાશંસથી, કર્મ કરેં નિર્વાણ ॥મહા૦॥
કેતાં કરીયેં વખાણ ॥મ૦ ધ૦॥૬॥
ઇણિ પરિ યામ અઢી લગેં, કીધી ધર્મની ગોષ્ટિ ॥મ૦॥
શ્રીઅકબર સાહેજી, કહેં તુમ્હ ધર્મ વિશિષ્ટ ॥મ૦ ધ૦॥૭॥
અણમાસી જીવ અમારિનો, પડહ વજાવેં તામ ॥મ૦॥
ડાબરસરનાં મુંકાવીયાં, જાલ સંકલ સુખકામ ॥મ૦ ધ૦॥૮॥
જજીઓ કર વલી મુંકીઓ, મૃતક તણો વલી દ્રવ્ય ॥મ૦॥
આપિ અભક્ષ્ય માંસાદિક તણા, તે મૂકયાં થઇ ભક્ષ્ય ॥મ૦ ધ૦॥૯॥
દેશ અહારિ થાપીઆ, અમારિ તણા ફુરમાન ॥મ૦॥
શ્રીપર્યુષણ મહાપર્વનાં, બારસ દિવસનેં માન ॥મ૦ ધ૦॥૧૦॥

શ્રીસિદ્ધાચલ તીર્થનો, કર મૂકાવ્યો જેણિ ॥મ૦॥
ડૂકાપતિ ઋષિ મેઘજી, સીસ થયા જિનવર્દણ ॥મ૦ ધ૦॥૧૧॥
ઉદ્યોતવિજય નામ થાપીઉં, મેઘજી ઋષિનું આપ ॥મ૦॥
જગતગુરૂ બિરૂદ થાપીઉ, શ્રી સાહિં ગુરૂનું નિ:પાપ ॥મ૦ ધ૦॥૧૨॥
ત્રિણ્ય ચોમાસાં તિહાં કરી, કર્યો શાસન ઉદ્યોત ॥મ૦॥
તપા બિરૂદ અજુઆલીઉં, કાઢી કુમતીની છાતિ ॥મ૦ ધ૦॥૧૩॥

(ઢાલ ૪ થી)

(રાગ કેદારો-કપૂર હોઇ અતિ-એ દેશી.)

તસ પટ્ટિ પટ્ટધુર ધરૂરે શ્રીવિજયસેન સૂરિંદ;
જે કાલયુગમાં સરસ્વતીરે, સમ વહે બિરૂદ અમંદ.
ભવિકા પ્રણમું એહ મુણિંદ, જિમ હોઇ પરિમાણંદરે ॥ભ૦ આંગ૦॥૧
શ્રીસાહિજીઇં તેહાવિયારે, તે ગુરૂને નિજ પાસિ ॥
ભટ્ટ નિશાટ પરિં કર્યારે, યજ્ઞ તે નરકના વાસરે ॥ભ૦ ॥૨॥
માસ ષટ લગેં તેહનો, વાદ થયો સાહિ હજૂર ॥
જીત થઇ જિનમત તણીરે, વાગાં મંગલ તૂરરે ॥ભ૦ પ્ર૦॥૩॥
બિરૂદ સવાઇ જગતગુરૂ તણું રે, દીધું ધરી ઉલ્લાસ ॥
પૂરવ પત્ર ફુરમાન સવેરે, આવ્યા શ્રી ગુરૂ પાસરે ॥ભ૦ પ્ર૦॥૪॥
ગો મહિષ મહિષાદિ કારે, પશુ હણવાનાં નેમ ॥
શ્રીસાહજીઇં આપે કર્યાંરે, કીધા જંતૂનેં ખેમરે ॥ભ૦ પ્ર૦॥૫॥
તે ગુરૂ વિહરતા જયવંતારે, પાવન કરેં ભૂપીઠ ॥
તેહને ઉપદેશે થયારે, ધર્મકરણી ઉત્કૃષ્ટરે કહું સુણ્યો તે મીઠરે
॥ભ૦ પ્ર૦॥૬॥
જલધિ તટેં મનોહર અછેરે, મંદિર શ્રી ગંધાર ॥
લખમી લીલા વિલાસથીરે, સુરપુરીનેં અનુકારરે ॥ભ૦ પ્ર૦॥૭॥
તિહાં શ્રી શ્રીમાલી કુલિરેં, વ્યવહારી વસેં છેક ॥
પરિખ આદહણસી નામથીરે, ચારૂ વિનય વિવેક ॥ભ૦ પ્ર૦॥૮॥
પરિખ ધનુ સુત તેહનોરે, વેદહણસી તસ પુત્ર ॥
મોહણસી સુત તેહનોરે, સુત સમરસી પવિત્રરે ॥ભ૦ પ્ર૦॥૯॥
અર્જુન પરિખ સુત તેહનોરે, ભીમજી અંગજ તાસ ॥
ન્યાય નિપુણ જસ બુદ્ધિ ઊંરે, લાલૂ ઘરણી તાસરે ॥ભ૦ પ્ર૦॥૧૦॥
પરિખ વસીઓ સુત તેહનોરે, જિમ સુરપતિનેં જયંત ॥

ધર્મ સુપર્વ વાહલાં ઘણાંરે, શોભા જાસ મહંતરે ॥ભ૦ પ્ર૦॥૧૧॥
જસમાદે તેહની પ્રિયારે, જિમ લક્ષ્મી હરિગેહ ॥
વિધિપૂર્વક સવિ આચરેરે, પુણ્ય કર્મ બહુ નેહિરે॥ભ૦ પ્ર૦॥૧૨॥
અનુક્રમે બેહુ સુત થયારે, વજીએા પ્રથમનું નામ ॥
રાજીએા બીજો જાણીઇરે, માનુ બે અર્થ નેં કામરે॥ભ૦ પ્ર૦॥૧૩॥
સોભાગદે પહિલા સુત તણીરે, ધરણી પ્રિયાનું નામ ॥
કમલાદેવી અપરનીરે, બેહુ બંધુ સ્ત્રી અભિરામરે॥ભ૦ પ્ર૦॥૧૪॥
સાહ વજીંધાસુત મેઘજીરે, મોટે મન દાતાર ॥
ધરમી મમ લહેં ભલારે, ઇમ જેહના પરિવારરે ॥ભ૦ પ્ર૦॥૧૫॥
વારુ લજ્જા સહરમાંરે, કરતા પુણ્યવ્યાપાર ॥
સાચવતાં સુખ ભોગવેંરે, જ્યાતા ગુણ આગારરે ॥ભ૦ પ્ર૦॥૧૬॥

॥ ઢાલ ૫ મી.—એકવીસાની. ॥

હવેં આવેંરે અનુક્રમેં તિહાંથી સંચર્યા, ખંભાયતરે આવ્યા ભાઇ
દેઉ ઉલટ ભર્યા.
મનિ ચિંતેરે આપ કમાઇ જે ધનતણી, શુભ ઠામેંરે ખરચેં તેહ
શિરોમણી.

॥ ત્રોટક. ॥

દિનમણી પરિ તિહાં વિચરેં, શ્રીવિજયસેનસૂરીસરુ,
સવાય જગતગુરૂબિરૂદધારી, તપાગચ્છ અલવેસરુ;
વંદિયા તેહના ચરણપંકજ, પાપ ટાલે કર્મના,
દેશના નિસુણેં ભાવ આણી, જાણી પુણ્યના મર્મના. ॥૧॥
તિહાં પૂજ્યારે પ્રણમ્યા બહુ હરખેં કરી, પ્રભાવનારે સાહમી-
વચ્છલ દિલધરી;
તિહાં મધુરારે ભાષેં ગુરૂજી દેશના, દીલ આણીરે સુણેં શ્રાવક દેશના.

॥ ત્રોટક. ॥

દેશના માંહિં નૃપતિ સંપ્રતિ આમનૃપ કુમરનરિંદુએ,
શ્રીવિમલનેં વસ્તુપાલ તેજગ ભીમ આબૂ આણંદએ;
શ્રીધરણસાહ ઉછાહ સાથેં, કર્યાં કરણી ધર્મનાં,
પ્રાસાદનાં સંઘાધિપતિના કરી તીર્થ પ્રભાવના. ॥૨॥

સંઘવી રતનજી રે કર્મ્મોસા પ્રમુખા બહુ, ગુણવંતારે તીર્થ પ્રભાવક એ સહુ;
ડંભ નિસુણીરે હરખ્યા મનમાં અતિઘણાં, મનચિંતે રે એ કરણી સહિ આપણુંએ.

॥ ત્રોટક. ॥

આંપણું ધનનેં એહ મોટું છતેં સુહામ ન જોડીઇ,
કામભોગેં ખરચીઇં ધન તે પુણ્યફલનેં ત્રોડીઇં;
ઉપદેશધારી ચિત ઉદારેં કરી ધર્મહ થાપના,
સ્થંભતીર્થ અનેક શુભ કરી નામ અજુઆલ્યાં આપનાં. ૩
બિહું ભાઇરે ચૈત્ય અતિહ આરેં કરી મંડાવ્યુંરે જાણું અભિનવ સુરગિરી;
માંહે થાપ્યારે શ્રીચિંતામણિપાસજી સિર સોહેંરે સાતફણા સહવાસજી૦

॥ ત્રોટક. ॥

આસપૂરેં મનહ ચિંતીત દિઇ જિમ ચિંતામણી,
તેહથી અધિક પ્રભાવ જાણી પાસ નામ ચિંતામણી;
એકતાલીસ ૪૧ અંગુલ પ્રમાણેં પ્રભો મૂરતિ પેખીઇં.
સાત ફણ મિસિ સાત ભુવનનાં તિમિર ટાલણ લેખીઇં ॥૪॥
બીજું દેઉલરે વીરજિણેસરનું કરિઉં, તેત્રીસ અંગુલરે તાસ પ્રમાણેં તનું ધર્યું;
મૂરતિ રૂખભની સાત ત્રીસ અંગુલમાનની ૩૭, શ્રીશાંતિની રે મૂરતિ મુનિગુણઅંગુલમાનની.

॥ ત્રોટક. ॥

એહ મૂરતિ ભૂમિઘરમાં બનાવી બહુજ હેજસું,
શ્રીપાસથંભણ ભુવન મંડણ બિંબ સૂરિજ તેજશું;
પંચાવીસ કિરિયા કિરિયાગમન હેતેં મનુ પંચવીસ સોપાન છેં,
ભવિક જનનાં પાપ સવળાં પ્રભોદર્શનથી ગચ્છેં. ॥૫॥
પ્રભોપાસથી રે મંગલમૂર્તિ પંચવીસ છેં, મનુ ભાવનારે પંચમહાવ્રતની રચેં;
સાત ભુવનનારે સાતેં ભયનેં ટાલવા, મનુ થાપ્યારે વિઘનહરા ગણપતિ હવા.

॥ ત્રોટક. ॥

હવિ સાતેં દેવકુલિકા મનુ વિમાન સાત રૂખી તણા,
પ્રભુસેવાનેં કાજ આવ્યાં દિએ લોકોત્તર સુખ ઘણાં;
ભૂહરામાં ભાવ સઘલા ધર્મ બનાવ્યા બહુપરિં,
સાગવિટ્ટા પાડામાંહિ સંપ્રતિ મહિમા વિસ્તરે. ॥૬॥
નારંગદે રે ભાણેજનેં આપીયા, નારંગારે પાસજી પાસેં થાપીયા;
ભલી ભાંતિરે કહલ બંધ કર્યુ ભુંહરૂં, ભવિજનનાંરે દેખીને ચિતડાં
હર્યાં

॥ ત્રોટક. ॥

કર્યું નિજઘરનું દેહરાસરેં બિંબ તિહાં મણીરયણનાં,
ચોવીવટ્ટા પંચતીરથ પ્રમુખ પીતલ કણયનાં;
શાંતિનાથ જિણંદ થાપ્યા ઘર તણેં દેહરાસરેં,
નિત નવા મનોરથ કરેં મનમાંહિં વિત્ત શુભચિંતે વાવરંઈ ॥૭॥
બોદોડરે ગોહાબિંદરનેં પાસેહૈં, તિહાં દેઉલરે દોઈ કરાવ્યાં મનિરૂચેં;
એકેં નેમજીરે બીજો કરહડા પાસજી, સવિ ભવિજનનાં રે વંછિત
પૂરેં પાસજી.

॥ ત્રોટક. ॥

પાસ શ્રી નવ પલ્લવ કેરૂં ગંધારબંદિરમાં કર્યું,
નેજા ગામે એક દેઉલ રૂખભદેવેં પરિવર્યું;
સાત ભુવનનેં ભૂષણ સરિખા સાત પ્રાસાદ કરાવિયા,
જીર્ણ ઉદ્ધારતો બહુત હામધું વિત્તપરિઘલ વાવીયા. ॥૮॥
દખિણ પાસેરેં ચોમુખ એક સાણકપુરેં ભરાવ્યુરે બિંબ એક હર્ખે કરી;
ધર્મ બહુવિધેરે બિંબ ભરાવ્યા આદરેં વલી સાહસઘંરે વિત્ત સંખ્યા
કહેા કુણ કરેં.

॥ ત્રોટક ॥

ભરૂં પુણ્ય ભંડાર ઈણિ પરિં સાત ખેત્ર સમારતા,
અઠ્ઠાઇ પ્રમુખ અનેક પર્વઈં પુણ્ય પ્રકૃતિ આરાધતા;
આબૂ અનેં શેત્રુંજ ગોડી પ્રમુખ તીરથયાતરા,
શ્રી સંઘપતિના બિરૂદ ધરીનેં કીધી ધર્મ બહુ માતરા ॥૯॥

॥ ઢાલ ૬ ઠી. ॥

(જાવડ સમરા ઉદ્ધાર—એ દેશી.)

હવે ચિંતે બેહુ ભાઇ, કરી પ્રતિષ્ઠા સજાઇ ॥
લિખી કંકોત્તરી સઘલેં, સાધર્મિક જન મેલેં. ॥૧॥
ગુજ્જરધર વલી બંદિર, અનેક મહાજન પરિકર ॥
ખંભનયરેં મન ભાવિં, વલી ગચ્છરાજ તેડાવેં. ॥૨॥
શ્રીહીરગુરૂના પટ્ટોધર, શ્રીવિજયસેનસૂરીસર ॥
શાતારથી સુખકંદ, ગીતારથ બહુવૃંદ ॥૩॥
સંવત સોલ ચુમાલીસેં (૧૬૪૪) વર્ષે શુભકર દિવસેં ॥
જેઠ શુદિ બારસ ગુરૂયોગેં, સવિ શુભ લગનનેં ભોગેં ॥૪॥
બિંબ પ્રતિષ્ઠા એ કરાવી,
કંચનમુદ્રા લહણી ॥૫॥
પડહ અમારિના ઘોષેં, સાહમી જન નિપોષેં ॥
બહુ પરિ ઇમ જસ લીધો, તીરથ ઓછવ કીધો ॥૬॥
રયણમણી બિંબ થાપેં, દેહરાસર દુખ કાપે ॥
ઇમ ચિંહું ખંડે થયા ચાવા બિહું ભાઇ સમદાવા. ॥૭॥
અનુક્રમેં સાહી જહાંગીર, ભેટી હિયડાનું હીર ॥
પરતપતિ દેશેં મોકલેં, બેહુ ભાઇ સુવિશેસેં ॥૮॥
તિહાં પણ ધર્મની વાત, કીધા બહુ અવદાત ॥
જીવ અમારિના વાજા, વજડાવેં ઘણું તાજા ॥૯॥
પરતિકાલપતિ હરખ્યો, કહઈં તુહ્મ સરિખો કોઇ ન નિરખ્યો ॥
આમિષ ત્યાગ કરાવ્યા, ધર્મના માર્ગ બતાવ્યા ॥૧૦॥
આજ લગણ તસ દેશેં, આણ તણા છે બુણ વેશેં ॥
બહુ માનેં ઇહાં આવેં, ખંભનયરનેં સોહાવેં ॥૧૧॥
કરી સિદ્ધાચલ યાત્ર, પોખ્યાં બહુવિધ પાત્ર ॥
ઉપાશ્રય પોષધ શાલા, વિરચાવઈ દાનસાલા ॥૧૨॥
ઉદ્ધરેં દીનનેં દુખીઆ, શક્તેં કીધા તે સુખીયા ॥
નિજ ધન ઠામેં ઠામેં આપેં, તીરથ સહાયને થાપેં ॥૧૩॥
શ્રીશેત્રુંજ ગિરિનારિ, તિમ વલી ધરણવિહાર ॥
દીવબંદીરને ગંધાર, ધનના વિરચ્યે વિહાર ॥૧૪॥

જ્ઞાનના ભગ્ય ભંડાર, સમરાવ્યા વલી સાર ॥
ધર્મ બહુ કીધી એ કરણી, કીર્ત્તિ ન જાવે એ વરણી ॥૧૫॥

॥ દૂહા. ॥

સંપ્રતિ ભૂહરખી અછે, શ્રીથંભણજી પાસ ॥
રૂખભદેવનેં શ્રીશાંતિજિન, બેંઠા છે બેહું પાસ ॥૧॥
ધરણગય પદ્માવતી, તેહના દીસેં પટ્ટ ॥
શાસનના જગ્ય જગ્યણી, કરે સદા ગહ ગટ્ટ ॥૨॥
સાગવટા પાહા માંહિં, યાત્રા કરેં ભવિલોક ॥
પૂજે પ્રણમેં ભાવસ્યું, મિલી મહાજનના થોક ॥૩॥
સત્તર પંચાસી (પંચાસે?) વરસમાં, આણી અધિક પ્રમોદ ॥
જીર્ણોદ્ધાર યુગતિસ્યું, પૂજા વિવિધ વિનોદ ॥૪॥
સાગવટા પાહા થકી, ધરી મન અધિક ઉછાહ ॥
પધરાવ્યા નિજ મંદિરેં, થાપ્યા ભૂમિગૃહમાંહિ ॥૫॥

॥ ઢાલ ૭ મી. ॥

(તુમ સાથે મુજ પ્રીતિ બંધાણી તે કિમહી નવિ જાવે—એ દેશી.)

ઠામિ ઠામિ વલી એહની કરણી, ધર્મ કરણી કિમ કહીઇંજી ॥
શ્રીજિનશાસન શોભાકારી, એહવા શ્રાવક લહિઇંજી ॥૧॥
સાતેં ખેત્રેં નિજ ધન સાધી, સાધ્યા તિણિ પરલોકજી ॥
સંપ્રતિ ખંભનયર માંહિં પ્રગટે, દેખી હિંસે લોકજી ॥૨॥
પૂજે પ્રણમેં ભાવના ભાવે, ગાવે મધુરાં ગીતજી ॥
ભવિક લોક જે ઉત્તમ પ્રાંણી, રાખે એહવી રીતિજી ॥૩॥
થંભનયરમાં તીરથ બહુલાં, અવર અનેક વલી દીસેંજી ॥
શ્રીસુખસાગર ને જગવલ્લભ, નવપલ્લવ મન હિંસેજી ॥૪॥
થંભણપાસ અથહ જીરાઉલિ, મહોરપાસજી ખાસઇંજી ॥
કંસારી ભીલ્હભંજણ અમીઝર, સીમંધર (૨) સુખ વાસઇંજી ॥૫॥
દેહરાસર વલી સુંદર મંદિર, બંદિરનેં શોભાવેંજી ॥
યાત્રા કરવા ઠામિઠામિના, સંઘ મિલી મિલી આવેંજી ॥૬॥
આજ લગેં પણિ સમય પ્રમાણેં, પ્રતિષ્ટા પૂજા થાવેજી ॥
સ્યાદ્વાદમુદ્રાની રચના, ભાવતણા ગુણ ગાવેંજી ॥૭॥
જિનવર મંદિર શોભા વધતી, એ બંદિર છે વારૂજી ॥
આજ લગેં પણિ દેખી મનડું, હીંસે જગજન તારૂજી ॥૮॥

સંવત સતરપંચોત્તર વરસે ૧૭૭૫ શ્રીજ્ઞાનવિમલસૂરી ઈશજી ॥
ચોમાસી કીધી અતિસુંદર, સુખ સાતાઇ હરસેંજી ॥૯॥
તિણે એ સવિ બિંબ જુહારી, વાંછા પૂરણ કીધીજી ॥
સાહ વજીયા સૂરદાસ કહણથી, પ્રસસ્ત વાત એ લીધીજી. ॥૧૦॥
ભણજ્યો ગુણજ્યો જિન ગુણ ગાજ્યો, જિમ સમકિત હોઇ સોહિલુજી॥
મંગલમાલા તસ ઘર દીપઈ, શાસ્વત સુખ લહો વહિલાજી ॥૧૧॥

॥ અથ શ્રી ગોડી પાસજિન સ્તવન. ॥

જિણંદ ગુણ ગાઇએ, જિણંદ લય લાઇએ ॥
ધરમ લય લાઇએ, શિવસુખ પાઇએ, અવિચલ આતમરામ: જિ૦॥૧॥
એ સંસાર અસારમાં રે, સાર હેં તુજ દીદાર ॥
જિણથેં સમકિત સોહિલું, લહિએ સંસારનો પાર ॥જિ૦॥૨॥
કાચો કોટ માટીતણોરે, જમ દલલીનો ઘેર ॥
મન દુસમનકેં નીંદથેં, વલી ગાફલ મહકી દોર ॥જિ૦॥૩॥
અજહુ કછુ વિગર્યો નહીરે, ચેતન ગ્રહે સમસેર ॥
આપહિ આપ સંભાલિએ, કરી અંતર દુસમન ઠેર ॥જિ૦॥૪॥
આતમ પરમાતમ તણોરે, જિણપરિં ન હોવે ફેર ॥
સમકિત શુદ્ધ જ્યું સંપજે, કહે જ્ઞાનવિમલ વેર વેર ॥જિ૦॥૫॥

॥ રાગ કાફી. ॥

અતુલી બલ સામી ગોડી પાસજી ગાજે અતુલી૦ ॥
ત્રિભુવનમાંહિ આણ અખંડિત તેજ પ્રતાપ વિરાજે ॥અ૦॥૧॥
કેવલજ્ઞાન પ્રકાશથેં અપરિ તેજ સવિ ભાજે ॥
યકિ નામ કેસરિકેં અવાજેએ, વિઘન મતંગજ ભાજે ॥અ૦॥૨॥
મહિમંડલિ મહસૂર મહિમગુણ, ગુહિર નીસાણ ગુડાજેં ॥
વિવિધ રૂપ કરી તુંહિજ ધ્યાવે, ષટ્ દરિસણ નિજ રાજેં ॥અ૦॥૩॥
અહિનિસ દહદિસ ભવિજન આવત હ્યાવત પૂજ સમાજેં ॥
દરિસન દેખી બહુત સુખ પાવત, હોત સવેં શિરતાજેં ॥અ૦॥૪॥
પાજ અછેં ભવજલધિ તરનકું, તુજ પદ સેવ જિહાંજેં ॥
સાહિબ અમ મોહિ જ્ઞાનવિમલકું, સમકિત મોજ નિવાજે ॥અ૦॥૫॥

॥ ઇતિ શ્રી ગોડી પાસજિન સ્તવ: ॥૨૬॥

॥ અથ શ્રી આદિજિન સ્તવન. ॥

પ્રથમ જિન ગાઇએ ૨, લેઇ તાલ તાલ બાપ મૃદંગ પ્રથમ૦
ભવિક મન ભાઇએ ભવિ૦, કરિ મધુર આલાપ સુરંગ ॥ભ૦॥૧॥
જિણંદ વધાઇએ જિણંદ૦, લેઇ ભર ૨ મોતી થાલ ॥જિ૦॥
કંઠિ બનાઇએ કે કંઠિ૦, કાંઇ વિવિધ કુસુમચી માલ ॥જિ૦॥૨॥
જિણંદ લય લાઇએ જિ૦, કરી ત્રિકરેણ શુદ્ધિ નિદાન ॥જિ૦॥
નીસાણ વજાઇએ ની૦, લહી સમકિત અષય નિધાન ॥જિ૦॥૩॥
ત્રિલોક સુહાઇએ ત્રિ૦, શ્રીનાભિરાય કુલચંદ ॥જિ૦॥
પરમપદ પાઇએ ૫૦, શ્રીજ્ઞાનવિમલ સુખકંદ ॥જિ૦॥૪॥

॥ ઇતિ શ્રી આદિજિન સ્તવન. ॥૨૭॥

(નીંગારા ભલૂક જાદાવો એ દેશી.)

વારી જાઉં વિમલગિરિંદ, નેહરા તુમ્હસ્યું લગાવો ॥
મનડા તુમ્હસ્યું લાગાહો, ચોલ મજીઠો રંગ ॥
જ્યું પટમેં તાગાહો ॥વારીજા૦॥આંકણી૦॥૧॥
એ સમ અવર ન કોઇ તીરથ, આ કલિયુગમાં જોયને ॥વા૦॥
નાભિ નરેસર નંદન દીઠો, આદકરણ જે હોય ॥વા૦ ને૦॥૨॥
માનુ સુરતરૂનો કંદ હે રે, દેહરા અતિહિ ઉત્તંગ વા૦ ॥
આ દરિસણથી પાવન કરે રે, કરસ્યાંથી જિમ ગંગ ॥વા૦॥૨॥
આનંદ અધિકો ઉલસે રે, જિણ પરિ જલધિ તરંગ વા૦॥
શારદ શશિના ઉદયથીરે, વિકસે કુમુદની અંગ ॥વા૦॥૩॥
વિમલાચલ છે ક્ષેત્રમાં રે, તિણે કરી ભરત મહંત વા૦॥
પરખદમાં એમ ઉપદિસેરે, સીમંધર અરિહંત ॥વા૦॥૪॥
સિદ્ધક્ષેત્ર એ જાણીએ રે, સીધા સાધુ અનંત વા૦॥
મુદ્રા સિદ્ધિ તણી બહુ રે, થાપના શ્રી ભગવંત ॥વા૦॥૫॥
દ્રવ્ય ભાવ અરિ જીતવારે, અંગ જોય ગઢ એહ વા૦॥
જ્ઞાનવિમલ ગુણસંપદારે, ભરીઓ એહ અછેહવા૦॥ને૦॥
મહિમા ગુણનો ગેહ ॥વા૦॥૬॥

॥ ઇતિ શ્રી શત્રુંજય સ્તવન: ॥

॥ અથ શ્રી અંતરંગ ઓઢણી સ્તવ. ॥

ઓઢણિયાં આપો પ્રભુ મોહિ ઓઢણિયાં, ઇણિ ઓઢણીયે જગ મોહ્યા રે ॥
ઇણ ઓઢણીએ જગ મોહ્યારે, ઓઢણીયાં આપો પ્રભુ૦॥
ચારિત્ર ઓઢણી અંગ ન ઓઢી, ત્યાં લગે જનમમરણ મુંહી ખોહ્યારે,
॥ઓઢણી॥આંચલી॥
શિર અખંડ આણા તુમ્હ ધારું, પાઘડી પણિ ન મુંકુરે ॥
શુદ્ધ સમકિત વૈતિક શુચિનિર્મલ, તાત્ત્વિક ભાવન ચુકુંરે ॥ઓ૦॥૨॥
શુકલ ધ્યાનની અતિહિ ધવલિમા, ધર્મધ્યાન પાહલવણારે ॥
સુય નાણાદિક બહુગમ ભાતિં, સુઘટ સુવેશ આચરણા રે ॥ઓ૦॥૨॥
પ્રવચન માતાની જે દૃઢતા, તે તાણો સુદ્ધ સોહેરે ॥
ઠાણે વિનય તણા જે બહુ ગુણ, સવિ સજ્જન મન મોહ્યારે ॥ઓ૦॥૩॥
ક્રિરિયા નાટક કરતાં ઓઢઈં, સકલ સભા તોરી જઈરે ॥
વિચિ વિચિ શ્રીજિનથુતિ ભાવના, એહથી વંછિત સીઝઈંરે ॥ઓ૦॥૪॥
છિદ્ર ન કોઇ એહમાં દીસઈં, સહજિસ ભાવ સમાધઈંરે ॥
જ્ઞાનવિમલ પ્રભુની હોઇ કરૂણા, તો અવિચલ સુખ સાધઈંરે
॥ઓઢણિયાં૦॥૫॥

ઇતિ શ્રી અંતરંગ ઓઢણી સ્તવન૦ ॥

॥ અથ શ્રી પાર્શ્વનાથ સ્તવન–રાગ કેદારો. ॥

મન મોહ્યુંરે વામાજીના નાન્હડીયા,
એહ અનોપમ રૂપ મેં દેખ્યો, અવર ન નયણે પડિયા ॥મ૦॥આં૦॥૧॥
શાંતિરાગ રૂચિ અંગ અવયવઈ, પરમાણુ હરી ઘડિયા ॥
એ પરમાણું એનાઈજ લાધા, અપર ન કિહાં સાંપડીયા ॥મ૦॥૨॥
જસ પદપંકજ સકલ સુરાસુર, મધુકર પરિ રહેં અડિયા ॥
પ્રણમત મૌલિ મુકુટ તટ શોભિત, હીરા રયણું જડિયા ॥મ૦॥૩॥
તુજ આણા શિરબંધ ધરીનઈં, મોહ ભૂપસ્યું લડિયા ॥
અખય અનંત સુખ શિવઘર પામ્યા, કારક કોય ન કડિયા ॥મ૦॥૪॥
તુજ આણાવિણ ચઉગતિ ભવમાં, ફિરતી રહેં જિમ કડીયા ॥
કુશ્રદ્ધાન ગેડીગલ કૃતિસ્યું, શઠ નિજ હઠથી નડિયા ॥મ૦॥૫॥

ષટ્ દરસણુમાં દાલતિ હેતઇં, કરત ક્રિયા જિમ ફૂલિયા ॥
જ્ઞાનવિમલ પ્રભુ ચરણના સેવક, તિહિજ પ્રવચડિં ચલિયા ॥ભ૦॥૬॥

॥ ઇતિ શ્રીપાર્શ્વનાથ સ્તવન. ॥

॥ અથ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ સ્તવન–રાગ ફાગ દેશી. ॥

પરમાનંદ વિલાસ સુવાસન, શાસન ભાસન ભાણ ॥
સહજ સુકૃત સુરતરૂ ઉલ્લાસન, અભિનવ જલધર માન ॥
ચિંતામણિ સાહિબ સેવીઇં હો, અહો મેરે લલનાં ચઉદહ ભુવન
સુલતાન ॥ચિંતામણિ૦॥આંકણી૦॥૧॥

નીલકમલ સમ વાન સોહાવઇ, ભાવે સેવઇ પાય ॥
લંછન મિસિ નિતુ સેવ સારઇ, લાગિ રહ્યો અહિરાય ॥ચિં૦॥૨॥
સહજ સંતોષઇં વસંતઇં લીણ્યો, અધ્યાતમ મકરંદ ॥
પ્રસર્યો પરમલ પ્રગટ પંડુરૈં, વરિયા બહુ સજ્જન વૃંદ ॥ચિં૦॥૩॥
અણિમા લઘિમા વશિતા પ્રભુતા, મહિમાદિક અઠસિદ્ધિ ॥
ઇત્યાદિક પરિવાર વિરાજિત, બહુ વિધિ અતિશય ઋદ્ધિ ॥ચિ૦॥૪॥
નીરજ ભાવ નિર્મલ ગુણ વાધ્યો, કેવલજ્ઞાન દિણંદ ॥
ભાવવિભાવ નિશા શોષાણી પ્રગટ્યો તવ અધિક આણંદ ॥ચિં૦॥૫
કરૂણા રસકસ ઓઇ વાસત, આતમ અંગ અમંદ ॥
અપય સભાવ અનંત ગુણોદય, સરસ સહકારના વૃંદ ॥ચિં૦॥૬॥
લાલ ગુલાલ કુસુમમેં વસિયા, રસિયા ઉજ્જવલ ધ્યાન ॥
સિદ્ધ સ્વરૂપ તણો એ બાનો, નિરખંતા હોઇ ઇક તાન ॥ચિં૦॥૭॥
સાંત સુધારસ ખીર જલધિહેં, માનું જે અનુભવ કુંડ ॥
તુજ મુખ અવલોકનથી લહિઇં, અવિચલ ભાવ અખંડ॥ચિં૦॥૮॥
જો તુજ મુદ્રા ભવ થઈ ન્યારી, ભાવી જ્ઞ જિણિઠાય ॥
ભવ થઇ ન્યારો ભવિ કહો ઇતે, કહાં નહિ અચિરજ કાંઇ॥ચિં૦॥૯॥
નિર્વિકાર મનોહર એ મૂરતિ, સૂરતિ સુંદર ધન્ન ॥
અપિ અમોહી જગનેંઇ મોહઇ, અચિરજ એ મુઝ મનિ ॥ચિં૦॥૧૦॥
પૂજા પૂજય પૂજક એ ત્રિપદી, શુભ વાસન સમુદાય ॥
એક રૂપ તીભાવઇ થાવઇં, જો તુજ હોઇં સુપસાઇ ॥ચિં૦ ૧૧॥
આપઇં નિર્મલ કરણ પખાલઇં, ત્રિકરણ શુદ્ધિ દયાલ ॥
જેહ ઉપાધિ ભાવ અપહરવો, તેહ અવતરણ સુમભાલ ॥ચિં૦॥૧૨॥

વિષય કષાય દાવાનલ તાપઇ, તાપિત જે છઇ અંગ ॥
તે શીતલતા કરણ નિમિત્તઇં, લિંપઇ ચંદન રસ રંગ ॥ચિં૦॥૧૩॥
નવતિલકે નવ અશુભ નિયાણાં, છેદી હોઇ સિરદાર ॥
નવહ તત્ત્વની શાસન સૂંપી, શ્રીજિન ભક્તિથી સાર ॥ચિં૦॥૧૪॥
દશવિરતિકી અવલ કચોલી, રોલી જાઇ ઘનસાર ॥
અવલ અહિંસા ભાવ અમોદે, વાસિત ભુવન પ્રચાર ॥ચિં૦॥૧૫॥
વિવિધ કુસુમતે ગુણ સમકિતના, અષ્ટપ્રતકી વરમાલ ॥
ભૂષણ તેહ અવસ્થાભાવિત, પ્રાતિહારિજ સુવિશાલ ॥ચિં૦॥૧૬॥
અંતર ભાવ ઉદયે કઇં હોતે, દ્રવ્ય ભક્તિ ઉપચાર ॥
દ્રવ્યભાવ નહુ ભેદ ગણીજે, શિવસુખ સાધન સાર ॥ચિં૦॥૧૭॥
દર્શન જ્ઞાન ચરિત એ દીપે, જીપે અંતર ચોધ ॥
આપ અજ્ઞાન તિમિરઘનનાશન, કીજે દીપક બોધ ॥ચિં૦॥૧૮॥
ભવભ્રમણ આરતિ ઉપશામક, મંગલ દીપ સમાન ॥
ખાયક દંશણ નાણ અનોપમ, ઉજ્જવલ ધ્યાનસંધ્યાન ॥ચિં૦॥૧૯॥
સમ દેશ સર્વ વિરતનો, ભાવો એહી ભાવ ॥
દ્રવ્ય સ્નાન તે નિર્મલ બોધે, સહજ સંતોષ સભાવ ॥ચિં૦॥૨૦॥
કૂપ ખનન દૃષ્ટાંત દેખાડી, ભાવે લિંહ્યા જેહ ॥
તિણિ જિન શાસન ગંધ ન જાણ્યો, નવિ હાણ્યો ભાવ સંદેહ ॥ચિં૦॥૨૧॥

દ્રવ્ય સ્નાનથી સમકિત સૂંપૂં, નિસિહિ કર્યે દશનીમ ॥
થઇ શુદ્ધ રૂપાતીત ભણંતઇ, સર્વવિરતિ તણી સીમ ॥ચિં૦॥૨૨॥
ઇમ પ્રભુ ભક્તિ વિલાસ વસંતે, ખેલે સુગુણનિધાન ॥
શ્રી જિન શાસનમાં પુરુષોત્તમ, લેહે મુક્તિ નિદાન ॥ચિં૦॥૨૩॥

॥ રાગ ધન્યાસરી. ॥

ઇમ કીજએરે જિનભક્તિ નિરંતર કીજએ ॥
પ્રભુ તુમ ધ્યાન સુધારસ જલધરિ તનમન બહુપરિભીજેરે ॥
જિનભક્તિ નિરંતર કીજે ॥આંચલી॥

સુકૃત સુબોધ સુવાસન પામી, માનવભવફલ લીજે ॥
ધ્યાનાધ્યાન એકતાન કરીને, હરિમહ હરિં કીજેરે ॥જિ૦॥૨૪॥
અક્ષય અનોપમ ને અવિનાશી, અરિહંત ધ્યાન ધરીજે ॥

સહજ સ્વભાવ સરસ ચંદન રસ, ઘટિ ઘટિ અહિનિસિ પીજઇરે ॥
॥જિનભક્તિ૦ ॥૨૫॥

વામાનંદન દુરિત નિકંદન, તૂં જગજન તારીજે ॥
જ્ઞાનવિમલસૂરિ પાસ ચિંતામણિ, અધિક ઉદય હુવે કીજે રે
॥જિનભક્તિ નિરંતર કીજે ॥૨૬॥

॥ ઇતિ શ્રીચિંતામણિ પાર્શ્વનાથ સ્તવન. ॥

॥ શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન–રાગ કેદારો. ॥

તૂં જય જનમનવંછિત દાયક, નાયક ત્રિભુવનમાંહિ ॥
સાધક કામ તણા તું ભીંજઇ, અભિનવિ સુરતરૂ છાંહિ ॥૧॥
સંખેશ્વર સાહિબ પ્રણમીઇ હો,
તૂં જય સજ્જન જનમનરંજણ, ખંજણ નયન વિશાલ ॥
ગંજણ મોહ મહીપતિ દુર્ધર સજ્જન પરમ કૃપાલ ॥સં૦॥૨॥
તૂં જસવામાદેવીનંદન, ચંદન શીતલ વાણિ ॥
વંદન રાણો કરઇ વુ(તુ !)જ, કમલ કોમલ સમપાણિ ॥સં૦॥૩॥
નંદનવનસમ દેહ વિરાજે, ગાજઇ લંછન નાગ ॥
હેજઇ ખેાય વસંતસુ રાગી, ધણિ વિધિં ખેલત ફાગ ॥સં૦॥૪॥
ઉપશમ રસ વૃંદાવનમાંહિ, છાંહિ સંયમતરૂ વેલિ ॥
લલિતલબધિલલના સંઘાતિં, અહિનિસિ કરઇ પ્રભુ કેલિ ॥સં૦॥૫॥
કેવલજ્ઞાન પરિમલ પ્રગટીયેા, દહદિસઇં મૂકઇ વાસ ॥
સુરવર નરવર ભવિજન ભમરા, આવંતિ પાસિ ઉલ્લાસિ ॥સં૦॥૬॥
શ્રુતમુરજી મનપર્યવમાદય, શુકલ ધ્યાન લય તાલ ॥
ભંભાભાવન ખેાધિબલેરી, વાજત સત્યકસાલ ॥સં૦॥૭॥
સરસ સઘન કરૂણા કસ ખેાઇ, ચરચિત પ્રભુની કાય ॥
પ્રભુતા અષ્ટસુવેશ બનાયા, શીતલ શીલ સુવાય ॥સં૦॥૮॥
સબલ સંતાપ કુલેલ સેાહાવત, ફાવત દરશન નીર ॥
છાંટઇ સવિ ભવિજનતા કેરા, કોમલ સરસ સનીર ॥સં૦॥૯॥
સુમતિ ગુપતિ પરિવાર સંઘાતિં, ધણિ પરિ ખેલત ફાગ ॥
શ્રી અશ્વસેન કુલ કૈરવ રવિસમ, જય જય તું વીતરાગ ॥સં૦॥૧૦॥
ગાદયેા મોહ હિમાલય ટાદયેા, માનાતિગ અજ્ઞાન ॥
લધુ ભઇમાયા રયણી રમંતઇં, પ્રગટયેા અધ્યાતમકેા વાંન ॥સં૦॥૧૧॥

સમકિતદાન દિઇ જનતાનઇં, જિનજી મોહ મહિરાણ ॥
આપઇ વંછિત દાન સવાઇ, પ્રગટ પાસ સુલતાન ॥સં૦॥૧૨॥
ધીરવિમલ કવિરાજ સુસેવક, કહે નયવિમલ મુણિંદ ॥
પાસ નામ સુપસાઇ લહિયે, દિન દિન અધિક આણંદ ॥સં૦॥૧૩॥

॥ ઇતિ શ્રી સંખેસર પાર્શ્વસ્તવનઃ ॥

॥ શ્રી આદીશ્વર સ્તવન–રાગ કેદારો. ॥

જય જય તૂં આદિ જિણંદાજી સાહિબ સોભાગી,
જય મરૂદેવના નંદાજી, જિનવર વયરાગી ॥
તુજ દરિસણની બલિહારીજી, સાહિબ સોભાગી,
તુજ મુખરે ચંદઉઆરીજી જિનવર વયરાગી ॥૧॥
તું કેવલ કમલાવરીએજી સા૦, તું સવિગુણિ ગણનો દરિએજી॥જિ૦॥
તું સાહિબ મેં શિર ધરીએજી સાહિબ૦, તુજ દરિસનિં હુ પ્રભુ
તરિએજી ॥જિ૦॥૨॥
મસ્તક મુકુટિ વિરાજઇંજી સાહિબ૦, તેજે દુરિત તિમિર સવિ ભાજેંજી.
॥જિ૦॥
દાઇ કાનેં કુંડલ દીપેજી સાહિબ૦, સસિ સૂરજ મંડલ જપઇંજી
॥જિન૦॥૩॥
લાલ અધરજઇં મિલિયાજી સા૦, માનું દંત દાડિમની કલિયાંજી ॥જિ૦॥
અણિયાલી અતિ આંખડીયાંજી સા૦, માનું અલિયુતકમલ પાંખ-
ડીયાજી ॥જિ૦॥૪॥
તોરી સામલ ભમ્મરાલાજી સા૦, જાણે કનક કમલિં અલિમાલાજી
॥જિ૦॥
દાઇં ગાલ આરીસા સોહેંજી સા૦, નાસાવંશ સુવંશ આરોહેંજી
॥જિ૦॥૫॥
કંઠ કંબુજ સમ મનોહારીજી સા૦, જસવાણી સુધાથી સારીજી ॥જિ૦
દાઇ ખંધ ઉન્નત સુવિશાલાજી સા૦, માનું વૃષભ કકુદ અણિયાલાજી
॥જિ૦॥૬॥
જાનું લગે જસ બાહાજી સા૦, જસવણિ કરે ઘણું ડાહાજી ॥જિ૦॥
કોમલ જસ આંગુલિયાજી સા૦, તેં જોતાંનિ તુરંગ રહિયાંજી ॥જિ૦॥૭॥

જસ ઉન્નત નખ તે જલાજી સા૦, માનું ઉગતસૂરિજમાલાજી ॥જિ૦॥
જિનરૂપતણો વિસ્તારજી સા૦, કહો કુણ કહીં પામે પારજી ॥જિ૦॥૮॥
તૂં નાભિનરેસરકીકોજી સા૦, તું દેવ સવેંસિર ટીકોજી ॥જિ૦॥
તુજ મુખ મુજ લાગત નીકોજી સા૦, હરિહર મુખ લાગત ફીકોજી
॥જિ૦॥૯॥
મુજ નેક નિજરિ નિહાલોજી સા૦, મુજ પાપતિમિરપરાં ટાલોજી ॥જિ૦॥
મુજ સાહિબ તૂં મુગુણાલો સા૦, હું સેવક હું રઢીયાલોજી ॥જિ૦॥૧૦॥
તુજ સેવા મેવો દીજેજી સા૦, નિજ બાલ મનાવી લીજે જી ॥જિ૦॥
જઇ નિગુણો તોહિ નિરવહિઇજી સા૦, ઇમ સેવકેં સાહિબ કહિય-
ઇજી ॥જિ૦॥૧૧॥
તું કલ્પતરૂ જગિદીસેજી સા૦, જસ મન નહી રાગ ન રિસજી ॥જિ૦॥
ઇમ વીનવિઓ જગદિસેંજી સા૦, કવિ ધિરવિમલનઇં સીસઇજી
જિનવર વયરાગી ॥૧૨॥

॥ ઇતિ શ્રી આદીસર સ્તવન ॥

॥ શ્રી શાંતિનાથ સ્તવન. ॥

(સાંભલિ સહીયર વાતડી એ દેશી.)

આજ અનોપમ પુણ્ય અમ્હારેં, શ્રીજિનવરને દીઠાજી ॥
જૈસિગ સાહતણે દેહરાસરિ, માનું અમીરસ વુઠાજી ॥આ૦॥૧॥
સામલ પાસ પ્રમુખ પ્રતિમાને, આંગી અજબ વિરાજે જો ॥
ઝગમગ જ્યોતિ ઝલામલિ ઝબકેં, જાણે સિદ્ધિ સમાજ જો ॥આ૦॥૨॥
સોલ કસાય જીતવા હેતિં, સોલસ બિંબે આંગીજે ॥
સોલ અધ્યયન પ્રથમ સુઅસ્કંધઈં, ઊજમણું બીય અંગે જો
॥આ૦॥૩॥
સોલતણું પચ્ચખાણ આરાધન, સોલકલા જિમ ચંદાજે ॥
તિણપરિં તેહથી અધિક સોહાવેં, નયણાનંદ જિણંદાજો ॥આ૦॥૪॥
ચોગઠ સોભા નિરખી ભાવો, સમવસરણની રચના જો ॥
વિવિધ ઉપસ્કર પૂજા પરિકર, ભક્ત ભિવે તે સુમનાજો ॥આ૦॥૫॥
મુનિવર વૃંદ જે આગલ બેઠા, તે પરખદ અનુભાવેં જો ॥
કુસુમવૃષ્ટિને ઘર દેખીને, અનુભવ જ્યોતિ જગાવે જો॥ આ૦॥૬॥

ગીત નૃત્યા વાજિંત્ર સુણેજે, સૂરિયાભ સમ જાણીજો;
સુરગતિથી આવ્યા ને જાવે, તેહની એ સહિ નાણી જો. ॥આજ૦॥૭॥
પિંડસ્થાને પદસ્થાવસ્થા, રૂપાતીત સ્વરૂપે જો;
ત્રિવિધિઅવસ્થા ત્રિકરણશુદ્ધિ, ભાવે અખય અરૂપીજો. ॥આજ૦॥૮॥
અનુભવ ખીર જલધિમાંહિ ઝીલ્યા, રાજહંસ ભવિપ્રાણીજો;
વિષય કષાય તાપસવિસોસ્યા, પ્રગટી ગુણની ખાંણીજો.॥આજ૦॥૯॥
જયજય શ્રી જિનશાંશન, જેહની એવી શોભાજો:
બોધિ બીજને શુદ્ધ સુવાસન, જેહથી હોઈ થિર થોભાજો॥આજ૦ ॥૧૦॥
અમર અનેક બિંબ તિહાં નિરખી, નરભવ સફલો કીધોજી;
તનમન ધન સુકૃતારથ કરિ તે, લાહો તિહાં બહુ લીધોજો
.॥ આજ૦ ॥૧૧॥
શિવસુંદરિ વરવાનિંહેતિં, કુસુમ માલ ગ્રહે ઠાવેજો;
જ્ઞાનવિમલ સમકિત પરિણામે, જ્યોતિસુ જ્યોતિ મિલાવેજો.
॥ આજ૦ ॥ ૧૨॥

ઇતિશ્રી બોડશ તિર્થંકર સ્તવન.

અથ શ્રી સાધારણ જિન સ્તવન.

(અગર ચંદનના કુતકારે અજમેર કી ભાંગિ,
અનૂપાં બેડી ઝૂંઠતી, જનુંયા કરે સલામ, ગોરી દિલ બશ ગયા
જનુંયા દિલ૦ ॥ એ દેશી.)

મેરે દિલ વસીયા સાહિબારે, મેં હું તુમ પદ રસિયા;
મેરા પાપ ગયા સવિ નસીયા, મેરે દિલ૦ ॥ એ આંકણી ॥ ૧ ॥
ભાવ ભક્તિકા ઓરડારે, સમકિત ગુણ બહુ ભાતિ;
ચેતના ચિંતા ચૂપસ્યું, ત્રિકરણ કરતી પ્રણતિ ॥ મેરે૦ ॥ ૨ ॥
અગર ચંદન કરૂં ભાવનારે, ધ્યાના નલ કિય તેજ;
શુભ ઉદય પીઠી કરે, વધતે આતમ હે જિ—॥ મેરે૦ ॥ ૩ ॥
સહજ સમાધિ સિંહાસનેરે, આણા પરિમલ વાસ:

ચૂનિ કલીયાં કુસુમચ્યી, માલા તુમ્હ ગુણ રા ॥ મેરે૦ ॥ ૪ ॥
જ્ઞાનવિમલ પ્રભુ પરગડારે, તિહાં બેસેં શુભ ઠામિ:
અનુદિન હોયો વંદનારે, લીણું મન ગુણ ધામ ॥મેરે૦ ॥ ૫ ॥

ઇતિશ્રી સાધારણ જિન સ્તવનમ્ ॥ ૨

અથ શ્રી 'જિન ગીત.'

આયવસેં મનમાંહી પ્રભુજી આય૦ ન જાણું કબ ભવ તારોગે,
સેવકને ગ્રહી બાંહિ. ॥પ્રભુજી આ૦ ॥ ૧ ॥

થાપર ભાવ દાવ મીટયો અબ, ધૂમ કષાય ન જાહિં;
જબ તુમ દરિસણ દરશન સુરતરૂ, પાએ શીતલ છાંહિ ॥પ્રભુજી૦॥
॥ ૨ ॥

તવપર આશ પિપાસાકે, જર, સોતો પ્રગટ તનાહિં;
જ્ઞાનવિમલ પ્રભુ પ્રીતિ પ્રમોદશું, એકરશિક હોઇ જાહિ ॥પ્રભુજી૦॥
॥ ૩ ॥

॥ ઇતિશ્રી જિન ગીત. ॥

અથશ્રી સિદ્ધચક્ર સ્તવન.

શ્રી સિદ્ધચક્ર આરાધીયેરે લો, સહજે શિવસુખ સાધીયેરે લો;
ધ્યાઇયે નવપદ ધ્યાનનેરે લો, કરિ ત્રિકરણ શુદ્ધિ માંનનેરે લો. ॥૧॥
રખે હૃદયથી વિસરેરે લો, ખિણમાં સોવાર સાંભરેરે લો૦॥
એ સમ અવર નકો નહીરે લોલ, એહ પ્રતીત અછે સહીરે લો૦॥૨॥
અરિહંત સિદ્ધસૂરિસરારે લોલ, વાચક વારૂ મુનિવરારે લોલ;
દર્શન જ્ઞાન ચરણ તપેરે લોલ, એહથી કર્મ સવિષવઇરે લો૦॥૩॥
એહીજ ભવિનો પાર છેરે લોલ, માહરેં એહ આધાર છે રે લોલ:
ઘણું રસ્યું ભાષીયેરે લોલ, અહિ નિસ ચિતમાં રાખીયેરે લો૦॥૪॥
જ્ઞાનવિમળ સુખ આપીયેરે લોલ, ભવ દુઃખ સઘળાં કાપીયેરે લોલ;

એ સંયોગ સદા મિલેરે લોલ, તો મનવંછિત સવિ ફલેરે લોગાપા

ઇતિશ્રી સિદ્ધચક્ર સ્તવન.

અથશ્રી 'જિન ગીત'

રાગ કલ્યાણ.

એસો સદાગમ ખીર જલધિહું, અરિહંતકો ભગવંતકો;
નયગમ ભંગ પ્રમાણ સુશોભિત, અરથ અપાર અગમ જલકો.
॥ એસો૦ ॥ ૧ ॥

બોધ અગાધ સુપદવર પદવી, કરૂણા લહિર તણો લલકો;
નિશ્ચયને વ્યવહાર વિરાજિત, કામિત શિવપદકો છલકો. ॥એસો૦॥૨॥

વિબુધ અનેકસુ સેવિત જસતટ, રાજહંસ સમગણધરકો,
જ્ઞાન વિમલ ગુણવર રયણાયર, ફેલત આતમ અંતરકો.॥એસો૦॥૩॥

ઇતિ જિનગીતં. ॥

અથશ્રી સાધારણ જિન સ્તવન.

સાઇમોરા વીનત. ॥

ગાઓ ગાઓરે જિણંદ ગીત મુનિ જ્ઞાન ગમેરે;
જે દાઢાના દીઠડા, પારગ ચિત્તમાં રમેરે ચિ. ॥ગાઓરે૦ ॥ ૧ ॥
સીસ મુગટ સોહામણોરે, જો હોં શોભા છાજૂરે;
ઝલકે હીરા ઓલિતેહો, ભૂષણ સાજૂરે ભૂ. ॥ગાઓરે૦ ॥ ૨ ॥
જે નિરમલ તિલક સોહે લોક તે ભાસેરે, ગાઓ;
મુગટા ધારે કાંગરી, તે અલોક થાસેંરે. ॥ ગાઓરે૦ ॥ ૩ ॥
નિશ્ચય વ્યવહાર દોય, કુંડલ જાણોરે;
શક્તિ અંગ વ્યક્તિ હાર તાર આણોરે. ॥ ગાઓરે૦ ॥ ૪ ॥
ચક્ષુ યુગલ ભાવ સિદ્ધ રૂપ ચાહુંરે,

આપપર એક ભાવ દિલ આરાહુરે. ॥ ગાએારે૦ ॥ ૫ ॥
દેહ દેવ ભાવ જ્ઞાન વિમલ કહી એરે;
દ્રવ્ય ભૂષણ ભાવભૂષણ તે લહીએરે. ॥ ગાએારે૦॥ ૬ ॥

ઇતિશ્રી સાધારણ જિનસ્તવ.

અથશ્રી ચતુર્વિંશતિ જિનસ્તવનાની

અથશ્રી આદિ જિનસ્તવનં.

'મહાવિદેહ ક્ષેત્ર સુહામણું' એ દેશી

પ્રથમ જિનેસર વંદિએ, સારથ પતિ ધન નામ લાલરે;
પૂર્વ વિદેહે સાધુને, દીધાં ઘૃતનાં દાન લાલરે. ॥પ્રથમ૦ ॥ ૧ ॥
યુગલ સુધર્મે સુર થયા, મહાબલ ભૂપ વિદેહ લાલરે;
લલિતાંગ સુર ઇશાનમાં, સ્વયં પ્રભાસું નેહ લાલરે. ॥પ્રથમ૦ ॥૨॥
વજ્ર જંઘરાય વિદેહમાં, યુગલિ સોહમિ દેવ લાલરે;
કેશવ વૈદ્ય વિદેહમાં, ચાર મિત્ર મુનિ સેવ લાલરે. ॥પ્રથમ૦ ॥૩॥
અચ્યુત અમર વિદેહમાં, વજ્ર નાભ ચક્ર ધાર લાલરે;
છ જણ સાથિં સંજમિં, બાંધે જિનપદ સાર લાલરે. ॥પ્રથમ. ॥ ૪ ॥
સર્વારથમાં ઉપના, તિહાંથી ઋષભ અવતાર લાલરે;
ઇક્ષ્વાગ ભૂમિ સોહામણી, આદિ ધરમ કહિનાર લાલરે. ॥પ્રમથ ॥૫॥
કુલગર નાભિ નરિંદનો, મરૂદેવીનાં નંદ લાલરે;
વૃષભ લંછન કંચન વને, સેવે સુર નર ઇંદ લાલરે. ॥પ્રથમ. ॥૬॥
ગૃહવાસે પણ જેહને, કલ્પ દ્રુમ ફલ ભોગ લાલરે;
જાણી ખીર સમુદ્રનું, પૂરે સુરવર લોગ લાલરે. ॥પ્રથમ. ॥ ૭ ॥
યુગલાં ધર્મ નિવારણો, તારણો ભવિજલ રાશિ લાલરે;
જ્ઞાન વિમલ સૂરિંદની, પુરો વંછિત આશ લાલરે. ॥પ્રથમ ॥ ૮ ॥

"ઇતિ ઋષભ નાથ ગીત"

અથશ્રી અજિત નાથ સ્તવન.

(નિંદરડી વેરણ હોઇ રહી) એ દેશી,

અજિત જિણેસર જયકરૂં, જગ દીઠે હો હોઇ હરખ અપારકે,
સાર છે એ સંસારમાં, જગજીવન હો પ્રભુ જગ આધારકે.॥
અજિત૦ ॥૧॥

જંબુ દ્વીપ વિદેહમાં વત્સાભિધ હો વિજ્યા સુખકારકે,
વિમલ વાહન નૃપ તિહાં થયા, સુસીમા પુરિ હો મહિમા વિસ્તારકે.
અજિત૦ ॥ ૨ ॥

વ્રત લેઇ અરવિંદ ગુરૂ કનહે, આરાધે હો થાનક પદ સારતો,
વિજય વિમાને ઉપના, આયુ તેત્રીસ હો સાગર સુખકારકે. ॥
અજિત૦ ॥ ૩ ॥

ત્રીજે ભવિ અયોધ્યાપુરે, બીજા જિનહો શ્રી અજિત જિણંદકે,
જિત શત્રુ નૃપાંગજ કુલ તિલો, ગજલંછન હો વિજયાનો નંદ તો.
અજિત૦ ॥ ૪ ॥

વંશ ઇક્ષ્વાકુ સોહાકરૂ, સમતા રસ હો કેરો શૃંગાર તો,
જ્ઞાનવિમલ સૂરીંદને, એ સાહિબ હો શિવ સુખદાતારતો ॥અજિત ॥૫॥

ઇતિ અજિત જિનેસર સ્તવન.

અથશ્રી સંભવનાથ સ્તવન.

(શ્રેણિક મન અચરિજ થયું એ દેશી)

સંભવ સાહિબ સેવીએ, જિમ લઇએ ભવ પારોરે,
સમકિત શુદ્ધ સુવાસના, દોષ દાસ સુધારોરે ॥સંભવ૦ ॥૧॥
ઘાતકી ખંડે જાણીએ, ખેત્ર ઐરવત ઠામેરે,
ખેમા પુરીનો રાજીઓ, વિપુલ વાહન ધતિ નામેરે. ॥સંભવ૦ ॥ ૨ ॥
વિમલનંદ ગુરૂથી ગ્રહે, શુદ્ધ સંયમ મનહે જારે,
સુર ગ્રેવેયકે સાતમે, ત્રીજે ભવિ જિન ત્રીજારે. ॥સંભવ૦ ॥૩॥
ભૂપ જિતારી જાત છે, સેના માત મલ્હારોરે,
તુરગ લંછન કંચન વનિ, સાવત્થી અવતારોરે. ॥સંભવ૦ ॥૪॥

સામી વત્સલ પુર્વ પુન્યથી, જન્મે શુદ્ધ સુગાલારે,
જ્ઞાન વિમલ સુખ સંપદા, પસરી મંગલમાલારે. ॥સંભવ૦ ॥૫॥

ઇતિ શ્રી સંભવ સ્તવનમ્

અથશ્રી અભિનંદન સ્વામિ સ્તવન.

(દીઠી હો દીઠી સૂરતિ દેવ એ દેશી)

આણી હોકે આણી મનનો ભાવ, વંદો હોકે વંદો અભિનંદન જિતાજી:
ચોથા હોકે ચોથો વર્ગ પ્રધાન, સાધ્યો હોકે સાધ્યો જિણે શુભમ
નાજી ॥૧॥
પહિલે હોકે પહિલે પૂર્વવિદેહ, વિજયા હોકે વિજયા મંગલા વતી
જાણીયેજી; નયરી હોકે નયરી રેણુપુરી નામી, સુરપુરી હોકે
સુરપુરી સમ વખાણીયેજી ॥ ૨ ॥
મહાબલ હોકે મહાબલ નામે ભૂપ, દીપે હોકે જિપે અરિબલ તેજસ્યું
વેલે હોકે લેખે વિમલ સૂરિ પાસિ, સેવે હોકે સેવે સંયમ હે
જસ્યું જી. ॥ ૩ ॥
પામ્યા હોકે પામ્યા વિજય વિમાન, તિહાંથી હોકે તિહાંથી અભિ-
નંદન થયાજી:
નયરી હોકે નયરી વનિતા નામિ, રાજા હોકે રાજાસંવર સુત થયાજી.
॥ ૪ ॥
માતા હોકે માતા સિદ્ધારથ જાણિ, લંછન હોકે લંછન વાનર થિરપણેજી
વંદન હોકે વંદન શ્રી જિન પાય, હોયો હોકે હોયો જ્ઞાન વિમલ
ભણેજી ॥ ૫ ॥

"ઇતિશ્રી અભિનંદન સ્તવનમ્"

અથશ્રી સુમતી નાથ સ્તવન.

ઝાંઝરીયાની દેશી.

જંબુ દ્વીપ વિદેહમાંજી, પૂર્વ દિસે અભિરામ,
પુષ્કલાવઇ વિજયા તિહાંજી, પુંડરીકિણી સુભ ઠામ ॥ ૧ ॥

સુખદાઇ સાહિબ સેવો સુમતિ જિણંદ, વિજયસેન નૃપ તેહનોજી;
રાણિ સુદર્શના નામ, પુરૂષસિંહ સુત તેહનોજી, સકળ કળા ગુણ ધામ.
॥સુખદાઇ૦ ॥ ૨ ॥

સંયમ લેઇ શુભ ભાવસ્યુંજી, વિનયનંદન ગુરૂપાસેં,
તીર્થંયર પદ સાધિયુંજી, બીજે અનુત્તરિ વાસેં ॥સુખદાઇ ॥ ૩ ॥
તિહાંથી કોસલા નયરમાંજી, મેઘ નૃપતિ કુલચંદ,
મંગલા માતા જેહનીજી, ક્રૌંચ લંછન સુખકંદ ॥સુખદાઇ॥ ॥૪ ॥
ગર્ભ છતે માતા લહેજી, સુમતિ સુમતિ કૃતિનામ,
જ્ઞાન વિમલથી પામીએજી, સુમતિ સદા સુખ ઠામ ॥સુખદાઇ ॥ ૫॥

ઇતિશ્રી સુમતિ જિન સ્તવનમ્ ॥

અથશ્રી પદ્મ પ્રભુ સ્તવન.

(પદ્મ પ્રભુ જિન દ્વરિ વસ્યા એ દેશી)

ધાતકી ખંડે પૂર્વ વિદેહમાંજી, વચ્છ વિજય સુખકારજી,
નયરી સુસીમા અપરાજિત નૃપ, ઋદ્ધિ સમૂલ વિસ્તારજી ॥ ૧॥
છઠો જિનવર મારે ઇંમનાવસ્યો, ॥ એ આંકણી ॥
પહિતા શ્રવ સૂરીશ કને ગ્રહે, સૂધો સંયમ ભારજી,
થાનક આરાધિપદ બાંધીઓ, ગ્રૈવેયક અવતારજી ॥છઠો ॥ ૨ ॥
કોસંબી નયરી ઘર ભૂપતિ, ભૂમાત સૂસીમા જાસજી,
રક્ત કમલ સમવાને ઓપમા, પદ્મ પ્રભુ ગુણવાસજી ॥ ૩ ॥
પદ્મ લંછન પ્રભુ છદ્મન જેહને, સદ્મ સકલ ગુણ રાશિજી,
છદ્મસ્થે સેવિત પદ યુગ સદા, પ્રસર્યો જગ જસ વાદજી ॥છઠો ॥૪॥
અંગે સોહે લક્ષણ અતિ ઘણાં, કહતાં નાવિ પારજી,
જ્ઞાન વિમલ ગુણથી જાણીએ,મહિમા:અગમિ અપારજી ॥છઠો ॥૫॥

ઇતિ પદ્મ પ્રભુ જિન સ્તવનમ્

અથશ્રી સુપાર્શ્વ જિન સ્તવનમ.

('લા છવો દે માત મલ્હાર' એ દેશી)

ધાતકી ખંડ મઝારિ પૂર્વ વિદેહે સાર આજ હો,

વિજ્યારે રમણીયા ખેમપુરી તિહાંજી. ॥ ૧ ॥
નંદીષેણ નૃપ નામ, સંયમ લેઇ અભિરામ,
આજ હો નામે રે, અરિમર્દન આચારિજ કનહેજી ॥ ૨ ॥
થાનક તપે ઉદાર, જિનપદ બાંધે સાર,
આજ હો છઠે રે ગ્રેવેયકે સુર થયાજી ॥ ૩ ॥
નયરી વાણારસી માંહિ, સુપ્રતિષ્ટ નૃપતાહિ,
આજહો માતારે જસ લંછન સાથીઓજી. ॥ ૪ ॥
સત્તમ દેવ સુપાસ, જ્ઞાન વિમલ ગુણવાસ,
આજ હો ગોપેરે અવનિતલએ જિનરાજિઓજી ॥ ૫ ॥

ઇતિશ્રી સુપાર્શ્વ જિન સ્તવનમ.

અથશ્રી ચંદ્ર પ્રાભ જિન સ્તવનમ.

(લલનાની દેશી)

ધાતકી ખંડ જાણીએ, પૂર્વ વિદેહે જાણી લલના,
વિજ્યા તિહાં મંગલાવતી, પુરી રયણા વઇનામ લલના,
શ્રીચંદ્ર પ્રભ સાહિબા ।।એ આંકણી।। ॥ ૧ ॥
પદ્મ નામ રાજા ભલો, સંયમ લે શુભ કામ,
યુગંધર સૂરિ કનહે, જિન પદ બાંધે નામ લલના. ।।શ્રી ચંદ્ર. ।।૨।।
વૈજ્યંતિ નામે સુર થયા, તિહાંથી ચંદ્ર પ્રભ થાય લલના,
નયરી જસ ચંદ્રાનના, મહસેન લક્ષમણા માય લલના. ।।શ્રીચંદ્ર.।।૩।।
સસિ લંછન શશિકર સમો, જાસ શરીરનો વાન લલના,
વંશ ઇક્ષ્વાગ સોહાકરૂં, સુંદર ગુણ મણિધામ લલના. ।।શ્રી ચંદ્ર. ।।૪।।
આઠમો જિનવર જાણીએ, આઠ કર્મ કરી દૂર લલના,
આઠ મહા સિદ્ધિ નામથી, જ્ઞાન વિમલનું નૂર લલનાં. શ્રી ચંદ્ર ॥ ૫ ॥

ઇતિ શ્રી ચંદ્ર પ્રભ ગીતમ.

અથશ્રી સુવિધિજિન સ્તવન.

(સુણો મેરીસજની એ દેશી)

પુષ્કર દ્વીપે પૂર્વ વિદેહેરે, પુષ્કલ વિજયા ઋદ્ધિ અ છેહરે
નયરી પુંડરીકિણી કેરો ભૂપરે, પદ્મોત્તર નામે અતિ રૂપરે ॥ ૧ ॥
જગનંદન પાસેં ગુરૂ દીક્ષારે, લેઇ સાધે બહુ વિધ દીક્ષારે,
જનપદ બાંધે થાનક આરાધેરે, આનતકલ્પે સુરસુખ સાંધેરે. ॥ ૨ ॥
કાકંદી નગરીનો રાયરે, સુગ્રીવ ભૂપતિ રામા માયરે,
ઉજ્વલ વરણી અનોપમ કાયરે, સુવિધિ થયાથી સુવિધિ કહાયરે. ॥૩॥
પુષ્પ દંત તસ બીજું નામરે, લંછન મકર રહ્યો શુભ ઠામરે,
નવમો જિનવર નવનિધ આપેરે, સમકિત શુદ્ધ સુવાસન થાપેરે. ॥૪॥
અશુભ નિયાણાં નવનવિ આવેરે, જો તુમ શાસન મનમાં ધ્યાવેરે,
જ્ઞાન વિમલ ગુણ દિન દિન દીપેરે, દુરિત ઉપદ્રવ દુશ્મન ઝીપેરે. ॥૫॥

અથશ્રી શીતલનાથ જિન સ્તવન.

(અલિ અલિ કહેં કહિ આવેગો એ દેશી.)

પુષ્કર પૂર્વ વિદેહમાં, વચ્છાભિધ વિજયા સાર હો;
નયરી સુસીમાનો ધણી, પદ્મોત્તર નૃપ જયકાર હો. ॥ ૧ ॥
શીતલ જિનવર સેવીયે, ॥ એ આંકણી.
રાજ્ય તજી સંયમ ગ્રહેં, અસ્નાદ્ય મુનિસર પાસે હો;
થાનિકપદ આરાધીયાં; તિહાં જિનપદ બાંધે ખાસ હો. ॥શીતળા॥
અચ્યુત કલ્પે સુર થયા, તિહાં બાવીશ સાગરનું આય હો;
ભદ્દિલપુરિ નયરી ભલિ, દૃઢરથ નૃપ નંદામાય હો. ॥શીતળા॥
શ્રીવચ્છ લંછન સોહતો, ભલિ કંચન વરણી કાય હો;
દાવજ્વર ઉપશમ થકી, જસ શીતલ નામ સોહાય હો. શીતળા
દશમો જિનવર સેવતાં, વાધે દશવિધ મુનિ ધર્મ હો;
જ્ઞાન વિમલ શુભ ભાવથી, પામી જે અવિચળ શર્મ[1] હો.॥શીત.॥૫॥

---

[1] હર્ષ

અથ શ્રી શ્રેયાંસ જિન સ્તવન.

(કર્મ ન છુટેરે પ્રાણીયા એ દેશી.)

પુષ્કર પૂર્વ વિદેહમાં, કચ્છા વિજયનું ઠામ;
ખેમા નામે નયરી અછે, નલિનગુલન નૃપ નામ. ॥ ૧ ॥
શ્રી શ્રેયાંસ જિણેસરૂ. ॥ એ આંકણી.
રાજ રમણી ઋદ્ધિ છોડીને, લેવે સંયમ ભાર;
વજ્રદત્ત મુનિવર હાથથી, બાંધે જિનપદ સાર. ॥શ્રી શ્રેયાંસ૦ ॥૨॥
પુષ્કોત્તર સુવિમાનમાં, પ્રાણિતિ સુરવર થાય,
વિષ્ણુ નૃપતિ કુલચંદલો, વિષ્ણુ રાણિરે માય. ॥શ્રી શ્રેયાંસ૦ ॥ ૩ ॥
અતિશય શ્રેષ્યપણા થકી, દીધું નામ શ્રેયાંસ;
ખડગી લંછન દીપતું, સીહપુરી અવતંસ ॥ શ્રી શ્રેયાંસ૦ ॥ ૪ ॥
જિનવર એહ ઇગ્યારમો, ભાખે અંગ ઇગ્યાર;
જ્ઞાનવિમલ પ્રભુ સેવતાં, લહીએ ભવ તણો પાર. ॥શ્રી શ્રેયાંસ૦॥૫॥

અથ શ્રી વાસુપુજ્ય જિન સ્તવન.

(એક દિન દાસી દોડતી એ દેશી.)

પુષ્કર પૂર્વ વિદેહમાં, વિજયા પુષ્કલાવતિ નામરે;
રત્ન સંચયપુરી દીપતિ, અલકા ઉપમાનિરે. ॥ ૧ ॥
શ્રી વાસુપુજ્ય જિન વંદિએ, ॥ એ આંકણી.
નૃપતિ પદ્મોત્તર ગુણ નિલો, લેઇ સંયમ ભારરે;
શ્રી વજ્રનાભિ મુનિવર કને, બાંધ્યો જિનપદ સારરે. ॥શ્રીવા૦॥૨॥
સાતમે કલ્પે સુર થયા, તિહાં થકી ઇહાં અવતારરે;
ચંપા નયરી વસુપૂજ્ય નૃપ, તાત જયાદેવી મલ્હારરે, ॥ શ્રીવા૦॥૩॥
અરૂણ દિનકર[1] સમ દેહરે, વાંન છે મહિષનો[2] અંકરે[3];
બારમો જિનવર જાણીએ, વંશ ઇક્ષ્વાકુ નિકલંકરે. ॥શ્રીવાસુ૦॥ ૪ ॥
સાર છે એહ સંસારમાં, કીજીએ એહની સેવરે;
ભાવસુ ભવિકને હિત કરે, જ્ઞાનવિમલ નીતુમેવરે. ॥શ્રીવાસુ૦॥૫॥

---

[1] સૂર્ય [2] પાડા [3] લંછન

અથશ્રી વિમળનાથ જિન સ્તવન.

(સેવો સાહિબ સિમંધર એ દેશી.)

ધાતકી ખંડ પૂર્વ વિદેહમાં, ભરત વિજયમાં જાણોજી;
મહાપુરી નામે તિહાં નગરી, વજ્રસેન નૃપતિ વખાણોજી. ॥ ૧ ॥
વિમલ જિણેસર ભવિયાં વંદો, ॥ એ આંકણી.
છોડી રાજ્ય લીએ તિહાં દીક્ષા, સર્વગુપ્ત ગુરૂ પાસેજી;
તપ આરાધિ જિનપદ બાંધે, અંગ ઇગ્યાર અભ્યાસેજી. ॥ વિમળારા
આઠમે કલ્પે દેવ થયા તે, કંપિલપુર અવતારજી;
કૃતવર્મા નૃપવંશ વિભૂષણ, શ્યામા સુત સુખકારીજી. ॥વિમલ૦ ॥૩॥
આદિવરાહ રહ્યો પદ અંકે, માનુ એ વિનતિ કાજેજી;
ભૂમી ભાર વહવાથી ભાગો, માગિ અવિચળ રાજજી. ॥વિમલ૦ ॥૪॥
નામે વિમલ વિમલ મતિ આપે, જ્ઞાનવિમલને તેજેજી;
બોધ બીજ ધન અક્ષય અનોપમ, બાંધે હિયડા હેજેજી.
॥વિમલ જિણે૦ ॥ ૫ ॥

અથ શ્રી અનન્તનાથ જિન સ્તવન.

(સાહેલડીની દેશી.)

ધાતકી ખંડે જાણીએ સાહેલડીયાં, પશ્ચિમ મહાવિદેહે ગુણવેલડીયાં;
વિજયઐરવત અતિ ભલો સાહે૦, શોભા ગુણમણિગેહ. ॥ગુણ૦॥૨॥
પદ્મરથાભિધ નરપતિ, સાહે૦ આણી અતિ વૈરાગ ॥ ગુણ વે૦ ॥
ચિત્રરક્ષગુરૂ કને લિએ, સાહે૦ ચારિત્ર તે મહાભાગ. ॥ગુણ૦॥૨॥
જિનપદ બાંધી પ્રાણ તે, સાહે૦ પુષ્પોત્તર વિમાન; ॥ ગુણ૦ ॥
અમર થયા તિહાંથી ચવી, સાહે૦ નયરી અયોધ્યા નામ ॥ગુણ૦॥૩॥
સિંહસેન કુલ ચંદલો, સાહે૦ સુજસા જેહની માય; ॥ગુણ૦॥
સીંચાણો લંછનપદે સોહે, સાહે૦ કંચન વરણી કાય. ॥ગુણ૦ ૪॥
શ્રી અનંતજિન ચૌદમો, સા૦ ગુણ અનંત ભગવાન; ॥ગુણ૦॥
જ્ઞાનવિમલ સુખ સંપદા, સાહે૦ જેહને અક્ષય નિધાન. ॥ગુણવે.॥૫॥

અથશ્રી ધર્મનાથ જિન સ્તવન.

[ઓલગડી અવધારીયેજી એ દેશી]

ધાતકી ખંડે જાણિયેજી, પશ્ચિમ મહાવિદેહેજી;
ભરતા વિજયા સોહિયેજી, ભદ્દિલપુર વરગેહજી. ॥ ૧ ॥
॥ વંદો શ્રીજિન રાજનેંજી ॥ એ આંકણી.
દૃઢરથ રાજા તેહનોજી, છંડી વિષય વિકારજી;
વિમલવાહન મુનિ પાસિથીજી, લેવે સંયમ ભારજી. ॥ વંદો ॥ ૨ ॥
સર્વારથ સુર ઉપનાજી, તિહાંથી રત્નેપુરી ઠામજી;
ભાનુ નૃપતિ જેહનો, પિતા જામાતા સુવ્રતા નામજી. ॥વંદો ॥૩॥
વજ્ર લંછન કંચનવનેરે, ધર્મ ધુરાધર ધીર;
ધરમ જિણેસર પનરમાજી, ભવિજન ભવ દવ નીર. ॥વંદો૦॥૪॥
જ્ઞાનવિમલ ગુણ જેહનાજી, કહેતાં નાવે પારજી;
લલિલલિનેં કરૂ વીનતીરે, આવા ગમન નિવારજી. ॥વંદો૦॥ ૫ ॥

અથશ્રી શાન્તિનાથ જિન સ્તવન.

[યોગીસર ચેલા એ દેશી.]

જંબૂદ્વીપે ભરતમાં હો લાલ, રત્નપુરી અભિરામરે;
દાનસિરિ વંદો, શ્રીષેણ રાજા તેહનો હો લાલ;
યુદ્ધ કરંતાં પુત્રને હો લાલ, દેખી દુષ્ટ સંસારરે. ॥ દાનિ૦ ॥
વિષફજ સૂંઘીને ચવ્યા હો લાલ. ॥ ૧ ॥
દેવકુરા યુગલે થયા હો લાલ, સોધર્મે સુર થયરે. ॥ દાનિસિર૦ ॥
જંબૂદ્વીપે ભરતમાં હો લાલ, વૈતાઢયે રથનું પરે હો લાલ;
અકકીર્તિ નૃપ નામ હો, દાનિ૦ જ્યોતિમાલા રાણિતણા હો લાલ.॥૩॥;
અમિતતેજ સુત તે થયા હો લાલ, સંયમ દિન છત્રીસ હો ॥દાનિ.॥
અંતે અણસણ આદરી હો લાલ, પ્રાણત કલ્પે દેવતા હો લાલ;
નામ થયા મણિચુલરે. ॥ દાનિ૦ ॥ ૪ ॥
જંબૂદ્વીપ વિદેહમાં હો લાલ, વિજયા રમણિ શુભાપુરી હો લાલ
પામ્યા પદ અમરેંદ્રવરે, આયુ ચોરાશી લખ વર્ષનું હો લાલ ॥૫॥

સોલસહસનૃપ સાથસ્યું હો લાલ, લિએ સંયમ ધરી પ્રેમરે; દાનિ૦
અચ્યુત કલ્પે સુર થયા હો લાલ, તિહાંથી જંબૂ વિદેહમાં હો લાલ;
વિજયા મંગલાવતિ નામરે, રત્નસંચયાપુરી ભલિ હો લાલ ॥૬॥
ક્ષેમંકર તીર્થંકરૂં હો લાલ, રત્નમાળા તસ નારરે;
તસ સુત વજ્રાયુધ થયા હો લાલ, ચક્રી થઇ વ્રત આદરે હો લાલ;
પાદ્યા પગમી હોયરે, દાની૦ ત્રીજે ગ્રૈવેકે સુર થયા હો લાલ ॥૭॥
તિહાંથી જંબૂ વિદેહમાં હો લાલ, વિજય પુષ્કલાવઇ નામિરે;
પુંડરીકિણી નયરી ભલી હો લાલ, ઘનરથતિર્થંકર તિહાં હો લાલ;
પરીખ્યા સુત કરી રૂપરે, નિજ તનુ સાટિ ઉગારી એ લાલ;
દાનીબિરૂદ તિહાં લહ્યું હો લાલ, આયુ ચોરાશી લખપૂર્વરે. દાનિ૦
એક લખ પૂર્વ સંયમી હો લાલ ॥ ૮ ॥
જિનપદ સાધિં રૂયડું હો લાલ, સર્વારથ થયા દેવરે;
તિહાંથી ચવિ હસ્તિણાઉરે હો લાલ, વિશ્વસેન અચિરા તણો હો લાલ;
નંદન ગુણહ નિધાનરે. દાનિ. શાન્તિ થઇ સવી ધતિ તિહાં હો લાલ ॥૯॥
શાન્તિ નામ તિણે કારણે હો લાલ, મૃગલાંચન[1] મનો હારિરે; દાનિ૦
એક ભવિ પદવી બેહુ લહ્યા હો લાલ, પંચમ ચક્રી સોલમા હો લાલ
જીનવર જિગિ જયકારરે, ॥૧૦દાનિ.॥ જ્ઞાનવિમલ ગુણથી સદા હોલાલ

અથશ્રી કુન્થુજિન સ્તવનમ.

જંબૂદ્વિપે જાણીએ, પૂર્વવિદેહ મઝારિ; જિનવર.
શ્રીવત્સા વિજય તિહાં, ખડગીપુર અતિસાર. ॥ જિનવર ॥ ૧ ॥
કુન્થુ જિણંદ દયા કરો, ॥ એ આંકણી.
સિંહ વેગ તિહાં નરપતિ, લેવે સંયમ ભાર. જિનવર૦
વઢ્ઢા આચારિજ કન્હે, જિનપદ બાંધે સાર જિનવર ॥કુંથુજિ૦॥ ॥૨॥
સર્વારથે સુર થયા, તિહાંથી ગજપુર માંહિ;
સુર નૃપ શ્રીદેવી તણો, નંદન નિરૂપમ થાય જિનજી. ॥કુંથુ૦॥૩॥
અજ લંછન કંચન વર્ને, છઠો ચક્રી જાણિ જીનજી;
સત્તરમો જિન સુખ કરૂં, ત્રિભુવન ભાણ ભાનુ જિનવર.
॥ કુંથુ૦ ॥ ૪ ॥

[1] લંછન

થુભરત્ન દીઠા થકી, કુંથુ જિણંદ થયું નામ;
નમતાં શિવસુખ પામીએ, જ્ઞાનવિમલ ગુણ ધામ.. ॥ કુંથુ૦ ॥ ૫ ॥

અથ શ્રી અરનાથ જિન સ્તવન.

(રાજુલ ગેહી માલિ એ દેશી.)

જંબૂદ્વીપ વિદેહમાં, વચ્છવિજય હો વિજયા અભિરામતો;
નયરી સુસીમાનો ધણી, ધનભૂપતિ હો જસ મોટી મામતો. ॥૧॥
વંદો અરિ અરિહંતને, ॥ એ આંકણી.
સંવર મુનિ પાસે લએ, શુદ્ધ સંયમ હો બાધે મુનિ મામિતો;
જયંત વિમાને સુર થયા;તિહાંથી ચવિ હો ગજપુરિ શુભ હામતો.
॥વંદો અરિ૦॥ ૨ ॥
ભૂપ સુદર્શન તાત છે, દેવી રાણી હો જેહની છે માય તો;
લંછન નંદાવર્ત્તનું,જસ ચરણેહો મંગલરૂપ થાય તો. ॥વંદો અરિ.॥૩॥
રથશીલાંગઅઢારજે, તે દાખેહો ભવિને સુખ હેત તો;
અરિહંત જેહ અઢારમો, એ આપે હો સમકિત સંકેત તો.
॥ વંદો અરિ૦ ॥ ૪ ॥
ચકી એ છે સાતમો, દોઇ પદવી હો એકણ ભવિ લીધ તો;
જ્ઞાનવિમલ ગુણથી થયા, મન વંછિત હો સવિ કાર્ય સીધ તો.
॥ વંદો અરિ૦ ॥ ૫ ॥

અથ શ્રી મલ્લિનાથ જિન સ્તવન.

તું ગિયા ગિરિ સિખીર સોહે એ દેશી.

જંબૂ પૂર્વ વિદેશ સલિલા, વતિ વિજયા ઠામરે;
વીત શોકાપુરે નરપતિ, ધારિણી રાણી નામરે. ॥ ૧ ॥
ભાવસ્યું જિન રાજવર વંદો, ॥ એ આંકણી.
સુત મહાબલ નામ તેહનો, પંચ શત સ્ત્રી કંતરે;

મિત્ર પદ્મસું લેઇ સંયમ તપ તપે ગુણવંતરે. ॥ ૨ ॥
અચલ ૧ પૂરણ ૨ ધરણ ૩ વસુવલિ ૪ વૈશ્રમણિ અભિચંદરે;
સિંહ ક્રીડિત પ્રમુખ દુર્ધર, તપે સાત મુણિંદરે. ॥ભાવસ્યું॥૩॥
વરસ સહસ ચોરાશી સંયમ, પાલિએા સુખકારરે;
ભવિકને ઉપકાર કરતા, કરે ઉગ્ર વિહારરે;
ભાવ અધિક ફલેછુ માયા, તપે કીધો ભેદરે;
અમૃતમાંહિ વિષ ભલે જિમ, જિન પદ્મ સ્ત્રી વેદરે. ॥ ભા૦ ॥ ૪ ॥
સુર જયંત વિમાન માંહિં, નયરી મિથિલા માંહિરે;
કુંભ ભૂપ પ્રભાતિના મલ્લિ નામે થયારે. ॥ ભાવ૦ ॥ ૫ ॥
કુંભ લંછન વાનિ નીલા, જ્ઞાનવિમલ પ્રકાશેરે;
અપરણ્યા ઓગણીશમા જિન, લહ્યા લીલ વિલાસરે. ॥ભા૦॥૬॥

અથ શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

[એ બાહુ અનાથી એ દેશી.]

પૂર્વ ભવિ સુપ્રતિષ્ટપુરીનો, શિવકેતુ નામે રાય;
સમકિત પામી સૌધર્મેસુર, વરપુરે કુબેર દત્ત થાય. ॥ ૧ ॥
સુગુણ નર વંદો શ્રી અરિહંત, ॥ એ આંકણી.
સનત કુમારે સુર થઇ ચવિયા, નામ પુરવર તામા;
વજ્ર કુંડલ નામે થયા રાજા, બંભ કલ્પે સુર ધામા. ॥સુગુણ૦॥૨॥
ચંપા નયરીયે શ્રી વર્મરાજા, સંયમગ્રહે મુનિ પાસે;
જિનપદ બાંધિ અપરાજિતસુર, સુખ પામ્યા અતિ ખાશ. ॥સુ૦૩॥
રાજગ્રહી પતિ સુર મિત્ર નરેસર, પદ્માવતિના નંદ;
અંજનવનિ મુનિસુવ્રતાનામિ, વીશમા જિન સુખકંદ. ॥સુ૦૪॥
કચ્છપ લંછન વીશ ધનુતનું, હરિવંશ જિન ભાણ;
જ્ઞાનવિમલ કહે જિનસેવાથી, હોઇ કોડિ કલ્યાણ. ॥સુગુણા૫॥

અથ શ્રી નમિનાથ જિન સ્તવન.

[નયરી દ્વારામતિ જાણીયે એ દેશી.]

જંબૂ અપરવિદેહમાં, ભરત વિજયામાંહિ જાણોરે;
સિદ્ધારથ નામે અછે, નયરી કોશંબીના રાણોરે ॥ ૧ ॥
નમોરે નમો નમિનાથને; એ આંકણી
રાજ્ય તજી સંયમ લીયે, સાધુસુદર્શન પાસેંરે;
જિનપદ બાંધિ સુર થયા, અપરાજિત માંહિ વાસરે. ॥નમોરે ॥૨॥
તિહાંથી ચવી ને ભરતમાં, મિથિલા પુરીના નાથરે;
વિજય નૃપતિ વપ્રાપ્રિયા, સુત થયા શ્રી નમિનાથરે. ॥નમોરે૦॥૩॥
લંછન નીલ કમલ તણું, વાનેં કંચન દીપેંરે;
ગર્ભ તણા અનુભાવથી, રાણી દુસમનિ જીપેરે. ॥નમોરે૦ ॥૪॥
જિનવર એકવીશમો, દુસમનિનિકરિ દુરિરે;
જ્ઞાનવિમલ કહે દાસની, આસ સકલ એહ પુરેરે. ॥નમોરે૦॥૫॥

અથ શ્રી નેમિનાથ જિન સ્તવન.

[તિર્થંકર પદ બાંધિયો એ દેસી.]

ધણ ભરતે અચલાપુરિ, નૃપ વિક્રમ ધન નામિરે લાલ;
સંયમ લેઇ સુર થયા, સૈધર્મે સુભ ઠામરે લાલ ॥ ૧ ॥
જિનવરને કરી વંદના. એ આંકણી.
વૈતાઢયે સૌરીપુરે, ચિત્ર ગતિ વિદ્યાધારિમેરે લાલ;
દીક્ષાગ્રહી મહેંદ્રમાં, સુર સુખ પામ્યા સાર મેરે લાલ. જિન૦॥૨॥
સિંહપુરે અપરાજિતે, ભૂપતિ યમલા નામરે લાલ;
અગ્યારમાં સુર લોકમાં, સુરવર થયા ઉદાર મેરે લાલ. ॥જિન૦॥૩॥
હસ્થિણાઉર શંખ ભૂપતિ, સંયમ જીનપદ બાંધિ મેરે લાલ;
અપરાજીત સુરથી ચવી, સૌરીપુરે નીરાબાધ મેરે લાલ.॥જિન૦॥૪॥
સમુદ્રવિજય શિવાદેવીનો સુત, શંખ લંછન જીણંદ મેરે લાલ;
અંજન વન બાવશમો, અરિષ્ટનેમી બાવીશમો;
જીનવર જ્ઞાન દિણંદ મેરે લાલ. ॥ જીનવરને કરૂ વંદના ॥ ૫ ॥

અથ શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

જંબૂદ્વીપે પોતનપુરમાં, અરવિંદ નામે રાજારે;
તાસુ પુરોહિત વિશ્વભૂત દ્વિજ સુત મરૂભૂતિ ગુણ તાજારે ॥ ૧ ॥
પાસજિનેશ્વર પુરિસાદાણી, એ આંકણી.
શ્રાવક ધર્મ આરાધે. અંતે કમઠિ શિલાતલે ચાંપ્યો રે,
કુંજર હોએ સ્ત્રીતસ વરણા; કરણી મોહે વ્યાપ્યોરી. ॥પાસ૦૧૨॥
અરવિંદ રાજઋષી દેખીને, જાતિ સ્મરણ પામ્યોરી.
કમઠ [1]કુકડ અહિ ડંસ્યો, સહસારે સુખ કામ્યોરી; ॥ પાસ૦ ॥ ૩ ॥
મહાવિદેહે વિદ્યુતગતિનૃપ, તિલકાવતી તસરાણીરે,
કિરણ વેગ સુત સંયમ લેઇ, લહે અચ્યુત સુખખાણીરે; ॥પાસ૦૪॥
પૂર્વ વિદેહે વિદ્યાધરવર, સંયમ મારગ સાધેરે.
કમઠ જીવ સિંહે તેહણીએા, મધ્ય ગ્રીવેયકે સુખ લાધેરે; ॥પાસ૦૫॥
સુવર્ણ બાહુ ચક્રી સુવિદેહે, સંયમ જિનપદ બાંધેરે.
કમઠ જીવ [2]વ્યાધે તે હણીએા, પ્રાણતિ સુરસુ સમાધિરે; ॥પાસ૦ ૬ ॥
અશ્વસેન નૃપ વામા નંદન, નયરી વણારસી જેહનીરે.
નીલ વરણ [3]અહિલંછન દીપે, આણ વહું હું તેહની રે; ॥પાસ૦૭॥
પાસ જિનેશ્વર તેવીશમો જિન, જ્ઞાનવિમલ ગુણ ભરીએારે.
બાંહિ ગ્રહિને સેવક તારે, અપરંપર ભવદરીએારે; ॥ પાસ૦ ॥૮॥

અથશ્રી મહાવીર સ્વામી સ્તવન.

હમચડીની દેશી.

જંબૂદ્વીપે અપર વિદેહે, ગ્રામાધિપ નયરસાર.
શ્રાવક ધર્મ આરાધિ સોહર્મે, એકપલ્યસુર સારરે ॥ હમચ૦ ૧ ॥
નામ મરીચિ ભરત તણો સુત, મુનિ થઇ થયો ત્રિદંડી.
લખ ચોરાશી પૂર્વ આયુષો, બંભલોકે સુર માંડીરે; ॥ હમચ૦ ૨ ॥
અશીલાખ પૂર્વનું જીવી, કૌશિક દ્વિજ સુત થયો દેવી.
સૌધર્મે સુર પુષ્પમિત્ર દ્વિજ, બહોત્તરી પૂર્વલખ જીવીરે;
॥ હમચડિ૦ ॥ ૩ ॥
સૌધર્મે સુર અગ્નિદ્યોત દ્વિજ, ચોસઠ લખ પૂર્વ આય.
ઇશાને અગ્નિ ભૂંત દ્વિજ લિંગિ, છપન્ન પૂર્વ લખ આયરે;
॥ હમચડી૦ ॥ ૪ ॥

---

૧ કુકટનો સર્પ. ૨ વાગ. ૩ નાગ.

સનત કુમારે ભારદ્વાજિ', ચમાલીશ લાખ પૂર્વ આય.
માહેન્દ્રે સુર તિહાંથી બહુ ભવ,અંતે ત્રીદંડિ થાયરે;॥ હમ૦ ૫॥
રાજ ગ્રહે વિશ્વભૂતિ નૃપતિ થઇ, વર્ષ કોટિનું આય.
વર્ષ સહસ ચારિત્ર નિયાણું કરી, માહાશુકે યાયરે; ॥હમ૦ ૬ ॥
ત્રિપૃષ્ઠનામ હરિપ્રતિન પુરિમાં, [1]ચુલશ વર્ષ લાખ આય.
સાતમી નરકે સીહચતુ નરકે', ભવભ્રમહિ બહુ થાય; ॥હમ૦ ૭ ॥
મહાવિદેહે પ્રીયમિત્ર ચક્રી; કોટિ વર્ષ તપ કરતો
શુકે સુરવર તિહાંથી ભરતે, છત્રાપુરી અવતાર તો; ॥હમ૦ ૮ ॥
ચંદન નામે લાખ વરસનો, પાલી સંયમ ભાર.
લાખ ઇગ્યાર અસી સહસમાં સહસણાં, છસય પણયાલ સસારરે;
॥ હમ૦ ॥ ૯ ॥
માસ ખમણથી સ્થાનક સાધે', બાંધિ જિનપદ કર્મ.
પ્રાણિતસુર તિહાંથી કુંડનપુર. ગર્ભે બહુ સંક્રમેરે; ॥ હમ૦ ૧૦ ॥
ક્ષત્રિયકુંડપુરિ સિદ્ધારથ, નૃપ ત્રિસલાદેમાય.
હરિલંછન કંચનવનિકાય, [2]ઇમસગવીભવ થાયરે; ॥ હમ૦ ૧૧ ॥
વર્ધમાન મહાવીર શ્રમણએ, નામ ત્રિણ સુખદાઇ.
જ્ઞાન વિમલથી જસ શાસન મહિમા. અવિચલ ઉદય સવાઇરે;
॥ હમ૦ ॥ ૧૨ ॥


અથ શ્રી ચતુર્વિંશતિ જિન પૂર્વ ભવ નિબદ્ધ સ્તોત્રાણિ.

ઋષભ ૧ આજિત ૨ સંભવ જિનાએ ૩ અભિનંદન ૪ સુમતિ
નમોપ સુભમનાએ,
પ્રભપ્રભુને ૬ સુપાસ નમુંએ ૭, વલી ચંદ્રપ્રભુ ૮ સુવિધિ ૯
શીતલનમુંએ ૧૦ ॥ ૧ ॥
શ્રેયાંસ ૧૧ વાસુપૂજ્ય ૧૨ વિમલનંએ ૧૩, નમું અનંત ૧૪ જિન
ધર્મ ૧૫ વલી શાન્તિને એ ૧૬
કુંથું ૧૭ અર ૧૮ મલ્લિ ૧૯ મુનિ સુવ્રતાએ ૨૦ નમિ ૨૧ નેમી ૨૨
પાર્શ્વ ૨૩ વીર ૨૪ એ ગુણવતા એ ॥ ૨ ॥
ઇણિ પરે ચોવીશ જિન તણાએ, ભવિ પાછલા શાસ્ત્રથી મે ભણ્યાએ;
પામીયા ગુરૂ યોગથીએ, તિણેએક દો ત્રિણપઃ અનુસરયાંએ ॥ ૩ ॥

---

૧ ચુમાલીશ વર્ષ. ૨ સતાવીશ.

વીશસ્થાનક પદ સાધિયાએ, તિહાં આદિ જિનવીર આરાધીયાએ;
શેષબાવીશ જે જિનવરાએ, તિણિઇ એક ઠા પદ અનુસર્યાંએ.॥૪॥
પૂર્વભવ દ્વાદશાંગી ભણ્યાંએ, એક ઋષભજી શેષશ્રુત તે ભણ્યાએ;
ઋષભના તેર ભવ શાંતિનાએ, વલી બારભવ સુવ્રતસ્વામિનાએ॥૫॥
નેમિ નવ પાસ દશ વીરનાએ, સતાવીશ ભવ શેષના ત્રિણ સુણ્યાએ;
એકભાંસતરસોઠાણાંએ, વલી સોમસુંદરકૃત પયનાંએ ॥ ૬ ॥
તસ અનુસારથી જાણીયાએ, તે તવ બાંધે કરીયાએ;
સંપ્રતિ કાલેએ વંદિએ, ભવસંચિત પાપ નીકંદિએ એ ॥ ૭ ॥
આઠભવ ચંદ્રપ્રભુ નાકહ્યાએ, કહ્યા તેહ આણ્યા મેં નહીએ;
જ્ઞાનવિમલ સૂરીશ્વર ઇમ કહે, જિનનામથી શુદ્ધ સમકિત લહેએ ॥૮॥



અથ શ્રી વીશ વિહરમાન જિન સ્તવનાની.

અથશ્રી સીમન્ધર સ્વામી સ્તવન. (૧)

શ્રીસીમંધર સાહિબા, વિહરમાન ભગવંતરે. જિનસ્યું મન લાગો.
પુષ્કલાવઈ વિજયામાંહિ વિચરે શ્રી અરિહંતરે; ॥ જિન૦ ॥ ૧ ॥
સોવન વનપણ સયધનુ તનુ, મંદિર ગિર સમધીરરે. ॥ જિ૦ ॥
શ્રેયાંસ નૃપતિ કુલદિન મણિ, ભવિમનહીયડા હીરરે ॥ જિ૦ ૨ ॥
નંદન સત્યકી માયનો, વૃષભલંછન ભગવાન રે; ॥ જિ૦ ॥
રૂક્ષ્મણી રાણી નાહિલો, ગુણ મણિ રયણ નિધાનરે; ॥ જિ૦ ૩ ॥
કુંથુઅર જિન અંતરે, જન્મ્યા વલી વ્રત લીધરે ॥ જિ૦ ॥
દશરથ નૃપવ્રતની સમંયે, ભાવી ઉદય જિન સિદ્ધરે. ॥ જિ૦ ૪॥
જ્ઞાનવિમલ ગુણથી લહ્યા, લોકાલોક સભાવરે ॥ જિ૦ ॥
ભવોદધિ પારમેં પામીયારે, મેંતુમ્હપદ યુગનાવરે; ॥ જિ૦ ॥૫॥

અથશ્રી યુગમંધર સ્તવનમ. (૨)

ઢાલ–રસિયાની.

બીજા જિનવર જયકર વંદીયે, શ્રીયુગમંધર સ્વામિ સનેહી.
મુજમન ભીતિરિઅહનિસિ તે વસે, પ્રભુપુ હું શિરનામિ સનેહી;
॥ શ્રીયુ૦ ॥ ૧ ॥
શાન્ત થઇ અંતર રિપુ સવિ હણ્યા, ન રહ્યો કુરમન મૂલ સનેહી.
વિણરાગે પણ લોકને રીઝવે, વિણવિનયે અનુકુલ સનેહી;
॥ શ્રીયુગ૦ ॥ ૨ ॥
સકલ વિષય અનુભવ રસ ભોગવે, નહિ કોઇ વિષય વિકાર, સ૦
નિર્ધન પણ પરમેશ્વર સહુ ભણે, દિએ નવિતોહી દાતાર'સ૦
॥ શ્રી યુગ૦ ॥ ૩ ॥
નિર્ગુણ પણ ગુણનો આગર કહ્યો, નિન્દક નવિ કહે મર્મ, સ૦

અક્રિય પણ ક્રિયાફલ સવિ કહે, ભાગ્યવિણ સવિશર્મ, સ૦
સુદૃઢ નરેસ સુતારા નંદનો, ગજલંછન સુખકાર સ૦
જ્ઞાન વિમલ ગુણ મણિ મહિમાથકી, તું પ્રભુ ત્રિજગ આધાર સ૦
॥ શ્રીયુગ૦ ॥ ૫ ॥

અથ શ્રી બાહુજિન સ્તવનમ. (૩)

હાલ—કોઇ લો પર્વત ધુંધલો રે લોલ—એ દેસી,

બાહુ જિનેસર વીનવું રે, બાંહિ ગ્રહિ મુજ તારરે; જિણંદરાય.
ભવસાયર તરવા ભણીરે લાલ, નામ છે પરમ આધાર રે;
॥ જિ૦ ॥ બા૦ ॥ ૧ ॥
સુરતરૂચિંત તજે દિએ રે લાલ, તે બહુલૈકિક સુખ માત્રરે ॥ જિ૦ ॥
નિરાબાધ સુખ દેયવારે લાલ, સમરથ ચિંતતમાત્રરે;
॥ જિ૦ ॥ બા૦ ॥ ૨ ॥
તે ગુણ તે બાંહિ નહીરે લાલ, તિણિ હૂયા તે અતિ દૂરરે ॥ જિ૦ ॥
અથવા સેવા મિસિ રહ્યા રે લાલ, કર અંગુલી મિસિ તે હજૂરરે;
॥ જિ૦ ॥ બા૦ ॥ ૩ ॥
પુદ્ગલ સુખ પુદ્ગલ દિએરે લાલ, યદ્યપિ પણ જડરૂપરે. ॥જિ૦॥
અક્ષય અરૂપ સુખ તે દિએરે લાલ, જે હોએ ચિન્મય રૂપરે;
॥ જિ૦ ॥ બા૦ ॥ ૪ ॥
સુગ્રીવનૃપ કુલદિન મણિરે લાલ, વિજયા માત મલ્હારરે. ॥જિ૦॥
મૃગલંછન જસ સોહીએરે લાલ, જ્ઞાનવિમલ સુખકારરે;
॥ જિ૦ ॥ બાહુ૦ ॥ ૫ ॥

અથ શ્રી સુબાહુ જિન સ્તવન. (૪)

માલી કેરે બાગમે દોય નારંગ પકકી લો એ દેશી.

શ્રી સુબાહુ જિનવર નમું અતિ હર્ષ ધરીને લોલ; ॥ અહો૦ ॥
પ્રભુતા કિમ કહો વરણવું, નિજ વચને કરીને રે લોલ ॥ અહો૦ ॥
જિનરાજ હૃદયમાં રાખો રે લોલ. ॥ આંકણી. ॥ ૧ ॥

ગુણ અનંત અનંતમાં, ભાષાદિક અણુયાલેા અહેા; ॥ ભા૦ જિ૦॥
અસંખ્યાતમાં તે રહ્યા, સંખ્યાધરમણુયા લેાલ અહેા સં;
॥ જિ૦ ॥ ૨ ॥
તેાહિ પણ નિજ ભક્તિથી, કહું વચન વિવેક લેા અ૦ ॥ જિ૦ ॥
પુરૂષેાત્તમતા સુભગતા, શુદ્ધ સમકિત ટેકેલેા અહેા સુ૦ ॥જિ૦॥૩॥
રેાગ મલસ્વેદન અંગમાં. શ્વાસેાશ્વાસ સુગંધી લેા૦ અહેા સા૦ ॥
રૂધિરામિષ હેાએ ઉજલું, ગેાક્ષીરા અનુબંધી લેાઅ૦ ॥ જિ૦ ॥૪॥
ચર્મચક્ષુને ગમ્ય નહી, આહાર નીહારા લેા અહેા૦ ॥ જિ૦ ॥
અતિશય ચારએ સહજના, તે અવરને વાસ્યા લેા અ૦ ॥જિ૦॥૫॥
સુખીયા નારક થાવરા, હેાએ જસ જન્મઇ લેા અ૦ ॥ જિ૦ ॥
ઉદ્યોત હેાએ ત્રિહું ભવનમાં, સુરાસુર પ્રણમે લેા અ૦॥જિ ૬॥
ઇત્યાદિક ગુણ અતિશયે, શિવકમલા વરિયા લેા અ ॥ જિ ॥
તરીયે તેહજ જગતમાં, જે તુમ્હ અનુસરિયા લેા અ૦ ॥જિ૦ ૭॥
અદ્‌ભૂત રૂપ સેાહામણેા, કંચનવન કાયા લેા અ૦ ॥ જિ૦ ॥
શત્રુમિત્ર ભવસિદ્ધ છે, સમ રંકને રાયા લેા અ૦ ॥ જિ૦ ॥ ૮ ॥
નિસહ નરેસર તાતજી, ભૂનંદા માયા લેા અ૦ ॥ જિ૦ ॥
એહિજ મુઝ શુભ જ્ઞાન વિમલ ગુણ ગાયા લેા અ૦ વિ૦ ॥જ૦ ૯

અથ શ્રી સુજાત જિન સ્તવન. (૫)

દેશી-બિંદલીની.

શ્રી સુજાત જિનવાણી, સૂત્રારથસ્યું વિરચાણી.
વાણી અતિ મીઠી, ષટભાષા બંધાણી, અર્ધમાગધી જેકહાણી.
॥ વા૦ ॥ ૧ ।
મુઝમતિ તેહમાં રંગાણી, તિણે થઇ સમકિત સહ નાણી. વા૦ ॥
દુહ તિલપીલણને ઘાણી, નવમ રસમાં સીંચાણી. ॥ વા૦ ॥ ૨ ॥
શાકર દ્રાક્ષ સમાણી, જસ આગલ અમૃત પાણી, ॥ વા૦ ॥
અક્ષરને યેાગે ગૂથાણી. જેહથી હેાએ શ્રુતધર નાણી. ॥ વા૦॥ ૪ ॥
ગુણપર્યાય ભરાણી, ષટદ્રવ્યે તેહ મચાણી. ॥ વા૦ ॥
દુઃખ કર્મતિવેત્તા કૃપાણી; નિપુણે સવિ ઉલટ આણી. ॥વા૦ ૫॥

દેવસેના માતા જાણી, દેવસેન નૃપતિ ધણીયાણી. ॥ વા૦ ॥
ગુરૂ જ્ઞાનવિમલ ગુણખાણી, જિનજી સેવો ભવિપ્રાણી. ॥વા૦ ૬॥

અથ શ્રી સ્વયંપ્રભ જિન સ્તવન. (૬)

રાગ રામગિરી.

શ્રી સ્વયં પ્રભુતા તાહરી જે દીડીરે, ધર્મદેશનવિધવિધાને.
સર્વ દેવ ઉક્કિરે. ॥ શ્રી સ્વયંપ્રભુ૦ ॥ ૧ ॥
સહસ જોયણ ધ્વજ ચિહુંદિશ, ચક્રચામર છત્રરે.
શુભગતા ચઉરૂપ કેરી, પર્ષદા સુપવિત્તરે. ॥ શ્રી૦ ॥ ૨ ॥
હરિસિંહાસન રયણ નિર્મિત, પાઠ પીઠે યુક્તરે.
ધમ અનેક વિભૂતિ ભૂષિત, તોહિ સંગ અમૂક્તરે. ॥ શ્રી૦ ॥ ૩॥
અવર દેવે એ ન કરસી, ભાવના તિલ માતરે.
જેહ વીર વિક્રાંતિ દીપે, નહી તે ગ્રહજાતરે; ॥ શ્રી૦ ॥ ૪ ॥
મિત્ર ભૂતિ નરેસ નંદન, મંગલા જસમાત રે.
જ્ઞાનવિમલ પ્રભાવ મહિમા અધિક જસ અવદાતરે; ॥ શ્રી૦ ૫॥

* અથ શ્રી ઋષભાનન જિન સ્તવન. (૭)

ધન ઘન વેલા ધન ઘડી તેહ, શ્રી ઋષભાનન જિન યદિ નિરખ્યાંજી.
નિરખીને કરશું જન્મ પ્રમાણ, સાહિબ હેજા લૂ હિયડે હરખ્યાંજી ॥૧॥
હરખાને પરખી સમકિત શુદ્ધ, હૃદયે ભ્રાન્તિ ન કુગુરૂ કુદેવનીજી ॥
સેવાનારે હોયો ભવ ભવ એહ, ધ્યાન અવલંબનએ નિતમેવનીજી૨॥
કરૂણા નિર્મલ જલસ્યું સ્નાન, સંતોષઅંગે સિત વસ્ત્ર તેપહેરીયેજી

* આ વીશી પણ શ્રી જ્ઞાનવિમળ સૂરિ મહારાજની રચેથી છે પણ આ વીશીના સ્તવન પહેલા સંપૂર્ણ નહિ મલવાથી પહેલા ભાગમાં આ વીશીના આઠમા શ્રી અનંતવીર્ય જિન સ્તવનથી છપાએલ છે માટે આ બીજા ભાગમાં શ્રી સીમંધર સ્વામિથી શ્રી ઋષભાનન જિન સ્તવન સુદ્ધિ સાત સ્તવન અને પહેલા ભાગમાં અનંતવીર્ય જિન સ્તવનથી અજિતવીર્ય જિન સ્તવન સુદ્ધિ તેર સ્તવન મળીને આ વીશી સંપૂર્ણ થાય છે તે જાણવું.

પહિરીરે ધરીએ તિલક વિવેક, ભાવના પાવન ઉત્તએ સંગતે
ધારીયેજી; ॥ ૩ ॥
ધારીને શ્રદ્ધા કેશર ઘોલ, પાવન આશય તે રજત કચોલડાંજી.
બ્રહ્મસ્વરૂપ જે શુદ્ધસ્વભાવ, એકતા રૂપીરે ઉદ્યમ પડવડાજી ॥૪ ॥
ધર્મપિમાતે કુસુમચીમાલ, નયદુગ પટકુલ અંગેજિનતણેંજી.
ભૂષણ જે દીજે અંગે સુધ્યાન, ઉલટ આંણી અંગે અતિઘણોજી॥૫॥
લિખીએ રે આગલિ જે મંગલ આઠ, તે મદથી નિક આઠના
ત્યાગથીજી.
છત્રને ચામર વિરતિ જે હોયે, મૂલ ઉત્તર ગુણ નિસીહી
લાગથીજી ॥ ૬ ।
જ્ઞાનાનલિ અગુરૂને શુભ સંકલ્પ, ઉદયિ ધર્મ તે લવણ ઉતારણાજી.
વિધિને યોગે શકિત સામર્થ્ય, તેહુ આરતી અશુભ નિવારણાજી ૭
મંગલ દીપતે અનુભવ ધૈર્ય, ત્રિવિધઅવંચક યોગેસંયમ ધારણાજી
ગીતનૃત્ય વાજિંત્ર તે ત્રિકરણ જાણિ. ધ્યાન સમાધિ જે કૃત અનુમ-
તિરણાજી; ॥ ૮॥
સત્યભાષણ તે ઘંટનિનાદ, ભાવપૂજાએ મુનિવરનીતુ કરેજી.
એ પણ દ્રવ્ય તિહાંલગે હોઇ, જિહાં લગે આતમ ભેદ્યો ધ્યાનને
એક ધરેજી ॥ ૯ ॥
વીરસેનાનો નંદન દેવ, શ્રીકીર્તિરાજા કુલકમલ દિવાકરૂજી.
સિંહ લંછન પ્રભુ કંચનવાનિ, જ્ઞાનિવિમલાદિ ગુણરયણાયરૂજી ૧૦

ઇતિ શ્રી જ્ઞાનવિમલસૂરી કૃત
સ્તવન સંગ્રહ સમાપ્ત.



ચૈત્યવંદન સંગ્રહ.

અથ શ્રી સિદ્ધાચલ તીર્થનું ચૈત્યવંદન.

વિમલાચલ ગિરિમંડણો જય ત્રિભુવન સ્વામિ ।
આદિ દેવ અલવેસરૂ પ્રણમું શિરનામી ॥ ૧ ॥
નાભિરાજા કુલ ચંદલો મરૂદેવી માય ।
સોવનવર્ણ સોહામણો ધોરી લંછન પાય ॥ ૨ ॥
મુનિવર દશ હજારશું એ પામ્યા પદ નિર્વાણ ।
શ્રી ગુરૂ પુન્ય પ્રતાપથી વાજે જિત નિશાન ॥ ૩ ॥ ॥ ધ્રુતિ ॥

અથ શ્રી સિદ્ધાચલ તીર્થનું ચૈત્યવંદન.

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર સકલ તીરથ સણગાર ।
આદિ જિણંદ સમોસર્યા પૂર્વ નવાણું વાર ॥ ૧ ॥
ચૈત્રી પુનમને દિને પંચકોડ અણગાર ।
સાથે મુગતિ વધૂ વર્યા પુંડરીક ગણધાર ॥ ૨ ॥
સિધ્ધ થયા ઇણ ગિરિવરે એ અનંત અનંતી કોડ
શ્રી ગુરૂ પુન્ય પ્રતાપથી જિત નમે કરજોડ ॥ ૩ ॥ ધ્રુતિ ॥

અથ શ્રી ભાભાપાર્શ્વનાથનું ચૈત્યવંદન.

ભાભાપાસને ભેટતાં સવિ પાપ પણાસે
નામ લેતાં મન ઉલ્લસે દુઃખ દોહગ નાસે ॥ ૧ ॥

પ્રભુ પૂજનથી પામીયે ઋદ્ધિ વૃદ્ધિ સુખ પૂર ।
શુદ્ધ મને આરાધતાં કર્મ કરે ચકચૂર ॥ ૨ ॥
અશ્વસેન કુલ દિનમણિ એ વામા માત મલ્હાર ।
શ્રી ગુરૂ પુન્ય પ્રતાપથી જીત સદા જયકાર ॥ ૩ ॥ ઇતિ ॥

અથ શ્રી અઢારદોષ વર્જન ગર્ભિત જિન ચૈત્યવંદન.

આરાધો આદર કરી દેવ તત્ત્વ જગસાર દોષ અનંતા ક્ષય કરી
થયા તે કેવલ ધાર
વ્યવહાર નયે કરી દોષ અઢારથી દૂર નામ કહું હવે એહના
[૧]અજ્ઞાન કર્યું [૨]ચકચૂર [૩]ક્રોધ [૪]માન કે [૫]લોભ નહિ એ
[૬]માયા [૭]રતિ ને [૮]અરતિ વળી [૯]નિદ્રા [૧૦]શોક [૧૧]ક્ષમા સહિ બોલે
નહિ [૧૨]અસત્ય ॥ ૧ ॥
[૧૩]ચોરીય [૧૪]મચ્છર [૧૫]ભય નહિ, [૧૬]પ્રાણિવધ નહિ જાસ [૧૭]
પ્રેમક્રીડા દોષ સોળમો, [૧૮]પ્રસંગ દોષ નસિ તાસ, [૧૯]હાસ્ય દોષ
અઢારમો, જેમાં નહિ લવલેશ, દોષ બીજા અઢાર છે, તે ધારો
અશેષ, પાંચ અંતરાય જેને નહિ એ [૧]દાન [૨]લાભ ને [૩]ભોગ,
ચોથો ઉપભોગ પાંચમો[૫], વીર્યઅંતરાય નહિ યોગ ॥ ૨ ॥

મોહનીય કર્મના ક્ષય થકી દોષ અગીયારનો નાશ
[૧]હાસ્ય [૭]રતિ [૮]અરતિ ગઇ [૯]ભય [૧૦]જુગુપ્સા નહિ તાસ
[૧૧]શોક નહિ અગીયારમો [૧૨]કામ તાપ થયો શાંતિ
[૧૩]મિથ્યાત્વને [૧૪]અવિરતિ નહિ [૧૫]રાગ [૧૬]દ્વેષની ગઇ ભ્રાંતિ
અજ્ઞાન [૧૭]નિદ્રા તિમ નહિએ તે પરમેશ્વર શુદ્ધ
ત્રણ તત્ત્વ આરાધતાં ઋદ્ધિ કીર્તિ લહે બુદ્ધ ॥ ૩ ॥ ઇતિ

અથ શ્રી દેવવંદન વિધિ ગર્ભિતજિન ચૈત્યવંદન.

દેવવંદન વિધિ શું કરે, હલુકર્મી ભવિ પ્રાણિ દશત્રિક ૧ અહિગમપંચ
૨ તિમ દુદિશી ૩ તિહુઅનહ ૪ જાણી ત્રિણપ્રકાર વંદન ૫ કરે
પ્રણિપાત ૬ નમસ્કાર ૭ સોલસય સિલતાલી અક્ષર ૮ નવ સૂત્રાન્ત

સાર એકસો એકાશી પદ ભલા એ ૯ સંપદાસતાણુ ૧૦ સાર પણ દંડક ૧૧ અધિકાર ૧૨ ચઉવન્દનીજ ૧૩ મનધારી ॥ ૧ ॥

સરણિજ્જ એક ૧૪ ચઉહજિણા ૧૫ ચારથુઇ ૧૬ નિમિત્ત આઠ ૧૭ બારહેઉ ૧૮ આગારસોલ ૧૯ દોષ ઓગણીસ મુખપાઠ ૨૦ કાઉસગ્ગમાન ૨૧ સ્તુતિ કરો ૨૨ ચૈત્યવંદન સાતવાર ૨૩ દશ આસાયણ ૨૪ પરિહરો ચઉવીશ મૂલદ્વાર એ હજાર ચઉહોત્તર સહીયે ઉત્તરદ્વાર સુખકાર વિધિસહિત દેવ વંદતાં લહીયે ભવનો પાર ॥ ૨ ॥

એ અધિકાર વિસ્તારથી ચૈત્યવંદન ભાષ્યમાંહી
તે અર્થ સવિધારિને દેવવંદો ઉચ્છાં હે
સમકિત શુદ્ધ સંસાર નાશ બોધ બીજ લહે સાર
આસન્ન સિદ્ધિ જીવડો વિધિરસિઉ નિરધાર
શ્રાવક કુલ પામી કરીએ પરમાતમ પ્રભુ સેવ
ઋદ્ધિ કીર્ત્તિ જિમ શાશ્વતી લહે અમૃત નિતમેવ ॥ ૩ ॥



ઇતિ શ્રી ચૈત્યવંદન સંગ્રહઃ

સમાપ્ત.



શ્રી કીર્તિવિમલ કૃત ચતુર્વિંશતિકા.

અથ શ્રી ઋષભદેવ જિન સ્તવન

આદિજિણુંદ અરિહંતજી કંચનસમ સોહે
વૃષભલંછન સોહામણો ભવિજન મન મોહે
નાભિરાયા કુલ દિનમણી ધનુષ્ય પાંચસેં કાય
ઉપગારી શિર સેહરો લાખ ચોરાશી આય
સકલ કરમનો ક્ષય કરીએ પહોતા મુક્તિ મઝાર
પ્રહ ઉઠીને સમરતાં કુશલમંગલ જયકાર ॥ ૧ ॥
અજિત જિણુસર જગધણી સવિ ભવિયણ ઉપગારી
જિતશત્રુ કુલચંદલો વંદો નરનારી
નયરી અયોધ્યાનો ધણી ગજલંછન સ્વામિ
વિજયારાણી જન્મીઓ નમીએ શિરનામી
બહોતેરલાખ પૂરવ આઉખુંએ પાલી પહોતા શિવ ઠામ
કુશલ મંગલ નિત નિત હુજોએ લેતાં જિનવર નામ. ॥ ૨ ॥
સંભવજિન ત્રિજા નમો ત્રિભુવન જિન સ્વામિ
ત્રણ રત્નકાયક પ્રભુ નિજ આતમરામી
તીન ગારવ તીન દંડ જે તીન સલ્લનિવારી
તીન યોગ છાંડી કરી શિવગતિ લહે સારી
તીન કાલ નિતુ વંદણાએ ત્રિવિધ કરે જેહ
ઇહભવ પરભવ નેહુ લહે કુશલ મંગલ સુખ તેહ ॥ ૩ ॥

શ્રી ઋષભદેવ ભગવાનનું સ્તવન.

મહાવિદેહ ક્ષેત્ર સોહામણું—એ દેશી.

મન મોહન તું સાહિબો, મારૂદેવી માત મલ્હાર લાલરે ।
નાભિરાયા કુલ ચંદલો, ભરતાદિક સુતસાર લાલરે ॥ મનમોહન૦૧॥
યુગલાધર્મ નિવારણો, તું મોટો મહારાજ લાલરે ।
જગત દારિદ્ર ચૂરણો, સારે હવે મુજ કાજ લાલરે ॥ મન૦ ૨॥
ઋષભલંછન સોહામણો, તું જગનો આધાર લાલરે ।
ભવભય ભીતા પ્રાણીને શિવસુખનો દાતાર લાલરે ॥ મન૦ ॥ ૩ ॥
અનંતગુણ મણિ આગરૂ, તું પ્રભુ દીનદયાળ લાલરે ।
સેવકજનની વિનતી, જન્મમરણ દુઃખ ટાળ લાલરે ॥ મન૦ ॥ ૪ ॥
સુરતરૂ ચિંતામણિ સમો, જે તુમ સેવે પાય લાલરે ।
ઋદ્ધિ અનંતી તે લહે, વળી કીર્ત્તિ અનંતી થાય લાલરે ॥મન૦॥૫॥

શ્રી અજીતનાથનું સ્તવન.

વાસુપૂજ્યજીન મંડીયે—એ દેશી.

અજીત જિણંદ અવધારીયે, સેવકની અરદાસોરે ।
તું સાહિબ સોહામણો, હું છું તારો દાસોરે ॥ અજીત૦ ॥ ૧ ॥
જિતશત્રુરાય કુલતિલો, વિજયા માત મલ્હારોરે ।
નયરી અયોધ્યા અવતર્યા, ગજલંછન અતિ સારોરે ॥અજીત૦॥૨॥
જગજીવન ગજનો ધણી, તું છે જગપ્રતિ પાળોરે ।
નામ તુમ્હારૂં જે જપે, તે પામે સુખવિશાળોરે ॥ અજીત૦ ॥ ૩ ॥
સુરતરૂમણિ સુરલતા, વંછિત પૂરે એહોરે ।
તેહથી તુમ્હ સેવા ભલી, શિવસુખ આપે જેહોરે ॥ અજીય૦ ॥૪॥
જેભવિ તુમ્હ સેવા કરે, તે લહે કોડિ કલ્યાણોરે ।
ઋદ્ધિ સિદ્ધિ કીર્ત્તિ ઘણી, તસઘરે શુભ મંડાણોરે ॥અજીત૦॥૫॥

શ્રી સંભવનાથ ભગવાનનું સ્તવન

સંભવ જિનવર વિનતી—એ દેશી.

સંભવજિન અવધારીએ, સેવકની અરદાસોરે ।
તું જનજી સોહામણો, પુન્યે પામ્યો ખાસોરે ॥ સંભવ૦ ॥ ૧ ॥
જિતારી કુલ ચંદલો, સેનામાત મલ્હારોરે ।
મનવંછિત પ્રભુપૂરણો, અશ્વલંછન મુખકારોરે ॥ સંભવ૦ ॥ ૨ ॥
સાવત્થી નયરી ભલી, જિહાં જન્મા શ્રી જિનરાયોરે ।
ધાનના સંભવ નીપન્યા, તેણે સંભવ નામ ઠરાયોરે ॥સંભવ૦૩॥
[1]દુરિતારિ શાસનસુરિ, [2]યક્ષ ત્રિમુખ સેવે પાયોરે ।
સંઘના વંછિત પૂરવે, વળી સંકટ દૂર પલાયોરે ॥ સંભવ૦ ॥ ૪ ॥
નામે નવનિધ સંપજે, ઘરે [3]કમળા પૂરે વાસોરે ।
ઋદ્ધિ સિદ્ધિ કીર્ત્તિ ઘણી, તુમ્હ ધ્યાને શિવસુખ વાસોરે ॥સંભવ૦૫॥

શ્રી અભિનંદનસ્વામિનું સ્તવન.

શ્રી અરજિન ભવજલનો તારૂરે—એ દેશી.

શ્રી અભિનંદન જગનો તારૂ, મુજમન લાગે વારૂરે ॥તું અંતર્યામિ॥
તુજ સેવામાં જો પ્રભુ રહીએ, તો મનવાંછિત લહીયે ॥ તું૦ ॥૧॥
પ્લવ[4] લંછન પાયે સોહે, ભવિજનનાં મન મોહરે । તું૦ ॥
જો પ્રભુતુજ આણા શિરવહીયે, તો નિર્મળ સુખ લહીયે ॥તું૦॥૨॥
વિનિતા નયરી જમ્મ પ્રભુ આયો, સંવર કુલ દીપાયોરે ॥ તું૦ ॥
ધન્ય સિદ્ધાર્થ માતે જાયો, ઇંદ્ર ઇંદ્રાણી લડાયોરે ॥ તું૦ ॥ ૩ ॥
[5]નાયક યક્ષ તુમ્હ સેવા સારે, [6]કાલિ સુરિ દુખવારેરે ॥ તું૦ ॥
ધન્ય જિહાં જે તુમ્હ ગુણગાવે, ધન્ય મન જે તુમ્હ ધ્યાવેરે ॥તું૦॥૪॥
જે ભવિ તુમ ચરણાંબુજ સેવે, કામધેનુ સો લેવેરે ॥ તું૦ ॥
સુતતરૂ ચિંતામણિ ઘરે આવે, ઋદ્ધિ કીર્ત્તિ અનંતી થાવેરે ॥તું૦॥૫॥

---

૧ દુરિતારિ શાસની રખવાલીકા દેવી. ૨ ત્રિમુખનામે યક્ષ. ૩ લક્ષ્મી ૪ વા૨. ૫ નાયક નામે યક્ષ. ૬ કાલિકા શાસની રખવાલીકા દેવી

શ્રી સુમતિનાથ ભગવાનનું સ્તવન

દરશન દિજે પ્રભુ પાસજી હો લાલ—એ દેશી.

સુમતિ જિનેસર સેવીયે હો લાલ, સુમતિ તણો દાતાર સાહેબજી ।
બહુ દિનનો ઉમાહલો હો લાલ, દરિસન આપો સાર ॥સા૦॥૧॥સુમ૦॥
મેઘરાય કુલ ચંદલો હો લાલ, મંગલા માત મલ્હાર ॥ સા૦ ॥
ભવભયથી હું ઉભગો હો લાલ, તું મુજ સરણાસાર ॥સા૦॥સુ૦॥૨॥
પાયે કૈાંચ સેવે સદા હો લાલ, [1]તુંબરૂ સારે સેવ ॥ સા૦ ॥
[2]મહાકાલિ સુરિ સદા હો લાલ, વિઘ્નટાલે નિત્ય મેવ ॥સા૦॥સુ૦॥૩॥
નયરી કોશલાએ અવતર્યો હો લાલ, તવ વરત્યો જય જયકાર ॥સા૦॥
ઘરે ઘરે હરખ વધામણા હો લાલ, ધવલ મંગલ દે નાર ॥સા૦॥સુ૦॥૪॥
અનંતગેણ છે તાહરા હો લાલ, કહેતાં નાવે પાર ॥ સા૦ ॥
દિન દિન તુમ્હ સેવા થકી હો લાલ, ઋદ્ધિ કીર્ત્તિ અનંતીસાર
॥ સા૦ ॥ સુમતિ૦ ॥ ૫ ॥

શ્રી પદ્મપ્રભુનું સ્તવન.

શ્રી ચંદ્રપ્રભ જિનરાજ રાજે—એ દેશી.

શ્રી પદ્મપ્રભ જિનરાજ શોભે, વદન શારદ ચંદરે ।
ભવિક જીવ ચકોર નિરખી, પામે પરમાનંદરે ॥ શ્રી પદ્મ૦ ॥ ૧ ॥
તુજ રૂપકાંતિ અતિહિ રાજે, મોહે સુરનર વૃંદરે ।
તુજગુણ કથા સવિ વ્યથા ભજે, ધ્યાન સુરતરૂ કંદરે ॥શ્રી પદ્મ૦॥૨॥
પદ્મવરણી કાયા શોભે, [3]પદ્મ સેવે પાયરે ।
પદ્મપ્રભુ જિન સેવા કરતાં, અવિચલ પદ્મા થાયરે ॥શ્રી પદ્મ૦॥૩॥
ધન્ય સુસીમા માતા જાયો, ધરરાય કુલમંડાણરે ।
નયરી કોસાંબી ધન્ય જિહાં, હુઓ જન્મ કલ્યાણરે ॥શ્રી પદ્મ૦॥૪॥
જન્મ પાવન આજ હૂઓ, જિનરાજ તાહરે ધ્યાનરે ।
હવે ઋદ્ધિકીર્તિ અનંત આપે, થાપો સુખનિર્વાણરે ॥શ્રી ॥પદ્મ.॥૫॥

---

૧ તુંબરૂ યક્ષ. ૨ મહાકાલિ શાસનની રખવાલીકા દેવી. ૩ કમલ લંછન.

અથશ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું સ્તવન.

શ્રી અનંતજિનશું કરો સાહેલડીઆ એ દેશી.

શ્રી સુપાસ જિનશું કરો સાહેલડીયા, અતિ અનોપમ રંગ
ગુણવેલડીયાં ।
એહ રંગ હીણો નહિ ॥ સા૦ ॥ બીજો હીણો પતંગ ॥ ગુ૦ ॥૧॥
તું સાહીબ સોહામણો ॥ સા૦ ॥ બીજો ના વેદાય ॥ ગુ૦ ॥
એહ રંગ સદા હોજો ॥ સા૦ ॥ જ્યાં લગે શિવપદ થાય ॥ગુ૦॥૨॥
ભવ અનંત ભમતાં થકા ॥ સા૦ ॥ પુણ્યે પામ્યો આજ ॥ ગુ૦ ॥
તો મુજ મનવંછિતફલો ॥ સા૦ ॥ સિધ્યાં સઘળાં કાજ ॥ગુ૦॥૩॥
રાગરહિત પ્રભુ તું કહ્યો ॥ સા૦ ॥ મુજને તુજશું રાગ ॥ ગુ૦ ॥
સરિખા વિણ પ્રભુ ગોઠડી ॥ સા૦ ॥ કેમ બની અવિલાગ ॥ગુ૦॥૪॥
કૃપાનિજરે સાહેબતણે ॥ સા૦ ॥ સેવકના દુખ જાય ॥ ગુ૦ ॥
અનંત ઋદ્ધિકીર્તિ ઘણી ॥ સા૦ ॥ જગમાં જશ બહુ થાય ॥ગુ૦॥૫॥

અથશ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન.

કંથ તમાકુ પરિહરો એ દેશી.

ચંદ્ર પ્રભુ જિનસાહબા, તું છે ચતુર સુજાણ મહારાજ ।
સેવક જનની વીનતિ, એતું દિલમાં આણ ॥મહા૦॥ ચંદ્રપ્રભુ.॥૧॥
કાલ અનાદિ હું ભમ્યો, કહેતાં નાવે પાર ॥ મહા૦ ॥
એકેંદ્રીની જાતિમાં, અનંતકાલ અવધાર ॥ મહા૦ ॥ ચંદ્ર૦ ॥૨॥
એમ વિકલેંદ્રિની જાતિમાં, વસીઓ કાલ અસંખ ॥ મહા૦ ॥
છેદન ભેદન વેદના, સહ્યા તે અસંખ ॥ મહા૦ ॥ ચંદ્ર૦ ॥૩॥
પુણ્ય જોગ વલી પામીઓ, પંચેંદ્રીની જાતિ ॥ મહા૦ ॥
તે માંહે અતિ દોહલો, માનવની ભલી જાતિ ॥મહા૦॥ચંદ્ર૦ ॥૪॥
હવે તુમ સેવા પામીઓ, તો સર્યો મુજ કાજ ॥ મહા૦ ॥
ઋદ્ધિકીર્ત્તિ અનંતી થાપીયે, આપો શિવનું રાજ ॥ મહા૦ ॥૫॥

અથશ્રી સુવિધિનાથ જિન સ્તવન.

તુમે રાજનગરના રાજાજી સાહેબ સાંભળો એ દેશી.

સુવિધિ જિનેશ્વર સ્વામિજી સાહેબ સાંભળો, તમે ઋદ્ધિ અનંતી પામીજી ॥ સા૦ ॥
જે ઋદ્ધિનો હું છું કામીજી ॥ સા૦ ॥ તે વીનતિ કરૂં શિરનામીજી ॥ સા૦ ॥ ૧ ॥
ત્રણગઢમાં બેઠા સોહેજી ॥ સા૦ ॥ ભવિજનના મનમોહેજી ॥ સા૦ ॥
શિર ઉપર છત્ર બિરાજેજી ॥ સા૦ ॥ ત્રણે જનના સંશય ભાજેજી ॥ સા૦ ॥ ૨ ॥
વાજીત્ર કોડાકોડી વાજેજી ॥ સા૦ ॥ સવિ પર્ષદા રહે કરજોડીજી ॥ સા૦ ॥
વાણી તિહાં અમીય સમાણીજી ॥ સા૦ ॥ સાંભળે સવિ ઇંદ્રાણીજી ॥ સા૦ ॥ ૩ ॥
બેહુ પાસે ચામર લહકેજી ॥ સા૦ ॥ પંચવર્ણી કુસુમ બહુ મહકેજી ॥ સા૦ ॥
ઇમ જે તુજ ઋદ્ધિના રસિયાજી ॥ સા૦ ॥ તસપાપબંધ સવિ ખસીઆજી ॥ સા૦ ॥ ૪ ॥
એમ વિનતિ કરી પ્રભુ તુઠયાજી ॥ સા૦ ॥ શ્રી સુવિધિ જિનેશ્વર વુઠયાજી ॥ સા૦ ॥
ઋદ્ધિ કીર્ત્તિ અનંતી આપેજી ॥ સા૦ ॥ શિવપદવી સુજસ થાપેજી ॥ સા૦ ॥ ૫ ॥

અથશ્રી શીતળનાથ જિન સ્તવન.

સિદ્ધારથનારે નંદન વિનવું એ દેશી.

શીતળ જિનવર સાહિબ વિનવું, વીનતડી અવધાર ।
ભવમંડપમાંરે ફરી ફરી નાચતાં, કિમય ન આવ્યો પાર ॥શીતળ.॥૧॥
લાખચોરાશીરે યોનીમાં વળી, લીધાં નવનવ વેષ ।
ભમંત ભમંતારે પુણ્યે પામીઓ, આર્ય માનવ વેષ ॥શીતળ.॥૨॥
તિહાં પણ દુર્લભ જ્ઞાનાદિ સાંભળી, જેથો સીઝેરે કાજ ।
તે પામીને ધર્મ જે નવિ કરે, તે માણસનેરે લાજ ॥શીતળ. ॥૩॥

જ્ઞાન દર્શન ચારિત્ર ભલું, જે એહ પામેરે સાર ।
તેહ ભવિકજન નિશ્ચય પામશે, વહેલો ભવનો પાર ।।શીતર. ।।૪।।
તુમ્હ સેવાથીરે સાહિબ પામીએ, અવિચળ પદવી વાસ ।
ઋદ્ધિકીર્તિરે અનંતી થાપે, આપે શિવપુર વાસ ।।શીતળ ।। ।।૫।।

અથશ્રી શ્રયાંસ જિન સ્તવન.

મુનિમાન સરોવર હંસલો એ દેશી.

શ્રી શ્રેયાંસ કૃપા કરો, તું જગબાંધવ તાતોરે ।
અલખ નિરંજન તું જ્યો, તું છે જગમાં વિખ્યાતોરે ।।શ્રીશ્રેયાંસ.।।૧।।
ધન્ય ધન્ય નરભવ તેહનો, જેણે તુજ દર્શન પાયોરે ।
માનુ ચિંતામણિ[1] સુરતરૂ, તસ ઘરે ચાલી આયોરે ।। શ્રી. ।।૨।।
ધન્ય તે ગામ નગરપુરી, જસ ઘરે તું પ્રભુ આયોરે ।
[2]ભગતિ ધરી પડિલાભીએ, તેણે બહુ સુકૃત કમાયોરે ।।શ્રી. ।।૩।।
જિહાં જિહાં ઈમ પ્રભુ ગયો, તિહાં બહુ પાપ પલાયોરે ।
તુજ મૂરતિ નિરખી ભલી, જેણે તું દિલમાં ધાયોરે ।।શ્રી. ।।૪।।
હવે મુજ પ્રભુ લહીજે, તુજ ચરણ નિવાસોરે ।
ઋદ્ધિ અનંતી આપીએ, કીર્તિ અનંતી આવાસોરે ।।શ્રી. ।।૫।।

અથશ્રી વાસુપૂજય જિન સ્તવન.

અષ્ટકર્મ ચરણ કરીરે લાલ એ દેશી.

વાસુપૂજય જિન વંદીયેરે લાલ, વાસવસારે સેવ મેરેપ્યારેરે ।
તું જીનજી સોહામણોરે લાલ, વાંછિત દે નિત્યમેવ ।।મે.।।વાસુ.।।૧।।
વસુપૂજય કુલ ચુડામણિરે લાલ, જયા માતનો નંદ ।।મેરે.।।
તું દાનેશ્વર સિહુરોરે લાલ, તુજ નામે નિત્ય આનંદ ।।મે ।।વાસુ ।।૨।।
તુજ ધ્યાને સુખસંપદારે લાલ સેવે સુરનર પાય ।।મેરે.।।
રોગ સોગ ઉપદ્રવ્યારે લાલ, દૂરે સર્વ બલાય ।।મેરે.।।વાસુ.।।૩।।
ચંપાનયરી અતિ ભલીરે લાલ, જિહાં ઉપન્યા જિનરાય ।।મેરે.।।
ઓચ્છવરંગ વધામણારે લાલ,ઘરે ઘરે મંગળમાલ ।।મેરે.।।વાસુ.।।૪।।

---

૧ કલ્પવૃક્ષ. ૨ ભક્તિ.

બારમા જિનવર સાંભળોરે લાલ, સેવકની અરદાસ ।।મેરે।।
ઋદ્ધિકીર્તિ અનંતી દીજીયેરે લાલ, પુરો એ મુજ આસ ।મે।વા।।૫।

અથશ્રી વિમળનાથ જિન સ્તવન.

વિમળ જિનવર વિમળ જિનવર, વિમળ તાહરૂં નામરે ।
વિમળ જિનવર ધ્યાન ધરતા, વિમળ લહીયે ઠામરે ।।વિમળા।।૧।।
વિમળજ્ઞાને તુમ્હ શોભે, વિમળમતિ વિસ્તારરે ।
વિમલ મૂર્તિ નિરખતાં પ્રભુ, પામે ભવનો પારરે ।। વિમળ ।।૨।।
વિમલ મહાવ્રતનો ધણિ તું, વિમલપ્રભુ [1]નિવાણરે ।
વિમલ લેશ્યા તુજ પાસે, વિમલ શુકલ ધ્યાનરે ।। વિમળ ।।૩।।
વિમળ તે જે તુમ્હ શોભે, વિમલ દરશન તુજરે ।
વિમળ સુરત તાહરી, વિમળ કરો હવે મુજરે ।।વિમળા।। ૪।।
ગુણ અનંતા તાહરા પ્રભુ કિમ કહું હું મતીમંદરે ।
ઋધિકીર્ત્તિ અનંતી છે જિહાંતે, આપો શિવસુખ કંદરે ।।વિમળા।।

અથશ્રી અનંતનાથ જિન સ્તવન.

ધણરા ઢોલા—એ દેશી.

શ્રી અનંતજિન સાહિબારે, તુમે છો દીનદયાળ મનના માન્યા ।
ત્રણ જગત જ્યોતાંથકારે, પામ્યો પ્રભુજી [2]અયાલ મનના માન્યા ।।૨।।
આવ્યો આવ્યો ઉત્તમ ગુણ રાગી, પ્રભુ ગુણગાવા મતી જાગી ।
હું પામ્યો આનંદપૂર ।। મન૦ ।। આંકણી ।।
સિંહસેન કુલ ચંદિનમણિરે, સુયસા માતા ઉરે હંસ ।। મ૦ ।।
અયોધ્યા નગરીનો રાજીયોરે, સયલ ગુણ અવતંસ ।। મન૦ ।।૨।।
વરસીદાન દેઈ કરેરે, ટાલે દારિદ્ર દુખ ।। મન૦ ।।
ચારિત્ર લેઈ સહુસ ભૂપમુંરે, હતા જીવને સુખ ।।મન૦।। અવ્યો ।।૩।।
કેવળજ્ઞાન પામી કરીરે, કે ભવિને ઉપદેશ ।। મન૦ ।।
દાન શીયળ તપ ભાવનારે, કરો ભવિ શુભલેશ ।।મન૦।।આવો૦।।૪।।
ચૌદમે ગુણઠાણે ચરીરે, ચૌદમે જિન શિવ લિદ્ધ ।। મન૦ ।।
ઋદ્ધિકીર્ત્તિ પદવી થાપીનરે, આપો અમૃતસિદ્ધ ।।મન૦।। આવો૦।।૫।।

---

૧ મોક્ષ. ૨ સુખ.

અથશ્રી ધર્મનાથ જિન સ્તવન.

રંગીલે આતમા—એ દેશી.

ધર્મ જિનેશ્વર પંદરમાં, અવધારો અરદાસ રંગીલે આતમા ।
[1]શરણાર્થિ હું આવીઓ, રાખ્યો ચરણે દાસ ॥ રંગીલે ॥ ૧ ॥
ક્રોધ પાવક ઉઠે થકે, બોલે પુન્યનું ખેત્ત ॥ રં૦ ॥
માન મતંગજ જે ચઢયા, તેહને કીધો દુખ સંકેત ॥ રં૦ ॥ ૨ ॥
માયા સાપણ જે ડસી, તે નગણે મિત્ત અમિત્ત ॥ રં૦ ॥
લોભ પિશાચે જે ગ્રસ્યા, તે નિસદીન ચાહે ચિત્ત ॥ રં૦ ॥ ૩ ॥
ક્ષમા માર્દવ આર્જવ ગુણે, સંતોષ સુભટ કરો હાથ ॥ રં૦ ॥
ક્રોધાદિક ચાર નવિ રહે, સિંહનાદે ગજ સાથ ॥ રં૦ ॥ ૪ ॥
ધર્મિસેરે ધર્મનાથને, ન્યાયે સેવ જમ ન્યાય ॥ રં૦ ॥
ઋદ્ધિ કીર્ત્તિ અનંતી આપો, જિમ અમૃત પદ મુજ થાય ॥રં૦॥૫॥

અથશ્રી શાંતિનાથ જિન સ્તવન.

જરે જી ની—એ દેશી.

જરે મારે શાંતિ જિનેસર દેવ, અરજ સુણો પ્રભુ માહરી જરેજી ।
જરે મારે ભવમાં ભમતા સાર, સેવા પામી તાહરો ॥ જરે૦॥૧॥
જરે મારે માનું સાર હું તેહ, હરિહર દિઠા લોયને ॥ જ૦ ॥
જરે મારે દીઠો લાગ્યો રંગ, તુમ્હ ઉપર એકે મને ॥ જ૦ ॥ ૨ ॥
જરે મારે જમ પંથિ મન ધામ, સીતાનું મન રામસું ॥ જ૦ ॥
જરે મારે વિષયીને મન કામ, લોભીનું ચિત્ત દામસું ॥જ૦॥૩॥
જરે મારે એવો પ્રભુ શું રંગ, તેતો તુમ્હ કૃપા થકી ॥ જ૦ ॥
જરે મારે ભવ નિરવેદ અત્યંત, નિત્યે જ્ઞાન દિશા થકી ॥જ૦॥૪॥
જરે મારે શાંતિ કરો શાંતિનાથ, શાંતિતણો અરથી સદા ॥જ૦॥
જરે મારે ઋદ્ધિ કીર્ત્તિ તમ પાસ, અમૃતપદ આપો વહી ॥જ૦॥૫॥

---

[1] શરણ માગનાર.

અથશ્રી કુંથુનાથ જિન સ્તવન.

નદી યમુનાકે તીર ઉડ દ્વાય પંખીયા—એ દેશી,

કુંથુ જિનેસરૂ દેવ સેવા પ્રભુ તુમ્હ તણીરે ॥ સે૦ ॥
કીજે આતમ એક મના થઈ તે ઘણીરે ॥ મ૦ ॥
ચિંતામણિ કામધેનુ પ્રભુ નીત્યે ખરીરે ॥ પ્રભુ૦ ॥
કલ્પવૃક્ષ કામ કુંભ સમાણી ચિત્ત ધરીરે ॥ સ૦ ॥ ૧ ॥
તેહથી અધિકી સેવ સ્વામિની જાણીએ,
તેમાં નહિ સંદેહ કે મનમાં આણીએરે ॥ મ૦ ॥
તુમ્હ સેવાથી રાજઋદ્ધિ સંપદ સવિરે ॥ ઋ૦ ॥
વળી સુરાસુર ઇંદ્રાદિક પદવી હવીરે ॥ ઇં૦ ॥ ૨ ॥
તિર્થંકર પદવી લહે સેવાથી જનારે ॥ સે૦ ॥
જિમ શ્રેણિક નરનાથ પામ્યો પ્રભુ મામનારે ॥ પા ॥
રાવણ નામ નરેંદ્ર અષ્ટાપદ આવીયોરે ॥ અ૦ ॥
તે પામ્યો જિન પદવી નાટક ભાવીઓરે ॥ ના૦ ॥ ૩ ॥
જિહાં નહિ રોગને સોગ જન્મમરણ નહીરે ॥ જ૦ ॥
અનંત જ્ઞાન દર્શન સુખ વીર્યતે સહિરે ॥ સુ૦ ॥
સિદ્ધપુરી એને નામે લોકાંતે અતિ ભલીરે ॥ લો૦ ॥
પ્રભુ ચરણ સેવાથી આતમ પામીસતે ભલીરે ॥ પા૦ ॥૪॥
સુરરાજા જસ તાત શ્રીમાતા જાણીયેરે ॥ શ્રી૦ ॥
દેહ કંચનમય પાંત્રિશ ધનુષ્ય વખાણિયેરે ॥ ધ૦ ॥
[1]છાગલંછન સુખકારક ગજ પુરે રાજીયોરે ॥ ગ૦ ॥
ઋદ્ધિ કીર્ત્તિ સુખ આપશે સેવક દુખ ભાજિઓરે ॥સે૦॥૫॥

અથશ્રી અરનાથ જિન સ્તવન.

સુણી પસુયાં વાણિરે--એ દેશી.

ગજપુર નરે દારે, સેવે સવિ ઇંદારે ।
મુખસોહે પુનમચંદા, ભવિ મનમોહતોરે ॥ ૧ ॥
રાય સુદર્શન તાતરે, દેવી રાણી માતરે ।
તસકુલે તે તાત, જસો તું [2]રદિનમણિરે ॥ ૨ ॥

---

૧ બકરો. ૨ સૂર્ય

સુવર્ણ જસી કાયરે, નહિ મમતા માયરે ।
તુમ્હ ગુણ સવિ ગાય, દેવી થોકે મળેરે ॥ ૩ ॥
હુતો પ્રભુ પાઉરે, ગુણતોરા ગાઉરે ।
સુખે તો થાએ જો મુજ મન વસેરે ॥ ૪ ॥
અરનાથ જિનંદારે, જસો સુરતરૂ કંદારે
ઋદ્ધિ કીર્ત્તિ આપશે, સેવકને સહિરે ॥ ૫ ॥

અથશ્રી મલ્લિનાથ જીન સ્તવન.

દેશી લલનાની.

મલ્લિનાથ મુજ ચિત્તવસે, જિમ કુસુમમાં વાસ લલના ।
ઉત્તમ નર જિહાં કિણવસે, તે થાયે સહિ ઉલ્લાસ ॥લલ૦॥ મલ્લિ૦॥૧॥
સૂર્ય વિના જેમ દિન રહે, પુણ્યવિના નહિ શર્મ ॥ લલના૦ ॥
પુત્રવિના સંતતિ નહિ, મનશુદ્ધ વિના નહિ ધર્મ ॥લલ૦॥મલ્લિ૦॥૨॥
શુદ્ધ વિદ્યા ગણવે નહિ, ધન વિના નહિ માન ॥ લલના૦ ॥
દાનવિના જિમ યશ નહિ, કંઠવિના નહિ ગાન ॥લલ૦॥મલ્લિ૦॥૩॥
સાહસવિના સિદ્ધિ નહી, ભોજનવિના નહિ દેહ ॥ લલના૦ ॥
પૃષ્ટિ વિના સુભિખ નહિ, રાગવિના નહિ દેહ ॥લલ૦॥મલ્લિ૦॥૪॥
તેમ પ્રભુને સેવ્યા વિના, મોક્ષ ન પામે કોય ॥ લલના૦ ॥
એતો તુમ આણા વડી, જિમ ઋદ્ધિ કીર્ત્તિ હોય ॥લલ૦॥મલ્લિ૦॥૫॥

અથશ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

હોનનદલ-એ દેશી.

મુનિસુવ્રત જિન વીશમાં, એતો વિસ વિસા છે શુદ્ધ જિનવર ।
એ પ્રભુ નીજ ચિત્તધરે, તે થાયે ત્રિભોવન બુદ્ધ ॥જિન૦॥મુનિસુ૦॥૧॥
સુમિત્ર નૃપકુલ શોભતા, પદ્મારાણી ઉરહંસ ॥ જિન૦ ॥
રાજગૃહી નગરીનો રાજીઓ, ગુણ ગાજ્યો ગુણ અવતંસ ॥જિ૦મુનિ૦॥૨॥
કૂર્મલંછન પાએ ભલું, લક્ષણ શોભિત અંગ ॥ જિન૦ ॥
ઉનમ સહસ રાજનમું, ચારિત્ર લે મનરંગ ॥ જિન૦॥મુનિ૦ ॥૩॥

---

૧ કાચબો.

ત્રીસ સહસ સાધુ ભલા, મહાસતી સંખ્યા જાણ ॥ જિન૦ ॥
પચાસ સહસ ગુણે ભરી, તસધ્યાન હૃદયમાં આણ ॥જિન૦॥મુનિ૦॥૪॥
શ્યામ વરણ ઉજળું કરે, જિહાં રહે પ્રભુ ગુણખાણ ॥ જિન૦ ॥
સમેતશિખર મુગતે ગયા, ઋદ્ધિ કીર્ત્તિ અમૃત વાણ ॥જિ૦॥મુનિ૦॥૫॥

અથ શ્રી નમીનાથ જીન સ્તવન.

નાભિરાનાકે બાગ ચંપા મોહોરી રહ્યોરી—એ દેશી.

વિમ્રાનંદન એક નાથ, મસ્તક યહ કરેારી ।
કરે યોગને ક્ષેમ, તેહજ નાથ ખરેારી ॥ ૧ ॥
જ્ઞાન દર્શન ચારિત્ર, પામ્યેા નહિ કહિયેરી।
દર્શન જ્ઞાન ચારિત્ર, આપ વૈયેાગ હોયેરી ॥ ૨ ॥
પામી વસ્તુ જે સાર, અનુભવ કરે ગુણેરી ।
તે રાખે ભલી ભાત, જાણેા ક્ષેમ મનેરી ॥ ૩ ॥
સાચેા તેહજ નાથ, આપ સમેા જે કરેરી ।
જે ન કરે આપ સમાન, તે મત કુણ ધરેરી ॥ ૪ ॥
નમિનાથને નામે, રાચેા માચેા ભવિ રી ।
ઋદ્ધિને કીર્ત્તિ સાર, અમૃતપદ હવી રી ॥ ૫ ॥

અથ શ્રી નેમિનાથ જિન સ્તવન.

શ્રી વર્દ્ધમાન જિન રાજીયારે એ દેશી.

નેમિ જિનેસર વાલહેારે, રાજુલ કહે ઈમ વાણરે મનવસીયા ।
એહજ મેં નિશ્ચય કીયેારે, સુખદાયક ગુણ ખાણરે શિવરસીયા ॥૧॥
કૃપાવંત શિરેામણિરે, મેં સુણેા ભગવંતરે ॥ મન૦ ॥
હરિણ શશાદિક જીવનરે, જિવીત આખુ સંતરે ॥ શિવ૦ ॥ ૨ ॥
મુજ કૃપા તે નવિ કરીરે, જાયુ સહિ વીતરાગરે ॥ મન૦ ॥
યાચક કૃપણીયા દીનનેરે, દીધું ધન મહા ભાગ્યરે ॥ શિવ૦ ॥ ૩ ॥
માગું હું પ્રભુ એટલુંરે, હાથ ઉપર ધો હાથરે ॥ મન૦ ॥
તે આપિ તુમ્હ નવિ શકેારે, આપેા ચારિત્ર હાથરે ॥ શિવ૦ ॥૪॥
ચારિત્ર એાથ આપી કરીરે, રાજુલ નિજ સમ કીધરે ॥ મન૦ ॥
ઋદ્ધિ કીર્ત્તિ પામી કરીરે, અમૃત પદવી લીધરે ॥ શિવ૦ ॥ ૫ ॥

અથ શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

રાજાના મિલે—એ દેશી.

વામાનંદન પાસ જિણંદ, પમ્યો પૂરવ પુણ્યે આણંદ પ્રભુ એ ભલો ।
પામી નરભવ જે જપે પાસ, પહોંચે સઘળી તેહની આશ ॥પ્રભુ૦॥
રોગ સોગ ન હોય [૧]મારિ, [૨]હરિ નવિ નાવે પાસે કુનારિ ॥ પ્ર૦॥
પાસ પ્રભુનો જે કરે જાપ, નાવે પાસે [૩]અરિકરિ [૪]સાપ ॥પ્ર૦॥૨॥
આધિ વ્યાધિ ન થાય દુકાલ, જે પાસ જાપ કરે ત્રિકાલ ॥ પ્ર૦ ॥
શાકણ ડાકણ ભૂત પ્રેત, જાયે નાઠા દુષ્ટ સંકેત ॥ પ્ર૦ ॥ ૩ ॥
કામ કુંભને જે સુરનર, વશ થાય પાસ ધ્યાને જક્ષ ॥ પ્રભુ૦ ॥
વિઘાદેવી વશ પાસને નામ, રાયરાણી સવિ કરે પ્રણામ ॥પ્રભુ૦॥૪॥
ત્રેવીશમો શ્રી પાર્શ્વનાથ, સાચો સહ્યો મેં મુક્તિનો સાથ ॥પ્રભુ૦॥
ઋદ્ધિને કીર્ત્તિ પ્રભુથી થાય, અમૃતપદનો એહ ઉપાય ॥પ્રભુ૦॥૫॥

અથ શ્રી મહાવીરસ્વામિ [illegible] સ્તવન.

દીઠો દીઠોરે મેં વામાનંદન દિઠો—એ દેશી.

ગાયો ગાયો રે મેં ત્રિશલા નંદન ગાયો,
હર્ષ બહુમાન આનંદ પામી એ સમકિતનો ઉપાયોરે ॥મેં૦ ત્રિ૦॥૧॥
તું કૃપાનિધિ તું સમતાનિધિ, તું મુજ માતને ભ્રાતા ।
જ્ઞાતા ત્રાતા શાતા કરતા, મુજ ભવભયનો હરતારે ॥મેં૦ ત્રિ૦॥૨॥
સૂલપાણીને સમકિતદીધું, [૫]ચંડકૌશિક તાર્યો ।
સેવક પ્રભુ કાંઈ વિસારો, અબ પ્રભુ મુજને તારોરે ॥મેં૦ ત્રિ૦॥૩॥
તુમ્હ સરિખો શિર સાહિબ પામી, જે કરશે પરમાદા
તે દુખિયા થાશે નહીં સંશય, ભવમાં પામી વિષવાદારે ॥મેં૦ ત્રિ૦॥૪॥
મુકી પ્રમાદને પ્રભુપદ સેવો, એ નરભવનો મેલો ।
ઋદ્ધિ કીર્ત્તિ દેવે વિરદેવો, અમૃતપદ હર્ષે લેવોરે ॥વેં૦ ત્રિ૦ ॥૫॥

ઇતિ કીર્ત્તિવિમલજી ચઉવીશી સંપૂર્ણ

---

૧ મરકી. ૨ સિંહ. ૩ શત્રુ. ૪ હાથી. ૫ ચંડકૌશિક નાગ.

અથશ્રી શાંતિનાથ જિન સ્તવન.

સેવો ભવિયાં શાંતિજિનેસર, જે છે સુખનો દાતાજી;
જન્મ મરણ તણા દુઃખ વારી, આપે શિવસુખ શાતાજી;॥સેવો૦૧॥
જેભવિ પ્રભુને નિત્યેધ્યાવે, તે સુખ સંપદ પાવેજી;
દિન દિન યશ [1]અભિનવ થાવે, તે [2]અક્ષયપદ પાવેજી ॥સેવો૦૨॥
અચિરા માતાએ પ્રભુ જાયો, ઇંદ્ર ઇંદ્રાણી ગાયોજી;
વિશ્વસેન કુલ જશ તું આયો, તિહાંથી યશ સવાયોજી ॥સેવો૦૩॥
શાંતિ હુવે જગમાં જશ સહુને, તિણે શાંતિ નામ ઠરાયોજી;
તે જિનશાંતિ જે ભવિગાવે, તસઘરે નવનિધિ આવેજી ॥સેવો૦૪॥
શાંતિજિનેસર સાહિબ મેરો, હું છું સેવક તારોજી;
ભવ ભવ ભ્રમણતણાં દુઃખ કાપો, ઋદ્ધિ કીર્ત્તિ અનંતી આપોજી
॥ સેવો૦ ॥ ૫ ॥ ઇતિ૦ ॥

અથશ્રી શાંતિનાથ જિન સ્તવન.

શાંતિજિનેસર ગાઉં રંગશું, નામે નવનિધિ થાય જિનેસર;
જે તુમ ભાવશું સેવા કરે, પાપસર્વે તસ જાય જિનેસર ॥શાંતિ૦૧॥
અચિરામાતાએ પ્રભુજી જનમીયા, શાંતિ હુવે જગમાંય જિણેસર;
ઉચ્છવરંગ હુવા વધામણા, ઘરે ઘરે મંગલ ગાય જિનેસ ॥શાંતિ૦૨॥
ચોસઠ ઇંદ્રસવિ આવી મલ્યા, ઇંદ્રાદિ ગુણગાય જિનેસર;
મેરૂશિખરે જનમ મહોચ્છવ કરે, મનમાં હરખ ન માય જિનેસર ॥શાંતિ૩॥
તુજ ધ્યાને સવિ સંકટ ટળે, ભવભય ભાવઠ જાય જિનેસર;
રોગ સોગ સર્વે વળી આપદા, વૈરી દૂરે પલાય જિનેસર ॥શાંતિ૦૪॥
તું ગતિ તું મતિ તું છે આશરો, તાહરો એક આધાર જિનેસર;
ઋદ્ધિ કીર્ત્તિ અનંતી થાપીને, આપો શિવસુખ સાર જિનેસર
॥ શાંતિ૦ ॥ ૫ ॥ ઇતિ૦ ॥

---

૧ નવું. ૨ ક્ષય નહિ તે.

અથશ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

રાગ-પ્રાહુણડારે છડદલે રાંધુંરે ભાત—એ દેશી.

પ્રાણિસરરે અરજ કરૂં તુજ આજ, વાણારસી નગરીના ધણીરે;
રાજેસરરે ટાળે[1] વિષય વિકાર, પ્રતાપે તે ચૂરે ઘણુંરે ॥ ૧ ॥
પ્રાણિસરરે કર્મતણા અંકૂર અદ્રમાંહિ તે ઝૂલતારે;
રાજેસરરે ક્રોધતણાં દલપૂર મોહે કરીને શોભતારે ॥ ૨ ॥
પ્રા૦ રાગદ્વેષ તિહાંજોદ્ધાર,[2] પ્રકૃતિ તિહાં વાગીયારે;
રા૦ દલમલવ્યું ઈણઠામ, પાપ પ્રકૃતિના ઉદય થકીરે ॥ ૩ ॥
પ્રા૦ કહેતાં નાવેરે પાર હું તુજને શું વિનવુંરે;
રા૦ કરજે તું ભારીરે સાર, નેહશું નજરે જોઈ કરીરે ॥ ૪ ॥
પ્રા૦ તું માહરો પ્રાણ આધાર પ્રાણથકી પ્યારો ઘણુંરે;
રા૦ પ્રાણવલ્લભદેવ, પાર ઉતારે મુજનેરે ॥ ૫ ॥
પ્રા૦ દેખું તાહરોરે દીદાર, તન મન ઉલ્લસે માહરોરે;
રા૦ તુજથી નહિ છાનીરે વાત, હું તુજને વળી શું કહુંરે ॥ ૬ ॥
પ્રા૦ [3]ભ્રષ્ટ થયા મદપૂર, સંવર ભાવ દેખી કરીરે;
રા૦ પ્રગટ્યા પુન્ય પડુર તા'રા નામ સ્મરણ થકીરે ॥ ૭ ॥
પ્રા૦ પાપ ગયાં સવિ દૂર, મોહરાયને તેં હણ્યોરે;
રા૦ ક્રોજ થઇરે[4] વિસરાલ, દેખી દર્શન તાહરોરે ॥ ૮ ॥
પ્રા૦ તુજસમ અવર ન દેવ, સંસારમાંહિ બીજો વળીરે;
રા૦ ભળી ભળી લાગુંરે પાય, ભામણડાં લેઉ તાહરીરે ॥ ૯ ॥
પ્રા૦ ચિત્તડું રે તાહરેરે પાસ, સેવકને નિરવાહજોરે;
રા૦ અશ્વસેન હિતકાર વામાદેવી ઉર ધર્યોરે ॥ ૧૦ ॥
પ્રા૦ ટળીયા દુઃખ જંજાલ ચરણ શરણ એક તાહરોરે
રા૦ કુંવરવિમલ કવિરાજ કીર્તિવિમલ તુજને સ્તવ્યોરે ॥ ૧૧ ॥

અથશ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

પાસ જિનેસર પ્રગટ પ્રભાવે, પૂરો સેવક આશોરે;
તુજ નામે મનવંછિત સીજે, નવનિધિ હુવે ઘર વાસોરે ॥પાસ૦॥૧॥
અશ્વસેન કુલ કમલ દિવાકર, માતા વામાદે નંદારે;

---

૧ ઝેર ૨ સ્વભાવ ૩ નાશ થયા ૪ વિનાશ્ય.

તુજ પ્રભાવે સવિ ભય નાસે, પામે પરમાનંદરે ॥ પાસ૦ ॥ ૩ ॥
તેં નાગને કીધો ધરણેંદ્રો, કમઠ હઠ મદ ગાલ્યોરે;
તુમ પાય સેવાથી તે પાયો, સમકિત રયણ સવાયોરે ॥પાસ૦॥૩॥
વાઘ સિંહ વિષ ઘર[૧] ભય નાસે, ચોર તે નાવે પાસેરે;
તુજ સેવાથી વૈરી નાસે, વંછિત પૂગે આશોરે ॥ પાસ૦ ॥ ૪ ॥
તુમ નામે નવનિધિ ઘરે આવે, પામે શિવસુખ રાળોરે;
ઋદ્ધિસિદ્ધિ કીર્ત્તિ તે પાવે, જે તુમ ગુણ નિત ગાવેરે ॥પાસ૦॥૫॥ ઇતિ॥

અથશ્રી કોકા પાર્શ્વનાથ જિન સ્તવન.

પાસ જિનેસર પૂજે પ્રેમશું, પૂજે શિવસુખ થાય વાલેસર;
નામે નવનિધિ આવી મલે, વૈરિ દૂરે પલાય વાલેસર ॥પાસ૦॥૧॥
તું ગતિ તું મતિ છે આશરો, તું મુજ પ્રાણ આધાર વાલેસર;
[૨]સુરતરૂ [૩]સુરમણી [૪]સુરગવી જે કહ્યાં, તેહથી અધિક દાતાર વાલેસર
॥ પાસ૦ ॥ ૨ ॥
ચોસઠ ઇંદ્ર ચરણે આવી નમે, હૈડે હરખે ન માય વાલે૦
સુરનર કિન્નરને વળી કિન્નરી, ઇંદ્રાણી ગુણગાય વાલે૦ ॥પાસ૦॥૩॥
કોકા પાડામાંહિ બિરાજતો, કોકો પારસનાથ વાલે૦
જે ભવિ ભાવશું પૂજા કરે, તે થાવે શિવવધૂ નાથ વાલે૦॥પાસ૦॥૪॥
ગુણ અનંતા છે પ્રભુ તાહરા, કહેતાં નાવે પાર વાલે૦
અનંત ઋદ્ધિ કીર્ત્તિ ઘણી, તે આપો મુજને સાર વાલે૦
॥ પાસ૦ ॥ ૫ ॥

અથશ્રી ભાભા પાર્શ્વનાથ જિન સ્તવન.

પાસ જિનેસર વિનતિ, અવધારો પ્રભુ મોરીરે;
તું સાહેબ સોહામણો, સેવા કરું હું હવે તોરીરે ॥ પાસ૦ ॥ ૧ ॥
અશ્વસેન કુલ ઉપન્યો, વામારાણી જાયોરે;
ઉચ્છવરંગ વધામણાં, નવનવિ ભાતે ગાયોરે ॥ પાસ૦ ॥ ૨ ॥
નાગ બલંતો કાઢીઓ, તિહાં દીધો તેં નવકારોરે;

---

૧ ઝેર ૨ કલ્પવૃક્ષ ૩ ચિંતામણી ૪ કામધેનુ ગાય

તુજ દરસનથી તે થયો, વળી ધરણેંદ્ર સિરદારોરે ॥ પાસ૦ ॥ ૩ ॥
ભાભા પાડામાં શોભતો, શ્રીપાસ જિનેસર ભાલોરે;
જે પ્રભુના સેવા કરે, તે પામે શિવસુખ લાલોરે ॥ પાસ૦ ॥ ૪ ॥
તુજનામે સંકટ ટલે, વળી નાસે ભવભવ પાપોરે;
અવિચલ ઋદ્ધિ કીર્તિ ઘણી, તે પ્રભુજી મુજને આપોરે ॥પાસ.॥પપ્રતિ.॥

અથશ્રી મહાવીર જિન સ્તવન.

વીરજિણેસર વંદીએ, જેણે કીધો તપ ઉદારોરે;
એક છમાસી પૂરો કરો, બીજો, પંચે દાડ ઉણો કરોરે ॥શ્રી૦॥૧॥
નવ ચોમાસી આદરી, વળી ત્રણમાસી બે વારોરે;
બે માસી તપ છ કર્યા, અઢીમાસી બે તસ સારોરે ॥વીર૦॥૨॥
બાર તે માચખમણ કર્યા, વળી દોઢમાસી બે વારોરે;
બહોતેર પાસખમણ કર્યા, અટ્ઠમ બાર વિચારોરે ॥ વીર૦ ॥ ૩ ॥
બસે નેઉ ગુણ છત્રીશ, છટ્ઠ કર્યા ઘણું સારોરે;
ભદ્રને મહા ભદ્રાદિક, પ્રતિમા ત્રણ પ્રધાનોરે ॥ વીર૦ ॥ ૪ ॥
બાર વરસ છદ્મસ્થપણે, ઉપરે સાડા છ માસોરે;
ત્રણસે નેઉ ગુણ પંચાસ પારણાં, આકી ઉપવાસોરે ॥ વીર૦ ॥પ॥
વૈશાખ શુદી દશમી દિને, પામ્યા કેવળજ્ઞાનોરે;
ભવિકજીવ પ્રતે બુઝવ્યા, જિણે લીધા મુગતિના રાજોરે ॥વીર૦॥૬॥
વીરતણા ગુણ ગાવતાં, ઘરે હોઈ મંગલમાલોરે;
ઋદ્ધિ કીર્ત્તિ તે નિત લહે, જસનામ જપ્યાં જે સારોરે ॥વીર૦॥૭॥



ઇતિશ્રી કીર્તિવિમળજી સ્તવન

સંગ્રહ. સમાપ્ત.



શ્રી દાનવિમલજી કૃત

ચતર્વિંશતિકા.

અથ શ્રી ઋષભદેવ જિન સ્તવન.

શાન્તિ સલુણા સાહિબા—એ દેશી.

પ્રથમ જિણંદ મયા કરી, અવધારો અરદાસોરે;
આપે પ્રસન્ન થઈ સદા, પૂરો વંછિત આશોરે ॥ પ્રથમ૦ ॥ ૧ ॥
વિમલ કમલ મધુકર સહિ, પ્રાણજીવન પર મોહોરે;
તીમ તું મુજ જીવન જડી, પ્રાણ તણી પરે સોહોરે ॥ પ્રથમ૦ ॥ ૨ ॥
આપરૂખા પણ સાહિબા, સેવકને સુખ દાતારે;
લહે જો કમોજ કર્યા થકી, દિયે આપ સરીખી શાતારે ॥ પ્રથમ૦ ॥ ૩ ॥
તુમ્હ સંગતે મહિમા ધરે, નિર્ગુણ ગુણવંત થાવેરે;
મલયાગિરી રૂખડાં, ચંદન ઉપમા પાવેરે ॥ પ્રથમ૦ ॥ ૪ ॥
ભાગ્યદશા મારી ફળી, જો દરિસણ દીઠા તાહરેરે;
વિમલ નવે નિધિ આજથી, દાન દોલત નિત્ય માહરેરે ॥ પ્રથમ૦ ॥ ૫ ॥

અથ શ્રી અજીતનાથ જિન સ્તવન.

વિમલ જીન માહરે તુમ્હશું પ્રેમ એ દેશી.

અજીત જિનેસર સાહિબાજી, વિજયાનંદન સ્વામિ;
બલીહારિ તુમ્હ નામથીજી, માતજીતાડી આજ;
જયંકર સાંભળી માહરી વાત, સાર કરો મુજ તાત ॥ જયં૦ ॥ ૧ ॥
નિજ જીવિત પરિપાલવાજી, વરતે જગતિ અનેક;
પર જીવિત પરિપાલવીજી, દીઠો તું જગે એક ॥ જયં૦ ॥ ૨ ॥
નાથ થઈ અનાથનાજી, જો નવિ જાણે પીડ;
વચને દાખવતાં છતાંજી, તો શું ભાજે ભીડ ॥ જયં૦ ॥ ૩ ॥
કહેતા લાગે કારમોજી, જીવન તું છે ઈશ;

મન મારે નિશ્ચય કીયેાજી, સાહિબ વિસવા વિસ ॥ જયં૦ ॥૪॥
દાન દીયેા દાલત મનેજી, વાંછિતની બક્ષીશ;
વિમલ વધારો આપણેાજી, જશવા જગે જગદીશ ॥ જયં૦ ॥૫॥

અથ શ્રી સંભવનાથ જીન સ્તવન.

ઈણ માખીરી સાલ ભરંગી—એ દેશી.

સંભવ જિનવર સ્વામિજી, એાલગડી અવધાર પ્રભુજી;
મહેર નજરશું નિરખીએ તેા હુએ ચિત્ત કરાર પ્રભુજી ॥સંભવ૦૧॥
દાલતીયા દિદારની, ચાકરની ચિત્તકેાડી પ્રભુજી;
ચિત્તવિમાસી દીજતિ, લાગે કેા નહિં ખેાડ પ્રભુજી ॥ સં૦ ॥ ૨ ॥
ભગવંત આગલ ભગતીથી, બાલક બેાલે બેાલ પ્રભુજી;
પ્રતિપાલક બાલકતણા, તેહનેા બેાલ અમેાલ પ્રભુજી ॥ સં૦ ॥૩॥
[1]એક પખીણેા ચંદ્રમા, નીત નીત નવલે તેજ પ્રભુજી;
નિરખી હરખ ધરી ઉગતે, સાગરને વળી હેજ પ્રભુજી ॥સ૦૪॥
સેવકને નિજ વાતનેા, દાન દીયેા સુખ શાત પ્રભુજી;
એાલગ સ્થિર ચિત્ત રાખ્યેા, વિમલ મને એહવાત પ્રભુજી॥સંભવ૦૫॥

અથ શ્રી અભિનંદન જિન સ્તવન.

નદી યમુનાકે તીર ઉઠે દાય પંખીયા—એ દેશો.

અભિનંદન જિન દેવ, સેવા મેં જો લહી;
સીધ્યાં તેા સવિ કાજ, રાજદર્શન સહી ॥ ૧ ॥
કરૂં વિનતી [2]કરી જોડી, કેાડી મન તાહરે ।
ગુન્હેા કરેા હવે માફ, આપજી માહરેા ॥ ૨ ॥
જે સેવક એક ચિત્ત, નિત્ય સેવા ધરે;
ધરિ મનમાંહિ સ્વામિ નામે શાતા કરે ॥ ૩ ॥
ધાસેાચ્છ્વાસે છેક, ટેક છે માહરી;
અવર ન નામું શીશ, આણુશિરે તાહરી ॥ ૪ ॥

---

૧ શુકલ પક્ષનેા ચંદ્ર. ૨ હાથ.

ગિરૂઆ પુરૂષ કૃપાળ, મયા કરે મારા પરે;
વિમલ કમલ [૧]રવિતેજ, હેજ દાને કરી ॥ ૫ ॥

અથ શ્રીસુમતિનાથ જિન સ્તવન.

કાળો ને છોગાળો બાઈ મેંતો વૃંદાવનમેં દીઠોરે—એ દેશી.

સુમતિ જિનેશ્વર મૂરત સુંદર, સુમતિ પસાયે દીઠીરે ।
અણીયાળી આંખલડી જિનની, મનમાં લાગી મીઠીરે. ॥સુમતિ૦॥૧॥
આશા વિલૂધાં બોધાં માણસ, તારકનીપરે તારેરે ।
આંખતણેલટકે મુખમટકે, નિરખે સેવક જ્યારેરે ॥ સુ૦ ॥ ૨ ॥
આસક એક દીદાર કરારી, પ્રસન્ન હોવે મોટારે ।
અન્નવિ અવરની સેવા કરતાં, શું આપે ચિત્ત ખોટારે ॥સુ૦ ॥૩॥
જો પણ મનમાં સેવક સઘળાં, ગણતી માંહે ગણશેરે;
મનમારે તોહિ આશા પૂરણ, વાતો આહિંજ બનશેરે ॥ સુ૦ ॥૪॥
ભક્તિતણે વશ વિસવાવીસે, સેવા કરવા એહનીરે ।
વિમલ મને દાન વંછિત દેશે, નહિં પરવા તો કેહનીરે ॥ સુ૦॥૫॥

અથ શ્રીપદ્મપ્રભુ જિન સ્તવન.

આદર જીવ ક્ષમાગુણ આદરે...એ દેસી.

પદ્મપ્રભુ શું મનલયલીનો, [illegible] જસ કાયજી ॥
રક્તકમલંછન પદ્માસન પૂરે, બેઠા શ્રી જિનરાયજી ॥ પદ્મ૦ ॥ ૧ ॥
ચંચલ મનછે તો પણ દર્શન, દીઠી થાયે કરારજી ।
મહેર નજરથી નિરખો સાહિબ,તો બિ પખિથી નિરધારજી ॥પદ્મ.॥૨॥
મીઠી મૂરતિ સુરતિ તારી, પૂરિત અમૃત ધારજી ।
અવર નજરમાં નાવે એવી, જો રૂપ હોવે અપારજી ॥ પદ્મ૦ ॥૩॥
આદર કરીને આશ ધરીજે, સમરથની સુવારજી ।
ભાગ્ય ફલે આપ વખતે સારૂં, એહ જવાબ ખરારજી ॥પદ્મ૦॥૪॥

---

૧ સૂર્યની માફક તેજ ૨ કમલ

શંકતણી રગ એહજ પૂરણ, તુંહિજ શ્રી જિનરાજજી ।
વંછિતદાન દયાકર વિમલ, પદ આતમનું કાજજી ॥ પદ્મ૦ ॥ ૫ ॥

અથ શ્રીસુપાર્શ્વનાથ જિન સ્તવન.

સેરી સેરી સામું મિલ્યું, શામળીયારે વાલા;
કેમ કરી ઉત્તર દેશકે તે દિન રૂડારે,
કરિ મોડીરે કાંટા મિસે શામળીયારે વાલા;
હું નયણે ઉત્તર દેશકે તે દિન સૂડારે—એ દેશી.
શ્રી સુપાસજી સાહિબા જિનરાજારે વાલા,
મેં દરશન દીઠા આજકે એ દિન તાજારે ।
મન મારેરે આશા ફલી ॥ જિ૦ ॥
સીધ્યાં સઘળાં કાજકે ॥ એ દિન૦ ॥ ૧ ॥
ઉમાહ બહુ દિનનો હતો ॥ જિ૦ ॥
દેખીશું નિજ સ્વામિકે ॥ એ દિન૦ ॥
દુખ દોહગ દૂરે ગયા ॥ જિ૦ ॥
બલિહારી તુજ નામકે ॥ એ દિન૦ ॥ ૨ ॥
ક્ષણ વિરહો મત થાએો ॥ જિ૦ ॥
એ નયણતણા મેલાપ કે ॥ એ દિન૦ ॥
પ્રીછવવા કહેવો કિસ્યો ॥ જિ૦ ॥
સહિ જાણેસો આપકે ॥ એ દિન૦ ॥ ૩ ॥
તારીરે વાત જમવારની ॥ જિ૦ ॥
મીઠી દ્રાક્ષા સમાનકે ॥ એ દિન૦ ॥
બીજી મન ભાવે નહી ॥ જિ૦ ॥
મોજ ભલી મહિરાણકે ॥ એ દિન૦ ॥ ૪ ॥
મન લાગ્યું જિનશું ખરૂં ॥ જિ૦ ॥
અવર ન આવે માનકે ॥ એ દિન
વિમલ સમુદ્ર ચાતક તણી ॥ જિ૦ ॥
ધ્યાવે જલધર દાનકે ॥ એ દિન૦ ॥ ૫ ॥

---

૧ દ્રાખ

અથ શ્રીચંદ્રપ્રભુ જિન સ્તવન.

વદન અપૂર્વ ચંદ્રપ્રભુ તણું—એ દેશી.

ચંદ્રપ્રભુ જિન ચંદ્રતણી પેરે, શીતળ જેહની કાંતિ ।
મૂર્ત્તિ ન વળી નિરખી મિથ્યાતણી, ભાજી ભવનો ભ્રાંતિ ॥ચંદ્ર૦॥૧॥
કરજોડીને કરૂં હું વિનતી, અનતે કરે વારંવાર ।
તું દુખટાલક પાલક જગે સુણ્યા, સરણાગત આધાર ॥ ચંદ્ર૦ ॥૨॥
વિષયાતુરથી [1]ગહિલો જિમ ભમ્યો, ગમ્યો કાલ અનંત ।
સંત દશામાં પામી તાહરૂં, મુખ દેખી ગુણવંત ॥ ચંદ્ર૦ ॥ ૩ ॥
ક્ષણ એક દિલથી તું નવિ ઉતરે, જીવન તું જગદીશ ।
દીઠે મીઠી આંખજ ઉઘડે, સાહિબ વિસવાવીશ ॥ ચંદ્ર૦ ॥ ૪ ॥
હાલચ એક છે મારે મન ખરી, દાખશે સુખનો ઠામ;
દેશે દાનવિમમ મયા કરી, પહોંચશે સઘળી હામ ॥ ૫ ॥

અથ શ્રીસુવિધિનાથ જિન સ્તવન.

મારા સાહિબા હો શ્રી શીતળનાથકે—એ દેશી.

સુવિધિ જિનેશ્વર સાહિબા, વીનતડી હે મારી અવધારકે ।
સાર કરો હવે માહરી, ચિત્ત ચોખે હે નિજ નયણ નિહાલકે ॥સુ૦॥૧॥
સહુ સ્વારથીઓ જગ અછે, વિણસ્વારથહે દુખનો કોણ જાણકે ।
તું વિણ બીજો કો નહિં, પરમારથ હે પદના અહિઠાણકે ॥સુ૦॥૨॥
તું ગાજે શીર ગાજતે, આશ પરની હે કરવા શું કામકે ।
છાંયડી આવત્ર કોલીએ, સુખદાયક હે છાંહ સુરતરૂ પામિકે ॥સુ૦॥૩॥
મીઠી જુઠી વાતની, સંકલ ના હે નવિ જાણે બાલકે ।
બોલ અમોલ કરે પિતા, જગમાંહિ હે તું લીલ મૂયાલકે ॥સુ૦॥૪॥
વાનો વિમલ વચારસ્યો, સેવકને હે વાંછયું દેઈ દાનકે ।
ભકિતવશે કહે બાલહે, ભક્તિવચ્છલહે બિરૂદ સુણ્યો કાનકે ॥સુ૦॥૫॥

---

૧ ગાંડો.

અથ શ્રીશીતળનાથ જિન સ્તવન.

હો મતવાલે સાજના—એ દેશી.

શીતળ જિનવર સ્વામિજી, હુંતો જાઉં તુજ બલિહારીરે ।
ગર્ભથકી નિજ તાતની, તેંતો વેદના તાપ નિવારીરે ॥શીતળ૦॥૧॥
મીઠી વાણી તાહરી જાણે, શાંત સુધારસ ધારારે ।
પરમત મીઠા બોલના, એ આગલે શા તસ ચારારે ॥શીતળ૦॥૨॥
પેખી વદન નયણાં ઠરે, જેમ દરશન ચંદ ચકોરારે ।
કહેતો કહીને દાખવું, ઇણ જીભે સાહિબ મારારે ॥ શીતળ૦ ॥૩॥
જાણ આગળ કહેવો કિસ્યો, નહીં જસવાત અજાણીરે ।
લોકાલોક વિચારણા, ધારક કેવળ નાણીરે ॥ શીતળ૦ ॥ ૪ ॥
અજ્ઞાની જ્ઞાની તણો, લેખવે મનમાં આજોરે ।
દાનદયા કરી આપ્યો, વિમલ મને સુખ ઝાઝોરે ॥ શીતળ૦ ॥૪॥

અથશ્રીશ્રેયાંસનાથ જિન સ્તવન.

કાગળીઓ કિરતાર ભણી શીપરે લખુંરે--એ દેશી.

શ્રી શ્રેયાંસજી જિનવર સાંભળોજી, એક મોરી અરદાસ;
ઇણભવે જગમાં કો દીઠો નહિરે, તુમ સમ લીલવિલાસ ॥શ્રી૦॥૧॥
તું નીરાગી રાગધરે નહિંજી, મુજમન રાગ અભંગ;
સંગ મળે જો બેહુનો એકઠોજી, તો મને ઉપજે રંગ ॥ શ્રી૦ ॥૨॥
સંદેસે પણ પરઠ સુણવવાજી, ન મલે વચ્ચે દલાલ;
અંતરજામી જઈ અલગા રહ્યાજી, મિલવાનો જંજાલ ॥શ્રી૦ ॥૩॥
કાલાવાલા નિત્ય પ્રભુ આગલેજી, કરતાં જાણશો આપ;
જો પોતાના કરીને થાપશોજી, મટશે સર્વ સંતાપ ॥ શ્રી૦ ॥ ૪ ॥
વિમલ મને વરસીદાન દીજતાંજી, પાંતી ન પડે ભાગ;
તુજ દોલતથી હવે તે પામશુંજી, મીઠો સુખની જાગ ॥શ્રી૦॥૫॥

અથ શ્રીવાસુપૂજ્ય જિન સ્તવન.

આગ્રામાં પાદશાહને દિલ્લીમાં નવાબ—એ દેશી,

વાસુપૂજ્ય સ્વામિજીને, કરું રે પ્રણામ;
મૂર્ત્તિ સુરતિ નિરખી હરખ્યો, માહરો આતમરામ,
મારા સુખના હો ઠામ મીઠી આંખે દેખત મોરી ભાવઠ ગઈ ॥આંકણી॥૧॥
અચરજ તારી વાર્તામાં, થયોરે કરાર;
મૂઢપણે વિસારી મુકી, નવિ કીધો નિરધાર ॥ મારા૦ ॥ ૨ ॥
અવગુણ મુજમાં છે ઘણા, પણ સાહેબ નાણ્યો મન;
લોક કલંકી થાપીઓ, પણ [1]શશીહર રાખ્યો [2]તન ॥ મારા૦॥૩॥
ભમતાં ભમતાં જોઇઓ મેં, તુમ્હ સરીખો દેવ;
દીઠો નહિ તેણે કારણે મેં, નિશ્ચે કરવી સેવ ॥ મારા૦ ॥ ૪ ॥
દાનવિમળ પદ તેં દીયો, મહેર કરી મહારાજ;
એટલો દિન લેખે થયોને, સફળ થયો ભવ આજ ॥ મારા૦ ॥૫॥

અથ શ્રીવિમલનાથ જિન સ્તવન.

ઢાલ જુંબખડાની.-એ દેશી.

વિમલનાથ ભગવંતજી, ઓલગડી અવધાર સુખકર સાહિબા;
મીઠી નજરે પાવન થઈ, દેખી તુમ્હ દીદાર ॥ સુખ૦ ॥ ૧ ॥
વિમલ કમલ દલપાંખડી, આંખડી અતીહિ રસાલ ॥ સુખ૦ ॥
શત્રુમિત્ર સરખા ગણે, રાગને દ્વેષ લગાર ॥ સુખ૦ ॥ ૨ ॥
નાશા અતીહિ મનોહર, જાણે [3]તિલકનું ફુલ ॥ સુખ૦ ॥
ભાલ તિલક દીપે ભલો, મોક્ષ ભણી અનુકૂલ ॥ સુખ૦ ॥ ૩ ॥
કાને કુંડલ ઝલહલે, સુરજ ચંદ્ર સમાન ॥ સુખ૦ ॥
[4]દંતપંક્તિ દાડમકલી, અધરબિંબ ઉપમાન ॥ સુખ૦ ॥ ૪ ॥
એ સુખ દીઠા દુખ વીસર્યા, નીસર્યા પાપ અસમાન ॥ સુખ૦ ॥
વિમલ થયો મુજ આતમા, એહિજ વંછિત દાન ॥ સુખ૦ ॥૫॥

---

૧ મસ્તક. ૨ હાથ. ૩ તલનું ઝાડ. ૪ દાંત.

અથ શ્રીઅનંતનાથ જિન સ્તવન.

રાગવેલા ઉલ અલઇઉ—એ દેશી.

અનંત જિનવર માહરાંજી, આતમારામ અનંત;
સંત દશામાં નિરખતાંજી, ભાજેભાવઠ તંતજી હો. ॥અનંત૦॥૧॥
મોહ ગહિલાં માનવીજી, ઠીક નહિં એક ઠામ;
પરમારથ જાણ્યા વિનાજી, કોઈ સીજે નહી કામજી હો. ॥અનંતા૨॥
રીઝવવું છે કાહિલુંજી, બાલકને બલવંત;
મોતીહાર પરોવતાંજી, ગુણ આપે ગુણવંતજી હો. ॥ અનંત૦ ॥૩॥
નેહ ઘણો બલવા તણોજી, તે કહી ન સકું આપ;
ભાગ્યદશા તેહવી ફલેજી, તો બલીથકે આપ જી હો. ॥અનંત૦ ॥૪॥
પુન્ય પરાપતે પામીયોજી, વિમલગુણા કરગાન;
મીઠી મીંઢ મોટાતણોજી, આંહિજ વંછિત દાનજી હો. ॥અનંત૦॥૫॥

અથ શ્રીધર્મનાથ જિન સ્તવન.

કાંઈ જાણું કીણ રતિ આવશે—એ દેશી.

ધર્મ જિનેસર તાહરો, મીઠી નજરે દીદાર હે રાય;
જોઈ જાણ્યા ભલા દિન આપણા, રાવડતે રલીયાતની આંહ્યાંહીમેં
સાહરે ॥ જોઇ૦ ॥ ૧ ॥
સુખીયા હોવે સાહિબા, ગરજુ થાકર દેવે હે ॥ રા૦ જોઇ૦ ॥
તિલભરી ખૂછેને વાર્તા પણ ન ટાલે સાહિબ રેવે હે ॥રા૦ જોઇ૦॥૨॥
ઇંદ્ર જેવા જસ આગલે, દરબાર સહે દાસહે ॥ રા૦ જોઇ૦ ॥
મુજસરીખાની ઓલગે, દેવે કોણ શાબાસ હે ॥ ૦ જોઇ૦ ॥ ૩ ॥
તુજ મુખ ઉપદેશ લેશથી, પામી જે સુખશાત હે ॥ રા૦ જોઇ૦ ॥
[1]ગજમુખથી કણ પામીને, કીડી પોચે જાતહે ॥ રા૦ જોઇ૦॥ ૪ ॥
કહેવો તો છે મોવસુ, સાંભળવો તુમ્હ હાથ હે॥ રા૦ જોઇ૦ ॥
વિમલ ચિત્તધરી રાખશો, તો દાનચંદ્ર સનાથ હે ॥રા૦ જોઇ૦॥૫॥

---

૧ હાથી.

અથ શ્રીશાંતિનાથ જિન સ્તવન.

થાં પરવારી સાહિબા, કાબલી મતજાયો—એ દેશી.

શાંતિજીનેશ્વર તાહરી, મૂરતિ અતિ મીઠી;
જગપરખી જોતાં થકા, એહવી નવિ દીઠી ॥ શાં૦ ॥ ૧ ॥
સહજ સલુણા શાંતિજી, વિનતડી અવધારો;
બાંહ્યગ્રહીને બાપજી, ભવદુત્તર તારો ॥ શાં૦ ॥ ૨ ॥
આઠ પહોર અંદેસડી, ધ્યાન તાહરૂં મનમાં;
ક્ષણ એક દીલથી ન વિસરે, જીવ જ્યાં લગી તનમાં;
શું સાહિબ સેવક મુખે, કહાવે કે' તું;
પલએકમાં કહી નવિ સકું, વીતક દુખ જે તું ॥ શાં૦ ॥ ૪ ॥
તારી જાણપણા તણી, વાત ભલી અસમાન;
જાણ્યું છું વિમલે દિલભરી, દેશો વંછિત દાન ॥ શાં૦ ॥ ૫ ॥

અથ શ્રીકુંથુનાથ જિન સ્તવન.

હાલ ગુણવંતાજી—એ દેશી.

કુંથુજિનેશ્વર વિનતી, મુજ મનનીજી;
વિનતી કરૂં વારંવાર, સુણો ભવભવનીજી ॥ ૧ ॥
ઘણા પુન્યે તુમ્હ પામીયો, સુખ દાતાજી;
મુખ પંકજ દીદાર, થઈ મન શાતાજી ॥ ૨ ॥
મેં નિશ્ચય સેતી તું ધર્યો, ચિત્ત હરખેજી;
નાણું લઈ જેમ કોઈ ખરો, નિજ પરખેજી ॥ ૩ ॥
[1]કંચન [2]કસવટ્ટ ચાટતાં, ખરૂં ખોટું જી;
તિમ તુંહિજ મુજસ્વામિ, મહાતમ મોટું જી ॥ ૪ ॥
પ્રેમધરીને નિરખીયે, સુણ સ્વામિજી;
મીઠી મહેર કરીરે, નવનિધી પામીજી ॥ ૫ ॥

---

૧ સોનું ૨ કસોટી.

અથ શ્રી અરનાથ જિન સ્તવન.

અરજ સુણો અરનાથજી, હાથધર્યો મેં તારોરે:
સાથ કર્યો શ્રી નાથનો, અરથ સર્યો સહી મારોરે ॥અરજ૦॥૧॥
તું સાહેબ સ્વપ્નાંતરે, અલગો નહિ દીલમાંહિરે;
દીલભરી દીલ હુવે સદા, લોકારીતિજ આંહીરે ॥ અરજ૦ ॥૨॥
આપરૂખે પારપામતે, તો શું સાહિબ આડરે;
માગ્યા ઘૃતનું ચૂરમું, જમવાનાં શા લાડરે ॥ અરજ૦ ॥ ૩ ॥
આપે આપ વિચારતા, જે પોતામાં હોવેરે;
નગણેરાજા નરાંકને, લોક ન કોઈ વગોવેરે ॥ અરજ૦ ॥ ૪ ॥
માંકું સાહિબ ઉપરે, મીઠી વાતો દાખોરે;
દાનવિમલ પ્રભુયુગતણી, સેવામાંહે રાખોરે ॥ અરજ૦ ॥ ૫ ॥

અથ શ્રીમલ્લિનાથ જિન સ્તવન.

રહુ રહુરે શામળીયા રથ ફેરી—એ દેશી.

શ્રીમલ્લિજિનેશ્વર સાંભળો, કરૂં વિનતી મૂકી આમળો;
વાત મીઠી તુજ મુજ હૃદયમલી, જાણે દુધમાંહે શાકમ ભળી ॥૧॥
ભાવે મન મારે તુજ સેવા, [૧]વંધ્યાચલ હાથી જિમરેવા;[૨]
મન મારૂંરે તુજપદ કમળરમે, ભમરો જેમ કમલિ કમલ ભમે ॥૨॥
જીવ બાંધ્યો તુજશું સહી સાટે, જિમ દિપકતેલ મલ્યાવાટે;
તુજ રંગ લાગ્યો વિઘટે નહિ, જિમ ચોલરંગે ફીટકી લહિ ॥૩॥
છએમિત્ર પૂર્વના પ્રતિબોધી, પહોંચાડ્યા સ્વર્ગપુરી સુધી;
તુજ બિરૂદપણું સહીતો રહેશે, મુજ સરિખો સેવક સુખ લેશે ॥૪॥
એક તાન કરી પ્રભુ શું રહું, તુજ આણ સદા શિરશું વહું;
તિણ દીયો વંછિત સુખદાન, નિરાબાધ લહું વિમલસ્થાન ॥ ૫ ॥

અથ શ્રીમુનિસુવ્રત જિન સ્તવન.

આ ચિત્રશાલીયા સુખ સજ્યારે—એ દેશી.

મુનિસુવ્રતજિન પ્રભુજી જાણોરે, સેવક વિનતી મનમાં આણોરે;

---

૧ વંધ્યાચલ પર્વત. ૨ રેવા નદી.

આપે અણી પગેજગેરોપીરે, તારી મીઠીવાણીની આણ ન
લોપેરે ॥ મુનિ૦ ॥ ૧ ॥
સમરથ સાહિબ તું જગે પૂરોરે, કિણહી વાતો નહિં અધુરોરે;
શે સેવક નવિપૂરો આશારે, દીજે હવે મુહ માગ્યા પાસારે ॥મુનિ૦॥૨॥
રીઝવી રાખું દીલ કેરી ભ્રાંતિરે, કૂર કપૂર ન પૂજે વાતિરે;
હાથ ધરીને જો હરખાવોરે, તો નિરવદ્ય મારગ ઠામ દિખાવોરે
॥ મુનિ૦ ॥ ૩ ॥
કેવળનાણે કહેતા જાણીરે, ન કર્યો પટંતર દૂધને પાણીરે;
વડિમ કરી અણબોલે રહેશોરે, જિન સાબાશી તો કિમ લેશોરે
॥ મુનિ૦ ૪ ॥
સમરતી સૂરતી મીઠી થાંભિરે, તેમ તુજ સ્મરણ મુજ મન લાભિરે;
વંછિતદાન દયા કરી આપોરે, તેમ વિમલ મને કરી સેવક સ્થાપોરે
॥ મુનિ૦ ॥ ૫ ॥

અથ શ્રીનમિનાથજિન સ્તવન.

હાલ ઝાંઝરીયા મુનીવરની—એ દેશી.

નમિજિનેશ્વર સાંભળોજી, કરૂં વિનતી કરજોડ;
ભીંહવતા મીઠી પરેજી, કુણ કરે તુમ્હ હોડ ॥
જિનેશ્વરવાર લાધ્યો તુમ્હ દીદાર ॥એ આંકણી ૧ ॥
હરખિત તોરે ઉવારણેજી, જાઉં વાર હજાર;
નજરે મુજરો કરી કરીજી, પામીશ દુખનો પાર ॥જિનેશ્વર૦॥૨॥
કહેતાં પણ ન શકું કહીજી, તારા ગુણનો આમ;
મુંગ સુપન ભલો લહીજી, પ્રગટ ન કહે આમ ॥ જિનેશ્વર૦ ॥૩॥
જિમતિમ બોલે બોલવાજી, કરવા તુમ્હ મનોહાર;
કહેવાથી કરવું ઘણુંજી, એહ અરજ અવધાર ॥ જિનેશ્વર૦ ॥૪॥
સેવક લાજધરે કશીજી, કહેતાં વિમલ સ્વરૂપ;
દાનસમો પોંદાખણેજી, વાંછિત મોખ અનુપ ॥ જિનેશ્વર૦ ॥ ૫ ॥

અથ શ્રીનેમિનાથજિન સ્તવન.

થેં તો ન આયા ઓલગું ઓલગાણાજી—એ દેશી.

નેમિ જણેશ્વર સાહિબા સુણ સ્વામિજી, કરૂં વિનતિ કરજોડ ખરી;
કાળો પણ રતનાલીએા ॥સુણ૦॥ દિલરંજન દીદાર સરી ॥નેમિ૦॥૧॥
વિણ પૂછયે ઉત્તર દીયેા ॥ સુણ૦ ॥ કહેતાં આવેલાજ ઘણી;
પૂછયા વિણ કહેા કિમ સરે, ॥ સુણ૦॥ તું હિજ ઉત્તર યેાગ્ય ઘણી
॥ નેમિ૦ ॥ ૩ ॥
ભવભમતાં આ દુખનેા ॥ સુણ૦ ॥ પામીશ પારહું કિમ કહેા;
હલવેા કે ભારે અછું ॥સુણ૦॥ ડાહપણ કરીને જેમ લહેા ॥નેમિ૦॥૩॥
ઘણું અવિચારી જોવતાં ॥ સુણ૦ ॥ તું હિજ સુખનેા ઠામ મિલે;
મન પણ સ્થિર નહી તેહવેા ॥સુણ૦॥ જ્ઞાનીવિણ કહેા કુણ કલે
॥ નેમિ૦ ॥ ૪ ॥
દાયક સુખના દાનનેા ॥ સુણ૦ ॥ વિમલ હૃદયમાં તુંહી વસ્યેા;
મીઠી સાત ધાતમાં ॥સુણ૦॥ તિલમાં પરિવલ તેલ જસ્યેા ॥નેમિ૦॥

અથ શ્રીપાર્શ્વનાથ જિન સ્તવન.

કરેલનાંઘડિદેરે—એ દેશી.

શ્રીકર શ્રીજિનપાસજી, અરજ સુણેા મહારાજ;
પરભવ ધન પુણ્ય યેાગથી, પાયેા દરસન આજ ॥ ૧ ॥
નામિજી શિરનામીરે, દીઠી દેલત થાય ॥નામિ૦॥
ભેટીએ ભાવઠ જાય ॥ નામિ૦ ॥
સમરે સંપત્તિ આય ॥ નામિ૦ ॥ એ આંકણી૦ ॥
ઇચ્છાપૂરણ સુરતરૂ, પરતખ પરતેા પેખ;
શરણે આવ્યેા તાહરે, ઘણમાં મીનને મેખ ॥નેમિ૦॥ દીઠી૦॥૨॥
સ્વપ્ને સુતે જાગતે, નામ જપું એક તાન;
હારિલલકરિગ્રહીરહ્યેા, જનમથી જીવત માન ॥ નામિ૦ ॥૩॥
નિરખી નજર પાવન થઈ, જપતે જીભ પવિત્ર;
વડિમ ઘણી કેતી કહું, અકલ સ્વરૂપ ચરિત્ર ॥ નામિ૦ ॥ ૪ ॥
મહેર કરી મીઠી જરા, દુખ ગયાં સવિ દૂર;
વિમલ નીપાયેા આતમા, દેઈ દાન સનૂર ॥ નામિ૦ ॥ ૫ ॥

અથ શ્રીમહાવીરસ્વામિજિન સ્તવન.

રાગ ધન્યાશ્રીશાંતિજિન ભામણે જાઉં—એ દેશી.

સમવસરણ શ્રીવીરવિરાજે, સરસ મધુરધ્વનિ ગાજેરે;
પૂરી પરષદ બાર મનોહર, છત્રત્રય શિર છાજેરે ॥જિન સમ૦॥૧॥
અષ્ટ મહાપ્રતિહારજસુંદર, દીઠિ દાલિદ્ર ભાજેરે;
લુણ ઉતારતી ભમરિય ફરતી, ઇંદ્રાણી નાટક સાજેરે ॥જિન સમ૦॥૨॥
જયકારી દુખ પાર ઉતારણ, માલિમ ધર્મ જહાજેરે;
મુક્તિતણું બંદર આપવા, સેવક ગરીબ નિવાજેરે ॥જિન સમ૦॥૩॥
ઇંદ્ર છડી લઈ દરબારે, ઉભા સેવા કાજેરે;
પ્રભુ મુખ [1]પંકજ નિરખી નિરખી, હરખિત હોવે બાજેરે
॥ શ્રીજિન સમ૦ ॥૪॥
વિમલ સ્વરૂપી વિલસતી જેની, કીર્ત્તિ મીઠી આજેરે;
દાન દીયો અક્ષય સુખ સત્રળાં, દિન દિન અધિક દિવાજેરે
॥ શ્રીજિન સમ૦ ॥ ૫ ॥

---

૧ કમલ



ઇતિ શ્રી દાનવિમલજી કૃત

ચઉવીશી સમાપ્ત

અથ શ્રી વિબુધ વિમલસૂરિ કૃત.
શ્રીવીશવિહરમાન જિન સ્તવનાની.

અથ શ્રીસીમંધરજિન સ્તવન.

રાગ–સગુણ સનેહી સાચ્યો સાહિબોજી । એ દેશી

સુજન સુજન સોભાગી વાલહોહોજી, મોહન સીમંધરસ્વામ;
દરશન દરશન કરવા અલજ્યો હોજી, મુનિજન આતમારામ ॥આંકણી૦॥૧॥
ઉંચુ ઉંચુ ડુંગર સરીખો હોજી, દરશન મોહની કર્મ;
ભમતા ભમતા સરિતે અંતરો હોજી, અમરિજ અંતરધર્મ ॥સુ૦॥૨॥
કરવું કરવું હવે કશું સાહિબોજી, કેણીપેરે પાછા તે થાય;
આગમ વચન પવિભયે હોજી, નાશી દૂર પલાય ॥ સુ૦ ॥ ૩ ॥
અનુભવ અનુભવ આદિત્ય આકરો હોજી, સમતાતત્વષે શોપાય;
શીતલ શીતલતા અતિ ઉપજે હોજી, વિસમય એહ કહાય ॥સુ૦॥૪॥
મનના મનના મનોરથ સવિ ફલેહોજી, અંતરમેલ ઉલાય;
વિબુધ વિબુધ વિભવ પ્રભુ રાજીયાહોજી, કરૂણા નજર કરાય ॥સુ.॥૫॥ધતિ.

અથ શ્રીયુગમંધરજિન સ્તવન

રાગ–અજિતદેવ મુજ વાલહો—એ દેશી.

શ્રી યુગમંધર સાહિબા, વિહરંતા સ્વામિ;
જગદાનંદન મૂરત પ્રભુ, પ્રણમું શિરનામી ॥ શ્રી૦ ॥ ૧ ॥
અલવેસર અતિ વાલહો, શિવપુર ગતિ ગામી;
ચરણકમલની ચાકરી, કરવા મન ઠામી ॥ શ્રી૦ ॥ ૨ ॥
તુમ્હવિના હું બહુભવભમ્યો, વિષયારસ પામી;

કરકરૂણા જગનાથ તુ, મતગણેા અમ ખામી ॥ શ્રી૦ ॥ ૩ ॥
ભયભંજન ભગવંતજી, મુઝ અંતરયામી;
તુમ્હસરિખા હુમશિર છતે, કુણ કર્મ હરામી ॥ શ્રી૦ ॥ ૪ ॥
મહેર નજર મહારાજની, સંકટ ઉપશામી;
વિબુધ વિમલ પ્રભુ નામની, નિશદીન સ્મશરામી ॥શ્રી૦॥૫॥૪તિ૦॥

અથ શ્રીબાહુજિન સ્તવન.

રાગ-વિમલજિન વિમલ તાહરીજી—એ દેશી.

બાહુજિન વિનતિ સાંભળેાજી, મહેનત કેતિકરાય;
અલ્પ અક્ષર મહા અર્થનાજી, મેાહને થેાડું કહેવાય ॥બાહુ૦॥૧॥
અશુદ્ધત. અમ્હ એક આકરીજી, કિમ કરી તેહ કહેવાય;
આતમવસ્તુ ઉવેખીનેજી, પરવસ્તુ મન જાય ॥ બાહુ૦ ॥ ૨ ॥
[1]દ્રવ્યગુણપર્જવ વાહિતાજી, ભાખતા આગમ વાણ;
તેહ અવિતથ સંવાદથીજી, તાહરૂં વચન પ્રમાણ ॥ બાહુ૦ ॥ ૩ ॥
[2]વિસંવાદનયેાગથીજી, વિપરીતા પરિભેાગ;
દૂષિતા એહનીએ કહીજી, સંયેાગી ભાવ સંયેાગ ॥ બાહુ૦ ॥૪॥
કેવલરૂપ પ્રણિધાનતાજી, સકલ ગુણ સંગ ઉપાય;
વિબુધવિમલ પ્રભુ સેવથીજી, જગ જસ પડેા વજડાય ॥બા..॥૫॥

અથ શ્રીસુબાહુ જિન સ્તવન.

રાગ-બન્યેારે કુંવરજીનેા સેહરેા—એ દેશી.

શ્રીનિષઢનરેસરનંદનેા, ભૂનંદા સુત સુખકારહેા ભદંત;
જંબૂવિદેહે નલિનાવતી, ચઉવીશમી વિજયેઅવતારહેા ભદંત
॥ શ્રીનિ૦ ॥ ૧ ॥
કિંપુરૂષાનેા નાહલેા, નયરી અયેાધ્યા નરનાથ હેા ભદંત;
ભવિજન વંછિત સુરતરૂ, ચલાવે શિવપુર સાથહેા ભદંત ॥શ્રીનિ૦॥૨॥

---

૧ દ્રવ્યગુણ પર્જાય ૨ ખેાટું કહી ભમાવવું. ઠગવું

કપિલંછન લંછન વિના, સુલંછન લંછિત અંગહો ભદંત;
અનંગ અંગ અડકો નહિ, નિર્જિતરૂપ અનંગહો ભદંત ॥શ્રીનિ૦॥૧॥
સુરનર પશુસમ હો ભવિને ટાળે દુર્ગતિ અવતારહો ભદંત;
કરૂણા સાગર જગભ્રાતર, તેહવો કર અમ ઉપગારહો ભદંત ॥શ્રીનિ૦૪॥
સ્વામિ સુબાહુ સુદૃષ્ટિએ, વાધે સેવક બહુવાન હો ભદંત;
શ્રી વિબુધવિમલ પ્રભુ દીજીયે, નીજ વચનામૃત સુપાનહો ભદંત
॥ શ્રીનિ૦ ॥ ૫ ॥

અથ શ્રીસુજાત જિન સ્તવન.

રાગ–કાંઇ જાણું પ્રભુ વડભાગી–એ દેશી.

ધાતકીખંડ વિદેહે સોહે, પૂર્વ અર્દ્ધ અતિ મનમોહેરે ભવિજન ઉપગારી;
પુષ્કલવય વિજયાએ રાજે, નયરી પુંડરીકીણિ છાજેરે ॥ભ૦॥૧॥
દેવસેના ધજ જનની જાયો, દેવસેન વંશ સુહાયોરે ભ૦
જયસેના પ્રિયતમ વડભાગી, ભાનું સેવે પદ લાગીરે ભ૦ ॥ ૨ ॥
વસુધાવનમાં ગજપરે ચાલે, કામસિંહ ભયટાળેરે ભ૦
[1]સોલકલાશશિવદન વિકાશી, તપે દુર્જન ભય આસીરે ભ૦॥૩॥
વચન સુધાંબુ ધારા મુકે, કુવાદિ તનુ તરૂ સુકેરે ભ૦
તેજ[2] પ્રચંડ પ્રતાપ પ્રદીપે, મોહ[3] પીપાસા છીપેરે ભ૦ ॥ ૪ ॥
વાત અપૂર્વ નાથ સુણાવે, કૌતુહલ કિમ નાવેરે;
સ્વામિ સુજાત સુસંગ સોભાગી, વિબુધ વિમલગુણ રાગીરે ભ૦॥૫॥

અથ શ્રીસ્વયંપ્રભુસ્વામિજિન સ્તવન.

રાગ–રૂપસીરી વલતું ભણે–એ દેશી.

સ્વામિ સ્વયંપ્રભુ સેવીયે, આણી અંગ ઉચ્છાહ સ્નેહી;
વપ્રવિજય વીશમી, ધાતકીખંડે જગનાહ સ્નેહી ॥ સ્વા૦ ॥ ૧ ॥
મિત્રનૃપકુલવ્યોમની, ઉગ્યો અનુપમ ભાણ સે૦
મિથ્યાતિમિર નિકંદનો, જડતા ભેદન બાણ સ૦ ॥ સ્વા૦ ॥ ૨ ॥

---

૧ ચંદ્રકલા ૨ પરાક્રમ ૩ તૃષા, તરસ

સુમંગલાસુત સુંદર, સુરપતિ સેવે પાય સ૦
ગંભીરતા દેખી ભૂમી, લેઠે વાહીની રાય સ૦ ॥ સ્વા૦ ॥ ૩ ॥
પ્રિયસેના પ્રિયવાલહો, યોગી અવતંસ સ૦
ક્ષમી ભોગી સ્વરૂપનો, નિર્મલ તુજ મન હંસ સ૦ ॥સ્વા૦॥૪॥
લંછન મિષે આવી મલ્યો, નિર્લંછન થાવા ચંદ સ૦
વિમલપ્રભુ દીજીયે, પૂરણ પરમાણંદ સ૦ ॥સ્વા૦॥૫॥

અથ શ્રીઋષભાનનજિન સ્તવન

રાગ–મુનિ માનસરોવર હંસલો—એ દેશી.

શ્રીઋષભાનન વંદીએ, પરમાનંદ વિલાસીરે;
પરમારથપદપામવા, જિનગુણ યોગ અભ્યાસીરે ॥ ઋ૦ ॥ ૧ ॥
ધાતકીપૂર્વ અર્દ્ધમાં, વપ્રવિજયા નવમીરે;
સુસીમાપુરી ઉપન્યો, સ્વર્ગપુરી શર્મ પ્રવમીરે ॥ ઋ૦ ॥ ૨ ॥
કીર્ત્તિનૃપકુલ કીર્ત્તિ, વૃદ્ધિ કરો ભગવાનરે;
સોવનવાન સોહામણો, પંચશત ધનુ તનુ માનરે ॥ ઋ૦ ॥ ૩ ॥
વીરસેન કુક્ષે કંદરા, સિંહાકિતસિંહ સુરરે;
દોષ ગજેંદ્ર વૃંદને, ચાલી કરે ચકચૂરરે ॥ ઋ૦ ॥ ૪ ॥
જયાવતી પતિ જગધણી, ઓલગડી ચિત્ત લાવોરે;
વિમલપ્રભ સન્મુખ જોઈ, ધર્મલાભ કહાવોરે ॥ ઋ૦॥૫॥

અથ શ્રીઅનંતવીર્ય જિન સ્તવન.

રાગ–વાલમ વેલારે આવજો—એ દેશી.

અનંતવીર્ય જિન આદમો, ઓલગડી અવધારોરે;
તુમહ મલવા મનડું ઘણું, વાટવિષમ જલખારોરે ॥ અ૦॥ ૧॥
ધાતકી પશ્ચિમ અર્દ્ધમાં, ચઉવીશમી વિજયા તાજીરે;
નલિનીવતી વિજયાપૂરી, તેના જાયા દિલ રાજીરે ॥ અ૦ ॥ ૨ ॥

નૈયાયિકવાદિ મુણે, આતમ વ્યાપક માનીરે;
શરીરા વચ્છિન્ન મન કહિ, તેણે વાત રાખી છે છાનીરે ॥અ૦॥૩।
વિદ્યાશક્તિ કો નહિ, નહિ વશવર્ત્તિ કોઈ દેવોરે;
પરાક્રમ તેહવો નહિં, કિમ સાહિબ સંગ લેવોરે ॥ અ૦ ॥ ૪ ॥
મેઘપિતા મંગલાવતી, માતા જયાવતી ભરતારોરે;
વિબુધવિમલ પ્રભુ તો ખને, જો મીલે તુમ્હ એકવારોરે ॥અ૦॥૫॥॥

અથ શ્રીસુરપ્રભજિન સ્તવન.

રાગ–આવો જમાઈ પ્રાહુણા જયવંતાજી—એ દેશી.

આવો તુમે મન મંદિરે સુખકંદાજી, કરો અમ ઉપગાર જિન ચંદાજી;
મોહરાય આવી અડ્યો સુખકંદાજી, સાથે લેઈ પરિવાર જિ૦॥૧॥
વધ્યવધક ભાવથી સુ૦, વધ્ય પલાયે દૂર જિ૦
પ્રમુદિત પ્રજા હુવે સુ૦, વાજે મંગલતૂર જિ૦ ॥ ૨ ॥
આધારાધેય સંબંધે સુ૦, નિર્મલ તુમ્હપસાય જિ૦
ધાતકી પુષ્કલવઈ સોહે સુ૦, પુંડરીકીણિપુરરાય જિ૦ ॥ ૩ ॥
વિજયપિતા વિજયાવતી સુ૦ નંદન ગુણ ગંભીર જિ૦
[1]નંદનસેનાપ્રિય જગગુરૂ સુ૦, હયલંછન વડવીર જિ૦ ॥ ૪ ॥
સુરપ્રભસ્વામિ તુમે આવે સુ૦, મનમાં મોદ મહંત જિ૦
વિબુધવિમલ પ્રભુ મોહનજી સુ૦, સેવું શ્રી ભગવંત જિ૦॥૫॥૬॥૭॥

અથ શ્રીવિશાલજિન સ્તવન.

રાગ–શાલીભદ્ર મોહ્યોરે શિવરમણિ રસેરે—એ દેશી.

શ્રીધાતકીખંડરે વપ્રવિજયાપુરીરે, વિચરેદેવવિશાલ;
આણંદકારીરે પ્રતિમાતાહરીરે, જોતાં નયણ રસાલ ॥ધાત૦॥૧॥
નાગનૃપ વંશેરે ધરણીધરપરેરે, ત્રિજગધારણહાર;
અતુલીબલીરે ભુજયુગભુજંગમોરે, પણ નહિ [2]ચક્રઆકાર
॥ શ્રી ધાત૦ ॥ ૨ ॥

---

૧ નંદનસેનાનામનીસ્ત્રી. ૨ ક્રૂર આકર નહિ.

શિરપરે શિખારે દ્વાદશ અંગુલીરે, માન મણિ અનુકાર;
તેજે જીત્યોરે રવિ ગગને ફરેરે, પડખે નહિં લગાર ॥શ્રી ધાતળા૩॥
ભવિજન બોહેરે નવ નવ વાચશુંરે જાણું જીભ હજાર;
અમૃતધારારે સુર દ્રહે નહિરે, મુર્ગીગણે તૃણ છાર ॥શ્રી ધાતળા૪॥
ભદ્રારાણીરે સુત શિરોમણિરે, વિમલાકંત વિલાસ;
સેવક દીજેરે વિબુધવિમલ પ્રભુરે, મન અલીપદપંકજ વાસ
॥શ્રી ધાત૦ ॥ ॥

અથ શ્રીવજ્રંધરજિન સ્તવન.

રાગ–એણે ડુંગરીયે મન મોહી રહ્યું—એ દેસી.

ધન્ય ધન્ય તે નરનારી સદા, જિહાં વજ્રંધર કરે વિહાર હો;
વચ્છવિજયાએ સુસીમાપુરી, ઇણે ધર્મતીર્થ કર મઝારહો ॥ધન્ય૦૧॥
એહ પુત્રપદ્મરથતણો, સરસ્વતીમાત મલ્હારહો;
વિજયાવતીરાણી નાહલો, શંખલંછન જગાધારહો ॥ શ્રી૦ ॥૨॥
જેહને વચન પ્રતીત તાહરી, તસસકલ સુબોધ લખાય હો;
એક તાહરા ગુણરસ સ્વાદનો, કુણ કરે સુખ સમવાય હો ॥શ્રી૦॥૩॥
જેહ અનુત્તર વાસી સુરનું, યુગ્મિ ચક્રધર સુખપર્યંત હો;
તેહનાથનજરનેહ આગલે, બિંદુસમાન ચિંત હો ॥શ્રી૦॥૪॥
તુમ સ્વામિ સેવક ભાવને, તેણે ચાહું છું દિનરાત હો;
પ્રભુ વિબુધવિમલ ગુણ દીજીયે, જિમ આતમહોવે જ્યાતહો ॥શ્રી૦ ॥૫॥

અથ શ્રીચંદ્રાનનજિન સ્તવન.

રાગ–તું ગિરૂઆ ગિરૂ શિખર સોહે—એ દેશી.

શ્રીવૃષભલંછનદેવદીજે, શ્રીચંદ્રાનન જિનરાજરે;
કનક વર્ણ રૂપીયુષધારા, પાતપાવન સાજેરે ॥ શ્રી૦ ॥ ૧ ॥
તુજનામ અક્ષર મંત્ર મહિમા, ઉતારે ભવપારરે;
જિમ હંસ હંસ જપંતિ જનની. નિજ પુત્ર વિષ અપહારરે ॥શ્રી૦॥૨॥
તિહાં ભક્તિ શક્તિ અંતરંગે, અવંતર વ્યાપારરે;
સ્વજન્ય જન્ય જનક ભાવે, ઘટપ્રતિ ભમી દ્વારરે ॥ શ્રી૦ ॥ ૩ ॥
પદ્માવતી નૃપવાલમીક, સત લીલાવંતી કંતરે;

૧ સ્વામિ, ૨ અમૃતધારા

નલિનાવતીવિજય અયોધ્યા, ધાતકીખંડ વિહરંતરે ॥ શ્રી૦ ॥૪॥
તુમ ધ્યાનધ્યાતાં પાપ નાશે, ગુણનિધિ ગરીબ નિલાજરે;
વિબુધવિમલ નાથજ પૈ, જિનનામશું મુજ કાજરે ॥શ્રી૦॥૫॥૪૦॥

અથ શ્રીચંદ્રબાહુજિન સ્તવન.

રાગ–રાજગ્રહી નગરીનો વાસી—એ દેશી.

શ્રીચંદ્રબાહુ જિન સ્વામિ ૧દેવા, નંદસુત શિવગામી હો જનવર જયકારી
રેણુકારાણીનો જાયો, સુગંધાચિત્ત સુહાયો હો જિ૦ ॥ ૧ ॥
પુંડરીકીણિ નગરીનો વાસી, પુષ્કલવઈ વિજયે પદ ન્યાસી હો જિ૦
કમલલંછન વિલાસી, એહ કેવલ કમલા આશી હો જિ૦ ॥ ૨ ॥
તુમ શાસન વાસન છંડી, મેં પરપરિણતિ રહમંડી હો જિ૦
વિભાવ નિરાસ ગવેષ, ગુણભાષન ગતિ ઉવેખી હો જિ૦ ॥ ૩ ॥
લવણક સુખ સમલોજી, ભવવાહી આશા થોભી હો જિ૦
નહિં ચેતનતા નિજ જાગી, અબોધ સંતતિ ધન લાગી હો જિ૦॥૪॥
જબતુમ ગુણલેશ વિલાસી, તબ આપદા રાશી ગઇ નાશીહો જિ૦
ઢગે ધનમેરૂ૨ સમાની, ૩ હુતાશન કણુક રેવાની હો જિ૦ ॥ ૫ ॥
તૃણખંડપતિ તરસે કુપે, તેહને કરેરસ રૂપે હો૦ જિ૦
વદે વિબુધવિમલ પ્રભુ સંગે, જિન સમતા થઈ અંતરંગહો જિ.॥૬ ઇતિ॥

અથ શ્રીભુજંગનાથજિન સ્તવન.

રાગ–ચોથીને વાડે ચેતજો હો રાજ—એ દેશી.

ભુજંગનાથ ભુજંપરે હો રાજ, ક્ષય કરે અશુભપ્રપંચ નિરાગી
ન્યારો બંધથી;
અમૃતવાણી વરસતો હોરાજ, કષાય અપ્યયબંધ સંચ નિરાગી૦॥૧॥
લોકવૃત્તિ વાંકો ચલે હો રાજ, સાધે સુદ્ધો પંથ નિરાગી૦
વિષય વિષ દૂરે તજ્યું હો રાજ, બીહે અવિભિન્ન ગ્રંથ નિરા ગી૦॥૨॥

---

૧ દેવનંદરાજાના પુત્ર ૨ તુલ્ય ૩ નીહોલ્લી

નાણ દંસણ ભુજંગ છે હો રાજ, સમયાંતર ઉપયોગ નિરાગી૦
અચલ અબાધિત વીર્યધરે હો રાજ, સાત્વિક અભિધાયો યોગ નિરાગી.૩
ઉજ્વલચિત્ત દશા ભજે હો રાજ, ઉજ્વલ [૧]ભૂધનવાન નિરાગી૦
[૨]મહાબલ બીજી [૩]મહિમા પ્રસૂ હો રાજ, ગંધસેના પ્રિય માનનિરાગી.૪।
વપ્રવિજય વિજયાપુરી હો રાજ, કમલ શોભિત પ્રાય નિરાગી૦
વિબુધ સેવિત દીજીયે હો રાજ, વિમલપદ અમાય નિરાગી.૫।।૪૪।।

અથ શ્રીઇશ્વરજિન સ્તવન.

રાગ–ત્રીજું ને મહાવ્રત સાંભળો જે અદત્તાદાન—એ દેશી.

શ્રીઇશ્વરજિન પન્નરમો, ધ્યાતાં કોડિ કલ્યાણ;
પુષ્કર અર્દ્ધ વચ્છવિજયમાં, સુસીમા સમ મંડાણ ।।શ્રી ઈશ્વરા૧।।
ઉત્પાદ વ્યય ધ્રુવતાપદે, સર્ગરક્ષણ સંહાર;
એક દેવ ત્રિમૂરતી, ત્રિભુવન કરતાર ।। શ્રી ઈશ્વર૦ ।। ૨ ।।
દ્રષ્ટિ કામ સ્નેહ રાગનું, ત્રિપૂર દાહ દાતાર;
મિથ્યાદ્વૈત વિ.ારવા, પુરૂષોત્તમ સાર ।। શ્રી ઇ૦ ।। ૩ ।।
સંઘસર્જન બ્રહ્મા કહો, એહવો ઉપચાર;
શંકર ત્રિલોચન દશ, મૃત્યંજય નામ ધાર ।। શ્રી ઇ૦ ।। ૪ ।।
ત્રિશુલધારી ઉમીયાપતિ, વૈરી ભેદનહાર;
અનુભવ ગમ્ય અર્થનો, કોણ કરત વિચાર ।। શ્રી ઇ૦ ।। ૫ ।।
ગજસેનસુત સોહામણો, યશોદા જસમાત;
ભદ્રાવતી કંત ભદ્રક, ચંદ્રલંછન વિખ્યાત ।। શ્રી ઇ૦ ।। ૬ ।।
ભક્તિજન વત્સલ વિભુ, કરે ઇશ્વર રૂપ;
વિબુધ સેવા દેખી ઘણું, રીઝો શાસન ભૂપ ।। ઈશ્વર૦ ।।૭।।૪૫।।

અથ શ્રીનેમિપ્રભુજિન સ્તવન.

રાગ–સૂરિકંતરે એમ ચિંતવે—એ દેશી.

શ્રીનમીપ્રભુ દેશના, સુણતાં સુખ થાયરે;
આધિ વ્યાધિ દૂરે તજે, ઉતમમાં તેહ ગણાયરે,

---

૧ ભુધન શરીર ૨ મહાબલરાજાપિતા ૩ મહિમદેવીમાતા

જિનેસર તુમતણો જસ સંગરે, જરસંગ અભંગ સુચંગ જિનેસર
॥ શ્રીનેમિ૦ ॥ ૧ ॥
તુમરંગ વિહીના જે ક્રિયા, તેતો ઝાંખર ચિત્ર સમાનરે;
શાસ્ત્રાધ્યાય કર્યાં ઘણા, પ્રભુરંગે તેહુ પ્રમાણરે ॥ પ્ર૦ ॥ ૨ ॥
સમ્યગ્સેના લેઇ સંચરે, સાધે દેશ અનેકરે;
ઋષભકૂટ અભિધા લિખે, જિમ ચક્રિથાયસુછેકરે ॥ પ્ર૦ ॥૩॥
નલિનાવતી અયોધ્યાપુરી, પુષ્કર અર્દ્ધ પશ્ચિમ ભાગરે;
વીરસેનપસેના ગજમોહની, કંતપદે રવિ લાગરે ॥ પ્ર૦ ॥ ૪ ॥
નિશદિન શુભ અભ્યાસથી, વાધે તુમશું બહુ પ્રીતરે;
વિબુધ વંદિત વિભુ વદે, શિવમાર્ગ પ્રાપણ રીતરે ॥પ્ર૦॥પા॥૬॥

અથ શ્રીવીરસેનજિન સ્તવન.

રાગ–પાંડવપાંચે વાંદતા મન મોહ્યુંરે—એ દેશી.

પુષ્કર અર્દ્ધ વિદેહમાં પુષ્કલવઇ, વિજયાએ વીરસેન સાંભળોરે;
પુંડરીકીણિ નગરી ભલી, ભવિજન સેવે સાંઇ વીરસેન સાંભળોરે ॥૧॥
કાલ અનંતો હું ભમ્યો, નહીં કોય શરણ સહાય વી૦
કર્મવિપાક વેદના વશે, નિજન સત્તા લખાય વી૦ ॥ ૨ ॥
હેતુ કાર્ય સ્વભાવથી, ત્રિધા ધર્મ અભિધાન વી૦
હેતુ કાર્ય હેતુ કહેા, કાર્ય સ્વભાવ નિદાન વી૦ ॥ ૩ ॥
ધર્મ અધર્મ લહ્યો નહિં, ભેદા ભેદ વિચાર વી૦
કારણના અનુવાદનો, સૂક્ષ્મ એહુ પ્રકાર વી૦ ॥ ૪ ॥
ભૂમિપાલ ભાનુસેના, નંદનનાથ પસાય વી૦
નિવારણ સત્તા કરે, જગયશ ગુણ ગવરાય વી૦ ॥ ૫ ॥
રાજસેનાપતિ પરવડા, વૃષભલંછન વિખ્યાત વી૦
વિબુધ પૂજિત વર દીજીયે, નિરૂપાધિ કલ્યવભાત વી૦ ॥ ૬ ॥

અથ શ્રીમહાભદ્રજિન સ્તવન.

રાગ–વિશ્વનો તારૂજી—એ દેશી.

તું સહેજ વિલાસી ભાવથી ઉદાસી, મોક્ષનો દાતાજી;

તું સમતાયોગી દુઃખવિયોગી, જાગતો ત્રાતાજી.
તું કેવલનાણી પરણી પ્યાદી, મોક્ષનો દાતાજી;
તું અકલ અબાધ સંપત્તિ આપણી ત્રાતાજી ॥ મો૦ ॥ ૧ ॥
તું જગ ઉપગારી છે નિરધારી મો૦
તું કર્ત્તા હર્તા શરણ વિધાતા વિશ્વનો ત્રાતાજી;
જોઈ નય ચર્ચા કરૂં બહુ અર્ચા મો૦
તો કિમ જપીએ પાપજ ક્ષપિયે આપણા ત્રાતાજી ॥ ૨ ॥
દિસે તુમ ભક્તા છે અતિરક્તા મો૦
તો નિજગુણપુરા નહિં અધુરા લોકમાં ત્રાતાજી;
તુમે વિગત વિદ્વેષા નહિં બદરેષા મો૦
પણ જે તુમ વાકા જગમાં રાકા દેખી એ ત્રાતાજી ॥ ૩ ॥
દેવવંશ સુહાયો ઉમાદેવી જાયો મો૦
પુષ્કર અર્દ્ધ દ્વીપે તેજે જીપે ભાનુને ત્રાતાજી;
વપ્રવિજયા સારી છે પૂરચારી મો૦
સુરકંતા કંતો ગજલંછન વંતો સોહિએ ત્રાતાજી ॥ ૪ ॥
શ્રીમહાભદ્રસ્વામિ તુમે નિષ્કામી મો૦
તું એક અનેક ઘટઘટ વિવેક જોઇએ ત્રાતાજી;
તું વિબુધવંદે અજ્ઞાન નિકંદે મો૦
તું કરૂણાસિંધુ નિષ્કારણ બંધુ ધ્યાઇએ ત્રાતાજી ॥ ૫ ॥ ઇતિ૦॥

અથ શ્રીદેવયશાજિન સ્તવન.

રાગ–ઋષભજિન તું મેરો મહારાજ—એ દેશી.

દેવયશાજિન દીપતોરે, પુષ્કરાર્દ્ધ પૂર્વ ભાગ;
વપ્રવિજયા સુસીમાપુરીરે, કીધો ભવોદધિ ત્યાગ ॥ ૧ ॥
ત્રિભુવન તારણ કારણ દેવ, તારી પુણ્યે પામી સેવ ટાએ આંકણી.॥
સ્તુતિપદ લાયક તું સહિ, હું નહિં કરવા યોગ્ય;
પણ સૂર્ય સામો તાંતણોરે, જિમ દેઈ વંદે લોક ॥ ત્રિ૦ ॥ ૨ ॥
લોચન લંપટ લોકવારે, રસના રસમાં મૂઢ;
સ્પર્શન સ્પૂર્શનિરે, શ્રાવણ શ્રાવણ ગૂઢ ॥ ત્રિ૦ ॥ ૩ ॥
ગંધ ગ્રાહક ઘ્રાણ કરીરે, મનચિંતે પરભાવ:

પંચકરણ વાસી તમનેરે, ન તજે વિષય સ્વભાવ ॥ ત્રિ૦ ॥ ૪ ॥
અવકાશ આવે અવસરેરે, સ્તવીએ ગંગા શ્રુત;
વસુભુતિ કુલ પાવનોરે, પદ્માવતી પ્રાણભૂત ॥ ત્રિ૦ ॥ ૫ ॥
[1]શશિપદપંકજ સેવતાંરે, ઉદય લહે પૂર્ણ માસ;
વિબુધવિમલ ગુણ ગાવતાંરે, સફલ ફલી મુજ આશ ॥ત્રિ૦॥૬॥

અથ શ્રીઅજિતવીર્યજિન સ્તવન.

રાગ—સુણો સગુણ સ્નેહી—સાહિબા—એ દેશી.

શ્રી અજિતવીર્યજિન વીશમો, એક સમરથ સુજાણરે;
અભિસંધિજ અનભિસંધિજ, વીર્ય તું દોય નામે ભેદ પ્રમાણરે
॥ શ્રી૦ ॥ ૬ ॥
અભિસંધિજ રોધ પ્રવર્ત્તને, અશુભ શુભયોગ વિભાગરે;
અનભિ સંધિજ સહેજથી, પછે પાપ પ્રકૃતિ ત્યાગરે ॥ શ્રી૦ ॥૨॥
અચલવીર્ય ધીરજ ધરે, નવિ જિત્યા દાનવ દેવરે;
ચરણ ગ્રહિ કિંકરપરે તિણે, સારે સુરપતિ સેવરે ॥ શ્રી૦ ॥ ૩ ॥
નલિનાવતી અયોધ્યા ભલી, રાજપાલપિતા કનનિકામાતરે;
રત્નમાલાપતિ સ્વસ્તિક, લંછન સુખ શાતરે ॥ શ્રી૦ ॥ ૪ ॥
શિરપર સબલ નાથને, જોરે ગાજે સહુ લોકરે;
વિબુધચંદે વંછિત ફલ્યા, હવે ભાગો સવિ મુજ શોકરે ॥શ્રી૦ ૫॥

અથ શ્રીવીશવિહરમાનજિન સ્તવન.

કળશ.

શ્રીસીમંધર દેવ યુગમંધર, બાહુ સુબાહુ જિણંદા;
સુજાત સ્વયંપ્રભ ઋષભાનનજી, અનંતવીર્ય મુણિંદારે
॥ વિહરમાન જિન ગાયા ॥ ૧ ॥
સુરપ્રભ વિશાલ વજ્રધર, ચંદ્રાનન ચંદ્રબાહુ;
ભુજંગદેવ ઈશ્વર વંદો, નેમિપ્રભુ જસનાહુરે ॥ વિ૦ ॥ ૨ ॥


---

૧ ચંદ્ર

વીરસેન મહાભદ્ર દેવયશા, અજિતવીર્ય સુહાય;
પંચમહા વિદેહમાં રાજે, પ્રણમું વિજય તેહના પાયારે ।।વિ૦।।૩।।
શ્રીપ્રભસૂરીશ્વરપાટે, શ્રીજ્ઞાનવિમલસૂરિરાયા;
તાસ પાટે સોભાગ્યસાગરસૂરિ, નરનારી મન ભાયારે ।।વિ૦।।૪।।
તાસપટોધર અભિનવો પ્રગટયો, તપે ધનો અણગાર;
શ્રીસુમતિસાધુસૂરીશ્વર નામા, કરતાપર ઉપગારરે ।।વિ૦।।૫।।
સંવેગી શિર શિખર શોભાકર, શ્રીઋદ્ધિવિમલ ગુણગ્રાહી;
પંડિત કીર્ત્તિવિમલ તસ શિષ્યો, યશ કીર્ત્તિમાં ગંગા નાહીરે ।।વિ. ૬।।
તાસવિનયાણુ નિર્મિતાં, વિહરમાન ગીત રસાલા;
ભણતાં ગણતાં કોડિ કલ્યાણ, ઘરે ઘરે મંગલ માલારે ।।વિ૦ ૭।।
[1]બ્યાસાશનંદ સાગર વિધુ વર્ષે, વિજય દશમી જાણોરે;
ગુરૂવાસર અતિ મનોહર, વીશી ચઢી પ્રમાણરે ।।વિ૦।।૮।।૪૬તિ૦।।

ઇતિશ્રી વિબુધવિમલસૂરિ કૃત

વીશી સંપૂર્ણા.



---

૧ સંવત્ ૧૭૬૦

અથ પરચુરણ સ્તવનો.

અથ શ્રીઋષભદેવ ભગવાનનું ગીત.

સરસ્વતી માતા દ્યો મુજવાણી, સમરૂં જિનશાસન ધુરિ ધણિઆણી ।
નાભિરાજાને મરૂદેવીરાણી, કુખે ઉપન્યો કેવલનાણી ॥ ૧ ॥
ચોદે સુપને રાતિ વિહાણી, બીજે તો શાસ્ત્રે સકલ વખાણી ।
મંતે સંક્ષેપે કહ્યો છે જાણી, હવે અંબર દીધો માતા બ્રહ્માણી ॥૨॥
પૂરે મહીને બાલક જાયો, છપ્પન્ન કુમરી મિલીને ગાયો ।
ચોસઠ ઇંદ્રાદિક ઓચ્છવ આય, મેરૂ લે જઈ નીરે નવરાયા ॥૩॥
વળતો આવિત્રે મહોચ્છવ કીધો, નામ ઋષભકુંવર દીધો ।
માતા નવરાવે ધવરાવે ગાવે, મોટેરો હુવોને મેવા ખવરાવેરે ॥૪॥
આ . ઇતરાના મન આવે, ઘેબર જલેબી લાડુ લાખીણા ।
ચેંડા પેનાસા ફુગફુગતા રીણા, ટોઠા દહીવરા[1] દેવગરી[2] થાલી ॥૫॥
[3]માંડી મુરકીને સેવ સુંહાલી, સકરસીરણી લાફી તિરધારી ।
મરૂદેવીમાતા પીરસે સવારી, માતા બાલકનો મનન લાધ્યો ॥૬॥
બેટો રીસાણો થોડો સો ખાધો, એકો છાંડીને અલગો સોયેકો ।
મીઠે વા[4]ને કરી માતા મનાવે[5], ઇતરે આકાશથી ઇંદ્રાણી આવે॥૭॥
ઋષભ રીસાણો આવો મનાવા, આપણ નાચ્યાને ગુણગીત ગાવા ।
આદીશ્વર આગે ઇંદ્રાણી આઈ, નવરસ નાટકને વાજિત્ર[6] ઘાઇ ॥૮॥
અઇયો આડંબર ભરભાઈ ભાઈ, નાટક નાનડીયો ખુશાલ કીધો ।
એક ઇંદ્રાણી[7] ઉચ્છંગ લીધો, બીજી આવીને[7] બાકલ્લો દીધો ॥૯॥
પૂછે પ્રભુ કિમ રીસાણો કીધો, ઋષભ મનાવી માતાને દીધો ।
મરૂદેવી પૂછે રીસ કેમ આવી, શાક સઘળા મોડા કયું લાઈ ॥૧૦॥
પીરસ્યું બાપડવડી ભજીયાને ભાજી, શાક સહસગમે ચતુરાઇ ઝાઝી ।
કાકડી કંકોડા કારેલા કેલાં, કાચીકેરીને કરમદાં મેલાં ॥ ૧૧ ॥
કોહલાં કાલિંગડાં કીપટાં કેરા, બાકીયાં બત્રીશ લક્ષણીયાં બેરા ।

---

૧ મીઠી કચોરી ૨ માલપુડા ૩ કનસાર ૪ તેટલામાં ૫ નાચી ૬ બોલમાં ૭ તેડોની માફક.

શાક પાકને સઘલાઇ સીધ્યાં, આપે ઇંદ્રાણી હાથે શું કીધા ॥૧૨॥
જુગલીઆ જ્યારે કાંઈ ન જાણે, મંદારને આણીને આણે ।
ખાય ગાયને કાંઇ ન કમાવે, ઝાઝો જીવતે સદ્‌ગતિ જાવે ॥ ૧૩ ॥
ઇતરે આદીસર ઉપન્યો જાણ્યો, સુર દુમદેવતા તિણ હાથ તાણ્યો ।
નાભિરાજાને આગળે જાઇ, જુગલીયે વાત સઘળી જણાઇ ॥૧૪॥
ઋષભ તુમ્હારો રાજન સ્થાપો, પાય લાગીને પદવીજ આપો ।
જુગલિયા મલ્યાં મહોચ્છવ કરવા, ઋષભ બેસારી ગયા નીરભરવા ૧૫
ઇંદ્રે આવીને એમ કામ કીધો, છત્ર ચામરને સિંહાસન દીધો ।
ઝગોપગોને પાય પીતાંબર, માલા મુકુટને ધોતી ખખંબર ॥૧૬॥
વનિતા વસાવી ગદકોટ કીધો, જુગલીયા આવીને તિલકજ દીધો ।
પહેલો રાજજી ઋષભ કીધો, જુગલીયે તેને વધાવી લીધો ॥૧૭॥
વીશપૂરવલખ કુંવર રહીયો, વલતો ઋષભ રાજાને કહીયો ।
સુમંગલા સાથે વિવાહ કીધો, સુનંદા ડોલો, આણીને દીધો ॥૧૮॥
પરણી પનોતી જુગલ જાયા, ભરત બ્રાહ્મીને અડુાણું ભાય ।
બીજી બાહુબલી સુંદરી બેટી, જિણતાં જુગલિયાં તે રીત મે! ॥૧૯॥
તેસઠપૂરવલાખ રાજમાં રહ્યા, આપણ કામ સઘળાને કહ્યા ।
દાન દેઇને સંજમ લીધો, બાહુલી દેશમેં વિહાર કીધો ॥ ૨૦ ॥
ભોળા જુગલીયા ભેદન જાણે, સોનું રૂપું લે દેવાને આણે ।
ઉન્નો અન્ન પાણી કોઈ ન આપે, કષ્ટ કરી અંતરાય કર્મ કાપે ॥૨૧॥
સાથે છે સુકૂલ કુલ ખાઈ, પોતે ગજપુરમાંહે ગોચરીયે જા ।
શ્રેયાંસ જાતીસ્મરણ પાયો, તિણ સમે ભેટ 'સાંઠારસ આયો ॥૨૨॥
પહેલો પારણો પ્રભુને કરાયો, તિક્ષશિલાને ઉદ્યાન આયા ।
સાઢી બારકોડિ સોનાની વૂઠો, તિહાંથી પણ ચાલ્યા આદીશ્વર ઉઠી ॥૨૩॥
સાંભળી બાહુબલી તિહાં વધાયા, પરભાતે બેઠા વાંદણ જાય ।
જોઈ ઝાંબે પણ દરીસણ ન પાવે, કાને અંગુલી કરી તિણેનાદ દીધો ॥૨૪॥
તુરકે અદ્યાપિ તે પંથ લીધો, આદીસર પુરમતાલમેં આયા ।
કરમ ખપાવી કેવળ પાયા, તિણસમે ભરત પાટે વધાયા ॥૨૫॥
ચક્ર ઉપન્યો નવનિધિ પાઇ, બેઠા અડુાણું દીક્ષા લેઇ ભાઈ ।
બાહુબલ દુક એક જણાઈ, સંજમ લીધો તો તિણ સિદ્ધ પાઈ ॥૨૬॥
પુત્રવિયોગે મરૂદેવી માતા, આંખ્યા પડલને બેઈ અશાતા ।

---

૧ શેરડીનો રસ.

ભરતને કહે વાંદણ હાલો, એકવાર દેખું ઋષભ વાહલો ॥૨૭॥
કટકની કોડી ભરતને સાથે, મરૂદેવીમાતા બેઠી છે હાથી ।
પુરમાંહે દેખ તાં નીકલે બારે, આવે વાજંત્ર શબ્દ કાને સુણીયા ॥૨૮॥
મરૂદેવી પૂછે ભરતને રાજા, એ બેઠો કુણના વાજે છે વાજા ?
તુમ્હે ઋષભની ઋદ્ધિ ન જાણી, બેઠો હુએ છે કેવલ નાણી ॥૨૯॥
સેવે સુરનરને ઇંદ્ર ઇંદ્રાણી, બેઠક વેણાઈ ત્રિણગઢ થાઈ
સોને રૂપેને રતન જડાઇં, જાલી ઝરોખા પોલ પતાકા,
મણિમય તોરણ તુરીયર શાખા. ॥ ૩૦ ॥
આઠે પોહર કરણી ઇતનિવારે, પાયે લાગે છે ઘરપદા બાર ।
કાંટા ઊંધાને કમલ રચાવે, વાણી સાંભળતાં વિષવાદ જાવે ॥૩૧॥
એમ સાંભળી મરૂદેવી માતા, પડલ ટળીયાને પરમ શાતા ।
મોહને મુકીને મન પાછો લીધો, કેવળ પામીને સિદ્ધવાસ કીધો ॥૩૨॥
ભરત આદીસર આગલ જાઇ, ઋદ્ધિ દેખીને રલિયાત થાઇ ।
પ્રભુને પૂછીને વિનીતાનો વાશી, યા ઋદ્ધિ ધણુપીતિ રહસી કિં
જાસી ? ॥ ૩૩ ॥
વાણી તિર્થંકર તેવીશ થાસી, તમ સરીખા ચક્રવર્ત્તિ બારે ।
વાસુ પ્રતિવાસુદેવ અઢારે, નવ બલભદ્ર તેસઠ બલ હૂઆ ॥૩૪॥
બીજે શાસ્ત્રે સંબંધ જુજુઆ, પદવી તેસઠને શરીર સાઠ ।
[1]માતાઉતરીને જીવ એક ઘાટ, બાપ ઇકાવન સહુ કોઈ જાણે ॥૩૫॥
મૂરખ મનમાંહે સંદેહ આણે, મરીચિ પ્રમુખનો સંબંધ કહીયો ।
ચકી સાંભળને હેરાંન રહીઓ, બાપ બેટાને વાંદણ જાઇં ॥૩૬॥
અહંકારે નીચગોત્ર બંધાઇં, વાંદી પૂજીને ભરતજ આયો ।
શ્રીશેત્રુંજરો સંઘ ચલાયો, તંબુ તણાવી તયાર કીધા ॥ ૩૭ ॥
મુહૂરત જોઇને મેલાણ દીધા, છખંડ માંહે ફેર સરાહિ ।
શ્રી શત્રુંજે યાત્રા આવોરે ભાઇ, દેશી પરદેશી અનંતા મિલીયા ॥૩૮॥
સાહમિ સંઘલાઇ સંઘમાંહે ભિલીયા, પુત્રી પુત્ર કોડિ સવાધ ।
પાંચસૈ નતકી આવેવધાઇ, લાખ ચઉરાશી ઘોડાને હાથી ॥૩૯॥
રાજા મત્રીશહજર સાથી, અડંબર અધિક દિવાજે ।
વાજાનિર્ઘોષાં નિસાણવાજે, આપ ઐરાવણ અસ્વાર છાજે ॥૪૦॥
મેવાડંબર છત્ર વિરાજે, ચોરાશી લાખરથ જોતરીયા ।

---

૧ માતા તેટલી; સાઠ.

પાયક છિન્નું કોડિ પરિવરીયા, લાહણરૂપે સોનારે નાણે ॥ ૪૧ ॥
કરતો પહુતો સંઘવી પાલીતાણે, સંઘ સવાલોહી ચઢીયો શેત્રુંજે ।
પહેલો રાયણ તલપગલાંને પૂજે, ચક્રી જોઇને હુકમ દીધો ॥૪૨॥
રૂપારી રંગ સોનારા પાયા, મણિમય દેવલ કરી નવાની પાયા ।
[1]ધવલારતનમેં બિંબ ભરાવે, પ્રતિષ્ઠા પુંડરીક કને કરાવે ॥૪૩॥
પ્રતિમા પખ્વાસણ પરવેસ કીધો, ખજનો ખરચી જિણ જસ લીધો ।
પુંડરીકે પૂછે ભરત રાજા, શેત્રુંજ ઉપર તીરથ ઝાઝા ॥૪૪॥
નામ કહેાને વીધિ બતાવો, પરદક્ષીણાદેયાં સંઘસાથેઆવો ।
સુરજકુંડમેં સંપાડા કીજે, ભૃંગાર ભીમકુંડે ભરીજે ॥ ૪૫ ॥
ચૈલણા તલાઇ વીસામેા લીજે, અષ્ટપુર પેાલે ઉંચા ચઢીજે ।
અરૂઢ્યા દુંકમાંહિ આવી બેસીજે, ચેાખા ખાણથી બેચાર લીજે॥૪૬॥
ઉંચાઉદ્યુરે પાય લાગીજે, મેાખવારીને પેાલે પેસીજે ।
કેશર ઘસીને પૂજા ધમ કીજે, સુરનર વિદ્યાધર ચક્રવર્ત્તિ રાણી ।
પ્રતિમાને પૂજે ઉલટ આણી ॥ ૪૭ ॥
અરચે ચરચેને ગુણગીત ગાવે, ખેલા ખેલને ખુશાલ થાવે ।
પાલીતાણા પાખતી પેારવાડ ચાવો, નામ નગેાને ગામ હમાવો ॥૪૮॥
પંડિત શાંતિવિમલ ચારિત્ર દીધો, પછે શ્રીપૂજ્ય પંન્યાસ કીધો ।
તપગચ્છ નાયક વિજયપ્રભસૂરિ, ગિરૂએા ગચ્છનાયક પુન્યાઇ પૂરી ।
કહે વિનીતવિમલ કરજોડી, એ ભણતાં આવે સંપત્તિ કોડી ॥૪૯॥

અથ શ્રી ઋષભદેવ જિન સ્તવન.

રાગ–સનાથમાં એહનીઢાલછેજે ચાર ખ્યાકરા—એ દેશી.

પ્રણમું હું શારદા પદયુગ તાહરા, જિનપતિ ગાયવા મનોરથ માહરા;
પુહવે પરતુ ઘણું ઉવગે નરવરા, વિઘનવિદારકા તું હિ આદિસરા ॥૧॥
તુજસમ દેવ નહીં ભૂતલે ઠાકુરા, ગુણમણિ રેાહણ અભિનવ ભૂધરા;
વાદવિષમઘણું દૂસ્તરા દુંગરા, મારગે ચાલતા ખુંચેજી કાકરા વિઠારા
સાગસિસવ તિહાં બહુતરા પાખરા, વનગહ્વરઘણા એસિં ન ગેાકરા;
ભીલડા તિહાં રહી જેહવા વનચરાં, વર્ણઉરછીત તકેપદ જિસ્યાપ્રસ્તરા
નદિયવિહિ ઘણી જેહવા સાગરા, સ્વાપદ જલપીયિ વાઘને ચિતરા;

---

૧ ધોલા રત્નની પ્રતિમા કરાવી.

ઝોલે ટલી ફરી વને તસ્કરા, ઋષભનામથી તેહિ જાયે પરા ॥વિ૦૪॥
તવમુખ ઉપમાં કિમ કહું હિમકરા, આજ સફલ થયા જન્મથી વાસરા;
અગમ આનંદ ઉપનુ સુખકરા, રોગવિપક્ષ દૂરે ગયા આકરા ॥વિ૦૫॥
સ્નેહદ્રષ્ટિ કરી જોઉ તીર્થંકરા, અહનમિ વિનવે આપના ચાકરા:
તેહને દુર્લભ દીજીયે એ જિનવરા, વિભવચારૂ જિકે દીપતા દીકરા
॥ વિ૦ ॥ ૬ ॥
નામજપિ જિકે સામિશું ચિત્તખરા, અષ્ટમહાભયા વેગલા દૂરંધરા;
મહેલ મોટા લહિ પરિઘલ ઇંદિરા, મલપતિ માનની પામીયે મતિધરા
॥ વિ૦ ॥ ૭ ॥
ઇક્ષ્વાગ વંશવિભૂષણ સેહુરાં, કુમતિ તમ ટાળજો અભિનવ[1] દિનંકરા;
તારી ચાકરી નિત કરે ખેચરા, સકલ સુખ સો લહે ભક્તિ જે ત-
ત્પરા ॥ વિ૦ ॥ ૮ ॥
સંસાર સાગરે દુસ્તર દુઃખજિકે, રોગ જે દારૂણ દૂરે કરતિકે;
મુજમન મધુકરિ પદતવ સેવીયા, હરખ થયું ઘણું ઉલ્લસ્યાં નિજ-
હીયાં ॥ વિ૦ ॥ ૯ ॥
ઋષભજિણંદ તું વાલહો મુજને, મન વચને કરી કહું છું તુજને;
ચાકરી ચોર પ્રભુ આપણા જે કહી, તેહની સંપદા સામિ દીધિ
વહી ॥ વિ॥ ૧૦ ॥
ચૈત્ય ચતુરપણ ચિત્તશું નિરખતાં કોરણી પૂતલી નાટક બહુભતાં;
ગજ ચહયા માતજી પૂત્રને નિરખતાં, વિવિધપ્રકાર રચ તિહાં દેહરિ
દીપતાં ॥ વિ૦ ॥ ૧૧ ॥

દુહા.

ઋષભજિનેશ્વર ભેટી ઉપાશ્યું હરખ અપાર,
બહુદિનનું અજઉ હતું સફલ થયું અવતાર. ॥ ૧૨ ॥

ચાલ

અવતાર સફલ થયું આજ, જે ભેટ્યા શ્રીજિનરાજ ॥ ૧૩ ॥

દુહા.

મુજ મન પહેલું મિલિ રહું, દરિસણરી બહુ ધાખ;
જિનવરા સતી નિત મલું, જુદિ સાહિબ પાંખ. ॥ ૧૪ ॥

---

૧ સૂર્ય.

ચાલ.

સાહિબા સતી રંગે રાતુ, જેમ મધુકર માલતી માતુ;
૧અવિચલ નેહ મેરનેમેહા, પ્રાણસર મત ધો છેહા ॥૧૫॥

દુહા

ભાવસહિત પૂજા કરી, સ્તવના કીધી એમ;
તાહરા ચરણની મુજને, સેવા દેજો ક્ષેમ ॥ ૧૬ ॥

ચાલ

સેવા દેજો હેવિ ક્ષેમ, યાત્રા હું આવ્યો જેમ;
પ્રારથીયા વંછિત પૂરે, દુખ વિઘન વિપત્તિ તું ચીરે ॥ ૧૭ ॥
સંવત સત્તર બત્રીશે, ભવાવદી સાતમ સુજગીશે;
ગુરૂવાસરે યાત્રા કીધી, કરૂણા દ્રષ્ટિ જિનજીએ દીધી ॥ ૧૮ ॥

કલશ.

ઈમ ઋષભસ્વામિ પુણ્ય પામી ખરીય બીજમતં તાહરી,
ધૂલેવ મંડણ દુરિત વિહંડણ આશ પૂરો માહરી;
તપગચ્છરાય સુયશપાય શ્રી ઉદયવિમલ ગણધરા,
તસ્ય શિષ્યે સ્તવીઓ મને ગમીઓ આદિદેવ જિનેશ્વરો ॥૧૯॥

અથ શ્રીઋષભદેવજિન સ્તવન.

રાગ-મનમોહના લાલ—એ દેશી.

શુભાતમ શુભ ભાવથીરે મનમોહનલાલ, સિદ્ધ અનંતનો ઠામરે
દુઃખ ભંજના લાલ;
શ્રીપુંડરીકગિરિ ભેટતારે મન૦ સફલ થાય સવિ કામ દુઃખ૦૧॥
ધન દિવસ તે ધન ઘડીરે મન૦ ધન્ય જનમ મુજ આજરે દુઃખ૦
ઋષભદેવ યાત્રા કરીરે મન૦ તરણ તારણ જહાજરે દુઃખ૦ ॥૨॥
એક હારા સમકિત ધરોરે મન૦ બ્રહ્મચારી ૨ભૂમસથારરે દુઃખ૦
પાદાચારી અચિત્ત જમેરે મન૦ યાત્રા છરી ધરે સારરે દુઃખ૦॥૩॥
અહલ્લકોટ સમેતાશખરે મન૦ અષ્ટાપદ કરો સેવરે દુઃખ૦
ચોમુખ ઘણા રાયણ તલેરે મન૦ પગલાં પૂજો આદીદેવરે દુઃખ૦॥૪॥

---

૧ મોરને મેઘની માફક અવિચલ નેહ ૨ જમીન ઉપર સંથારો

નમિવિનમિ બાહુબલ ભલારે મન૦ ગણધર પગલા સારરે દુઃખ૦
ચૌદસયા બાવન સહીરે મન૦ શ્રીપુંડરીક ગણધારરે દુઃખ૦ ॥૫॥
મેરૂગીરિની સ્થાપનારે મન૦ ફરતી દેહરી જુહારરે દુઃખ૦
બિંબ ઘણા શ્રીસિદ્ધાચલેરે મન૦ પૂજી પામો ભવપારરે દુઃખ૦॥૬॥
મુલકોટિથી બાહરેરે મન૦ બે દીસે દેહરા સારરે દુઃખ૦
અદ્‌ભદ અદ્‌ભુત મોટકારે મન૦ પાંચ પાંડવ મનોહારરે દુઃખ૦॥૭॥
સવાસોમજીને દેહરેરે મન૦ ચોમુખ ફરતી જુહારરે દુઃખ૦
ચોમુખ મરૂદેવી શાંતિજીરે મન૦ છીપા વસહી ચિત્ત ધારરે દુઃખ૦॥૮॥
સૂર્યકુંડાદિક કુંડ ઘણારે મન૦ ઉલખા ઝોલ ભલા નીરરે દુઃખ૦
સિદ્ધશિલા સિદ્ધવડ ભજીરે મન૦ લહીયે ભવજલ તીરરે દુઃખ૦॥૯॥
ચોવીશ જિનની પાદુકારે મન૦ આશાપૂર પાગે સારરે દુઃખ૦
પાલીતાણે આદીનાથનુંરે મન૦ દર્શન કરો સુખકારરે દુઃખ૦॥૧૦॥
તીર્થયાત્રા જેણે નવિ કરીરે મન૦ વ્રતપચ્ચખ્ખાણ નવિ કીધરે દુઃખ૦
અનુભવ જ્ઞાન ચિત્તમાંહે નહીરે મન૦ તે કિમ પામે સિદ્ધરે દુઃખ૦॥૧૧॥
પુણ્યાનુબંધી પુણ્યથીરે મન૦ યાત્રા કરી શ્રીકારરે દુઃખ૦
સંવત્ અઢારએકો સહીરે મન૦ પોષ સુદીમાં સારરે દુઃખ૦॥૧૨॥
ભાવનગર ચોમે ભલીરે મન૦ ખંભાયત યાત્રા સારરે દુઃખ૦
ઋદ્ધિ કીર્ત્તિ અમૃત લહેરે મન૦ જિનનામે જયકારરે દુઃખ૦॥૧૩॥૧૪॥૧૫॥

અથ શ્રીઋષભદેવજિન સ્તવન.

રાગ–વાલા રંભા સરીખું મારૂં અગાંગણું રે વહાલા શરદપુનમની
રાત અલબેલા આવોને મ્હારે આંગણેરે લોલ—એ દેશી.

પ્રભુ સિદ્ધાચલગિરી મંડણોરે લોલ પ્રભુજી સકલ તીર્થ શણગાર
અલબેલા આવોને મ્હારે મંદિરેરે;
પ્રભુ ભવભય ભાવટ ભંજણોરે લોલ પ્રભુનાભિ નરીંદ મલ્હાર
અ૦ આ૦ ॥ ૧ ॥

પ્ર૦ સર્વાર્થસિદ્ધથી ચવીરે લોલ પ્ર૦ મરૂદેવી ઉયરે હંસ અ૦ આ૦
પ્ર૦ આવીને તિહાં ઉપન્યોરે લોલ પ્ર૦ ધન્ય ઇક્ષ્વાગનો વંશ અ.આ.॥૨॥
પ્ર૦ સોવનવરણ સોહામણોરે લોલ પ્ર૦ પણસય ધનુષ્યની કાય અ.આ.

---

૧ પાંચસો ધનુષનું શરીર.

પ્ર૦ જુગલા ધર્મ નિવારણહારે લેાલ પ્ર૦ ધેારી લંછન જસ પાય અ.આ૩
પ્ર૦ નિર્જર ચાર નિકાયનેારે લેા પ્ર૦ મિલીયા કેાડા કેાડ અ૦ આ૦
પ્ર૦ ગીતસંગીત બનાવતારે લેાલ પ્ર૦ ઉભા બેકરજોડ અ૦ આ૦ ॥૪॥
પ્ર૦ તુમ મુખ શશી સમ નિરખતારે લેાલ પ્ર૦ હરખ્યા નેન ચકેાર અ.આ.
પ્ર૦ તેારી મુરત મુજ મન વસીરે લેા. પ્ર૦ જેસી તે કાલજાની કેાર અ૦
આ૦ ॥ ૫ ॥
પ્ર૦ ફાગુણસુદી અષ્ટમી દિનેરે લેાલ પ્ર૦ પૂરવ નવાણું વાર અ૦આ૦
પ્ર૦ રાયણરૂખ સમેાસર્યારે લેાલ પ્ર૦ ત્રણભુવન આધાર આ૦આ.॥૬॥
પ્ર૦ આદીકરણ આદીસરૂરે લેાલ પ્ર૦ મહિમા મેરૂસમાન અ૦ આ૦
પ્ર૦ શ્રીશત્રુંજે ભેટતારે લેાલ પ્ર૦ વાધે અધિકેા વાન અ૦ આ૦॥૭॥
પ્ર૦ નેહનજર સામું જોયેારે લેાલ પ્ર૦ દાસ કરે અરદાસ અ૦ આ૦
પ્ર૦ લાળી લાળી તુમ પાયે નમુંરે લેાલ પ્ર૦ પુરેા વંછિત આશ અ.આ.૮
પ્ર૦ નવનિધિ સંપજેરે લેાલ પ્ર૦ દરિસણે પાપ પલાય અ૦ આ૦
પ્ર૦ ભેટે સવિ ભયભવ ટળેરે લેાલ પ્ર૦ સેવે શિવસુખ થાય અ.આ.॥૯॥
પ્ર૦ પૂરવ લાખ ચેારાશીનેારે લેાલ પ્ર૦ પાળી પુરણ આય અ૦આ૦
પ્ર૦ દશસહસ અણગારશુંરે લેાલ પ્ર૦ પહેાંચ્યા શિવપુર ઠાય અ૦આ૧૦
પ્ર૦ સાયરવસુનાગેંદુરે લેાલ (૧૮૮૭) પ્ર૦ મહાવદ માસ મેાજાર
અ૦ આ૦
પ્ર૦ નામ સંવચ્છર જાણિયેરે લેાલ પ્ર. તીથિ સાતમ ભૃગુવાર અ.આ.૧૧
પ્ર૦ ગિરિગુણ ગાયા રીઝથીરે લેાલ પ્ર૦ વંછિતકારજ સિદ્ધ અ૦ આ૦
પ્ર૦ શ્રીગુરૂ પુન્યપ્રતાપથીરે લેાલ પ્ર. પામે અવિચલ ઋદ્ધ અ૦આ૦૧૨
પ્ર૦ કરજોડી વિનતિ કરૂંરે લેાલ પ્ર૦ અવધારેા મુજદેવ અ૦ આ૦
પ્ર૦ જીતવિમલને આપજોરે લેાલ પ્ર૦ ભવ ભવ તુમ્હ પાય સેવ
અ૦ આ૦ ॥ ૧૩ ॥

અથ શ્રીઆદીશ્વરજિન સ્તવન.

રાગ-કેશરમાં લીના મહારો સાહિબેા—એ દેશી.

આજ મનેારથ મુજ ફળ્યા પ્રભુ માહરા, દેખત તુમ્હ દીદાર હેા;
ભાવઠ ભાગી ભવતણી પ્રભુ૦, સફલ થયેા અવતાર હેા ॥ ૧ ॥

આદિજિનેસર અચ્ચિંત કેશર તાહરી પ્રભુ૦, મૂરત છે મનોહાર હો
॥ આંચલી૦ ॥
નાભિરાયા કુલ ચંદલો પ્રભુ૦, મરૂદેવીમાત મલ્હાર હો;
ઉપગારી શિર સેહરો પ્રભુ૦, સકલ જંતુ હિતકાર હો ॥આદિ૦૨॥
આશકરી અલગા થકી પ્રભુ૦, ચરણે આવ્યો હું સ્વામ હો;
તારક બિરૂદ તાહરૂં પ્રભુ૦, નિસુણો ઠામ ઉઠામ હો ॥આદિ૦૩॥
માગ્યાવિણ ઉજોયો માતને પ્રભુ૦, આપ્યું કેવલનાણ હો;
મ્હારી વેલા તુમે રહ્યા પ્રભુ૦, એહશું ચતુરસુજાણ હો ॥આદિ૦૪॥
તુહારે તો સરિખું સહુ પ્રભુ૦, કુણરાજા કુણરંક હો;
જોવો તે જુગ તું નહી પ્રભુ૦, દાતા દીયે નિસંક હો ॥આદિ૦૫॥
પાપી પરિગ્રહ પ્રાણીયા પ્રભુ૦, ઉતારો ભવપાર હો;
કોડી ઉપર કટક કીશું ? પ્ર૦, શું કહીયે વારોવાર હો ॥આદિ૦૬॥
ખિજમતમાં ખામી ઘણી પ્રભુ૦, દુષ્કર તાહરી આણ હો;
નિસ્તરીએ તુજ નામથી પ્રભુ૦, અવર નહી વિનાણ હો ॥આદિ૦૭॥
દુજો હોયતો દાખવો પ્રભુ૦, કીજે તેહ પ્રમાણ હો;
લલચાયો લલચું નહી પ્રભુ૦, એવડી શી ખાંચાતાણ હો ॥આદિ.૮॥
ખલકમાંહે ખોલતા પ્રભુ૦, ચઢીએ ચિંતામણ હાથ હો;
અક્ષયસુખ આપ્યા વિના પ્રભુ૦, ચરણ ન છોડું નાથ હો ॥આદિ૦૯॥
દાસ ચાકર હું તાહરો પ્રભુ૦, અવર ન ચાહું સેવ હો;
દિલધર દલમાંહે રાખીયે પ્રભુ૦, તું હીજ મારે દેવ હો ॥આદિ૦૧૦॥
શ્રીવીર કહે એ જિનવાંદતા પ્રભુ૦, સારે વંછીત કાજ હો;
આરાધો આપસમ કરે પ્રભુ૦, વિશુદ્ધ એ જિનરાજ હો ॥આદિ૦૧૧॥

અથ શ્રીઋષભદેવજિન સ્તવન.

ભવિ તુમ્હે વંદોરે ઋષભદેવ જિણંદા,
સિદ્ધાલંબણ શુદ્ધ સ્વરૂપી દાયક પરમાનંદા ॥ ભ૦ ॥ ૧ ॥
ચાર નિક્ષેપા પ્રભુજી કેરા નામ સ્થાપના વારૂં,
દ્રવ્યભાવ ચિત્તમાંહિ રાખો ભાષા અનુયોગ દારૂં ॥ ભ૦ ॥ ૨ ॥
શ્રીઠાણાંગસૂત્રમાં જો જો ચારસત્ય નિરધારી,

જિનપ્રતિમા જિન સરખી જાણે શ્રાવક સમકિત ધારી ॥ભ૦॥૩॥
અષ્ટપ્રકારી પૂજા કીજે ઉત્તમ ગંધની પહેલી,
બીજી પુષ્પ અક્ષતની કરજ્યો આલસ મેલી ॥ ભ૦ ॥ ૪ ॥
દીપ પૂજા ચોથી ભવવારી ફલની પાંચમી જાણે,
ધૂપની છઠ્ઠી નિરતિ સાતમી સુશ્રાવક મન આણે ॥ ભ૦ ॥૫॥
આઠમી નૈવેદ્ય પૂજા સારી કરમ આઠ ક્ષયકારી,
નાગકેતુ પરે થિરપરિણામે પૂજે જે નરનારી ॥ ભ૦ ॥ ૬ ॥
તરસે ભવ લહેશે ગુણશ્રેણિ જે પ્રભુ આણા પાલે,
ઋદ્ધિ કીર્ત્તિ સુખસંપદ પામી અમૃતપદથી નિહાલે ॥ભ૦॥૭॥૪॥તિ૦॥

અથ શ્રીઋષભદેવજિન સ્તવન.

ઋષભદેવ મુજ અલજ્યો, તુમ્હ દરિસણ કરવા;
ઘણા દિવસની હું મહું, તે તુમ પદકજ નમવા ॥ ઋ૦ ॥ ૧ ॥
મરૂદેવી માતાએ જનમીઓ, નાભિરાયા નંદન;
ઉંચપણે ધનુષપાંચસેં, જગસિષ્ટનો મંડન ॥ ઋ૦ ॥ ૨ ॥
સુવર્ણવર્ણ તનુ [1]દીધિતિ, લાખચોરાશીપૂર્વઆય;
વિનીતા નયરીનો ધણી, વૃષભલંછન પાય ॥ ઋ૦ ॥ ૩ ॥
હરીહર બ્રહ્માદીક દેવા, તે મેં નયણે દીઠ;
પણ તુજ ઉપરે મન મોહિઉં, તો સર્વે એ દીઠ ॥ ઋ૦ ॥ ૪ ॥
જગબંધવ જગનાથજી, જગતાત કહાય;
જગત્રાતા જગનો ધણી, એહવું બિરૂદ દેવાય ॥ ઋ૦ ॥ ૫ ॥
ઋદ્ધિ કીર્ત્તિ તુજ નામથી, લહે અમૃતપદ સાર;
વીરવિમલ પ્રભુ શિષ્યને દ્યો મહોદય નિરધાર ॥ઋ૦ ॥૬॥૫॥તિ૦॥

અથ શ્રી અજીતનાથજિન સ્તવન.

રાગ–સીહો રોહીનો સેલોલ્હોકેદાડિમ ચોધપુરી–એ દેશી.

અવિચલ ભાવે હોકે અજિતજિણેસરૂ, સેવો સાહિબ હોકે
પ્રત્યક્ષ [2]સુરતરૂ

---

૧ તેજ, ૨ કાંતિ કલ્પવૃક્ષ.

મુખી આલશ હોકે ધ્યાવો ભવહરૂ, ધરમજિનને હોકે જે છે
હરખ કરૂ ॥ ૧ ॥
ભવોદધિ ભીષણ[1] હોકે ઉડા અતિહિ ઘણું, જનમ મરણરૂપ હોકે
જલમેા જાણું
પૂજા પ્રવહણ હોકે પ્રભુજીને બેસીયે, આરે મુગતિને હોકે ઉતર
વાધ સીયે ॥ ૨ ॥
જિનજીની પૂજા હોકે એ જગતિ થલે, સ્તન એ ઉત્તમ હોકે
રાખેા કરતલે
પંચમઆરે હોકે ભરમ ઘાલે ઘણા, સૂત્રઆણાંગે હોકે સત્ય
છે સ્થાપના ॥ ૩ ॥
ગઢ તારંગે હોકે ઉન્નત દેહરે, ભેટે ભાવે હોકે તેહનાં દુરિત હરે
ભાગ્યને યોગે હોકે દરિસણ પામીએા, દુઃખ દુર્ગતિ હોકે હવે
હું વામીએા ॥ ૪ ॥
માસ જેઠની હોકે બીજ મનોહરૂ, અઢારસે સંવત હોકે બારો બીલોત્તરે
ઋદ્ધિ ને કીર્ત્તિ હોકો જિનવરંચાન ઘરૂં, અમૃત પદવી હોકે લે
જહુ સુખકરૂં ॥ ૫ ॥ ઈતિ૦ ॥

અથ શ્રીસંભવનાથજિન સ્તવન.

રાગ—પ્રભાતી.

સંભવ સાહિબ સેવીયે, સુખ સંપત્તિ દાતા
શાહપુરમાંહે શોભતા, સેવક દે સુખશાતા ॥સંભવ૦ ॥૧॥
ત્રીજે જિનપતિ પૂજીયે, પ્રહ ઉઠી ભકતે
અંગ અગ્ર ભાવે કરી, પ્રાણી નિજ શકતે ॥સંભવ૦॥૨॥
કેશર ચંદન કુસુમશું, અંગપૂજા કહીયે
અક્ષત નૈવેદ્ય દીપ જે, અગ્રપૂજા લહીયે ॥સંભવ૦ ॥૩॥
ચૈત્યવંદન કરે રંગશું, પ્રભુના ગુણ ગાવે
ભાવપૂજા ત્રીજી કહી, કરતા પાવન થાવે ॥સંભવ૦ ॥૪॥
ઋદ્ધિ કીર્ત્તિ વળી તે લહે, વિધિશું પૂજા કરતો
અમૃતપદ પાસે સહી, ભવસાયર તરતો ॥સંભવ૦॥૫॥ ઇતિ૦॥

---

૧ બીહામણું.

અથ શ્રીઅભિનંદનજિન સ્તવન.

હાલ મોતીડાની.

પ્રભુ મુજ દરિસણ મિલ્યો અલવિ મન થયું હવે હલવિહલવિ
સાહિબા અભિનંદન દેવા ।
પુણ્યોદય એહ મોટો માહરો, અણચિંત્યો થયો દરિસણ
તાહરો ॥સા૦ ॥૧॥
દેખત એવ હરી મન લીધું" કામણગારે કામણ કીધું ॥સા૦॥
મનડું જાય નહિં કો પાસે, રાતદિવસ રહે તાહરીપાસે॥ સા૦॥૨॥
પહેલું તો જાણ્યું હતું સોહિલું, પણ મોટાસ્યું લિલવું દોહલું ॥સા૦॥
સોહિલું જાણી મન વલગ્યું, થાય નહિં હવે કીધું અલગું ॥સા૦૩॥
રૂપ દેખાડી હોય અરૂપી, કિમ ગ્રહવા એ અકલસ્વરૂપી ॥સા૦॥
તાહરી ધાતુ ન જાણી જાય, કહો મનડાની શીગત થાય ॥સા૦૪॥
પહેલા જાણી પછી કરે કિરિયા, તે પરમારથ ગુણ સુખના દરીયા ॥સા૦॥
વસ્તુ અજાણે મન દોડાવે, તેતો મુરખ અહુ પસ્તાવે ॥ સા૦ ॥૫॥
તે માટે તું રૂપી અરૂપી, તું સુધબુદ્ધિ સિદ્ધ સ્વરૂપી ॥ સા૦ ॥
એહ સ્વરૂપ થયું જબ તાહરૂં, તવ ભ્રમરહિત થયું મન માહરૂં ॥સ૦૬॥
તુજગુણ જ્ઞાન ધ્યાનમાં રહીએ, ઈમ હલવું પણ સુલભજ કહીએ॥સા૦॥
સાધવિમલ પંડિત પ્રભુ ધ્યાને, અનુભવ રસમાં હલ્યો એકતાને ॥સા૦॥૭

અથ શ્રીસુમતિનાથજિન સ્તવન.

સજની મોરી સુમતિજિનેસર સેવોરે સ૦મો૦ એ નરભવનો મેવોરે
સ૦ સાર'ગપુર શિણગારરે, સ૦ આપે ભવનો પારરે;
સ૦ વિનતડી અવધારોરે, સ૦ નિજ આતમને તારોરે ॥એ આંકણી
સ૦ ભોગ કરમ ક્ષીણ જાણીરે, સ૦ પરણ્યા સંયમરાણીરે,
સ૦ પુદ્ગળ અનુભવ છાંડયોરે, સ૦ કર્મશું ઝગડો માંડયોરે ॥૧॥
સ૦ સંવરકોટ શ્રીકારરે, સ૦ ચોકી બાવન બારરે;
સ૦ શીલસનાહ ધરી શીરરે, સ૦ તપ તરકસ ભરી તીરરે;

સ૦ જ્ઞાનના ગોળા ચલાવીરે, સ૦ ધ્યાન અનલ સળગાવીરે ॥૩॥
સ૦ મોહરાયતે માર્યોરે, સ૦ નિજ આતમને તાર્યોરે;
સ૦ કર્મકટક સવિ ભાગ્યુંરે, સ૦ જીતનગારે વાગ્યુંરે ॥ ૪ ॥
સ૦ કેવલ કમલા વરીયોરે, સ૦ જ્ઞાનદિક ગુણ ભરિયોરે;
સ૦ આતમસુખનો ભોગીરે, સ૦ પુદ્ગલ ભાવ વિજોગીરે ॥ ૫ ॥
સ૦ સુમતિજિન સુમતિ આપેરે, સ૦ આપ સમોવડ થાપેરે;
સ૦ એ સમ અવર ન કોઇરે, સ૦ ત્રણભુવનમાં જોઇરે ॥ ૬ ॥
સ૦ આપ થયા શિવ ગામીરે, સ૦ કર્મશું કરશે હરામીરે;
સ૦ સાદિ અનંતે ભાંગેરે, સ૦ તે પદ કોણ ન માગેરે ॥ ૭ ॥
સ૦ શું વિષયારસ રાચેરે, સ૦ ભવસુખ જાણે કાચેરે;
સ૦ ઘરનો ધંધો છાંડોરે, સ૦ ધર્મશું મમતા માંડોરે ॥ ૮ ॥
સ૦ મણિ ઉદ્યોત પ્રભુ પામીરે, સ૦ કેમ થાયે વિષયારામીરે;
સ૦ કોણ પીએ ખાટી છાસરે, સ૦ મુકી અમૃત સુવાસરે ॥ ૯ ॥

અથ શ્રીચંદ્રપ્રભજિન સ્તવન. –

ચંદ્રપ્રભુજિન સાંભળોરે લાલ, સેવકની અરદાસરે સુગુણનર;
ચોરાશીલક્ષ યોનિમાંરે લાલ, રહ્યો અનંત ભવ વાસરે સુગુણનર
॥ ચંદ્ર૦ ॥ ૧ ॥
તિહાં મેં દુઃખ સહ્યાં ઘણારે લાલ, કહેતાં નાવે ન લહું પારરે સુગુણનર
તુમ ચરણે હું આવીયોરે લાલ, ધો દરિસણ મુજ સારરે સુગુણનર
॥ ચંદ્ર૦ ॥ ૨ ॥
મેં પ્રભુ મધુકર વંછીયેરે લાલ, તુમપદ પદ્મ પરાગરે સુગુણનર;
પણ શુભકર્મ ઉદય વિનારે લાલ, તે કીમ લીજે લાગરે સુગુણનર
॥ ચંદ્ર૦ ॥ ૩ ॥
લક્ષ્મણામાતાએ જનમીઆરે લાલ, મહસેન તાત કહાયરે સુગુણનર
શશિસમ કાંતિ દીપતોરે લાલ, ચંદ્રલંછન જસ પાયરે સુગુણનર
॥ ચંદ્ર૦ ॥ ૪ ॥
જગ ઉપગારી જગદીશરૂરે લાલ, જગબંધન જગનાથરે સુગુણનર;
તું બ્રહ્મા તું પુરૂષોત્તમોરે લાલ, તું શિવપુરનો સાથરે સુગુણનર
॥ ચંદ્ર૦ ॥ ૫ ॥

લેઇ દીક્ષા કેવળ વરીરે લાલ, બેસી ત્રિગડે સારરે સુગુણનર;
પાંત્રીશવાણી ગુણે કરીરે લાલ, બુઝવ્યા ભવિક ઉદારરે સુગુણનર
॥ ચંદ્ર૦ ॥ ૬ ॥
સંવત અઢાર અડયાશીમેરે લાલ, રહી સિદ્ધપુર ચોમાસ સુગુણનર;
વીરવિમલગુરૂશિષ્યનેરે લાલ, ધો મહોદય પદવાસરે સુગુણનર
॥ ચંદ્ર૦ ॥ ૭ ॥

અથ શ્રીપૂજાવિધિ આશ્રયી શ્રીસુવિધિનાથજિન સ્તવન.

દેશી ચોપાઇની.

સુવિધિનાથની પૂજા સાર, કરતાં સઘલે જય જયકાર;
પૂજાની વિધિ સારો સહી, શ્રીભગવંતે શાસ્ત્રે કહી ॥ ૧ ॥
પૂર્વ સન્મુખ સ્નાન આદરો, પશ્ચિમદિશિ રહી દાતણ કરો;
ઉત્તરે વસ્ત્ર પહેરો સહી, પૂજો ઉત્તર પૂરવ મુખ રહી ॥ ૨ ॥
ઘરમાં પેસતાં વામે ભાગ, દેરાસર કરવાનો લાગ;
દોઢહાથ ભૂમિથી કીજીયે, ઉંચુ નીચું સહુથી વરજીયે ॥ ૩ ॥
પૂરવ ઉત્તરમુખ પૂજા જાણ, બીજી દિશે હુએ કરતાં હાણ;
નવાંગ પૂજાનો વિધિ એહ, વિધિ કરતાં હોય નિરમલ દેહ ॥ ૪ ॥
પગ જંઘાને હાથબેતણી, ખંભા મસ્તકની પાંચમી ભણી;
ભાલ કંઠ હૃદય એ જાણ, ઉદરે નવમું તિલક વખાણ ॥ ૫ ॥
અંગનવિણ પૂજાનવિ હોય, વાસપૂજા પ્રભાતે જોય;
કુસુમપૂજા મધ્યાન્હે કરો, સાંજે ધૂપ દીપ આદરો ॥ ૬ ॥
ધૂપ ઉખેવો ડાબે પાસ, જમણે પાસે દીપ પ્રકાશ;
ટોકું આગલ મૂકો સહિ, ચૈત્યવંદન કરો દક્ષિણ રહી ॥ ૭ ॥
હાથ થકી જે ભૂમિયે પડે, પગ લાગે મલીન આભડે;
મસ્તકથી ઉંચું પરિહરો, નાભિ થકી નીચું મત કરો ॥ ૮ ॥
કીડે ખાધું તજીયે ફુલ, એમ ફલાદિક ટોઇએ અમૂલ;
ફુલ પાંખડી નવિ છેદીયે, કલિકા કદિયે નવિ ભેદીયે ॥ ૯ ॥
ગંધધૂપ આંખે આણીયે, ફુલ દીપ બલી ફલ જાણીયે;
પાણી આઠમું સુંદર સહી, આઠ પ્રકારી પૂજા કહી ॥ ૧૦ ॥
શાંતિકરણ ઉજ્વલ વસ્ત્ર, લાભ કારણે પીત પવિત્ર;
વયરી જીપવા પહેરો શ્યામ, રાતું વસ્ત્ર તે મંગલ કામ ॥ ૧૧ ॥

પંચવરણ વસ્ત્રે હોય સિદ્ધ, ખંડિત[1] સાધ્યાં[2] વસ્ત્રનિષિદ્ધ;
પદ્માસનને ભાને રહી, મુખકોશ પૂજાવિધિ કહી ॥ ૧૨ ॥
એ વિધિ પૂજા કીજે સદા, જિમ પામીજે સુખસંપદા;
આનંદવિમલ પંડિતનો દાસ, પ્રીતિવિમલ પ્રણમે ઉલ્લાસ ॥ ૧૩ ॥

અથ શ્રીશાંતિનાથ નાથજિન સ્તવન.

રાગ–મુને મારા બાપના સમજો—એ દેશી.

શાંતિજિનેસર ચરની સેવા, વાહલા મારા મીઠી મુજને લાગેરે;
દરશન કરતા દુરિત નિવારે, ભવભય ભાવઠ ભાગેરે;
લાગે મુજ મીઠીરે જિનમૂરત જયકાર નયણે દીઠીરે ॥આંચલી૦૧॥
દેવદની માંહે દલશું જોતા વાહ૦ અવર ન દીઠો કોઇરે;
મનમગનતા પામે મોદ વાહ૦ આંખડી આણંદ જોઇએ ॥લાગે૦૨॥
તું પારંગત તું પુરૂષોત્તમ વા૦ પરમપદનો ભોગીરે;
પરમાનંદ સુખ સેવકને આપો વા૦ સેવો ત્રિકરણ યોગેરે ॥લાગે૦૩॥
તું સાહિબ સુરતરૂ સમ પામી વા૦ અવરસુર કોણ સેવેરે;
વંછિત પૂરણ ચિંતામણિ પામી વા૦ ઉપલખંડ કોણ લેવેરે ॥લાગે૪॥
એક અનોપમ અવ્યયીજ તાહરૂં વા૦ ધ્યાતા ધ્યેયજ થાયરે;
તે કારણ તું ગુણગણ સાયર વા૦ સાચો સાંહી કહાયરે ॥લાગે૦૫॥
ઉપગારી અરિહંત હું જાણી વા૦, આશ કરીને આઉરે;
મહેર કરી મુજ રોલ્યો માહરો એવે હું પરમાનંદ પાઉરે ॥લાગે૦૬॥
તારક જાણી હું તાહરે આગે વાહ૦, અરજ કરૂં શિરનામીરે;
જન્મમરણનો ભય નિવારો, સેવક જાણી શિવગામીરે ॥લાગે૦૭॥
ભવસાયરમાં ભૂરિ ભમતાં વા૦, ભયભંજન તુ ભેટ્યોરે;
આજઅપૂર્વ વાસરવળીયા વા૦ ઓઘઅનંતો મેટ્યોરે ॥લાગે૦૮॥
ખજાનાથી ખોલવો ન પડે વા૦ તો, એવડી શી આંટીરે;
આંખને ઉલાળે અક્ષય સુખ આપો ઉતારો દુઃખ ઘાંટીરે ॥લાગે૦૯॥
તું સાહબ હું સેવક તારો વા૦, નિરવહીએ નીતેરે;
પુરણાનંદ એ સુખ સેવકને આપો સદા રાખી ચિતેરે ॥લાગે૦૧૦॥

---

૧ ફાટેલુ ૨ સાંધેલુ

વિનતી એક વીતરાગ સેવકની વા૦ સાહિબ ચિતમાં ધરીયેરે;
શ્રી વીરવિમલ કહે વિશુદ્ધ એ જિન, જો તારે તો તરીયેરે ।।લાગે૦
।। ૧૧ ।। ઇતિ૦ ।।

અથ શ્રીશાંતિનાથ જિન સ્તવન.

રાગ–જિહો સકલ મનોરથ પૂરવે—એ દેશી.

જીહો સમીહિત પૂરણ સુરતરૂ લાલા, સાહિબ શાંતિ જિણંદ;
જીહો શુદ્ધસ્વરૂપ દાયક પ્રભુ લાલા, ભજીયે ધરી આણંદ ।। ૧ ।।
મહોદય દાયક જિનવર સેવ ।। એ આંકણી૦ ।।
જીહો શાંતિહુવે જગ શાંતિથી લાલા, કાંતિ કાંચન મય જાસ;
જીહો દાંત થઈ સમતા ભજી લાલા, જિનધ્યાને અથ નાસ ।।મહો૦ ૨।।
જીહો [1]અરિ હણીયે શુભ ધ્યાનથી લાલા, પામ્યા પાંચમું જ્ઞાન;
જીહો સમવસરણ દેવે રચ્યું લાલા, બેઠા ત્રિભુવન ભાણ ।।મહો૦ ।।૩।।
જીહો પ્રથમ ગઢ વાહન રહે લાલા, બીજે ગઢ તિર્યંચ;
જીહો [2]નાગમયુરજ બેલારમેં લાલા, મુકી વરે પ્રપંચ ।।મહો૦।।૪।।
જીહો રયણમઇ ગઢ ત્રીજે તિહાં લાલ, જિનજી કરે ઉપગાર;
જીહો બારે બારે પરષદ આવી મલે લાલા, સુણેા તેહ વિચાર ।।મહો૦ પા।
જીહો પ્રથમ ત્રણ પરખદા રહે લાલા, અગ્ની કુંડ મઝાર;
જીહો મુનિ વૈમાનિકની સ્ત્રીયા લાલા, સાધ્વી ગુણ ભંડાર ।।મહો૦।। ૬।।
જીહો નૈઋત્ય કુંડે હરખશું લાલા, જ્યોતિષ દેવની નારી;
જીહો ભુવન વ્યંતરની દેવાંગના લાલા ઉભી સુણે નિરધાર ।।મહો.૭।।
જીહો વાયુકુંડમાં મોદશું લાલા, જોજન ગામિની વાણી;
જીહો જ્યોતિષ ભુવનપતિભલા લાલા, વ્યંતર સુણે સુજાણ ।।મહો૦ ૮।।
જીહો ઈશાનકુંડમાં ભાવશું લાલા, વૈમાનિકના દેવ;
જીહો નરનારી બહુ રાગશું લાલા, તન્મય થઈ કરે સેવ ।। મહો૦ ૯।।
જીહો ઇમ બારે પરખદા સુણે લાલા, ગદિત પારંગત ધરમ;
જીહો રાગદ્વેષ મચ્છર તજે લાલા, ઉન્નત મૂલે તે કર્મ ।।મહો૦ ૧૦ ।।
જીહો સુલભ બોધિ શુભમતિ લાલા, ઋદ્ધિ કીર્ત્તિ લહે તેહ;
જીહો અમૃતવાણી પ્રભુજી તણી લાલા, હૃદય ધરે સસનેહ ।।મહો૦
।। ૧૧ ।।

---

૧ શત્રુ. ૨ સર્પ અને મોર બેગારમે.

અથ શ્રી શાંતિનાથ જિન સ્તવન.

રાગ–કોઇલો પર્વત ધૂધલોરે—એ દેશી.

શાંતિજિનેસર સાહિબોરે લો, કીધો મોહ વિનાશરે સુગુણનર;
કેવલ કમલનો ધણીરે લો, નામે પાપ પ્રણાશરે સુગુ૦ ॥ શાંતિ૦૧॥
ગણધરછત્રીસ જેહનારે લો, દ્વાદશાંગી રચનારરે સુગુ૦
બ્યાસઠસહસ સાધુ ભલારે લો,ગુણ સત્તાવીશ ધારરે સુગુ૦ ॥શાં.૨॥
એકસડસહસ સાધ્વીરે લો, ઉપરે છસય જાણુરે સુગુ૦
પંચાચારની પાલિકારેલો, ભાખે મધુરી વાણુરે સુગુ૦ ॥શાંતિ૦ ૩॥
વૈક્રિયલબ્ધીના ધારકારે લો, સહસપટ જસ પાસરે સુગુ૦
વાદીચોવીશસય સહીરે લો, જિનમત થાપે ખાસરે ॥શાંતિ૦ ૪॥
અવધિજ્ઞાની વંદિયેરે લો, ત્રણ સહસ મુનિ ધીરરે સુગુ૦
તેંતાલીશસે કેવલીરે લો, પામ્યા ભવોદધિ તીરરે સુગુ૦ ॥શાં૦ ૫॥
મનઃપર્યવ નાણી નમોરે લો, [illegible]સહસ સુખદાયરે સુગુ૦
ચૌદપુરવિ [illegible]યારે લો, [illegible]યરે સુગુ૦ ॥શાંતિ૦ ૬॥
પ્રભુ પાસે ધરમ આદરોરે લો, શ્રાવક બે લાખ સારરે સુગુ૦
નેવુ હજાર અધિકા લહ્યારે લો, ધન્ય તેહનો અવતારરે સુગુ૦॥શાં૦૭॥
ત્રણ લાખ શ્રાવિકા ભલીરે લો, અધિકી ત્રાણુ હજારરે સુગુ૦
રત્નત્રયની આસ્તિકારે લો, ધર્મ જાણે જગસારરે સુગુ૦ ॥શાં૦ ૮॥
પ્રભુ પરિવારને હું નમું રે લો, ઋદ્ધિ કીર્ત્તિ સુખદાયરે સુગુ૦
અમૃતવાણી અરિહંતનીરે લો, ઋદ્ધ્યો હિતદાયરે સુગુ૦ ॥ શાંતિ૦
॥ ૯ ॥

અથ શ્રીશીતલશાંતિનાથજિન સ્તવન.

ભાવે પૂજોરે શીતલને શાંતિજિણંદા,
ભવની ભાવટ ભાજે સાહમ્ય આપે પરમાનંદા ॥ ભાવ૦ ॥ ૧ ॥
અચ્યુત દેવલોકથી ચવી શીતલ ભદ્દિલપુર નરંદા
નંદા માતા શ્રીવત્સ લંછન દઢરથરાય કુલચંદા ॥ ભાવ૦ ॥ ૨ ॥
જયંત અનુત્તરથી ચવી શાંતિ અચિરામાત આણંદા ।
વિશ્વસેન પિતા મૃગચરણે સુખદાઇ સુખકંદા ॥ ભાવ૦ ॥ ૩ ॥
નિરમલ ચિત્તે નિર્મલ વિધિશું નિર્મલ પૂજા કીજે
ભણનારંભી પનુસવી તજીયે તો સવિસુખ ભવિલીજે ॥ભાવ૦૪॥

કનાશાની પોલમાં રાજે સુરતરૂ પરે સાચા
ઋદ્ધિ કીર્ત્તિવંછિત સુખદાઇ અમૃત સરીખી વાચા ।।ભાવ૦પઢતા।।

અથ શ્રીશાંતિનાથજીન સ્તવન.

શ્રીજિનશાંતિપ્રભુ પરમાત્મારે વહાલા રાણી અચિરાનાનંદ રસીયા
વસીયા પ્રભુજી અમે અંતરેરે ।।
સોવનવર્ણી આંગીયા દીસે ઘણીરે; તકતા હાંડી ઝુમર ઝળકે
ઝાકઝમાલ રસીયા૦ ।। ૧ ।।

સાખી.

મોટા દેરાસર માંહિ પ્રથમ શાંતિજિનંદ
સુમતિ ચોમુખ વંદીયે વાણિ અતિ ઉમંગ

સખીઓ આંગીઓ ભેલી છે વિધવિધ ભાતની રે,
ખમીસ કબ્બજા જકીટ જાતે જાત રસીયા વસીયા૦ ।। ૨ ।।

સખી.

અચિરા કુખે અવતર્યા વિશ્વસેન કુલચંદ
ગગને તારા ઝળકીયા જેમ પ્રગટયો નવિરંગ

મોગરો કુલેલ ચુલાબકેડા ભરીરે
કેવડા રંગમંડપમાં લહેકી મહેકી જાય રસીયા વસીયા૦ ।। ૩।।

સાખી:

બાંહે બાજુબંધ બેરખા ગળે મોતનકેા હાર
કાને કુંડલ ઝળકીયા ચંદ્રતેજ એકતાર

હરખે આંગીઓ રચાવે નરને નારીઓરે
તેજે ઝલકે મલકે ચુનીઓ અપાર રસીયા વસીયા૦ ।। ૪ ।।

સાખી.

સ્મરણ કરૂં શ્રી શાંતિનાથનું મંત્ર જપુ નવકાર
ધીરવિમલ કહે જાણજો ઉતારે ભવપાર

સિદ્ધાચલ ઉપર આદીશ્વર શોભે ઘણારે
તેમના દેશવિદેશ ગુણ ગવાય રસીયા વસીયા૦ ॥ ૫ ॥ ઇતિ૦॥

અથ શ્રીનેમનાથજિન સ્તવન

જાન લેઇને આવિયો સાહિબ આજે ધુંધુ નગાર મારા નેમનગીના,
કરૂણા કરીને રે આજ આવો અમારે કોઈ રાગોરે મારા નેમસલુણ ॥૧॥
ચામર છત્ર શોભતાં સાહિબ આવો તોરણદ્વાર મારા નેમનગીના । ૨॥
પશુય પોકાર સુણી ચાલીયો સાહિબ ગયો ગઢગિરનાર મઝાર
મારા નેમનગીના ॥ ૩ ॥
રાજુલ વલતી એમ કહે સાહિબ ધિક ! ધિક ! મુજ અવતાર
મારા નેમનગીના ॥ ૪ ॥
રાજુલ સંયમ આદર્યો સાહિબ નેમજીને હાથ મારા નેમ નગીના । ૫ ॥
રાજુલતપ કરી સિદ્ધિ ગઈ સાહિબ પછી નેમનાથ મારા નેમ
નગીના ॥ ૬ ॥
વિબુદ્ધ વિમલ સૂરિતણો સાહિબ દાનતું શિવસુખ મારા નેમનેગીના ૭॥

અથશ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન.

વાણી બ્રહ્માવાદિની, જાગે જગવિખ્યાત ।
પાસતણા ગુણગાવવા, મુજ મતિ આપો માત ॥ મુજ૦ ॥ ૧ ॥
નારિંગા અણહિલ્લપુરે, મહેમદાવાદની પાસ ।
ગોડીનો ધણી જાગતો, સેવકની પુરે આશ ॥ ૨ ॥
શુભવેળા શુભદિનઘડી, મુહૂર્ત્ત એક મંડાણ ।
પ્રતિમા ત્રણે પાસની, હુઇ પ્રતિષ્ઠા જાણ ॥ ૩ ॥

ઢાલ ચોપાઈ.

ગુણવિશાલા મંગલિકમાલા, વામાનો સુત સાચોરે ।
ધણકણ કંચનમણિમુક્તાદિક, ગોડીનો ધણીજાગોરે ॥ ગુણ૦ ॥ ૪ ॥
અણહિલ્લપુરપાટણમાં પ્રતિમા, તરક[1] તણે ઘરે હુતીરે ।

અશ્વની ભૂમે અશ્વની પીડા, અશ્વની ચાલે વિગુતીરે ॥ગુ૦॥ પા॥
જાગતો યક્ષ જગેજેહનો કહિએ, સોહણું[૨] તરક નહિ આપેરે ।
પાર્શ્વજિનેશ્વર કેરી પ્રતિમા, સેવક તુજ સંતાપેરે ॥ ગુણ૦ ॥ ૬॥
પ્રભાતે ઉઠીને પ્રકટ કરજે, કાજલ ગોઠીને દેજે રે ।
અધિકું ન લઇશ ઓછું ન દેઇશ ટકા પાંચસે લેજેરે ગુણ૦ । ૭ ।
નહિં આપીશ તો મારીશ મરડીશ, મેર બંધને બાંધીશરે ।
પુત્રકલત્ર ધાણ હયહાથી લાછિઘણી તુજ ઘાસેરે ॥ ગુણ૦ ॥ ૮ ॥
મારગ માંહે તુજને મળશે સારથ વાહો ગોઠીરે ।
નીલવટિ ટીલું ચોખા ચોઢો વસ્ત્ર આહુતસ પોઢીરે ॥ ગુ૦ ॥૧૦॥

દુહા.

મનશું બીહતો તરકડો, માને વચન પ્રમાણ ।
બીબીને સોહિણાતણું, સંભલાવે સહિનાણ ॥ ૧૦ ॥
બીબી બોલે તરકને, બડાભૂત હૈ કોઇ ।
અબ શતાબ પરગટ કરો, નહિ તો મારે સોઇ ॥ ૧૧ ॥
પાછલી રાતે પરોઢીયે, પહેલી બાંધી બાજ ।
સોહણું આપે શેઠને, સમજાવે ઋષીરાજ ॥ ૧૨ ॥

ચોપાઇ.

ધમ કહિ ઋષિ આવ્યો રાતે, સારથવાહને સોહણે રે ।
પાસતણી પ્રતિમા તું લેજે, લેતા શિરમત ધૂણેરે ॥ ૧૩ ॥
પાંચસે ટકા તેહને આપે, અધિક માપીશ વારૂરે ।
જતન કરી થાનક પહોંચાડે, પ્રતિમા ગુણ સંભારૂંરે ॥ ૧૪॥ ગુ૦॥
બહુફલદાયક તુજને હોશે, ભાઈ ગોઠી સુણજેરે ।
પૂજી પ્રણમી તેહના પાયા, નીતપ્રહ ઉઠીને થુણજેરે ॥ ૧૫ ॥ગુ૦ ॥
સુહણદાયને સુરચાલ્યો, આપણે થાનક પહોતોરે ।
પાટણમાંહિ સારથવાહ, તરકને હીંડે જોતોરે ॥ ૧૬ ॥ ગુ૦ ॥
તરકે જોતાં દીઠો ગોઠી, ચોખા તિલક નિલાડે રે ।
સંકેત પોહતો સાચો જાણી, બોલાવે બહુ લાડરે ॥ ૧૭ ॥ગુ૦॥
મુજ ઘરે પ્રતિમા તુજને આપુ, પાસ જિણેસર કેરીરે ।
પાંચસે ટકા મુજને આપે, તો મુલન માગું ફેરી રે ॥ ૧૮ ॥ ગુ૦ ॥

---

૧ મુસલમાન ૨ સ્વપ્ન

નાણ દેઈ પ્રતિમા લેઈ, થાનક પહોતો રંગે રે ।
ચંદન કેશર મૃગ મદ ઘોળી, વિધિસ્યું પૂજે અંગિરે ॥ ૧૯ ॥ ગુ૦ ।
ગાદોરૂની રૂડી કીધિ, તે માંહે પ્રતિમાં રાખીરે ।
અનુક્રમે પુહતા પારકર માંહે, શ્રી સંઘની સુર સાખેરે ॥ ૨૦ ॥ ગુ૦
ઓચ્છવ અધિકા દીન દીન થાએ સતરભેદ સનાથા રે ।
ઠામે ઠામેના દરશન કરવા, અવેલોક પરભાતો રે ॥ ૨૧ ॥ ગુ૦ ॥

દુહા.

એક દિન દેખે અવધિસ્યું, પારકરપુરનોભંગ ।
જતન કરૂં પ્રતિમા તણું, તીરથ અછે અભંગ ॥ ૨૨ ॥
સુહણું આપે શેઠને, થલ અટલી ઉજાડી ।
મહિમા હોવે અતિ ઘણો, મુજને તિહાં પડોચાડી ॥ ૨૩ ॥
કુશલ ક્ષેમ અછે તિહાં, મુજને તુજની જાણો ।
શંકા છોડી કામ કારજ, કરતા મકરીશ કાણિ ॥ ૨૩ ॥

ઢાલ.

પાસ મનોરથ પૂરાકરે, વહાણે એક વૃષભ જોત રે ।
પારકર થકી પિઆણું કરે, એક ચકે એક થલ ઉતરે ॥ ૨૫ ॥
બાર કોશ આવ્યા જેટલે, પ્રતિમા નવિ ચાલે તેટલે ।
ગોઠી મન વિમાસણ વહો, પાસ ભુવન મંડાવ્યું સહો ॥ ૨૬ ॥
આ અટવી કિમ કરૂં મંડાણ, કટકો કોર ન દીસે પાણ ।
દેઉલ પાસજિણેસર તણો, મંડાવું કિમ ગરથજ વિહુણો ॥૨૭ ॥
જલ વિણ શ્રી સંઘ રહેશે કિહાં, સિલાવટ કિમ આવે ઈહાં ।
ચિંતાતુર નર નિદ્રા લહે, જખ્યરાજ આવીને કહે ॥ ૨૮ ॥
ગુંહલી ઉપર નાણું જિહાં, ગરથ ઘણું છે જોઈ તિહાં ।
સ્વસ્તિક સોપારિનું ઠામ, પાહણ તણી મટશે ખાણ ॥ ૨૯ ॥
શ્રીફલ સજલ તિહાં છે જુઓ, અમૃતજલ નીસરસે કુઓ ।
ખાસ કુવા તણું સહિ નાણ, ભુમી પડયું છે નીલું છાણ ॥ ૩૦ ॥
સીલાવટ શિરોહી વસે, કોઢે પરાભવ્યો કસમસે ।
તિહાં થકી ઇહાં આણજે, સત્ય વચન મહારૂ માનજે ॥ ૩૧ ॥
ગોઠીનું મન થિર થાપીયું, સિલાવટને સોહણું દીયું ।
રોગ નીગમું પુરૂં આશ, પાસ તણો માંડે આવાસ ॥ ૩૨ ॥

સુપન માહિ માની તે વયણ, હેમ વરણ તણું દેખે નયણ ।
ગોઠી તણા મનોરથ હુવા, સિલાવટને ગયા તેડવા ॥ ૩૩ ॥
સિલાવટ આવે ઉજજમેા, ખીર ખાંડ ઘૃત જમે ચૂરમેા ।
ઘરે ઘાટ કરે કોરણી, લગન ભલું પાયા રોપણી ॥ ૩૪ ॥
થંભે થંભે કીધી પુતળી, નાયક કોટક કરતી વળી ।
રંગ મંડપ રલીયામણા રચે; રમતાં માનવનું મન મચે ॥ ૩૫ ॥
નીપાયેા પૂરેા પ્રાસાદ, સ્વર્ગ સમેા ભાંડે તે વાદ ।
દિવસ બે ચારે ઈંડું ઘડયું, તતક્ષણ દેવલ ઉપર ચડયું ॥ ૩૬ ॥
શુભ લગ્ન શુભ વેલા વાસ, પધરાવણે બેઠા શ્રી પાસ ।
મહિમા મેટા મેરૂ સમાન, એકત્રીમત્રે વાગે રણતુરાન ॥ ૩૭ ॥
વાત પૂરાણી મેં સાંભળી, સ્તવન માહી સુધિ સાકલી ।
ગોઠી તણા ગોત્રીજે અછે, યાત્રા કરાવી વાંછે પછે ॥ ૩૮ ॥

દુહા.

વિઘ્ન વિદારણ યક્ષ જગે, જેહનું અકલ સ્વરૂપ ।
પ્રીતિ કહે શ્રીસંઘને, દેખાડે નીજ રૂપ ॥ ૩૯ ॥
ગુરૂઓ ગોડીપાસજી, આપે અરથ અપાર ।
પ્રીતે કહે શ્રીસંઘને, આશા પૂરણ હાર ॥ ૪૦ ॥
નીલ પલ્લાણે નીલહય, નીલવરણ અસવાર ।
મારગ ચૂકેા માનવી, વાટ દેખાડણ હાર ॥ ૪૧ ॥

ચેાપાઇ.

વરણ અઢાર તણા લહે ભેાગ, વિઘ્ન નિવારે ટાલે રેાગ ।
પવિત્ર થઈ સ્મરે જે જાપ, ટાળે પાપ તાપ સંતાપ ॥ ૪૨ ॥
નિર્ધનને વળી ધનનું સુત્ર, આપે અપુત્રીયાને પુત્ર ।
કાયરને સુરાતન ધરે, પાર ઉતારે લછી વરે ॥ ૪૩ ॥
દોર્ભાગીને દે સેાભાગ, પગ વિહુણાને આપે પાગ ।
ક્રમ નહિ તેહને દે ઠામ, મનવંછીત પૂરે શુભ કામ ॥ ૪૪ ॥
નિરાધારને દે આધાર, ભવસાયર ઉતારે પાર ।
આરતિઆની આરતી ભંગ, ધરે ધ્યાનનિલહે સુરંગ ॥ ૪૫ ॥
સમર્યા સદ્ય દિયે યક્ષરાજ, જેહનેા મેટેા અધિક દિવાજ ।
બુદ્ધિ હીનને આપે બુદ્ધિ, મુંગાને દે વચન વિશુદ્ધિ ॥ ૪૬ ॥

દુઃખીયાને સુખનો દાતાર, ભય ભંજન નીરંજન અવતાર ।
બંધન તોડે બેડી તણાં, પાસ નામ અક્ષર સ્મરણ ॥ ૪૭ ॥

દુહા.

પાસ નામ મંત્ર જપે, વિસવાનર વિસરાલ ।
હસ્તી યુદ્ધ જીજ ટલે, દુધરમીન શિઆલ ॥ ૪૮ ॥
ચોર તણા ભય ચૂકવે, વિષ અમૃત ઉગાર ।
અનેક વિષ ઉતરે, સંગ્રામે જયકાર ॥ ૪૯ ॥
રોગ સોગ દાલીદ્ર દુઃખ, દોહિલો દુરે પલાય ।
પરમેશ્વર શ્રીપાસનો; મહિમાં મંત્ર જપાય ॥ ૫૦ ॥

રાગ ધન્યા શી

ઉંજિતુ ઉંજિતુ ઉંજિતુ જિ ઉપશમ ધરી, આંહી પાસે અક્ષર જયંતિ।
ભૂતને પ્રેત કોટિંગ ચિંતા હરે, ઉપશમે વાર એક વીસ ગુણંતિ
ઉંજિતુ ઉં ॥ આંકણી ॥ ૫૧ ॥
દુષ્ટ સહ રોગ સોગ જરા જંતિનિ, તાવ એકાંતરાદ ઠપંતી ।
ગર્ભ બંધનિવારણ સર્પ વિંછી વિષા, વાલ બાલ મીંચી જપંતી
ઉંજીતુ ઉં ॥ ૫૨ ॥
સાયિણી ડાયિણી રોહણી સંઘણિ. ફોટકા મોટકા દુષ્ટ હંતિ।
દાઢઉંદર તણી કોલ નોલા તણિ. વાન શિઆળ વિકરાલ હંતિ
॥ ઉંજીતુ ઉં ॥ ૫૩ ॥
ધરણેંદ્ર પદ્માવતી સમરિ શોભાવતી. વાટ ઘાટ અટવી અટંતિ।
લખ્મી લુંદો મલે સુજશ વેલવલે. સયલ આશા ફલે મન હરખંતિ
॥ ઉંજીતુ ઉં ॥ ૫૪ ॥
અષ્ટ મહા ભય હરે કાન પીડા ટલે. ઉતરે શૂલ સીસક ગણંતિ।
વદતિ વર પ્રીતિશું પ્રીતિવિમલ પ્રભો, પાસજીન નામ અલીરામ
મંતિ ॥ ઉંજીતુ ઉં ॥ ૫૫ ॥

કળશ.

તપગચ્છ નાયક મુક્તિ દાયક, શ્રીહિરવીજયસૂરીસરો ।
તસ પાટે ઉદયો અવિચલ, શ્રીવીજયસેનસૂરીસરો ।
ધર્મ સ્તવ્યો ગોડીપાર્શ્વજિનવર, ભણે પ્રીતિવિમલ પ્રભો ।
ભલે ભાવે ભણશે અતિ સુણશે, તસ ઘરે મંગલ કરો ॥ ૫૬ ॥

અથશ્રી ફલવધિ શ્રીપાર્શ્વનાથજિન સ્તવન.

ત્રિભુવન તારણ દેવ, સુરનર સારે સેવ.
સેવક સુખ કરએ, ભવીઅણ દુહ હરએ ॥ ૧ ॥
ફલવધિમંડણપાસ, સ્વામિ લીલ વિલાસ.
આશ પૂરે ઘણીએ, સેવક જન તણીએ ॥ ૨ ॥
એકલ મલ્લ જિનરાજ, સારે સેવક કાજ.
આજ ભલે મિલિઓએ, સુરતરૂ જિમ ફલિયોએ ॥ ૩ ॥
જાઈ જુઈ વરમાલ, ચંપક લાલ ગુલાલ.
કેતકી કેવડાએ, પરિમલ અતિ વડા એ ॥ ૪ ॥
અનેક જાત વર ફુલ, લેઈ અતી બહુ મૂલ.
પૂજા જે કરે એ, ભવ જલ નિધિ તરે એ ॥ ૫ ॥
ભલે ભાવે જે યાત્ર, કરે તે નિર્મલ ગાત્ર.
મુની નારી નરએ, શિવ રમણિ વરએ ॥ ૬ ॥
મૂરતી મોહન વેલિ, સોમ તેજ શશિહેલિ.
ગજગતિ ગેલતીએ, મૂરતિ મેલતીએ ॥ ૭ ॥
જીરાઉલે જગનાથ, મેલે શિવપુર સાથ.
વરકાણુક ઘણીએ, મહિમા અતિ ઘણીએ ॥ ૮ ॥
નવપલ્લવ નવખંડ, થંભણ આણ અખંડ
ચિંતામણી તણીએ, વેલા ઉલ ભણીએ ॥ ૯ ॥
કરહેટા કુલકુડ, કંટેસર અવિહડ.
ઝંકારવ ભલોએ, રાવણ ગુણનિલોએ ॥ ૧૦ ॥
અજાઉરી અવતાર, અહિ છત્તા સુખકાર.
અમીય ઝરે વરએ, અંત નિષ્પ દુહ હરએ ॥ ૧૧ ॥
મંડપ મંડણ પાસ, મહુરી પાસ સુખ વાસ.
મકસીમંડણોએ, દુરિયવિહંડણોએ ॥ ૧૨ ॥
નાગદ્રહનારિંગ, શામલપાસ સુરિંગ.
નાગોર જાણીએએ, તિમિરી વખાણીએએ ॥ ૧૩ ॥
શંખેસર સેરીશ, પંચાસર જગદીશ.
ગોડી ગાજતું એ, કેકો રાજતું એ ॥૧૪ ॥
અવંતિનાથ સુખકંદ, સહસફણા મણિચંદ.
ધૃત કલ્લોલ ઘડું એ, ભાભો સુહ જણોએ ॥ ૧૫ ॥

શ્રીમીપુર અલ્લહાદ, દાદો દિયે આલ્લહાદ.
પાલ્હણપુર ગુરૂએ, જેસલમેર વરૂએ ॥ ૧૬ ॥
એમ પાસ ગુણજિરૂ, તું દીઠમેં દીઠ.
મહિમાં મંદિરૂએ વિકટ, સંકટ હરૂએ ॥ ૧૭ ॥
[1]આસસેણરાયતાત, વામાદેવી માત.
વારાણસી વરૂએ, [2]હરીલંછન ધરૂએ ॥ ૧૮ ॥
પ્રભાવતી પતિસાર, વંછિત સુખ દાતાર.
ફલવધિનાયકએ, શિવ સુખ દાયકએ ॥ ૧૯ ॥
પદ્માવતી ધરણિંદ સાન્નિધ કરે જિણચંદ.
ફલવધિજિણવરૂએ. સયલ મંગલ કરૂએ ॥ ૨૦ ॥

ઢાલ (રાગ ધન્યાસી.)

ઇમ ભુવન તારણ દુઃખ વારણ સુખ કારણ સુરતરો
ફલવધિ મંડણ પાપ ખંડણ તાપગંજણ જલધરો
સિરિઆણંદવિમલસૂરિ શિષ્યે થુણ્યો પાસજિનેશ્વરો
સિરિવિજયદાનસૂરિંદ સેવક ધન્નવિમલે મંગલ કરો ॥ ૨૧ ॥

અથ શ્રીપાર્શ્વનાથ જિન સ્તવન.

મન મ્હારે હર્ષની વેલવાધી,
સહિ આજુમિ અષ્ટમી મહાસિધિ લાધિ;
વાળી [3]ચિંતમણિ [4]દેવતરૂ [5]કામકુંભ,
સવિસંદ્ધા મુઝહુઈ તે સુલભ; ॥ ૧ ॥
ભલે માનવ જન્મ લાધ્યો અપાર,
ભલે પામ્યો સાધુનું પંપસાર.
વળી સુગુરૂ સેવા ભલે ભાવે લાધી,
ભલે કુમતિમનિ દૂરેકરી સુમતિ સાધી ॥ ૨ ॥
ઘણા પુન્ય સંજોગથી બુદ્ધિ જાગી,
તદા પાસ ગુણ ગ્રહણ મતિ માગે લાગી;
હવે દેવ ત્રેવીશમાં ત્રિજગનેતા,

---

૧ અશ્વસેન રાજા, ૨ નાગ લંછન. ૪ ચિંતામણિ ૪ કલ્પવૃક્ષ. ૫ દેવાધિષ્ટાય ઘડો.

ગુણતાહરા નાહતી હું એણી વદીતા; ॥ ૩ ॥
પ્રભો તાહરા સયલ ગુણસાર જાણી,
પર વર્ણવું કેવિ વિવરે વખાણી;
તુજ નામે દ્રવ્ય સ્થાપના ભાવ ચારે,
સદા સત્ય આરાધે અનુયોગદ્વારે; ॥ ૪ ॥
તથા રાયપસેણી ઉવાઈ ઉપાંગે,
મુજ સ્થાપના સ્થાપના પંચમંગે;
છઠે અંગે ઠાણાંગે આરાધિ જાણી,
જગનાથની સ્થાપના જિન સમાણી ॥ ૫ ॥
જીવાભિગમ પ્રતિમા દશમેઅંગે જાણી,
વળી જંબુદીવપન્નતી વખાણી;
કલ્પસૂત્રે બોલી ઉપાશકદશાંગે,
સદા સુઘસ્ત્રવિક નમિએ મનહરંગે ॥ ૬ ॥
વળીઅ આવશ્યક માંહિ ગણધરે જાણિ,
ભરહન્નપિ પ્રતિમા ભરાવી વખાણિ.
મહાતીરથશેત્રુંજય ગીરનાર જાણું,
ઘણાસૂત્ર સિદ્ધાંત માંહે વખાણું ॥ ૭ ॥
અસંખ્યાતા પ્રાસાદ પ્રતિમા અસંખ, .
વ્યંતર જ્યોતિષીમાંહે જિનતીરથ સંખ;
તથા કોડિ ત્રિમ સાત પ્રાસાદ જાણું,
અઢોલોકે વળી લાખબહોતેર વખાણું; ॥ ૮ ॥
તિહાં તેરસેકોડીનવકોડબસી,
સહી સાઠલાખ મૂરતિ જિનરાજ જેસી.
તિહાંઉર્ધ્વલોકે ચોરાશીલાખ,
સત્તાણું સહસ જિન ભુવન નિજ ભાખ; ॥ ૯ ॥
વળી અધિક ત્રેવીશ પ્રાસાદ જાણો,
તિહાં એકસોકોડિ પ્રતિમા વખાણી;
તથા કોડિ ત્રેપન બહલાખ માઠી,
સહસચ્યારચ્યાલિશ સિતસાત સાડી. ॥ ૧૦ ॥
વળી રૂચકકુંડલ નંદીસર વખાણ્યા,
જગન્નાથે ને બિંબત્રિહું લોકે; જાણ્યા

વામાદેવી નંદન તણીરે મૂરતિ દીઠીરે,
તિહાં તીરથ સારથી સાચ મીઠી; ॥ ૧૧ ॥
કમઠ માન મોડણ જગન્નાથ કેરી,
સદા સકલ પ્રતિમા નલીનવનવેરી.
મહવિપાસજિનરાજની મૂરતિ પામી,
દુરિત દુષ્ટગ્રહમતિ દૂરેવામી. ॥ ૧૨ ॥
ત્રિહુંભુવને જિનબિંબ સાસે અસાસે,
સદા સર્વદા તે નમું માત ઉલાસે;
હવે હીયડલા હર્ષભરિ હેલદીજે,
જગન્નાથ વાંદી જનમ સફલ કીજે; ॥ ૧૩ ॥
સદા પાસજિન આશ મન તણીયપૂરે,
વિષમરોગ ભય સોગ સંતાપ ચૂરે;
સબલ સ્વામિજિનપાસ ભવે ભય નિવારી,
દીજે તાહરી ચરણની સેવસારી; ॥ ૧૪ ॥

કલસ.

ધ્યપાસજિનવર સયલ સુખકર સબલ સંકટ ભંજણો,
સુર અસુર નરવર નમીઅ સુરગિર સાર પ્રતિમા સંથુણ્યો;
ગઢ અક્ષયમંડણદુરિત ખંડણ મોહ મયણ વિહંડણો.
કરજોડિ લક્ષ્મીવિમલ બોલે શ્રીપાર્શ્વ મનરંજણો; ॥ ૧૫ ॥

અથશ્રી પાર્શ્વનાથ જિનસ્તવન.

રાગ—પ્રભુની ચાકરીરે એ દેશી.

અશ્વસેનસુતસુંદરૂરે, સાહિબા વામાનંદન દેવજિણેસર સાંભળોરે.
પુરૂષોત્તમ પ્યારો ઘણોરે સા૦, સુરનર સારે સેવ જિણેસ૦ ॥ ૧ ॥
અનંત ગુણ ગણ સાયરૂરે સા૦, મહિમાવંત મહંત જિણેસ૦
ઉપગારી શિર સેહરોરે સા૦, ભયભંજન ભગવંત જિણેસ૦ ॥૨॥
આશ કરી હું આવીયોરે સા૦, તારક જાણી તાત જિણેસ૦
અંસધરી અરજ કરૂરે સા૦, સુણજ્યો એ અવદાત જિણેસ૦ ॥ ૩ ॥
કુમતિ કદાગ્રહને વશેરે સા૦, મિથ્યામતિને જોર જિણેસ૦

ભવસાયર ભૂરિ ભમ્યોરે સા૦, વિરૂયા કર્મ કઠોર જિણે૦ ॥૪॥
આદ્યનિગોદે આતમારે સા૦, ભમીઓ ઇણે સંસાર જિણે૦
ક્ષુલ્લક ભવ ક્ષોણી તલેરે સા૦, કીધા કેઇ અવતાર જિણે૦ ॥૫॥
કાલ અનંતો નિર્ગમ્યોરે સા૦, અનંત અનંતી વાર જિણે૦
દુઃખ અનંતા મેં સહ્યારે સા૦, નિષ્ફણીઓ નિરધાર જિણે૦ ॥૬॥
જન્મજરા મરણાદિકારે સા૦, રોગને સોગ અપાર જિણે૦
છેદન ભેદન વેદનારે સા૦, કહું કેતી કિરતાર જિણે૦ ॥ ૭ ॥
તુજ આણાવિણ આચર્યરે સા૦, તેતો નાવે કામ જિણે૦
મિંડક ચુરનનો પરે સા૦, સંસાર હેત સ્વામિ જિણે૦ ॥ ૮ ॥
ચોરાશીલાખ યોજનેરે સા૦, ભમીઓ ભવની કોડિ જિણે૦
ભવમાંહે ભીતો ઘણોરે સા૦, તારો કહું કરજોડ જિણે૦ ॥ ૯ ॥
વિલંબ કરી વેગા નહીરે સા૦, કીજે દીડો છે કાલ જિણે૦
મોડું વહેલું આલનુંરે સા૦, તો એ અવસરે આલ જિણે૦ ॥૧૦
ઉભો ઉલગડી કરૂંરે સા૦, તું છે દીન દયાળ જિણે૦
વળાવતા વેળા થઇરે સા૦, હવે તું નયણે નિહાળ જિણે૦ ॥ ૧૧
અ શ કરીને આવીયોરે સા૦, દીજે દલસો દેવ જિણે૦
આલંબન આપીયેરે સા૦, ચરણ કમલની સેવ જિણે૦ ॥ ૧૨॥
શ્રીવીરવિમલ ગુરૂ શિષ્યનીરે સા૦, વિશુદ્ધ વિનતી એહ જિણે૦
ચિદાનંદ સુખ આપીયેરે સા૦, ધરીયે ધર્મ સનેહ જિણે૦ ॥ ૧૩॥

અથ શ્રીપાર્શ્વનાથજિન સ્તવન.

સજની મોરી પાસજિનેસર પૂજેરે સ૦ જગમાં દેવ ન દૂજેરે.
સ૦ સારંગપુર શણગારરે સ૦ પૂજા દોય પ્રકારરે, ॥ ૧ ॥
સ૦ જિનપડિમા જયકારરે સ૦ વારિ જાઉં વાર હજારરે;
॥ એ આંકણી૦ ॥
સ૦ ગણધર સૂત્રે વખાણીરે, સ૦ સિદ્ધની ઉપમા આણીરે;
સ૦ સમકિતની વૃદ્ધિકારીરે, સ૦ તે કિમ જાશે નિવારીરે ॥ ૨ ॥
સ૦ ભગવઇ અંગે ધારોરે, સ૦ ચારણમુનિ અધિકારોરે;
સ૦ જિનપડિમા જિનસરખીરે, સ૦ સૂત્ર ઉવવાઇ નિરખીરે ॥ ૩ ॥

---

૧ નીચ

સ૦ રાયપસેણી ભાખીરે સ૦ જીવાભિગમે દાખીરે.
સ૦ વ્યવહારે પણ આખીરે, સ૦ શુદ્ધિ પડિમા સાખીરે, ॥ ૪ ॥
સ૦ જંબુપન્નતિ ઠાણાંગરે, સ૦ બોલે દશમુ અંગરે.
સ૦ મહાનિશીથિ વિચારોરે, સ૦ પૂજનો અધિકારોરે. ॥ ૫ ॥
સ૦ સાતમે અંગે વિખ્યાતરે. સ૦ આણંદ શ્રાવક વાતરે,
સ૦ અનઉત્થી પડિમાવારીરે, સ૦ સુધાસમકિત ધારીરે ॥ ૬ ॥
સ૦ જ્ઞાતા પાઠ દેખાવેરે, સ૦ કુમતિ ભરમ ન જાવેરે,
સ૦ એમ અનેક સૂત્ર સાખરે, સ૦ કહો હવે કેહનો વાંકરે ॥ ૭ ॥
સ૦ [1]અર્ચા અરોચક[2] થાશેરે, સ૦ નવદંડકમાં જાશેરે.
સ૦ જીવકરમ વશ જાણોરે સ૦ કોણ કુમક કોણરાણોરે, ॥ ૮ ॥
સ૦ જિનવર સેવા સારોરે, સ૦ વિષય કરો પરિહારોરે.
સ૦ સેવા અબંધક ભાવેરે, સ૦ ભવજલ તરવા નાવેરે. ॥ ૯ ॥
સ૦ મણિ ઉદ્યોત પ્રભુ સાચોરે, સ૦ જેહવો હીરો જાચોરે,
સ૦ શંકા મન નવિ લાવોરે, સ૦ શું ઝાઝું કહેવડાવોરે, ૧૦॥ઇતિ

અથ શ્રીપાર્શ્વનાથજિન સ્તવન.

રાગ—અષ્ટકરમ ચૂરણ કરે હો લાલ એ દેશી.

પાસપોશીનો ભેટીયેરે લાલ પ્રગટે પુણ્ય અંકુર જિનવાલારે;
ચિત્તથી નમો કુવેગલારેલાલ, જિમ ભુખ્યો ઘૃતપૂર જિ૦ ॥પાસ૦ ૧
જીરાઉલો ચિંતામણિરે લાલ [3]વિદ્યાપુર દોય પાસ જિ૦
આગલોલ દોઈ દેહરારેલાલ સુમતિ પાસ પૂરે આશ જિ૦॥પાસ૦૨
ઈલોલમાં કુંથુનાથજીરે લાલ, સિસખર બધુ પરસાદ જિ૦
જમલે ચોવિશમો પ્રભુરેલાલ યાત્રાકરી લ્યો સ્વાદ જિ૦ પાસ૦ ૩
મરૂદેવી નંદન સાંભલીરે લાલ, પાસ પોશીના ગામ, જિ૦
યાત્રા જેઠસુદીઅષ્ટમીરે લાલ, પાસપોશીના નામ જિ૦
॥ પાસ૦ ॥ ૪ ॥
વિમલાચલસમ માંડણીરેલાલ ઘડરગઢમાં સાર, જિ૦
યાત્રા કરે બહુ હરખશું લાલ, શાંતિ સોલમા ધીર જિ૦
॥ પાસ૦ ॥ ૫ ॥

---

૧ પૂજા પ્રતિમા. ૨ રોચક નહિ તે. ૩ વીજાપુર.

શાંતિનાથ વલાસણેરે લાલ, શ્રીપુર સુવ્રતસ્વામિ જિ૦
તારંગે અજિતજીણેસરૂરે લાલ, દેઉલ અતિહિ ઉદ્દામ જિ૦
॥ પાસ૦ ॥ ૬ ॥
અંગુલ એકસોએકનુંરે લાલ, તારંગે બિંબ નિહાલ જિ૦
બિંબ ચોત્રીશ પાસે સહીરે લાલ, પરિકર શોભે વિશાલ જિ૦
॥ પાસ૦ ॥ ૭ ॥
નાભિનંદન ખેરાલુએરે લાલ, પ્રાસાદ સિદ્ધિપુર દોય જિ૦
ચોમાસી તિહાં રહ્યારે લાલ દાદમાસિ માસી ચાર હોય જિ૦
॥ પાસ૦ ॥ ૮ ॥
બીજો તપ તિહાં થયોરે લાલ, [1]અંઠારેસ ત્રિલોત્તર જાણ જિ૦
ઋદ્ધિકીર્ત્તિ ધરમ ધ્યાનથીરે લાલ, અમૃતપદ લહે સુજાણ જિ૦
॥ પાસ૦ ॥ ૯ ॥ ઇતિ૦ ॥

અથ શ્રીશંખેશ્વરપાર્શ્વનાથજિન સ્તવન.

રાગ—સાંભલરે મ્હારીસજનીબેની રજની કિહાં રમી આવીજી એ દેશી.

શ્રીશંખેશ્વર સાહિબ વંદો અશ્વસેન કુલ ચંદોજીરે
પુરિસાદાણી પાસજિણંદો વામા માતાનો નંદો એપ્રભુ સેવોજીરે॥૧
એ પ્રભુ સેવો ઉલટ આણી જેમ ભુખ્યા વર મેવોજીરે ॥ આંકણી૦
શ્રીશંખેશ્વર અતિ અલવેસર પાર્શ્વજિણેસર પ્યારોજીરે
જગબંધુ કરૂણારસ સિંધુ ઝલતો[2] નાગ ઉગાર્યો, ॥ એ૦ ॥ ૨ ॥
મ્હારે મન તુંહિજ એકવસીયો જેમ સીતા રામચંદજીરે
અવિહડ પ્રીતિ બની તુમ્હ સાથે જેમ કમલા ગોવિંદ ॥ એ૦ ॥ ૩
ચોત્રીશ અતિશય જિનને છાજે પાંત્રીશ વાણીએ ગાજેજીરે,
ત્રણ છત્રશિર ઉપર છાજે અરિહા આય બિરાજે ॥ એ૦ ॥ ૪ ॥
તુમ મુખચંદ નિહાલતાં ભવિનાં સીદ્ધયા સઘલા કાજજીરે.
જન્મ સફલ થયો હવે મ્હારો દીઠો તું જિનરાજ ॥ એ૦ ॥ ૫ ॥
પાસપ્રભુ મુજ અંતરજામી પુરણ પુન્યે પ્રામીજીરે.
અવિનાશી સુખવો સેવકને વિનવું હું શિરનામી; ॥ એ૦ ॥ ૬ ॥
ફણીધર કેરૂં લંછન સોહે દેખી જગજન મોહેજીરે.

---

૧ સંવત ૧૮૦૩ ૨ ખલતો. ૩ નાગલંછન

દેશના અમૃતધારા વરસી ભવિકકમલ પડિ બોહે. ॥ એ૦ ॥ ૭ ॥
સંવત અઢાર અઠયાશી વર્ષે ચૈત્રીપુનમ દિવસેજીરે.
રવિવારે પ્રભુપાસજી ભેટયા સંઘસહીત જગીસે. ॥ એ૦ ॥ ૮ ॥
એહવા પ્રભુને નિત્ય નિત્ય ભેટો પ્રહઉગમતે દિસજીરે.
શ્રીગુરૂ પુન્ય પ્રતાપ લહીને જિત નમે નિશદિશ, ॥ એ૦ ॥ ૯ ॥ ઈ૦

અથ શ્રીપાર્શ્વનાથજિન સ્તવન. —

રાગ—તુને ગોકુળ બોલાવેરે કાનહ ગોવાલાનીગોરીરે એ દેશી.

પ્રભુવામાનંદન દેવ દિલમાં આવોરે, પ્રભુ મહેર કરી મહારાજ
હસી બોલાવોરે.
પ્રભુ અંશાધરી કહું એમ દિલ૦, પ્રભુ પરસુર નમવાનેમ,
॥ હસી૦ ॥ ૧ ॥
પ્રભુ કરૂણા સાયર શામ દિલ૦, પ્રભુ કરૂણાકરી અભિરામ, હસી૦
પ્રભુ દીનદયાળ કૃપાળ દિલ૦, પ્રભુસેવક નયન નિહાલ, હસી૦ ૨
પ્રભુ મુજને મોટી આશ દિલ૦, પ્રભુ પૂજી શ્રીજિનપાસ હસી૦
પ્રભુ તરીયે ભવદધી તીર દિલ૦, પ્રભુ પ્રવહણ જિમ સમીર,
॥ હસી૦ ॥ ૩ ॥
પ્રભુ તારક તાહરૂં નામ દિલ૦, પ્રભુ નિસુણ ઠામોઠામ, હસી૦
પ્રભુ એહવું જાણી આજ દિલ૦, પ્રભુ સારો વંછિત કામ,
॥ હસી૦ ॥ ૪ ॥
પ્રભુ ધ્યાતા તાહરૂં ધ્યાન દિલ૦, પ્રભુ લહીયે કેવળજ્ઞાન, હસી૦
પ્રભુ કારણે કારજ સિદ્ધ દિલ૦, પ્રભુ લહિયે આતમ ઋદ્ધ,
॥ હસી૦ ॥ ૫ ॥
પ્રભુ સ્વામિ સેવક નીત્ય દિલ૦, પ્રભુ ક્ષીરનીરમી રીત હસી૦
પ્રભુ વારો ભવભય રીત દિલ૦, પ્રભુ એ ઉત્તમ રીત, હસી૦ ૬
પ્રભુ વલવલતાં થઈ વાર દિલ૦, પ્રભુ આપો મુક્તિદ્વાર, હસી૦
પ્રભુ સેવક સુખીયો થાય દિલ૦, પ્રભુ નિશદિન તોરા ગુણગાય,
॥ હસી૦ ॥ ૭ ॥
પ્રભુ વીરવિમલગુણવાણ દિલ૦, પ્રભુ તું છે ચતુર સુજાણ હસી૦
પ્રભુ વિશુદ્ધ અરિહંતપદ દિલ૦, પ્રભુ આપો શિવગુણ ગેહ,
॥ હસી૦ ॥ ૮ ॥ ઇતિ૦ ॥

---

૧ જૈન સિવાય બીજા દેવ.

અથ શ્રીશંખેશ્વરપાર્શ્વનાથજિન સ્તવન.

સરસતિ મતિ સારી આપું ધરી ઉલ્લાસ,
રંગે હું ગાવું શ્રીશંખેશ્વરપાસ;
મૂરતિ અતિ દીપે તેજે જીપે ભાણ,
સુરપતિ સવિ સેવે નરવરમાં નિઆણ; ॥ ૧ ॥
પ્રભુ મસ્તકે મોટો સોહે મુગટ ઉદાર,
[૧]રવિશશિ સમ સોહે કાંતિકુંડલ સાર,
[૨]ભાલસ્થળે ટીલું તેજ તણું નહીં પાર,
જનલોચન રૂચિમાં જોતાં હરખ અપાર; ॥ ૨ ॥
નીરૂપા અતિ નરલજિન તણી પરે સોહે સાર,
અશ્વસેનરાજાસુત ઉપશમ રસ ભંડાર,
વિદ્રુમરંગ જાલું તેહવા અધર સુરંગ,
મણિરતનેજડિઓ કંઠિહાર સુચંગ; ॥ ૩ ॥
ઉરે શ્રીવચ્છ સોહે વંછિત જિન આશાપૂરે શ્રીજિનચંદ,
ઉદાર રૂપ અદ્‌ભુત સોહે મોહે સુરનર વૃંદ,
રોગ સોગ નિવારણ ભાવજિન તારણહાર,
પીઢાંજન પીહર ભાવઠ ભંજણહાર; ॥ ૪ ॥
બહુ કાલે હું રલીઆલી કુનહી તું દેવ,
કાંઇ પુન્ય પસાયે પામી તોરી સેવ,
તું ઠાકર સ્વામિ મિત્રપિતા મુજમાય,
તું સ્વામિ સુખકર આપે અવિચલ ગય. ॥ ૫ ॥
જે ધ્યાનધરે નિતુ શ્રીશંખેશ્વરપાસ,
તે સેવક કેરી[૩] પૂરે સ્વામિ આશ;
જિમચંદ ચકોરા દેખી ધરે સનેહ,
મોર હરખે નાચે ઉનયુ દેખી મેહ; ॥ ૬ ॥
તિમ મઝનિહિ શ્રી જિનવર તોરૂં નામ,
સુખ સંપત્તિ પૂરે શ્રીશંખેશ્વરસ્વામ. ॥ ૭ ॥

કલશ.

શંખેસરશ્રીપાસજિનવર સેવિત સુરનર સુંદરો,
ઉદાધપરેગંભીર સ્વામિ ધીરજિમ મંદિર ગિરો;
લક્ષ્મીવિમલ તેહ પામી ભાવ ભગતે જે થુણે;
ઋદ્ધિવૃદ્ધિ સમૃદ્ધિ આપે રત્નવિમલ ઇમ ભણે, ॥ ૮ ॥

---

૧ સૂર્ય ચંદ્ર પેઠે. ૨ કપાળ. ૩ કેરી.

અથ શ્રીપાર્શ્વનાથજિન સ્તવન.

પ્રભુ પાસપ્રાલવિયો ભેટીયે, પ્રભુ મેટીયે ભવદુઃખ દંદરે
સાહેબિયા સહેજ સલુણા સાહિબા;
પ્રભુ મૂરત મોહન વેલડી, પ્રભુ પેખે પરમાણંદરે સાહેબિયા૦ ॥૧
પ્રભુ નીલવરણ સોહે સદા, પ્રભુ નવકર શરીરનું માનરે; સાહિ૦
પ્રભુ શતવરસનું આઉખું, પ્રભુ નામે નવયનિધાનરે; સાહિ૦ ॥ ૨
પ્રભુ વંશ ઇક્ષ્વાગ સોહામણો, પ્રભુ અશ્વસેન કુલચંદરે સાહિ૦
પ્રભુ માહરે મન એક તું વસ્યો, પ્રભુ જેમ રાધાને ગોવિંદરે;
॥ સાહિબીયા૦ ॥ ૩ ॥
પ્રભુ લંછનમી સેવા કરે, પ્રભુ પદ પંકજ કુણંદરે; સાહિબીયા૦
પ્રભુ રાણી પ્રભાવતીનાહલો, પ્રભુ વામાદેવીનો નંદરે; સાહિ૦ ॥ ૪
પ્રભુ જગતારક જીન તું મિલ્યો, પ્રભુ સકલ ગુણ સુખ કંદરે; સા૦
પ્રભુ આજ મનોરથ સવિફલ્યા, પ્રભુ ભેટયા પાસજિણંદરે;
॥ સાહિબીયા૦ ॥ ૫ ॥
પ્રભુ આજ અમીરસ વુઠડો, પ્રભુ રંગ લાગ્યો રચિત લોલરે; સા૦
પ્રભુપાપપડલદૂરે ગયા, પ્રભુ પ્રગટયા પુન કલ્લોલરે; ॥ સા૦॥૬॥
પ્રભુ પાસણપુર વર મંડણો, પ્રભુ દેવ સવે સિરદારરે; સાહિબી૦
પ્રભુ શ્રીગુરૂ પુન્યપ્રતાપશું, પ્રભુજીત લહે સુખકારરે; સા૦ ૭ ૪૦

અથ શ્રીમોઢેરાપાર્શ્વનાથજિન સ્તવન.

જિનપતિ શ્રીમોઢેરાપાસ પૂરવ પુણ્યે પામીએ,
જિનપતિ દુસ્તરભવોદધિ માંહે તારક શિવગતિ ગામીએ; જિ૦ ૧
જગદાધાર કૃપાલ સાર કરો સેવક તણી; જિ૦
સેવા કરૂ નિત્ય મેવ ચાહધરી પ્રભુ તું ભણી; જિન૦ ॥ ૨ ॥
સેવક સન્મુખ જોય આશ સફલ કરો માહરી; જિન૦
કલ્પલતા સમહોય મુરત રંગીલી તાહરી; જિન૦ ॥ ૩ ॥
વિષધર ક્રોધ અપાર દૃષ્ટી નાસે જગ જેહને; જિન૦
નવપદ દેઇ સાર કીધો ધરણેંદ્ર તેહને; જિન૦ ॥ ૪ ॥
દીઠા દેવ અનેક નામા ધારક પણ ગુણ નહી; જિન૦

જેહમાં નહી દ્વેષ અટાર સાચો દેવાધિ દેવ તું સહી; જિન૦ ૫
વામાનંદન ભગવંત તાત અશ્વસેનરાજીયો; જિન૦
પ્રભાવતીનો કંત મહિમા કલિમાં ગાજીયો; ॥ જિન૦ ॥ ૬ ॥
ભવભવ ભ્રમણ નિવાર સમતા વિવેક આપો વહી; જિન૦
ઋદ્ધિકીર્ત્તિ તુમસાર પ્રાપક અમૃતપદ સહિ; જિન૦ ॥ ૭ ॥ ઇતિ૦

અથ શ્રીભટ્ટેવાપાર્શ્વનાથજિન સ્તવન.

શ્રીપાસભટ્ટેવાની સેવા, વહાલા જિમ વારણરેવા હોલાલ સુખદાય,
પ્રભાતે પ્રણમો પાય, જેમ સુખ સંપદ થાય હોલાલ સુખદાય; ॥૧
માનવ ભવ સફલો કીજે, ધનનો લાહો ભવિ લીજે હો લાલ૦
દાળુ ઉત્તમ શુભ પામી, આલસ મૂકો પુણ્યકામી હોલાલ૦ ॥ ૨
શુદ્ધ દેવગુરૂ આરાધો, શ્રીકારપ્રકૃતિયે વાધો હોલાલ૦
મેલો સવિ મનનો આંટો, સંપદ શુભ હામે વાંટો હોલાલ૦ ॥ ૩
યાત્રા ભટેવાની કીધી, મનરંગશું સંઘશું સીદ્ધિ હો લાલ૦
પૂજા પ્રભાવના ખાસ, સંઘ સાહુની પુગી આશ હો લાલ૦ ॥ ૪
ઋદ્ધિકીર્ત્તિ અનંતી પામી, અમૃતપદના થાઓ ગામી હોલાલ૦
આગશિર સુદમાં ભેટયા પાસ, અઢારસે પાંચો ખાસ હોલાલ૦
॥ ૫ ॥ ઇતિ૦ ॥

અથ શ્રીશંખેશ્વરપાર્શ્વનાથ સ્તવન.

સુખદાયક શિવગતિ ગામીહો પાસજી અરજ સુણો
આવી ચરણ તુમારે લાગ્યો ભવભવનો દુઃખ મુજ ભાગો હો,
॥ પાસ૦ ॥ ૧ ॥
ક્રોધ માન માયાને લોભ, કામ મોહનીનો નહિં થોભહો ॥પાસ૦
મિથ્યાત્વ કુબુદ્ધિ ચોર પ્રભુ એહનો ટાલો જોર હો. ॥ પાસ૦ ॥ ૨
નિર્વૃત્તિનો પુત્ર વિવેક ધો વિમલબોધ અતિ છેકહો ॥ પાસ૦ ॥
તત્વરૂચિ સંયમ સ્ત્રી સારિ અંતરંગ અરિ ક્ષયકારીહો ॥ પાસ૦ ॥૩
ઈંદ્રિના વિષયને વારે પારંગતં પાર ઉત્તારે હો, ॥ પાસ૦ ॥

ચેતન જીભનો પાસ કરો શુભદશામાં વાસહો, ॥ પાસ૦ ॥ ૪ ॥
સંવત અઢારસેં પાંચ આજ્ઞા સહિત ધર્મસાચહો ॥ પાસ૦ ॥
પોષ સુદિમાં યાત્રા કીધી ઋદ્ધિકીર્ત્તિ અમૃતે લીધી હો,
॥ પાસ૦ ॥ ૫ ॥ ઇતિ૦ ॥

અથ શ્રીમોહબંધસ્થાનવિચારગર્ભિત
શ્રીમહાવીરજિન સ્તવન.

શ્રીસિદ્ધારથરાયનોસુત સુરપૂજિતપાય.
વર્ત્તમાન શાસન ધણી વર્દ્ધમાન જિનરાય. ॥ ૧ ॥
તે પ્રભુ થુણશું મોહનાં જિગુણઠાણે જેહ;
બંધસ્થાનક જીવને હુવે તિમ વિવરીસ તેહ; ॥ ૨ ॥

હાલ—જિન પ્રતિમા એ દેશી.

બાવીશ એકવીશસત્તરતેર નવ પંચ ચારને ત્રણ.
બે એક એ દશબંધસ્થાનક મોહતણા કહ્યાં ભિન્ન હો પ્રાણી. ૩
મમ કરજો એ કોઇ એહથી ઘણા ભવ હોઈ હો પ્રાણી૦
॥ આંકણી૦ ॥

એક મિથ્યાત્વને સોલકષાય ત્રણવેદ એકેવેદ,
હાસ્યયુગલ અરતિ યુગ મધ્યે એક યુગ ભય એક ભેદ હોપ્રાણી૦ ૪
દુગચ્છાં ભેલ્યાં બાવીશનું પહિલું બંધસ્થાન.
ગુણઠાણે એ પહિલે લઈએ મિથ્યાત્વીને માન, ॥ હો પ્રાણી૦ ૫
મિથ્યાત્વ અંતે બીજું બંધ સ્થાનક એકવીશ કેરૂં,
બીજે સાસ્વાદન ગુણ ઠાણે, ભવ્ય લહે ભલેરૂં; ॥ હોપ્રાણી૦ ॥૬
ચાર અનંતાનુબંધિકષાય અંત કરે તવ થાય.
ત્રીજું સત્તરનું બંધથાનક તે પણ વારૂ કહાય; ॥ હો પ્રાણી૦ ૭
તે ત્રીજે ગુણઠાણે મિશ્રદૃષ્ટિ જનને કહીએ.
એહજ ચોથે પણ ગુણઠાણે સમ્યગદ્રષ્ટિ તે લહીએ ॥ હોપ્રાણી૦ ૮
અપચ્ચખ્ખાણકષાયને અંતે તેરનું બંધસ્થાન,
ચોથું શ્રાવકને ગુણઠાણે પંચમે હોય પરધાન ॥ હો પ્રાણી૦ ॥ ૯

પચ્ચખ્ખાણા વરણ કષાય છેદ કરે તવ થાય.
પાંચમું નવનું બંધસ્થાનક મુનિજનને કહેવાય, ।। હો પ્રાણી૦ ૧૦
એ થાનકછઠ્ઠેગુણઠાણે સાતમે પણ હોઈ,
આઠમે ગુણ ઠાણે એહજ શોક ન અરતિ ન કે.ઇ, ।। હો પ્રાણી૦૧૧
હાસ્ય યુગલને ભયદુગુંચ્છા છેદ છઠું જાગે;
પાંચમું બંધસ્થાનક અનિવૃત્તિ-કરણે પહેલે ભાગે. ।। હોપ્રાણી૦૧૨
પુરૂષવેદ તણે વિચ્છેદે ચારનું બંધસ્થાન.
સાતમું અનિવૃત્તિ કરણે બીજે ભાગે સુખનિધાન ।। હો પ્રાણી૦ ૧૩
સંજ્વલન ક્રોધના અંતે ત્રણના બંધનું આઠમું સ્થાન.
અનિવૃત્તિ કરણે ત્રીજેભાગે ભાખે શ્રીભગવાન ।। હો પ્રાણી૦ ૧૪
નવમું બંધથાનક બેનું, સંજ્વલન માનને અંતે,
તે નવમે ગુણઠાણે એથે; ભાગે ભણ્યું ભગવંતે, ।। હોપ્રાણી૦ ૧૫
માયા સંજ્વલનની નવિ બંધે દશમું બંધસ્થાન.
એકનું અનિવૃત્તિકરણે પંચમભાગે કહ્યું એકતાન. ।। હોપ્રાણી૦૧૬
જે દશમે ગુણઠાણે આવે મોહ અબંધક થાવે.
ક્ષપકશ્રેણી કર્મ ખપાવે તે નર વંછિત પાવે ।। હોપ્રાણી૦ ૧૭ ।।
ત્રણવેદે બેયુગલેભંગા બંધસ્થાનક માંહે.
બાવીસ બંધેપટ એકવીસ બંધે ચારજ પ્રાહિં ।।હોપ્રાણી૦ ।।૧૮
સત્તર તેર અને નવબંધે બે બે ભંગા થાય,
આગલસઘલે બંધસ્થાને એકેક ભંગ ઠરાય ।। હોપ્રાણી૦ ।। ૧૯।।
સુક્ષ્મ એકેંદ્રી પજ્જત્તો અપજ્જત્તા વળી સાત.
અતિ સંક્લેશી એ આઠેને પહેલું સ્થાનક વિખ્યાત,
।। હો પ્રાણી૦ ।। ૨૦ ।।
પાંચ પજ્જત્તાને બે પહેલાં સ્થાનક બીજું આવે,
કોઇકિને કરણે અપજ્જત્તા વેલા સાસ્વાદન ભાવે, ।। હોપ્રાણી૦ ૨૧
સન્ની પંચેંદ્રી પજ્જત્તાંને દશવિધ બંધસ્થાન.
ગુણઠાણાને તે અનુસારે જાણે ઉપયોગવાન; ।। હોપ્રાણી૦ ।। ૨૨ ।।
ધન્યધન્ય જિનજી તું જિણે જીત્યો મોહ લહી શુભધ્યાન;
ભારસમાં ગુણઠાણાછેરે પામ્યું કેવલજ્ઞાન, ।। હો પ્રાણી૦ ।। ૨૩ ।।

કળશ

ધન્ય જગતદીપક મોહજીપક વીરજિનવર જગે સુણ્યો.
નયનાણ સંયમ ભેદ સંવત્ આસો પુનમ બુધે થુણ્યો.
શુભઠામ પ્રેમાપુરનિવાસી શાહ કેશવજી હિતે,
શ્રીજીવવિમલવિબુધસેવક જીત મંગલ નિતેનિતે. ॥ ૨૪ ॥

અથ શ્રીશાશ્વતજિન સ્તવન.

વીરજિણેસર પાય નમી, પ્રણમી શારદમાય.
તાસ તણે સુપસાઉલે, ગાશું શ્રીજિનરાય. ॥ ૧ ॥
અતીત અનાગત વર્ત્તમાન, ચોવિસી ત્રિહુંસાર.
બહુત્તરિતીર્થંકર નમું, ટાલી પાપવિકાર. ॥ ૨ ॥
અતીત ચોવિસી કહું, પહિલી જેહ વિશાલ.
સાવધાન થઇ સાંભળો, આણી ભાવરસાલ. ॥ ૩ ॥

ઢાલ.

કેવલજ્ઞાની પહેલો એ, નિર્વાણી જિનબીજોએ.
ત્રીજોએ સાગર જિનવર જાણીયે. ॥ ૪ ॥
મહાજસ ચોથો જિનવર વિમલનાથ જિનસુખકર,
દુઃખહર સર્વાનુભૂતિ ચિત આણીયે એ, ॥ ૫ ॥
શ્રીધરદત્ત દામોદર સુતેજ સામી જિનવર
મનોહર મુનિસુવ્રતજિન વંદીએ એ. ॥ ૬ ॥
સુમતિજિનમેં શિવગતિ અસ્તાઘનમીસ્સર જિનપતી,
સુભમતી સોલમો જિનવર ગાઇયે એ, ॥ ૭ ॥
અનિલ યશોધરદેવએ કૃતાર્થને નિત્યમેવએ.
સેવોએ વિંશતિમો જિણેસરૂએ ॥ ૮ ॥
સુદ્ધમતિને શિવકર સ્પંદન સ્વામિજિનવર.
શુભકર ચોવીસમોએ નિત પ્રણમીએ. ॥ ૯ ॥

ઢાલ.

પદ્મનાભ સુરદેવ સુપાસ, સર્વ મનોરથ પૂરેમન આશ.
સર્વાનુભૂતિ શિવવાસરે. ॥ ૧૦ ॥

ભવિકા વંદો જિન ચોવીસ ॥
દેવશ્રુતઉદયપેઢાલ, પોટિલ સતકીર્તિ સુવિશાલ.
સુવ્રતદેવ દયાલરે, ॥ ભ૦ ॥ ૧૧ ॥
અમમ નિઃકષાયજિણંદ જસદરિસણ દીઠે આણંદ
નિષ્પુલાક નિત્યવંદારે, ॥ ભ૦ ॥ ૧૨ ॥
નિર્મમચિત્ર ગુપ્તિસમાધિ, સંવર યશોધર ટાલેવ્યાધિ
વિજયમલ્લદેવ શિવ સાધીરે, ॥ ભ૦ ॥ ૧૩ ॥
અનંતવીર્ય ભદ્રકૃત્સુજિનેશ, એ અનાગત જિન ચોવીસ.
ભવિય નમો નિશદીશરે, ॥ ૧૪ ॥

ઢાલ.

ઋષભ અજીત સંભવનમોજી, અભિનંદન જિનરાય,
સુમતિ અને પદ્મપ્રભુજી શ્રીસુપાસ વરદાય. ॥ ૧૫ ॥
ભવિક જીવવંદો શ્રીજિનરાય જસનામે નવનિધિ થાય ભવિ૦
ચંદ્રપ્રભ સુવિધીવિધેજી શીતલ અને શ્રેયાંસ.
વાસુપૂજ્ય વિમલનમોજી અનંતધર્મ શુભવંશ. ॥ ભ૦ ॥ ૧૬
શાંતિ કુંથુ અર સંથુણ્યોજી, મલ્લિ અને સુવ્રત.
નમી જિનવરને નિતનમોજી, નેમિનાથ સંયુત, ॥ ભ૦ ॥ ૧૭ ॥
પાર્શ્વનાથ ત્રેવીશમોજી, વર્દ્ધમાન જિનચંદ,
જે જિનના ગુણ ગાવશેજી, તસ ઘરે નિત આણંદ. ॥ ભ૦ ॥ ૧૮ ॥
વર્ત્તમાનજિન એકલ્યાજી, વિહરમાન જિનવીશ.
સીમંધર સ્વામિ જયોજી, વંદો યુગંધર ઈશ, ॥ ભ૦ ॥ ૧૯ ॥
બાહુસુબાહુ જાણીયેજી, સુજાત સ્વયંપ્રભનામ.
ઋષભાનન સ્વામીનમોજી, અનંતવીર્ય શુભકામ; ॥ ભ૦ ॥ ૨૦ ॥
સુરપ્રભુ સુરતરૂ સમોજી, વિશાલ વજ્રધરદેવ,
ચંદ્રતણીપરે ઉજલોજી, શ્રીચંદ્રાનનદેવ, ॥ ભ૦ ॥ ૨૧ ॥
ભદ્રબાહુ ભુજંગ નમોજી, ઈશ્વરનેમિ પ્રભનામ.
વીરસેન મહાભદ્ર જયોજી, દેવજસ અજીતવીર્યસ્વામ. ॥ ભ૦ ॥ ૨૨ ॥
વિહરમાન જિનવંદતાંજી, પાતિક જાય સવિદૂર.
મનમા ી વળી સંપદાજી, પામીજે ભરપૂર. ॥ ભ૦ ॥ ૨૩ ॥
પાંચભરત ઐરવતેજી, મહાવિદેહ વિચાર.
ઉત્કૃષ્ટે કાલે નમુંજી, સિત્તરસો જિનસાર. ॥ ભ૦ ॥ ૨૪ ॥

ઢાલ.

ઋષભસેન ચંદ્રાનનો, વારિષેણ વર્દ્ધમાનોરે.
એ ચિહું નામેશાશ્વતાં, ભવિયણ ધરો ધ્યાનોરે. ॥ ૨૫ ॥
શાશ્વતા જિનવર ગાઇએ, ગાતા આનંદ થાયરે.
નામે નવનિધિ સંપજે, દરિસણ પાયપસાયરે. ॥ ૨૬ ॥ શા૦
નંદીદ્વીપાદિકે તિર્યગ્લોક વિશાલરે.
ભાવન ચૈત્યે બિંબ છે ચોસઠસેં અડયાલરે, ॥ સા૦ ॥ ૨૭ ॥
મનોહર કુંડલદ્વીપમં, પ્રાસાદ ચારનિહાલરે.
ચારસેં છનું બિંબને, વંદુહું નિત્યભાલરે, ॥ સા૦ ॥ ૨૮ ॥
રૂચકદ્વીપે, જાણિયે, પ્રાસાદ ચાર ઉદારરે.
જિનપડિમાં નિજ ચિત્તમાં, ચારસેં છનુ સંભારરે. ॥ સા૦ ॥ ૨૯
રાજધાવિજયેવળી, પ્રાસાદ સોળ તે કહીયેરે.
ઓગણીસસેં વીસે આગલા, પૂજીને સુખલહીયેરે ॥ સા૦ ॥ ૩૦॥
મેરૂવને અઇ દેહરા, છનુસેં બિંબ વંદારે.
ચુલિકાએ પંચજિનઘરે, છસેં બિંબ સુખકંદારે. ॥ સા૦ ॥ ૩૧ ॥
ગયદંતે વીશદેહરા, ચોવીસસેં જિનવંદારે,
દશચૈત્યે દેવ ઉત્તર કુરૂરે બારસેં જિનચંદારે, ॥ સા૦ ॥ ૩૨ ॥
ઇષુકારે ચાર જિનઘર, પ્રતિમાં ચારસેં ત્રેસીરે,
બારચૈત્ય માનુોત્તરે, બિંબ ચ્યારસેં એંસીરે, ॥ સા૦ ॥ ૩૩ ॥
વખારેગિરે જાણીયે, એંસી જિનપ્રાસાદરે,
છનુંસેં બિંબનવંદીયે, સમર્યા આપે સાદરે, ॥ સા૦ ॥ ૩૪ ॥
ત્રીસ પ્રાસાદ કુલ ગીરિવરે, બિંબછસે ત્રણસહસરે,
પ્રાસાદ ચાલીસદિગ્ગજે, બિંબ આઠસે ચારસહસ્સરે, ॥ સા૦ ૩૫
દીર્ઘવૈતાઢયે દેહરા, એકસો સત્તરિમાણરે,
ચારસેં વીસ સહસ્સવળી, વંદો ભવિયણ જાણિરે, ॥ સા૦ ૩૬॥
જંબુવૃક્ષ પ્રમુખેદશે, ઇગ્યારસેં સત્તરિ જાણરે,
એકલાખ ચાલીસ સહસ્સ બિંબ ચારસેં મનીઆણરે, ॥સા૦ ૩૭
કંચનગિરે જિનવર કહ્યા, સહસ એક પ્રાસાદરે,
એક લાખ વીસ સહસ્સઉપરે વંદિજહે સુપ્રસાદરે, ॥ સા૦ ૩૮ ॥
સત્તરીદેરા મહાનદી, બિંબસહસ્સ ચોરાસીરે,
બહે એંસી છે દેહરાં, છનુંસે બિંબચોરાસીરે, ॥ સા૦ ॥ ૩૯ ॥

કુંડ ત્રણસે એંશીવળી, પ્રાસાદ વિશાલરે,
પણયાલ સહસ્સઉપરે, છસેં બિંબવિશાલરે, ॥ સા૦ ॥ ૪૦ ॥
વૃતવૈતાઢયે વીશછે, પ્રાસાદસું સૂંગરે,
ચોવીસે જિનવંદતાં, લહીયે સુખ સંગરે, ॥ સા૦ ॥ ૪૧ ॥
વીશ પ્રાસાદ યમકગિરે, ચોવીસ જિનવંદારે
ધ્યાનધરી મનમાંસદા, ભવભયદુરે નિકંદારે, ॥ સા૦ ॥ ૪૨ ॥
બત્રીસેં ઓગણસઠિવળી, પ્રાસાદ તિર્યંગ લોકરે,
ત્રણલાખ સહસ એકાણું, ત્રણસેં વીશશેં થોકરે, ॥ સા૦ ૪૩ ॥

ઢાલ.

વ્યંતર જ્યોતિષિમાંહિ, અસંખ્યાતા જિનઘર, જિનપડિમા તિમ
જાણીયેએ, ॥ ૪૪ ॥
હવે પાતાલલોક, અસુરકુમારમાં, ચોસઠલાખ જિનદેહરાએ, ૪૫
જિનવર એકસોકોડિ, તિમ એકાવન્ન પન્નરકોડિ ઉપરે, એકવીસ
લાખ તિમવંદીયેએ, ॥ ૪૬ ॥
નાગકુમારમાં જાણ, લાખ ચોરાસીય, દેહરા અતિહે દીપતાએ,૪૭
પ્રતિમા એકસો કોડિ, તિમએકાવન્ન, વીસલાખ ઉપરે કહીએ,૪૮
બહોતેર લાખ પ્રાસાદ, સુવર્ણ કુમારમાં, એકસો કોડિ
જિનવંદીયેએ, ॥ ૪૯ ॥
ઓગણત્રીસ વળીકોડિ, સાઠલાખ ઉપરે, ભાવધરી નિતવંદીયેએ,૫૦
વિદ્યુત્અગ્નિકુમાર, દ્વીપકુમરતિમ, ઉદધિકુમર વખાણીયેએ ॥૫૧ ॥
દિગકુમાર વળીસારએ, સ્તનિતકુમારમાં, એછે સ્થાનિક
જિનકહેએ, ॥ ૫૨ ॥
બહોત્તેર બહોત્તેર લાખ, એકએક સ્થાનિકે, જિનદહેરાનિત
વંદીએએ, ॥ ૫૩ ॥
એકસોકોડિસાર, બત્રીસકોડિઉપરે, એંશીલાખ જિનવંદીએએ,૫૪
છન્નુલાખપ્રાસાદરે, વાયુકુમારમાં,એકસોકોડિ વખાણીએએ, ॥૫૫॥
ઉપરે બહોત્તરકોડિ, એંશીલાખતિમ, જિનપડિમા નિતવંદીયેરે,૫૬
સાતકોડિ બહોત્તેરલાખ, ભુવનપતિ માંહે, જિનદહેરા જિનજી
કહ્યાંએ. ॥ ૫૭ ॥
તેરસેં નવ્યાસીકોડિ, શાઠલાખ ઉપરે, માણીક્ય જિનનિત
વંદીયેએ, ॥ ૫૮ ॥

ઢાલ.

ઉર્ધ્વલોક સુધર્મ સુણ્યેા, દહેરાં બત્રીસલાખ લલના.
બિંબ સત્તાવન કોડિ તિહાં, સાઠ લાખ ઉપરે ભાખ લલના ॥પહેા
ઉર્ધ્વ લોકે જિનવર ભણ્યા, ॥ એ આંકણી૦ ॥
ઇશાન દેવલોકે દેહરા અઠાવીસ લાખ વિશાલ લલના.
પચાસ લાખ કોડિ, ચાલિસ જિનવંદુ નિતભાલ લલના. ॥ ઉ૦ ૬૦
સનત્કુમાર બાર લાખ કહ્યા, દહેરા અતિ ઉત્તંગલ૦
એકવીસકોડિ સાઠ લાખ વળી, બિંબ નમું મનિરંગ, લ૦
॥ ઉ૦ ॥ ૬૧ ॥
ચેાથે આઠલાખ દેહરા, પ્રતિમા ચઉદકોડિ જાણુ, લ૦
લાખ ચાલીસ ઉપરે, વંદેજે સુવિહાણ લ૦ ॥ ઉ૦ ॥ ૬૨ ॥
બ્રહ્મદેવલોક પાંચમે, દહેરા તે ચાંર લાખ, લ૦
સાતકોડિ વીસલાખ નમેા, શ્રીજિનવરની શાખ લ૦ ॥ઉ૦॥ ૬૩॥
છઠે સુરલોકે સુણેા, દહેરા સહસપચાસ, લ૦
નેવુલાખ જિનવંદીયે, આણીમન ઉલ્લાસ, લ૦ ॥ ઉ૦ ॥ ૬૪ ॥
શુક્રદેવલોક સાતમે, દહેરા સહસચાલીશ, લ૦
બહેાતેરલાખ બિંબ તિહાં કહ્યા, વંદીજે નિશદીશ લ૦ ઉ૦ ૬૫
સહસ્સાર આઠમે સાંભળેા, દહેરા છ હજાર, લ૦
દશલાખ એસી સહસવળી, વંદેા ભાવ અપાર લ૦ ॥ ઉ૦ ૬૬ ॥
નેામે દસમે દેવલોકે, ચારસેં દહેરા જાણુ લ૦
બહેાત્તેર સહસ્સ પ્રતિમા તિહાં પ્રણમેા નિત સુવિહાણુ લ૦ ઉ૦ ૬૭
આરણ અચ્યુતે ત્રણસેં, દહેરા શ્રી જિનરાય, લ૦
ચેાપન સહસ જિનેસરૂ, વંદે સુરનર રાય, લ૦ ॥ ઉ૦ ॥ ૬૮ ॥
ગ્રેવેયક પહેલે ત્રિકે, દહેરા એકસેા ઇગ્યાર, લ૦
તેર સહસ ત્રણસેં વલી, વીશ અધિક જીહાર૦ ॥ ઉ૦ ॥ ૬૯ ॥
મધ્ય ગ્રેવેયક ત્રિકે વળી દહેરાં એકસેા સાત, લ૦
બારસહસ આઠસેં ચાલીસ, વંદેા જિનપરભાત, લ૦ ॥ ઉ૦ ૭૦ ॥
ઉપલે ગ્રેવેયક ત્રિકે, દહેરાં સેા સુખકાર, લ૦
બારસહસ બિંબતિહાં કહ્યા, દીઠે શિવસુખકાર લ૦ ॥ ઉ૦ ॥ ૭૧ ॥
પંચવિમાન અનુતરે, દહેરાં પંચ પ્રધાન, લ૦
છસેં બિંબ તિહાં ભલા, ભવિયણરેા નિત્યધ્યાન, લ૦ ॥ ઉ૦ ૭૨

ઉર્ધ્વલોકે દેઉલ સવે, લાખ ચોરાસી વખાણ, લ૦
સહસ સત્તાણું ઉપરે, તેવિસ અધિક વળી જાણ, લ૦ ॥ ઉ૦ ૭૩
એકસો કોડિ બાવન્ન કોડિ, ચોરાણું લાખ સહસ્સચૌઆલલ૦
સાતસેં આઠ અધિક સહિ, ભવિય નમો નિત ભાલ લ૦ ઉ૦ ૭૪
એમ ત્રિભુવન માંહે સવે, આઠ કોડિ સતાવન લાખ, લ૦
છસેં બેંસી આગલા, દહેરા શ્રીજિનસાખ, લ૦ ॥ ઉ૦ ॥ ૭૫ ॥
પન્નરસેં કોડિ બિંબનમો, બેંતાલીસ કોડિ વળી જાણ, લ૦
બહ્યાવન લાખ સહસ બત્રીસ, બેશી અધિક વળી જાણ, લ૦૭૬

ઢાલ.

મનુષ્યક્ષેત્ર જિન જાણીયે માલંતડી, શત્રુંજય ગિરનાર સુણ સુંદરી
સમેતશિખર અષ્ટાપદે મા૦, અર્બુદદેવ જુહાર સુ૦ ॥ ૭૭ ॥
શ્રીશંખેશ્વર પાસજીએ મા૦, જિરાઉલો જગે જાણ સુ૦
અંતરીક્ષ અવની તલે એ મા૦, થંભણ પાસ વખાણ સુ૦ ૭૮
કલિકુંડ કુકડે સરે એ મા૦, શ્રી કરહાટકદેવ સુ૦
મક્ષી માલવ જાણીએ એ, સુરનર સારે સેવ૦ ॥ ૭૯ ॥
રાણકપુર રલિયામણો એ, મા૦, જિહાં છે ધરણ વિહાર સુ૦,
અંભણ વાદિ પ્રમુખ ભલાએ મા૦, ભવિજનને હિતકાર સુ૦ ૮૦
ગોડીમંડણ જાગતો એ મા૦ વંદો મુહરી પાસ સુ૦
શ્રીઅજારો પાસજી એ મા૦, ચિંતામણિ લીલવિલાસ ॥ સુ૦ ૮૧
એમ ત્રીભુવન તીરથ ભલાએ મા૦, અસંખ્યાત અનંત, સુ૦
તિહાં જિન પડિમા વંદીએ એમા૦, જાણીલાભ અનંત, સુ૦ ૮૨
સંવત સત્તર ચઉદોત્તરે એમા૦, કાર્તીક શુદિ ગુરૂવાર, સુ૦
દશમી દિનમેં ગાઇયાએ મા૦, સમીયનયર મજાર ॥ સુ૦ ૮૩ ॥
પઢે ગુણે જે સાંભલે એમા૦, તસ ઘરે નવનીધિ થાય, સુ૦
ઋદ્ધિવૃદ્ધિ સુખ સંપદાએ મા૦ પામે પુણ્ય પસાય, સુ૦ ॥ ૮૪ ॥

કળશ

ઇમશાસન જિનવર સયલ સુખકર સંથુણ્યો ત્રિભુવન ધણી,
ભવમોહવારણ સુખ્ય કારણ વંછિત પૂરણ સુરમણી,
તપગચ્છ નાયક સુખદાયક વિજય પ્રભસૂરી દિનમણી,
કવિ દેવવિમલ વિનય માણિક વિમલ સુખ સંપત્તિ ઘણી, ॥૮૫॥

॥ ઇતિ૦ ॥

અથ શ્રીજિનપુજાવીધિ સ્તવન.

પ્રણમીઅ વીરજિણેસર દેવ, ચોસઠ ઇંદ્ર કરે જસ સેવ,
શ્રીજિનપૂજા વિધિશું કરૂં, જિમ ભવસાગર લીલા તરૂ, ॥ ૧ ॥
નાહણ પૂરવ સનમુખ રહી, દંતણ કરવા પછિમ કહી,
ઉત્તરમુખે શુભ ચીવરવરે, ઉત્તર પૂરવ મુખે પૂજા કરે, ॥ ૨ ॥
ઘરે પઇસંતા વામે ભાગે, શુભથાનક દેરાસર લાગે,
ભુમિથકી ઉંચું ડાઢપાણિ, દક્ષિણ પશ્ચિમ મુખે પ્રતિમા જાણી ॥૩
પશ્ચિમ સનમુખ પૂજા કરે, તે ચોથે ઠામે સંતતિ હરે.
દક્ષિણ હુએ સંતતિ નાશ, અગ્નિ કુણે ધનહાણિ વિમાસ ॥ ૪ ॥
વાયવદિશે નવિ સંતતિ હોઇ, તિમ નૈરૂતે કુલનુ ક્ષય જોઇ,
ઇશાને નવિ સંતતિ થાય, એ દિશિવિદિશિ તિજી મન ભાય. ॥૫॥
ચરણજાનુકર અંસવિશાલ, મસ્તકે તિલક અનુક્રમે ભાલ.
કંઠહૃદય ઉદરે કીજીયે, નવતિલકે ભવફલ લીજીયે, ॥ ૬ ॥
ચંદનવિણ પૂજા નવિ કહી, વાસ પૂજા પરભાતે સહી,
કુસુમાદિક પૂજા મધ્યાને, ધુપ દીપ સંધયાયે જાને, ॥ ૭ ॥
પ્રતિમા વામભાગે વરધુપ, તિમ દક્ષિણ દીવાનું રૂપ
ફલ નૈવેદ્યાદિક જે હોઇ, અગ્રપૂજા તે આગલે ઢોઇ ॥ ૮ ॥
દક્ષિણ અંશે કરી જે ધ્યાન, ચૈત્યવંદના એહિજ માન,
હવે સાંભલો અવસ્થાતીન, તે ભાવતાં ન થાએ હીન, ॥ ૯ ॥
છદ્મસ્થાવસ્થાના ત્રણ પ્રકાર, જન્મ રાજ્ય શ્રામણ્ય સાર,
પ્રતિમા પરે કરીજે સુરરૂપ, કલશ ગ્રહીને રહ્યા અનુપ, ॥ ૧૦॥
જિણવેલા કીજે પખ્ખાલ, તિણે કરી ભાવે અવસ્થાબ્બાલ.

કુસુમમાલ લેઈ જે દેવ, કરે નિરંતર જિણવર સેવ. ॥ ૧૧ ॥
પુષ્પ ચઢાવે જઈ જિણવાર, તિણે કરી ભાવું રાજ્યવિચાર,
કેશરહિત જિણમુખ શિરપેખી, શ્રામણ્યાવસ્થા તિહાં દેખી, ॥૧૨॥
એ છદ્મસ્થાવસ્થા જાણિ, બીજી કેવલી નામની આણી.
પાડિહાર આઠે કરિ તેહ, વિતવતવા વાચે જિણશું નેહ, ॥ ૧૩ ॥
ઉભયપાસે કંકિલ્લિઉદાર, પુષ્પવૃષ્ટિ કરે માલાધાર,
વીણાવાદકને વંશવાદ, નિરખી ભાવો દિવ્ય નિનાદ, ॥ ૧૪ ॥
તેજ પુંજ ભામંડલ જેહ, જિણેસર પૂઠે દેખું તેહ.
છત્રથકી ઉપરે સુર રહી, ભેર વજાવે દુંદુંભિ સહી, ॥ ૧૫ ॥
સિંહાસન છત્ર ચામર હોઇ, જિનવર નિકટ પ્રકટતે જોઈ.
એહ અવસ્થા ભાવી સાર, સિદ્ધાવસ્થા સુણઉદાર. ॥ ૧૬ ॥
પર્યંકાસને બેઠા દેવ, કાયોત્સર્ગે રહ્યાં વળી હેવ
ચૈત્યવંદન કરતાં ભાવે, ગર્ભાવાસે જિમ ફેર નાવે, ॥ ૧૭ ॥
એહ અવસ્થા ત્રણ વિચાર, હવે સુણી પૂજા દોષ નિવાર,
ખલ્યું હાથથી ભુંઈ પડીયું, પગે લાગી શિર ઉપરે ચડીયું. ૧૮॥
થાલિનાકી એવું જે ધરિઉં, કુવસન થાલે તે પરિહરિઉં
મલીન લેકે જે ફરસ્યો હોઈ. કીડે ખાધું તિમ વલી જોઇ. ૧૯॥
કુસુમપત્ર ફલ કીજે ત્યાગ, જિનપુજા ઉપરે જયું રાગ.
જે પુષ્પાદિક છેદ પાવે. તેહ થકી હુવે અતિ સંઠાય. ॥ ૨૦ ॥
વસ્ત્રતણું હવે સુણો વિવેક, ખંડિત સાંધત મલીન સછેક
તેહ તણું કરવું પરિહાર, જિમ પૂજા ઉતારે પાર, ॥ ૨૧ ॥
પદ્માસન આસન ભાખીએ, નાસા અગ્નિનયન રાખીએ,
મૌની વદને ધરી મુખ કોશ, જિનપૂજે તેજે મમતા રોસ, ॥ ૨૨
ઉમાસ્વાતિ વાચક ધમ અક્ષે, પૂજા પ્રકારાદિકને વિષે.
વિધિ વિશેષ ગ્રંથાંતર થકી, લેઇ જડ કાઢું પાપકી, ॥ ૨૩ ॥
ધમજિણ પૂજા વિધિ સાચવે, કઠિન કરમ તે સમ પાચવે.
તુમપૂજા વિણ વેદન સહી, ભવે ભવે તે નવિ જાયે કહી, ॥ ૨૪
શ્રીજિનવર તુમ પૂજે તેહ, જેહને આવે ભવનું છેહ,
બહુલ કરમ જે બહુ સંસાર, તે કિમ પામે પૂજાચાર, ॥ ૨૫ ॥
દિલ્લી મંડણ વીરજિણંદ, તુમ વિણ નવિ છુટે ભવફંદ,
કરુણા આણી રાખો દેવ ! હવે મેં તજી કુમતિની સેવ, ॥ ૨૬॥

તવગણ ગયણ વિભાસણ ચંદ, શ્રીગુરૂ હીર વિજય સુરિંદ,
પંડિત વિનયવિમલ તસુ શિષ્ય, કહે ગુણવિમલ ભજું જગદીશ,
॥ ૨૭ ॥ ઇતિ૦ ॥

અથ શ્રીજિનપુજાવીધિ સ્તવન.

દેશી રસીયાની.

ત્રિકરણ સુધેરે ત્રિજગનાથની ત્રિવિધે પૂજારે સારહો રસીયા,
કીજે લીજેરે લાહો લછીનો પુજા અનેક પ્રકારહો રસીયા.
શ્રીજિનપુજા હો કીજે પ્રેમશું, ॥ આંકણી૦ ॥ ૧ ॥
પ્રભાતે પુજારે કરતાં વાસની, રજની કીધારે પાપહો રસીયા.
જાવે પાવેરે સિદ્ધ સ્વરૂપતા, નાસે સોગ સંતાપ હો રસીયા,
॥ શ્રીજિન૦ ॥ ૨ ॥
કેશરચંદન ભરીઅ કચોલડી, કુસુમ કલીનારે હારહો રસીયા,
અંગીયંગીરે અબ્બલ બનાવીયે, શ્રીજિનઅંગેરે ઉદારહો રસીયા,
॥ શ્રીજિન૦ ॥ ૩ ॥
એક ભવ અર્જીત અઘ બહુ અપહરે, શ્રીજિનપુજારે સારહો રસીયા,
કરીયે તરીયેરે તરણીય જિમમુદા, ભવભુરિ પારારે વારહો રસીયા.
॥ શ્રીજિન૦ ॥ ૪ ॥
સંઝાય પુજારે દીપને ધુપની, કરતાં નાસેરે કર્મહો રસીયા.
સાતે ભવનારે સંચીત છેદીને, પામે શિવપુર શર્મહો રસીયા,
॥ શ્રીજિન૦ ॥ ૫ ॥
ચઉગઇ ગમણા ગમણ કરે નહી, પામે પંચમનાણહો રસીયા,
પુજાકારી હો પુજ્ય પણે લહે, એ આગમનીરે વાણહો રસીયા,
॥ શ્રીજિન૦ ॥ ૬ ॥
વીરનીવાણીરે પ્રાણી સાંભળી, ત્રિકરણ પુજારે નિત્યહો રસીયા,
કરતાં વિશુદ્ધ હોય આતમા, વાજા નગારેરે જીતહો રસીયા,
॥ શ્રીજિન૦ ॥ ૭ ॥ ઇતિ૦ ॥

અથ શ્રીસિદ્ધચક્રજિન સ્તવન.

આરાધો આદર કરીરે લાલ નવપદ નવયનિધાન ભવિપ્રાણીરે,
પંચપ્રમાદ પરીહરીરેલાલ આણીશુભ પ્રણિધાન, ભવિ૦ ॥ ૧ ॥
સિદ્ધચક્ર તપ આદરેરેલાલ, ॥ આંકણી૦ ॥
પ્રથમપદ જપો નેહશુંરેલાલ દ્વાદશ ગુણ અરીહંત, ॥ ભ૦ ॥
ઉપાસના વીધિશું કરોરેલાલ જિમહોય કર્મનો અંત, ॥ ભ૦ ॥
॥ ૨ ॥ સિદ્ધ૦ ॥
એકત્રીસ આઠગુણ જેહનારેલાલ, પન્નરભેદ પ્રસિદ્ધ, ॥ ભ૦ ॥
અનંત ચતુષ્ટયના ધણીરેલાલ ધ્યાઉ એહવા સિદ્ધ, ॥ ભ૦ ॥
॥ સિદ્ધ૦ ॥ ૩ ॥
છત્રીછત્રીસી ગુણ જે ધરીરેલાલ, ભાવાચારજ જેહ, ॥ ભ૦ ॥
તીર્થંકર સમજે કહ્યારેલાલ ચંદ આચાર્યતેહ, ॥ ભ૦ સિદ્ધ૦ ૪॥
કરણચરણ સિત્તરિ ધરેરેલાલ, અંગ ઉપાંગના જાણ, ॥ ભ૦ ॥
ગુણપચવીસ ઉવઝાયનારે લાલ, શિષ્યને દે નિતનાણ, ॥ ભ૦ ॥
॥ સિદ્ધ૦ ॥ ૫ ॥
સાધે મોક્ષ તે સાધુજીરેલાલ ગુણસત્તાવીસજાસ, ॥ ભ૦ ॥
અઢીદ્વિપમાં જે મુનિરેલાલ, પદ પાંચમે નમો ખાસ, ॥ ભ૦ ॥
॥ સિદ્ધ૦ ॥ ૬ ॥
પયડીસાતના ન્યાસથીરેલાલ, ઉપશમ ક્ષાયક જેહ, ॥ ભ૦ ॥
સડસઠબોલ અલંકરીરેલાલ નમો દર્શનપદ તેહ, ॥ ભ૦ ॥
॥ સિદ્ધ૦ ॥ ૭ ॥
અઠ્ઠાવીસ ચૌદવીસેરેલાલ દોએક સવિ એકાવન્ન, ॥ ભ૦ ॥
ભેદજ્ઞાનના જાણીનેરેલાલ, આરાધો તે ધન્ય, ભ૦ સિદ્ધ૦ ॥ ૮ ॥
નમો ચારિત્રપદ આઠમેરેલાલ, દશ સર્વ ભેદ હોય, ॥ ભ૦ ॥
બારસત્તરભેદ જેહનારેલાલ સેવ્યે શિવપદ હોય, ॥ ભ૦ ॥
॥ સિદ્ધ૦ ॥ ૯ ॥
બાહ્યઅભ્યંતર તજી ક્રોધનેરેલાલ, તપકરે બારપ્રકાર, ॥ ભ૦ ॥
'નમોતવસ્સ' ગણણુંગણેરેલાલ શમતા ધરી નિરધાર,॥ભ૦॥સિદ્ધ૦॥
ઇંદ્રભુતિ એમ ઉપદિશેરેલાલ, નવપદ મહિમા શાર, ॥ ભ૦ ॥
શ્રેણિક નૃપતિ આગલેરેલાલ, શ્રીશ્રીપાલ અધિકાર, ॥ ભ૦ ॥
॥ સિદ્ધ૦ ॥ ૧૧ ॥

નવપદરાણી જેહનેરેલાલ ગજરથ નવહજાર, ॥ ભ૦ ॥
નવલખવાજિ સોહતારેલાલ, સુભટકોડ નવસાર. ॥ ભ૦ ॥
॥ સિદ્ધ૦ ॥ ૧૨ ॥
ઋદ્ધિસંપદ બીજી ઘણીરેલાલ, કહેતાં ન આવે પાર, ॥ ભ૦ ॥
આરાધે નવપદ સહીરેલાલ નવમેં ભવ નિસ્તાર, ॥ ભ૦ ॥
॥ સિદ્ધ૦ ॥ ૧૩ ॥
નવવિધિપરિગ્રહ મુકીનેરેલાલ નવનિયાણા નિવાર, ॥ ભ૦ ॥
સિદ્ધચક્ર સેવા કરેરેલાલ જિમતરો સંસાર, ભ૦ સિદ્ધ૦ ॥ ૧૪ ॥
ઋદ્ધિકીર્તિ ચેતન લહેરેલાલ, અમૃતપદ સુખકાર, ॥ ભ૦ ॥
એ નવપદના ધ્યાનથીરેલાલ સવિ સંપદ શ્રીકાર, ॥ ભ૦ ॥
॥ સિદ્ધ૦ ॥ ૧૫ ॥ ઇતિ૦ ॥

અથ શ્રીમૈંનએકાદશીનું સ્તવન.

દુહા.

શાંતિકરણ શ્રીશાંતિજી, વિઘ્નહરણ શ્રીપાસ.
વાગદેવી વિદ્યાદીયે, સમરૂંધરી ઉલ્લાસ, ॥ ૧ ॥
જાદવકુલ શિર સેહરો, બ્રહ્મચારી ભગવંત,
શ્રીનેમિસર વંદીએ; તેહના ગુણ અનંત, ॥ ૨ ॥

રાગ મલ્હાર.

નયરી નિરૂપમ નામદ્વારામતી દીપતીરે દ્વા૦
ધનવંત ધર્મીલોક દેવપુરી જીપતીરે દેવ૦
યાદવસહિત ગદ્ધવરરાજ કરે જિહારે રા૦,
ઉપગારી અરિહંત પ્રભુ આવ્યા તિહાંરે પ્રભુ૦ ॥ ૩ ॥
અંતેઉર પરિવાર પહરિવંદન ગયારે હ૦,
પ્રદક્ષિણા દેઈ ત્રણ પ્રભુ આગલ રહ્યારે, પ્ર૦
દેશના દીયે જિનરાજસુણે સહુભાવીયારે સ૦,
અરિહા અમૃતવયણ સુણી સુખ પાવીયારે, સુ૦ ॥ ૪ ॥
હરિતવ જોડી હાથ પ્રભુને ઇમ કહેરે, પ્ર૦,
સકલ જંતુના ભાવ જિનેશ્વર તું લહેરે, જિ૦
વરસ દિવસમાં કોઇક દિન એક ભાખીયેરે દિ૦,
થોડે પુણ્યે જેહથી અનંતફલ ચાખીયેરે, અ૦ ॥ ૫ ॥

દુહા.

પ્રભુજી તવ હરીને કહે, મૌન એકાદશી જાણ.
કલ્યાણક પંચાશત, શુભદિવસે ચિત્તઆણ. ॥ ૬ ॥
વાસુદેવ વલતું કહે, દાહસો કલ્યાણક કેમ,
અતીત અનાગત વર્ત્તમાન, ઇણીપરે ભાખે નેમ, ॥ ૭ ॥

ઢાલ.

રાગ—કેશરમાં ભીનો મારો સાહિબો પ્રભુ મારા રતિ એકરૂપ દેખાડહો, એ દેશી.

મહાજસ સર્વાનુભુતિની ભવિક જન કીજે શ્રીધર સેવહો,
નેમિમલ્લિ અરનાથની ભ૦ રાખો વંદન ટેવહો, ॥ ૮ ॥
નાથ નિરંજન સાચ પ્રસજન દુખનો ભંજન,
મોહનો ગંજન વંદિએ ભ૦, એહજ જિનવર દેવહો, ॥ આં૦ ॥
સ્વયંપ્રભદેવ શ્રુત ઉદયનાથ ભ૦, સાચો શિવપુર સાથહો,
અકલંક સુભંકર વંદીએ ભ૦, સાચો શ્રીસપ્તનાથહો, ॥ નાથ૦ ૯
બ્રહ્મેંદ્ર ગુણનાથ ગાંગિક ભ૦, સુવ્રતશ્રી મુનિનાથહો
વશિષ્ટ જિનવર વંદિયે ભ૦, એહજ ધરમનો હાથહો, નાથ૦ ૧૦
મુમૃદુ શ્રીવ્યક્ત નાથ જે ભ૦, સાચો કલાશત જાણહો,
અરણ્યવાસ શ્રીયોગજે ભ૦, શ્રી અયોગચિત્ત આણહો, નાથ૦ ૧૧
પરમનાથ સુધારતિ ભ૦, કીજે નિષ્કેશ સેવહો,
સ્વર્વરિથ હરિભદ્રની ભ૦, મગધાધીપ સુખદેવહો, નાથ૦ ॥ ૧૨ ॥
પ્રયચ્છ અક્ષોભ જિનવરા ભ૦, મલયસિંહ નિત વંદીયેહો,
દિનકર ધનદ પ્રભુ નમો ભ૦, ચૌષધ શમરસ કંદહો, ॥નાથ૦ ૧૩

દુહા.

જિનપ્રતિમા જિનવાણીનો, મોટો જગ આધાર.
જીવ અનંતા એહથી, પામ્યા ભવનો પાર. ॥ ૧૪ ॥
નામગોત્ર શ્રવણે સુણે, જપે જે જિનવર નામ,
આઠ કરમ અરિજીતીને, પામે શિવપુર ઠામ, ॥ ૧૫ ॥

ઢાલ.

રાગ—મારાસાહિબહો શ્રીશીતલનાથકે વિનતિસુણો એક મોરડી

એ દેશી.

શ્રીપ્રલંબહો ચારિત્રનિધિ દેવકે પ્રશમરાજ નિતુ વંદીયે.
શ્રીસ્વામિકહો વિપરીત પ્રસાદકે વંદી પાપ નિકંદીયે.
શ્રીઅઘટીતહો બ્રહ્મણેંદ્ર જિનરાજકે ઋષભચંદ્ર ચિત્ત આણીયે,
પશ્ચિમમાં હોયે ભરતમઝારકે, ત્રણ ચઉવીસી જાણીયે, ૧૬ ॥
શ્રીદયંતહો અભિનંદન પૂજકે, રત્નશેખર ત્રિભુવન ધણી.
શ્યામકોષ્ટજહો મરૂદેવ દયાળકે, અતીપાર્શ્વ કીરતિ ઘણી.
નંદીષેણહો વરતધર નિર્વાણકે સેવતાં સંકટ ટલે.
જંબુદ્વીપે હો ચઉવીસી ત્રણકે સેવતાં સંપત્તિ મલે. ॥ ૧૭ ॥
શ્રીસૌદર્યહો ત્રિવિક્રમ નામકે, નારસિંહ સેવો સહી.
શ્રીખેમંતહો સંતોષીતદેવકે, કામનાથ વંદો વહી.
મુનિનાથજ હો જિનવર ચંદ્રદાહકે, દિક્ષાદિત ચિત્તમાંધરો.
ખંડધાતકીહો પુરવ ઐરવતમાંહકે, ત્રણચોવીસી મંગલકરો, ૧૮
અષ્ટાદિકહો શ્રીવણિગ જાણકે, ત્રણજ્ઞાન સેવો સુખને.
તમો કંદહો શ્રીસાયરકાક્ષકે, ખેમંત વાંદિ ગમો દુઃખને.
શ્રી નિર્વાણહો શ્રીજિનરવિરાજકે, પ્રથમનાથ શિવસાથછે.
પુષ્કરવરહો ચઉવીસી ત્રણકે, ત્રણ જગતના નાથછે. ॥ ૧૯ ॥
શ્રીપુરૂષહો શ્રી અબોધ દેવકે, વિક્રમેંદ્ર ઇંદ્રે નમો,
શ્રીસ્વશાંતિહો હરનાથ મુણીંદકે, નંદિવાસ મુજમન ગમો.
મહાઋગેંદ્રહો શ્રીઅસોચિતકે, મહેંદ્રનાથ નાથાયનમું.
ધાતકી ખંડહો ઐરવત ક્ષેત્રકે, ત્રણચઉવીસી ચરણે રમો. ૨૦
અસ્વપ્નહોહો શ્રીકુટલીકવંદકે, વર્દ્ધમાન મુજમન રમો.
શ્રીનંદીકહો શ્રીધર્મચંદ્રકે, વિવેક મુજ મનમાં ગમો
કલાપક હોશ્રોવિસોમએહકે, અરણ્યનાથ કોર્તી ઘણી.
પુષ્કર દ્વીપેહો ચઉવીસી ત્રણકે, ત્રીસ ચઉવીસી થુત ભણી ૨૧

દુહા.

નેમિ જિણેસર ઉપદિશ્યો, સદહો કૃષ્ણ નરેસ.
વીરવિમલ ગુરૂથી લહો, મઈ મુખો ઉપદેશ. ॥ ૨૨ ।

કાલ અનંતો નિગમો, અનંત અનંતી વાર.
આઠ નિગોદે હું ભમ્યો, કેણે ન કીધી સાર. ॥ ૨૩ ॥
પ્રભુ દરિસણ મુજ નવિ હુઓ, નવિ સુણ્યો ધર્મ ઉપદેશ.
નાયકિયા નાટકપરે, બહુ બનાવ્યા વેશ. ॥ ૨૪ ॥
અનુક્રમે નરભવ લહ્યો, ઉત્તમકુલ અવતાર.
દુર્લભ દર્શન પામિઓ, તાર પ્રભુ મુજ તાર. ॥ ૨૫ ॥

ઢાલ—દેશી—શિવકુંમરને વંદિયેરે લો.

મલ્લિજિણેસર ઉપદિશ્યોરે લો૦, અદ્‌ભુતએ અધિકારરે સુગુણનર,
સાંભલતા ચિત્તહરખિયોરેલો૦, હુઓ જય જયકારરે સુગુણનર. ૨૬
શ્રીજિનશાસન જગજયોરે લો૦, ॥ આંકણી૦ ॥
મંત્રયંત્ર મણી ઔષધીરેલો૦, સકલ જંતુ હિતકારરે સુ૦
એહ નિતુ થુણતાં થકારેલો૦, ટાલે વિષયવિકારરે સુ૦ ॥ શ્રી૦ ॥ ૨૭
રોગને સોગ વિજોગહારેલો૦, નાસે ઉપદ્રવ દુઃખરે સુ૦
સેવતાં સુખ સરગનારેલો૦, વલી પામે શિવસુખરે સુ૦ ॥ શ્રી૦ ૨૮
આરાધન વિધ સાંભલોરે લો૦, ચઉથભતે ઉપવાસરે. સુ૦
જ્ઞાનધ્યાને ધ્યાવતારે લો૦, હુવે અઘનો નાશરે સુ૦ ॥ શ્રી૦ ૨૯ ॥
અઠ્ઠોરતો પોસહ કરીરેલો૦, જપીએ શ્રીજિનનામરે સુ૦
ઋદ્ધિવૃદ્ધિ સુખ સંપદારે લો૦, લહીયે શિવપુર ઠામરે સુ૦ શ્રી૦ ૩૦
માગશિર સુદ એકાદશીરેલો૦, અગ્યારવરસ લખ પુરે
માસ અગ્યાર ઉપર વળીરેલો૦, એ તપ પુરે
ઉજમણું કરે। ભાવથીરે લો૦, શક્તિ તણું
જિનપુજા સંઘસેવનારે લો૦, દાનદીયે સુવિચારરે
પાટીપોથી પુંઠીયારે લો૦, અગ્યાર અગ્યાર એમ જાણરે સુ૦
સુવ્રત શેઠ તણિ પરેરેલો૦, હુવે ગુણની ખાણરે સુ૦ શ્રી૦ ૩૩
તપકિરિયા કીધા ઘણારેલો૦, પણ નાખ્યું પ્રણિધાનરે સુ૦
તે વિણ લેખે આખ્યો નહિરેલો૦, કાસકુસુમ ઉપમાનરે સુ૦ શ્રી૦ ૩૪
કાલ અનંતે મેલીયારેલો૦, કરમબંધણ કેઈ ભુરરે. સુ૦
શુદ્ધતપ ભલે ભાવથીરેલો૦, તેહુ કરે ચકચુરરે સુ૦ ॥ શ્રી૦ ॥ ૩૫ ॥
દાનશીલ તપ ભાવથીરેલો૦, ઉદ્ધર્યા પ્રાણી અનેકરે. સુ૦
આરાધો આદર કરીરેલો૦, આણીઅંગવિવેકરે. સુ૦ ॥શ્રી૦ ૩૬ ॥
બારે પર્ષદા આગલેરેલો૦, એમ કહ્યો નેમિ સ્વામરે સુ૦
કૃષ્ણનરેસરે સદહીરેલો૦, પોહતા નિજ નિજ ધામરે સુ૦ શ્રી૦ ૩૭

ઢાલ.

દુષમકાલે એ આલંબન સુગુરૂ સદાગમ વાણીજી.
તેહને સંગે બહુ સુખ પામ્યા ભવમાહે ભવિપ્રાણિજી. ॥ ૩૯ ॥
સમકિત દાયક શુભપંથ વાહક ગુરૂ ગીતારથ દીવોજી.
પસુઘલી સૂરરૂપ કરેજે તેહ ગુરૂ ચિરંજીવોજી. ॥ ૪૯ ॥
ગુરૂકુલ વાસે રહતાં લહિયે વિનય વિવેક શુચિ ક્રિરીયાજી.
તેહની સેવા કરતા થાયે પૂરણજ્ઞાનના દરીયાજી. ॥ ૪૦ ॥
એહ સ્તવન જે સુણશે ભણશે છોડી ચિત્તના ચાળાજી,
સુરતરૂ સૂરમણિ સૂરગવી પ્રગટે તસ ઘર મંગલ માલાજી. ॥ ૪૧ ॥
શ્રીવીરવિમલ ગુરૂસેવા કરતાં ઋદ્ધિકીર્ત્તિ બહુ પાયાજી.
વિશુદ્ધવિમલકહે તેહને સંગે પુરૂષોત્તમ ગુણગાયાજી. ॥ ૪૨ ॥

અથશ્રી એકસોવીસકલ્યાણકગર્ભિત જીનસ્તવન.

ખટ્ટીલું પ્રણમું જિનચોવીસ, સમરૂં કલ્યાણકના દીસ.
ચવણ[૧] જનમને[૨] દીક્ષા[૩] નાણ[૪] પંચમ કલ્યાણક નિર્વાણ. ॥ ૧ ॥
પૂનિમાસ કહિયા સિદ્ધાંત, હવડાં ઓલીશે વરતંત.
સોહલેરે જાણેવા ભણિ, જિહવા પવિત્ર કરૂં આપણી ॥ ૨ ॥
કાર્તીક સૂદિ ત્રીજે ધુરિ જાણ, સૂવિધિ જિણેસર પૂર્યાનાણ.
બારસનો દિન ઉત્તમ કીયો, અરસ્વામિ કેવલ પામીઓ. ॥ ૩ ॥
કાલી પાંચમ સૂવિધિ જિણંદ, જનમ મહોત્સવ કરે સુરિંદ
છઠ્ઠી દિક્ષા લીધી વળી. પાયપ્રણમે સુરનર બહુ મલી. ॥ ૪ ॥
દશમ તણો દિન કર્યો પવિત્ર. સ્વામિવીર લાઓ ચારિત્ર.
ઇગ્યારસેદિન ત્રિભુવન ભાણ. સ્વામિ પદ્મપ્રભ નિર્વાણ. ॥ ૫ ॥
માગશિર સુદદશમે અરજિન, મુગતિ ગયા સવિ ફેડી કર્મ.
છંડી છખંડ પૃથ્વી ભોગ. ઇગ્યારસ દિને સંયમયોગ. ॥ ૬ ॥
મલ્લિજિણેસર ઓગણીસમો, જનમ દીક્ષા કેવલશું નમો.
નમિસ્વામીને કેવલી, ચિહું ભેદે તપસંવર કીઓ. ॥ ૭ ॥
વદદશમે શ્રીપાસજિણંદ, જનમ લેઇ પ્રણમે સુરવૃંદ.
ઇગ્યારસદિન દિક્ષાવરી, રાજઋદ્ધિ સઘલી પરિહરી. ॥ ૮ ॥

બારમદિન શશિસ્વામિ જન્મ, તેરસને દીને દીક્ષા કર્મ.
ચૌદસેસ્વામિ શીતલવળી, કર્મ ખપી હુઆ કેવળી. ॥ ૯ ॥
ભાદ્ર શુકલ છઠે શ્રીવિમલ, નોમે શાંતિ જિણેસર અમલ.
અજિત જિણેસર દશારસે, અભિનંદન સ્વામિ ચૌદસે. ॥ ૧૦ ॥
પૂનિમ ધર્મજિનેસર જોય, એ પાંચેને કેવલ હોય.
વદછઠે પદ્મપ્રભુ ચવે, બારસે શીતલ સ્વામિ હવે. ॥ ૧૧ ॥
જનમ હુઓને સંયમ લીધ, તેરસે આદિજિણેસર સિદ્ધ.
અમાવાસ્યા એ ઇગ્યારમો, કેવલજ્ઞાની ભવે નમો. ॥ ૧૨ ॥
જેઓ માઘ બીજ ઉજલી, જેણે વાસુ પૂજય કેવલી.
જનમ હુઓ અભિનંદન સ્વામિ, તારૂં આપણું તસુ નામિ ૧૩
ત્રીજતણો દિન તીરથ આજ, જનમ્યા ધર્મ વિમલ જિનરાજ.
ચોથે વિમલજિનેસર સાર, સંયમ પામી કરે વિહાર. ॥ ૧૪ ॥
આણંદે આઠમે આદરૂં, અજિતજિન જનમ મહોત્સવ કરૂં.
નવમિયે સંયમ આદર્યો, સ્વામી ભવસાયર ઉતર્યો. ॥ ૧૫ ॥
બહુ ગુણવંતી બારસ ભણું, શ્રીઅભિનંદન મુનિવરપણું.
તેરસનો દિન ઉત્તમ કરી, ધર્મ જિણેસર સંયમસિરી. ॥ ૧૬ ॥
કાલિ છઠે સામિ સુપાસ, પામ્યા કેવલ હું તસુદાસ.
સાતમને દિને શિવપૂર ગયા, સિદ્ધિરૂપ અજરામર થયા. ॥ ૧૭
સાતમનો દિન વળી પ્રધાન, ચંદ્રપ્રભસ્વામીને જ્ઞાન.
નવમે નવમા ચવ્યા જિણંદ, માયતણે મન અતિ આનંદ. ॥ ૧૮
ઇગ્યારસે દિન કેવળ આદિ, સ્વામિ કરી તીરથની આદિ.
બારસે જનમ્યા જિનશ્રેયાંસ, વિષ્ણુરાયને કુલે અવયંસ. ॥ ૧૯ ॥
જ્ઞાનવલી મુનિસુવ્રત સ્વામિ, તેરસે પામ્યા શ્રેયંસસ્વામિ.
વાસુપૂજ્ય જનમ્યા ચૌદસે, દિક્ષા લીધી અમાવાશ્યે. ॥ ૨૦ ॥
ફાગુણ સુદિ બીજે અરદેવ, ચોથે મલ્લિજિણેસરહેવ.
આઠમે સ્વામિ સંભવવળી, ત્રણેચ્યવન નમું મનરૂલી. ॥ ૨૧ ॥
બારસે મલ્લિ શિવપૂરી પત્ત. શ્રીમુનિસુવ્રતને ચારિત્ર.
સામલપક્ષ સાંભળજો હવે, ચોથે પાસ જિણેસર ચવે. ॥ ૨૨ ॥
તિણેદિનસ્વામી નાણ ઉપન્ન, પંચમે ચવણ શશિ જિણધર્મ.
આઠમે આદિનાથ ધ્યાઇએ, જનમદીક્ષાસું આરાહિએ. ॥ ૨૩ ॥
ચૈત્ર શુકલ ત્રીજે ઝલહલે, કુંથુનાથ કેવલ ઝલહલે.
અનંત સંભવને અજિયજિણંદ, પાંચમે શિવપુરિ પરમાનંદ. ૨૪
નોમે સુમતિ પહોત્યા સિદ્ધિ, ઇગ્યારસે દિન કેવલઋદ્ધિ.

તેરસેજનમ્યા શ્રીવર્દ્ધમાન, પૂનિમ પદ્મપ્રભને જ્ઞાન. ॥ ૨૫ ॥
કુંથુનાથ વદિ પડિવા જાણિ, બીજે શીતલનાથ વખાણિ.
બેહુ પોહતા શિવપુર ઠાણ. ભવે ભવે શરણ તુમારા ચરણ. ૨૬
પાંચમે કુંથુ જિનેસર શ્રમણ. છઠે શીતલસ્વામિ ચવણ.
નમિ જિણેસર દશમે પુરી. પહોતા કર્મ સર્વે પરિહરી. ॥ ૨૭ ॥
જનમ્યા તેરસે સ્વામિ અનંત, ચૌદશે દિક્ષાનાણ ભદંત.
કુંથુજિણેસર જનમ્યા વલી. નાઠી પાપ તણી આવલી. ॥ ૨૮ ॥
નિસુણો માસ હવે વૈશાખ. પહેલું કહિએછીએ સુદિ પાખ.
ચોથે અભિનંદન અવતરે. માય ઉયરે આણંદ ધરે. ॥ ૨૯ ॥
સાતમે ચવ્યા જિણેસર ધર્મ. સુમતિનાથનો આઠમે જનમ.
અભિનંદન વલી સિદ્ધિ ગયા. નોમે સુમતિ મુનિંદર થયા. ॥ ૩૦
દહદિશિ દીપે દશમી વીર. ચરમ જિણેસર કેવલતીર.
બારસે વિમલ અજિત તેરસે. ચૌદસુપનશું કુખે વશે. ॥ ૩૧ ॥
અંધારી છઠે શ્રેયાંસ. માતા ઉયરે વસી દિહંસ.
આઠમે મુનિસુવ્રત જનમિયા. નોમે સ્વામિ શિવપૂર ગયા. ૩૨ ॥
જનમ્યા તેરસે સ્વામિ સંતિ. અને વળી પોહતા લોકંતિ.
ચારિત્ર ચૌદશે દિન આદરે. જે સેવે તે ભવઉતરે. ॥ ૩૩ ॥
જેઠમાસને અજુઆલીએ, ધર્મ મોક્ષ પંચમિ પાલે.
નોમે વાસુપૂજ્ય અવતાર. જેહને નામે ભવનો પાર. ॥ ૩૪ ॥
સુપાસજિન જનમ્યા બારસે. દીક્ષા લીધી પુણ તેરસે.
આદીસર જિણ ચોથે ચવે. માતા ચૌદસુપન અનુભવે. ॥ ૩૫ ॥
વિમલનાથ સિદ્ધિ શપ્તમી. નેમે નમિ હૂઆ સંયમી.
શુદિ આષાઢો છઠે વીર. માતા ઉઅરે વસે ગંભીર. ॥ ૩૬ ॥
આઠમે સિદ્ધિ પોહતા નેમિ. તસ પાય પ્રણમું ધરીને પ્રેમ.
ચૌદસે સાધુ છસય પરવરી. વાસુપૂજ્ય અજરામરપૂરિ. ॥ ૩૭ ॥
વંદિ ત્રીજે શ્રેયાંસહ સ્વામિ, સાધુ સહસસિઉં શિવપુરઠામિ.
સાતમે અનંત જિણવરરાય. ઉયરે ધરે અતિ હરખ ન માય. ૩૮
શ્રાવણ સુદિ બીજે શ્રી સુમતિ. માતા ઉયરે વસી દીએ સુમતિ.
નેમિનાથ જનમ્યા પંચમી, દીક્ષા લીધી છઠે નેમિ. ॥ ૩૯ ॥
આઠમે સિદ્ધિ પહોતા પાસ. સામી કરું તુમારી દાસ.
શ્રીમુનિસુવ્રત લીલવિલાસ. પૂનિમને દીને ગર્ભનિવાસ. ॥ ૪૦ ॥

કલ્યાણક વદિ સાતમે જેય. ચવન શાંતિ સ્વામિને હોય.
શ્રીચંદ્રપ્રભ મુગતિનિવાસ ... ...
અમાવાસ્યાએ નેમીસરનાણ. જાણે ઉદયો ત્રિભુવન ભાણ. ૪૧ ॥
આસોઇ પૂનિમ ઝલહલે. નેમિ અવતર્યે દુઃખસવિટલે.
વદિ પંચમી સંભવદેવની. ભગતિ કરે સુરનર બહુમિલી. ॥ ૪૨
બારસનો દિન બહુગુણ સદ્ય. નેમિચવ્યાને જનમ્યા પદ્મ.
સારો તેરસનો દિનસરે. પદ્મપ્રભુ સંયમ અણુસરે ॥ ૪૩ ॥
કાલી અમાવાસ્યા થઇ ઉજલી જેણે અમરકોડિ બહુમિલી.
મુગતિ પહોચ્યા સ્વામિ વીર. જિણ તુઠે ભવસાયર તીર ॥ ૪૪ ॥
સત્તર કલ્યાણક ચૈત્રહ માસ નવપંચમ વૈશાખ વિમાસ
સાતકલ્યાણક જેઠે ભલાં આસાઢે જાણો તેટલાં ॥ ૪૫ ॥
આઠ કલ્યાણક શ્રાવણ કરી ભાદ્રવ કેરી દો મને ધરી
ષટ કલ્યાણક આસો માસ સમરૂ કાર્તીક ષટ ઉલ્લાસ ॥ ૪૬ ॥
માગસર કલ્યાણક દોસત દસસંખ્યાએ પોષ પવિત્ત
બાહુ કલ્યાણક છે ઓગણીસ ફાગુણદશમે એકસો વીસ ॥ ૪૭ ॥
હવે તિથિ સંખ્યાના દિન કહું માસ તણાં સંખ્યાથી લહુ
એક કલ્યાણક પડવા તણું પાંચ કલ્યાણક બીજે ભણું. ॥ ૪૮ ॥
ત્રીજે પંચ ચોથે ષટ જોય પાંચમ છઠે નવ નવ હોય
સાતમે સાત આઠમે દશવલી નવમેં દશ દશમે ષટ ભલી ॥ ૪૯ ॥
દશકલ્યાણક ઇગ્યારસે બાર બાર બારસ તેરસે
ચઉદશે નવતિમ પૂનિમચંદ ચાર અમાવાસ્યા દિન સંચ ॥ ૫૦ ॥
ઇણિપરે સઘલા એકસો વીસ કલ્યાણકદિન જિનચોવીસ
વચને પરમેષ્ટિપદ જપો જનમે અહ્ન તે નિત જપો ॥ ૫૧ ॥
દીક્ષાયે જપીયે નામાય જ્ઞાનકલ્યાણકે સર્વજ્ઞાય
પારંગતાય સુણો નિર્વાણ એમ જપવાના પદ પરિમાણ ॥ ૫૨ ॥
એક કલ્યાણકે એકાણ બિહું કલ્યાણકે નીવિસુણું
ત્રણ કલ્યાણકે આંબિલહોય તિમ ચારે ઉપવાસજ હોય ॥ ૫૩ ॥
ચોથે કીજે પંચ કલ્યાણ, વરસી એકે તપનો પરિમાણ
જો ઉપવાસે કીજે એહ પંચવરસી પૂરણ હોઇ તેહ ॥ ૫૪ ॥
ત્રણવાર દેવવંદન કરી દોયસહસ પદ મનમાં ધરી

ક્રમ કલ્યાણ તપ કીજીએ તો સહજે જિનપદ લીજીયે ॥ ૫૫ ॥
શ્રીઆણંદ વિમલસુરિંદ શુવિહિત મુનિ મર્યાદાચંદ
શ્રી જયવિમલ વિબુધનો શિષ્ય પ્રીતિવિમલ પભણે નિશદિશ ૫૬

અથ શ્રીચતુર્વિંશતિ જિન સ્તવન.

રાગ–શાસનનાયક શિવગતીએ એ દેશી,

પ્રહ ઉઠીને સમરીયેએ નાથ નિરંજન નામ.
મંગલમાલા નામથીએ નામે નવનીધસંપજે સીજે વંછિત કામ
॥ મંગલ૦ ॥ ૧ ॥

ઋષભ અજીત સંભવ જિનાએ અભિનંદન જિનદેવ ॥ મંગલ૦ ॥
સુમતિપદ્મપ્રભજિનવરાએ સુરનર સારે સેવ ॥ મંગલ૦ ॥ ૨ ॥
સુપાર્શ્વચંદ્ર પ્રભ સેવીએ એ સુવિધ શ્રી શિતળનાથ ॥મંગ૦ ॥
શ્રી શ્રેયાંસ સદા સુખકરૂએ સાચો એ શિવપુર સાથા મંગલ૦ ૩ ॥
વાસુપુજય વિમલ અનંત ગુરૂએ ધરમશાંતિકુંથુજિણંદ ॥ મંગલ૦ ॥
અરમલ્લિ મુનિ સુવ્રત વંદિયે એદીઠડે અતિઘ્ન આણંદ ॥મંગલ૦॥૪
નમિનેમ પાર્શ્વવીરવંદતાએ ઘરઘર હોવે આણંદ ॥ મંગલ૦ ॥
એચ્છવરંગ વધામણાએ દુર હોયરે દુઃખદંદ ॥ મંગલ૦ ॥ ૫ ॥
રોગ શોક સોગ ભય ટલેએ વ્યાલ વૈતાલ વશ થાય ॥ મંગલ૦ ॥
સુરતર શિવસુખ પામીયેએ જગ જશવાદ ગવાય ॥મંગલ૦ ॥૬॥
શાંતી હોય સદા સમરતાં એ ભવભય ભાવઠ જાય ॥ મંગલ૦ ॥
વીરવિશુદ્ધ જિન સેવતાંએ દિન દિન દોલત સવાય ॥ મંગલ૦ ॥૭॥

અથ શ્રી વીશ વિહરમાન જિન સ્તવન.

રાગ–માહ્યરામાં આવો હાથ મેલાવો એ દેશી.

શ્રી સીમંધર દેવ યુગમંધર જિણવર બાહુ સુબાહુ સયારાં
અજબ સોહાવેા.
સુજાયત સ્વામિ શિવગયગામી સ્વયંપ્રભુ જગનાહ સયારાં અજબ૦॥૧॥
અજબ સોહાવેને મુજ મન ભાવે આતમ અક્ષય સુખ પાવે સયારાં
॥ આંચલી૦ ॥

ઋષભાનન જિન સાતમો સોહે અનંતવીરજ દેખી મન મોહે રાયા૦
અજ૦૫૦

સૂર પ્રભુની સદા સેવા કીજે મનવંછિત ફલ લીજે રાયા૦ અજ૦૧૨૧।
દેવ વિશાલ નિત દિલમાં ધરીયે વ્રજધર વંદો અઘ હરી ઐરાયા૦અજ૦
ચંદ્રાનંદન ચરણે લય લાગ્યો ચંદ્ર બાહુ સેવી શિવ માગ્યો રાયા૦
અજ૦૫૦ ॥ ૩ ॥
ભુજંગદેવ ભજે ભવભય કાપે ધ્રુવ અક્ષય પદ આપે રાયા૦અજ૦૫૦
નમી પ્રભ નિરખો ગુણ ગણ પરખો વીરસેન વંદી હૈયડે હરખ્યો
રાયા૦ અજ૦ ॥ ૪ ॥
મહાભદ્ર હવે મોજ હું પાઉં અક્ષય ઢાલત એ ચાહું રાયા૦અજ૦૫૦
ચંદ્રયસા સેવક જાણીને તાર્યો અજીતવીરજ પાર ઉતારો રાયા૦
અજ૦ ॥ ૫ ॥
અરજ સુણીને મુજ મંદર આયા આતમ આનંદ સુખ પાયા
રાયા૦ અજ૦ ॥ ૬ ॥
રાત દિવસ ધ્યાને એ જિન ધાઓ એહજના ગુણ ગાઓ રાયા૦અજ૦૫૦
વીર વિશુદ્ધજિન એહજ તારે ભવોદધિ પાર ઉતારે રાયા૦ અજ૦૭૫ ॥

અથશ્રી અતીત ચઉવીસી જિન સ્તવન.

રાગ–પ્રભાતી

અતીત ચઉવીસે વંદીયે વંદિ આતમ શુભ ભાવે
અરિહંત નામના જાપથી મંગલમાલા પાવે ॥ અતીત૦ ॥ ૧ ॥
કેવલજ્ઞાની પહેલાં નમું નિરવાણી સાગર
મહાજશ વિમલ તે પંચમા શ્વર સર્વાનુભુતીશ્વર ॥અતીત૦૫૨॥
શ્રીધરદત્ત દામોદર નમો સુતેજ શ્રીસ્વામિ
મુનિસુત જિન બારમા સુમતિ શિવગતિ નામી ॥ અતીત૦ ॥ ૩ ॥
અસ્તાઘનમીશ્વર સોલમા અનિલય સોદ્ધર દેવ
કૃતાર્થ જિનેશ્વર શુદ્ધમતિ શિવકર કરો સેવ ॥ અતીત૦ ॥ ૪ ॥
સ્યંદન સંપ્રતિ ચઉવીસમા પ્રહ ઉઠી ગાઉં
ઋદ્ધિકીર્તિ પ્રભુ ધ્યાનથી અમૃતપદ પાઉં અતીત૦ ॥ ૫ ॥ ઇતિ૦

અથ શ્રી વર્ત્તમાન ચોવીસી જિન સ્તવન.

રાગ–પ્રભાતિ

ચિદાનંદ ચિતમાં ધરજો ચઉવીસી વર્ત્તમાન.
ઋષભ અજીત સંભવજિન નામે કોડિ કલ્યાણ ॥ ચિદાનંદ૦ ॥૧॥
અભિનંદન સુમતિભલા શ્રીપદ્મપ્રભ ખાસ
સુપાસ ચંદ્રપ્રભ સુવિધિ શીતલ શ્રેયાંસ ॥ ચિદાનંદ૦ ॥ ૨ ॥
વાસુપૂજય વિમલ અનંત ધરમ શાંતિનાથ
કુંથુ અર મલ્લી પ્રભુ મુનિસુવ્રત સુસાથ ॥ ચિદાનંદ૦ ॥ ૩ ॥
નમિ નેમિ પાસનાથજી ચઉવીસમાં વર્દ્ધમાન;
સપરિવારશું પ્રણમીયે ભવિ ઉગમતે ભાણ ॥ ચિદાનંદ૦ ॥ ૪ ॥
ચઉદસેં બાવન ગણધરા ઋદ્ધિકીર્ત્તિ દેનાર
અમૃતવાણી જિનતણી જિનગુણ ચિત્તમાં ધાર ॥ ચિદાનંદ૦ ૫

અથ શ્રી અનાગત ચઉવીસી જિન સ્તવન.

રાગ–પ્રભાતી

સુપ્રભાતે પ્રણમીયે અનાગત ચઉવીસી
આદરશું ગુણ ગાઇએ મનમાંહે હરીશી ॥ સુપ્રભા૦ ॥ ૧ ॥
પહેલા શ્રી પદ્મનાભજી બીજા સુરદેવ
સુપાર્શ્વક સ્વયંપ્રભ ચોથા સર્વાનુભુતિ સેવ ॥ સુપ્રભા૦ ॥ ૨ ॥
દેવશ્રુત ઉદય પેઢાલજી પોટીલ સત્કીર્ત્તિ સાર
સુવ્રત અમમાનિક સ્વામને નિષ્પુલાક મનધાર ॥ સુપ્રભા૦ ॥૩॥
નિર્મમ ચિત્રગુપ્તસંસોલમાં સમાધિ સંવર નાથ.
યશોધર વિજયમલજી શ્રીદેવશુભ સાથ ॥ સુપ્રભા૦ ॥ ૪ ॥
અનંતવીર્ય ત્રેવીસમા ભદ્રકૃત પ્રભુસાર
અમૃતસમ જિનનામથી ઋદ્ધિકીર્ત્તિ શ્રીકાર । સુપ્રભા૦ ॥૫॥૨૫॥

અથ શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

રાગ—બીજ વધ્યાચોરે સજની એ દેશી.

સિદ્ધાચલ વંદોરે વંદો ભવભવ કેરા પાપનિકંદો
સહુ તીર્થનોરે રાય સિદ્ધ અનંતાનો એ ઠામ ॥ સિદ્ધા૦ ॥ ૧ ॥
પૂર્વ નવાણું રે વાર સમોસર્યા આદિજનંદ સુખકાર.
રાયણરૂખેરે પગલા પુજી બાંધો પુન્યના ઢગલા ॥ સિદ્ધા૦ ॥ ૨ ॥
ચાર હત્યાકારી સિદ્ધ એ ગીરિવરે પામ્યા અનંતી ઋદ્ધ
શેત્રુંજા મહાત્મ્ય બોલે નહિ કોઈ સિદ્ધાચલને તોલે ॥ સિદ્ધા૦ ॥૩॥
ગોમુખ ચક્રેસરી દેવો અહનિશિ સારે જેહની સેવ
એ ગિરિવરનોરે ધ્યાવો જો હોવે શિવપુરમાં જાવો ॥ સિદ્ધ૦ ॥૪॥
અઠાર સત્યમીરે સાર ચૈત્રસુદ પુનમ સોમવાર
જાત્રા નવાણુંરે કીધ વંછિત કારજ સઘલાં સીધ ॥ સિદ્ધ૦ ॥ ૫ ॥
શ્રી ગુરૂ પુન્ય પ્રતાપ કરતા ગિરિવર કેરો જાપ
જે ગિરિના ગુણ ગાવે તે ભવિ જીત નિશાન બજાવે
॥ સિદ્ધા૦ ॥ ૬ ॥ ઈતિ૦ ॥

અથ શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

રાગ—લાલ ગુલાલ આંગીબનીરે એ દેશી.

શ્રી સિદ્ધાચલ ભેટીયેરે, આણી હર્ષ અપાર લાલ.
ત્રણ ભુવન માંહે જેવતાંરે, નાવેએહની હારલાલ ॥ શ્રી૦ ॥ ૧ ॥
વીર જિનેસર ઉપદિશેરે લાલ, સાંભલો વજીર ગોયમ વજીર લાલ.
અહાપાપી પણ એ ગિરિવરેરે, પામ્યા ભવજલતીર લાલ
॥ શ્રી૦ ॥ ૨ ॥
ફાગણ સુદ દીન આઠમેરે, પૂર્વ નવાણું વાર લાલ.
રાયણ રૂખે સમોસર્યારે, પ્રથમ જિનંદ સુખકાર લાલ ॥શ્રી૦॥૩॥
ગિરિવરમાં જેમ સુરગિરિરે, મંત્રમા શ્રી નવકારલાલ.
વાસવ સુરવરમાં વડારે, વ્રતમાં બ્રહ્મવ્રત સાર લાલ ॥ શ્રી૦ ॥૪॥
ગ્રહ ગણ માંહે ઈંદુવડારે, ધર્મમાં દયા ઉદાર લાલ.
તેમ સહુ તીરથમાં વડારે, સિદ્ધાચલ સુખકાર લાલ ॥શ્રી૦ ॥ ૫ ॥

સિદ્ધ થયા એ તીરથેરે, અનંત અનંતીકોડ લાલ.
વળી હોશે ઘણ ગીરિવરેરે, કર્મ બંધન સવિ તોડ લાલ. ॥શ્રી૦ ॥૬॥
એ ગિરિના ગુણ છે ઘણારે, કહેતાં નાવે પાર લાલ.
નિર્મલ તન મને સેવનારે, ઉતારે ભવપાર લાલ. ॥ શ્રી૦ ॥ ૭ ॥
સંવત્ અઢાર સત્યાશીનારે, ચૈતરવદ શુભ બીજે લાલ.
યુગચારે ગિરિરાજનારે, ગુણ ગાયા મન રીઝે લાલ ॥શ્રી૦ ॥ ૮ ॥
જે ભવિયણ ગિરિરાયનારે, ભક્તિ કરે શુચિ ભાવે લાલ.
શ્રી ગુરૂ પુણ્ય પ્રતાપથીરે, જ્ઞાનનિશાન વજ્યવે લાલ ॥ શ્રી૦ ॥ ૯ ॥

અથ શ્રી શત્રુંજયગિરિસ્તવન.

મનના મનોરથ સવિફલ્યાએ સિદ્ધ્યા વંછીત કાજ પુજો ગિરિરાજનેએ
પ્રાએ એ તીરથ શાશ્વતોએ ભવજલ તરવા જહાજ પુજો૦ ॥૧॥
મણિમાણેક મુગતાફલેએ રજત કનકના ફુલ પુજો૦
કેશર ચંદન ઘસી ઘણાએ બીજી વસ્તુ અમૂલ પુજો૦ ॥ ૨ ॥
છેઓગે દાખીયોએ આઠમે અંગે ભાખ પુજો૦
સારાવલીપઈન્ને વર્ણવ્યોએ એ આગમની શાખ પુજો૦ ॥૩॥
વિમલ કરે ભવિ લોકને એ તેણે વિમલાચલ જાણ પુજો૦
શુકરાજથી વિસ્તર્યો એ શત્રુંજય ગુણ ખાણ પુજો૦ ॥ ૪ ॥
પુંડરીક ગણધરથી થયો એ પુંડરીક ગિરિ સુખધામ પુજો૦
સુરનરકૃત એમ જાણીયેએ ઉત્તમ એકવીસ નામ પુજો૦ ॥ ૫ ॥
એ ગિરિવરના ગુણ ઘણાએ નાણીયે નવિ કહેવરાય પુજો૦
જાણે પણ નવિ કહી શકે એ મૂકગુમને ન્યાય પુજો૦ ॥ ૬ ॥
ગિરિવર ફરસન નવિ કર્યોએ તેહ રહ્યો ગર્ભાવાસ પુજો૦
નમન દરશન કરોએ પુરેમનની આશ પુજો૦ ॥ ૭ ॥
આજ મહોદય મેં લહ્યો એ પામ્યો પ્રમોદ રસાલ પુજો૦
મણિઉદ્યોતગિરિ સેવતાં એ ઘર ઘર મંગલમાલ પુજો૦ ॥ ૮ ॥ઇતિ૦॥

અથ શ્રી મુનિ મુક્તિવિમલ વિરચિત ચૈત્યવંદન માલા

અથ શ્રી સિદ્ધાચલનું ચૈત્યવંદન.

અનેક સિદ્ધા મુનયો ધરેસે, ક્ષયંચ કૃત્વા નિજ કર્મ સેનાં ।
નિવાર્ય સમ્યગ્ જનિ જીર્ણ મૃત્યુન્, જિનેશ્વરાણા મભિધાનિનંત્વા॥૧
આદેર્જિનસ્યાદિગણેશ્વરશ્ચ, સિતાંબુજાખ્યઃ શરકોટિભિશ્ચ ।
સિદ્ધાચલે ચૈત્રિક નામ્નિ માસે, ગતશ્ચ મોક્ષં વરપૂર્ણિમાયાં ॥૨॥
પૂર્વાર્હતઃકરણજ દ્રવિડસ્યપુત્રો, શ્રીદ્રાવિડ પ્રથમમન્ય ચ વારિખિલ્લો॥
દિકકોટિભિઃ પરિકરેણ ગતો શિવે તૌ, માસે સુકાર્તિકશુભેઽહનિ
પૂર્ણિમાયાં ॥ ૩ ॥
શિવંગતઃ શ્રીનમિરબ્રહ્મચારી, સહોદરસ્તસ્ય વિનમ્યભિખ્યઃ ।
કોટીદ્વયેન પ્રતિના ચ સાર્ધ તપસ્ય શુકલે ચ તિથૌદશમ્યાં ॥ ૪ ॥
લક્ષૈકયુકતેન મુમુક્ષુના ચ, સિદ્ધંગતઃ સૂર્યયશા ધરાપઃ ।
વૈશ્વાનર સ્તોમિત કોટિભિશ્ચ, સિદ્ધાચલે સોમયશામહીશઃ ॥ ૫ ॥
સેલંગકઃ પંચસતેન સાર્ધ, ત્રિકોટિભિર્ભુપજયાભિધાનઃ ।
સિદ્ધંગતો બાહુબલો મુનિંદ્રૈઃ સમં સહસ્રેણ ગર્જાધકેન ॥ ૬ ॥
મહેંદ્રરાટ્ પંચશતેન સાર્ધ, સુભદ્રકઃ સપ્તશતેન સાકં ।
સમં સહસ્રૈર્ભુવનાર્ચ્ચ યૈશ્ચ, મુમુક્ષુભિર્દ્રવિમિતારિસાધુઃ ॥ ૭ ॥
શ્રી શાંતિના જિનવરેણ યદાચ્યાતુ-ર્માસ્યંકૃતં શ્રમણકૈશ્ચ સમંસુખેન
વાચંયમાઃ ખલુતદા ગૃહિણશ્ચ સર્વે, મોક્ષંગતા સ્થિર હૃદો દશ સપ્ત
કોટયઃ ॥ ૮ ॥
શ્રીકંડુ સાધુઃ સમમેકકોટયા, શુભાનગારઃ સતસપ્તકેન ।
કોટયા સમં સાગર સંજ્ઞકશ્ચ, શિલોચ્ચયેશે પ્રગતાશ્ચ મુક્તિં ॥૯॥
કર્માણિ-છિત્વાજિત સેન સાધુઃ શિવંગતેઃ સંયમકોટિભિશ્ચ ।
સત્રાયુતેનાજિતનાથ સાધુઃ, સુવાસરે ચૈત્રિકપૂર્ણિમાયાં ॥ ૧૦ ॥
સાર્ધાષ્ટકોટી મિત સાધુવર્યૈઃ, શરીર ભુજાંબુવતી તનુજૈ ।
માસે વરે ફાલ્ગુનિ કેવલક્ષે, સ્મરે તિથૌ મોક્ષપદં ગતૌ ચ ॥ ૧૧ ॥
કદંબ સાધુઃ સમમેક કોટયા શ્રીકાલિકઃ પંચસહસ્ર સંખ્યૈઃ ।
મોરામચંદ્રઃ શરકોટી ભિશ્ચ, સિદ્ધાચલે મોક્ષપદં પ્રજગ્મુત. ॥૧૨ ॥

તે પાંડવાશ્ચ સહ વિંશતિકોટિ ભિશ્ચ, મોક્ષંગતા. સુમુનિભિશ્ચ જિતેંદ્રિયાશ્ચ ।
કર્મેંધનાનિ સકલાનિ ચ નાશયિત્વા, સિદ્ધાચલે વરમિષે ડહનિ પૂર્ણિ માયાં ॥ ૧૩
પૃથ્વી સહસ્રેણ પરિગ્રહેણ, સંન્યાસિકો વૈશુક સંજ્ઞકશ્ચ ।
શ્રી સારસાધુ.સમમેકકોટયા, મોક્ષંગતૌ શ્રેષ્ટ ધરાધરેશે ॥ ૧૪ ॥
ઇત્યાદયોમુનિવરાઃસુશિવેગતાશ્ચ, છિત્વા ચકિણવગહનં તપસાયુધેન ।
શુકેન યુક્ત હૃદયા ગત સર્વ વિઘ્નાઃ સિધ્ધિં ગતા વિમલયે જિત ખાશ્ચ નૈમિ. ॥ ૧૫ ॥

અથ શ્રી આદીશ્વર ચૈત્ય વંદનં

વસંતતિલકાવૃતં.

કર્મૈધવારણ વિદારણ હીરણારિં, ભવ્યારવિંદ ગણબોધન તિગ્મરશ્મિ
સંસારભીતિ કરસાગરયાનપાત્રં, વંદેહિ નાભિજભરં
વિમલાચલસ્થં. ॥ ૧ ॥
ક્રોધાનિલાશન વિનાશન વૈનતેયં, માલા ચલાધર વિભેદન વર્યશંમ
માયાલતા વ્રજ વિકર્તન મત્તનાગં, વંદેહિ નાભિજભરં
વિમલાચલસ્થં. ॥ ૨ ॥
લોભાશુશુક્ષણિન મીલન મેઘપુષ્પં, રાગોત્કટેંધન મયં ૯ વિભું કુહારં
દ્વેષાસિતોદકદ નાશન ચંડવાતં, વંદેહિ નાભિજભરં
વિમલાચલસ્થં. ॥ ૩ ॥
મોહાંધકાર પટલાત્યય ચિત્રભાનું,અજ્ઞાન વારણ મુસાવન સામયોનિ
ચારિત્ર નીર જનકાકર પંક જન્મં, વંદેહિ નાભિજ ભરં
વિમલાચલસ્થં. ॥ ૪ ॥
કારૂણ્યતા પ્રતતિમંડલ સારણીંચ, સત્યોત્તમામરવનાશ્રિય પારિજાતં.
અષ્ટાદશા શ્રવમતંગજ પંચવક્ત્રં, વંદેહિ નાભિજભરં
વિમલાચલસ્થં. ॥ ૫ ॥

અથ શ્રી અજિતનાથનુ ચૈત્યવંદનં.

વસંતતિલકાવૃત્તં.

ઐક્ષ્વાકુવંશ વિશદામર માર્ગસૂરં, વ્યુદ્દોદય પ્રવર વર્ત્મનિ સાર્થવાહ.
ત્રૈલોક્ય વર્ય સરસીરૂહ વસ્ય રત્નં, કર્ત્તે જિતાહિત સુતાજિત
નાથ સંજ્ઞં. ॥ ૧ ॥
સામાન્ય માનવ સુધારૂહમત્ત પીલુ, લાભાશુગાશન વિકલ્પન
ભુરિકાયં ।
વંશાભિમાન મૃગનાથ રાજકમંચ, કર્ત્તે જિતાહિત સુતાજિત
નાથ સંજ્ઞં. ॥ ૨ ॥
ઐશ્વર્યમાન ગહનં વરગંધવાહું, શૌર્યાભિમાન ચિકિલાત્યય
સુર્યતાપં ।
રૂપ સ્મયાબ્ધિ દયિતાપતિ વાડવાગ્નિં, કર્ત્તે જિનાહિત સુતાજિત
નાથ સંજ્ઞં ॥ ૩ ॥
જ્ઞનંતપો મદમહા વસતીન ભોગં, શાસ્ત્રોક્તદ સ્મય ગદાત્યય
જાયુકારં ।
નાશીકૃતાખિલ ભવાબ્ધિ નિદાનમાનં, કર્ત્તે જિનાહિત સુતાજિત
નાથ સંજ્ઞં ॥ ૪ ॥
ધર્મોત્તમ વ્રતતિ પેટક નુતનાબ્દં, ગાત્ર પ્રમાણ ધનુસાર્ધ ચતુઃશતોચ્ચ
શ્રીવસ્ત લાંછિત ભુજાન્તરમત્રરેજે, કર્ત્તે જિનાહિત સુતાજિત
નાથ સંજ્ઞં ॥ ૫ ॥

અથ શ્રી સંભવનાથનુ ચૈત્યવંદનં ॥

ઉપજાતિવૃત્ત બદ્ધકાવ્યં ॥

પાપ વ્રજારણ્ય દવાશ્રયાસ, જિતારિ પૃથ્વીપતિ વંશકેતુ ।
પ્રસેવ્યમાનં પ્રવરૈ: સુરૈસ્તં, નમામ્યહં સંભવ વિશ્વનાથં ॥ ૧ ॥
કુબુદ્ધિ માતંગ પુરાગ સિંહુ, વાધ્યંધકારોત્તમ તીક્ષ્ણ પૃષ્ણિં ।
અસાહિતૈરર્હિત પાદપદ્મં, નમામ્યહં સંભવ વિશ્વનાથં ॥ ૨ ॥
સંવેષ્ટિ દેવેષુ મહાપ્રવેકં, ત્રૈલોક્ય સત્વૈ: પરિવંદનીય ।
પ્રણાસિતાશેષ કુવાદિદર્પ, નમામ્યહં સંભવ વિશ્વનાથં ॥ ૩ ॥

સેનાપ્રસૂ કુક્ષિસરોજ હંસ, દુર્વાર મિથ્યાત્વ ભટપ્રભંસિ ।
ચરિત્રવાર ગ્રહણે વરોક્ષં, નમામ્યહં સંભવ વિશ્વનાથં ॥ ૪ ॥
બાલેાજ્વલગેા તુલ્યશરિર કાંતિ, અજ્ઞાન મેાચા ગણુચંદ્ર હાસ ।
જ્ઞાનાર્ણવેાલ્લાસન શુભ્રભાનું, નમામ્યહં સંભવવિશ્વનાથં ॥ ૫ ॥

અથ અભિનંદનનિજ ચૈત્ય વંદનં

ઉપજાતિવૃત્તબદ્ધકાવ્યં

મેાહક્ષયા ન્નિર્મલ બેરવંતં, સુરાસુરૈ રર્ચિતપાદયેાજં ।
નિકેતવં નિર્ભર શૂકવંતં, નમામિ નિત્યં જિનશાંત્તરેયં ॥ ૧ ॥
શક્રૈશ્ચદેવૈશ્ચ સુવર્ણહ્રૈ, મહાકૃતં વૈજનનાભિધકં ।
સન્નિર્જિતાનંગવિકારસર્વં, નમામિ નિત્યં જિનશાંવરેયં ॥ ૨ ॥
રસત્રિયામાંપતિ સેામમાનેઃ, ગણેસ્વરૈઃ સંતતમર્ચિતં ચ ।
સમગ્ર કૃષ્ણેનમંત્ર જિષ્ણું, નમામિ નિત્યજિનશાંવરેયં ॥ ૩ ॥
અષ્ટા કુકર્માણિ નિવાર્યસમ્યક્, આસાદિતં મેાક્ષવિશુદ્ધસૌખં ।
ગુણાધિપં વર્ધયિતું સુકુલ્યા, નમામિનિત્યં જિનશાંવરેયં ॥ ૪ ॥
શાખામૃગેનાંકિત પાદપદ્મં, ભવ્યાવસંદેાહ સમિરહેતિ ।
પ્રણાશન શ્રેષ્ઠ વિભાત કાલં, નમામિ નિત્યં જિનશાંવરેયં ॥ ૫ ॥

અથ સુમતિનાથનું ચૈત્યવંદનં.

દ્રુતવિલમ્બિતવૃત્તકાવ્યં.

દુરિત નાગ વિદારણ કેશરી, તપિતરૂ કાંચિવામલ ભીંશુક ।
સુમતિનાથ પયેાધર નંદનઃ જયતુ પંચમતીર્થંકરઃ સદા ॥ ૧ ॥
પ્રચુર દુખિત નારક દેહિનાં, સ્વભવિકાવસરેર્પિત સંમદં ।
થરિપુમુલ વિકર્તન તત્પરઃ જયતુ પંચમ તીર્થંકરઃ સદા ॥ ૨ ॥
દશશતાધિક નાગમિતૈર્વરૈ, વૃજિન કક્ષગજૈઃ શુભલક્ષણૈઃ ।
પ્રવર લક્ષિત પાદ જયાભલેા, જયતુ પંચમ તિર્થંકરઃ સદા ॥ ૩ ॥
દશશતેન શમં વરમાનવૈ, ર્મહિતકં કકકવ્રત મુત્તમં ।
કકકકેાજખ ઠકજાભ્રગ, જયતુ પંચમ તિર્થંકરઃ સદા ॥ ૪ ॥

કુખગમચ્છ વરેણ્ય નભોદ્રુજઃ, અકુટવાત સુખાર્ણવ મનમઃ ।
ભજભભણોડુ પથૌ ભગવીધૃવઃ, જયતુ પંચમ તીર્થકરઃ સદા ॥ ૫

અથ શ્રી એકમ તિથીનું ચૈત્યવંદન.

કુંથુનાથ જિન શિવવર્યા, સત્તરમાં જિન જેહ ।
વૈશાખ વદિ એકમ દિને, જીતિ કર્મ રિપુ તેહ ॥ ૧ ॥
તિમ ગણના દશખેત્રમાં, દશ કલ્યાણક હોવે ।
ત્રિણ કાલ સાથે ગુણે, ત્રીસ કલ્યાણક જોવે. ॥ ૨ ॥
પરવ તિથી જિનની કુખે, આવે જ્યાં અરિહંત ।
પરમેષ્ટિ નમઃ એ ગુણે, ચવન કલ્યાણક હુંત. ॥ ૩ ॥
માત કુખથી જનમતાં, અર્હંતે નમઃ હોવે ।
જન્મકલ્યાણક તે હુવે, શ્રી જિનવર મુખ જોવે. ॥ ૪ ॥
દીક્ષા ગ્રહણ કરે યદા, નાથાય નમઃ કહિયે ।
દીક્ષા કલ્યાણક પૂજિને, શિવસુખ ફલ લહીયે. ॥ ૫ ॥
કેવલજ્ઞાન પ્રગટ થયે, લોકા લોક પ્રકાશ ।
જ્ઞાનકલ્યાણક નિતુ ગુણો, સર્વજ્ઞાય નમઃ તેહ. ॥ ૬ ॥
સકલ કર્મનો ક્ષય કરી, મોક્ષ ગયા જિનદેવ ।
પારગતાયનમઃ ગુણો, આનંદ પામો સદૈવ. ॥ ૭ ॥
જાપ કરો નિત તેહનું, દોય હજાર પ્રમાણ ।
કલ્યાણક આરાધતાં, લહે કલ્યાણની ખાંણ. ॥ ૮ ॥
એકમતિથી આરાધતાં, એ દાન દયા ભંડાર ।
સૌભાગ્ય પદથી તે લહે. મુકિત વિમલ પદ સાર. ॥ ૯ ॥

અથ બીજ તિથીનું ચૈત્યવંદન.

બીજ તિથી મુજમન વસી, આરાધો ભવિ તેહ ।
દુવિધ ધર્મ આરાધિને, જિન કલ્યાણક ગેહ. ॥ ૧ ॥
મહાસુદ બીજ તણે દિને, અજિતનંદન જિત જન્મ ।
વામપુત્ર્યા તેહિજ દિને, પામ્યા કેવલ સદ્મ. ॥ ૨ ॥

ફાગુણ સુદ બીજે વલી, શ્રીઅરનાથ તે ચવિયા ।
વૈશાખ વદ બીજે દિને, શીતલ જિન શિવ ગવિયા. ॥ ૩ ॥
શ્રાવણ સુદ બીજી તિથીયે, ચવિયા સુમતિ જિણંદ ।
કલ્યાણક જિનવર તણા, ગણિયા પૂર્વ મુણિંદ ॥ ૪ ॥
રાગદ્વેષને દૂર કરો, જેથી કારજ સિદ્ધ ।
સૌભાગ્ય પદથી મુનિવરા, મુક્તિવિમલ પદ સિદ્ધ. ॥ ૫ ॥

અથ ત્રીજ તીથીનું ચૈત્યવંદન.

કાર્તિક સુદિ ત્રીજે થયા, કેવલી સુવિધિ નાથ ।
માહા સુદ ત્રીજે જિનવરા, જનમ્યા વિમલનાથ. ॥ ૧ ॥
ધર્મનાથ પણ તે દિને, જનમ લિયેા નગહેત ।
સર્વ જંજાલ પરિહરિ, ભવી પ્રણમેા શુભ ચિત્ત. ॥ ૨ ॥
ચૈતર સુદ ત્રીજે ભલા, પામ્યા કેવલ નાણ ।
કુન્થુનાથ જિન સંપન્યા, સત્તરમા જિનભાણ. ॥ ૩ ॥
શ્રાવણ વદ ત્રીજે વર્યા, શિવ કમલા ગુણ ગેહ ।
શ્રેયાંસ જિન અગ્યારમા, કરી કરમનેા છેહ. ॥ ૪ ॥
ત્રણ તત્વ આરાધતાંએ, થાયે ભવિ મન ધાર ।
દાન દયા સૌભાગ્યથી, મુક્તિ વિમલપદ સાર ॥ ૫ ॥

અથ ચતુર્થીતિથીનું ચૈત્યવંદન.

વિમલજિણેસર તે દિને, લિયે સંજમભાર ।
મહાસુદ ચેાથને સેવીયે, ચઉથ તિથિ મનેાહાર ॥ ૧ ॥
ફાગુણ સુદ ચઉથે વલી, ચવિયા મલ્લિ જિણંદ.
ચૈતરવદી ચઉથે થયુ, ચ્યવન તે પાર્શ્વજિણંદ. ॥ ૨ ॥
તેહજ તિથીએ પામીયા, કેવલજ્ઞાન ઉદાર ।
પાર્શ્વજિનેશ તેત્રીશમાં, વામાનંદન સાર. ॥ ૩ ॥
વૈશાખ સુદ ચઉથે ચવ્યા, અભિનંદન સ્વામી ।
અષાઢ વદી ચઉથે ચવ્યા, આદિશ્વર ગુણ ધામી. ॥ ૪ ॥

ચાર કષાય નિવારીયે જે આરાધે ભવિ તેહ ।
દાન દયા સૌભાગ્યથી; મુક્તિવિમલ પદ લેહ. ॥ ૫ ॥

અથશ્રી પંચમી તિથીનું ચૈત્યવંદનં.

પંચમી તિથી આરાધવા, ઉદ્યમ કરો મનસુદ્ધ ।
પંચમી ગતિ જે પામિયે, કરાયે આતમ બુદ્ધ. ॥ ૧ ॥
કાર્તિક વદી પંચમી દિને, સંભવ જિનને ખાસ ।
કેવલજ્ઞાન પ્રગટ થયું, લોકાલોક પ્રકાશ. ॥ ૨ ॥
માગસર વદિ પંચમિ દિને, જનમ્યા સુવિધિ જિણંદ ।
ચૈત્ર વદ પંચમી ચવ્યા, ચંદ્રપ્રભ મુનિચંદ. ॥ ૩ ॥
ચઉતર સુદ પંચમી દિને, પહોચ્યા મહોદય ઠાણ ।
અણંત જિણેસર ચૌદમા, અનંત ગુણમણિખાણ. ॥ ૪ ॥
ચઉતર સુદિ પંચમી વલી, અજિતનાથ શિવવાસ ।
ત્રીજા સંભવ જિનવર, ચઢિયા મોક્ષ આવાસ. ॥ ૫ ॥
વઇશાખ વદિ પંચમીદીને, કુંથુનાથ જગનાથ ।
દીક્ષા લિયે એક સહસસું, ભવિજન કરણ સનાથ. ॥ ૬ ॥
જેઠ સુદ પંચમી પામિયા, ધર્મનાથ શિવધામ ।
શ્રાવણ સુદ પંચમી દિને, જન્મ્યા નેમિ સ્વામ. ॥ ૭ ॥
પંચમ જ્ઞાનને પામવા એ, પંચમી તિથી આરાધો ।
દાનદયા સઉભાગ્યથી, મુક્તિવિમલ સુખ સાધો. ॥ ૮ ॥

અથશ્રી છઠતિથિનું ચૈત્યવંદન.

માગસર વદિ છઠને દિને, સુવધિ જિણંદને દીખ્ખ ।
પઉષ સુદિ છઠે વલી, વિમલને કેવલ કીખ્ખ. ॥ ૧ ॥
ચવિયા મહાવદિ છઠદિને, પદ્મપ્રભ જિન છટ્ઠા ।
સાતમા જિનવર કેવલી, ફાગુણ વદિ શુભ છટ્ઠા. ॥ ૨ ॥
વઇશાખ વદિ છઠે ચવ્યા, દશમા શીતલનાથ ।
શીતલના આપે સદા, કેવલ લક્ષ્મી સનાથ. ॥ ૩ ॥
શ્રી [illegible] અગ્યારમા, ચવિયા જેઠવદિ છઠ ।

ચવિયા વીર જિણેસરૂ, આષાઢ સુદની છઠ. ॥ ૪ ॥
શ્રાવણસુદ છઠે લિયે, દિક્ષા નેમિજિણંદ ।
દાન દયા સઉભાગ્યથી, મુકિતવિમલ સુખકંદ. ॥ ૫ ॥

અથશ્રી સાતમ તિથીનું ચૈત્યવંદન.

ફાગુણ સુદની સાતમે, સાતમા જિન શિવઠાણ ।
ફાગણ વદની સાતમે, આઠમા જિન જે જાણ. ॥ ૧ ॥
વઇશાખ સુદ સાતમ દિને, પંદરમા જિન દેવ.
ધર્મનાથ ગુણ સાગરૂ ચવિયા છે તતખેવ. ॥ ૨ ॥
અષાઢ વદ સાતમ દિને, વિમલનાથ નિરવાણ ।
શ્રાવણ વદ સાતમે થયું, અનંતનું ચવન કલ્યાણ ॥ ૩ ॥
ભાદરવા વદ સાતમે થયુ, સોલમા શાંતિ જિનેશ ।
ચવિયા સવ્વઠવિમાનથી, ભવિજન કમલ દિનેશ ॥ ૪ ॥
ભાદરવા વદ સાતમે, શ્રીચંદ્રપ્રભ સ્વામી ।
અષ્ટ કરમનો ક્ષય કરી, શીઘ્ર થયા શિવ ધામી, ॥ ૫ ॥
સાતે ભયને ટાલવાયે, સાતમ તિથિ આરાધો ।
દાન દયા સઉભાગ્યયું, મુકિતવિમલ પદ સાધો. ॥ ૬ ॥

અથશ્રી આઠમતિથીનું ચૈત્યવંદન.

સિદ્ધિ આઠને સાધવા, આઠમ તિથીને સેવો ।
માહાસુદ આઠમે જનમિયા, અજિતનાથ જિનદેવો. ॥ ૧ ॥
ફાગણ સુદ આઠમ દિને, ચવિયા સંભવનાથ ।
ચૈતર વદિ આઠમ તિથે, જનમ્યા આદિનાથ. ॥ ૨ ॥
દિક્ષા પણ તેહિજ દિને, આદિ જિણંદ લીધો ।
વઇશાખ સુદ આઠમ દિને, અભિનંદન જિન સિદ્ધિ. ॥ ૩ ॥
માઘ સુદ આઠમ દિને, જનમ્યા સુમતિ જિણંદ ।
જેઠ સુદ આઠમ જનમિયા, મુનિસુવ્રત જિનચંદ. ॥ ૪ ॥
અષાઢ વદની આઠમે, નેમિનાથ નિરવાણ ।

જનમ્યા શ્રાવણ વદ આઠમે, નેમિનાથ જગભાણ. ॥ ૫ ॥
શ્રાવણ સુદ આઠમે ગયા. સિદ્ધ પાર્શ્વજિણંદ ।
ભાદરવા વદિ આઠમે, ચવિયા સુપાર્શ્વ મુણિંદ. ॥ ૬ ॥
અષ્ટમી ગતિને પામવાયે, આઠમ તિથિ મનધાર ।
દાન દયા સઉભાગ્યથી, મુકિત વિમલ પદસાર. ॥ ૭ ॥

અથશ્રી નવમી તિથિનું ચૈત્યવંદન.

પોસ સુદિ નવમે થયું, શાંતિનાથને જ્ઞાન ।
માહાસુદ નવમી અજિતજી, દીક્ષા લીધી સુવાન. ॥ ૧ ॥
ફાગુણ વદ નવમી ચવ્યા, નવમા સુવિધિ જિણંદ ।
ચઇતર સુદ નવમી ગયા, મોક્ષે સુમતિ જિણંદ. ॥ ૨ ॥
વઇશાખ સુદ નવમી લિયે, સંયમ સુમતિ જિનેશ ।
જેઠવદિ નવમી ગયા, શિવમાં સુવ્રત જિનેશ. ॥ ૩ ॥
જેઠ સુદિ નવમી ચવ્યા, વાસુપૂજ્ય જગનાથ ।
અષાઢ વદિ નવમી લિયે, દીક્ષા શ્રી નમિનાથ ॥ ૪ ॥
શ્રાવણ વદ નવમી દિને, ચવિયા કુંથુ જિનેશ ।
ભાદરવા સુદ નવમીયે, મોક્ષે સુવિધિ જિનેશ. ॥ ૫ ॥
નીયાણા નવ પરિહરિ, નવમી તિથિ આરાધે ।
સૌહગ ભાવ પામી કરી, મુકિતવિમલ સુખ સાધે ॥ ૬ ॥

અથ દશમી તિથિનું ચૈત્યવંદન,

દશમી તિથી ભવિ સેવિયે, કલ્યાણકનું કામ ।
માગશર વદ દશમી દિને, દીક્ષા મહાવીર સ્વામ. ॥ ૧ ॥
માગસિર સુદિ દશમી શુભે, જનમ્યા શ્રીઅરનાથ ।
દશમે માગસિર સુદ તણો, મોક્ષે ગયા અરનાથ. ॥ ૨ ॥
પોષ વદી દશમી દિને, જનમ્યા પાર્શ્વ જિણંદ
અશ્વસેન કુલ ચંદલો, ત્રેવીશમા મુણિચંદ. ॥ ૩ ॥
વૈશાખ વદ દશમે થયું, નમિનાથ નિરવાણ ।
વઇશાખ સુદની દશમીયે, વીરને કેવલનાણ. ॥ ૪ ॥

દશમી તિથી આરાધતાએ, શીઘ્રલહે ભવિજેહ ।
દાન દયા સઉભાગ્યથી, મુક્તિ વિમલ સુખ તેહ. ॥ ૫ ॥

અથશ્રી અગ્યારમ તિથિનું ચૈત્યવંદન.

માગસર સુદ એકાદશી, આરાધો મન શુદ્ધ ।
કલ્યાણકને દિન થયા, ત્રણસે પરિમિ યુદ્ધ. ॥ ૧ ॥
અર જિનવર દિક્ષા લિયે, મલ્લિ જિણેસર જન્મ ।
સંયમમલ્લિ જિણંદનું, મલ્લિ કેવલ સમ ॥ ૨ ॥
નમિનાથ જિન કેવલી, એહ દિન સવિતે હોવે ।
કલ્યાણક દશ ખેત્રના, પંચાસ સંખ્યાજોવે ॥ ૩ ॥
ત્રિણ કાલ સાથે ગુણે, દોઢસો કલ્યાણક થાય ।
બીજી પાંચ અગ્યારસે દોઢસો થાય કહાય ॥ ૪ ॥
માગસિર વદી એકાદશી, છઠ્ઠા જિનશિવ ધામ ।
પોષવદી અગ્યારસે, પાર્શ્વનાથ વ્રતકામ ॥ ૫ ॥
પોસ સુદિ એકાદશી, અજિતનાથને નાણ ।
ફાગણ વદ અગ્યારસે, ઋષભદેવને નાણ ॥ ૬ ॥
ચઉતર સુદ એકાદશી, કેવલી સુમતિ જિણંદ ।
એ પાંચે દશે ખેત્રના, શુભ પંચાર મુણિંદ ॥ ૭ ॥
દોઢસો તે ત્રણ કાલથી, એહુથી ત્રણસે થાય ।
કલ્યાણક જિનવર તણા, સેવંતાં સુખ થાય ॥ ૮ ॥
અગ્યારસ આરાધવા એ, ઉદ્યમ કરો શુભચિત્ત ।
દાન દયા સૌભાગ્યથી, મુક્તિ વિમલ સુખ નિત્ય ॥ ૯ ॥

અથ બારસતિથીનું ચૈત્યવંદન.

કાર્તિક વદિ બારસ દિને, ચવિયા નેમિ જિણંદ ।
જનમ્યા છઠ્ઠા જિણંદજી, તેહિજ દિન સુખ કંદ ॥ ૧ ॥
કાર્તિક સુદ બારમ તિથે, અરજિનને કેવલનાણ ।
જનમ્યા પોષ વદિ બારસે, આઠમા જિન જગભાણ ॥ ૨ ॥

મહાવદ બારસ જનમિયા, દશમા શીતલનાથ ।
દીક્ષા પણ તેહિજ દિને, લીધી શ્રી જિનનાથ ॥ ૩ ॥
મહા સુદ બારસ વ્રત લિયે, અભિનંદન સ્વામી ।
ફાગણ વદ બારસદિને, કેવલી સુવ્રત સ્વામી. ॥ ૪ ॥
જનમ ફાગણ વદ બારસે, શ્રી શ્રેયાંસ જિનેશ ।
ફાગણ સુદ બારસ શુભે, વ્રત લે સુવ્રત મુનીશ ॥ ૫ ॥
ફાગણ સુદની બારસે, મલ્લિનાથ શિવગામી ।
ચવ્યા વૈશાખ સુદ બારસે, વિમલનાથ ગુણ ધામી ॥ ૬ ॥
જેઠ સુદ બારસ જનમિયા, સુપાર્શ્વજિનરાય ।
કલ્યાણક બારસદિને, ત્રણસેં નેવું થાય ॥ ૭ ॥
એમ બારસ તિથી સેવતાંયે, સકલકામ મન સિદ્ધ ।
દાન દયા સૌભાગ્યશું, મુકિત વિમલ પદ લીધ ॥ ૮ ॥

અથશ્રી તેરસતિથીનું ચૈત્યવંદન.

કારતક વદી તેરસ દિને, દીક્ષા છટ્ઠા જિણંદ ।
પોષ વદીની તેરસે, વ્રત લે અઠમ મુણિંદ ॥ ૧ ॥
મહાવદ તેરસ વાસરે, આદીશ્વર નિરવાણ ।
મહાસુદ તેરસ વ્રત લિયે, ધર્મનાથ ભગવાન ॥ ૨ ॥
ફાગણ વદની તેરસે, ચારિત્ર શ્રેયાંસ ।
ચૈતર સુદ તેરસ દિને, જનમ્યા વીર જિનેશ ॥ ૩ ॥
વૈશાખ વદની તેરસે, જનમ્યા અનંતનાથ ।
વૈશાખ સુદ તેરસ તણે, ચવિયા અજિતનાથ ॥ ૪ ॥
જેઠ વદ તેરસ વાસરે, શાંતિનાથનો જન્મ ।
ઉત્તમ જેઠ વદ તેરસે, શાંતિનાથ શિવસદ્મ ॥ ૫ ॥
જેઠ સુદ તેરસ વ્રત લિયે, સાતમા જિનજી સુપાસ ।
ત્રણસેંત્રીસ કલ્યાણકો, તેરસ દિન હોય તાસ ॥ ૬ ॥
તેરસ તિથી આરાધવાએ, થાયે મન ઉલ્લાસ ।
દાન દયા સૌભાગ્યથી, મુકિત વિમલ સુખ વાસ ॥ ૭ ॥

અથશ્રી ચૌદશતિથીનું ચૈત્યવંદન.

માગશર સુદ ચૌદસતિથે, સંભવ જિનનો જન્મ ।
પૌષ વદી ચૌદસ દિને, શીતલ કેવલ સદ્મ ॥ ૧ ॥
પૌષ સુદી ચઉદસ વલી, અભિનંદનને નાણ ।
જનમ ફાગણ વદ ચઉદશે, વાસુપૂજ્ય પ્રમાણ ॥ ૨ ॥
વઇશાખ વદ ચઉદસ લિયે, દીક્ષા અનંતનાથ ।
કેવલી પણ તેહીજ દિને, ચઉદમા જિન જગનાથ ॥ ૩ ॥
વઇશાખ વદ ચઉદસ દિને, જનમ્યા કુંથુ જિનેશ ।
જેઠ વદ ચઉદસ વ્રત લિયે, સોલમા શાંતિ જિનેશ ॥ ૪ ॥
અષાઢ સુદની ચઉદસે, વાસુપૂજ્ય શિવ પામ્યા ।
કલ્યાણક ચઉદસ દિને, બસો સિતેર કામ્યા ॥ ૫ ॥
એમ ચઉદસ આરાધતાં એ, ચઉદસ પૂર્વ ભણે જેહ ।
દાન દયા સૌભાગ્યથી, મુકિત વિમલ લહે તેહ ॥ ૬ ॥

અથશ્રી પુર્ણિમાતિથીનું ચૈત્યવંદન.

પૂર્ણીમાતિથી સેવિયે, ચંદ્રકલા જયવંત ॥ ૧ ॥
પૌષ સુદિ પૂનમ દિને, ધર્મનાથને નાણ ।
ચઇતરશુદની પુનમે, છઠ્ઠા જિનને નાણ ॥ ૨ ॥
શ્રાવણ સુદ પુનમ દિને, ચવિયા સુવ્રત જિણંદ ।
આસો સુદ પૂનમ ચવ્યા, શ્રીનેમિનાથ મુણિંદ ॥ ૩ ॥
આણંદ દાયક જિહાં થયા, દે દસો કલ્યાક એમ ।
કલ્યાણક તિથિ સેવતાં, સર્વથી પામે એમ ॥ ૪ ॥
પુનમ તિથિને પુજતાં એ, આરાધક જનવૃંદ ।
દાનદયા સૌભાગ્યથી, મુકિત વિમલ સુખ કંદ ॥ ૫ ॥

અથશ્રી અમાવાસ્યાતિથીનું ચૈત્યવંદન.

અમાવાસ્યા તિથિ સેવિયે, જિહાં દીવાલી પ્રગટી ।
તેહના આરાધન થકી, વિઘનની કોટી ઘટી ॥ ૧ ॥
અમાવાસ્યા દિવસે વલી, કાર્તિક વદની જેહ ।
શ્રીમહાવીર જિણંદજી, પોહચ્યા નહ શિવ ગેહ ॥ ૨ ॥
અમાવાસ્યા મહાવદ તણી, કેવલો શ્રેયાંસ ।
અમાવાસ્યા ફાગણ લદી, વ્રત સુપૂજ્ય જિનેશ ॥ ૩ ॥
આસો માસ તણી વલી, અમાવાસ્યા દિન જાણ ।
નેમિનાથ બાવીસમા, પ્રગટયું કેવલ નાણ ॥ ૪ ॥
એમ તિથિ આરાધતાં એ, દીવાલી દિન સાર ।
દાન દયા સૌભાગ્યથી, મુકિતવિમલ શ્રીકાર ॥ ૫ ॥

॥ ઈતિ પંદર તિથીનાં ચઈત્યવંદન સંપુણ ॥

અથશ્રી સીમંધરજિન ચૈત્યવંદન.

પુખ્ખલવઈ વિજયે જયો, શ્રીસીમંધર સ્વામી ।
પુંડરીકિણી નયરીયતિ, કનકવર્ણ ગુણ ધામી ॥ ૧ ॥
શ્રીશ્રેયાંસ પીતાકુલે, સત્યકી રાણી માત ।
રૂકમણિ દેવી ભારજા, બલદ લાંછન સોહાત ॥ ૨ ॥
ચોરાસી લખ પૂરવનું એ, આયુષ પાલી સાર ।
સૌભાગ્ય પદને પામિયા; મુકિત વિમલ પદ સાર ॥ ૩ ॥

અથશ્રી યુગમંધરસ્વામી ચૈત્યવંદન.

વિજયો વપ્રનામા ભલી, વિજયા નગરી ઠામ ।
યુગમંધર જિનનાથજી, કંચન વરણ સુકામ ॥ ૧ ॥
સુદૃઢ નામ પિતા તસ, માત સુતારા સાર ।
કયિતા જાસ પ્રિયંગુલા, ગજ લાંછન ગુણ ધાર ॥ ૨ ॥
લખ ચોરાશી પુરવનું એ, પાલી આયુ વિશાલ ।
સૌભાગ્ય સુખને સાધીને. મુકિત વિમલ પદ ચાલ ॥ ૩ ॥

અથશ્રી બાહુસ્વામીજિનનું ચૈત્યવંદન. ૩

વત્સવિજય તે અતિ ભલી, સુસીમા નયરી ઠાંણ ।
શ્રીસુબાહુ જિનેશ્વર, કંચન વરણ પ્રમાણ ॥ ૧ ॥
સુગ્રીવરાય પિતા શુભે, જનની વિનયા નામ ।
મોહની વનિતા જાસ છે, લાંછન હરિણ સુનામ ॥ ૨ ॥
પૂરવ લખ ચોરાસીનું, આયુ પાલી ઉદાર ।
સૌભાગ્યે સુખ પામશે, મુક્તિવિમલ પદ સાર ॥ ૩ ॥

અથશ્રી બાહુજિનનું ચૈત્યવંદન. ૪

નલિનાવતી વિજયે થયા, અયોધ્યા નગરિશ ।
શ્રીબાહુજિનેશ્વર, કંચન તનુ સુજગીશ ॥ ૧ ॥
નિસઢ રાજા નિજ પિતા, માત સુનંદા જાત ।
કિંપુરૂષા દયિતા ભલી, મર્કટલા સુખ શાત ॥ ૨ ॥
આયુષ પાલી પુરવનુ એ, લખચોરાસી સાર ।
દાન દયા સૌભાગ્યને, મુક્તિવિમલપદ સાર ॥ ૩ ॥

અથશ્રી સુજાતસ્વામીનું ચૈત્યવંદન. ૫

પુષ્કલવઈ વિજયાપતિ, પુંડરિકિણી પુરીશ ।
શ્રીસુજાત જિનેશને, કનતા દેવ સેનાખ્ય ॥
જયસેના ગૃહિણીવરા, રવિ લાંછન વલી ભાખ ॥ ૨ ॥
લખચોરાશી પુરવનું એ, આયુષ પાલી શ્રીકાર ।
સૌભાગ્ય ધારી પામશે, મુક્તિવિમલપદ સાર ॥ ૩ ॥

અથશ્રી સ્વયંપ્રભસ્વામીનું ચૈત્યવંદન ૬

શ્રીવપ્રવિજયે થયા, વિજયાસુપુરી નાથ ।
સ્વયંપ્રભ જિનવર નમું, કનક વરણ ગજનાથ ॥ ૧ ॥
પિતા મિત્રસેનભુપતિ, સુમંગલા જસ માત ।
વીરસેના જસ કામિની, ચંદ્રલાંછન અવદાત ॥ ૨ ॥

આયુ લખ ચોરાસીનું એ, પુરવનું પાલી રસાલ ।
સૌભાગ્ય પદને પોહોચશે, મુક્તિવિમલપદ સાર ॥ ૩ ॥

અથશ્રી ઋષભાનનસ્વામીનુ. ચૈત્યવંદન ૭

વત્સ નામ વિજયા ભલી, સુસીમા નગરીરાય ।
ઋષભાનન સ્વામીવરા. કનક વરણ જસ કાય ॥ ૧ ॥
કીર્તિરાજ નૃપ કુલ તિલો, વીરસેના વલી માત ।
જયવતી દયિતાપતિ જિન, લાંછન સિંહ સુજાત ॥ ૨ ॥
લખ ચોરાસી પુરવનું એ, આયુષ પાલી વિશાલ ।
સોહગ ભાવને પામીને, મુક્તિવિમલ પદ ધાર ॥ ૩ ॥

અથશ્રી અનંતવીર્યસ્વામીનું ચૈત્યવંદન ૮

નલિનાપતિ વિજયે થયા, અયોધ્યાપુરિ ભુપ ।
અનંતવિર્યસ્વામી જયો, કંચન વરણ સુરૂપ ॥ ૧ ॥
મંગલાવતી જસ માવડી, મેઘવરલી તાત ।
વિજયાવતિ શુભ ભારજા, ગજ લાંછન સુખસાત ॥ ૨ ॥
ચઉરાસી લખ પુરવનું એ, પાલી આયુષ સાર ।
સૌભાગ્ય પદને પામશે, મુક્તિવિમલ જયકાર ॥ ૩ ॥

અથશ્રી સુરપ્રભુસ્વામીનું ચૈત્યવંદન ૯

પુષ્કલવપ્રવિજયા ધણી, પુંડરીકિણી સ્વામી ।
શ્રીસુરપ્રભ સ્વામી ભયા, કનક વરણ ગુણ ધામી ॥ ૧ ॥
વિજયરાજ કુલ ચંદલો, વિજયાદેવી દેવી
નંદસેના જસ ભારજા, ચંદ્ર લાંછન જસસાત ॥ ૨ ॥
લખ પુરવ ચોરાસીનું એ, આયુષ પાલી સાર ।
સઉભાગ્યપદ સંયુત થઈ, મુક્તિવિમલ શ્રીકાર ॥ ૩ ॥

અથશ્રી વિશાલસ્વામીનું ચૈત્યવંદન. ૧૦

વપ્રા વિજયે શોભતા, વિજયા નગરી ઠામ ।
શ્રીવિશાલસ્વામો થયા, કનક વરણ ગુણ ધામ ॥ ૧ ॥
નાગરાજ પિતા કુલે, ભદ્રારાણી માત ।
વિમલા વનિતા જસ છે, સુર્યકલા સોહાત ॥ ૨ ॥
પાલી લખ ચોરાસીનું એ, પુરવનું શુભ આય ।
સઉભાગ્યપદના દાતને, મુકિતવિમલ પદ ઠાય ॥ ૩ ॥

અથશ્રી વજ્રધરસ્વામીનું ચૈત્યવંદન ૧૧

વત્સવિજયે બહુ શોભતા, સુસીમા નગરી ઠાંણ ।
શ્રીવજ્રધર જિનપતિ, કનક વરણ જગ ભાણ ॥ ૧ ॥
પિતાપદ્મરથ ભુપતિ, સરસ્વતી રાણી જાત ।
વિજયારાણી ભામિની, રાંખ લાંછન જગ તાત ॥ ૨ ॥
આયુષ પાલીને રહ્યુંએ, પુરવ લખ ચઉરાસી ।
સઉભાગ્ય ભાગે શોભતા, મુકિતવિમલ સુખ રાસી ॥ ૩ ॥

અથશ્રી ચંદ્રાનન જિનનું ચૈત્યવંદન ૧૨

નલિનાવતી વિજયે થયા, અયોધ્યાપુરી ઠામ ।
શ્રી ચંદ્રાનન સ્વામી જે, કનકતનુ ગુણ ધામ ॥ ૧ ॥
વાલકરાજ પિતા કુલે, પદ્માવતી જસ માત ।
લીલાવતી જસ વલ્લભા, વૃષભ, લાંછન સુજાત ॥ ૨ ॥
ચઉરાસી લખ પૂરવનું એ, આયુષ પાલી રસાલ ।
સઉભાગ્યપદને પામીને, મુકિતવિમલ પદ ભાલ ॥ ૩ ॥

અથશ્રી ચંદ્રબાહુસ્વામીનું ચૈત્યવંદન ૧૩

પુષ્કલવઇવિજયા પતિ, પુંડરીકિણી નગરીશ ।
કનક ચરણ તનુ શોભતું, ચંદ્રબાહુ જગદીશ
દેવદત્ત રાજા પિતા, માત રેણુકા નામ ।

સુગંધા ગયિતા ભલી, પદ્મ લાંછન સુકામ ॥ ૨ ॥
આયુષ પાલી પૂરવનું એ, ચઉરાશી લખસાર ।
દાન દયા સઉભાગ્યને, મુક્તિવિમલપદ સાર ॥ ૩ ॥

અથશ્રી ભુજંગસ્વામીનું ચૈત્યવંદન ૧૪

વપ્રા વિજયના રાજિયા, વિજયાપુરી રસાલ ।
શ્રીભુજંગસ્વામી જયો, કંચન દેહ વિશાલ ॥ ૧ ॥
મહાબલભુપતિ કુલતિલો, મહિમા રાણી માત ।
ધર સેના જસ કામિની, પદ્મ લાંછન સોહાત ॥ ૨ ॥
પુરવ લખ ચઉરાસીનું એ, આયુષ પાલી સિદ્ધ ।
સોહગભાવને પામીને, મુક્તિવિમલ પદ સિદ્ધ ॥ ૩ ॥

અથશ્રી ઇશ્વરસ્વામીનું ચૈત્યવંદન ૧૫

વિજયા વત્સ અતિ ભલી, સુસીમા પુરીવર નાથ ।
ઇશ્વરસ્વામી શોભતા, કનકતનું જિનનાથ ॥ ૧ ॥
મગલસેન જસ તાતઉ, યશોદા નિજ માત ।
ભદ્રાવતિ ભામિની ભલી, લાંછન ચંદ્ર અવદાત ॥ ૨ ॥
ચઉરાશી લખ પૂરવનું એ, પાલી આયુ પ્રસિદ્ધ
દાન દયા સૌભાગ્યથી, મુક્તિવિમલપદ લિદ્ધ ॥ ૩ ॥

અથશ્રી નેમીપ્રભસ્વામીનું ચૈત્યવંદન. ૧૬

નલિનાવતિ વિજયે થયા, અયોધ્યાપુરી ઠાણ ।
નેમિપ્રભ સ્વામી ભલા, કંચન વરણ સુભાણ ॥ ૧ ॥
વીરરાજ નૃપ નંદના, સેના માતા નંદ ।
મોહિની ભાર્યા જસ છે, રવિલાંછન સુખ કંદ ॥ ૨ ॥
લખ પૂરવ ચઉરાશીનું એ, આયુષ્ય અતિ મનોહાર ।
દાન દયા સૌભાગ્યથી, મુક્તિવિમલ પદ સાર ॥ ૩ ॥

અથ વીરસેન સ્વામીનું ચૈત્યવંદન. ૧૭

પુષ્કલવઇ વિજયે મયા, પુંડરીકિણી નગરીશ ।
વીરસેન સ્વામી સદા, કનક તનુ સુજગીશ ॥ ૧ ॥
ભૂમિપાલ રાજપિતા, ભાનુમતિ તનુ જાત ।
રાજ સેના ધરણી જસ, વૃષભ લાંછન સુજાત ॥ ૨ ॥
લખ ચઉરાસી પૂરવનું એ, પાલી આયુ શ્રીકાર ।
દાન દયા સૌભાગ્યથી, મુક્તિવિમલ પદ સાર ॥ ૩ ॥

અથશ્રી મહાભદ્રસ્વામીનું ચૈત્યવંદન. ૧૮

વપ્રા વિજય તે શોભતિ, વિજયા નગરી રાજ ।
મહા ભદ્ર સ્વામી જયો, કનક તનુ જિનરાજ ॥ ૧ ॥
દેવરાજ પિતા કુલે, ઉમાદેવી માત ।
કાંતા સુર્યકાંતા ભલી, ગજ લાંછન શોભાત ॥ ૨ ॥
પૂરવ લખ ચઉરાસીનુંએ, પાલી આયુ સમૃદ્ધ ।
દાન દયા સૌભાગ્યથી, મુક્તિવિમલપદ લિદ્ધ ॥ ૩ ॥

અથશ્રી દેવજસાનું ચૈત્યવંદન. ૧૯

શ્રીવત્સ વિજયા ભલી, સુસીમા નગરી દેવ ।
દેવજસા સ્વામી નમો, કનક શરીર સદૈવ ॥ ૧ ॥
સર્વાનુભુતિ પિતા કુલે, સુમંગલા જસમાત ।
પદ્માવતી જસ ગેહિની, લાંછન ચંદ્ર સમાત ॥ ૨ ॥
પૂરવ લખનું આઉખુંએ, ચઉરાસી પ્રમાણ ।
સૌભાગ્ય પદ પામી કરી, મુક્તિવિમલપદ ઠાંણ ॥ ૩ ॥

અથશ્રી જિનવીર્યજિન ચૈત્યવંદન. ૨૦

નલિના વતી વિજયે નમો; અયોધ્યા પુરી ઇંદ્ર
અજિત વિર્ય જિનનાથજી, કનક તનુ જગ ઇંદ્ર ॥ ૧ ॥

રાજપાલ રાજાપિતા, માતા કૃતિકા જાત ।
રત્નમાલા જસ માલિની, સ્વસ્તિક લાંછન ભાત ॥ ૨ ॥
લખપૂરવ ચઉરાસીનું એ, આયુષ્યપાલી પ્રસિદ્ધ ।
દાનદયા સૌભાગ્યથી, મુક્તિવિમલ પદ લિદ્ધ ॥ ૩ ॥

અથશ્રી વિંશતિ વિહરમાનજિન ચૈત્યવંદન.

વિહરમાન જિનવર નમું, પ્રથમ સીમંધર દેવ ।
યુગમંધર જિનનાથજી, બાહુસ્વામી સદૈવ ॥ ૧ ॥
ચોથા સ્વામી બાહુ તે, જંબુદ્વીપ સુદેહુ ।
વિચરે ભવિ પડિ બોહતા, કેવલ કમલા ગેહુ ॥ ૨ ॥
સુજાતને સ્વયંપ્રભુ, ઋષભાનન જિનરાજ ।
અનંતવીર્ય પ્રભુ વંદિયે, શ્રી સુરપ્રભ મુખકાજ ॥ ૩ ॥
શ્રીવિશાલ જિન સેવિયે, શ્રીવજ્રધર સ્વામ ।
ચંદ્રાનન જિનશોભતા, ધાતકીયે ગુણધામ ॥ ૪ ॥
ચંદ્રબાહુ ભુજંગમે, ઈશ્વર નેમિજિનેશ ।
વીરસેન જિન પૂજિયે, દેવજસા સુદિનેશ ॥ ૫ ॥
ચંદ્રજસા જિન વીરિય, પુષ્કર દ્વીપે સાહે ।
બોત્રીસ અતિશય શોભતા, સકળ ભવિ મન મોહે ॥ ૬ ॥
આઠમી નવમી ચોવીસે, પચવીસમી સુખકાર ।
અહાવિદેહ વિજયે થયા, કનક વરણ ધરનાર ॥ ૭ ॥
દસ લખ કેવલી પરિકરે, સોકોડ સાધુમહંત ।
કાયા ઉંચી શોભતી, ધનુષ પાંચસે કહંત ॥ ૮ ॥
ચોરાસી લખ પૂર્વનું એ, આયુષ પાલિ પ્રસિદ્ધ ।
દાન દયા સૌભાગ્યથી, મુક્તિવિમલપદ લિદ્ધ ॥ ૯ ॥

કલશ.

તપગણ ગગનમાં દિનમણિ સરિખા,
આણંદ વિમલ સૂરિરાયાજી ।
તાસ પટ્ટ પરંપર આવ્યા,
સવિજન મનમાં ભાવ્યાજી ॥ ૧ ॥

પંડિત દયાવિમલ ગણી, શાસન શોભાકારીજી ।
તસ સૌભાગ્યવિમલગણિ શિષ્ય, પંન્યાસ પદના ધારીજી ॥ ૨ ॥
ત સશિષ્ય પન્યાસ મુક્તિવિમલ ગણિ, એહ સુરચના કીધીજી ।
ઓગણીસે ઈકોતેર વર્ષે, વિક્રમરાયથી લીધીજી ॥ ૩ ॥
ચૈતર સુદી દશમને દિવસે, વાર શુક્ર મનોહારીજી ।
અર્બુદગિરિ તીરથ સાનિધ્યે, ગામ ખરેડી મોઝારીજી ॥ ૪ ॥
વિશ વિહરમાન જિનપતિ નાતે, ચૈત્યવંદન તિહાં કીધાજી ।
જયપામો રવિ શશિ વિચરે લગે, કાજ સકલ તે સિદ્ધાજી ॥ ૫ ॥

॥ ઇતિશ્રી પ્રાકૃત ભાષોપેતાનિ વિશંતિવિહરમાન જિન
ચૈત્યવંદનાનિ સંપૂર્ણાનિ ॥
પ્રભુર્જયતુ.

અથશ્રી અક્ષયનિધિતપનું ચૈત્યવંદન.

અક્ષયનિધિ તપ ભલો, કહ્યો શ્રીજિનરાજે ।
વિધિપુરવક આરાધતાં, શિવસુખને કાજે ॥ ૧ ॥
શ્રાવણવદ ચોથે કરો, સંવચ્છરિ પરિમાણ ।
કાઉસગ સુતદેવીનો ભવિકરો મન ચંદ ॥ ૨ ॥
નોકારવાલી મનગમી, સ્વસ્તિ કરો શ્રીકાર ।
પરદક્ષણા પેમે કરી, ખમાસમણા સુવિસાલ ॥ ૩ ॥
કલ્પસૂત્ર પધરાવીયે, ધૂપદીપ મનોહાર ।
અક્ષતનૈવદ્ય ફલઠવો, અક્ષયસુખ માગો ॥ ૪ ॥
વરઘોડો ચઢાવીયે, મનમાંધરી ઉમંગ ।
દ્રવ્યભાવ પૂજા કરો, પુસ્તકની શુભ ચિતે ॥ ૫ ॥

બીજી પણ વિધિ થકી, તપ કરસે મહા ભાગ્ય
એભવ પરભવ ભવોભવે, શિવ સુખને સાધે ॥ ૬ ॥
તે માટે એ તપ કરો, લહો સુખ અપાર ।
જ્ઞાનહર્ષ ગુરૂનામથી, સૌભાગ્ય ભવ નિસ્તાર ॥ ૭ ॥ ઇતિ

અથશ્રી અડસઠતીરથનું ચૈત્યવંદન.

જૈનધર્મના જાણીયે, અડસઠ તિરથ ઉદાર ।
ભવિજન તેહનો તપકરો, જીમલહો સુખ અપાર ॥ ૧ ॥
સ્વસ્તિક અડસઠ જાણીયે, ધુપદીપ મનોહાર ।
ખમાસમણ પણ તેટલા, પ્રદક્ષિણા સુખકાર ॥ ૨ ॥
વરષોડા શુભ ભાવશું ચડાવીએ ધરી નેહ ।
નેવેદ્યદોવો નિર્મલુ, ઉજાણુકરો ભવિતેહ ॥ ૩ ॥
અડસઠ લોગસ તણો ભલો, કાઉસગ કરો શુભ ચિત્તે ।
વાસક્ષેપ પૂજા કરો, પુસ્તકની શુભ રીતે ॥ ૪ ॥
બીજી પણ વિધિ થકી, તપ કરશે ભવિ જેહ ।
ઇહ ભવ શુભપણ લહે, શીઘ્ર થશે શિવગેહ ॥ ૫ ॥

અથશ્રી પિસ્તાલીસ આગમનું ચૈત્યવંદન.

વીરજિણંદ શાસન પતિ, ત્રિપદી આપી સાર ।
ગણધરને ઉતમ દિને, જીવાજીવ વિચાર ॥ ૧ ॥
તદ અનુસારે ગણધરે, દ્વાદશાંગી મનોહાર ।
રચી આગમ તે સૂત્રથી, ભવિને કરે ભવપાર ॥ ૨ ॥
પિસ્તાલીસ આગમ ભલા, અધુના કાલે જાણ ।
જયવંતા વર તે સદા, પંચાંગી પ્રમાણ ॥ ૩ ॥
અંગ અગીયાર સોહામણા, વલી ઉપાંગતે બાર ।
પયન્ના પણ છે ઘણા, તેહમા દશ અધિકાર ॥ ૪ ॥
છ છેદ ગ્રંથને વંદીએ, મુલ સુત્રતે ચાર ।
વલી ચુલે શુભ ભાવશું, નંદી અનુયોગ દ્વાર ॥ ૫ ॥
એ આગમ આદર કરી, સવિ પિસ્તાલીસ હોવે ।

તેનો તપ કરતાં થકાં, જ્ઞાનની પ્રાપ્તી જોવે ॥ ૬ ॥
વરઘોડો ભલી ભાતશું રૂપા મહોરે પૂજે ।
નંદી સુત્રને ભગવતી, ભવિના પાપ તે ધુજે ॥ ૭ ॥
બીજા આગમતિમ વલી આરાધો મન શુદ્ધ ।
તાંબા મહોરે પુજતાં કરી આતમ શુદ્ધ ॥ ૮ ॥
એમ આગમ આરાધતાંએ, જ્ઞાનની પ્રાપ્તિ ઉપાય ।
દાનદયા સોભાગ્યથી શુભ મુક્તિ પદ થાય ॥ ૯ ॥ ઈતિ

અથ શ્રીસિદ્ધતપનું ચૈત્યવંદન.

સિદ્ધતણા ગુણધારિયે, આગણ એકથી મુત્ત ।
ખમાસમણ નિતુદીજીયે, તેહના સ્વસ્તિક જુત્ત ॥ ૧ ॥
પ્રદક્ષિણા પણ દીજીયે, આગમ માન વધારી ।
ત્રીજા ભાગની શુભમતે, તપ કરો તુમે શિવકાર ॥ ૨ ॥
સુરપતિ અરધા એકથી, ઉણા લોગસકેરો ।
કાઉસગ કરો ભવિ ભાવથું, જીમ લહેડો પુણ્ય ઘણેરો ॥ ૩ ॥
નોકારવાલો વલી ગણો, જિનજી કષાયથી મુત્ત ।
ધુપદીપ દ્રવ્ય ભાવથી, પુજા કરો ફલ જુત ॥ ૪ ॥
નૈવેદ્ય ઠોક તપ કરી, વરઘોડો શુભ ભાવે ।
ઉજમણું ભલી ભાતશું, ઉછવ મહોત્સવ થાયે ॥ ૫ ॥
એણીપરે સિદ્ધનો તપ કરી, જિન આણાથી સાર ।
દાનદયા સૌભાગ્યને, પામો ભવિ ભવ પાર ॥ ૬ ॥

શ્રીમદ્યાવિમલજિદ્ગુરૂભ્યો નમઃ ॥

અથ શ્રીચતુર્વિંશતિ જિનસ્તવન.

અથ શ્રીઋષભદેવ સ્તવન.

અજિત જિણંદશું પ્રીતડી એદેશી ॥

ઋષભ જિણંદને વંદના નિત કરીયે હો ભવિજન સુખકાર
નયરી અયોધ્યા નાથને જસ લાંછન હો વર વૃષનું સાર
॥ ઋષભ૦ ॥ ૧ ॥

મરૂદેવી નંદન દીપતા નાભિભુપના હો કુલમાંહિ આધાર
કંચન કાંતિ શરીરની નિજ તેજે હો દિનમણિ અનુકાર
॥ ઋષભ૦ ॥ ૨ ॥

ઇંદ્રિયવંદ્ર દિનેંદ્રાદિ દેવપુંજના હો જે ઉત્તમ નાથ.
ગોમુખ જક્ષ ચક્રેસરી શાસન દેવથી હો જેહ પુજિત નાથ
॥ ઋષભ૦ ॥ ૩ ॥

જુગલા ધર્મ નિવારીયો ચાર સહસ્રથી હો વ્રત લોધું છે સાર
ચઉરાસી સહસ સાધુથી જસ સેવિત હો પયકમલ ઉદાર
॥ ઋષભ૦ ॥ ૪ ॥

આનંદદાતા જીનવર જે નાથજી હો દાનદયા ભંડાર
સૌભાગ્ય પદને આપતા જેણે લોધું હો મુક્તિ વિમલ સાર
॥ ઋષભ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

અથ શ્રીઅજિતનાથનું સ્તવન.

પ્રીતલડી બંધાણીરે અજિત જિણંદશુ એદેશી ॥

અજિત જિણંદને સેવો ભવિજન ભાવશું;
મંગલમાલા જે આપે જગનાથજો ।
ગજ લાંછન વિજયા નંદન સોહામણા,
જ્ઞાન દિવાકર વિનીતા નગરી નાથજો ॥ અજિત૦ ॥ ૧ ॥

જિતશત્રુ ભુમીપતિ કુલમાં ચંદ્રમા,
કંચન વરણી દીયે ઉતમ દેહુજે ।
સાડાચારસો ધનુષની ઉંચી દેહડી,
ભવિજન વેત્ર સમૂહને સિંચન મેહુજે ॥ અજિત૦ ॥ ૨ ॥
એક સહસ સવેગી પુરૂષની સાથશુ,
સંયમ લીધું ભવસાગરમાં પોતજે ।
એક લાખ સાધુ પરિવારે શોભતા,
લોકાલોકને દેખે કેવલ જ્યોતજે ॥ અજિત૦ ॥ ૩ ॥
આણંદ દાયક જિન સંપતિ વિરાજતા.
પંચાણું ગણધરથી સેવિત પાયજે ।
બાહોતેર લાખ પૂરવનું આયુ પાલીને,
આઠ કરમને જીતિ શિવપુર જાયજે ॥ અજિત૦ ॥ ૪ ॥
જ્ઞાનમણિ ઉદ્યોતે બહુ વલી દીપતા,
દોષ રહિતને દાન દયા ભંડારજે ।
સૌભાગ્યપદના દાતા સમતા સુંદરૂ,
રૂકિત વિમલ પદ સુખ આવે શ્રીકારજે ॥ અજિત૦ ॥ ૫ ॥ ધતિ

અથ શ્રીસંભવનાથનું સ્તવન.

એક દિન પુંડરીક ગણધરરે લાલ એદેશી.

સંભવ જિનવર ભેટીયેરે લાલ ભેટતાં ભવદુ ખ જાયરે સુગુણનર૦
તુરગ લાંછન શોભતુંરે લાલ સેના દેવી માયરે સુગુણનર૦ ॥
॥ સંભવ૦ ॥ ૧ ॥
જિતારી નૃપ કુલ તિલોરે લાલ દેવ નમે જસ પાયરે સુગુણનર૦॥
કનક કાંતિ શરીર છે રે લાલ સાવત્થી પુરો રાયરે સુગુણનર૦
॥ સંભવ૦ ॥ ૨ ॥
ચારસેં ધનુષની દેહડીરે લાલ દીયે અતિમનોહારરે સુગુણનર૦ ॥
એક સહસ પરિવારસુંરે લાલ દિક્ષા લીધો ઉદારરે સુગુણ૦
॥ સંભવ૦ ॥ ૩ ॥
દોઢ્યધિકાશત ગણધરારે લાલ દોયલાખમુનિ પરિવારરે સુગુણનર૦

ત્રિમુખ દુરિતારિ દેવતારે લાલ સેવે જસપદ સારરે મુગુણ૦
॥ સંભવ૦ ॥ ૪ ॥
સાઠલખપૂરવનું આઉખુરેલાલ પાલીગયા શિવધામરે મુગુણનર૦
સૌભાગ્ય પદને આપતારે લાલ મુકિતવિમલ પદ કામરે મુગુણ૦
॥ સંભવ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

અથ શ્રીઅભિનંદનજિન સ્તવન.

ઝાંઝરીયા મુનિવર ધન્ય ધન્ય તુમ અવતાર. એ દેશી

અભિનંદન જિનવર નમોરે નિત્ય નિત્ય ઉડી સવાર ।
વિનિતા નગરી રાજીયોજી શિવ વહુ તણા ભરતાર ॥
ભવિ ચિત્તધરીને નમો અભિનંદન દેવ ॥ ૧ ॥
સિદ્ધાર્થી જસ ગવડીજી સંવર ભુપતિનંદ ।
વાનર લાંછન શોભતુંજી કનક કાંતિ સુખ કંદ ॥ ભવિ૦ ॥ ૨ ॥
સાઢાત્રણસે ધનુષનીજી ઉંચી દેહડી જાસ ।
એક સહસ પરિવારમુંરે દિક્ષા લિયે ઉલ્લાસ ॥ ભવિ૦ ॥ ૩ ॥
એકસો સોલ તે ગણધરાજી ત્રણલાખ મુનિરાય ।
નાયક જક્ષને કાલિકાજી દેવત સેવિત પાય ॥ ભવિ૦ ॥ ૪ ॥
પચાસ લાખ પૂરવ તણુંજી સિદ્ધ થયા પાલી આય ।
સૌભાગ્ય ધામ તે આપતાજી મુકિતવિમલ પદ સાર ॥
॥ ભવિ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

—o—

અથશ્રી સુમતિનાથનુ સ્તવન.

જુમખડાની દેશી.

સુમતિ જિનેશ્વર વંદિયેરે વંદતાં પાપ પલાય ॥ જિનેશ્વર પણમીયે
વિનીતા નગરી નાથનેરે મંગલા તેજ સુમાય ॥ જિને૦ ॥ ૧ ॥
મેઘ મહિપતિ પુત્ત છેરે લાંછન ક્રોંચ છે પાય ॥ જિને૦ ॥
કંચન કાંતિ શરીરનોરે ત્રણસય ધનુષની કાય ॥ જિને૦ ॥ ૨ ॥
એક સહસમું વ્રત લીયેરે સો ગણધર પરિવાર ॥ જિને૦ ॥

લણલખ વીસ હુજ્જરપુરે જાસ છે મુનિપરિવાર ॥ જિને૦ ॥ ૩ ॥
તુંબરૂને મહાકાલિકારે કરતાં જસ પદ સેવ ॥ જિને૦ ॥
ચલીસલખ પૂરવ આયુરે પાલી શિવ ગયા દેવ ॥ જિને૦ ॥ ૪ ॥
આણંદ દાયક નાથજીરે દાન દયા ભંડાર ॥ જિને૦ ॥
સૌભાગ્ય પદને આપતારે મુક્તિવિમલ જયકાર ॥ જિને૦ ॥ ૫ ઇતિ

અથ શ્રીપદ્મપ્રભજિન સ્તવન.

આદર જીવ ક્ષમા ગુણ આદર એ દેશી.

છઠ્ઠા જિનવર ભવિજન વંદો પદ્મપ્રભુ સુખકંદારે ।
કૌશાંબી પુરીના ધરરાજા સુસીમા દેવી નંદારે ॥ છઠ્ઠા૦ ॥ ૧ ॥
રાતા કમલનું લાંછન સોહે રાતિ કાંતિ મન મોહેરે ।
અઢીશય ધનુષની દેહડી સારી જ્ઞાન રયણ તનુ સોહેરે ॥ છઠ્ઠા૦ ૨
એક સહસસું દીક્ષા ધારી એકસો સાત ગણીંદરે ।
ત્રણ લખ તેત્રીસ સહસ પ્રમાણે જસપદ સેવે મુણીંદરે ॥ છઠ્ઠા ॥ ૩
કુસુમ અચ્યુતા શાસન દેવા નિત્ય કરે જસ સેવરે ।
ત્રીસ લાખ પૂરવ વરસાયુ પાલી લહ્યું શિવમેવરે ॥ છઠ્ઠા૦ ॥ ૪ ॥
જ્ઞાનમણિ ઉદ્યોતે દીપે દાન દયા ભંડારરે ।
સૌભાગ્ય પદ આપે ભવિજનને મુક્તિવિમલ-પદ સારરે ॥
॥ છઠ્ઠા૦ ॥ ૫ ॥ ઇતિ ॥

અથશ્રી સુપાર્શ્વનાથનુ સ્તવન.

કપૂર હોવે અતિ ઉજલોરે એ દેશી

સાતમા જિનવર વંદીયેરે વારાણસી પુરી રાય ।
પ્રતિષ્ટ ભુપ કુલ ચંદ્રમારે પૃથવી નામ છે માયરે ॥
ભવિકા નમો સુપાર્શ્વજિનેશ.
નમતાં પાપ પલાયરે ॥ ભવિકા૦ ॥ ૧ ॥
સ્વસ્તિક લાંછન શોભતુંરે ઉત્તમ જીનજીને પાય ।
દોસયધન ઉંચી દેહડીરે કંચન વરણુની કાયરે ॥ ભવિકા૦ ૨

એક સહસ પરિવારયુરે દીક્ષા લિયે જગ સાર ।
પંચાણું ગણધર સંયુતારે ત્રણ લાખ મુનિ પરિવારરે ॥ ભવિ૦ ૩
માતંગ શાંતા દેવતારે નિત નમે જેહના પાય ।
વીસલાખ પૂરવ તણુંરે પાલ્યું જેણે આયરે ॥ ભવિકા૦ ॥ ૪ ॥
આનંદગણ દાતા સદારે દાન દયા ભંડાર ।
સૌભાગ્ય પદને આપતારે મુક્તિવિમલ પદ સારરે ॥ ભવિકા૦
॥ ૫ ॥ ઈતિ ॥

અથશ્રી ચંદ્રપ્રભનું સ્તવન.

પુષ્પખલવઈ વિજયે જયોરે એ દેશી.

આઠમા જિનવર વંદીયેરે ચંદ્રપ્રભ સુખકાર ।
ચંદ્રપુરી નયરીપતિરે મહસેન કુલ શ્રીકાર ॥ ભવિકજન નમિયે
જિનવર ઉત્તમ દેવ જિમ લહીયે શિવમેવ ॥ ભવિકજન
નમીયે જિનવર ઉત્તમ દેવ ॥ ૧ ॥
લખમણા દેવી માવડીરે લંછન ચંદ્ર ઉદાર ।
ચંદ્રસમાન કાયા ભલીરે ઉજ્વલ રંગે સાર ॥ ભવિકા૦ ॥ ૨ ॥
દોઢસો ધનુષની દેહડીરે એક સહસનર જુત્ત ।
દીક્ષા તે જિનજી લહેરે શુભગણ ગુણ સંજુત્ત ॥ ભવિકા૦ ॥ ૩ ॥
ત્રાંણું ગણધરને યતિરે દોઢ લખ પંચાસ હજાર ।
વિજયને જ્વાલા દેવતારે શાસનની કરે સાર ॥ ભવિકા૦ ॥ ૪ ॥
દસ પુરવ આઉખુંરે પાલી લહ્યું સુખ કામ ।
દાન દયા સૌભાગ્યથીરે મુક્તિવિમલ પદ કામ ॥ ભવિકા૦ ૫ ઈતિ

અથશ્રી સુવિધિનાથજીનું સ્તવન.

ભવિતુમે વંદો શ્રીમડાવીર કેસર કેસર ઘસોરે લોલ એ દેશી.

ભવિ તુમે સેવો સુવિધિ જિણંદકે પ્રણમો ભાવસુરે લોલ
ભવિ તુમે કાકંદી પુરો નાયકે ભવજલ નાવસુંરે લોલ
ભવિ તુમે સુગ્રીવ સુપતિ કુલમાં કે ગગનમાં દીનમણીરે લોલ.

ભવિ તુમે નંદા માત મલ્હારકે ત્રણ જગત ધણીરે લોલ ॥ ૧
ભવિ તુમે મહિષનું લાંછન પાયકે સિતરૂ ચિત્તનું ભલીરે લોલ.
ભવિતુમે એકસો ધનુષની કાયકે શોભે નિરમલીરે લોલ
ભવિતુમે સહસસું દીધી દીક્ષા કે અઠ્યાસી ગણધરારે લોલ
ભવિતુમે દોલખ મુનિવર સાથકે પ્રભુજી પરિવર્યારે લોલ ॥ ૨ ॥
ભવિતુમે અજિતનામા યક્ષકે દેવી સુતારકારે લોલ
ભવિતુમે સેવે જિનપતિ પાયકે ભવિજન તારકારે લોલ
ભાવતુમે દોલખ પુરવનું આયકે પાલી શિવ લહુંરે લોલ.
ભવિતુમે આણંદ દાયક નાથકે અક્ષયસુખ થયુંરે લોલ ॥ ૩ ॥
ભવિતુમે ઋદ્ધિતણા ભંડારકે કીરતિ અપતારે લોલ.
ભવિતુમે કરમ સુભટમાં વીરકે ભવભવ કાપતારે લોલ,
ભવિ તુમે મહોદયપદના દાતાકે પ્રમોદની ખાણ છોરે લોલ,
ભવિ તુમે મણિ ઉદ્યોતે દીપે કે જીતયો ભાણનેરે લોલ ॥ ૪ ॥
ભવિ તુમે દાન દયા ભંડારકે જ્ઞાન નિધાન છોરે લોલ.
ભવિ તુમે વંદો થઈ સાવધાનકે લોક પ્રધાનનેરે લોલ.
ભવિ તુમે સૌભાગ્યથી વલી રાજે કે આપે નાણનેરે લોલ.
ભવિ તુમે મુક્તિવિમલપદ દાનને સાસય ઠાણનેરે લોલ ॥ ૫ ઈતિ

અથ શ્રી શીતલનાથનું સ્તવન.

હાંરે મારે ઠામ ધરમના સાડા પચ્ચવીસ દેશ જો. એ દેશી.
હાંરે મારે શીતલ જિનપતિ વંદો ભવિજન નિત્યજો.
નગરી ભદ્દીલપુરી જાસ સોહામણીરે લોલ.
હાંરે મારે નંદામાતા કુક્ષીસરોવર હંસજો.
દૃઢરથ ભુપતિ કુલ ગગને જે દીનમણીરે લોલ. ॥ ૧ ॥
હાંરે મારે શ્રીવત્સ લાંછન શોભે છે જસ પાય જો.
કંચન કાંતિ શરીરથી જે અતિ દિપતારે લોલ.
હાંરે મારે નેવુ ધનુષની કાયા અતિ મનોહારજો.
નિજ ભુવનના તેજે સૂર્યને જીપતારે લોલ. ॥ ૨ ॥
હાંરે મારે એક સહસસું દીક્ષા લીધી સારજો.

એકાણ્વી ગણધરથી સેવિત પાયછેરે લોલ.
હાંરે મારે એક લાખ મુનિવર પરિવાર સંજુત્તજો.
શાંતસુધારસ સાગરજે જિનરાય છેરે લોલ. ॥ ૩ ॥
હાંરે મારે બ્રહ્મા યક્ષને દેવી અશોકા નામજો
જસ શાસનના ઉત્તમ શાસન દેવતારે લોલ.
હાંરે મારે એક લાખ પુરવનું પાલી આયજો
અક્ષયપદને પામ્યા સુરનર સેવતારે લોલ. ॥ ૪ ॥
હાંરે મારે જ્ઞાન મણિ ઉદ્યોતે દીપે નિત્યજો.
અમલ અમસ્તે દાન દયા ભંડાર છેરે લોલ.
હાંરે મારે સૌભાગ્યથી વિમલપદ આપે જગનાથ જો.
વર મુકિત પદ વિમલ ના જે દાતાર છેરે લોલ ॥ ૫ ॥ ઈતિ

અથશ્રી શ્રેયાંસનાથનું સ્તવન

ધર્મ પરમ અરનાથનો એ દેશી ॥

શ્રેયાંસનાથ જુહારીયે નિત નિત ઉઠી સવારરે ।
સિંહપુરી તણા નાથજી વિષ્ણુ માતા મલ્હારરે ॥ શ્રી૦ ॥ ૧ ॥
વિષ્ણુ નૃપતિ કુલ શોભતા ખડગી લાંછન પયરે ।
કંચન કાંતિ અતિ ભલો એંશી ધનુષ ની કાયરે ॥ શ્રી૦ ॥ ૨ ॥
એક સહસ્સ નરસાથસું દીક્ષા લીધી જિનેશરે ।
છાંતેર ગણધર સાથસું ચઉસી સહસ્સ મુનીશરે ॥ શ્રી૦ ॥ ૩ ॥
યક્ષેશ માનવી દેવથી પુજિત જે જિનરાય ।
ચોરાસી લાખ તે વરસનું આયુ પાલી શિવ જાયરે ॥ શ્રી૦॥ ૪ ॥
આણુંદ દાયક નાથજી દાન દયા ભંડારરે ।
સોહગ ભાવને આપતા મુકિત વિમલ પદ સારરે ॥ શ્રી૦ ॥ ૫ ॥

અથ શ્રીવાસુપુજ્યજિનનું સ્તવન.

પ્રથમ ગોવાલતણે ભવેજી એ દેશી.

વાસુપૂજય જિણંદનેજી વંદો ભવિજન નિત્ય ।
વાસુપૂજય નરિંદનાજી નંદન ગુણ સહિતરે
॥ પ્રાણી જિનવર સેવોરે તેહ ।. ૧ ॥

ચંપાપુરી ભૂષણ ભલાજી જનની જયા સુખકાર ।
લાંછન મહિષનું શોભતુંજી લાલ કાંતિ તનુ સારરે ॥ પ્રાણી૦ ॥ ૨
સિતેર ધનુષની અતિ ભલીજી દેહડી દીપે ઉત્તંગ ।
છસે પુરૂષની સાથશુંજી લીયે દીક્ષા ઉમંગરે ॥ પ્રાણી૦ ॥ ૩ ॥
બહોંતેર સહસ મુણીંદસુંજી વલી છાસઠ ગણધાર ।
જક્ષ કુમારને ચંડિકાજી સેવ કરે જસ તારરે ॥ પ્રાણી૦ ॥ ૪ ॥
બહોંતેર લાખ તે વરસનુંજી આયુ પાલી શિવ જાય ।
દાન દયા સૌભાગ્યથીજી મુક્તિવિમલ સુખ થાયરે
॥ પ્રાણી૦ ॥ ૫ ॥ ઈતિ ॥

અથ શ્રીવિમલનાથજીનું સ્તવન.

સ્વામી તુમે કાંઈ કામણ કીધું ચિતડું હમારૂં ચોરી લીધું
એ દેશી.

વિમલ જિનેશ્વર નિત્ય ભવિવંદો જિમ ભવિજન તુમે પાપનિકંદો
સાહિબા શ્રી વિમલ જિણંદા મોહના જિનરાજ ॥
કાંપિલ્યપુર મહી મંડણ સોહે શ્યામા નંદન જગ સહુ મોહે
॥ સાહિ૦ ॥ ૧ ॥
કૃતવરમાં ભુપતિ કુલ દીવો શુકર લાંછન પાયસ દીવો ॥ સા૦ ॥
કંચન કાંતિ શરીર વિકાસે કંચન પરે ભવિ રોગ વિનાસે
॥ સાહિ૦ ॥ ૨ ॥

સાઠ ધનુષની દેહડી દીપે એક સહસસું દીક્ષા જીપે ॥ સા૦ ॥
સત્તાવન ગણધર પરિવારે અડસઠ સહસ તે મુનિવર સારે
॥ સાહિ૦ ॥ ૩ ॥

ષણમુખ જક્ષને વિજયા દેવી શાસન દેવકરે નિત્ય સેવી ॥ સા૦ ॥૪
સાઠ લાખ વરસાનુ ખપાવે આયુષ પાલી શિવપુર જાવે
પ્રમોદ મણિ ઉદ્યોતની ખાણ દાન દયા સૌભાગ્યના ઠાણ ॥ સા૦ ॥૫
ભવિને અક્ષય સુખમાં થાયે મુકિતવિમલ પદ ઉત્તમ આપે
॥ સાહિ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

અથશ્રી અનંતનાથનું સ્તવન.

ભરતને પાટે ભુપતિરે સિદ્ધિ વર્યા ઈણ ઠાય સલુણા એ દેશી.

ચૌદમા જિનવર વંદીયેરે અનંતનાથ જિનેશ. ॥ સલુણા૦ ॥
વિનીતા નગરી રાજીયેારે ભવિજન કેાક દિનેશ ॥ સલુણા ॥ ૧
જિમજિમ જિનવર વંદિયેરે તિમ તિમ શિવસુખ થાય સલુણા.
॥ એ આંક૦ ॥
સિંહસેન કુલ ચંદ્રમારે શ્યામા સુયશા માત મલ્હાર ॥ સલુણા ॥
સિંચાણા લાંછન દીપતુંરે કંચન કાંતિસાર ॥ સલુણા૦ ॥ ૨ ॥
પચાસ ધનુષની દેહડીરે દીપે અતિ મનેાહાર ॥ સલુણા૦ ॥
એક સહસ પરિવારસુંરે સંયમ લીધું સાર ॥ સલુણા૦ ॥ ૩ ॥
પચાસ ગણધર દીપતારે છાસઠ સહસ મુણીંદ ॥ સલુણા ॥
પાતાલ જક્ષને અંકુશારે શાસન દેવ જિણંદ ॥ સલુણા૦ ॥ ૪ ॥
ત્રોસ લાખ વરસનું આઉખુંરે પાલી શિવપુર જાય ॥ સલુણા ॥
દાન દયા સૌભાગ્યથીરે મુકિતવિમલ સુખ થાય ॥ સલુણા૦ ॥
॥ ૫ ॥ ઇતિ ॥

અથશ્રી ધર્મનાથનું સ્તવન.

મેતેા સંસાર શેરી વીસરીરે લેાલ એ દેશી.

મેતેા ધર્મ જિનેશ્વર વંદિયારે લેાલ તેતેા સર્વ જગત આધારજો
સવિજનના જેહ પાતારજો ॥ એ આંકણી ॥ ૧ ॥
વરભાનુ મહીપતિ નંદછેરે લેાલ જસ ઉત્તમ સુવ્રતામાયજો.

શુદ્ધ કંચનકાંતિ તનુ ભલીરે લોલ વજ્ર લાછન છે જસ પાયજો
॥ મેતા૦ ॥ ૨ ॥
પિસ્તાલીસ ધનુષ ઉંચી દેહડીરે લોલ સર્વ લક્ષણ લક્ષિત દેહજો
એક સહસ જન પરિવારસુંરે લોલ શુદ્ધ સંયમ આદરે જેહજો.
॥ મેતા૦ ॥ ૩ ॥
તેંતાલીસ વર ગણધારસુંરે લોલ ચોસઠ સહસ મુણીંદજો
તે પરિવારથી બહુ શોભતારે લોલ જિમ ગ્રહ ગણમાંહિ દિણંદજો
॥ મેતા૦ ॥ ૪ ॥
કિંનરને કંદર્પા ભલારે લોલ શાસનદેવથી પૂજિત નાથજો.
આયુ પાલીને દસલાખ વરસનુંરે લોલ જેહ થયા છે શિવપુરી
નાથજો ॥ મેતા૦ ॥ ૫ ॥
તે ઉત્તમ દેવને વંદિયેરે લોલ જેહ દાન દયા ભંડારજો.
જે સૌભાગ્ય પદને આપતારે લોલ દિયે મુકિત વિમલપદ સારજો.
॥ મેતા૦ ॥ ૬ ॥ ઈતિ ॥

અથશ્રી શાંતિનાથજિનનું સ્તવન.

સાહિબ સેવિયે રાગ બંગાલ.

ભવિજન પૂજો શાંતિ જિણંદ કુમત તમો હરણે દિણંદ.
॥ સાહિબ સેવીયે ॥
કુરૂદેશને ગજપુરરાય ઉત્તમ જસ છે અચિરામાય ॥ સા૦ ॥ ૧ ॥
વિશ્વસેન નરપતિ કુલચંદ મૃગલાંછન ટાલે દુઃખ ફંદ ॥ સા૦ ॥
કંચન વરણી દિયે કાય ચાલીસ ધનુષની દેહ અમાય ॥ સા૦ ૨
એક સહસ ભવિજનની સાથ સંયમ લીધું શાંતિનાથ ॥ સા૦ ॥
છત્રીસ ગણધર સેવિત પાય બાસઠ સહસ નમે મુનિરાય.
॥ સા૦ ॥ ૩ ॥
શાસન દેવતે ગરૂડ જક્ષ નિર્વાણી કરે ભવિજન રક્ષ ॥ સા૦ ॥
એક લાખ વરસનુ આય પાલી પોચ્યા શિવપુર પદ ઠાય
॥ સા૦ ॥ ૪ ॥
જે જિન દાન દયા ભંડાર આપે ભવિને શાંતિ ઉદાર ॥ સા૦ ॥

સૌભાગ્ય પદ આપે શ્રીકાર મુક્તિ વિમલ પદ દેજો સાર ॥
॥ સા૦ ॥ ૫ ॥ ઇતિ

અથશ્રી કુંથુનાથજિનનું સ્તવન.

એકવાર વચ્છદેશ આવજો જિણંદજી એ દેશી.

કુંથુનાથ શિવ આપજો જિણંદજી કુંથુનાથ શિવ આપજો.
ભવભય જાલને કાપજો જિણંદજી કુંથુનાથ શિવ આપજો ॥
સૂરમહીપતિ નંદન દીપે ગજપુર નગરના નાથ છે જિણંદજી.
॥ કુંથુ૦ ॥ ૧ ॥
છાગ લંછન જસ પાય વિરાજે કનક કાંતિ સુશોભતા ॥ જિણંદજી
॥ કુંથુ૦ ॥
પાંત્રીસ ધનુષની દેહડી સારી શત્રુવર્ગને ક્ષોભતાં જિણંદજી.
॥ કુંથુ૦ ॥ ૨ ॥
એક સહસમું દીક્ષા લીધી પાંત્રીસ જસ ગણધાર છે જિણંદજી
॥ કુંથુ૦ ॥
સાઠ સહસ મુનિરાજે રાજે મહાણંદ પદના કાર છે જિણંદજી.
॥ કુંથુ૦ ॥ ૩ ॥
ગંધર્વ જક્ષ અચ્યુતા દેવી સેવતાં નિત્ય જસ પાયને જિણંદજી.
॥ કુંથુ૦ ॥
પંચાણું સહસ વરસાનું શિવ ગયા પાલી આયને જિણંદજી.
॥ કુંથુ૦ ॥ ૪ ॥
દાન શીયલ તપ ભાવના ઉત્તમ શુદ્ધ દયા તેને પ્રરૂપતા જિણંદજી
॥ કુંથુ૦ ॥
સૌભાગ્ય પદ આપો ભવિજનને મુક્તિ વિમલપદ રૂપતા જિણંદજી
॥ કુંથુ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

અથશ્રી અરનાથનું સ્તવન.

આદિકરણ અરિહંતજી ઓલગડી અવધાર લલના એ દેશી.

શ્રીઅર જિનવર વંદીયે હૃદય ધરી ઉલ્લાસ ॥ લલના ॥
ગજપુર નગરના નાથજી દેવી માત છે જાસ ॥ લલના ॥ શ્રી૦ ૧
સુદર્શન કુલ ચંદલો નંદાવર્તનું ચિન્હ ॥ લલના ॥
કંચન વરણી દેહડી દીપતી અતિ અદીન ॥ લલના ॥ શ્રી૦ ॥ ૨
ત્રીસ ધનુષ તનુ ભલિ એક સહસની સાથ ॥ લલના ॥
દીક્ષા લિયે શુભ ભાવસું દેવતણા અધિનાથ ॥ લલના ॥ શ્રી૦૩
તેત્રીસ ગણધરસું જુત્તા પચાસ સહસ મુણીંદ ॥ લલના ॥
યક્ષેશ ધરણી દેવતા શાસનના સુગણીંદ ॥ લલના ॥ શ્રી૦ ॥ ૪
ચઉરાસી સહસ વરસાનું આયુપાલી શિવસાર ॥ લલના ॥
દાન દય. સૌભાગ્યને મુકિતવિમલ જયકાર ॥ લલના ॥
॥ શ્રી૦ ॥ ૫ ॥ ઈતિ ॥

અથશ્રી મલ્લિનાથનું સ્તવન.

જગપતિ નાયક નેમિ જિણંદા એ દેશી.

જિનપતિ મલ્લિ જિનેસર દેવ દેવનો દેવ જે અતિભલો ।
જિનપતિ મથુરા નગરી જાત કુંભ લાંછન જસ નિરમલો. ॥ ૧ ॥
જિનપતિ કુંભ મહીપતિ નંદ નામ પ્રભાવતી માવડી ।
જિનપતિ નીલિ કાંતિની દેહ ભવ મહાસાગર નાવડી ॥ ૨ ॥
જિનપતિ પચ્ચીસ ધનુષની કાય સંયમ સહસ્રની સાથસું ।
જિનપતિ અઠવીસ ગણધર રાય કેવલ લક્ષ્મી સનાથસું ॥ ૩ ॥
જિનપતિ ચાલીસ સહસસું સાધ શોભે શુભ પરિવારથી.
જિનપતિ શાસન જક્ષ કુબેર વૈરૂટ્યા દેવી સારથી ॥ ૪ ॥
જિનપતિ પંચાવનસું હજાર વર્ષનું પાલી આયને ।
જિનપતિ સૌભાગ્ય પદ્મ સંગાથ મુકિતવિમલ પદ્મ પાયને ૫ ઇતિ

અથશ્રી મુનિસુવ્રતનું સ્તવન.

મનડું કિમહી ન બાજે હો કુંથુજિન મનડું કિમહી ન બાજે
એ દેશી.

મુનિસુવ્રત જિનવંદો હો ભવિકા મુનિસુવ્રત જિનવંદો.
જિમ જિમ વંદો ભવિજન ભાવે તિમ તિમ પાપ નિકંદોહો ॥
॥ ભવિકામુનિ૦ ॥
રાજગૃહી નયરી પતિ સોહે સુમિત્ર નૃપ કુલ ચંદ
પદ્માવતી નંદન સુખકારી કચ્છપ લાછન અમંદ હો ॥
॥ ભવિકા મુનિ૦ ॥ ૧ ॥
શ્યામ કાંતિ સુશરીર તે રાજે જિમ સજલા ઘનમાલા ।
વીસ ધનુષની દેહડી ઉંચી શોભે અતિહિ રસાલા હો
॥ ભાવિકા મુનિ૦ ॥ ૨ ॥
એક સહસસું દીક્ષા લીધી ગણધર જસ છે અઢાર ।
ત્રીસ સહસ મુનિ પરિવારે ભવિને કરે ભવપારહો ॥ ભ૦ મુ૦ ૩
વરૂણ જક્ષ સુરી નરદતા શાસન દેવતા જાસ ।
ત્રીસ સહસ વરસાનું આયુ પાલી લહ્યું શિવવાસહો ॥ ભ૦ ॥ ૪
જ્ઞાન ઉદ્યોત પ્રભુ કેવલ ધારી દાન દયા સુભંડાર ।
સૌભાગ્ય પદ આપે ભવિ જનનેમુક્તિ વિમલ પદ સારહો ॥
॥ ભવિકા૦ ॥ ૫ ॥ ઈતિ ॥

અથશ્રી નમિનાથજિન સ્તવન.

વંદના વંદના વંદનારે ગિરિરાજકું સદા મોરી વંદના એ દેશી.

વંદનાં વંદના વંદનારે નમિનાથકું સદા મોરી વંદના.
જિમ થાયે પાપ નિકંદનારે નમિનાથકું સદા મોરી વંદના.
મિથિલા નગરી રાયતે સોહે વપ્રા દેવી નંદનારે ॥ નમિનાથ૦ ॥
વિજયરાજ કુલ ચંદ્ર સમાના લંછન નીલ અરવિંદનારે ॥
॥ નમિનાથ૦ ॥ ૧ ॥
કંચન કાંતિ દેહ સુદીપે ભવિજનને આનંદનારે ॥ નમીનાથ૦ ॥

પંદર ધનુષની કાયતે ઉંચી પાપ તમસ દિણંદનારે ।। નમિ૦ ।।૨
એક સહસસું દીક્ષા લીધી ગણધર સત્તર ગણીંદનારે ।। નમિ૦ ।।
વીસ સહસ મુનિરાજથી રાજે ટાલે ભવભય ફંદનારે ।। નમિ૦ ૩
ભ્રકુટી યક્ષ ગંધારી દેવી નિત્ય કરે જસ સેવનારે ।। નમિનાથ૦।।
દસ સહસ વર્ષાયુ પાલી શિવગયા તજી જાવ એવનારે ।। નમિ૦૪
જ્ઞાન મણિ ઉદ્યોતે દિયે દાન દયા નિસ્પંદનારે ।। નમિનાથ૦ ।।
સૌભાગ્ય ઉત્તમ પદને આપે મુકિતવિમલપદ દંદનારે
।। નમિનાથ૦ ।। ૫ ।। ઇતિ ।।

અથશ્રી નેમિનાથનું સ્તવન.

તીરથની આશાતના નવિ કરીયે એ દેશી.

નેમિ જિણંદને વંદના નિત્ય કરીયે હાંરે નિત કરીએરે નિતકરીયે.
હાંરે ભવિજન નિત ચિત્રમાં ધરીયે હાંરે વરીયે શિવનાર ।।
।। નેમિ૦ ।। ૧ ।।
સમુદ્ર વિજય ધરણીપતિ કુલચંદ હાંરે શૌરીપુર રાજાના નંદ.
હાંરે શિવા દેવી માત સુનંદ હાંરે શંખ લાંછન સાર ।। નેમિ૦ ૨
કજજલ કાંતિ સુભાવિતા જસ કાયા હાંરેદસ ધનુ ષની ઉંચી સુહાયા
હાંરે એક સહસ સુદીક્ષા લીનાયા હાંરે ગણધાર અગ્યાર
।। નેમિ૦ ।। ૩ ।।
સહસ અઢાર તે સાથશું મુનિરાજ હાંરે ગોમેધ છે સુજક્ષરાજ
હાંરે અંબિકા સેવન કાજ હાંરે આયુ વરસ હજાર ।। નેમિ૦ ।।૪
પ્રમોદ મણિ ઉદ્યોતને જે પાવે હાંરે દાન દયા સૌભાગ્ય બતાવે.
હાંરે વર મુકિત વિમલ પદ થાવે હાંરે ભવિજન સુખકર
।। નેમિ૦ ।। ૫ ।। ઇતિ ।।

અથશ્રી પાર્શ્વનાથનું સ્તવન.

॥ સંસ્કૃત ગિરામય ॥

લાવો લાવોને રાજ મુંધા સઘલા મોતી એ દેશી.

પૂજ્ય પૂજ્યરે પાર્શ્વજિનેશ્વર દેવ ભવિજન પૂજ્યરે સુરનર વિહિત સુસેવં.

વામાનંદન મતિજન નંદન માકરમા નન્દાનામ્
અશ્વસેન નરપતિ કુલચંદ્રં નાથં મુનિવૃંદાનામ્ ॥ પૂજ્ય૦ ॥૧॥
નાગકલિત તનુ મતનુ તમોઘ્ન મધિપર્યંત મિવ ભાસાનામ્
શિવપુર રમણં દિત ભવગમનં ભેદક મંધ પાશાનામ્ ॥
॥ પૂજ્ય૦ ॥ ૨ ॥

દશ ગણધર પરિ પૂજિતપાદં સજલ સુજલધર કાયમ્
નવ હસ્તોન્નત દેહ મતાતં ભાસ્વજ જ્ઞાન મમાયમ્ ॥ પુજ્ય૦ ॥૩
સુરગણ સંસેવિત મતિ શાંતં દાન્તં શાંતિ નિશાન્તમ્
શતવર્ષોન્મિતજીવિતમયં મોહ નિશાસુ નિશાન્તમ્ ॥ પુજય૦ ॥૪
દાન દયા સૌભાગ્ય નિદાનં ભુયસ્તર મહિમાનમ્
મુક્તિ વિમલપદ સંદાતારં જંગમ કલ્પસમાનમ્ ॥ પૂજ્ય૦ ૫ ઈતિ

અથશ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

ગિરિવર દરિસણ વીરલા પાવે એ દેશી.

વીર જિણંદ નમો ભવિભાવે જિમ ભવિજન શિવસુખ બહુ પાવે ॥ વીર૦ ॥
ક્ષત્રિયકુંડ મહીપતિ શોભે સિદ્ધારથ નૃપનંદન ઠાવે ॥ વીર૦ ॥ ૧
ત્રિસલા જનની કુક્ષિ જે શુક્તિ મોતીની ઓપમ જે પ્રભુ પાવે.
॥ વીર૦ ॥
સિંહનું લાંછન ચરણમાં સોહે કંચન કાંતિ શરીર સોહાવે
॥ વીર૦ ॥ ૨ ॥
સાત હાથની કાય વિરાજે સુરનર નારી જસગુણ ગાવે ॥વીર૦ ॥
એકાકી પ્રભુ શિવસુખ લેવા એકાકી જિન દિક્ષા લાવે ॥ વીર૦ ૩

ગણધર અગીયાર જસપદ સેવે ચૌદ સહસ મુનિરાય મુહાવે ॥વીર૦
માતંગ જક્ષ સિદ્ધાઇ દેવી જસપદ સેવે નિરંતર ભાવે ॥ વીર૦ ૪
બહોંતેર વરસનું આયુષ પાલી એકાકી પણે શિવપુર જાવે ॥ વીર૦
દાન દયા સૌભાગ્યને પામી મુકિત વિમલ પદ સુખ બહુ પાવે
॥ વીર૦ ॥ ૫ ॥ ઇતિ ॥

અથ કલશ.

તપ ગણ નંદન સુરતરૂ સરિખા આણંદ વિમલ સૂરિરાયાજી ।
કિયા ઉદ્ધાર કરી શુભ ભાવે તાર્યા બહુ મુનિરાયાજી ॥ ૧ ॥
તસ શિષ્ય રૂદ્ધિ વિમલ ગણિ પંડિત સંવેગી સિરદારાજી ।
તાસ શિષ્ય શુભ કીર્તિ વિમલ ગુરૂ પંડિત પદ ધર સારાજી ॥ ૨
તસ પટધર શ્રીવીરવિમલ ગણી વિશુદ્ધ વિમલ તસ શિષ્યાજી ।
તસ ગુરૂભાઇ ગુણ ગણ જુત્તા મહોદય વિમલ ગણીશાજી ॥ ૩ ॥
પ્રમોદ વિમલ ગુરૂતસ પટધારી ભણિ વિમલ ગણિ સજ્ઞાજી ।
તસ શિષ્ય ઉદ્યોત વિમલ પંડિત તસ દાન વિમલ વિજ્ઞાજી ॥ ૪ ॥
તસ શિષ્ય દયા વિમલજી દક્ષા બ્રહ્મચારી ગણધારીજી ।
વિમલ શાખા તરૂવર વરકંદા સંયમધર ઉપગારીજી ॥ ૫ ॥
તસ શિષ્ય સૌભાગ્ય વિમલજી કૃતિપંન્યાસ શ્રીકારીજી ॥
પંન્યાસ મુકિત વિમલ ગણિ તસ છે શિષ્યભાવ મન ધારીજી ॥૬
સંવત ૧૯૭૦ ઓગણીસે સીતેર સાલે કાર્તિક વદી બહુ સારોજી
એકાદશી શોમવારે નગરે રાજનગર મઝારોજી. ॥ ૭ ॥
પંન્યાસ પદ લઇ નિજ ગુરૂ હાથે આવ્યા વિમલ ગીરિંદાજી ।
યાત્રા કરવા ફાગુણ પહોંચ્યા સુદ બીજ શુક્રવારિંદાજી ॥ ૮ ॥
ફાગુણ સુદ ત્રીજને શનીવારે ભેટયા ઋષભ જીણંદાજી ।
ફાગુણ સુદ આઠમ ગુરૂવારે જાત્રા કરી આણંદાજી ॥ ૯ ॥
એહ ચોવીસી રચના કીધી થુણીયા સર્વ જીણંદાજી ।
પાદલીપ્તપુરમાંહી સારા ભવિજન કમલ દિણંદાજી ॥ ૧૦ ॥
આ ચઉવીશી ભણશે ગુણશે જે ભવિ નીતનીત ગાશેજી ।
તે મુકિત વિમલ સુખીયા થઇને અવિચલ લીલા લેશેજી ॥ ૧૧ ॥
॥ ઇતિ શ્રી નિસ્સીમ સામ્યતા સદન વદનપ્રભ પ.ગૂમ રત્નાભ્યુ

પીયૂષપાદ સુવિહિતસભાસાર્વભૌમ સમાન શ્રીમત્પંન્યાસ યાદ
વિમલજિનન્નિર્મલ સરસ્વતી મંડલ મંડિત સકલ પંડિત સમાજ
પયોજવિકાસાંભોજ પાણિસન્નિભ મુખ્ય શિષ્ય શ્રીમત્પન્યાસ
સૌભાગ્ય વિમલ જિત્પાદારવિંદ ચંચરીકાયમાણ વિનેય પંન્યસા
શ્રુકિત વિમલેન પ્રરચિતાનિ પ્રાકૃતાનિ ચતૃર્વિંશતિ જિનસ્તવ-
નાનિ સંપૂર્ણાનિ ॥ પ્રભુર્જયતુ ॥ શ્રી શાંતિર્ભવતુ ॥ શ્રી ॥

॥ સમાપ્તં ॥

અથ શ્રીપાર્શ્વનાથનું સ્તવન.

ચારિત્રપદ શુભ ચિત્ત વસ્યું એ દેશી. ॥

પાસ જિનેશ્વર વંદીયે સવિ જગતના હો જેહ તારણહાર ॥
વામા નંદન જગ જયો ભવિ પાપના હો જે મારણ હાર ॥
પાસ૦ ॥ ૧ ॥

ઉપકાર પૂર્વનો સંભારી ધરણેંદ્રજી હો જે નાગ ભૂપાલ ।
નાગ ચિન્હના મિષ થકી તેહ પ્રભુને હો સેવે ત્રણ કાલ ॥
॥ ૫૦ ॥૨॥

આનંદ પૂર જીવા ભણી જેહ ઉત્તમ હો શતાંગ સમાન ।
કીર્તિ ગુણાદિક જેહના નિત્ય ગાવે હો સવિ સુર એક તાન ॥
૫૦ ॥ ૩ ॥

રાગ રોષ મહાશત્રુને છેણે જીત્યા હો શુભ ધ્યાન પસાય ।
તેહથી જિન પદવી લહી જેણે દીધા હો ભવિ સુખ સમવાય ॥
૫૦ ॥ ૪ ॥

આણંદ દાયક જિનપતિ ભદ્ર કેલના હો પૂણી ઘાત મતંગ ।
અતિશય ઋદ્ધિથી શોભતા જેની કીર્તિ હો જગ ગાવે ઉમંગ ॥
૫૦ ॥ ૫

વીરપણું જેણે દાખીયું કર્મ ભટની હો સેના જીતીને ખાસ ।
વિશુદ્ધ ધર્મ પ્રકાશતા મહોદયનો હો પંથ દાખ્યો જાસ ॥
૫૦ ॥ ૬ ॥

પ્રમોદ ભણી રોહણા ચલ ભવ સિંધુમાં હો જેહ ઉત્તમ પોત ।
સુંદર નિજ કલ્યાણથી જેણે કા . હો ત્રણ જગમાં ઉદ્યોત ॥૫૦॥૭॥

દાન શીયલ તપ ભાવના દયા પુજના હો ઉપદેશના કાર ।
સોહગપણું સવિ લોકને જેણે દીધું હો ઉત્તમ શ્રીકાર ॥
પા૦ ॥ ૮ ॥

પાસ જિણંદને સેવસે તેહ લેશે હો કલ્યાણનો ભાર ।
મુકિત વિમલ પદ પામશે તેને થાશે હો શિવ લાભ અપાર ॥
પા૦ ॥ ૯ ॥

અથ શ્રી પંચસરાપાર્શ્વનાથનું સ્તવન.

સહજાનંદી શીતલ મુખ ભોગીતો એ દેશી ॥

મહાનંદ પદના સુખના દાતાતો વિમલતા ઘર વંદીયે । કેસર
ચંદન ઘોલી ।
પૂજોરે કુસુમે ભવમાં ઉત્તમ અરિહંત દેવતો વંદીને પાપ નિકંદીયે ॥
કે૦ ॥ ૧ ॥

સોમપિતા તણું માંપણ જાણતો લેહન કારક તસ ખલુ કે૦ ।
તેહતણા વર તેહનું યાનતો તેહનું ફુલતે અતિભલું ॥ કે૦ ॥ ૨ ॥

તેહ તણો સુત તેહનો ભિત્રતો તાસતે વયરી સુંદરૂ કે૦ ।
તાસ રિપુ તસ નાથની જાયા તો એક વરણયુત ધુરધરૂ ॥
કે૦ ॥ ૩ ॥

એકવીસમો ફરસતો વલી લહીયેતો અનંત તેહને સિરધરિ કે૦ ।
વંજણ વરણ તે સાધિક માનેતો શ્રવણથી તે યુત કરી ॥કે૦ ॥૪॥

મુણી અક્ખર સિટ તણો ગ્રહીયે તો અતિશય ઠાણ જિનેસરૂ ॥
કે૦ ॥ ૫ ॥

સુદર્શન નૃપ પુત્ર જિનેશતો નામનો બીજો આચરૂ ॥ કે૦ ॥ ૬॥
તેહને કરણ સમેત કરીને તો લક્ષણ યુત જિન ભાલિયે ॥ કે૦ ॥
ભોગિ ભવપતિ સેવિત પાદતો પૂજિને ટાલીયે ॥ કે૦ ॥ ૬ ॥

શમિ પરિમાણે જિન તણું નામતો તેહની પેહેલો પરિહરિ ॥કે૦॥
વીસમાં ફરસને કરણને ધારિતો ઉત્તમ સંયમ મન ધરિ ॥
કે૦ ॥ ૭ ॥

તે જિનવર નિત નિત નમીયેતો હરિ હરાદિક પરિહરિ ॥ કે૦ ॥
હરિપતિ સેવન છલથી સેવેતો હરિ લાંછન જિન દિલધરિ ॥કે૦॥૮॥

તે ભવિતે જિનવરને નમશે તેા સેાહગપણું તસ કામસે ॥ કે૦ ॥
અનુક્રમે કેવલ ઋધિ લહીનેતેા મુકિત વિમલ પદ પામશે ॥કે૦ ॥૮॥

અથ શ્રી પંચાશરા પાર્શ્વનાથનું સ્તવન.

મને સંસાર શેરી વિસરીરે લેાલ એ દેશી. ॥

મેંતેા પાસ પંચાસરા ભેટીયરે લેાલ તેતેા અણહિલપુર મેાજર
જોયે તેા વિઘન નાશક નાથ થાય છેરે લેાલ ભવ ભીતિના
ભંજન હારજો.
જે ઉત્તમ પદ દાતાર જો સવિજનના જેહ પાતાર જો ॥ એ
આંકણી ॥ ૧ ॥
નિલકાંતિથી ભુવન સેાહતું રે લેાલ જેને પદે છે નાગનું ચિન્હજો ।
જ્ઞાન રયણને રયણાયરૂરે લેાલ શત્રુ મિત્રમાં નહી ભેદ ભિન્નજો ॥
મે૦ ॥ ૨ ॥
વામા રાણીના નંદન દીપતા રે લેાલ પ્રભાવતી પ્રિયાતણા નાથજો ।
ભવિ લેાકને દેશના આપીને રે લેાલ જેણે કર્યાતે શિવપુર સાથજો
॥ મે૦ ॥ ૩ ॥
આણંદ સરેાવરમાં ભલારે લેાલ ક્રીડા કારક હંસ સમાનજો । ॥
વિમલાત્મા જે જિન નાથ છે રે લેાલ સાવગુણતણા નિધાનજો ।
મે૦ ॥ ૪ ॥
નિજ બુદ્ધિના વૈભવ રાશિરે લેાલ જેણે જીત્યેા અમરના સૂરિજો ; ॥
અડગણધર જેહના પાયનેરે લેાલ સેવે ભકિત પણાથી પૂરિજો
મે૦ ॥ ૫ ॥
અડતાલીસ સહસ જક્ષનેારે લેાલ નાથ જક્ષ છે પારસ નામજો ।
તે જક્ષથી પૂજિત નાથજીરે લેાલ તેથી પાર્શ્વનાથ છે નામજો ॥
મે૦ ॥ ૬ ॥
તેહ પાર્શ્વનાથને વંદશેરે લેાલ તજિ સર્વતે નિજ જંજાલજો ।
તે શુભગ ભાવને પામીનેરે લેાલ લેશે મુકિત વિમલ પદ સારજો
॥ મે૦ ॥ ૭ ॥

અથ શ્રીપંચાસરા પાર્શ્વનાથનું સ્તવન.

દેશી ગરબાની.

પાસ પંચાસરા ભેટીયેરે લોલ ભવતણા દુઃખ મેટીયેરે લોલ ।
ભુતિ અનોપમ દીપતીરે લોલ નિજ તેજે રવિ જિપતીરે લોલા૧।।
વામા ઉરસર હંસ છેરે લોલ જન્મથી જેહ અસામ છેરે લોલ ।
જ્ઞાન સુધારસ ધામ છેરે લોલ જન્મથી જેહ અસામ છેરે લોલ ।।૨।।
દેવધુરે અરિહંતછેરે લોલ શિવ વહુતણા કંથ છેરે લોલ
અણહિલ્લપુરમાં બિરાજતારે લોલ ઉત્તમ કાંતિથી રાજતારે લોલા૩।।
આણંદસમૂહના કંદ છેરે લોલ આગમ સિંધુમાં ચંદછેરે લોલ ।
ઋદ્ધિ તણા ઘર જાણીયેરે લોલ કીર્તિ જલેશ વખાણીયેરે લોલા૪।।
કર્મ સુભટમાં વીર છેરેલોલ વિશુધ્ધ ધર્મ હારનીર છેરે લોલ ।
મહોદય પદને આપતારે લોલ ભવિતણા દુઃખ કાપતારે લોલ ।।૫।।
પ્રમોદ મણિ તણા ખાણછેરે લોલ જગ ઉદ્યોતમાં ભાણ છેરે લોલ
ભવિ સમીહિત સુરસાલ છેરે લોલ દયા તણા સાલ છેરે લોલ ।।૬।।
જન સૌભાગ્ય વધારતારે લોલ સર્વ વિઘનને વારતારે લોલ ।
દેવતણા અધિ દેવતારે લોલ જેહને દેવપણ સેવતારે લોલ ।।૭।।
અષ્ટ કર્મરિપુ વારીનેરે લોલ મુકિતવિમલ પદ પામીયારે લોલ ।
અનંત સુખતણા વાસનેરે લોલ નમો પંચાસરા પાસનેરે લોલ ।।૮।।

અથશ્રી પંચાસરા પાર્શ્વનાથનું સ્તવન.

ઝાંઝરીયા મુનિવર ધન્ય ધન્ય તુમ અવતાર એ દેશી ।।

જિતારી નૃપ નંદનાજી આદિમ શ્રી જિનરાય
તસ શાસન સુરી ભટીજી તસ પર નામ ધરાય।। ભવિચિત્ત ધરીને
સેવો જિનવર તેહ ।। ૧ ।।
વામ કુળ ભુષણ ભલુંજી જસ લાંછન મનોહાર
તેહ તણો અસખાવશીજી વિશાલ લોચન સાર ।।ભવિ૦ ।। ૨ ।।
તેહ તણા સુવિભુ ભલાજી તેહની ભામિની જાણ ।
ભુલિ કરસ વાલિ થઈજી તેહને ધુર મંડાણ ।। ભવિ૦ ।। ૩ ।।

ત્રાવક ગુણમિત વર્ણનેજી હવિયે તેહની પાસ ।
તેહ ઉપર ગોયથ ધરીજી થાવિત ભુતલ જાસ ।। ભવિ૦ ।। ૪ ।।
દ્રવ્ય ફરસને વલી લહિજી કર્ણ ધરો એક તાન ।
ઉષ્માણ અક્ષર ભેદ છેજી તેહમાંહિ તત્વ પ્રમાણ ।। ભવિ૦ ।।૫।।
અંતસ્થાપણ તેહલાજી તે માંહી ધરો શુભ દ્રષ્ટિ ।
સ્વર સહિત તે ગ્રહીજી કુમંત પ્રતાડન યષ્ટિ ।। ભવિ૦ ।। ૬ ।।
તેહનો વર કાનો ધરીજી ઓલખ્યો જિનવર તેહ ।
મૂલ નામ હવે વર્ણવુજી પુણ્ય કન્દવર મેહ ।। ભવિ૦ ।। ૭ ।।
શખલમાન ફરસ ભલોજી તેહને ધ । ભવિ કાનો ।
સ્વરક ધાતુ ગ્રહણ કરીજી ક્કારને વલી કરો છાનો ।।ભવિ૦ ।।૮।।
સાધુ ગુણ તેહ વર્ણનેજી સ્વરહિત ધરો તેને શિર ।
વાયુ પથ યુગ ફરસનેજી કાનો ધરો કરે ધીર ।। ભવિ૦ ।। ૯ ।।
સંયમમિત વ્યંજન ગ્રહીજી ભવ રહિત થાઓ નિત ।
એ જિનવરને ભેટીયેજી ભેટતાં સુચિ થાયે ચિત્ત ।। ભવિ૦ ।।૧૦।।
આણંદાયક જિનવરૂજી રૂદ્ધિ કીર્તિ ભંડાર ।
વીર વિમુદ્ધ મહોદયાજી પ્રમોદયમો વારંવાર ।।ભવિ૦ ।। ૧૧ ।।
મણિઉદ્યોત સ્પર્શનાજી દયા વિમલ ગુરૂરાય ।
સૌભાગ્ય વિમલ મુનિ રાયનાજી મુકિત વિમલ ગુણ ગાય
।। ભવિ૦ ।। ૧૨ ।।

અથશ્રી ગોડીપાર્શ્વનાથનું સ્તવન.

હવે મંગલ નૃપ પેસિયા આવ્યા નર આણા કાજ હો વિનિત એદેશી।।
શ્રી પાલના રાસની।।

ગોડી પારસનાથ વંદીયે વિજાપુર ગામ મોજાર હો વિનીત૦ ।
દાસીવાડામાંહિ દીપતા. તે જિન હૃદયમાં ધાર હો વિનીત૦ ।।૧।।
વામાનંદન જિનપતિ અશ્વસેન કુલ દિનનાથ હો વિ૦ ।
ભવ ભયભંજક નાથજી નાથ રયણ વનનાથ હો વિનીત૦ ।। ૨ ।।
આણંદાયક પાસજી વિમલ કાંતિ ભંડાર હો વિ૦ ।
ઋદ્ધિથી જીત્યા સુર સુરિને પામ્યા સંસારનો પાર હો વિનીત૦ ।।૩।।
તીર્થપતિની ઋદ્ધિ ભલી ભોગવી કીધાં પાપ દુર હો વિ૦ ।

જેહની દેશના મનોહરા કુમતિ ધુકમાં સુર હો વિની૦ ॥ ૪ ॥
ભામંડલ નિજ તેજથા કરતું રવિ સાથે વાદ હો વિ૦ ।
આતમ દીક્ષિત આઠ તે ગણપતિ સેવિત પાદ હો વિનીત૦ ॥૫॥
નાગલાંછન અતિ શોભતું રોષનો કર્યો જેણે નાશ હો વિ૦ ।
માનભ દાઢી રહિત છે છેદ્યો ભવ તણો પાસ હો વિનીત૦ ॥૬॥
માયા સર્પિણી વિપત્તિરૂ લોભરૂ મદીધર હીર હો વિ૦ ।
દેવાસુરવર સેવતા પરિસહ સહનમાં ધીર હો વિનીત૦ ॥ ૭ ॥
કીર્તિ નદીશ્વર ચંદ્રમા દુઃખ ગજે મહાવીર હો વિનિત૦ ।
વિશુદ્ધ મહોદય પંથમાં વાહ રૂપે જેનિ ગીરહો વિનિ૦ ॥ ૮ ॥
પ્રમોદદાતાજિનવરૂ નાણ મણિ તણા ઠાણ હો વિ૦ ।
ત્રણ લોકમાં જે પ્રભુ ઉદ્યોતકારક ભાંણ હો વિનિત૦ ॥ ૯ ॥
શોભે ગજ જિમ દાનથી દયાથી તિમ શોભે નાથ હો વિ૦ ।
સૌભાગ્યપણાથી રાજતા ત્રણ જગતના નાથ હો વિનિત૦ ॥ ૧૦ ॥
અનંત સુખ ભંડાર છે કલ્યાણ તણા દાતાર હો વિ૦ ।
મુકિત વિમલ પદ પામિયા સકલ દેવતાને તાર હો વિનિત૦ ॥૧૧॥

અથશ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન.

॥ રાગ ગરબાનો ॥

ચાલો જઇયે રહિયે વઢીયાર દેશમાંરે તિહાં શંખપુર નયર
મોજાર પૂજે શંખેશ્વર પાર્શ્વનાથને નિત પ્રતેરે એ આંકણી ॥
સાખી—અતિત ચોવીશીમાં થયાં નવમા શ્રી જિનરાય ।
મિથ્યા તિમિર દીવા કરૂં દામોદર કહેવાય ॥
તેમના મુખ થકી દેશના સાંભલીરે અસાડી સંજ્ઞક શ્રાવક
જાણ પૂજે શંખેશ્વર૦ ॥ ૧ ॥
સાખી—તેમની વાણીથી અસાડીયે બિંબ ભરાવ્યું ઉત્તંગ ।
પાર્શ્વનાથનું તેહને સેવો ભવિ ઉમંગ ॥
વામારાણી કુક્ષીસર હંસ છે રે અશ્વસેન નરિંદ કુલ ચંદ ॥
પૂજો૦ ॥ ૨ ॥
સાખી—નિલી કાંતિ કરણની નવ ધનુ ઉન્નત દેહ ।
દેશના અમૃત રસ તણો જાણે વરસ્યો મેહ ॥

ચોત્રીસ અતિશય તેણે કરીરાજ તારે પાંત્રીસ વાણી તણા ગુણ
ધાર ॥ પૂ૦ ॥ ૩ ॥

સાખી—અઢાર દોષ રહિત પ્રભુ વલી તે છે મહાદેવ ॥
લોકાલોક પ્રકાશ કર રાજે નાણ સદૈવ ॥
બીજા બ્રહ્મા વિષ્ણુ મહેશ્વરારે તેતો નામ થકી છે દેવ ॥
પૂજો૦ ॥ ૪ ॥

સાખી—બ્રહ્માદિક અન્ય દેવને કામ દેવના ભૃત્ય ।
કુસુમાયુધને વશ થઈ સ્ત્રી આગલ કરે નૃત્ય ॥
તેહથી તેહને દેવ નવી ભાખીયેરે તેથી તેહને કહીયે વનિતા
દાસ ॥ પૂ૦ ॥ ૫ ॥

સાખી—તીર્થંકર મહારાયથી કામ તે નાઠો જાય ।
સિંહથી હાથી વૃંદ જિમ તેથી જિન કહેવાય ॥
અડતાલીસ યક્ષ પ્રભુરે પાર્શ્વ નામે યક્ષ જસ સેવે પાય ॥
પૂજો૦ ॥ ૬ ॥

સાખી—પદ્માવતી શાસન સુરી દેવી તણે પરિવાર ।
સેવે અહનિશ પયકમલ ભ્રમર તુલ્ય મન ધાર ॥
શંખેશ્વર પાર્શ્વજિનને પ્રણમો સદારે સંખેશ્વર પુર મંડણ જિનેશ
॥ પૂ૦ ॥ ૭ ॥

સાખી—પૂરવ સન્મુખ દેહરૂં પૂરવ સન્મુખ સ્વામ ।
મૂર્તિ અનોપમ નિરમલી શુભ ગુણ રયણના ધામ ॥
બાવન જિનાલય વિહાર અતિ ભલુરે મધ્યે મૂલ દેરાસર
સાર ॥ પૂ૦ ॥ ૮ ॥

સાખી—કૃષ્ણની સેના ઉપરે જરા સંધે જરા દીધ ।
તેહ જરા નિવારીને લોકને સુખીયા કીધ ॥
તીહાં શંખપુર નયર વસાવીનેરે કૃષ્ણે તીહાં સ્થાપ્યા પાર્શ્વનાથ ॥
પૂ૦ ॥ ૯ ॥

સાખી—આણંદ ઋદ્ધિ કીર્તિના દાયક તેહ જિણંદ ।
ક્રોધ શત્રુને વીર છે કુમત ધુક ટિણંદ ॥
વિશુદ્ધ બોધિદાય માર્ગ શતાગછેરે પ્રમોદ મણિ ઉદ્યોતના ખાણ
॥ પૂ૦ ॥ ૧૦ ॥

સાખી—દાન દયા ગુરૂરાયના સૌભાગ્ય ગુરૂના સાર ।
લોક બહુ યશ ગાય છે કેહેતાં નાવે પાર ॥
સંવત ઓગણીસે અડસઠ સાલમાંરે મધુ સુદ તેરસ દિનમાંહી
॥ પૂ૦ ॥ ૧૧ ॥
સાખી—અણહિલપુર પાટણ તણા સકલ સંઘને સાથ ।
શંખેશ્વરપુરમાં જઈ ભેટયા પાર્શ્વનાથ ॥
પંન્યાસ સૌભાગ્ય વિમલ ગુરૂ રાયનારે વંદે મુકિત વિમલ અંતે
વાસી પૂજે૦ ॥ ૧૨ ॥

અથશ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

રાગ બંગાલ.

પાનસર ગામ બિરાજે વીર મોહ મહારિપુ તાડન વીર સાહિબ
સેવીયે ॥ આંકણી ॥
ક્રોધ મહીરૂહને મહાવીર માન મહાવન દાહન વીર ॥ સા૦ ॥૨॥
માયા કુંડલિની મહાવીર લોભ મહામહીધર મહાવીર સા૦ ।
કામ મહાકરીને મહાવીર સર્વ દેવમાંહિ મહાવીર ભાસા૦ ॥૩॥
મોક્ષ માર્ગ ઈહિમાં ધનસાર સા૦ ।
પુન્ય કંદલી કંદલી ધનસાર દુર્જય પરિસહમાં ધનસાર ॥સા૦ ॥૩॥
રાગ સંદોહ કાનન સારંગ જૈનધર્મ હરિમાં સારંગ ।
ક્ષમા સર્વ નિધાન સારંગ આણંદ સરોવરમાં સારંગ ॥સા૦॥૪॥
કુવાદિદ્વીપીને પુંડરીક ધર્યું છે લેશે શિર પુંડરીક સા૦ ।
ભવ્ય લોક કોકિલ પુંડરીક રોષ રોગમાં છે પુંડરીક ॥સા૦ ॥૫॥
નમ્યા છે દેવ પ્રભુ પુંડરીક તેમના ભવિ નમો પુંડરીક સા૦ ।
જ્ઞાન મહા ઋદ્ધિના કોષ કર્મ તણો વલી કીધો છે શોષ ॥સા૦॥૬॥
કીર્તિ તણા છે પારાવાર વીરજિનેશ્વર દીલમાં ધાર સા૦ ।
વિશુદ્ધ મહોદય શંકર નિત્ય પ્રમોદ મંડલ મૈકિતક છિપ ॥સા૦॥૭॥
સિદ્ધારથ નૃપ જેહના તાય ત્રિસલામાતા જેહની માય સા૦ ।
નંદિવર્ધન જેહના ભાય જેહના નામને સુરનર ગાય ॥સા૦ ૮॥

ધર્મ મહામણિ રયણ ખાણ અજ્ઞાનકાકરિપુ વરભાણ સા૦ ।
પંચ કલ્યાણકે લોકમાં જેહ કર્યો ઉદ્યોતને તમનો છેહ ।।સા૦।।૯।।
જ્ઞાન દાનમાં અમર સાલ દયાવેલને ઉત્તમ ભાલ સા૦ ।
વિમલ સૌભાગ્ય પ મિ વિશાલ મુક્તિ વિમલ સુખ પામ્યા રસાલ ।।
સા૦ ।। ૧૦ ।।
સંવત ઓગણીસે સડસઠ માંહિ કાર્તિક વદ બારસ દિન
ત્યાંહિ સા૦ ।
પાનસર ગામમાં સંઘને સાથ ભેટ્યા વીરજિનેશ્વર નાથ ।।
સા૦ ।। ૧૧ ।।

અથશ્રી સીદ્ધાચલનું સ્તવન.

પ્રીતલડી બંધાણીરે અજિત જિણંદશું એ દેશી ।।

સિદ્ધાચલ ગિરિ ભેટી ભવિજન ભાવસું જેહ છે ભવ સાગરનો
તારણ હારજો ।
જિહાંપર કંડક મુનિવર અણસણ પાલીને જેહ થયા છે શિવવહુ
તણા ભરથારજો ।। સિદ્ધા૦ ।। ૧ ।।
ફાગણ સુદી આઠમને દિને વસે મનોહરે સુરસુરાધિપતિના
પરિચ્છદ સાથજો ।
પુરવ નવાણું વારતે ઋષભ જિણંદજી સમવસર્યા ઇહાં ભવિજન
તારણ નાથજો ।। સિ૦ ।। ૨ ।।
પુંડરીક ગણધર તે આદિ જિણંદના પંચ કોડ સાધુના સમુદયજુત્તજો।।
ચૈતર સુદ પુનમને દીવસે પામિયા સિદ્ધિ તણા પદને તે તવ
સંજુત્તજો ।। સિ૦ ।। ૩ ।।
દ્રાવિડને વારિ ખિલ હોય જે બંધવા દસ કોડી સાથસું અનસન
કીધજો ।
કાર્તિક માસની વર પુનમે તે મુનિવરા કરમ ખણ વિ તે ભણે
શિવસુખ લિધજો ।। સિ૦ ।। ૪ ।।
અજિતસેન મુનિ આદિનાથ ઉપકારથી સત્તર કોડી મુનિની
સાથસું સિદ્ધજો ।

એક સહસને આઠ મુનિવર સાથસું બાહુબલિ મુનિયે તે શિવપદ
લિધ્યજો ॥ સિ૦ ॥ ૫ ॥
ભરત મહીપતિ પંચકોડિ મુનિ યુકતથી સિધ્ધાચલમાં તોડયા
કરમના પાસજો ।
ચૌદ સહસ અણગાર તણા સમુદાયથી ઈમનારિ સાધુએ લીધું
શિવવાસજો ॥ સિ૦ ॥ ૬ ॥
સંપ્રતિ નામે જિનવર ગઇ ચોવિશીના તેહ તણા થાવર્યા વરગણ
ધારજો ।
તે પણ એ વિમલાચલ ગિરિના ઉપરે એક સહસનું કરમને દીધો
મારજો ॥ સિ૦ ॥ ૭ ॥
એમ અનેક તે ગિરિના ઉપર પામીયા મોક્ષવાસને પૂજો એ
ગિરિરાયજો ।
પૂજી સોહગ ભાવને પામી અનુકમે મુકિત વિમલ પદ પામો
ભવિજન રાયજો ॥ સિ૦ ॥ ૮ ॥

અથશ્રી સિદ્ધાચલનું સ્તવન.

પ્રીતલડી બંધાણીરે અજિત જિણંદશું એ દેશી ॥

સિધ્ધાચલ ગિરિ ભેટો ભવિજન ભાવસું
જિહાંપર કંઈક સાધુ શિવપદ લિદ્ધજો ।
જેહ ભવાદ્ધિમાંહિ પોત સમાન છે
જેનું જિનપતિએ વર વર્ણન કીધ જો ॥ સિ૦ ॥ ૧ ॥
ત્રણ કોડી મુનિરાજની સાથે શિવ વર્યા
શ્રી જયરાજ ઋષીશ્વર સિદ્ધગિરિ ટામજો ।
અંતિમ નારદ મુનિ પણ શુભ પરિણામથી
એક લાખ મુનિસું પામ્યા શિવ ધામજો ॥ સિ૦ ॥ ૨ ॥
શુકરાજ એ તીરથથી જય પામીયો
બાહ્ય અભિંતર શત્રુ કીધા હારજો ।

સરવ જાતિના તસ વિઘન દુરે ગયા
અનુક્રમે લીધો તેણે શિવસુખનો ભારજો. ॥ શિ૦ ॥ ૩ ॥
એ તીરથના મહિમાથી સવિ જાતના
કોઢ ગયા મહીપાલ કુમારના તેહજો ।
દુષ્ટ કોઢાદિક દુર્જય રોગ સમૂહનો
નાસણહાર છે ફરસ માત્રથી જેહને ॥ સિ૦ ॥ ૪ ॥
શુભ નામે મુનિવર સાતસે પરિવારથી
સિદ્ધા ઇણ ગિરિએ અણસણ પાલીજો ।
સુભદ્ર સાધુ સાતસે મુનિ સમુદાયથી
શિવપદ લીધું શુદ્ધ મારગને ઝાલિજો ॥ સિ૦ ॥ ૫ ॥
એમ અનેક મુનિવર તે ગિરિ ઉપરે
મહાનંદપદને પામ્યા તેહ રસાલજો ।
વિમલપણું વલી આપે તે નગભુપતિ
સર્વ તીર્થમાં તેહ છે ભુમિપાલજો ॥ સિ૦ ॥ ૬॥
જે ભવિ સિદ્ધાચલ ગિરિને સેવસે
શુદ્ધ દયામય ધર્મથી વાસિત ચિત્તજો ।
સોહગ ભાવને પામી તે અનુક્રમે
મુકિત વિમલપદ લાભને લેશે નિત્યજો ॥ સિ૦ ॥ ૭ ॥

અથશ્રી જિનપ્રતિમા પ્રતિપાદક સ્તવન.

ભવિકા સિદ્ધચક્રપદ વંદો એ દેશી ॥

જિનજી તુજ પ્રતિમાને નમીયે આલસ વિકથા છાંડી
જિન સરખી જિન પડિમા કહિયે થુણીએ સ્તવના માંડીરે
જિનજી તુમ આણા સિર ધરીયે જિમ સંસારને તરીએરે ॥
જિન૦ ॥ ૧ ॥
ચાર નિક્ષેવ તણો અધિકાર અનુયોગ દુવારે દાખ્યો ।
ચાર અત્યને દસ સત્યાનો ઠાણાંગે વલી ભાખ્યોરે ॥ જિન૦ ॥૨॥
કેક કુમતિ તે પાઠ ઉત્થાપિ પોતાની કુમતિ થાપે ।

જિન પડિમા ઉત્થાપક ભવમાં ભમશે ઘણું નિજ પાપેરે ॥
જિન૦ ॥ ૩ ॥
ચારણ મુનિયે પ્રતિમા વાંદી ભગવતી સૂત્રની સાખે ।
વીસમા શતકમાં નવમા ઉદ્દેશે ગણધરદેવ તે ભાખેરે ॥જિન૦ ॥૪॥
રૂચકાદિક નંદીશ્વર દ્વીપે શાશ્વતિ પ્રતિમા વાંદો ।
જેહ થકી આવીને પડિમા અશાશ્વતિ પણ વાંદીરે ॥ જિ૦ ॥ ૫ ॥
તેહથી ફેર નહિ અસાસય સાસય પડિમ માંહી ।
તે પડિમા જિનની જે વંદે શિવસુખ લેશ ઉછાંહિરે ॥જિ૦ ॥ ૬ ॥
જે તે સૂત્રનો પાઠ ઉત્થાપી પડિમા જિનની ઉલંઘે ।
તે કુમત્તિનો સંગ જે કરશે ભવમાં ભટકશે ચંગરે ॥જિ૦ ॥ ૭ ॥
ચૈત્ય શબ્દનો જ્ઞાન અરથ જે કરે તે કુમતિ ધીઠા ।
જ્ઞાન એકને ચૈત્ય ઘણેરા આગમમાંહી દીઠારે ॥ જિન૦ ॥ ૮ ॥
બંભી લિપીને નમતાં ગણધર દ્રવ્ય નીક્ષેપો દાખ્યો ।
જેહ ચાર નીક્ષેપા સેવે તેણે શિવસુખને ચાખ્યોરે ॥જિ૦ ॥ ૯ ॥
રાયપસેણી સૂત્રમાં દીઠો સુર્યાભનો અધિકાર ।
તે દ્રવે શુદ્ધ ભાવથી જિનની પડિમા પૂજિ સારરે ॥જિ૦ ॥૧૦॥
જેહ નોધમ્મા દેવને કીધાં તેહતો ચરણ અપેખે ।
અજ્ઞાની તે પ્રતિમા શત્રુ શુધ્ધ પાઠને ઉવેખેરે ॥ જિ૦ ॥ ૧૧ ॥
દ્રૌપદીએ જિન પડિમા પૂજિ જ્ઞાતા સૂત્રની માંહી ।
નમુત્થુણંના પાઠ સહિત તે સ્તવના કરી ઉચ્છાંહિરે ॥જિ૦ ॥૧૨॥
કામદેવની પ્રતિમા આગળ નમુત્થુણં નવિ હોય ।
એમ દોષ કુમતિના પેખી ભવિ પડિમા નમો સોયરે
॥ જિ૦ ॥ ૧૩ ॥
એમ અનેક ઠેકાણે પડિમા વંદણ વંદણ કહિ જિનરાજે
તે પડિમા નહિ વંદન હેતે કુમતિ તે સૂત્રને ભાંજેરે ॥જિ૦ ॥૧૪॥
તે કુમતિનો સંગ તજીને નમે જિન પડિમા જેહ ।
જ્ઞાન તણી લક્ષ્મી પામીને સૌભાગ્યપણું લહે તેહરે ॥જિ૦ ॥૧૫॥
કુમતિ સંગને છોડી જે ભવિ નમે જિન પ્રતિમા નિત્ય ।
તે ભવિ મુક્તિ વિમલપદ સુખના ભોક્તા થશે શુભ ચિત્તરે
॥ જિ૦ ॥ ૧૬ ॥
ઇતિ ॥

અથશ્રી વીજાપુરના દેરાસરનું સ્તવન.

પ્રીતલડી બંધાણીરે અજિત જિણંદશું એ દેશી ॥

વીજાપુરમાં દોશીવાડામાં અતિ ભલેા જિન દેરાસર તેહમે
બીજે માલજો
નાભિ સુતને નીચે જિન પંચ સાથમું ગેાડી પારસનાથને નયણે
ભાલજો ॥
ભવિજન ભાવે વંદેા જિનગણ ભાવમું ॥ ૧ ॥
સુથારવાડામાં ત્યાં રહું જિનવર દેહરૂં ઉપર ચેામુખ નીચે
આદિનાથજો ।
આઠ જિનેસર સાથમું તેમને વંદીયે સેાહગ ભાવને આપે જે
જિનનાથજો ॥ ભ૦ ॥ ૨ ॥
તેહજ સુથારવાડામાં બીજું ભલું અર જિન કેરું દેહરૂં અતિ
મનેાહારજો ।
પંચ પડિમા યુકત તે અરવિમુ પેખીયે ઉતર દિશા સન્મુખ જિન
પધારજો ॥ ભ૦ ॥ ૩ ॥
કુંથુનાથના જિન ઘરમાં કુંથુ પ્રભુચાર પ્રતિમા સહિત નમેા
ભવિ લેાકજો ।
તસ ભાયે સંભવપતિ શાંતિ જિનેસર વંદિ લહેા તુમે મુકિત
તણા સુખ થેાકજો ॥ ભ૦ ॥ ૪ ॥
મહાવીર દેહરે માલમાં શ્રી પદ્મપ્રભુની પડિમા સાથે વંદ્યા તે
આજજો ।
મુલગભારે કીર્તિવિમલ ઠાણ પ્રભુ વીર જિનેશ્વર સાથે આઠ
જિનરાજજો ॥ ભ૦ ॥ ૫ ॥
શાંતિનાથને દેહરે શાંતિ પતિ નમેા પાંચ પ્રતિમા સાથે તે મુખ
કાજજો ।
તેહની પાસે વાસુપૂજ્ય જિનાલયે ચેામુખ જિનને વંદેા ભવિ
સિરતાજજો ॥ ભ૦ ॥ ૬ ॥
ચિંતામણીના દેહરે ત્રીજા માલમાં છ પ્રતિમાની સાથે અરજિનનાથજો ।
બીજે માલે તેર પ્રતિમા યુકત તે નેમિ જિનને વંદેા ભવિ
શિવનાથજો । ભ૦ ॥ ૭ ॥

તેહની નીચે ગભારે જોડ વલી આદિ જિનને વંદો શિવપુર સાથજો.
જિન અગીયારને બે કાઉસગીયા સાથસું બે ચોવીસી સાથે
શ્રી જગનાથજો ।। ભ૦ ।। ૮ ।।
તેહની જોડે ચુલગભારે પ્રણમીયે બે કાઉસગીયા સાથસું
જગદાધારજો ।
સાત જિનેસર બીજા જોડે દેખીયે ચિંતામણી પારસ જિનને
દિલધારજો ।। ભ૦ ।। ૯ ।।
બે કાઉસગીયા ચોમુખજીની સાથસું પાસે રહેલી તેર પ્રતિમા
જોયજો ।
આણંદ રહને દાતા સુંદરૂં આદિ જિનને વંદે શિવસુખ હોય જો
।। ભ૦ ।। ૧૦ ।।
સંવ૰ ઓગણીસ અડસઠના માહામાસના કૃષ્ણ પક્ષની એકાદશી
શુભવારજો ।
મંગલવારે વીજાપુરના વિહારની યાત્રા કરી સવિ સંઘની સાથે
સારજો ।। ભ૦ ।। ૧૧ ।।
દોસિવાડ વિમલગચ્છ ઉપાશ્રયે સૌભાગ્ય વિમલ ગુરૂની પામી આણજો
સ્તવન રચીને સંઘ આગ્રહથી તે દિને મુક્તિ વિમલ પામે સુખની
ખાણજો ।। ભ૦ ।। ૧૨ ।।

અથ અડસઠતીર્થનું સ્તવન.

ઢાળ ૧ લી. ।।

અડસઠ તીરથ વંદીયેરે લાલ જૈન ધર્મના જોય ભવિ પ્રાણીરે
તેહના નામ અતિ ભલારે લાલ સ્મરણ થકી સુખ હોય ભવિ
પ્રાણીરે ।। ૧ ।।
પ્રથમ શત્રુંજય ધારીયેરે લાલ બીજો રૈવત ગિરિરાય ભવિ૰ ।
સમેત શિખર રલિયામણોરે લાલ નામ થકી સુખદાય ।।ભવિ૰ ।।૨।।
અષ્ટાપદ તીરથ ભલોરે લાલ આબુ તીરથ મનોહાર ।। ભવિ૰ ।।
આરાસણ તીરથ નમોરે લાલ પાતિક શત્રુ પ્રહાર ।। ભવિ૰ ।।૩।।

તારંગા ઈડર ગઢ વંદીયેરે લાલ તીરથ અનુત્તર યંત્ર ।।ભવિ૦।।
ઓલોક વૈતાઢય ભુધરેરે લાલ તીરથ ગુણ નિધાન ।।ભવિ૦ ।।૪।।
જ્યોતિષવ્યંતર વંદિયેરે લાલ કલી કુંડ પારસદેવ ।। ભવિ૦ ।।
કુર કુટેશ્વર તીરથનેરે લાલ સાવત્થી નમો તત્ખેવ ।।ભવિ૦ ।।૫।।
ચંપાવતીને ગજપુરીરે લાલ વિનિતા વૈભાસાર ગિરિનામ ।।ભવિ૦।।
અપાપ તીરથ જુહારીયેરે લાલ વર્ધમાણ સુખદામ ।। ભવિ૦ ।।૬।।
સહુસફણા અંતરીક્ષજીરે લાલ માણિક સ્વામિ છે ઉદાર ।।ભવિ૦।।
માનુષ્યોત્તર ગિરિવરૂરે લાલ નંદીશ્વર મનોહાર ।। ભવિ૦ ।। ૭ ।।
રૂચક કુંડલ ધારીયેરે લાલ તક્ષશિલા તીર્થસાર ।। ભવિ૦ ।।
મથુરા અગિદીકા તીર્થછેરે લાલ દાપને કરે સંહાર ।।ભવિ૦ ।।૮।।
બોલે બોલે એક સ્તંભ જાણીયેરે લાલ સોમ તાત મોહે મોહે
।। ભવિ૦ ।।
સૌભાગ્ય વિમલ રામ વંદારે લાલ વંદા ભવિ સુખ ભેરરે
।। ભવિ૦ ।। ૯ ।।

અથ બીજી ઢાલ.

હાંરે મારે વલ્હી તીર્થને સ્તંભ તીર્થને જોયેજો બ્રહ્માણને ચિત્રકુટ
જુહારીયેરે લોલ
હાંરે મારે બંભણવાડને હિરા સરસનો હારજો શાંતુ તીર્થને મન
માંહી ધારીયેરે લોલ ।। ૧ ।।
હાંરે મારે વંસતપુરને મેરૂ સાવચ્છે નામજો પાલણતીર્થને ઓરા
ઉલને નિરખીયેરે લોલ
હાંરે મારે કરહોડા તીર્થને કાસહુ તીર્થજો મંચ્યપુર પાટણ જોઈ
હરખીયેરે લોલ ।। ૨ ।।
હાંરે મારે વસંતપુર પાટણને દસોર તીથજો સોપારાપુર પાટણ
ધરણ વિહારછેરે લોલ
હાંરે મારે કુંભલ મેરૂ શીરોહી શુભ તીર્થજો મેરૂ ભુધર તીર્થને
રાલ વિહારછેરે લોલ ।। ૩ ।।

હાંરે મારે નાગીઇને આનંદપુરને દેખજો નાંદોલને નવખંડા પારસ
જિનપતિરે લોલ
હાંરે મારે નવ પલ્લવને શંખેશ્વર મહારાજજો ગોડીપારસનાથને
પૂજો શુભમતિરે લોલ ॥ ૪ ॥
હાંરે મારે ભદ્રવા પાર્શ્વને ચિત્તમાં ધારજો પારસનાથ શ્રી કર્યો
કુંડને ભેટજોરે લોલ
હાંરે મારે અડસઠ તીરથ શ્રાવકના વિશાલજો તેહ વંદીને ભવિજન
દુઃખને મેટજોરે લોલ ॥ ૫ ॥
હાંરે મારે અડસઠ તીરથનો તપ કરજો ભવિ લેાકજો મિથ્યાત્વીના
તીર્થને દૂરે તજોરે લોલ
હાંરે મારે જૈન ધર્મના તીર્થના ભવજલ નાવજો જાણીરે ભવિ
એક મન તેહને ભજોરે લોલ ॥ ૬ ॥
હાંરે મારે જૈન તીર્થનો તપ કરશે ભવિ લેાકજો તે સૌભાગ્ય
પણાના ગુણને પામશેરે લોલ ॥
હાંરે મારે આ ભવમાંહિ મહા સુખદાયક થાયજો અનુક્રમે
મુક્તિપુરીમાં જઈ વસેરે લોલ ॥ ૭ ॥
સંપૂર્ણ ॥

અથશ્રી ગોડી પાર્સનાથનું સ્તવન.

શ્રી ગોડી પાર્શ્વજિન ભેટીયેરે લાલ
નરોડા ગામ મોઝાર મન મોહ્યુંરે ।
શ્રી અશ્વસેન નરિંદનારે લાલ
નંદન અતિ સુખકાર મન મોહ્યુંરે ॥ શ્રી ગોડી પાર્શ્વજિન૦ ॥૧॥
પદ્માવતી શાસન સુરીરે લાલ
કરતી જસપદ સેવ મન મોહ્યુંરે ।
જસપદ લાંછન શોભતુંરે લાલ
સર્પનું તે નિત્ય મેવ મન મોહ્યુંરે ॥ શ્રી ગોડી૦ ॥ ૨ ॥

આઠ કર્મ રિપુ જીતીનરે લાલ
જે પામ્યા ભવપાર મન મોહ્યુંરે ।
ભવિજન વાંછિત પૂરવેરે લાલ
કલ્પવૃક્ષ સમ સાર મન મોહ્યુંરે ॥ શ્રી ગોડી૦ ॥ ૩ ॥
આનંદદાયક જીવનારે લાલ
ઋદ્ધિ કીર્તિ ભંડાર મન મોહ્યુંરે ।
વીર વિશુદ્ધ મહોદયારે લાલ
પ્રમોદ મણી આગાર મન મોહ્યુંરે ॥ શ્રી ગોડી૦ ॥ ૪ ॥
જ્ઞાન ઉદ્યોતે દીપતારે લાલ
દાન શીલ તપ ભાવ મન મોહ્યુંરે ।
ઓહિજ ધર્મ પ્રકાશતારે લાલ
દયા મુખ્ય સ્વભાવ મન મોહ્યુંરે ॥ શ્રી ગોડી૦ ॥ ૫ ॥
જ્ઞાન રયણના નિધાન મન મોહ્યુંરે
ઓગણી સિતેર સાલમાંરે લાલ
પોસ માસ સુખ ધામ મન મોહ્યુંરે ॥ શ્રી ગોડી૦ ॥ ૬ ॥
વંદી સાતમ રવિવારનેરે લાલ
જાત્રા કરી મનોહાર મન મોહ્યુંરે ।
શ્રી ગોડી પાર્શ્વનાથનારે લાલ
સુચિત વિમલજયકાર મન મોહ્યુંરે ॥ શ્રી ગોડી૦ ॥ ૭ ॥

અથશ્રી સરખેજ મંડન શ્રી વાસુપુજ્યનું સ્તવન.

તુમે બહુ મંત્રીરે સાહિબા એ દેશી ॥

વાસુપૂજ્ય જિણંદને વંદો અતિ સુખકાર જગતારણ જગનાથજી
સરખેજ ગામ મોઝાર ॥ ભવિજન સેવો જિણંદને ॥ ૧ ॥
જ્ઞાન ગુણે કરી શોભતાં અભયદાન દાતાર ।
ઉત્તમ જનમ જે પામિયા ચંપાનયરી મોઝાર ॥ ભવિ૦ ॥૨॥
વાસુપૂજ્ય નંદન દીપતા માત જયા સુભ સાર ।
લાલ પ્રભા છે શરીરની મહિષ લાંછન ઉદાર ॥ ભવિ૦ ॥ ૩ ॥

આનદપદને જે આપતા ઋદ્ધિ કીર્તિ અપાર ।
વીર મહોદય ઠાણ પ્રમોદ મણીના આગાર । ॥ ભવિ૦ ॥ ૪ ॥
જ્ઞાન ઉદ્યોતે રાજતા દાન દયા ભંડાર ।
સૌભાગ્ય પદનેરે આપતા પૂરવ સન્મુખ સાર ॥ ભવિ૦ ॥ ૫ ॥
ઓગણીસે સિતેર સાલમાં મહા સુદ તેરસ રવિવાર ।
રાજનગર સંઘ સાથસું મુક્તિવિમલ સુખકાર ॥ ભવિ૦ ॥ ૬ ॥
ઇતિ ॥

અથ શ્રી સિદ્ધાચલનું સ્તવન.

સિદ્ધાચલગિરિ ભેટીયેરે લાલ અનંત સિદ્ધનું ઠામ મન મોહ્યુંરે ।
કેઈ મુનિ અણસણ પાલીનેરે લાલ જિહાં પહોડયા શિવધામ
મન મોહ્યુંરે ॥ ૧ ॥
ફાગણ શુદ આઠમ દિનેરે લાલ પૂરવ નવાણું વાર મન મોહ્યુંરે ।
આદિ જિણુંદ સમોસર્યારે લાલ જાણી મહિમા અપાર મન૦
॥ સિદ્ધા૦ ॥ ૨ ॥
ચૈતર શુદ પુનમ દિનેરે લાલ પંચકોટી પરિવાર મન મોહ્યુંરે ।
સિદ્ધાચલ સિદ્ધિ વર્યારે લાલ પુંડરીક ગણધાર મન૦
સિદ્ધા૦ ॥ ૩ ॥
ફાગુણ વદ દશમી દિનેરે લાલ બે કોડિ મુનિ સાર મન મોહ્યુંરે ।
આદિ જિનેશ્વર પોતરારે લાલ નમિ વિનમિ અવતાર મન૦
સિદ્ધા૦ ॥ ૪ ॥
પ્રમોદ મણી ઉદ્યોતથીરે લાલ દીપે અતિ સુજગીશ મન મોહ્યુંરે ।
દાન દયા સુખ સાયથીરે લાલ સૌભાગ્યમલે નિશદિન મન૦
॥ સિદ્ધા૦ ॥ ૫ ॥
ઓગણી સીતેર સાલમાંરે લાલ ફાગણ શુદ ત્રીજ સાર મન મોહ્યુંરે
બારસની જાત્રા કરીરે લાલ મુક્તિ વિમલ જયકાર મન૦
॥ સિદ્ધા૦ ॥ ૬ ॥

અથશ્રી ભોયણી તીર્થ મંડન શ્રી મલ્લિનાથનું સ્તવન.

ચાલો જઈયે ભવિકા મલ્લિજિનને ભેટવારે
તેતો ભોયણી તીર્થ મોજાર નમિયે પ્રેમ ધરીને મલ્લિનાથને ભાવમું'રે
તેતો તરણ તારણ જિનનાથ છે રે જેના શુભ ગુણનો નહિ પાર
॥ નમિયે૦ ॥ ૧ ॥

સાખી—મથુરાપુરીમાં જનમીયા કુંભ મહીપતિ નંદ ।
પ્રભાવતી જસ માવડી વર ઇક્ષ્વાગ કુલચંદ ॥
જસ મુખ શોભે પુનમચંદ્ર સમાન અતિ ભલુંરે
આનંદ પાવે દેખી ઉત્તમ ભવિજન લોક ॥ નમિયે૦ ॥ ૨ ॥

સાખી—જ્ઞાન રયણથી દીપતા સાયર જિમ ગંભીર ।
શોષે પૂરવ પાપને જિમ વડવાનલ નીર ॥
પૂરવ દિશા સન્મુખ જિનજીતે શોભે ઘણારે
જસ શરીર તેજ બહુ સાર ॥ નમિયે૦ ॥ ૩ ॥

સાખી—ભવિજન વર્ગને તારતા જિમ નાવા જલ ઇંદ્ર ।
શુધ્ધ બોધ થઈ બોધીયા પૂરવ ભિત્ર નરિંદ્ર ॥
કાને કુંડલ મુગને મુકુટ તે શોભે મસ્તકેરે
રયણ કંચન જડિત સુભાસ ॥ નમિયે૦ ॥ ૪ ॥

સાખી—ઋધ્ધિ કીરતી વીરના વિશુધ્ધ મહોદય વાસ ।
પ્રમોદ મણિ ઉદ્યોતના દાન દયા આવાસ ॥
પદ સૌભાગ્યને આપે સેવક જનને જે સહારે
મુનિજન કેર ચંદ્ર સમાન ॥ નમિયે૦ ॥ ૫ ॥

સાખી—સંવત સીતેર સાલમાં ઓગણીશે વિક્રમરાય ।
ચૈત્રી પુનમને દિને શુક્રવાર સુધરાય ॥
પ્રણમી મલ્લી જિનને તે દિવસે અતિ પ્રેમમું'રે
જિનના મુકિત વિમલ ગુણ ગાય ॥ નમિયે૦ ॥ ૬ ॥

અથ શ્રી મલ્લિનાથનું સ્તવન.

જંબુદ્વીપમાં અતિ ભલીરે મિથિલા નગરી વિખ્યાત
કુંભ નરેસર તિહાં કણેરે રાજ કરે પ્રખ્યાતરે ॥ ભવિજન વંદો
મલ્લિ જિણંદ ॥ ૧ ॥

તસ પદ્ રાણી પ્રભાવતીરે રંભાસમ તસ રૂપ ।
તસ કુખે મલ્લિ આવીયારે હુરખ્યા રાણી ભૂપરે ॥ભવિ૦ ॥૨॥
પણવીસ ધનુષની દેહડીરે નીલવરણ જસ કાય ।
પુરવલા ષટ્ મિત્રનેરે બોધ કરી સમજાયરે ॥ ભવિ૦ ॥ ૩ ॥
માગશર સુદ એકાદશીરે દિને થયા મલ્લિનાથ ।
તેહ એકાદશી વ્રત લિયેરે સહસ પુરૂષની સાથરે ॥ભવિ૦ ॥૪॥
તેહ એકાદશીને દિનેરે પમ્યા કેવલ નાણ ।
સમવસરણા વિરચે સુરારે યોજન એક પ્રમાણરે ॥ભવિ૦ ॥૫॥
ભોયણી ગામ વિરાજતારે મૂર્તિ અનોપમ ચ્છાય ।
કુંભ લંછન સોહામણુંરે નિતનિત ઉચ્છવ થાયરે ॥ ભવિ૦ ॥૬॥
પ્રમોદ મણી ઉદ્યોત ભલારે દાન દયા ગુરૂરાય ।
સૌભાગ્ય વિમલ પંન્યાસનારે મુક્તિ વિમલ ગુણ ગાયરે
॥ ભવિ૦ ॥ ૭ ॥ ઇતિ ॥

અથ શ્રી કુંભારીયાજી તીર્થ મંડન શ્રી નેમિનાથનું સ્તવન.

ભોખરે ઉતારો રાજા ભરથરી એ રાગ. ॥

નેમિ જિણંદને વંદના કરીયે નિત્ય પ્રભાતજી ।
તીરથ આસાસણે સોહતા નામ કુંભારીયા ખ્યાતજી ॥નેમિ૦ ॥૧॥
ઉત્તર સન્મુખ જિનપતિ રાજિમતી તણા કંતજી ।
સંવત સોલ પંચોતરે સાલની પડિમા મુહંતજી ॥ નેમિ૦ ॥૨॥
મંત્રી વિમલશા શેઠના દેહરા જિનના ઉત્તંગજી ।
દેવ વિમાન જેસ્યું કર્યા દેહરા પંચ સુચંગજી ॥ નેમિ૦ ॥ ૩ ॥

જસ શાસન રખવાલીકા દેવી અંબિકા સારજી ।
નિજ નાથ નેમિ જિણંદની સેવ કરે નિત્ય ધારજી ॥નેમિ૦ ॥૪॥
જસ મધુ સુદ નવમી ગુરૂવારે ઓગણી ધ્રેકોતેર સાલજી ।
ઉંઝા વિજાપુર સંઘની સાથે જાત્રા કરી આવજી ॥ નેમિ૦ ॥૫॥
આણંદદાયક લેહના દાન દયા ભંડારજી ।
સૌભાગ્યેપદ આરાધતા મુદ્રિત વિમલ સુખસારજી ॥નેમિ૦ ॥ ૬ ॥

અથ શ્રી આબુજીનું સ્તવન.

આબુ અચલ રલિયામણોરે લાલ જન તીરથ જગ સાર મન
જે મોહયું રે
દેલવાડે શુભ દેહરારે લાલ દેવ વિમાન વિસ્તાર ॥ મન૦ ॥ ૧ ॥
આદિ જિણંદનું દેહરૂંરે લાલ મૂલ નાયક શુભ ઠામ મન૦ ।
કોરણી અતિ તસ દીપતીરે લાલ રીઠ વિમલશા ધામ ॥મન૦॥૨॥
બીજું નેમિ જિણંદનુંરે લાલ લુંણિકા વિહાર સુનામ મન૦ ।
વસ્તુપાલ તેજપાલનોરે લાલ જસ રેખા જિમ કાય ॥મન૦ ॥૩॥
તેજપાલની ભારજારે લાલ બીજી સુહડા નામ મન૦ ।
બારસે સત્તાણું સાલમાંરે લાલ વિક્રમરાયથી તામ ॥મન૦ ॥૪॥
પરણી મોઢની જાતમાંરે લાલ જાલહણ પુત્ર સુજાત મન૦ ।
આશા વણિકની પુત્રિકારે લાલ સાંતોષા કુખ જાત ॥મન૦ ॥૫॥
પુણ્યાર્થે નિજ દ્રવ્યથીરે લાલ સુહડા દેવીએ સાર મન૦ ।
ગોખલા હાય કરાવીયારે લાલ ખરચી લાખ અઢાર ॥મન૦ ॥૬॥
નેમિ જિણંદનું દેહરૂંરે લાલ તે પણ પોતે કીધ મન૦ ।
ગોખ બે મૂલ દેહરૂંરે લાલ કરાવી જસ લીધ ॥ મન૦ ॥ ૭ ॥
ત્રીજું આદિ જિણંદનુંરે લાલ દેહરૂં અતિ મનોહાર મન૦ ।
પંચ ધાતુ પ્રતિમા ભલીરે લાલ પૂજે નિત્ય શ્રીકાર ॥મન૦ ॥૮॥
પાર્શ્વ જિણંદનું દેહરૂંરે લાલ ચોમુખ પ્રતિમા ચાર મન૦ ।
સુત્રધારનું કરાવીયુંરે લાલ ત્રણ માલનું સાર ॥ મન૦ ॥ ૯ ॥
મહાવીર સ્વામીના ચૈત્યમાંરે લાલ પ્રણમ્યા વીર જિણંદ મન૦ ।
દેલવાડે પંચ દેહરેરે લાલ પ્રણમ્યા સકલ જિણંદ ॥મન૦ ॥૧૦॥

અચલગઢે જઇ વંદીયારે લાલ મૂલશ્રી આદિ જિણંદ મન૦ ।
ભાલ દેાયમાં જિનવરારે લાલ ચેામુખ પ્રણમ્યા આણંદ।।મન૦૧૧।।
સંવત એાગણીસ ઇકેાતરેરે લાલ ચૈતર સુદ રવિવાર મન૦ ।
બારસ તિથિ દેલવાડમાંરે લાલ આબુ તીરથમાં સાર
।। મન૦ ।। ૧૨ ।।

સ્તવન રચ્યું જાત્રા કરીરે લાલ ચૈત્રી પુનમ બુધવાર મન૦ ।
દાન દયા સૌભાગ્યથીરે લાલ મુકિત વિમલ સુખકાર
।। મન૦ ।। ૧૩ ।। ધ્રુતિ ।।

।। અથ શ્રી આસણવાડ તીર્થમંડન શ્રી મહાવીર સ્વામીનું સ્તવન ।।

બાપલડાંરે પાતિકડાં તુમે શું કરશેા હવે રહીનેરે એ દેશી ।।
ચાલેારે ભવિજન આસણવાડે વીર જિણંદને વંદારે ।
જગ નાયકને ભવિ શુભ ભાવે વાંદે પાપ નિકંદારે ।।ચાલેા૦ ।।૧।।
પૂરવ સન્મુખ જિનજી બિરાજે મૂર્તિ અનેાપમ દીપેરે ।
ફરતી ચેાવીસ દેરીમાં રાજે તેજે રવિકર જાયેરે ।।ચાલેા૦ ।।૨।।
એકસેા ત્રણ પ્રતિમા જિનવરની વંદિ અતિ ઉલ્લાસેરે ।
ડુંગરીયે વીર જિનનાં પગલાં વંદ્યા ચિત્ત વિલાસેરે ।।ચાલેા૦ ।।૩।।
વીર જિણંદની સ્થ અવસ્થે જે ગેાપે પ્રભુ કાનેરે ।
ખીલા ઠેાકયા બલદને કાજે આગમ વેત્તા માનેરે ।।ચાલેા૦ ।।૪।।
તે ખીલા કાઢણ જે ભૂમિ એહ તીરથની સારીરે ।
તેહની શુદ્ધ મને જે જાત્રા તે ભવિ પાપ નિવારિરે ।।ચાલેા૦ ।।૫।।
સંવત એાગણીસે ઇકેાતર વરસે ચઇતર વાર વિધુવારેરે ।
રાજનગરના સંઘની સાથે તેરસ દિન સુખકારીરે ।।ચાલેા૦ ।।૬।।
જાત્રા કરી અતિ હરષે સારી ત્રીસલાનંદન કેરી।
દાન દયા સૌભાગ્યથી પામે મુકિત વિમલ પદ સારરે
।। ચાલેા૦ ।। ૭ ।। ધ્રુતિ ।।

અથ શ્રી મેત્રાણા તીર્થમંડન શ્રી આદીશ્વર જિન સ્તવન ॥

સોના રૂપાકે સોગઠે સહિયાં ખેલત બાજી એ દેશી. ॥

મેત્રાણા તીરથ વંદીયે આદિનાથ તે રાજે
નાભિ નરીંદના વંશમાં દિનકર જિમ તાજે ॥૧॥
મરૂદેવા નંદ દીપતા ભવિજન મન મોહે ।
ઋષભ લાંછન જિનજી તણું ગુણ ઉજવલ સોહે ॥ ૨ ॥
ઉત્તર સન્મુખ જિનપતિ ત્રણ પ્રતિમાની સાથે ।
ફરતી દેરીમાં વંદિયા પંચ બિંબની સાથે ॥ ૩ ॥
સિદ્ધપુરથી ગાઉ પાંચ છે છરિયાલીને જાવું ।
કાંને કુંડલ ઝલકતા શિર મુકટસજાવું ॥ ૪ ॥
ઓગણીસ ઇકાતેરે બીજે વઇશાખ માસ ।
સુદ દશમી સોમવાસરે કરી જાત્ર સુભાસ ॥૫॥
દાન દયા સોભાગ્યસું ભવિ મંગળ ગાવે ।
મુકિત વિમલપદ પામતા નવ નવ નિધિ થાવે ॥ ૬ ॥

અથશ્રી મેત્રાણા તીર્થનું સ્તવન.

ચાલો ચાલો સિદ્ધાચલ જઈયેરે એ દેશી. ॥

ચાલો ચાલો મેત્રાણા ગામ જઈયેરે આદિ જિણંદ રલિયામણા
॥ ચાલો૦ ॥ ૧ ॥
નાભિ રાજા મરૂદેવીકા જાયા જુગલા ધર્મ નિવારીયારે આદિ૦
॥ ચાલો૦ ॥ ૨ ॥
ગોમુખને ચક્રેશ્વરી દેવી શાસનની રખવાલીરે આદિ૦
॥ ચાલો૦ ॥ ૩ ॥
મેત્રાણા તીરથ આદિ જિનેશ્વર મુખ દેખીને પાવન થઈયેરે
આદિ૦ ॥ ચાલો૦ ॥ ૪ ॥

દાન દયા સૌભાગ્યજસારા મુક્તિ વિમલ જયકરીયારે આદિ૦
॥ ચાલો૦ ॥ ૫ ॥

અથ શ્રીભાભાપાર્શ્વનાથનું સ્તવન.

વણારસીના નયરીન રાયા અશ્વસેન છે નામજીરે ।
તસ પટરાણી વામા દેવી નામ તે પરમ નિધાન ભવિજન
ભજિયેજી ॥ ૧ ॥
તસ સુત પાર્શ્વજિણંદ નમિજે મોક્ષના સુખ પામીજેજી ।
અગ્નિબલતો નાગ ઉગારી કીધો નાગનો સ્વામી ॥ભવિજન૦ ॥૨॥
કર્મમલ્લને દૂર કરીને પામ્યા કેવલ નાણજી ।
પાર્શ્વજક્ષને દેવીપદ્માવતી સેવે અહનિશ જાણ ॥ભવિજન૦ ॥૩॥
તેવીશમા શ્રીપાર્શ્વજિનેશ્વર નવહસ્તનું તનુમાનજી ।
નીલ વર્ણની કાંતિ જેહની એકસો વર્ષાયુ માણ
॥ ભવિજન૦ ॥ ૪ ॥
પાસણ નયરે ભાભાપારે ભાભાપાર્શ્વ જાણોજી ।
અહિ લંછન જસ ચરણ કમલમાં ભવિ તુમે મનમાં આણો
॥ ભવિ૦ ॥ ૫ ॥
સૌમ્યવંત છે મૂર્તિ જેહની ભાભાપાર્શ્વનાથજી ।
ગગને સૂર્યની જિમ ઓપમા વિમલ બુદ્ધિ સનાથ
॥ ભવિજન૦ ॥ ૬ ॥
દાન દયા સૌભાગ્યને પામી સત્ય વચનને ભાખોજી ।
જિન મત તેહ હૃદયમાં ધરીને મુકિત તણા સુખ ચાખોજી
॥ ભવિજન ॥ ૭ ॥

અથ શ્રીસિદ્ધાચલનું સ્તવન.

શ્રીસિદ્ધાચલ ભેટીયેરે લાલ સિદ્ધિ વર્યા કેઇ કોડ મન મોહુંરે ।
પૂરવનવાણું આદીયેરે લાલ સમોવસર્યા નિરધાર ॥ મન૦ ॥૧॥

દ્રાવિડ વારિખિલ્લ જાણજોરે લાલ કાર્તિક પુનમ દિન્ન મન૦ ।
દસકોડી સાથસું રે લાલ સિદ્ધિ કરી કર્મ ખિન્ન ।।મન૦ ।। ૨ ।।
સાગરમુનિ તિહાંકણેરે લાલ એક કોડિ અણગાર મન૦ ।
સાથે સિદ્ધિવધુવર્યારે લાલ હુવા મન ધાર ।। મન૦ ।। ૩ ।।
સાતસે મુનિ પરિવારસું રે લાલ સુભદ્ર મુનિ જાણ મન૦ ।
પાંચસે સાથે સિદ્ધિ વર્યારે લાલ સેલંગ ગુણ મણિ ખાણ
।। મન૦ ।। ૪ ।।
થાવચ્ચા સુત એક સહસસું રે લાલ સુકપરિવ્રાજક તેહ મન૦ ।
સાંબ પ્રદ્યુમ્ન સિદ્ધિ વર્યારે લાલ સાડીઆઠ કોડિસુ જેહ
।। મન૦ ।। ૫ ।।
નમિ વિનેમિ વિદ્યાધરારે લાલ બે કોડિ મુનિ સાથ મન૦ ।
રામ ભરત ત્રણ કોડસું રે લાલ શિવવહુના થયા નાથ
।। મન૦ ।। ૬ ।।
એમ અનેક મુનિવરારે લાલ અજરામરપદ મન૦ ।
એાગણીસે ચોસઠ સાલમાંરે લાલ કાર્તિક પુનમ કીધ
।। મન૦ ।। ૭ ।।
પ્રમોદ મણિ ઉદ્યોત ભલારે લાલ મુક્તિવિમલ ગુણ ગાય
।। મન૦ ।। ૮ ।।

અથ શ્રીસિદ્ધાચલનું સ્તવન.

સિધ્ધગિરિ મંડન દેવ નમો ભવિ ભાવસું એ દેશી. ।।

નવાણું જાત્રા કરીને ત્યાં કર્મ ખપાવસું તે તીરથ મોઝાર સાધુ
કે શિવવર્યા
ભરતજી પાંચકોડ સાથે તે ભવ તર્યા ।। સિધ્ધ૦ ।। ૧ ।।
નમિ નેમિ વિદ્યાધર તે દોયકોડિસું દ્રાવિડ વારિખિલ્લ દસ
કોડી જોડીસ
રામ ભરત ત્રણકોડ સાથે શિવ પામિયા સેલંગસાતસે સાતે
તે કર્મને વામીયા ।। સિ૦દ્ધા૨ ।।

સુભદ્ર મુનિ સાતસેં સાથે શિવ ગયા નારદ એકાણું લાખથી
તેહ સિદ્ધ થયા
સાંબ પ્રદ્યુમ્ન સાડી આઠકોડી સાથસું પુંડરીક પંચ કોડ મુક્તિ
હાથોહાથસું ॥ સિ૦ ॥ ૩ ॥
ત્રણકોડ સાથે જલીમયાલીને ઉવયાલિ નિરમલ મહોદય
પામ્યા તે કર્મને ટાલીને
ઉદ્ધાર અનંતા તિહાં સોલ મોટા થયા સાધુ અનંતા શિવ ગયા
કેઇ સરગે ગયા ॥ સિ૦ ॥ ૪ ॥
ત્રણ જગતમાં એ સમો તીર્થ નહિ વલી કોય કાંકરે કાંકરે
અનંત સિદ્ધયા તે વલી જોય
દાન દયા ધર્મ પાલશે સૌભાગ્ય પામે એહ જે એ સિદ્ધગિરિ
સેવશે મુક્તિ વરે ભવિ તેહ ॥ સિ૦ ॥ ૫ ॥
ઇતિ ॥

અથ શ્રી સિદ્ધપદનું સ્તવન.

સિદ્ધતણા પદનો તપ ભવિ આરાધિયે
જેહ છે સિદ્ધ તણા પદના દાતારજો ।
આઠ ગુણે કરી શોભે જે પંચમી ગતે
જન્મ જરા મરણાદિક ભયના વારજો ॥ સિદ્ધ૦ ॥ ૧ ॥
જ્ઞાનાવરણી કરમ ક્ષયથી પામિયા
કેવલનાણ અનંતુ તે ગુણ ધારજો ।
દર્શનાવરણી કરમ વિનાશથી જે લહ્યા
અંતરહિત શુભ દર્શન ગુણને સારજો ॥ સિદ્ધ૦ ॥ ૨ ॥
ખાયક સુદ્ધા સમકિત ગુણ ચારિત્રને
પામ્યા મોહની કરમ વિનાશથી જેહજો ।
વેદની કરમને અંતરાયના ક્ષય થયે
કમથી અનંતુ સુખ વીર્યના ગુણ તેહજો ॥ સિદ્ધ૦ ॥ ૩ ॥
અક્ષય સ્થિતિને પામ્યા આયુ ક્ષયે કરી
નામ કરમના અંતથી અરૂપી ભાવજો ।

ગોત્ર કરમના નાશથી પામ્યા જે વલી
અંતરહિત અવગાહન ગુણ સિરિકારજો ॥ સિધ્ધ૦ ॥ ૪ ॥
બીજબલે અંકુરો થાયે નવિ કદા
તિમ કરમ ક્ષયથી ભવ તનુ હીનજો ।
ભાવ પ્રાણથી જીવને આણંદ ધારતા
આધિ વ્યાધિ વર્ણાદિક ગુણ હીનજો ॥ સિધ્ધ૦ ॥ ૫ ॥
ધર્માધર્મ અભાવથી લોકના ઉપરે
લોકના અગ્રે જઇ રહ્યા અવિનાશજો ।
આઠને એકત્રીશ ગુણ સંયુત જે ભયા
અનંત ચતુષ્ટય સિધ્ધ થયા છે જાસજો ॥ સિદ્ધ૦ ॥ ૬ ॥
નગર ગુણોને જાણતો જિમ વન ભિલ્લ તે, પણ કહી ન શકે
નિજ પરિવારની પાસજો ।
તેમ જ્ઞાની જાણે પણ તે નવિ કહી શકે
સિદ્ધના ગુણને સુખને ભવિજન પાસજો ॥ સિદ્ધા૦ ॥ ૭ ॥
તેહવા સિદ્ધ તણા પદનો તપ સુદ્ધ તે
ભવિજન કરીયે જેથી લહો શિવરાસજો ।
દાન દયા સૌભાગ્યપણું વલી પામીને
પામો ભવિજન મુકિત વિમલપદ વાસજો ॥ સિદ્ધ૦ ॥ ૮ ॥

અથ શ્રીવિહરમાનજિનનું સ્તવન.

લાવો લાવો રાજ મુંધા મૂલા મોતી એ દેશી ॥

ભવિ તુમે વંદોરે વિહરમાન જિનરાયા
પાપ નિકંદોરે ભવિજન મનમાં ભાયા ।
સીમંધર યુગ મંધર દેવા બાહુસ્વામી સુબાહુ
જંબુદ્વીપ વિદેહે વિચરે મનમાં હું નિત્ય ચાહું ॥ ભવિ
તુમે૦ ॥ ૧ ॥
સુજાત સ્વયંપ્રભ નામે ઋષભાનન જિન વંદો ।
અનંત વીરજ સુરપ્રભ નમીયે શ્રી વીર સુખકંદો ॥ભવિ૦ ॥૨॥
વજ્રધર ચંદ્રાનન જિનજી એ આઠ જિનવર સોહે ।

ધાતકી ખંડ વિદેહે વિચરે ભવિજનના મન મોહે । ભવિ૦ ॥૩॥
ચંદ્ર બાહુ ભુજગદીશ્વવર નેમિનાથ વીરસેન ।
દેવજસ ચંદ્રજશા જિતવીરિય પુષ્ખરદ્વીપ સુસેને
॥ ભવિ૦ ॥ ૪ ॥
આઠમી નવમી ચૌવીસ પચવીસમી વિદેહે વિજયે જયવંતા ।
ધનુષ પાંચસો કાયાતે ઉંચી કનક વરણ ગુણવંતા ॥ભવિ૦ ॥૫॥
દસ કેવલી સેકોડ સાધુ પરિવારે સંજુત્તા ।
દોષ રહિત વિચરે મહીતલમાં વાણી ગુણ પ્રયુત્તા ॥ભવિ૦ ॥૬॥
ચઉરાશી લખ પૂર્વ આયુ પાલી જન પ્રસિદ્ધ ।
દાન દયા સૌભાગ્ય ગુણે શ્રીમુક્તિ વિમળ પદ લિદ્ધ ॥ભવિ૦ ॥૭॥

અથશ્રી ચારૂપપાર્શ્વ જિણંદનું સ્તવન.

પાર્શ્વ જિણંદને વંદના કરીયે ભવિ સુખકાર લલના
જૈન તીરથ રલિયામણો ચારૂપ તીર્થ મોજાર લલના ॥પાર્શ્વ ॥૧॥
શ્યામ વરણને સોહામણા અશ્વસેન કુલચંદ લલના ।
પૂરવ સન્મુખ શોભતા વામારાણીના નંદ લલના ॥પાર્શ્વ૦ ॥૨॥
એકવીસમા નમિનાથના નિર્વાણથી દોચાર લલના ।
દોય સહસ બસે વલી બાવીસ ઉપર ધાર લલના ॥પાર્શ્વ૦ ॥૩॥
ગૌડ દેશ વાસી થયા અષાઢ શ્રાવક શુદ્ધ લલના ।
જિનની પડિમા ત્રણ ભલી ભરાવી સમકિત શુદ્ધ લલના
॥ પાર્શ્વ૦ ॥ ૪ ॥
કાલાંતરે જિન પડિમા તે સમુદ્રને કરતી પવિત્ર લલના
॥ પાર્શ્વ૦ ॥ ૫ ॥
ધનેશ નામનો વાણીયો કાંતિપુરીનો રહીશ લલના ।
ચાલ્યો વહાણમાં બેસીને વ્યાપાર અરથે વિદેશ લલના ॥પા૦ ॥૬॥
તેહનું વહાણ તે આવીયું જિન પ્રતિમાને ઠાણ લલના ।
તતકાલ થંભ્યુ જાણીને માનતા કરી તેને જાણ લલના ॥પાર્શ્વ૦ ॥૭॥
કારણ કીધે સુરવરે વહાણ થંભણ હેત લલના ।

ત્રણ પ્રતિમા સાગર થકી બહાર કઢાવી સેત લલના ॥પાર્શ્વ૦ ॥૮॥
ત્રણ પ્રતિમા લઈ ચાલીયો બેસી વહાણમાંહિ લલના ।
ગુજરાત દેશમાં આવીને ધનેશ વણિક ઉચ્છાંહિ લલના ॥પાર્શ્વ૦ ॥૯॥
એક પડિમા ખંભતમાં મુકી હરિશન હેત લલના,
સ્થંભન પાર્શ્વ જીણંદની ભવિજન સુખ સંકેત લલના
॥ પાર્શ્વ૦ ॥ ૧૦ ॥
બીજી પડિમા નેમિનાથની આવીશમા જીન જેહ લલના,
પાટણે સાલવીવાડામાં પધરાવી સુખ ગેહ લલના ॥પાર્શ્વ ॥૧૧॥
જીન પ્રતિમા ત્રીજી ભલી પાર્શ્વ જીનેશની સાર લલના,
ચારૂપ તીર્થમાં લાવિને સ્થાપન કરી શ્રીકાર લલના ॥પાર્શ્વ ॥૧૨॥
ગામ થયું પ્રખ્યાતિમાં ચારૂપ પાર્શ્વ જીનેશ લલના,
ચારૂપતીર્થ વિરાજતા મિથ્યાત્વ ધુક દિનેશ લલના ॥પાર્શ્વ ॥૧૩॥
પંચ લખ ચઉરાશી સહસને બસે વીશ પ્રમાણ લલના,
એ ત્રણ પ્રતિમાને થયા ભરાયે વરસ તે જાણ લલના
॥ પાર્શ્વ ॥ ૧૪ ॥
સંવત એગણીશે બહુતરે કાર્ત્તિક વદ ચોથ સાથ લલના,
શુક્રવારે અમે વંદિયા ચારૂપ પાર્શ્વનાથ લલના ॥પાર્શ્વ ॥૧૫॥
પાટણવાસી શેઠના કરમચંદના નંદ લલના,
ક્રોટાવાલા પુનમચંદના સંઘમાં અતિ આનંદ લલના ॥૧૬॥
દાન દયા સૌભાગ્યથી મુકિત વિમલ પદ થાય લલના,
ભેટયા અતિ આનંદશું મનમાં હર્ષ ન માય લલના
॥ પાર્શ્વ જીણંદ ॥ ૧૭ ॥

અથ શ્રીચોત્રીસઅતિશયગર્ભિત શ્રી જિન સ્તવન.

શ્રી જિનવરને વંદનારે લાલ અતિશય જસ ચોત્રીશરે । હું
વારિલાલ ॥

અદ્‌ભૂત રૂપને ગંધવીરે લાલ જસ કાયા સુજગીસરે હું
વારિલાલ ॥ ૧ ॥
શ્રી જિનવરને વંદનારે લાલ ॥ એ આંકણી ॥
મેલ પસીનો પણ નહિરે લાલ શ્વાસ તે કમલ સમાનરે હું વારિલાલા
ગોખીરની પરે ઉજલારે લાલ રૂધિર માંસ જસ વાનરે હું
વારિલાલ ॥ શ્રી જિન૦ ॥ ૨ ॥
વિધિ આહાર નિહારનીરે લાલ ચર્મ ચક્ષુએ અદૃશરે હું વારિલાલા
ચાર અતિશય મૂલથીરે લાલ શ્રી જિનવરના પાસરે હું
વારિલાલ ॥ શ્રી જિન૦ ॥ ૩ ॥
એક યોજનના ક્ષેત્રમાંરે લાલ કોટાકોટી સમાસરે હું વારિલાલ ।
વાણી યોજન ગામિનીરે લાલ સવિજન ભાષા જાસરે હું
વારિલાલ ॥ શ્રી૦ ॥ ૪ ॥
આલી પીઠે સોહતુંરે લાલ ભામંડલ જસકારરે હું વારિલાલ ।
સવાસો યોજન લગેરે લાલ નહિ રોગાદિ વિકારરે હું વારિલાલ
॥ શ્રી૦ ॥ ૫ ॥
વિરોધવલી કોઈ જાતનારે લાલ માંહોમાંહી નવિ હોયરે હું
વારિલાલ ।
ઇતિ ઉપદ્રવ વારણેારે લાલ મારી રોગ ન હોયરે વારિલાલ
॥ શ્રી૦ ॥ ૬ ॥
અતિવૃષ્ટિને અવર્ષણેારે લાલ તે પણ દુરે જાયરે હું વારિલાલ ।
દુકાલ તણેા ભય ત્યાં નહિરે લાલ જિહાં વિસરે જિનરાયરે હું
વારિ૦ ॥ શ્રી૦ ॥ ૭ ॥
સ્વચક્રને પરચક્રનારે લાલ ભય જિહાં ન હોયે લગારરે હું વારિલાલા
કર્મ ક્ષયથી ઉપજેરે લાલ એ અતિશય અગ્યારરે હું વારિલાલ
॥ શ્રી૦ ॥ ૮ ॥
ધર્મચક્ર આકાશમાંરે લાલ ચાલે ચામર પણ ત્યાંહીરે હું વારિલાલા
સાપદપીઠ સિંહાસણેારે લાલ ચાલે ગગનની માંહીરે હું વારિલાલ
॥ શ્રી૦ ॥ ૯ ॥

ત્રણ છત્ર તથા રત્નનારે લાલ ધ્વજ ચાલે મનોહારરે હું વારિલાલ।
કાંચન કમલે વિચરતારે લાલ હોવે ત્રીન પ્રાકારરે હું વારિલાલ
॥ શ્રી૦ ॥ ૧૦ ॥
ચઉમુખે દિયે દરશનારે લાલ ચૈત્ય અશોક મંડાણરે હું વારિલાલ।
કાંટા પણ ઉંધા હવેરે લાલ નમતા વૃક્ષ સયાણરે હું વારિલાલ
॥ શ્રી૦ ॥ ૧૧ ॥
દેવ દુંદુભી વાજતીરે લાલ અનુકુલ વાયુ પ્રધાનરે હું વારિલાલ।
પંખીપણ પ્રભુ આગલેરે લાલ કરે પ્રદક્ષિણા તાનરે હું વારિલાલ।
॥ શ્રી૦ ॥ ૧૨ ॥
સુરકરે ગંધોદક તણીરે લાલ પંચવર્ણ ફુલ વૃષ્ટિરે હું વારિલાલ।
કેશ રોમ નખ જિનતણારે લાલ યથા સભાવે દીઠરે હું વારિલાલ।
॥ શ્રી૦ ॥ ૧૩ ॥
ચાર નિકાયના દેવતારે લાલ જઘન્યથી કોડાકોડીરે હું વારિલાલ।
મી જિનને નિત્ય સેવતારે લાલ પ્રણમે બે કર જોડીરે હું
વારિલાલ ॥ શ્રી૦ ॥ ૧૪ ॥
૭ ઋતુઓ જે નિરંતરરે લાલ અનુકુલ વૃત્તિએ હોયરે
હું વારિલાલ।
એહ અતિશય પરગડારે લાલ સુરકૃત એગણીશ જોયરે હું
વારિલાલ ॥ શ્રી૦ ॥ ૧૫ ॥
સર્વ મલી ચોત્રીશ છે રે લાલ અતિશય જિનના એહરે હું
વારિલાલ।
તેહનો તપ કરતાં હુવેરે લાલ ભવિજન શિવ સુખ ગેહરે હું
વારિલાલ ॥ શ્રી૦ ॥ ૧૬ ॥
દાન દયા ધર્મ નાયકુંરે લાલ સૌભાગ્ય પદ સુખકારરે હું વારિલાલ।
શ્રી જિનવરને સેવતાંરે લાલ મુક્તિવિમલ જયકારરે હું વારિલાલ
॥ શ્રી૦ ॥ ૧૭ ॥
ઇતિ ॥

અથશ્રી પાર્શ્વનાથ સ્તવનં (સંસ્કૃતં)

લાવો લાવોને રાજ મુંઘા મૂલના મોતી એ દેશી ॥

પૂજય પૂજયરે પાર્શ્વ જિનેશ્વર દેવં
ભવિજન પૂજયરે સુરનર વિહિત સુસેવં ।
વામા નંદન મતિ જન નંદન માહરમાનન્દાનામ્ ।
અશ્વસેન નરપતિ કુલ ચંદ્રં નાથં મુનિ વૃંદાનામ્ ॥ પૂજય૦ ॥૧॥
નાગ કલિત તનુ મતનુ તમોઽન મધિપતિ મિવ ભાસાનામ્ ।
શિવપુર રમણું હિત ભવ ગમનં ભેદક મદ પાશાનામ્ ॥ પૂ૦ ॥ ૨॥
દરાગજુધર પરિપૂજિતપાદં સજલ મુજલધર કાયમ્ ।
નવહસ્તોન્નત દેહ મતાતં ભાસ્વજ જ્ઞાન મમાયમ્ ॥ પૂ૦ ॥ ૩ ॥
મુરગણુ સંસેવિતમતિ શાંતં દાન્તં શાંતિ નિશાંતમ્ ।
રાત વર્ષોન્મિત જીવિત મમં મોહ નિશા મુનિશાંતમ્ ॥ પૂ૦ ॥૪॥
દાન દયા સૌભાગ્ય નિદાનં બૂયસ્તર મહિમાનમ્ ।
મુક્તિવિમલપદ સંદાતારં જંગમ કલ્પ સમાનમ્ ॥ પૂ૦ ॥ ૫ ॥

અથ શ્રીઅડસઠતીર્થનું સ્તવન.

અડસઠ તીરથ વંદીયેરે લાલ જૈન ધર્મના જોય ભવિ પ્રાણીરે ।
તેહના નામ અતિ ભલારે લાલ સ્મરણ થકી સુખ હોય ॥ ભવિ
પ્રાણીરે લાલ ॥ ૧ ॥
પ્રથમ શત્રુંજય ધારીયેરે લાલ બીજો રૈવતગિરિરાય ॥ભવિ૦॥
સમેતશિખર રલિયામણોરે લાલ નામ થકી સુખદાય ॥ભવિ૦ ॥૨॥
અષ્ટાપદ તીરથ ભલોરે લાલ આબુ તીરથ મનોહાર ॥ભવિ૦॥
આરાસણ તીરથ નમોરે લાલ પાતિક શત્રુ પ્રહાર ॥ભવિ૦ ॥૩॥
તારંગા ઈડરગઢ વંદીયેરે લાલ તીરથ અનુત્તર યાન ॥ભવિ૦॥
મોલોઢ વૈતાઢય ભૂધરેરે લાલ તીરથ ગુણ નિધાન ॥ભવિ૦ ॥૪॥
જ્યોતિષ વ્યંતર વંદીયેરે લાલ ઠલીકુંડ પારસ દેવ ॥ભવિ૦॥
કુરકુટેશ્વર તીરથનેરે લાલ સાવત્થી નમો તતખેવ ॥ભવિ૦ ॥૫॥
અંપાવતીને ગજપુરીરે વિનિતા વૈભાર ગિરિનામ ॥ ભવિ૦ ॥

અપાપા તીરથ જુહારીયેરે લાલ વર્દ્ધણા સુખ વાસ ।।ભવિ૦ ।।૬।।
સહસ્રફણા અંતરીક્ષજીરે લાલ પાર્શ્વનાથ સ્વામિ છે ઉદાર ।।ભવિ૦।।
માનુષ્યોત્તર ગિરિવરૂરે લાલ નંદીશ્વર મનોહાર ।। ભવિ૦ ।।૭।।
ઇચ્છકુંભ ધારીયેરે લાલ તક્ષસીલા તીર્થ સાર ।। ભવિ૦ ।।
મથુરા અંગીદીકા તીર્થ છેરે લાલ કાપને કરે સંહાર ।।ભવિ૦ ।।૮।।
ચોલેર એક સ્તંભ જાણીયેરે લાલ સોમ તાલ મોહેર ।।ભવિ૦।।
સૌભાગ્ય વિમલ એમ વદેરે લાલ વંદો ભવિ સુખ ભેર

।। ભવિ૦ ।। ૯ ।। ઇતિ ।।

અથ શ્રીઅક્ષયનિધિતપનું સ્તવન.

કે અક્ષયનિધિ સેવો ભાવે કે અક્ષય સુખ પામો તારે ।
કે વિધિ પૂર્વક કરો જાણે કે અક્ષ૦ ।।૧।।
કે શ્રાવણ વદ બીથે લઇયે શુદપાંચમ ભાદ્રવાની કહીયે ।
કે ઓહાસણા પૂરણ કરીયે કે અક્ષ૦ ।। ૨ ।।
કે મણિ સોના રૂપા તણા કે તાંબાને માઠીના હેવા ।
કે કુંભ ઠવો શિવ સુખ લેવા કે અક્ષ૦ ।।૩।।
કે પીઠીકાર બીસારી કે કલ્પસૂત્ર પધરાવો ભારી ।
કે મોક્ષ વધુ વરવા પ્યારી કે અક્ષ૦ ।। ૪ ।।
કે રૂપાનાણે પૂજો ભાઈ કે શક્તિ તણે અનુસારે ।
કે અક્ષય સુખ પામો ભારે કે અક્ષ૦ ।। ૫ ।।
કે નમો નાણુસપદ ગણીયે કે વીશ નોકારવાલી અનુસરીયે ।
કે કાઉસ્સગ વીસ લોગસ્સ કરીયે કે અક્ષ૦ ।।૬।।
કે વીશ સાથીયા કરો ભાઈ કે ચૌગતી ચુરણ સુખદાઈ
કે વીશ પ્રકક્ષિણા મનોહારી કે અક્ષ૦ ।। ૭ ।।
કે અક્ષયનિધિ તપ જે કરશે કે સર્વ નિરાધપેરે ભવ તરશે ।
કે શિવરમણીને તે વરશે કે અક્ષ૦ ।। ૮ ।।
કે પ્રમોદ ભક્તિ ઉદ્યોત સારા કે દાન દયા ગુણ બહુ પ્યારા ।
કે સૌભાગ્યપણું પામો યારા કે અક્ષ૦ ।। ૯ ।। ઇતિ ।।

દુહા-શ્રી શ્રુત જ્ઞાનને નિત્ય નમો ભાવ મંગલને કાજ ।
પૂજન અર્ચન દ્રવ્યથી પામો અવીચલ રાજ ॥ ૧ ॥

અથ શ્રીયુગપ્રધાનનું સ્તવન. ॥ શ્લોક ॥

એસાંહિ વસ્ત્રેણ પતંતિ મુકતા નંદેશભંગ ખલુ એસુ સત્સુ ।
પાદોદકેના પિગદોપશાંતિ યુગપ્રધાનં મુનયો વદંતિ ॥૧॥

દુહા

પંચમે આરે જે થયા હોય હજારને ચાર ।
જુગ પરધાન મુનિસરૂ તે છે જગ આધાર ॥ ૨ ॥
જુગ પરધાન મુનિસરૂ વર્ત્તમાન શ્રુત ધાર ।
દુશ્યસહસ્સરિ લગે દશવૈકાલિક ધાર ॥ ૩ ॥
ષટ વ્રત ધારી ષટ પદે લેતા ઓછા આહાર ।
જુગ પરધાન શ્રી જંબુએ પુછયા અર્થ વિચાર ॥ ૪ ॥
ષટ વ્રત ધારી માહા મુનિ જંબુ જુગ પરધાન ।
સ્વામિ સુધર્મને નમી પૂછે અર્થ નિધાન ॥ ૫ ॥
કહે સોહમ જંબુ સુણો જ્ઞાતા સુય મંદ હોય ।
ઓગણી અધ્યયનેહ છે પદ સંખ્યાતા જોય ॥ ૬ ॥

અથ ઢાલ ૧ લી.

ભવિ તુમે પૂજો જુગ પરધાન સુધર્મા જગ ધણીરે લોલ ।
ભવિ તુમે પ્રથમ ઉદે સૂરિ વીસકે જંબુ જગ મણીરે લોલ ॥૧॥
ભવિ તુમે પરભવાદિક ગુરૂરાજકે પાટે શોભતારે લોલ ।
ભવિ તુમે સેવો થઈ સાવધાન કે મિથ્યા મતિ ખોભતારે લોલ ॥૨॥
ભવિ તુમે બીજે ઉદય તે વીશકે આચારજ ખરારે લોલ ।
ભવિ તુમે વયરસેન નાગ હસ્તિકે રેવંતિમિત્ર ભલારે લોલ ॥૩॥
ભવિ તુમે ત્રીજે ઉદય અઠાણું કે જગમાં દીપતારે લોલ ।
ભવિ તુમે પડિવાયાદિક જેહ કે જગમણી જીપતારે લોલ ॥૪॥

ભવિ તુમે હરિસહ ધરણ સરીસ કે નામમિત્ર કહ્યારે લોલ ।
ભવિ તુમે ચોથે ઉદય મન લાવોકે અઠોતેર લહયારે લોલ ॥૫॥
ભવિ તુમે પાંચમે ઉદયે સુજાણ કે પંચોતેર થયારે લોલ ।
ભવિ તુમે નંદમિત્ર જેષ્ટપુત્રકે નૈસંદસૂરિ થયારે લોલ ॥૯॥
ભવિ તુમે છઠા ઉદયની વાતકે સુણી મન રાચસોરે લોલ ।
ભવિ તુમે સુરસેજ સૂરિદત્તકે કુલ ધ્વજ આચશોરે લોલ ॥૭॥
ભવિ તુમે સાતમો ઉદય સુભાવ કે સો ગણપતિ ભલારે લોલ ।
ભવિ તુમે વીર મિત્ર ઇંદ્ર લાભકે ઉમદત્તસૂરીસરારે લોલ ॥૮॥
ભવિ તુમે આઠમો ઉદય ધારોકે અઠ પાસિ કહયારે લોલ ।
ભવિ તુમે શ્રીપ્રભશ્રીકુણાલકે ગંભીરદત્ત થયારે લોલ ॥૯॥
ભવિ તુમે મણીરથ શ્રીવિધ્વભૂતિકે વસુપાલ લોહખતિરે લોલ ।
ભવિ તુમે નવમે ઉદય સુજાણકે પંચાણું મુનિપતિરે લોલ ॥૧૦॥
ભવિ તુમે દસમે ઉદ્ય એમ પાવોકે સત્યાશી ગણધરૂરે લોલ ।
ભવિ તુમે યશોમિત્ર નાગિલકે ફલગુ મિત્ર મુનિસરૂરે લોલ ॥૧૧॥
ભવિ તુમે અગ્યારમા ઉદયની વાણીકે ચિત્તધરજો સદારે
લોલ ॥ ૧૨ ॥
ભવિ તુમે બારમો ઉદય હિતકારીકે આયોતેર ગણપતિરે લોલ ।
ભવિ તુમે શ્રી સતમિત્ર સૂરીસકે ભવાન ગણધર થયારે લોલ ॥૧૩॥
ભવિ તુમે પ્રમોદ મણિ પસાયકે ઉધોત કરો ઘણોરે લોલ ।
ભવિ તુમે દાન દેવ દયા પાલીકે સૌભાગ્યપણું લહોરે લોલ ॥૧૪॥



અથ બીજી ઢાલ.

શ્રી ધમ્મિલ સૂરિ થયા બીકારજો
તેરમે ઉદયે ચોરાણું પરિવાર જો
સોમદેવ સૂરિ કૃષ્ણરથ કહયા ભાલજો ॥૧॥
ચૌદમો ઉદય સુણી એહવે ભવિ લોકજો
એકસો આઠ થયા સુરિના થોકજો
વિજયાનંદ જુગ પરધાન સૂરીશ્વરાજો ॥૨॥

પંનરમા ઉદયની વાત છે મોટીજો
એકસો ત્રણ આચારજની છે જોડિજો
સુમંગલ ઉદય સુરિરયણાયરૂજો ॥૩॥
સોલમો ઉદય ધારો તુમે ભવિ પ્રાણીજો
એકસો સાત યુગ પરધાનની ખાણીજો
ધર્મ સંઘ પ્રાણદેવ શ્રી દેવસુરિંજો ॥૪॥
સત્તરમો ઉદય છે તે જયકારજો
એકસો ચાર થયા છે તે સૂરિરાયજો
જયદેવ સુરદેવ ધન ધર્મ સૂરિ કહ્યાજો ॥૫॥
અઢારમા ઉદયમાં છે સૂરિરાયજો
એકસો પન્નરનો છે તે પરિવારજો
સૂરદિન્ન શિવદિન્ન શુભકાંત થયા ભલાજો ॥૬॥
ઓગણીસમા ઉદયનો છે અધિકારજો
એકસો તેત્રીશ જુગ પરધાન જગસારજો
વિધાધન સૂરિબલ સૂરિ શોભતાજો ॥૭॥
વીશમા ઉદયમા આચારાજ મનોહારજો
સો થયા તે ગણુજો તમે નિરધારજો
કોડિ સૂરિ ઇંદ્રાદિન્ન સૂરિ જુહારવાજો ॥૮॥
એકવીશમા ઉદયની છે હવે વાણીજો
પંચાણું જુગપરધાનની ખાણીજો
મયુરસુરિ ધનમિત્ર સુરિ થયાજો ॥૯॥
બાવીશમા ઉદયનો હવે વિસ્તારજો
પંચાણું યુગપરધાન થયા દીલધારજો
વિનયપુત્ર ધનપુત્ર તારક દીપતાજો ॥૧૦॥
તેવીશમો ઉદયભાખ્યો જિનરાજજો
ચાલીશ યુગપરધાન તે દીલમાં રાખજો
શ્રીદત્ત શ્રીનિર્વાણી સુરિસાગરૂજો ॥૧૧॥
પ્રભાકર મણિ ઉદ્યોત ગુરૂ મહારાજજો
દાન દયાનો છે મોટો આધારજો
તપ તપતા સૌભાગ્યપણું પામ્યો સદાજો ॥૧૨॥

અથ શ્રીચૌદ પુર્વનુ સ્તવન.॥

હાંરે મારે ચૌદ પૂરવની રચના છે મનોહારજો
તે માટે સૌ સુણજો ધન એકે મનારે લોલ ।
હાંરે મારે પહેલું શ્રી ઉત્પાત પૂરવ હોયજો
અગ્રાયણી પુરવ બીજું વખાણીયેરે લોલ ॥૧॥
હાંરે મારે વિરીયપ્રવાદ પુરવ તે ત્રીજું જોયજો
અસ્તિ પ્રવાદ પુરવ તે ચૌથું સાંભલોરે લોલ ।
હાંરે મારે જ્ઞાન પ્રવાદ પુરવ તે દિલમાં રાખજો
સત્યપ્રવાદ પૂજીને લાહો લીજીયેરે લોલ ॥૨॥
હાંરે મારે આત્મપ્રવાદને કર્મપ્રવાદ તે પૂર્વજો
પ્રત્યાખ્યાન વિદ્યા પ્રવાદન પૂજીયેરે લોલ ।
હાંરે મારે કલ્યાણ પ્રવાદને પ્રાણાયામ પ્રવાદજો
ક્રિયા વિશાલને લોક બિંદુ સાર છે રે લોલ ॥૩॥
હાંરે મારે સાથીયા પચવીશને અડાવીશ સાયજો
બાવીશ બત્રીશ છત્રીશને સોલ ત્રીશ ભલારે લોલ ।
હાંરે મારે ચુંવાલીશ ચોત્રીશને ઓગણત્રીશને
વદવીશને સત્યાવીશ છે રૂડારે લોલ ॥૪॥
હાંરે મારે ચાલીશ ઓગણચાલીશ કરો વિવેકજો
પ્રદક્ષિણા ખમાશ્રમણ કાઉસગ કરોરે લોલ ।
હાંરે મારે નોકારવાલી વીશ ગણીયે ધરી પ્રેમજો
ધુપ દીપ અક્ષત નૈવેદ્ય ફલ ઠવોરે લોલ ॥૫॥
હાંરે મારે દ્રવ્ય ભાવથી પુસ્તક પૂજા સારજો
ગીત જ્ઞાન ઓર નાટક કરો ભલારે લોલ ।
હાંરે મારે પ્રમોદ મણિ ઉદ્યોત ગુરૂ મહારાજજો
દાન દઈ દયા પાલી કારજ કરોરે લોલ ॥૬॥

ઇતિ ॥

અથ શ્રીચૌદ પુર્વનું સ્તવન.

ભવિ ભાવે પુરવ તપ કરીયેરે આજનો દિન રલિયામણો।
॥ ભવિ ભાવે૦ ॥૧॥
ચૌદ પૂરવની રચના રૂડી રચીને લાહો લીજીયે આજનો દિન૦
॥ ભવિ ભાવે૦ ॥૨॥
એક એક પુર્વના જાપ સહસ્ર કાય નિત્ય નિત્ય ઝરણું ગણીયેરે
આજ૦ ॥ ભવિ૦ ॥ ૩ ॥
કાઉસગ પંચવીશ અઠાવીશનો બાવીશ બત્રીશ ગણીયેરે આજ૦
॥ ભવિ૦ ॥ ૪ ॥
છસ્સ છવીશને ત્રીશ ચોઆલીશ ચોત્રીશ લોગસ્સ થુણીયેરે આજ૦
॥ ભવિ૦ ॥ ૫ ॥
ઓગણીસને પટવીશ જાણો સત્તાવીશ સંવરીયેરે આજ૦
॥ ભવિ૦ ॥ ૬ ॥
ચાલીશને ઓગણચાલીશ કાઉસગ ગયણું ઉલશીયેરે આજ૦
॥ ભવિ૦ ॥ ૭ ॥
વાસ સુગંધી પુપને દીવો દયા ફાનસથી કરીયેરે આજ૦
॥ ભવિ૦ ॥ ૮ ॥
અક્ષત નૈવેદ્ય ફલ ઉછરંગે જ્ઞાનની આગલ ધરીયેરે આજ૦
॥ ભવિ૦ ॥ ૯ ॥
દ્રવ્ય ભાવથી પુસ્તક પૂજા નાટક ગાયન કરીયેરે આજ૦
॥ ભવિ૦ ॥ ૧૦ ॥
વીરવિમલ ગુરૂ ચરણ પસાયે નય સદા સુખ વરીયેરે આજ૦
॥ ભવિ૦ ॥ ૧૧ ॥

અથ શ્રીઅઠાવીશલબ્ધિનું સ્તવન. ॥

અઠ્ઠાવીશલબ્ધિ સારીરે, મુજ મન લાગે બહુ પ્યારીરે ।
તેનો તપ કરો મુખકારીરે, સાંભલો તુમ્હે નરનારીરે ॥ ૧ ॥
નમો ગોયમ પદ અનુસરજોરે, વીશ નોકરવાલી ગણજોરે ।

લોગસ્સ અઠ્ઠાવીશ કેરોરે, કાઉસગ કરી ટાલો ભવ ફેરોરે ॥ ૨ ॥
સાભીયા કરો ભવિ પ્રાણીરે, એ ચઉગતી ચૂરણ જાણીરે ।
પ્રદક્ષિણા દો અતિ પ્રેમેરે, શિવ રમણી વરો તમે ક્ષેમેરે ॥ ૩ ॥
ધુપ દીપને અક્ષત સારોરે નૈવેદ ફલ પામો અણહારોરે ।
સુગંધી વાસ તે આણીરે, ગોયમની પૂજા કરો જાણીરે ॥ ૪ ॥
કપાટું નાખું મુકોરે ચઉરાધ, થાલ મ મુકોરે ।
વરખોડો ચડાવો સારોરે, અઠ્ઠાઇ મહોત્સવ કરો પ્યારોરે ॥ ૫ ॥
પરમોહ મણિ મુસાયરે, ઉદ્યોતવિમલ ગુરૂ છાજેરે ।
દાન દેવ દયા તુમ્હે પાલોરે, સૌભાગ્યપણું પામો તારેરે ॥ ૬ ॥

અથ અઠાવીસ લબ્ધિનું સ્તવન.

લબ્ધિ અઠાવીસ સેવિયરે લાલ જેમ પામો ભવપાર ॥ મન મોહયું રે ॥ ૧ ॥
પુરવધર જિનેશ ભલારે લાલ ચક્રવર્તિ બલદેવ ॥ મન૦ ॥ ૨ ॥
વાસુદેવ ખિરાસવારે લાલ લબ્ધિ પામો તતખેવ ॥ મન૦ ॥ ૩ ॥
કોષ્ટ બુદ્ધિ વલી જાણીયેરે લાલ પદાનુ સારિણી જાણ ॥મન૦ ॥૪॥
બીજ બુદ્ધિ તેજ લેશ્યારે લાલ આહારક શીતલ તેહ ॥મન૦ ॥૫॥
આમોસહિ લબ્ધિ ખરીરે લાલ વિપ્રોષધિ મન આણુ ॥ મન૦ ॥ ૬ ॥
ખેલૌષધિ જલૌષધિરે લાલ સર્વૌષધિ સંભિન્ન ॥ મન૦ ॥ ૭ ॥
અવધિજ્ઞાન ઋજુમતીરે લાલ વિપુલમતિ ચારણ નામ ॥મન૦ ॥૮॥
આશિ વિષ કેવલ લહોરે લાલ ગણધર નમો જગદીશ ॥મ૦ ॥૯॥
વૈક્રિય લબ્ધિ છે વલીરે લાલ અક્ષિણ મહાનસિ નામ ॥મન૦ ॥૧૦॥
પુલાક લબ્ધિ પામિયારે લાલ નમો નમો ગૌતમ સ્વામ ॥મ૦ ॥૧૧॥
અઠ્ઠાવીસ લબ્ધિ કહીરે લાલ સાંભલજો નરનાર ॥ મન૦ ॥૧૨॥
ગૌતમપદને અનુસરોરે લાલ નોકરવાલી વીસ ॥ મન૦ ॥ ૧૩ ॥

અઠાવીસ લોગસ્સ તણોરે લાલ કાઉસગ કરો મનરંગ
॥ મન૦ ॥ ૧૪ ॥
સાથીયા કરો ભવિજનારે લાલ ચૌગતિ ચુરણહાર ॥મન૦ ॥ ૧૫ ॥
પ્રદક્ષિણા પણ દીજીયેરે લાલ જેમ પામો શિવ વધુ સંગ
॥ મન૦ ॥ ૧૬ ॥
ધુપ દીપ અક્ષત ઠવોરે લાલ નૈવેદ્ય ફલ મનોહાર ॥મન૦ ॥૧૭॥
સુગંધી વાસ તે આગીરે લાલ ગૌતમ પૂજે નિસ દીસ
॥ મન૦ ॥ ૧૮ ॥
અઠાવીસ લબ્ધિ તણોરે લાલ તપ કરયો મહાભાગ્ય ॥મન૦ ॥ ૧૯ ॥
ગોયમની પરે તે લહેરે લાલ ભવ તણો નિસ્તાર ॥મન૦ ॥ ૨૦ ॥
પ્રમોદ મણી ઉદ્યોત ખરારે લાલ દાન દયા સુખકાર
॥ મન૦ ॥ ૨૧ ॥ ઇતિ ॥

અથ શ્રી બત્રીસ વિજયનો ગરબો.

હરખે ચાલો સૈયરો સહુ સાથે ટોલે મલીરે ॥ એ ઢરી ॥
જેહના ગુણ તણો નહિ પાર બત્રીસ વિજય તણો તપ કરીજે
એની આપણેરે
હાંરે એ તપથી થાયે કોડ કલ્યાણ એહવા પ્રભુને ભજતાં
થાશે મંગલ માળ બત્રીસ વિજય૦ ॥

સાખી-જયદેવ નામે જિનેશ્વર પ્રથમ તેહ કહેવાય ।
બીજા કર્ણભદ્ર તણા સુરનર મલી ગુણ ગાય ॥
ત્રીજા શ્રીપતિ અરિહંતનેરે ચે થા અનંતવીર્ય
મહારાય ॥ બત્રીસ. ॥ ૧ ॥

સાખી—ગંગાધર જિન પાંચમા છઠ્ઠા વીસનયંદ્ર ।
સાતમા પ્રિયંકરનાથને વંદે સુરનર ઈંદ્ર ॥
અમરિદત નામે પ્રભુ છે આઠમારે એમને નમતાં સુખ અહુ
થાય ॥ બ૦ ॥ ૨ ॥

સાખી—શ્રી કૃષ્ણનાથ નવમા નમું ગુણગુપ્તિ જિનરાય ।
પદ્મનાભ જિનરાજને સેવાથી સિજે કાજ ॥
બારમા જલધર નામે સર્વછરે તેરમા યુગાદિનિ બહુ છે
પ્રભુતાય ॥ બ૦ ॥ ૩ ॥

સાખી—વરદત્ત નામે ચૌદમા ચંદ્ર કેતુ ભગવંત ।
પોડશમા મહાકાયને સેવો મોટા સંત ॥
અમરકેતુ જિનરાજ સત્તરમા કહયારે એવા પ્રભુને નમતાં
પાતિક દૂર પલાય ॥ બ૦ ॥ ૪ ॥

સાખી—અઢારમા અરણ્ય વાસ પ્રભુ ઓગણીસમા હરિહર સ્વામ
રામેંદ્રનાથ છે વીસમા એકવીસમા શાંતિનાથ ॥
અનંતકૃતપ્રભુ છું સમરણ કરીરે ગજેંદ્ર પ્રભના પૂજે સર્વે
પાય ॥ બ૦ ॥ ૫ ॥

સાખી—સાગરચંદ્ર પ્રભુ છે શોભતા લક્ષ્મીચંદ્ર ગુણવાન ।
મહેશ્વર પ્રભુજી તણા કરજો ભવિ બહુમાન ॥
સતાવીસમા ઋષભ જિનને વંદીયેરે સોમ કાંતિને નમતાં પાતિક
જાય ॥ બ૦ ॥ ૬ ॥

સાખી—શ્રી નેમિપ્રભ જિનવર અજિત ભદ્ર જિનરાય ।
મહીધર પ્રભુને વંદના હૈયે હરખ ન માય ॥
બત્રીસમા રાજેશ્વર જિને નમુરે એવા પ્રભુને નમતાં કર્મ
ખપાય ॥ બ૦ ॥ ૭ ॥

સાખી—એ બત્રીસ જિનરાજને સેવો નરને નાર ।
વૃતપુરે ઉજમણું કરો શક્તિ તણે અનુસાર ॥
દાન દયા વિમલજી પંન્યાસનારે શિષ્ય સૌભાગ્ય વિમલ ગુણ
ગાય ॥ બ૦ ॥ ૮ ॥ ઇતિ ॥

દુહો

દોષ અઢારે ક્ષય ગયા ઉપના જસ ગુણ અંગ ।
વૈયાવચ્ચ કરીયે મુદા નમો નમો જિનપદ સંગ ॥૧॥

અથ જિનપદનું સ્તવન.

જિનપદ સેવો ભવિજનારે લાલ એ જગમાં સારરે હું વારિલાલ
એ આંકણી૦ ॥
આતમ સરૂપ પ્રકાસતારે લાલ સોલ કષાય કર્યા દૂરરે હું વારિલાલ
ગુણ અનંતા જેહમાંરે લાલ જિનપદ ધરતા ઉમંગરે હું
વારિલાલ ॥ ૧ ॥
શ્રુત ઓહિ મનપર્યવારે લાલ છઉમત્થા વીતરાગરે હું વારિલાલ ।
જિન વચન અગોચરૂરે લાલ જિન મહિમા વડભાગી હું
વારિલાલ ॥ ૨ ॥
ચતુર્વિસ તીર્થંકરોરે લાલ ખમાસમણા પણ તેહરે હું વારિલાલ ।
પ્રદક્ષિણા પ્રેમે કરોરે લાલ ધુપ દીપ મનોહારરે હું વારિલાલ ॥૩॥
કાઉસગ ભવિ ભાવે ધરોરે લાલ જેમ પામો ભવપારરે
હું વારિલાલ ।
લોગસ ચોવીસનો કરોરે લાલ તે છે ભવિ સુખદાયરે હું
વારિલાલ ॥ ૪ ॥
વરઘોડા ચડાવીયેરે લાલ નેવેદ્ય છ હિતકારરે હું વારિલાલ ।
ઉજમણું ભવિ કીજીયેરે લાલ તે છ શિવ સુખ કાજરે હું
વારિ૦ ॥ ૫ ॥
વાસક્ષેપની પૂજનારે લાલ પુસ્તકની કરો સારરે હું વારિલાલ ।
દ્રવ્ય ભાવ પૂજા કરોરે લાલ જેમ પામો શુભ ચંગરે હું
વારિલાલ૦ ॥ ૬ ॥
દાન દયા ગુરૂ સેવળોરે લાલ તો મલે સૌભાગ્યરે હું વારિ૦ ॥

ઇતિ શ્રી જિનપદનું સ્તવન.

અથ શ્રી મહાવીર સ્વામીની થોય.

સિદ્ધારથ કુલ મુગટ નગીનો ત્રિશલા રાણી જાયજી
છપ્પન દિગ કુમરી કરી મહોત્સવ ગીત મનોહર ગાયજી
હરિ હરખે મહોત્સવ કરી મેરૂગિરિ આનંદ અંગ ન માયજી
જયજય કરી જનની ઘર મેલી પ્રણમી પ્રમોદિત થાયજી ॥૧॥
એક કોડને સાઠજ લાખ ભ્રગાર ઉદક ભરીયાજી
ચંગેરી સ્વસ્તિક બહુ આદે અષ્ટ મંગલ આગે ધરીયાજી
ઇણીપેરે મહોત્સવ કરીય અનોપમ ચઉસીસ જીનનો સુરાજી
અઠાઇ મહોત્સવ કરી નંદીશ્વર ઠામ ગયા પુન્ય પુરાજી ॥૨॥
જ્ઞાન આરાધો જ્ઞાનજ સાધો જ્ઞાન વિના નર મુંગાજી
જ્ઞાન વિના નર ભુત્રા ભમતા કાશ કુસુમપરે સુંગાજી
કૃત અકૃત શિવ સાધન જાણે જો હૃદય જ્ઞાનજ દીવોજી
જ્ઞાન વિના કોઇ પાર ન પામે જ્ઞાનિ પુરૂષ ચિરંજીવોજી ॥૩॥
સર્ગાવાસી સરગ ભવની ગલે મોતીની માલાજી
માતંગ જક્ષદેવી સિદ્ધાયી વીરશાસન રખવાલાજી
સંકટ ચુરે વાંછિત પૂરે દેવી તુઠી દયાલજી
વીરવિમળ શિષ્ય સાનિધ્યકારા વિશુદ્ધ દેવી મયાલજી ॥ ૪ ॥

ઇતિ ॥

અથશ્રી સિદ્ધાચલ તીર્થની થોય.

સકલ સુરાસુર સેવે પાયા, નગરી અયોધ્યા નામ સુહાયા,
નાભિરાય ઘર આયા, દશને ચારે સુપન દેખાયા મરૂદેવી
માતાએ જાયા, લંછન રૂષભ સોહાયા, છપન દીગ કુમરી
હુલરાયા, ચોસઠ ઇંદ્રાસન ડોલાયા, મેરૂ શિખર નવરાયા,
હેમવરણ સોહે નિજ કાયા, કલ્યાણ વિમલ મુનિસર ધ્યાયા,
આદિ જિણેસર રાયા ॥ ૧ ॥
વિદ્રુમ વરણા દોય ઇણંદા દોય શ્યામ દોય ઉજવલ ચંદા

દાય નીલા સુખકંદા શોળે જિનવર સુવર્ણ વરણા શિવ
પુર વાસી સવિ સુપ્રસન્ના જે પૂજે તે ધન્ના માહાવિદેહે
જિન વિચરંતા વાસે પૂરા શ્રી ભગવંતા ત્રિભુવન જે
અરિહંતા શ્રી સિદ્ધાચલ વંદા શિશ ભાવ ધરીને વિમલા
વીસ કલ્યાણવિમલ મુનીશ ॥ ૨ ॥
સાંભલ મુધર્મગિરિ મહાતમ સાર અંગ અગીયારને
ઉપાંગજ બાર દસ પયન્ના સાર છ છેદ ગ્રંથવલી
સુવિચાર મૂલ સુત્ર બોલ્યાં તે સાર નંદી અનુયોગ
દ્વાર પણયાલીસે આગમનાણ શ્રી જિન ભાખ્યો જેહ
વખાણ શત્રુંજય સુણી દઇ કાન કલ્યાણ વિમલ મુની
શ વખાણે જે કોઈ ભવિકા મનમાં જાણે તે ઘર લક્ષ્મી
આણે ॥ ૩ ॥
સોરઠ દેશમાં શેત્રુંજો સાર મહિમા મોટો તુંય મંડાણ
ચકેસરો ગોમુખ યક્ષ પ્રમાણ અહુનિશ સેવે સુર્ય
વિમાન પૂરે પરતો ઠું સુપરણ પૂરવ પૂન્ય કમાણ
શ્રો જિન શાસન વિઘન નિવારે આદિનાથજીની
સેવા સારે સેવક જનને પાર ઉતારે શ્રી ગુરૂ પ્રમોદ
મણિ સુપસાય તસ શિષ્ય ગુરૂ પ્રણમું પાય
કલ્યાણ વિમલ સુખ થાય ॥ ૪ ॥ ઇતિ ॥

અથશ્રી સિદ્ધાચલની થોય.

વિમલગિરિ મંડન આદિ દેવ પુંડરીક ગણાધિપ સારે સેવ
ચૈત્રી પૂનમ દિન પંચકોડ મુનિ સાથે સિધ્યા નમું હાથ
જોડી ॥ ૧ ॥
નેમિનાથ વિના ત્રેવીસ જિન સમવસર્યા એ ગિરિંદ ધન્ન
શ્રી ઋષભપૂર્વ નવાણું વાર ચૈત્રી પૂનમ દિન હું નમું વારંવાર ॥૨॥
સિદ્ધાં તે મહિમા જાણેએ વિમલાચલ તિહાં વખાણીયે
છરી પાલી યાત્રા જે કરે ત્રીજે ભવે તે શિવશ્રી વરે ॥૩॥
કવડ યક્ષ ગોમુખ ચકેસરી શત્રુંજય સંઘ વિઘન હરિ

જ્ઞાન વિમલ પંડિત શિષ્ય એમ મુદા રત્નવિમલ કહે દિયે
સંપદા ॥ ૪ ॥ ઇતિ ॥

અથશ્રી સિદ્ધાચલની થોય.

વિમલગિરિ મંડન જિનવર નમું વિકટ સંકટ પાતક નીગમું
ગણધર વર પુંડરીક મનોહર ચૈત્રી પુનમ દિને જન સુહંકર ॥૧॥
અકલ તીર્થંકર મુનિ પરવર્યા વિમલાચલ બહુવાર સમોસર્યા
ચૈત્રી પુનમને દિને હું વલી તે ભાવ હું પ્રણમું જિનકેવલી ॥૨॥
નૈગમ પ્રમુખ નય કરા શોભતો આગમપર પાખંડી ખોભતો
તે માંહે મહિમા ચૈત્રા દિન તણો એ ગિરિનો ગણધરે ભાખ્યો
ઘણો ॥ ૩ ॥
જિન મુખાંબુજ વાસ નિવાસિની વિઘન ઓઘ તમો ભરનાશિની
શારદ દેવી રત્નવિમલ કહે આરાધક મન વંછિત સુખ
લહે ॥ ૪ ॥ ઇતિ ।

અથશ્રી સિદ્ધચક્રની થોય.

શ્રી સિદ્ધચક્ર આરાધો ભાવે હરખ સહિત ભવિ પ્રાણીજી
આરજક્ષેત્ર નરભવ સામગ્રી એતો દુરલભ જાણીજી
શાસન નાયક વીર જિણેસર શ્રેણિક આગલ ભાખેજી
શ્રી શ્રીપાલ નરેસરની પરે શિવ સુખ ફલ તે ચાખેજી ॥ ૧ ॥
અરિહંત સિદ્ધ આચાર્ય પાઠક સાધુ સવિ ગુણવંતજી
દરશણ નાણ ચરિતર પાલો તપ તપો પુણ્યવંતજી
એ નવપદ જપાવલી પૂજો સિદ્ધચક્ર શુભ ભાવેજી
અચલ જિનેસર ધ્યાન ધરંતા આતમ લીલા પાવેજી ॥ ૨ ॥
આસો સુદ સાતમથી ઓલી આંબિલ નવસુદયાલેજી
પડિકમણા પડિલેહણ બેઇવલી દેવ વંદો ત્રણ કાલજી
ત્રણ ટંક પૂજા જતન એ ભુંઈ સંથારો ભાઇજી
ધરમ ધ્યાન મનસાએ રાખો જિનવાણી હિતદાઇજી ॥ ૩ ॥

માત'ગ યક્ષ સિધાઈ સુરી જિન શાસન હિતકારીજી
વિમલેસર નાયકી અધિષ્ઠાયક સંતિ કરે નિરધારીજી
લોકપાલ નવગ્રહ સુરાદિક વિઘન કરે ચકચુરજી
ઋદ્ધિ કીરતિ અમૃતપદ દાયક શિવસુખ દે ભરપુરજી ॥ ૪ ॥
ઇતિ ॥

અથશ્રી જ્ઞાન પંચમીની થોય.

શત્રુંજય ગિરિ તીરથસાર એ દેશી ॥

શ્રી જિન નેમિ જિનેસર સ્વામી એકમને આરાધો ધામી
પ્રભુ પંચમ ગતિ પામી પંચરૂપ કરે સુર સ્વામી.
પંચ વરણ કલશે જલનામી સવિ સુરપતિ શિવ કામી
જન્મ મહોત્સવ કરે ઇંદ્ર ઇંદ્રાણી દેવ તણી એ કરણી જાણી
ભકિત વિશેષ વખાણી નેમજી પંચમી તપ કલ્યાણી
ગુણ મંજરી વરદત્ત પેરે પ્રાણી કરો ભાવ મન આણી ॥ ૧ ॥
અષ્ટાપદ ચોવીસ જીણંદ સમેત શિખરે વીસ શુભ ભવિ વંદ
શત્રુંજય આદિ જિણંદ ઉત્કૃષ્ટા સત્તરીસય જિણંદ
નવકોડી કેવલી જ્ઞાન દિણંદ નવ કોડી સહસ મુણિંદ
સાંપ્રત વીસ જિણંદ સોહાવે દોય કોડી કેવલી નામ ધરાવે
દોય કોડી સહસ્સ મુનિ કહાવે જ્ઞાન પંચમી આરાધો ભાવે
નમો નાણસ્સ જપતાં દુખ જાવે મન વંછીત સુખ થાવે ॥ ૨ ॥
શ્રી જિનવાણી સિદ્ધાંતે વખાણી જોયણ ભૂમિ સુણે સવિ પ્રાણી
પીજિયે સુધા સમાણી પંચમી એક વિશેષ વખાણી
અજુઆલી સઘલી એ જાણી બોલે કેવલ નાણી
જાવજિવ વરસે એક કરેવી સૌભાગ્ય પંચમી નામે લેવી
માસે એક ગ્રહેવી પંચપંચ વસ્તું દેહરે દેવી
એમ સાડા પંચ વર્ષ કરેવી આગમ વાણી સુણેવી ॥ ૩ ॥
સિંહગમની સિંહલંકી બિરાજે સિંહનાદપેરે ગુહિર ગાજે
વદન ચંદ પરે છાજે કટિ મેખલાને ઊર સુવિરાજે
પાયે ઘુઘરા ઘમઘમ વાજે ઝાલતી બહુત દીવાજે

ગઢ ગિરનાર તણી રખવાલા અંબ લુંબ જુતિ અંબાબાલા
અતિ ચતુરા વાચાલા પંચમી તપસી કરત સંભાલા
દેવી લાભવિમલ સુવિશાલા રત્ન વિમલ જયમાલા ॥ ૪ ॥
ઇતિ ॥

અથ શ્રી દીવાલીની થેાય.

શાસનનાયક શ્રી મહાવીર સાત હાથ હેમ વરણ શરીર
હરિ લંછન જિનવીર જેહનેા ગૌતમ સ્વામી વજીર
મકન મુભટ ગંજન વડવીર સાયર પરે ગંભીર
કાર્તિક અમાવસ્યા નિરવાણ દ્રવ્ય ઉદ્યોત કરે નૃપ જાણ
દીપક શ્રેણિ મંડાણ દીવાલી પ્રગટા અભિધાન
પશ્ચિમરજની ગૌતમ જ્ઞાન વર્દ્ધમાંન ધરેા ધ્યાન. ॥ ૧ ॥
ચઉવીસે જિનવર સુખકાર પરવ દિવાલી અતિ મનેાહાર
સકલ પરવ સિણગાર મેરાઇઆકરે અધીકાર
શ્રી મહાવીર સર્વજ્ઞાય પદસાર જપિયે દેાય હજાર
મજિઝમરયણિ દેવ વંદીજે શ્રીમહાવીર પારંગતાય નમીજે
તસ સહસદાયે ગણીજે બલિ ગેાતમ સર્વજ્ઞાય નમીજે
પરવ દિવાલી એણિપરે કીજે માનવ ભવફલ લીજે ॥ ૨ ॥
અંગ ઇગ્યારઉવાંગહ બાર દસપયના છ છેદ મુલચાર
નંદિ અનુયેાગ દ્વાર છ લાખ છ ત્રીસ હજાર
ચઉદપૂરવ વિરચે ગણધાર ત્રિપદીનેા વિસ્તાર
વીર પંચમ કલ્યાણક જેહ કલપસુત્રમાં ભાખ્યેા તેહ
દીપેાત્સવ ગુણ જેહ ઉપવાસ છઠ અઠમ કરે જેહ
સહસ્ર લાખ કેાડિ ફલ લહે તેહ શ્રી જિન વાણિ એહ ॥૩॥
વીરની વાણ સમય સુર જાણી આવે ઇંદ્રને ઇંદ્રાણી
ભાવ અધિક મન આણિ હાથ ગ્રહી દીવિનિસિ જાણી
મેરાઇયાં મુખ બેાલે વાણી દીવાલિ કહેવાણી
એણીપરે દિપેા ત્સવકરે પ્રાંણી સકલ સુમંગલ કારણ જાણી
લાભવિમલ ગુણખાણી વંદતી રત્નવિમલ બ્રહ્માણી

કમલ કમંડલુ વિણાપાણી દેા સરસતી વરવાણી ... ।૪ ॥
ઇતિ દીવાલીની સ્તુતિ સંપૂર્ણ.

અથશ્રી આદીશ્વર જિનની થેાય.

અહિપુર મંડણ આદિ જિણેસર નાભિરાયા કુલચંદાજી
ઝમમગ સેાવન વરણી કાયા દીપે જેમ દીણંદાજી
જનમન વંછિત પુરણ સુરતરૂ મરૂદેવી માતા નંદાજી
પ્રહ ઉઠી પ્રભુ સેવા કરતાં દિન દિન હેાય આણંદાજી ॥ ૧ ॥
વીસ ભુવનપતિ બત્રીસ વ્યંતર એક સુરજ એક ચંદાજી
દશ વૈમાનિક સુરવર આવે એણિપેરે ચેાસઠ ઇંદાજી
જન્મ એાચ્છવ કરે મેરૂ મહીધર પામે અતિહિ આણંદાજી
પુજિ પ્રણમી સયલ જિણેસર દ્રવિ કરે દુખ દંદાજી ॥ ૨ ॥
કેવલનાણી જગઉપગારી શ્રી જિન આપ વખાણીજી
ગુણનિધિ ગણધર મુખ ગુંથાણી શિવસુખની નિશાણીજી
દુખ હરણી પાતક તમ તરણી અરથ રયણની ખાણીજી
શ્રી જિન વાણી અમિય સમાણી આરાધેા ભવિ પ્રાણીજી ॥૩॥
સેાવન ભૂષણ ભુષિત દેહા વીજપરે ચમકંતીજી
ગજગતિ ચાલે દેવી ચકેસરી ચાલે રમઝમ કરંતીજી
શ્રી જિન ચરણ કમલ સેવંતી અહનિશ ધ્યાન ધરંતીજી
શ્રી વીરવિમલ ગુરૂ ચરણ પસાયે સંઘને કુશલ કરંતીજી ॥૪॥
ઇતિ ॥

અથશ્રી અજિતનાથની થેાય.

સંપદ સુખકારી અજિતનાથ શિવસાથ ભવસાયર
પડતાં દેાય ધરે નિજ હાથ આપદભયકાપે થાપે
ઉત્તમ ઠાણ તે નામ જપંતાં થાવે કેાડ કલ્યાણ ॥૧॥
બત્રીશ બત્રીસે વિજય વિજયે એક વિચરંતા સ્વામી
સઢીસય સુવિવેકા પંચ ભરતે ઐરવતે દશ ભવપાર

ઉતારે વંદુ કરજોડી અજિતનાથને વારે ॥૨॥
જીવ પુદ્ગલકાલ ધર્મ અધર્મ આકાશ ષટ્ દ્રવ્ય પ્રકાશે
ગુણ પર્યાય વિલાશ સ્યાદ્વાદ ઉપેતા વાણી કહે જિનસાર
તે સુણતાં નાસે મિથ્યા મોહ અંધાર ॥૩॥
પ્રભુ આણા પાળે ટાળે કર્મ વિકાર તપ જપ આરાધે
સંયમ સત્તર પ્રકાર તસ વિઘન નિવારે મહાયક્ષ
તતકાલ શ્રી કીર્તિવિમલથી વાધે લક્ષ્મી વિશાલ ॥૪॥

॥ ઇતિ ॥

અથશ્રી સુમતિનાથની થોય.

શ્રી સુમતિ જિનેસર પંચમા સુમતિ દાતાર
મેઘ ભુમિપતિને કુલે લીધો અવતાર
જગત જીવ કૃપાકારી મંગલ માત મલ્હાર
પંચમ ગતિ આધે પ્રભુ ધ્યાતા નિરધાર ॥૧॥
કરૂણા સાગર જાણી એ સુમતિ સુખકાર
નામ ઠવણ દ્રવ્ય ભાવે તે કરી ચાર પ્રકાર
ચાર ગતિના જીવને ઉદ્ધરે વીતરાગ
અનંત જિનેસર એહવા પ્રણમું ધરી રાગ ॥૨॥
ચઉમુખ ચઉવીધ દેશના ભાખે ભગવંત
મનુજ દેવ તિર્યંચના કરે સંશય અંત
બોધિબીજ તિનભુવનમાં વાંદી દીન દયાલ
જે આગમ રસ સંચીયે તે નમું ત્રણ કાલ ॥૩॥
સુમતિ જિનેસર શાસન રાતા નર જેહ
દુરમતિ કુંદે નવિ પડે ન ધરે મન સંદેહ
તુંબરૂ યક્ષ સાનિધ્ય કરે હરે દુરિત અશેષ
કીર્તિવિમલ પ્રભુ સેવથી લહે લક્ષ્મી સુવિશેષ ॥૪॥

॥ ઇતિ ॥

અથશ્રી ગોડીપાર્શ્વનાથની થોય.

શ્રી ગોડીપાર્શ્વ મન ધરી હું નામું શીશ ફરીફરી ।
રોગ શોગ આપદ જાય ટલી મુજ વાંછિત આશા સવિ
ફલી ॥ ૧ ॥
સુરનર મુણીંદ સેવા કરે ભવિજનના સવિપાતક હરે ।
પંચ ભરત ઐરવત વિદેહનાં તુજ નામે નમો જિન તેહના ॥૨॥
પર ઉપગારી ત્રિભુવન ધણી દેશન દીધી ચઉકર્મ હણી ।
તેહ સુણતાં આનંદ અતિ ઘણો મુજ આદર હોજો તેહ તણો ॥૩॥
શ્રી ધરણેંદ્ર પદ્માવતી શ્રી ગોડીપાસ પદ સેવતી
ચઉવીહ સંઘ વિઘન નિવારતી ભવિ કીર્તિવિમલ પદ
થાપતી ॥ ૪ ॥ ઇતિ ॥

શ્રી ચિંતામણિપાર્શ્વનાથની થોય

શ્રી ચિંતામણિ પાસજી સવિ ચિંતાચુર
જન્મ જરા મરણાદિક કરે દૂષણ દુર ।
શુદ્ધ સ્વરૂપ જે આપણો ભર આનંદપુર
તુજ નામે તે પામીયે વાજે મંગલ તુર ॥૧॥
ચોથ દસમ એકાદશી ચોથ આઠમ સાર
ચ્યવન જન્મ દીક્ષાવલી કેવલ ભવપાર ।
શ્રીપાસ કલ્યાણક દીને પ્રણમું ધરી ભાવ
કલ્યાણક બહુ જિન તણાં ભવસાયર નાવ ॥૨॥
સુભ અજ્જઘોષ વસિઠ તે બંભયારી નામ
સોમ સિરિહરને નમું વીરભદ્ર ગુણધામ ।
જસે વિય આઠે ગણધરા શ્રીપાસના જાણ
દૃષ્ટિવાદ ભવિને કહી પામ્યા નિર્વાણ ॥૩॥
પાસયક્ષ પદ્માવતી ચિંતામણી પાસ
પાદપંક શિલ્લી મુખા કરે ગુણ અભ્યાસ ।

ધર્મ વિઘન સવિ અપહરે દુખ દૂરે જાય
કીર્ત્તિવિમલ પ્રભુની કૃપા શિવ લચ્છી આય ॥૪॥
ઇતિ ॥

અથશ્રી મહાવીર સ્વામીની થોય.

શ્રી વીરજિણેસર માતા સાર ચઉદ સુપન દેખી ઉદાર
જાગી હરખ અપાર પીઉને પૂછે અરથ વિચાર
સુફલ થાશે સ્વામી શ્રીકાર તુમ સુત હોશે હિતકાર
જનમ હોઈ જબ જિનનો જાસ પુરા પુરાણે ધનની રાસ
સુર ઠવે આવાસ એણીપેરે સયલ જિનેશ્વર માત
ત્રિભુવન માંહે હોય વિખ્યાત જયજય સુર ગુણગાત ॥૧॥
રાજ લેઈ ઓગણીસે દશા રાજવિના પંચે જગદીશા
એ આચાર ચઉવીસા લોકાંતિક સુરની સુણી વાણી
વરસીદાન દઈ હિત જાણી ચારિત્ર લઇ ગુણખાણી
વીસ છઠ ઈવાસુ એકજ કીધ સુમતિ એક ભક્ત પ્રસિધ
નેમ મલ્લી અલીધ એહજ જિનના જે ગુણ ગાવે
ભવભવ પાતિક જુકો થાવે અજરામર પદ પાવે ॥૨॥
દેવ મનુષ્ય તિર્યંચના જોર પરિસહ સહતાં પ્રાચે ઘોર
હણીયા કર્મ કઠોર વાસુપૂજ્ય ઉપવાસજ જાણ
નેમ મલ્લી પાસ રૂષભા નાણ અઠમે શેષા છઠે પ્રમાણ
સકલ જિણેસર હોઈ નાણી સમવસરણ કરે સુર જાણી
જોયણ પ્રમાણે વાણી જિનની વાણી અમીઅ સમાણી
પીતાં દુરગત જાઈ દુવાણી કર્મ પીલણની ઘાણી ॥૩॥
ચઉદ ભત્તાઈ સિધા આદિ જિણંદ છઠે પાયાવીર પરમાનંદ
આસો સેસ આણંદ સિલેસીકરણે સિદ્ધા સ્વામી
સિદ્ધ બુદ્ધ હુઆ આતમરામી વંદુ શિવગતિ ગામી

દયદેવી શાશન રખવાલ શ્રીસંઘને કરે મંગલમાલ
તુઠી દેવી દયાલ વીરવિમલ ગુરૂ ચરણ પસાય
વિશુદ્ધ વિમલ ગુરૂ કીજે સવાય ઋદ્ધિ વૃદ્ધિની તું થાય ॥૪॥
ઇતિ ॥



શ્રીમત્તપાગચ્છાચાર્ય વિમલશાખીયશ્રીજ્ઞાનવિમલસૂરીશ્વરેભ્યોનમઃ



અથ શ્રીજ્ઞાનવિમલસૂરી કૃત

સજ્ઝાય સંગ્રહ.

અથશ્રી અવંતિસુકુમાલની સઝાય ॥

લાછલદેમાત મલ્હાર એ દેશી.

મનોહર માલવ દેશ તિહાં બહુ નયરનીવેશ
આજ હોઅછેરે ઉજ્જેણી નયરી સોહતીજી ॥૧॥
તિહાં નિવસે ધનશેઠ લછિ કરે જસ વેઠી આજહો
ભદ્રારે તસ ધરણી મનડુ મોહતીજી ॥૨॥
પુન્ય ભવે ઝખ એક રાખ્યો ધરીય વિવેક આજહો
પામ્યોરે તેહ પુન્યે સોહમ કલ્પમાંજી ॥૩॥
નલીનીગુલ્મવિમાન ભોગવી સુખ અભિરામ આજહો
તે ચવીઓરે ઉપનો ભદ્રા કુખમાંજી ॥૪॥
અવંતિસુકુમાલ નામે અતિ સુકુમાલ આજહો
દીપેરે જીપે નિજ રૂપે રતિપતિજી ॥૫॥
રંભાને અનુકારી પરણ્યો બત્રીસ નારી આજહો

ભોગીરે ભામિનીશ્યું ભોગજ ભોગવેજી ॥૬॥
નિતુ નવલા શણગાર સોવન જડિત સફાર આજહો
પહિરેરે સુધાલી ચીવર સાવટુજી ॥૭॥
નિત નવલા તંબોલ ચંદન કેસર ઘોલ આજહો
ચરચેરે જસ અંગે આંગી કુટરીજી ॥૮॥
એક પખાલે અંગ એક કરે નાટિક ચંગ આજહો
શાહજેરે સુંહાલી સેજ સમારતીજી ॥૯॥
એક બોલે મુખે ભાખ મીઠી જાણે દ્રાખ આજહો
લાવણ્ય લટકાલા રૂડાબોલડાંજી ॥૧૦॥
એક કરે નયન કટાક્ષ એક કરે નોહરા લાખ આજહો
પ્રેમરે પન્હોતી પિઉ પિઉ ઉચરેજી ॥૧૧॥
એક પ્રીસે પકવાન એક સમારે પાન આજહો
પ્રીસેરે એક સારાં ખારાં સાલણાંજી ॥૧૨॥
એકવલી ગુંથે કુલ પંચવર્ણ બહુ મૂલ આજહો
જમોરે કેશરી એક સએક બાંધતીજી ॥૧૩॥
એક કહે જીજીકાર કરતી કામ વિકાર આજહો
રૂડીરે રઢીયાલીવીણા વજાવતીજી ॥૧૪॥
ઇત્યાદીક બહુ ભોગ વિલસે સ્ત્રી સંયોગ આજહો
જાણેરે દુગુંદુક પૃથવી મંડલેજી ॥૧૫॥
ઇણેરે સમે સમતા પૂર શ્રી આર્યમહાગિરિ સૂરિ આજહો
આવ્યારે ઉજેણીપુરને પરિસરેજી ॥૧૬॥
વસતિ અનુગ્રહ હેત ચેલા ચતુર સંકેત આજહો
મેહલેરે ભદ્રા ઘરે થાનિક યાચવાજી ॥૧૭॥
વારૂ વાહુત સાલ પોઢીવલી પટસાલ આજહો
આપેરે ઉતરવા કાજે સાધનેજી ॥૧૮॥
શિષ્ય કથન સુણી એમ સપરિવાર ધરી પ્રેમ આજહો
પુન્યેરેપટસાલે આવી ઉતર્યાજી ॥૧૯॥
સકલ મુનિ સમુદાય કરે પોરસી સજઝાય આજહો
સુણિયાંરે શ્રવણે સુખ નલિનીગુલ્મનાંજી ॥૨૦॥
તેહ સુણી વૃત્તાંત જાતિ સમરણવંત આજહો

ચિંતેરે ચિત્તમાંહિ એ કિમ પામીયેજી ॥૨૧॥
પુછે ગુરૂને નેહ કિમ લહીયે સુખ એહ આજહો.
ભાખેરે ગુરૂ તવ વયણ સુધારસેજી ॥૨૨॥
ચરણથી નિશ્ચે મોખ જો પાલે નિર્દોષ આજહો.
અહવારે સરાગે વૈમાનિકપણુંજી ॥૨૩॥
કહે ગુરૂને દિએા દિખ્ખ ગુરૂ કહે વિણ માય સીખ આજહો.
ન હુઇરે અનુમતિ વિણ સંયમ કાંમનાજી ॥૨૪॥
તિહાં માતા આલાપ સ્ત્રીના વિરહ વિલાપ આજહો.
કરતાંરે તે સઘલા પાર પામીયેજી ॥૨૫॥
આપે પહિરે વેશ લહીયા ગ્રહ સુવિશેષ આજહો.
ધારેરે તિહાં પંચ મહાવ્રત ગુરૂ કન્હેજી ॥૨૬॥
જિમ કર્મખેરૂ થાય દાખેા તેહ ઉપાય આજહો.
આખેરે ઉપયેાગી ગુરૂ પરિસહ તિહાંજી ॥૨૭॥
કંથેરી વનમાંહિ પેાહતેા મન ઉછાંહિ આજહો.
કરેરે કાઉસ્સગ્ગ તિહાં કર્મને ત્રેાડવાજી ॥૨૮॥
માછી ભવની નાર કરી ભવભ્રમણ અપાર આજહો.
થઇરે તે સ્યાલણી વ્યાલણીની પરેજી ॥૨૯॥
નવ પ્રસુતિ વિકરાલ આવી વન હવે ચાલી આજહો.
નિરખીરે તે મુનિને રીસે ધાઇહરેજી ॥૩૦॥
નિશ્ચલ મને મુનિ તામ કર્મ દહનને કામ આજહો.
ઝુખેરે ભડભડતી મુનિ ચરણે અરેજી ॥૩૧॥
ચ્યારે પેાહેાર નિશિ જોર સહ્યેા પરિસહ ઘેાર આજહો.
કરડીરે શીયાલણે શરીર વિલુરીયેાજી ॥૩૨॥
ધરતેા ધર્મનેાધ્યાન નલિનીગુલ્મવિમાન આજહો.
પેાહતેારે પન્હેાતેા પુન્ય પ્રભાવથીજી ॥૩૩॥
સુભિત કુસુમ જલ વ્રષ્ટિ સુરકરે સમકિત દૃષ્ટિ આજહો.
મહિમારે તે ઠામે સભલેા સાચવેજી ॥૩૪॥
ભદ્રાને સવિનારી પ્રભાતે તિણવારે આજહો.
આવીરે ગુરૂવાંદી પૂછે વાતડીજી ॥૩૫॥
ગુરૂ કહે એક રાતમાંહિ સાધ્યામનના ઉછાંહ આજહો.

નિસુણીરે દુખ વારે સંયમ આદરેજી ॥૩૬॥
ગર્ભવતી એક પુત્ર તેણે રાખ્યું ઘર સૂત્ર આજહો
થાયેરે મુનિ કાઉસગ ઠામે સુંદરૂજી ॥૩૭॥
તે મહાકાલ પ્રસાદ આજ લગે જસવાદ આજહો
પાસ જિનેસર કેરી રૂયડા તિહાંજી ॥૩૮॥
ધનધન એ મુનિરાજ સાર્યાં આતમકાજ આજહો
લહેશેરે શિવરમણી ભવને અંતરેજી ॥૩૯॥
ધીર વિમલ કવિ શિષ્ય લલિ લલિ નામે શીશ આજહો
નેહેરે નયવિમલ ગાવે ગુણ ઘણાજી ॥૪૦॥

ધતિ ॥

અથ રાત્રીભોજનની સઝાય.

શારદ બુધદાઇ એ દેશી ॥

શ્રી ગુરૂપદ પ્રણમી આણી પ્રેમ અપાર
છઠું વ્રત જાણો નિશિ ભોજન પરિહાર
આરાધી પામો સુરસુખ શિવસુખ સાર
ઇહ ભવે વલી પરભવે જેમ લહીયે જયકાર ॥૧॥

ધૂ૦ જયજયકાર હોઇ જગમાંહે નિસિ ભોજન પરિહરતાં

પાતિક પોઢાં એહનાં ભાખ્યાં રયણી ભોજન કરતાં
બહુવિધ જીવ વિરાધન હેતે એહ અભક્ષ્ય ભણિજે
પ્રત્યક્ષ દોષ કહ્યા આગમમાં ભવિ તે હૃદય ધરીજે ॥૨॥
મતીને હણે કીડી વમન કરાવે માખી
લુતાથી કોઢી જલોદરી જુ ભાખી
ગલુંવીંદ્રે કાંટાવાલે હોઇ સ્વર ભંગ
સરડ પટી થિરોલે વિછીઇ તાલું અંગ ॥૩॥

ધૂ૦ અંગ ઉપાંગે હોય વલી હીણો જો આવે વિષ જાતિ

દૃષ્ટ દોષ ઇહ લોકે જાણો પરભવે નરકે પાત
દોય ઘડી પરભાતે સાંજે ટાલી કરો આહાર

નોકારસી તણું ફલ પામો સંભાલો ચોવિહાર ॥૬॥
દેવ પૂજા આહૂતી દાન સરાધ સનાન, નવિ સુઝે
રાતિ તો કિમ ખાઓ ધાંન આચમન કરંતાં
પવિત્ર હોય નવિ તેહ નિશિ ભોજન
કરતાં લહે અવતાર એહ ॥૫॥
ટૂ૦ એહ અવતારજ ધુક મંજારી કાક ગ્રધ અહિ વિછી
વલવાગુલ સિંચાણ ઘિરોલી ઇત્યાદિક ગતિ નીચી
હંસમોર પિક સુકને સારસ ઉત્તમ પંખી જેહ
રાતિ ચુણ ન કરે તો માનવ કિમ ખાઓ અન્ન તેહ ॥૬॥
ધમ જાણી છંડા નિસિ ભોજન ભવિ પ્રાણી
એ આગમમાંહી વેદ પુરાણની વાણી
દિનકર આચમતે પાણી રૂધિર સમાન
અન્ન માંસ બરાબરી એ માર્કંડ પુરાણ ॥૭॥
ટૂ૦ જાણ હોય તે વલી ઇમ જાણે અસ્ત થાય જબ સૂર
હૃદય નાભિકમલ સંકુચાણે કિમ હોય સુધપુર
યજુર્વેદમાંહે ઇમ ભાખ્યું માસે પખ્ખ ઉપવાસ
સ્કંદ પુરાણે દિવસ જિમ્યાનું સાત તીર્થ ફલ ખાસ ॥૮॥

ઢાલ રામ ભણે હરિ ઉઠીયે એ દેશી.

પરશાસનમાંહિ કહ્યું રયણી ભોજન પાપરે
દોષ ઘણા છેરે તેહમાં ઇમ ભાખે હરિ આપરે
વેદપુરાણની છાપરે પાંડવ પૂછે જવાપરે એ તો પાપનો
વ્યાપાર ॥ ૯ ॥
રયણી ભોજન પરિહરે ॥ એ આંકણી ॥
ભવ છન્નુ લગે પારધી જેતું પાપ કરેયરે
તે એક સરોવર શોષતાં તે એકસો ભવ જોયરે
એક દવદિધે તે હોઇરે એહ સમ પાપ ન કોઇરે
॥ રયણી૦ ॥ ૧૦ ॥

એકસો આઠ ભવ દ્રવતણા એક કુવાણિજય કીધરે
એકસો ચુમાલીસ તે ભવે કુડંઆલ એક દીધરે
॥ રયણી૦ ॥ ૧૧ ॥
આલ એકાવન સેા ભવે એક પરનારીનું પાપરે
એકસેા નવાણું ભવે તે એક નિસિ ભેાજન પાપરે
તેહથી અધિક સંતાપરે ॥ રયણી૦ ॥ ૧૨ ॥
તે માટે નવિ કીજીયે જિમ લહીયે સુખ સારરે
રયણી ભેાજન સેવતેા નરભવે પશુ અવતારરે
ચ્યાર નરક તણાં દ્વારરે પ્રથમ તે એ નિરધારરે ॥રયણી૦ ॥૧૩॥
તે ઉપરે ત્રણ મિત્રનેા ભાખ્યેા એક દ્રષ્ટાંતરે
પડિકમણાસૂત્રવૃત્તિમાં તે સુણજો સવિ સંતરે
જિમ ભાજે તુમ ભ્રાંતરે શિવસુંદરી કેરા કંતરે
જિમ થાએા ભવિ ગુણવંતરે ॥ રયણી૦ ॥ ૧૪ ॥

ઢાલ. આજ નહેજોરે દીસે નાહલેા એ દેશી. ॥

એક કુલ ગામે મિત્ર ત્રય વસે માંહેામાંહિ નેહ
શ્રાવક ભદ્રકને મિથ્યામતિ આપ આપ ગુણ ગેહ ॥ ૧૫ ॥
ભવિ નિસિ ભેાજન વિરમણ વ્રત ધરેા ॥એ આંકણી॥
જૈન આચારિજ એક દિન આવીયા વંદીને સુણે વાણી
શ્રાવક કુલથી ભાવ થકી થયેા અભક્ષ સકલ પચ્ચખ્ખાણ
॥ ભવિ૦ ॥ ૧૬ ॥
ભદ્રક નિસિ ભેાજન વિરમણ કરે સહજે આણી નેહ
મિથ્યામતિ તે નવિ પ્રતિ બુઝીયેા કુડ કદાગ્રહ ગેહ
॥ ભવિ૦ ॥ ૧૭ ॥
શ્રાવક ભદ્રક સંગતિથી થયેા સકલ કુટુંબ વ્રતવંત
એક દિન રાજને યેાગ તણે વશેં જિમી ન શકયા ગુણવંત
॥ ભ૦ ॥ ૧૮ ॥
સંધ્યા સમે તે ઘરે આવીયા બિહુને કહે પરિવાર

ભદ્રક નિશ્ચલ ભાવે નવિ જિમ્યો શ્રાવઅર હુ ધેકીમકે। ।
॥ ભ૦ ॥ ૧૯ ॥
ચુકા પાતે જલોદર તસ થયું વ્રત ભંગુણ પાત
વ્યાધિ પીડયો મરીને તે થયો કુર માંજારની જાત
॥ ભવિ૦ ॥ ૨૦ ॥
શ્વાને ખાધો પ્રથમ નરકે ગયો લહુતો નારકે દુખ
ભદ્રક નિયમ તણા પરભાવથી સૌધર્મે સુરસુખ ॥ભવિ૦ ॥૨૧॥
મિથ્યાત્વી પણ નિસિ ભોજન થકી વિષ મિશ્રિત થયું અન્ન
અંગ સડી મરી મંજારો થયો પ્રથમ નરકે ઉત્પન્ન
॥ ભવિ૦ ॥ ૨૨ ॥
શ્રાવક જીવ ચવીને અનુક્રમે થયો નિર્ધન દ્વિજ પુત્ર
શ્રી પુંજ નામે તસ લઘુ બાંધવો મિથ્યાત્વી થયો તત્ર
॥ ભ૦ ॥ ૨૩ ॥
શ્રીધર નામે બેઉ મોટા થયા પાલે કુલ આચાર
ભદ્રક સુરતવ જોઈ જ્ઞાનનું પ્રતિ બોધ્યા તિણે વાર
॥ ભવિ૦ ॥ ૨૪ ॥
જાતિ સમરણ પામ્યા બિહુ જણા નિયમ ધરે દ્રઢ
રયણી ભોજન ન કરે સર્વથા કુટુંબ ધરે અપ્રીત
॥ ભવિ૦ ॥ ૨૫ ॥

ઢાલ શ્રેણિક મને અચરિજ થયો એ દેશી ॥

ભોજન નામે તેહને પિતા માત કરે રીસારે
ત્રિણ્ય ઉપવાસ થયા તિસ્યે જોયો નિયમ જગીશારે
॥ ભ૦ ॥ ૨૬ ॥
એકમનાં વ્રત આદરો જિમ હોય સુર રખવાલારે
કૃશમન દુષ્ટ દૂરે ટલે હોયે મંગલ માલારે ॥એક૦ ॥૨૭॥
ભદ્રક સુર સાનિધિ કરે કરવા પ્રગટ પ્રભાવરે
અકસ્માત્ નૃપ પેટમાં શુલ વ્યથા ઉપજાવેરે ॥એક૦ ॥૨૮॥
વિકલ થયા સવિ જ્યોતિષી મંત્રી પ્રમુખને ચિંતારે
હાહારવ પુરમાં થયો મંત્રવાદી નાગ દમંતારે ॥એક૦ ॥૨૯॥

સુરવાણી તેહવે સમે થઇ ગગને ઘન ગાજીરે
નિસિ ભોજન વ્રતનો ધણી શ્રીપુંજ દ્વિજ દિન ભોગીજીરે
॥ એકo ॥ ૩૦ ॥

તસકર ફરસ થકી હોઇ ભુપતિનીરૂજ અંગોરે
પડહ વજાવી નયરમાં તેડાવ્યો ધરી રંગેરે ॥ એકo ॥ ૩૧ ॥
ભુપતિ નિરોગી થયો પંચસયાં ગામ તસ દીધાંરે
તે મહિમાથી બહુ જણે નિસિ ભોજન વ્રત લીધારે
॥ એકo ॥ ૩૨ ॥

શ્રીપુંજ શ્રીધર અનુક્રમે સૌધર્મે થયા દેવારે
રાજાદિક પ્રતિ બુઝીયા ધર્મ કરે સયમેવારેં ॥ એકo ॥ ૩૩ ॥
નરભવ તે ત્રણે પામીયા પાલી સંયમ સુધારે
શિવ સુંદરીને તે વર્યાં થયા જગત પ્રસિધારે ॥એકo ॥૩૪॥
ઇમ જાણી ભવિ પ્રાણીયા નિસિ ભોજન વ્રત કીજેરે
શ્રી જ્ઞાનવિમલ ગુરૂ નામથી સુજસ સોભાગ લહીજેરે
॥ એકo ॥ ૩૫ ॥ ઇતિ ॥

અથશ્રી રાઇ પ્રતિક્રમણનીવિધિ સઝાય.

વસ્તુ પ્રથમ જાગિ જાગિ થઈ સાવધ ન
સામાયિક લેઈ એક મને રાત્રિ પાપ સંવર નિમિતે
કુસુમિણ દુસુમિણ ઓહડામણી કહે પાઠ રાઈ પાયચ્છિતે
શુદ્ધિ નિમિત્તે કાઉસગ્ગે કહે લોગસ્સ ચ્યાર
અબ્રહ્મે સાગર લગે નહીતર ચંદેસુ વિચાર ॥૧॥
દુહા--રાગાદિક કુસુમિણ લહયો કુસુમિણ દ્વેષે જાણ
જો ઉંઘેતો ફિર કરે એ કાઉસગ્ગ પ્રમાણ ॥૨॥

ઢાલ વીર જિણેસર ઉપદિસે એ દેશી,

ચૈત્યવંદન પુરૂ કરે ખમાસમણાં ચાર દેઈ
ભગવન વાંદવા પછે કહે નવકાર

કહે સતિયાં તણો વલી કહે નવકાર
એક આદેશે એક હોય બિહું બે નવકાર ॥૩॥
અંતર થાયે તો કહે ઇરિય ખમાસમણ દેઇ
રાઇય પડિકમણું ઠાએ સવ્વસ્સવિ રાઇ ભણેઇ
નમુત્થુણં કહી ઉઠીયે કરે જોમે ભણિયે
ચારિત્ત શુદ્ધિ કાઉસ્સગ્ગ લોગસ એક ગુણીયે ॥૪॥
લોગસ્સ સવ્વ કહીય તત્થ દર્શન શુદ્ધિ હેતે
લોગસ્સ એકે પુખ્ખર વંદણ વત્તિ સંકેતે
જ્ઞાન શુદ્ધિ તથા રાત્રિના અતિચાર વિશુદ્ધિ
દુગ લોગસ તથા નાણ ગાહ કહે નિર્મલ બુદ્ધિ ॥૫॥
સિદ્ધાણં કહી ધરણી પુંજી હેઠો તવ બેસે
સામા ચઉકાઉ ત્રિણ એ આવશ્યક હીસે
મુહપતિ વાંદણ બેહુ દેઇ આવશ્યક ચોથું
ઉગ્ગહમાંહિ રહી રાઇ આલોઇ ચોથું ॥૬॥
સવ્વસ્સવિ રાઇ કહી બેસી સૂત્ર ભાખે
ધાનુક મુદ્રાયે કરી અરિ અલગા નાખે
ઉભો થઇને મૈત્રી ભાવ ધરી સમતા આણે
વંદન દેઇ ગુરૂપદે નિજ ભક્તિ પ્રમાણે ॥૭॥
રાઇ ખામણ સાચવે ત્રિણ્યને ગુરૂ સંયુક્ત
વંદન દેઇ ચરણ પુંજે આયરિય ભણે :કતિ
કરેમિ જોમે કહી તસ્સ ઉત્તરી કહિયે
ઇહાં કાઉસ્સગ્ગ કરતાં થકાં તપ ચિંતન લહીયે ॥૮॥
ઋષભ શાસને વર પંચ કહી ન
તિહાં લગે એક માસે લહીયે ॥૯॥
ઇમ ચોત્તીસ ભત્તા લગે બત્તીસને તીસ
અઠવીસ છવીસ ચઉવીસ બાવીસને વીસ
અઠારસ સોલ ચૌદ બાર દસ અટ્ઠમ છટ્ઠ
કીધા હોયે તે કરી સકું પણ આજ ન ઇચ્છ ॥૧૦॥
ધમ કરતાં જે ભાવ હોય તે દિલમાં ધારે
નોકારશી પોરસી પ્રમુખ ધરી કાઉસગ કરે

લોગસ્સ કહિ બેસી કરી મુહપતિ પડિ લેહી
વંદન દેઈ હાથ જોઇ સકલ તીર્થ કહેઇ ॥૧૧॥
તારા એક બે દીસતાં હાથ વેરા સુઝે
પચખાણ ગુરૂ મુખે કરે આગારાદિક બુઝે
છ આવશ્યક એ થયા બેસીને પભણે
ઇચ્છામો અણુસિટ્ઠ જિટ્ઠ હોઇ તે સ્વયે નિસુણે ॥૧૨॥
વિશાલ ચૈત્યવંદન કહી શક્રસ્તવ ભાખે
ઉભા થઇને ચ્યાર થોઇ દેવવંદન દાખે
બેસી નમુત્થુણં કહી ખમાસમણાં દેઇ
કૃત પોષધ જે શ્રાવ તથા મુનિવર જે હોઇ ॥૧૩॥
આદેશ બે બિહુ વેલના કહી ભગવન વાંદે
અઢાઈ જેસુ શ્રાવક કહી સવિ પાપ નિકંદે
પડિલેહણ કરે મુહપતિ થે પામો થાપન
પૂંજે કાજો કરે સઝાય શ્રાવક શ્રાવિકાજન ॥૧૪॥
સામાયિક પારે પછે મુનિવરને વંદી
ઇણિપેરે રાઇ પડિકમણ કરે પાપ નિકંદી
ઉભય ટંક ઘર પૂજતાં દિસે જિમ સુંદર
તિણી પરે પડિકમણા થકી નિર્મલ તનુ મંદિર ॥૧૫॥
જિન મુદ્રાઇ કાઉસગ્ગ ધાનુકની મુદ્રા
વંદેતુ કહે જિન નમન કરે યોગની મુદ્રા
મુત્તા સુત્તી મુદ્રા કરી પ્રણીધાંન કરીજે
યથા જાત મુદ્રા કરી વંદન વંદિજે ॥૧૬॥
મયુરાવનત મુદ્રાઇ પડિકમણું ઠાએ
સમતા મુદ્રા સર્વ ઠામે વિધિસ્યું આરાહો
ઇમ ષટ મુદ્રાઇ કરી અંતર ષટ વર્ગ
જીતીને જિમ પામે સુખ સંપતિ સર્ગ ॥૧૭॥
ચંદેસુ નિમ્મલયર તાંઇ સવિ કાઉસગ કીજે
દુખ્ખખ્ખયને કાઉસગે પુરો ભણિજે
આદેશ સઘલે માલવા ઇચ્છ પુણ ભણીયે
સૂત્રારાધન હેતે સર્વ ઉપધાનજ વહીયે ॥૧૮॥

ઉચ્છાકારેણ જાણે સઘલે આદેશે
ખમાસમણ યતના ધરે ટાલે કાય કલેશ
વ્રત ઉચ્ચર્યા વિણ અતિચાર કહે કેહાંથી લાગા
કેઇક ધમ કહી નવિ કરે આસ્થાથી ભાગા ॥૧૯॥
પણ પડિકમણું નવિ હોઇ સામાયક પાખે
અંતર મુહૂર્તે વિરતિમાં તેહની એ સાખે
અથવા ચાર પ્રકારથી પડિકમણું આવે
પ્રતિષેધ્યંતે આચરીઇ કહે અંગે ન લ્યાવે ॥૨૦॥
વલી વિપરીત પરૂપણા કરીઉ શ્રદ્ધા નાંખે૪
એ ચ્યારે આચર્યે થકે પડિકમણું આંખે
સાંજ થકી પરભાતની વિપરિત કિરિયા
તિહાં એ હેતુજ જાણવું રાતે નવિ સાંભરીયા ॥૨૧॥
દિવસે તો અતિ ચાર સર્વ સાંભરતા જાણી
આલોઇ તે અનુક્રમે એ આગમ વાણી
દિવસ પખ્ખ સંવત્સરે વઇકકંતો ભણિયે
રાઇ ચોમાસી પડિક્કમે વઇકકંતા સુણીયે ॥૨૨॥
કાલવેલા ઉલંઘને પડિકમણું કરંત
પુરીમૂઢનું પ્રાયશ્ચિત્ત જાણી એ આગમ તંત
ઉત્સર્ગે એહવું કહ્યું પણ વલી અપવાદ
મધ્ય દિવસને મધ્ય રાત્રિ તાંએ એ વિધિ વાદ ॥૨૩॥
અવિધિ કર્યાથી મત કરો એહવું પણમકહો
વિધિ સુખ અવિધિ સંસાર એહવું કરી સદ્દહો
કીધાથી લધુ પ્રાયચ્છિત્ત અણકીધે ભારી
વિધિ ખપ કરતાં અવિધિ માર્ગ છંડો નરનારી ॥૨૪॥
નામ હેતુ ગુણ ફલ પ્રકાશ અનુષ્ટાનને મુદ્રા
વિક્ષિપ્તાદિક ચિત્ત ભેદ કિરિયા પ્રતિ મુદ્રા
એ સવિ આવશ્યક તણા જો વિસ્તર વાંછો
તો હરિભદ્ર સૂરિ તણા કીધા ગ્રંથ વાંચો ॥૨૫॥
સંક્ષેપે એ દાખીયો વિધિ જાણણ કાજે
ગચ્છપતીના શૃંગાર હાર વિશુદ્ધ વિજયપ્રભસૂરિરાજે

શ્રી વિનય વિમલ કવિરાજ શિષ્ય ધીર વિમલ કવીશ
પભણે તેહનો શિષ્ય લહે નયવિમલજગીશ ॥ ૨૬ ॥

અથશ્રી મુક્તિ અદ્વેષ પ્રાધાન્ય સજ્ઝાય.

ચોપાઈ

મુક્તિ અદ્વેષ ગુણ પ્રકટેગો ન ચરિમ પુદ્ગલ અર્દ્ધ દેશોન
ન મુકયુ પાપની ચેષ્ટા નહી તોહે પણ તસ પ્રાપ્તિ હોએ
સહી ॥ ૧ ॥
વિષાન્ન તૃપ્તિ વ્રસમ તનું ધરણ દુર્ધર શસ્ત્ર વ્યાલ જલ તરણ
તે સરિખો વ્રત ગ્રહવો ગણે યથા ઉકત પાલન ભય મુણે ॥૨॥
ગ્રૈવેયકાદિક સુખની પ્રાપ્તિ તેવિપાક વિરસ સમ વ્યાપ્તિ ।
મુક્તિ અદ્વેષ ગુણ વિણ તે લહે ક્રિયા સફલ નવિ તેહની
કહે ॥ ૩ ॥
મુક્તિ માર્ગ આદરતા હુએ મુક્તિ અદ્વેષ કહીજે તસ કરણી સઘલું
શુભ ગેહ ॥૪॥
ગુરૂ દ્વાષીને બહુલી ક્રિયા ન હોય ગુણ પણ બહુ વિક્રિયા
જિમ પદ ફરસ નિષેધન કરી ભોતુહંતુ નહિ ભક્તિ થઈ
॥ ફરી ॥ ૫ ॥
મુક્તિ અદ્વેષ ગુણથી જે લાભ પાપ નિવૃતિ અશુભ અલાભ
તેહથી તપજપ અધિક ન કોઇ કર્તૃભેદે અનુષ્ઠાનજ હોઇ ॥૬॥
જિમ રોગી નિરોગી જિમ અસન દિક તે રૂપ પરિણમે
તિમ અનુષ્ઠાન કરણ જાણવું ભવાભિષંગ અનાભોગે આણવું ॥૭॥
વિષગર અનુષ્ઠાનદ્વેત અમૃત પંચ એ કરણ સંકેત
ત્રિણ મિથ્યાદ્વય સત્ય વખાણી પૂજાવશ્યક પ્રમુખે મને આણી॥ ૮॥
લબ્ધ્યાદિક ઇહા ચિત્ત ચારણથી વિષ નામ પ્રમત્ત
દિવ્યલોગે હઇગર થાય કાલાંતર મારે જિમ હડકવાય ॥૯॥
સંમો હાદીક નિજ હઠ વસે અનુષ્ઠાન શુન્યાદિક રસે
શ્રુત અનુસારી સદાચાર વિધિ રાગ તે તથૈનું તણો છે લાગ ॥૧૦॥

જૈન માર્ગ શ્રદ્ધાયે સાર તન્મય ભાવ તણો વ્યાપાર
ભવાન્તરે પણ તસ અનુબંધ તે અમૃત અનુષ્ઠાન સંબંધ ॥૧૧॥
૧ પ્રથમ દોયનો સ્વામી અભવ્ય૩ ૨ અંત્ય દોયનો સ્વામી ભવ્ય
૩ મુકિત અદ્વેષ ગુણે અમૃતજ હોઈ ૪ મોક્ષ રાગે તદ્ધ
હેતુ જોય ॥૧૨॥
પ્રાયે અનુષ્ઠાન અભિધાન ચરિમા વર્તે હોય નિદાન
અવિધ થકી હોય અનુષ્ઠાન ચરિમા અપાર્દ્ધે તદ્વે
પ્રધાન ।૧૩॥
અસન્ન તરતમ અમૃતતણી હોય સિદ્ધિ
યદ્યપિ ગર વિષ ભગને હોય તે દ્રવ્યાનંદથી જોય ॥૧૪॥
પણ ભવાભિષ્વંગથી નહી કર્તુભેદથી જાણો સહિ
અનુબંધે જે કર્મની હાનિ તેહિજ મુકિત નિરપાય નિદાન ॥૧૫॥
દર્શન જ્ઞાન ચારિત્ર સદુપાય તેહિજ કહીયે મુકિત ઉપાય
તેહ સાધન કાજે ઉભહ્યા રાગદ્વેષ વિણું તે મુનિ કહ્યા ॥૧૬॥
કુશલાનુષ્ઠાને સાધ્યતા વીતરાગપરે જે સહજતા
મુકિત અદ્વેષ કહી જે તાસ રાગ દ્વેષ વિણ સમતા વાસ ॥૧૭॥
સદનુષ્ઠાન રાગકૃત કરણ પ્રજ્ઞાધાન ફલ ઈહાં ધરણ
મુકિતઅદ્વેષ ફલયાંછે તેહ માર્ગાનુસારિણી બુદ્ધિ અછેહ ॥૧૮॥
યદ્યપિ ભવ ભ્રાંતિ હોયકદા તોપણ મોક્ષ બાધક નહિં તદા
ધારાલગ્ન હોય શુભ ચાવ ક્રિયા રાગ પ્રયોજક નાવ ॥૧૯॥
અંતઃ તત્વ તણી હોય શુદ્ધિ જિહાં વિનિવૃત કદાગ્રહ બુદ્ધિ
એહવી સત સાધનથી ન હોય પરભવે નાસ્તિકતાદિક કહે ॥૨૦॥
ચર્માવત્ત આસન સિદ્ધિતા હોય જે હારે શુભ ભવિતવ્યતા
એ ગુણ બિંદુ જો સમતા સિંધુ માંહે પડે તો અખય
અદ્ધંધ ॥ ૨૧ ॥
પ્રમ માનસિક સુખનો આસ્વાદિ લીએ પામે પરમ આલ્હાદિ
તે ક્ય ક્રિયાએ પિડાયે નહિ પરમાનંદ મગન હોય સહી ॥૨૨ ॥
શુદ્ધ શ્રદ્ધા એ પ્રસન્ન ચિત્ત કરો મલ કષાય સવિ દૂરે ધરો
કતક ફલે જિમ નિર્મલનીર મિટે અનાદિ અવીદ્યા તીર ॥૨૩॥

પંડિત વીર્ય લેસે એહથી તેહથી અનુત્તર રમ્રતિ ભાવથી
તેહથી ચિત્ત થિર સુદૃઢ વરધ્યાન પામે નિર્મલકેવલજ્ઞાન ॥૨૪॥
અપુનર્બન્ધકતા સવિઆદિ મુકિત અદ્વેષ ગુણ અંતિસદ
એહ આરાધો વીસમા વીસ જ્ઞાનવિમલસૂરિ દિયે આશિષ ॥૨૫॥
ઇતિ ॥

અથ શ્રી સચિત્ત અચિત્ત વિચારની સજઝાય.

પ્રવચન અમરી સમરીસાદા ગુરૂપદ પંકજ પ્રણમિ મુદા
વસ્તુ તણો કહું કાલ પ્રમાણ સચિત્ત અચિત્ત વિધિ લહેજિમ
જાણ ॥ ૧ ॥
ત્રિહુ ઋતુ મલી ચોમાસા માન ષટ ઋતુ મલીને વર્ષ પ્રમાણ
વર્ષા શીતિ ઉષ્ણ ત્રણ કાલ ત્રિહુ ચોમાસે વરસ રસાલ ॥૨॥
શ્રાવણ ભાદ્રવ આસો માસ કાર્તિક ઈમ વરસાલા વાસ
માગશિર પોષ માહને ફાગ એ ચારે શિયાલા લાગ ॥૩॥
ચૈત્ર વૈશાખને જેઠ આષાઢ ઉષ્ણ કાલ એ ચાર અગાઢ
વર્ષા શરદ શશિર હેમંત વસંત ગ્રીષ્મ ષટ ઋતુ ક્રમતંત ॥૪॥
રાંધ્યું વિદલ રહે ચઉ યામ ઓદન આઠ પહોર અભિરામ
પ્રહર સોલ દધિ કાંજી છાસિ પછે રહેતો જીવ વિનાસિ ॥૫॥
પાપડ લોટયા વટક પ્રમાણ ચ્યાર પહોર તિમ પોલી માન
પનર દિવસ વર્ષા પકવાન ત્રીસ દિવસ શિયાલા માન ॥૬॥
વીશ દિવસ ઉન્હલે રહે પછી અભક્ષ થાયે જિન કહે
માત્ર પ્રમુખ નીવી પકવાન ચલિત રસે તસ કાલ પ્રમાણ ॥૭॥
ધાન ધોયણ છ ઘડી પ્રમાણ દોય ઘડી જે રયણી જાણ
ફલ ધોયણ એક પ્રહર પ્રમાણ અચિત્ત હોય અંતર્મુહૂર્તે માન ॥૮॥
ત્રણ વાર ઉકલીયો જેહ શુદ્ધ ઉષ્ણ જલ કહીયે તેહ
પ્રહર તીન ચઉ પંચ પ્રમાણ વર્ષાશીત ઉન્હાલે જાણ ॥૯॥
શ્રાવણ ભાદ્રવે દિન પંચ મિશ્ર લોટ અણ ચાલિત સંચ
માગશિર પોષે ત્રણ દિન જાણ આસો કાર્તિક ચઉ દિનમાન ॥૧૦॥
માહ ફાગુણે કહ્યું પણ યામ ચૈત્ર વૈશાખે ચઉ પ્રહર પ્રમાણ

જ્યેષ્ઠ આષાઢ પ્રહર ત્રણ જોય તિણ ઉપરાંત અચિત્ત તે
હોય ॥ ૧૧ ॥
ગોહું સાલ ખડ ધાન કપાસ જવ ત્રણ વરસે અચિત્ત હોય ખાસ
વિદલ સર્વ તિલ તુયરીને વાલ પંચ વરસે હોય અચિત્ત
વિશાલ ॥ ૧૨ ॥
અલશી કોદ્રવ કાંગને જવાર સાતે વરસે અચિત્ત વિચાર
સીત તાપ વિણ પુદ્ગલ હોય સચિત્ત યોનિ અચિત્ત સવિ
જોય ॥ ૧૩ ॥
હરડિ પીપરી મરીચ બદામ ખારિક દ્રાખ એલા અભિરામ
જોયણ સત જલ વટમાં વહે સાઠ જોયણ થલવટમાંહિ
રહે ॥ ૧૪ ॥
સચિત્ત વસ્તુ પ્રવહણની જેહ થાય અચિત્ત પ્રવચન કહે તેહ
ધુમઅગ્નિ પરિઅટ્ટણ કરી અચિત્ત યોનિ તસ થાય ખરી ॥૧૫॥
બાર પોર રહે ઝંગલી રાખ સોલ પહોર રાઈતાં અજાખ
પહોર ચોવીશ ગોમૂત્રનું માન બે દિન અતિત દધિ
છાસિનું માન ॥ ૧૬ ॥
અતિ ખોરૂં ઘૃત કાલાતીત પલટાયે વર્ણાદિક રીત
કાચું દુધ વિદલ સંયોગ એ અભક્ષ કહે મુનિ લોગ ॥૧૭॥
ઢુંઢણિયાદિક વિદલની દાલ સેકયાં ધાંન નિર્ણિત નહી કાલ
ચ્યાર પહોર સીરો લાપશી વિદલપરે તે પ્રવચન વસી ॥૧૮॥
પ્રથમ દિવસ પ્રારંભી ગણો કાલ પ્રમાણ સવિ તેહનું ભણો
ચાલેત રસ જેહનો જિહાં થાય તિહાં તે વસ્તુ અભક્ષ
કહેવાય ॥ ૧૯ ॥
ધોલો સિંધવ કહયો અચિત્ત શ્રાદ્ધ વિધે અખ્ખર પરતિત
ઓટલાદિક ઓહરાં જે થાય તેહ અચિત્ત થાપના ન થાય ॥૨૦॥
તેલ નીર મિશ્રિત અચ્છાણ તેહ ન લેવે પ્રવચન જાણ
દહિરાઈ વિદલે દેવાય, ઉષ્ણ કર્યું તે શુદ્ધ કહાય ॥૨૧॥
વિદલવર્ણાદિક કેરો કાલ, શાસ્ત્રમાંહિ છે તેહ વિશાલ
અલ્પ બુદ્ધિને પડે સંદેહ, તેહ ભણી ઇહાં ન કહયો તેહ ॥૨૨॥

ગીતારથને વયણે જોય, આચીરણ અનાચીરણ હોય
આર્દ્ધ્યાંન અંકુર નિકલે, તવ તે વસ્તુ અભક્ષમાં ભલે ॥૨૩॥
ગરૂ મણસીલ લવણ હરિયાલ, આવે જલવટમાંહિ વિશાલ
તેહ અચિત્ત હોય પ્રવચન સાખે પણ લેવાની નહિ તસ
ભાખ ॥ ૨૪ ॥
ઈમ બોલ્યા લવ લેશ વિચાર વિસ્તર પ્રવચન સારોદ્ધાર
ધીરવિમલપંડિત સુપસાય કવિનયવિમલ કહે સજઝાય ॥૨૫॥

અથ શ્રીભગવતીસુત્રની સજઝાય.

આવો આવોરે સયણ ભગવતીસૂત્રને સુણિયે
પંચમઅંગ સુણીને નરભવ સફલ કરીને ગણીયે ॥ આવો૦ ॥
ઝે આં૦ ॥
શુધ્ધસ્વરૂપકથકસંવેગી જ્ઞાનતણા જે દરિયા
વીરાશંસ શ્રી જિનવર આણા અનુસારે કરે કિરિયા
॥ આ૦ ॥ ૧ ॥
ગીતારથ ગરૂ કુલના વાસી ગુરૂ મુખથી અર્થ લીધા
પંચાંગી સંમત નિજ હઠ વિણ અનુભવ અર્થે કીધા ॥આ૦ ॥૨॥
સૂત્ર અર્થ નિર્યુકિતને ચુરણ ભાષાવૃત્તિના ભાખે
જે કહયોગી સાધુ સમીપે સુણીયે પ્રવચન સાખે ॥આ૦ ॥૩॥
કાલ વિનયાદિક આઠ આચારે શકિત ભકિત બહુ માને
નિદ્રા વિકથાને આશાતના વરજી થઈ સાવધાન ॥આ૦ ॥૪॥
દેઇ પ્રદક્ષિણ શ્રુતને પુંજી કરજોડીને સુણીયે
તો ભવ સંચિત પાપ પણાશે જ્ઞાનાવરણી હણીયે ॥આ૦ ॥૫॥
કેવલનાણ થકી પણ વધતું કહયું શાસ્ત્રે સુયનાણ
નિજપરને સવિ ભાવ પ્રકાશે એહથી કેવલ નાણ ॥આ૦ ॥૬॥
ઉન્નત્ત પંચમ અંગ સોહાવે જિમ જયકુંજર હાથી
નામ વીવાહપન્નતી કહીયે વિવિધ પ્રશ્ણ પ્રવાહથી ॥આ૦ ॥૭॥

સુલલિત પદ પદ્ધતિ રચનાએ બુધિ જન નામ ન રંજે
બહુ ઉપસર્ગ નિપાતને અવ્યય શબ્દ ઉદ્ધારે ગુજે ॥આઠ ॥૮॥
સુવર્ણમયા ઉદ્ધરશે મંડિત ચતુરનુયોગ ચઉ ચરણા
જ્ઞાનાચરણ દોઇ નયન અનોપમ શુભ લોકને આચરણા
॥ આઠ ॥ ૯ ॥

દ્રવ્યાસ્તિક પર્યાયાસ્તિકનયદંત મુસલસમ ગાઢા
નિશ્ચયને વ્યવહાર નય દ્રવ્ય કુંભ સ્થલના આઢા ॥આઠ ॥૧૦॥
પ્રણ છત્તીસ સહસ શતક એકતાલીશ સુંદર દેહ વિભાસે
રચના વચન તણી બહુ સુંદર શુડાદંડ વિલાસ ॥આઠ ॥૧૧॥
નિગમન ઉત્તર વચન મનોહર પુછ પરે જે લલકે
ઉત્સર્ગને અપવાદ અતુલરવ ઘંટાનાદરયું રણકે ॥આઠ ॥૧૨॥
વાદિ અંગજય યશ પડહે કરિ પુર્ણ દિસોદિસ દિસે
અંકુશ સ્યાદ્વાદવશકીધો નિરખી સજન હીસે ॥આઠ ॥૧૩॥
વિવિધ યુકિત પ્રહરણ રયું ભરીયો વીર જિનેશે પ્રેર્યો
મિથ્યા અજ્ઞાન અવિરતિ રિપુ દલથી મુનિ યોધે રહયો ઘેર્યો
॥ આઠ ॥ ૧૪ ॥

શુધ્ધાચાર આચારંજ મતિસ્યું કલ્પિત રિપુ ગણ જીપે
એહવો જે આગમ જયકુંજર તે જિન શાસનમાં દીપે
॥ આઠ ॥ ૧૫ ॥

સુયખંધ બેઉ અધ્યયન શત જાણો દસ સહસ ઉદ્દેશા
લાખ બેય અઠયાશી સહસા પદ પરિણામ વિશેષા ॥આઠ ॥૧૬॥
શ્રીવિવાહપન્નતી ભગવતી બેય નામ જસ લહીયે
પ્રથમ પંચ પરમેષ્ઠી નમીને ભાવશ્રુતને કહીયે ॥આઠ ॥૧૭॥
દ્રવ્ય શ્રુત અષ્ટાદશ લિપીને પ્રણમી અર્થ પ્રકાશ્યા
બોધ અનંતર કારણ શિવફલ પરંપરાયે વાસ્યા ॥આઠ ॥૧૮॥
ગુરૂપર્વકમ એહ સંબંધે સુણીયે ઉલટ આણી
પાવન મનપાવન ઉપગરણે વિધિ ગુરૂમુખથી જાણી ॥આઠ ॥૧૯॥
સચિત પરિહારી એકાહારી થઈ યે વલી બ્રહ્મચારી
ગુરૂપૂજા અને શ્રુત પૂજા પ્રભાવના મનોહારી ॥આઠ ॥૨૦॥

અર્થભાવ નવિ લહે તોપણ સુંણતાં પાપ પણાસે
નાગમતાથી જિમ વિષ જાયે તિમ શ્રુત શ્રવણ અભ્યાસે
॥ આ૦ ॥ ૨૧ ॥

શતક ઉદ્દશા ગૌતમને નામે નાણું મુકે તિણ ઠામે
જિમ શ્રીમાલીવંશવિભુષણ સોનિશ્રીસંગ્રામ ॥આ૦ ॥૨૨॥
આગમ સુંણતાં સહાય કરે જે તેપણ લહે સુયનાણ
વીરભદ્ર પરે પૂર્વધારી તિણે ભવે કેવલનાણ ॥આ૦ ॥૨૩॥
ધણપરે ધનનો લાહો લેઈ જે આગમને નિસુણે
જ્ઞાનવિમલ ગુણ તેહના જગમાં હુંસે કરી સહું પભણે
॥ આ૦ ॥ ૨૪ ॥
ઇતિ ॥

અથ શ્રી દેવસિય પ્રતિક્રમણની વિધિની સજ્ઝાય.

સુગુરૂ ગણધર પાય પ્રણમેવિ વિધિ પભણું પડિક્કમણની
ભવિક જીવ ઉપગાર કાજે પટ આવશ્યક નિતુ પ્રતિ કરો જેમ
ભવ દુખ ભાંજે

ભુમિ પરમાર્જિ મુહપતી થાપના ચરવલેઇ
મનથીર કરીને આપણું ખમાસમણ ત્રુરે દેઇ ॥૧॥

ઢાલ પહેલી.

વીર જિણેસર ચરણ કમલ એ દેશી.

પ્રથમ ઇરિયા પડિક્કમી મુહપતિ પડિ લેહી
સામાયક સંદિસાવું ઠાઉં ખમાસમણ દુગ દેઇ
ગુરૂ મુખે સામાયક ગ્રહે કહી એક નોકાર
તદનંતર ચઉચ્થોભદંઇ કહે ત્રિણ નોકાર ॥૨॥
સામાયક લેવા તણો વિધિ ઇણિ પરે પુરે
પચ્ચખ્ખાણ કરવો તિહાં વેલા જાણી અસુર

પડિ લેહે પુણ મુહપતી દાય વંદન દેવે
દુતિ ચઉવિહ પચ્ચખ્ખાણ તેમ યથા શકિત લેવે ॥૩॥
ચૈત્યવંદન નમુત્થુણં કહી ચૈત્ય સ્તવ પભણે
મંગલ એકેક કાઉસગ કરી થુઈ નિસુણેઇ
કાઉસગ કરે ચ્યાર ચ્યાર થુઈ દેવજ વાંદે
એસી શકસ્તવ કહી નિજ પાપ નિકંદે ॥૪॥
ચાર ખમાસમણા દેઇ ભગવન આચારિજ
ઉપાધ્યાય વરસાધુ જેહ વંદે ગુણ સંયુત્ત
ધર્મ તણા દાતાર જેહ તેહ ભગવન જાણે
શુદ્ધાચારના પાલનાર આચાર્યજ ચિત્ત આણે ॥૫॥
સમય માન સિદ્ધાંત જાણ સકિરિય ઉવજઝાય
સતાવીશ ગુણ યુત્ત સાધુ તસ વંદન થાયે
શ્રાવક તિહાં ઉભા થઇ ઇચ્છકાર સમરત
શ્રાવક વાંકુ ઇમ કહે ધરી ભકિત પ્રશસ્ત ॥૬॥
હુવે આવશ્યક પટ તણું બોલું મંડાણ
દઇ ખમાસ્મણ સાવધાન કિરિયા વિધિ જાણ
બીજ જેહ છે દેવસિય પડિકકમણે ઠાઉં
દુચ્ચિંતિય દુબ્ભાસિય દુચ્ચિટ્ઠિય ચાહું ॥૭॥
સામાયિક જો મેં કહી તસ્સઉતરી ભણીયે
કાઉસગ્ગમાંહિ ગાહુ અટ્ઠ તિહાંનાણંમિ ગણીયે
પ્રથમ આવશ્યક એ થયું હુવે લોગસ્સ બીજું
મુહપતિ વંદન દાય એહ આવસ્યક ત્રીજું ॥૮॥
આવસ્યક ચોથું હુવે પડિકમણું જોઇ
ઉભો ઉગ્ગહમાં રહી દેવસિક આલોઇ
બીજક પુણ સંભારીને વંદિતુ પભણે
પંચ્યાશી અતિચાર તેહ મનમાંહિ નિસુણે ॥૯॥
ગુણચાલીસ અતિચાર જેહ નાણમિમાં કહીયા
એકસોને ચોવીશ એમ અતિચારજ લહીયા
તસ્સ ધમ્મસ્સ ઉભો થઈ કહે અવગ્રહ બાહિર

દુગ વંદન દેઈ દેવસિય ખામે સમતા ધરી ॥૧૦॥
ગુરૂ સંયુકત ત્રિણ સાધુને ખામણડાં દીજે
પુણ દુગ વંદન દેઈને હવે પંચમ કીજે
અવગ્રહ બાહિર નીસરી પાછલે પગ પુંજી
આયરિય કરેમિ જોમે તસ્સ સુત્ર પ્રયુંજી ॥૧૧॥
ચારિત શુદ્ધિ કાઉસગ્ગે લોગસ્સ દોય ભાખે
લોગસ્સ સવ્વ લોએ કહી પુણ કાઉસગ્ગ દાખે
જ્ઞાનાચારે વિશુદ્ધિ એક લોગસ તવ કહીયે
પુષ્ખરવંદન કાઉસગ્ગ લોગસ્સ એક જાણો
દર્શન શુદ્ધિ તે કહી સિદ્ધાણં આણો ॥૧૨॥
પંચમ આવશ્યક થયું મંગલને કામે
શ્રુત દેવીને ક્ષેત્રદેવી સમરો તસ નામ
એક નોકારનો કાઉસગ્ગ કહે પ્રગટ નોકાર
બેસી મુહપતી વાંદણાં દુગ દીજે સાર ॥૧૩॥
છઠું આવશ્યક ઇહાં પચ્ચક્ખાણની સુરૂ
મૂલ વિધિ અર્ધ બિંબ સુર પડિકમણો-મંડ
તે વિધિ સિથલો જાણીને પહેલું પચ્ચક્ખાણ કીજે
છે પણ તે પ્રમાદ સમજે યો જાણે ॥૧૪॥
છ આવશ્યક પૂર્ણ કરી ઇચ્છામો અણુસટ્ઠિં
કહે નમોસ્તુ સકથયે નવનજ અતિમીઠું
ચાર ખમાસમણા દેઇ તેણે ભગવન વાંદે
અઢાઇ જજ્જેસુ શ્રાવક કહી સવિપાપનિકંદે ॥૧૫॥
આલોયતાં જે વિસર્યું દિન પાપ વિશુદ્ધ
કરવા દેવસિય પાયચ્છિત્ત ચઉ લોગસ શુદ્ધ
ગુણ સંયુત્ત શુદ્ધ સાધની કહે તિહાં સજઝાય
આદિ અંતે નવકારનું નિસુણે સમુદાય ॥૧૬॥
દુઃખ કર્મ ક્ષય હેતુ તથ લોગસ્સ ચઉ પનર
શાંતિ નિમિતે કહી શાંતિ જે ભવિજન ચતુર
લોગસ્સ પારિપડિકકમે ઇરિયા વહી વલતી
ચૈત્યવંદન ચઉકકષાય પણ એ ક્રિયા મિલતી
તે માટે ઇરિયા તણો ઇહાં નહિ નિરધાર

પડિલેહીને મુહપતિ સામાયક પારે ॥૧૭॥
સામાઇયવયજુત્ત કહ્યો ઇમ વિધિ આરાધે
અવિધિ તણો જો કરે ત્યાગતો શિવ સુખ સાધે
ઠાય પુઠે સ્તવન લગે મનિ આડિ ટાલે
આલસ અંગે પ્રમાદ છંડી થાપના નિહાલે ॥૧૮॥
હવે શ્રાવક સાધુને જે અંતર દીસે
તે દાખું સઘલો ઇહાં જિમ મનડુ હીસે
સામાયિક લેવું નહિ પારણ પણ ન હોય
ત્રિવિધ ત્રિવિધનો પાઠ હોઇ શ્રાવક દુવાધજ હોય ॥૧૯॥
નાણંમિ કાઉસગે સાધુને ગાથાએક દીસે
સયણાસણ નામે કહે આવશ્યક સાખી
ગીતારથ કહે એ ચારતસ અર્થ વિચારે
ગોચરીયે ફીરે જેહ તેહ ત્રણવાર સંભારે ॥૨૦॥
નમો કરેમિ ચતારિયા જેમે કહે સૂત્ર
શ્રાવક વંદિતુ ભણે નમો કરે જેમે સૂત્ર
જેમે કરેમિ વંદિતુ સૂત્ર ઇહાં પાઠનો ફેર
ઇસવિરતિ સર્વ વિરતિનો જિમ સરિસવ મેર ॥૨૧॥
ઇણિપરે દેવસિ પડિકમણ વિધિ જેહ કરંત
ત્રિકરણ શુદ્ધિ આલોઇ પાપ સંસાર તરંત
ધીરવિમલ કવિરાજ શિષ્ય નય વિમલ ભણંત
તસ ઘરે નવનિધિઋદ્ધિ હોય ભવિ જેહ સુણંત ॥૨૨॥

ઇતિ ॥

અથશ્રી વિગય નિવિગયની સઝાય.

શ્રુત અમરી સમરી શારદા સરસ વચન વર આપે મુદા
વિગય તણાં નિવિયાતાં વિગતે પ્રવચન અનુસાર કહું તંત ॥૧॥
આવશ્યક નિર્યુક્ત કહયા જે ગીતારથ પરંપરે લહયા
ભેદ અનેક જે સમય પ્રમાણ સમજીને કરીયે પચ્ચખ્ખાણ ॥૨॥
દુધ દહિ ઘૃત ગોલને તેલ કડાહ વિગય પહનો એમેલ

નિવિયાતાં તેહનાં મલી ત્રીશ પંચપંચ એકેક લહીસ ॥૩॥
ગોમહિષી અજ એલગ ઉંટડી એપણ દુધ વિગય પડવડી
વિના ઉંટડી ઘૃત દહિચાર દ્રવ્ય પિંડ બિહું ગુડ ચિ-તધાર ॥૪॥
સરિસવ અલસી તિલ કાખરી તેલ ચારએવિગય ચિતધરી
તેલ ઘૃત તલિયેા પકવાન બિહું ભેદે એમ એકવીશ જાણ ॥૫॥
હવે એહનાં નિવિયાતાં કહું પંચ દ્રવ્ય તણાં સદહું
દ્રાખ સહિત પયસાડી રકહી બહુ તંદુલની ખીરજ લહીર ॥૬॥
અલ્પ તંદુલ પેયા જાણ૩ લેાટ મિશ્રિત ૪અવલેહી પ્રમાણ
આંબિલ રસ યેાગે બલહટી દ્રેદરી દુધટ્ટો ઘૃત પનટી ॥૭॥
સીધેારેા કરવા બહુ રકુર બધ દહીં સિખરણી ખાંડપુર.ર
સલવણ દધિ કરમથી તજે ઘેાલ.૩ વસ્ત્રે ગલિયું મથિત દધિ
ઘેાલ ૪ ॥૮॥
ઘેાલ ઉકાલી ઘાલે વાંપ તેહને કહીયે છે ઘેાલવડાં
હવે ધીનાં નિવિયાતાં જાણ ત્રણ ઘાણે તલિયેા પકવાન ॥૯॥
નિર્ભંજણ તે ઘૃત ઉગર્યું એ પહેલું નિવિનું ધર્યું.૨
વિરપંદન તે ઘૃતનીતરીર ખંડાદિકે જે મિશ્રિત કરી ॥૧૦॥
તર્યું પચિયેા આપક્વ હેાય તેહ ઉપરલીતરી વલી જોય૩
આમલ ખાદિરાદિક ઘૃત જેહ૪ ઘૃત નીચેાઈ કીટુ તેહ૫ ॥૧૧॥
ખંડાદિક મિશ્રિત તિલવહિર નીવાતી તતકાલ પ્રગટ
જો કેવલતેા બીજે દિને નિવિયાતી કહીયે તેહને ॥૧૨॥
નિર્ભંજણ ત્રણ ઘાંણ ઉતારીર તે નિવિઆતું તેલ વિચાર૨
તેલ પકવ ઔાષધ ઉપરી તરીઉ તેલ મલીજે હેઠલે ધરી.૪ ॥૧૩॥
લાખેલ ચાંપેલન કુસેલ પ્રમુખ નિવિતાં તેલનેા મેલપ
ગુલવાંણી ખાંડ સાકર આદિઉ કાકવ અર્થે કહેયેા
રસ સ૦૧: ॥ ૧૪ ॥
ગેાલતણેા જે કીજે પાક ગુડ નિવિયાતાંના એ વાકપ
પકવાન તણાં નિવિતાં પંચ તવેા પૂરીજે ઘૃતનેા સંચ ॥૧૫॥
તે ત્રિણ ઘાંણ પછે જેટલે તે પકવાન નિવિયાતે મિલેર
તે ઘૃતનું ભાજન ચિગટયું તેલ તિણે કીજે ગેાલ લહિંગટુ ॥૧૬॥
ગુલ ધાંણિયા પ્રમુખ જે કહ્યા તે પણ નિવિયાતાંમાં લહ્યા૩

પાતું દેઈ પુડા કરે જે ચિગટયા તવામાં ધરે ॥૧૭॥
જે ત્રિણવાર તલ્યું પકવાન તે પણ નિવિયાતામાં જાણ.૫
પાણી ગુલ બે ઉષ્ણ કરી બોરણ આટો તેહમાં ધરી ॥૧૮॥
ઇણિપરે જે કરે લાપસી તે ત્રિધારી નિવિમાં વસી
આટો ગુલ સાથે સીઝવે ઘી ઉકાલી પહેલાં ઠવે ॥૧૯॥
બિહુ વિગય પાપડી તે દિને નિવિયાતીતે બીજે દિને
પાપડ સાલેવાને વડી વિગય વિગરીજે તાવડ ચઢી ॥૨૦॥
કડાહ વિગય ન કહેા તેહને ધમ દલિયા કુલરિ લહેા મને
તિલપાપડી માવાદિક જાણ ઇમ નિવિયાતાં અનેક પ્રમાણ ॥૨૧॥
બિહું વારસેકયું ને તલ્યું તે ચુરમુ નિવિયાતે મિલ્યું
એ ઉત્કૃષ્ટ દ્રવ્ય સવિ લહ્યા ગુરૂ મુખે શાસ્ત્ર થકી એ કહ્યા ॥૨૨॥
વિગયની વિગય તણેા વિચાર સમજીને લેવે જે વ્યવહાર
ધીરવિમલપંડિત સુપસાય કવિનયવિમલ કહે સજઝાય ॥૨૩॥

ઇતિ ॥

અથશ્રીપુર્વસેવાલક્ષણ સજઝાય,

એક દિન દાસી દોડતી એ દેશી રાગ કાફીની દેશી ॥

ભવ્યને કર્મના યેાગથી ચરિમ આવર્ત અનુભાવરે ॥ ૧ ॥
પૂર્વ સેવા ગુણ ઉપજે જેહને એહજભાવરે
॥ સુગુરૂ વાણી ઇમ સાંભળેા આંકણી
પૂર્વ સેવા તણા યેાગથી સદાચારના રંગરે
દેવ ગુર્વાદિક પૂજના મુકિત અર્થે તપ સંગરે ॥ સુ૦ ॥ ૨ ॥
જનક જનની કલાચાર્યની એહની જે વલી જ્ઞાતિરે
વૃદ્ધ વલી ધર્મઉપદેશકેા એહગુરૂવર્ગકહેવાતરે ॥સુ૦ ॥૩॥
નમન પૂજન ત્રિસંધ્યે કરે આસનાર્પણ જસવાદરે
અપજસ તાસ નવિસાંભલેનામ સુણીલેહઆલ્હાદરે
॥ સુ૦ ॥ ૪ ॥
સર્વદાતાસદૃષ્ટઆચરે કરેઅનિષ્ટનેાત્યાગરે

તાસ ધન વિષયે જોડે નહિ મરણી અનુમતિ લાગરે ॥સુ૦ ॥૫॥
ગુરૂજનબિંબનીથાપના અર્ચનાતાસ ઉપગરણરે
આપ ભોગે તે જોડે નહી એહ ગુરૂવર્ગનું તરણરે ॥સુ૦ ॥૬॥
શૌચ શ્રદ્ધાન શુભ વસ્તુસ્યું કરે દેવના ભક્તિરે
મુકતની વાસનાયેવરયો ઉલ્લસે આતમ શક્તિરે ॥સુ૦ ॥૭॥
યદ્યપિ વસ્તુ નિર્ણયનથી તોયે એમમતિભાવરે
વિષય કષાય ઉત્યો જેણે તેહિજ ભવ જલ નાવરે ॥સુ૦ ॥૮॥
હોયે અધિક ગુણ આપમાં એહ અધિકતા તોહરે
નિર્ગુણ પરજન દેખતે ધરે દ્વેષ નવિ કોઇરે ॥સુ૦ ॥૯॥
સ્વકિયાકાર રૂવિલિંગિયા દીયે પાત્ર પરિદાનરે
નિર્ગુણીને પણ દેયતો દિયે નવિ અપમાંનરે ॥સુ૦ ॥૧૦॥
કૃપણ દીનાંધકાર્યાક્ષમી પાલના શકિતથી તાસરે
આતુરે પથ્ય દાનાદિકે પાથ્ય વર્ગ દયા વાસરે ॥સુ૦ ॥૧૧॥
લોક અપવાદ ભય મને ધરે નવિ કરે ક્રાંનનો ભંગરે
મને લહે ભવ તણું હેતુ છે સદાઆશ્રવસંગરે ॥સુ૦ ॥૧૨॥
એ સદાચાર હોય સહુજનો ગુણીજન સ્યું ધરે રાગરે
નિંદના ગુણીતણીનવિ કરે આપદે દૈન્ય નવિ લાગરે
॥ સુ૦ ॥ ૧૩ ॥
સંપદાયે ધરે નમ્રતા પ્રતિજ્ઞા કરે નિર્વાહરે
જાતિ કુલ વિરૂદ્ધ નવિ આચરે સત્યમિત વચન પ્રવાહરે ॥સુ૦ ॥૧૪॥
ઉત્તમ કાર્ય ઈહાં ધરે વાવરે દ્રવ્ય શુભ ઠામરે
લોક અનુવૃત્તિ ઉચિત કરે તપકરેકરીમન ઠામરે ॥સુ૦ ॥૧૫॥
પાપસુદનને ચાંદ્રાયણાદિક તપજપનેસંન્યાસરે
કૃચ્છ મૃત્યુદમન પ્રમુખા બહુ તપ તણા ભેદ વિલાસરે ॥સુ૦ ॥ ૧૬॥
આદિથી ધર્મની યોગ્યતા ચિત્રજપમંત્રઅભ્યાસરે
કર્મક્ષય હેતે સવિઆદરે એહિજ મોક્ષ આવાસરે ॥ સુ૦ ॥ ૧૭॥
માન અજ્ઞાન મિથ્યા વિશે નહિ જિહાં એહવા ભાવરે
તોહજ મોક્ષ ચિત્તમાં ધરે જન્મ મરણ ન સંતાપરે ॥સુ૦ ॥૧૮॥
ચારે સંજીવનીપરે હોયે કાર્યની સિધ્ધિરે
માર્ગસુપ્રવેશ ફલ ઉદયથી ટલે કપટની બુધ્ધિરે ॥સુ૦ ॥૧૯॥

ભાવસુખ ઉત્કૃષ્ટ વાંછના એહિ સંસારનું મૂલરે
આપ ઉત્કર્ષ માતો રહે તે પૂર્વ સેવા પ્રતિકુલરે ॥સુ૦ ॥૨૦॥
પૂર્વ સેવાથી હોય શીથિલતા મંદ કષાયાદિ પરિણામરે
ભોગ સંકલેશતે મેલ કહ્યો યોગ્યતા ભવ પરિણામરે ॥સુ૦ ॥૨૧॥
એહથી માર્ગઅનુસારિત ગુણવૃદ્ધિ હોય એમરે
અપુનર્બંધકતા કરેધરે શુધ્ધ ગુણ પ્રેમરે ॥સુ૦ ॥૨૨॥
જ્ઞાનવિમલ ગુરૂસેવના તેહ થકીએહવી વાતરે
સાંભલી અંગેજેઆદરે હોયતેાસુખસાતરે ॥સુ૦ ॥૨૩॥
ઇતિ ॥

અથશ્રી સેાલ સ્વપ્ન વિચારની સજઝાય.

દુહા—શ્રી ગુરૂપદ પ્રણમી કરી સેાલ સુપન સુવિચારે
દુસમ સમય તણાં કહું શાસ્ત્ર તણે અનુસાર ॥૧॥

શારદ બુધ્ધદાઇ એ દેશી ॥

પાડલીપુર નયરી ચંદ્રગુપ્ત રાજન
ચાણાયક નામે બુધ્ધિ નિધાન પ્રધાન
એકદિનસુખસેજેસુતોરયણીમઝાર
તવ દેખે નરપતિ સેાલ સુપન સુખકાર ॥૨॥

ત્રૂટક—સુખકારકવરક દુખ કેરા નિરખે નૃપ વડ વખતે
વાજંત્ર તૂરે ઉગત સૂરે આવી બેઠા તખતે
ચાણાયક નાયક મતિ કેરેા આવી પ્રણમે પાય
સેાલસુપન રયણાંતરે લાધાં તે બેાલે નરરાય ॥૨॥
ધુરી સુહણે દેખે સુરતરૂભાગીડાલી બીજે આથમિયેા સૂર્યજ
બિંબ અકાલે
ત્રીજે ચંદ્ર ચાલણાં ચેાથે નાચ્યાં ભુત પાંચમે બાર ફણનેા
દીઠેા અહિ અદ્‌ભુત ॥ ૩ ॥

ત્રુ૦—અતિ અદ્ભુત વિમાનવલ્યું તિમ છઠે સુહણે દેખે
કમલઉકરડે સાતમે આઠમે આગિયેા અંધારે પેખે
સુકેા સરેાવર નવમે દક્ષિણ પાસે ભરીયેા નીર
દશમે મુહણે સેાવનથાલે કુતરખાયે ખીર ॥૪॥
ગજ ઉપરી ચઢીયાં વાનર દેખે અગ્યાર
મર્યાદા લેાપે સાગર સુપન એ બાર
મેાટે રથ જુતા વાછડા તેરમે દેખે
ઝાંખા તિમ રથણાં ચૌદમે સુપને પેખે ॥૫॥
ત્રુ૦—તિમ દેખે પંનરમે વૃષભે ચઢીયા રાજકુમાર
કાલાગજ બેઉ માંહેામાંહિ વઢતા સેાલ એ સાર
એહવાં સેાલ સુપન જે લાધાં સંભારે નૃપ જામ
એહવે આવી દિયે વધાઇ વનપાલક અભિરામ ॥૬॥
સ્વામી તુમ્હ વનમાં સતસાગરગુણખાણિ
ભદ્રબાહુ મુનીશ્વર ચૌદપુરવધરજાણિ
આવ્યા નિસુણીને વંદન કાજે જાય
આણાયક સાથે નરપતિ પ્રણમે પાય ॥૭॥
ત્રુ૦—પાય નમીને નૃપતિ પૂછે સેાલસુપનસુવિચાર
કૃપાકરી ભગવન મુજ દાખેા એહુકરેાઉપગાર
તવ ગિરૂયા ગણધર શ્રુતસાગર બેાલ્યા નરપતિ આગે
દુસમ આરે એહ સુપનનેા હેાશ્યે બહુલેા લાગ ॥૮॥
ઢાલ—સુરતરૂકેરિસાખાભાગી તેહનું એક ફૂલ સારજી
આજ પછી કેાઇ ભાવે નહિલીયેસંયમભારજી
આથમ્યેા સૂર્ય બિંબ અકાલે તે આથમ્યું કેવલનાણજી
જાતિસમરણ નિર્મલ એાહિનહી મણપજ્જવ નાણજી ॥૯॥
ત્રીજે ચાલણી ચંદ્ર થયેા જિનમત ધણિપરે હેાસ્યેજી
થાય ઉથાય કરશે બહુલા કપટી કુગુરૂ વિગેાસ્યેજી
ભૂત નાચ્યાં જે ભુતલે ચેાથે તે કુગુરૂ કુદેવ મનાસ્યેજી
દ્રષ્ટિરાગ વ્યામેાહ્યા શ્રાવક તેહના ભગતા થાસ્યેજી ॥૧૦॥

બારફણો વિષધર જે દીઠો તેહનું એ ફલ જાણોજી
બાર વરસ દુર્ભિક્ષ પડશે હોશે ધર્મની હાંણીજી
વલ્યું વિમાન આવત જે પાછું તે ચારણ મુનિ નવિ હોસ્યેજી
સાતિચારે આચારી થોડા ધર્મ અધર્મે જાસ્યેજી ॥૧૨॥
કમલઉકરડાનું ફલએહ નીંચ ઉચ કરિ ગણીમેજી
ક્ષત્રિયકુલ સુના તેહી પણ પૈસાસીતે હણીયેજી
આગિયા સુહણાનું ફલ જાણો જિનધર્મે દૃઢ થોડાજી
મિથ્યા કરણી કરતા દીશે શ્રાવક વાંકા થોડાજી ॥૧૨॥
સુકો સરોવર દક્ષિણ પાસે નીરભરીયો સુવિલાસજી
આપ ઉગારણ કાજે મુનિવર દક્ષિણ દિશમાં જાસ્યેજી
જિહાં જિહાં જિન કલ્યાણક તિહાં તિહાં ધર્મ વિચ્છેદ થાશેજી
સંત અસંત પરે મનાસ્યે ધર્મીજન સિદાસ્યેજી ॥૧૩॥
સોવન થાલે ખીર ભખેજે કુતર દક્ષમે સુહણેજી
ઉતમની ઉપરાજી લક્ષ્મી મધ્યમ બહુ પરિમાણેજી
ગજ ઉપરે જે વાનર ચઢીયા તે હોસ્યે મિથ્યાત્વી રાજાજી
જિન ધર્મે વલી સંશય કરતાં મિથ્યામતમાં તાજાજી ॥૧૪॥
મર્યાદા લોપે જે સાગર તે ઠાકુર મુકશ્યે ન્યાયજી
જુઠા સાચા સાચા જુઠા કરીયે લાંચ પસાયજી
જેહવડેરો ન્યાય ચલાવે તેહ કરે અન્યાયજી
કુડકપટ છલ છદ્મ ઘણેરા કરતા જુઠ ઉપાય ॥૧૫॥
મોટે રથે જે વાછડા જુતા તેરમે મુપને નરેશજી
વડપણે સંયમ નહી લીયે કોઈ લઘુપણે કોઈક લેસ્યેજી
ભુખે પીડયા દુખે ખીડયા પણ વઈરાગ ન ધરસ્યેજી
ગુર્વાદિક મુકીને શિષ્યો આપમતે થઇ ફરશેજી ॥૧૬॥
ઝાંખાં રતન ચૌદમે દીઠાં તે મુનિવર ગુણ હાણીજી
આગમ ગત વ્યવહારને છંડી દ્રવ્યની પ્રવૃત્તિ લીણાજી
કહણી રહણી એક ન દિસે હોસે ચિત્ત અનાચારેજી
શુદ્ધ પરંપર વૃત્તિ ઉવેખે ન વહે વૃતનો ભારજી ॥૧૭॥
રાજકુંવર જે વૃષભે ચઢીયા તે માંહોમાંહિ નવિ મિલશેજી
વિરૂયાં વૈર સગાંસંઘાતે પરસ્યું નેહતે ધરસ્યેજી

કાલાગજ બેહુ વહતા ઠીઠા તે માંહ્યા મેહ ન ધરસેજી
વણજ વ્યાપારે કપટ ઘણેરા તોહી પેટ ન ભરસેજી ॥૧૮॥
સોલસુપનનો રથ સુણીને ભદ્રબા હુગુરૂ પાસેજી
દૂશમ સમય તણાં ફલ નિસુણી રાજા હિયે વિમાસેજી
સમકિતમૂલબારવ્રત લેવે સારે આતમ કાજજી
ભવિક જીવ બહુલા પ્રતિ બોધ્યા ભદ્રબાહુ ગુરૂરાજજી ॥૧૯॥
ગુણરાગી ઉપશમ રસ રંગી વિરતિ પ્રસંગી પ્રાણીજી
સાચી સદ્દહણા ચ્યું ધારે સમકિત એ સહી નાણીજી
નિંદા ન કરે વદને કેહની બોલે અમૃત વાણીજી
અપરંપર ભવજલધિ તરવા સમતા નાવ સમાણીજી ॥૨૦॥
શ્રીજિનશાસન ભાસન સુંદર બોધિબીજ સુખકારજી
જીવ દયા મનમાંહી ધારે કરૂણા રસ ભંડારજી
એ સજ્ઝાય ભણીને સમજો દૂસમ સમય વિચારજી
ધીરવિમલકવિરાજપસાયે કવિનયવિમલજયકારજી ॥૨૧॥

અથ શ્રી પણ્ડ્યવહારની સજ્ઝાય.

એ છંડી કિહાં રાખી. એદેશી.

શ્રી જિનવર ઇમ ભવિ હેતે મુક્તિ તણો પંથ દાખે
જ્ઞાન દર્શન ચારિત્ર તપ ચઉવિધ એહથી શિવ સુખ થાએરે ॥૧॥
આતમ અનુભવ ચિત્તમાં ધારો જિમ ભવ ભ્રમણા નિવારેરે
એ આંકણી ॥
જ્ઞાન થકી સવિ ભાવ જણાયે દર્શને તાસ પ્રતિતિ
ચારિત્ર આવતે આશ્રવ રૂંધે પુર્વ શોષ તપ નિતિરે ॥આ૦ ॥૨॥
દર્શન જ્ઞાન બેહુ સહચારી ચારિત્ર તસ ફલ કહીયે
નિરાશંસ તપ કર્મ ખપાવે તો આતમગુણ લહીયેરે ॥આ૦ ॥૩॥
તે ચારિત્ર નિશ્ચયથી નિજ ગુણ સુમતિ ગુપ્તિ વ્યવહારે
જ્ઞાનક્રિયા સંમત ફલ કહીયે ચારિત્રનો નિર્ધારરે ॥આ૦ ॥૪॥

તે વ્યવહાર કહ્યો પણ ભેદ પંચમ અંગ મઝાર
પ્રથમ આગમ શ્રુતનેર વલી આંણાઉ ધારણાઉ જિતય
વિચારરે ॥આ૦ ॥૫॥
કેવલીય મહાપજજવ રને ઓહિઉ ચઉદપૂર્વ દશપૂર્વ
નવ પૂર્વી લગેઉ ષટવિધ આગમ વ્યવહારે હોઇ સર્વરે
॥ આ૦ ॥ ૬ ॥
દોષપૂર્વ આચાર પ્રકલ્પહ છેદાદિક સવિ જાણે
સાત વ્યવહાર કહીજે બીજે અતિશય વિણ જે નાણરે
॥ આ૦ ॥ ૭ ॥
દેશાંતર સ્થિત બેહુ ગીતારથ જ્ઞાન ચરણ ગુણે વિલગા
કોઇ કારણથી મીલન ન હોવે તિણે હેતે કરી અલગારે
॥ આ૦ ॥ ૮ ॥
પ્રશ્ન સકલ પૂછવા કાજે ગુણી મુનિ પાસે મુકે
તેહ મહીને ઉત્તર ભાસે પણ આશય નવિ ઢુકેરે ॥આ૦ ॥૯॥
તેહની આણા તહત્તિ કરીને જેહ નિઃશંક પ્રમાણ
જિમ તૃષિત સર નદીય ન માને પણ તસ જલે તૃષા હાણી
॥ આ૦ ॥ ૧૦ ॥
તે આણા વ્યવહાર કહીજે એ ત્રીજો પણ બેહુ સરિખો
ગુહ આલોચના પદ જે ભાખ્યા તે પ્રાય ચિતે પરિખોરે
॥ આ૦ ॥ ૧૧ ॥
શ્રુત વ્યવહાર સુણો હવે પંચમ દ્રવ્યક્ષેત્ર કાલ ભાવ
પુરૂષ સહાસને ઘડિ સેવા ગાઢ અગાઢ હેતુ દાવરે ॥આ૦ ॥૧૨॥
ઇત્યાદિક બહુ જાણે ગીતારથ તેણે જે શુભ આચરીયો
આગમમાં પણ જે ન નિષધ્યું અવિધિ અશુદ્ધ નવિ ધરીયોરે
॥ આ૦ ॥ ૧૩ ॥
પૂર્વાચાર વ્યવહાર ન બાંધે સાધે ચારિત્ર યોગ
પાપ ભીરૂ પંચાંગી સંમત સંપ્રદાયી ગુરૂ લોગરે ॥આ૦ ॥૧૪॥
ગચ્છગત અનુયોગી ગુરૂ સેવી આનિપત વાસી આઉત્ત
ક્ષપણ ગુણ સંયમનો ધારી તેહજ શ્રુત પવિત્તરે ॥આ૦ ॥૧૫॥

પાસત્થા ઉસન્ન કુશીલા સંસક્તા અહા છંદા
પંચ ઠાયને કુરે ન કરે અને મુનિપણું હાયે મંદરે ।।આ૦ ।।૧૬।।
ગુણ હીણાને ગુણવંત સરિખા થાયે જે અજ્ઞાની
દર્શન અસારતો ચરણ કીહાંથી એ ધર્મદાસ ગણિ વાંણીરે
।। આ૦ ।। ૧૭ ।।
ગુણ પક્ષીને ગુણનો રાગી શકિત વિધિ ઉજમાલ
શ્રદ્ધા જ્ઞાન કથને કરણી તે મુનિ વંદુ ત્રિકાલરે ।। આ૦ ।। ૧૮ ।।
વિષય કાલમાંહે પણ એ ગુણ પરખીજે મુનિ વંદરે
પ્રવચનને અનુસારિણી ક્રિયા કરતો ભવ ભય છેદરે
।। આ૦ ।। ૧૯ ।।
એહ શુદ્ધ વ્યવહાર તણે વલી શાસન જિનનું દીપે
સંપ્રતિ દુખસહ સૂરિ લગે એ કુમતિ કદાગ્રહ જીપેરે ।।આ૦ ।।૨૦।।
ઇણે વ્યવહારે જે વ્યવહરસે સંયમની ખપ કરસે
જ્ઞાનવિમલ ગુરને અનુસરસે ભવસિંધુ તે તરસેરે
।। આ૦ ।। ૨૧ ।। ઇતિ ।।

અથ શ્રીસાધુસમુદાયની સજ્ઝાય.

ચોપાઇ.

પ્રણમું શાસનપતિ શ્રીવીર લબ્ધિવંત ગૌતમ ગણિધીર
જિન શાસનમાં જે મહાસુર નામલિઉં તસ ઉગતેસૂર ।।૧।।
નેમિનાથજિન બાવીશમા વિકટ કામ કટક જિણે દમ્યા
છોડી નારી પશુ ઉગારિયા જઈ રેવતગિરિ પરિયા તારિયા ।।૨।।
સુલસભદ્રની મોટી ધર્મ રાગ ચોરાશી ચોવીશી નામ
કામ ગેહ કોસામની ધર્મ જાગી કીધા ઉત્તમ કર્મ ।।૩।।
કંચન કોડિ નવાણું છોડિ નારી આઠ તણો નેહ તોડી
સોલ વરસે સંયમ લીધ જંબુસ્વામિ થયા સુપ્રસિદ્ધ ।।૪।।
કપિલા અભયા બેઉ સુંદરી કામ કદર્થના બહુપરે કરી
સુદી કીટી સિંહાસન થયો શેઠ સુદર્શન જગમાં જયો ।।૫।।

દેખી નટવી લાગ્યો મોહ પૂર્વ પરણી તણો અંદોહ
કલા શિખીને ચઢીયો વંશે દેખે તિહાં મુનિવર અવતંસ ॥૬॥
નારિ બહુ કીધી પ્રાર્થના પણ સાધુ દેખી એકમના
આવી અનિત્ય તિહાં ભાવના પુત્ર ઇલાચી કેવલ મના ૭॥
ધનાશાલીભદ્રના અવદાત રમણી ઋદ્ધિ સુખના સુઘાત
કેતાકીજે તાસ વખાણ પામ્યા સર્વારથ વિમાન ॥૮॥
નંદીષેણ મોટા અણગાર લબ્ધિવંતને પૂરવધાર
સહસ ત્રેતાલીશ નવાણું એકરયે પ્રતિબોધ્યા દેશનાના રસે ॥૯॥
ક્ષમાવંત માંહિ જે લીહ ગય સુકુમાલ મુનિમાંહિ સિંહ
સુસરે શિર બાંધી માટી પાલ ભરીયા રીસ કરી ઇંગાલ ॥૧૦॥
બાલી કર્મને અંતગડ થયા કીર્તિધર સુકોસલિ વલી લહ્યા
વાઘણી કેરા સહી ઉપસર્ગ બાલ્યા સઘલા કર્મના વર્ગ ॥૧૧॥
ખંધક સૂરિના પાંચસેં શિષ્ય ઘાણી ઘાલ્યા પણ ન લહી મનરીસ
થયા અંતગડ જે કેવલી મુક્તિ ગયા પુહતે રૂલી ॥૧૨॥
હક્કારીને કેવલ લીધ બાહુબલી અભિમાન પ્રસિદ્ધ
લેઈ ચારિત્ર નૃપ દશારણભદ્ર પાય લગાડયો જિણે ઇંદ્ર ॥૧૩॥
પનરસયાં ત્રિણ ગૌતમ શિષ્ય તાપસ રૂપી દીધી દીક્ષ્ય
કવલ ભરંતાં કેવલ લહ્યા દુઃખ માત્ર તેણે નવિ સહ્યા ॥૧૪॥
ભરતભૂપની મતિ નિરમલી આરિષા ઘરે જે કેવલી
સુખેસુખે જે લહીયે મોક્ષ તે જિન શાસનનો રસ પોષ ॥૧૫॥
રાયે હલ ઉપરિજે દાખિયો આવ્યે ભાતે પ્રાક્રમ કીયો ॥૧૬॥
પનરસે જીવને કર્યો અંતરાય બાંધી કર્મપુરી બહુ ભવ થાય
અનુક્રમે કૃષ્ણ તણો સુત થાય ઢંઢણ નામે ઢંઢણ માય ॥૧૭॥
નેમિ હાથે જિણે સંયમ લીયો પૂર્વ કર્મ અભિગ્રહ લીયો
અન્ન ઉદક વિણ રહ્યા છ માસ કેવલ પામ્યા પોહતી
આશ ॥ ૧૮ ॥
ઇમ જિન શાસનમાં થયા અનેક ખમદમ સંયમ તપે વિવેક
તે મુનિવરના જેવો ચરણ જિમ તુમ્હે છુટો જન્મ મરણ ॥૧૯॥
નામ જપી હોય કોડિ કલ્યાણ ભણે પ્રભુ ઉગમતે ભાણ

ધીરવિમલકવિરાજ પસાય કવિનયવિમલ ભણે સઝાય ॥ ૨૦ ॥

અથ શ્રી રાજિમતી તથા રહનેમિની સજ્ઝાય.

રાગ—કાફી.

રાજિમતી રંગે કહે, રહનેમી સુણ વાત
નેમ વિનામેં ન ભજું ગી દૂજા નરકી જાત ॥૧॥
દેવર દૂર ખડારે, લોકા ભર્મ ધરેગા
કુંવર સમુદ્રવિજયકા પાપે પિંડ ભરેગા
જાણે લીહાલ કાજે ચંદન ઠાર કરેગા ॥આંકણીગા॥
છોડી સંયમ પંચવિષયસું રાગધરેગા
પરસ્ત્રી સંગ કીએશું નરકે જાઇ પડેગા ॥દેવર૦ ॥૨॥
કામી મનમારણકું માંડા તરૂણી રૂપે જાલ
લોચનલટકેદેખીરીઝે જિમ માંખી મહુઆલ ॥દેવર૦ ॥૩॥
નાકસલેખમલીટજઉપર જિમ લપટાઇ માખી
તેમ વિષયી નર વનિતા દેખી કહાં છે પ્રવચન
સાખી ॥દેવર૦ ॥૪॥
મુખ મટકા દેખી માનનીકા હુંશ કરે મન મૂઢ
કામીમ્રગમારણ કામદેવે એ માંડા વિષગુઢ ॥દેવર૦ ॥૫॥
કંચનવર્ણી કાયા દેખી રીઝે રાંક ગમાર
ઝેર હલાહલ ઝેરે લિંપ્યા સવિ કામ કી શણગાર ॥દેવર૦ ॥૬॥
ઉત્પલદલસમકાજલ લિંપ્યા આંખડીયા આણિયાલાં
કામીમ્રગમારણ વિષ ખરડા, કામદેવકા ભાલા ॥દેવર ॥૭॥
થણહુર કંચન કલશા દેખી જાણે ધનના ખાતા
કામી ધીલક રાવણ કીધા લોહ ગોલા પ્રભાતા ॥દેવર૦ ॥૮॥
જો એ કરણી રાજા જાણે તો ઘર સઘલો લુટે
ખર છાંડી શિર મુંડી મૂકે સાખ લાખેણી તુટે ॥દેવર૦ ॥૯॥

પરનારીકા સંગત રાચે તપ્તશિખાનકેનેકત્ર .
જાવેલાજ જન્મજન્મકી પાચે તનમનધત્ર ॥૬વર૦ ॥૧૦॥
જહરતની કટકી પરનારી જાણે લસણકી કલિયા
જાનેશું જો સંગકરેતો પ્રગટ લઇ પુર ગલીયા ॥૬વર૦ ॥૧૧॥
દુશ્મન દેખી બગલ બજાવે હશિ હશિ દેવે તાલી
વાતતુમારી નિસુણેાયાદવ કુલને ચકશે ગાલી ॥૬વર૦ ॥૧૨॥
બોલાઇશું વિકલ કરતા સહુ કહેતું બે જુંઠા
દુર ગતિના દુઃખ બહુલા લહતો પરનારી નરકનેા
કુંઠા ॥ ૬વર૦ ॥ ૧૩ ॥
મહાજન તુમ પીછે ચાલશે દેખાડી આંગુલીયા
પરીયારા પાણી ઉતરશે પરનારીશું મલીયા ॥૬વર૦ ॥૧૪॥
સતીયાંસે તપહવી વાતા કરતાં નહી છે વાર
સાખ દેવાથે જિહાં તિહાં તુમહચી કરતાં કરણી
કાર ॥ ૬વર૦ ॥ ૧૫ ॥
વચન સુણીને ચિતમાં લાજે લાગ્યેા રાજુલ પાય
તું મુજ ગુરૂણી તું ઉદ્ધરણી તું પીહર તું માય ॥૬વર૦ ॥૧૬॥
તું મુજ બહેન અમે સેાહાગણ સકલ સતી સિરદાર
કઠિનવચનખમજો અમહ કેરા ધિક ધિક વિષય
વિકાર ॥ ૬વર૦ ॥ ૧૭ ॥
નેમીસર યાદવમાં મેાટા જન્મ થકી બ્રહ્મચાર
તિમ શ્રી વિજયપ્રભ સૂરીંદા તપગચ્છમાંહે સરદાર ॥ ૧૮ ॥
ધન્ય ધન્ય રાજેમતી જગે જેણે રહનેમી ઉદ્ધરીએા
જિમ ગજને અંકુશ વશ આણે ધનધન યાદવ
પરિએા ॥ ૬વર૦ ॥ ૧૯ ॥
ઋષિ પંડિતમાં શિરતાજ વખાણે શ્રીવિનયવિમલકવિરાય
ધીર વિમલ પંડિતનેા સેવક નયવિમલ ગુણ ગાય ॥૬વર૦
॥ ૨૦ ॥ ઇતિ ॥

શ્રીનરભવ દ્રષ્ટાન્ત પ્રથમ સજઝાય.

દુહા.

પ્રેમે પાસ જિણંદના, પદ્મકજયુગ પ્રણમેવિ ।
સાનિધિકારી શારદા, શ્રી સદ્ગુરૂ સમરેવિ ॥૧॥
દશ દ્રષ્ટાન્તે દોહિલેા, માનવનેા ભવ એહ ।
પામી ધર્મ ન આદરે, અહિલ ગમાવે તેહ ॥૨॥
વાર અનંતી ફરસીઉ, એ સઘલેા સંસાર ।
છાલી ષાટક ન્યાયપરિ, વિણ સમકિત આધાર ॥૩॥
કંચન ગિરિ ગિરિમાં વડા, નદીયમાં જિમ ગંગ ।
જિમ ગજમાં ઐરાવણેા, જિમ તનુ માંહે વરાંગ ॥૪॥
તરૂમાંહે જિમ કલ્પતરૂ, તેજવંતમાં ભીણ ।
પંખીમાં જિમ ગરૂડ ખગ, જિમ ચક્રી નરરાણ ॥૫॥
જૈન ધર્મ જિમ ધર્મમાં, ઔષધમાં જિમ અન્ન ।
દાતામાં જિમ જલધરૂ, જિમ પંડિતમાં મન્ન ॥૬॥
ગ્રહગણમાં જિમ ચંદ્રમા, મંત્રમાંહિ નવકાર ।
સઘલાં ભવમાંહે ભલેા, તિમ નરભવ અવતાર ॥૭॥
બેાધિલાભ નીમીત્તમેા, બેાલ્યેા નરભવ એહ ।
તે હારર્યો નવિ પામીયે, જિમ નિધિ દુર્ગતિગેહ ॥૮॥
વિપ્રજિમણ૧ તિમ પાસકાર, ધાન્યરાસિ૩ ને જુય૪
રયણ ૫ સુમણિ ૬ ને ચક્ર ૭ હરિ ૮ સુસર ૯
પરમાણુય ૧૦ ॥ ૯ ॥
વિપ્રજિમણનેા૧ દાખીએા, પહિલેા જે દ્રષ્ટાંત ।
સુણયેા તેહ કહું હવે, આણી મુકી સંત ॥૧૦॥

અથ નરભવદ્રષ્ટાન્તાધિકારે પ્રથમ

ચુલ્લકનામ દ્રષ્ટાન્તઃ

હાલ-રાગ ગોડી – જકડીની.

કંપિલપુરવર રાજએ, ઈક્ષ્વાકુ વંશ દિનંદોજી ॥
નામે બ્રહ્મનરેસરૂ, ચુલણી દેવી ઈંદોજી ॥

(ત્રોટક)

સુખકંદ ચઉદસ સુમિણ સૂચિત, સહસ્ર અકુલક્ષણધરૂ ।
સંભુતિ મુનિનો જીવ તસ સુત, બ્રહ્મદત્ત નામે વરૂ ।
અનુક્રમે મસ્તક શુલ રોગે, પિતા પરલોગે ગયો ।
તસ રાજ કાજે મિત્ર તેહનો, દીર્ઘપૃષ્ટ ભુપતિ થયો ॥૧॥
ચંચલચિત્ત ચુલણી થઇ, દીર્ઘનરાધિપ સંગેજી ।
લોપે લાજ તે કુલતણી, સેવે વિષય પ્રસંગેજી ॥
પ્રસંગવર ધણુ નામ સચિવે, અનાચાર તેહનો લહુયો ।
દ્રષ્ટાંત દુધ બિલાડ કેરો, કુમરને આગલિ કહયો,
કોકિલા વાયસ હંસલી બગહાથણી પરિ જિમ રમે,
દ્રષ્ટાંત અસમંજસ દેખાડે, કુમર તે એકણ સમે ॥૨॥
ભાવી ચકી કુમરને, દેખી મનમાં કંપેજી ।
એકદિન તે ચુલણી પ્રતિ, લંપટ એમ પયંપેજી ॥

(ત્રોટક)

ધમ પયંપે સુણો ચુલણી, મુજ છે તે તુજ સુત ઘણા ।
નિઃશંક સઘલાં વિષય સુખશું પૂરીએ મન કામના ।
છલભેદ દાય ઉપાય કરતાં, બ્રહ્મદત્ત સુત જો મરે ।
વિગ કામને ગત મામ ચુલણી વયણ તે અંગીકરે ॥૩॥
મોટો એક મંડાવીયો, લાખતણો આવાસોજી ।
છલ વિવાહ તણો કરી, નવ પરિણીત સ્ત્રી પાસેજી ॥

(ત્રોટક.)

વિશ્વાસ આણી માંહી પોઢયો, દીપયોગે તે ગલે ।
સુરંગમહિ સવિવવર ધણુ કુમરને આવી મીલે ॥
પાહના પ્રહારઇ ગંગા તીરે, અશ્વયોગે તીકલ્યા,
પચાસ જોયણ ગયા બેહુ દુષ્ટ દીલા ભય ટલ્યા ॥૪॥
પુન્યબલે ઉતર્યા, અટવી આપદ રૂપજી ।
કુમર વૈતાઢય ગિરિ ગયો, તિહાં વિદ્યાધર ભુપજી

ત્રોટક

અતિરૂપ કુમરી જાણી અમરી નૃપતિ વિદ્યાધરનંતણી
જહુ તિહાં પરણીતે જિતર , ઋદ્ધિ જોડી અતિઘણી ।
ષટ ખંડ સાધી શાતે વરસે આવીયા કંપિલપુરે
નવનિધિ ચઉદસ રયણ મંડિત ચક્રપદવી અનુસરે ॥૫॥
પૂરવ પરિચિત ભંભણેણ, દોહગ ભંજન હેતજી ।
ચક્રી દર્શન દેખવા, અદ્‌ભુત કરત સંકેતજી ॥

ત્રોટક.

સંકેત જીરણ વસ્ત્રની ધજ, કરી ચક્રી નિરખીયો
ઉપગર જાણી કહેવાણી, માંગિવર સંતોષીયો ।
તબ કરે ભંભણે પડખ નરપતિ ધરણીને પુછું જઈ
તસ વયણથી તુજ પાસિ માંગુ, વરતુ એક મનોરથ ॥૬॥
ધરણી વયણે ભંભણેા, માંગે ભોજન તેહજી ।
ઉપરિ સોવન દક્ષિણા, વરદિયે નરપતિ એહજી ॥

(ત્રોટક)

વર એહ આપી કુમતિ વ્યાપી બારહે ભોજન કરે;
કંપિલપુરમાં જિમણ કાજે, ઘરઘરિ ભંભણ ફીરે ।
વર્ષસહસ્ર પ્રમાણ જીવિત ફિરી ભોજન નવી લહે ।
ધણિપરે નરભવ હારીઓ, વલી દોહિલેા કવિનય કહે ॥૭॥

(દુહા)

ક્રમ અવિવેકપણા થકી હાર્યો નવિ અવતાર,
પુનરપિ તેહન સોહિલેા જિમ મરમાં સહકાર ॥૧॥
પૂર્વાચારજ દાખીયેા, ઉપનય એહ વિશેષ ।
અનોપમ ઓપમ એહની, જિમ સોવનની રેખ ॥૨॥

(ઢાલ-માઈ ધન સુપત તું ધન જીવી એદેશી)

જિમ સાધિત જનપદ ચક્રીસર જયવંત,
તિમ કરૂણા સાગર ભવિ સુખકર ભગવંત ;
જિમ દાહજ્વર પીડયો દુખીયો બંભણ જીવ
સંસારી પ્રાણી દુરિત મિથ્યાત્વ અતીવ ॥૩॥
જિમ ચક્રી દર્શન દ્વારિક દેખાડે,
તેમ કર્મવિવર વર મોહ મિથ્યાત્વને પાડે ।
જરણ ધજકરને ચક્રી સર ધરિ પેઠો,
સામગ્રી ધજથી સુખકરી જિનવર દીઠો ॥૪॥
જિમ તુઠો ચક્રી વંછિતવર તસ આપે ।
તિમ નાણ ચરણયુત દંસણ ગુણ તસ થાપે ।
જિમ તેહની ધરણી અલછિતણી સહુ નાણી
તિમ કર્મ પ્રકૃતિથિતિ તરણી તાસ વખાણી ॥૫॥
જિમ તેહને વિયણે આગત નૃપસુખ છોડી
ભિક્ષા વર માંગે ચક્રીને કર જોડી ।
તિમ મુકિતપુરીનું આવ્યું છે રાજ
ભિક્ષા સમ વિષય સુખથી હારે કાજ ॥૬॥
જિમ તે બંભણિને વારો ફિરને નાવે,
ષટ ખંડ ભરતમાં ફિર ભોજન નવિ પાવે,
તિમ જીવ સંસારી માનવનો અવતાર
સમકિત વિણ હાર્યે ન લહે પુનરપિસાર ॥૭॥
'ઉપદેશપદે' ધમ દાખ્યો ઉપનય સાર,
નિસુણીને સમજો નરભવ સવિ સુખકાર ।
દ્રષ્ટાંત પ્રથમ ધમ દાખ્યો મેં લવલેશ
કવિ ધીર વિમલનો નયવિમલ કહે શિષ્ય ॥૮॥

ઇતિ નરભવ દશદ્રષ્ટાન્તાધિકારે ચુલ્લક નામ

પ્રથમ દ્રષ્ટાંત.

દુહા.

જિમ ચંદન તરૂમાં અધિક, ધાતુમાંહિ જેમ હેમ,
જિમ મણિમાંહે હીરલો, ઉત્તમ નરભવ તેમ ॥૧॥
તિર નરદેવ થકી અધિક, નરભવ ઉત્તમ જાણિ ।
નરભવ ઉત્તમ જાણી, નરભવ તરૂવર ફુલડાં ॥
અમર ભોગ ગુણખાણિ ॥૨॥
ગુરૂ સાન્નિધ્ય બીજો કહું, પાસકનો સંબંધ ।
નરભવ શોભે દર્શને, જિમ અરવિંદ સુગંધ ॥૩॥

(રાગ દેશાખ)

ઢાલ—એકવીસાની.

ઇહ ભરતે રેઅલ દેશે ચણકાપુરી, ચણ બિંભાણરે ધરણી તસ
ચણ કેઅરી ॥૪
સુત જાયોરે ઢાઢા લોચાણિક ભલો, લઘુવયથીરે સકલ કલા
ગુણનિલો ॥૫

ત્રોટક

અતિભલો તાપસ વેસ પહરી મયુર પિચ્છ ગ્રાહે ગયો,
ગર્ભણી તિહાં નૃપતી ધરણી ચંદ્ર પાનરૂહલો થયો ।
મન તણી ઇચ્છા પૂર્ણ ન હોવઇ તિણથકી દુબલી
પૂછીઓ તાપસ તેહ અર્થે કહે અતિ તુજ નિર્મલી ॥૬॥
જે એહનારે ગર્ભ દીયો મુજને વલી,
મે એહનીરે પુરૂં હું મનની રૂલી ।
તસ સયણે રે તેહ વયણ અંગી કર્યું,
નિજ બુદ્ધિરે તૃણ કેરો મંદિર કર્યો ॥

(ત્રોટક)

કરી મંદિર બાલ મોટો દુખ સાગર રયું ભરું,
પ્રતિબિંબ ચંદ્ર તણું ધરીને તેહને આગલ ધર્યું,
ઇમ ચંદ્ર પીધો કાજ સીધો અનુક્રમે સુતજનમીયો
ડાહિલાનુંસારી સુદિનવારે ચંદ્રગુપ્ત નામજદીઓ ॥૨॥
વણિકપુત્રરે સકલકલા તે શીખવ્યો, નિજ પાસેરે
નરપતિકરને તે ઠવ્યો,
કલ્પલતારે નંદહણી પાડિલપુરી, બેસાર્યોરે ચંદ્ર ગુપ્ત
નરપતિ કરી ॥૩॥
કરી ભૂપતિ આપ મંત્રી, થયો વણિક તેહનો ।
બહુ બુદ્ધિસાગર સુગુણ આગર વિસ્તર્યો જસ તેહનો,
બહુ દ્રવ્ય હેતે સુર મકેતે પારકા દોઇ પામીયા,
દીનાર ભરીઓ થાલ આણી જુય રમવા દાવીયા ॥૪॥
આણાયકરે વ્યવહારી મેલી બહુ, રમે રામ તેરે કોસ ભરે
ગરથે બહુ ।
ઇમ છલથીરે નૃપતિ ભંડાર ભરાવીયો, જુગ રમતે રે
સારો નગર હરાવીયો ॥

ત્રોટક.

હરાવીયો ઇમ લોક સઘલો કોઈ જીતી નવિ શકે,
તે અક્ષ સાનિધિ થઇ બહુઋદ્ધિ સકલ નૃપમાંહિજ કંઇ ।
યદ્યપિ સાનિધિ દેવકેરી, તેહ પાસા જીતએ.
પણ નરભવ દોહિલો ફરી લહેવો નથ કહે સુવિનીતએ ॥૫॥

(કુલ.)

એ પાસિક દૃષ્ટાન્તનો, કહયો સંક્ષેપ ચરિત્ર,
અંતગતિ ઉપનય કહું, એહનો અ છે પવિત્ર ॥૧॥

(ઢાલ—એ છીંડી કિહાં રાખી એ દેશી.)

ચાહ્યામક સમ ચારિત્ર ભુપતિ, નિર્મલ મતિ ગુણખાણી ।
કર્મ નૃપતિ પાસે તે માંગે, એક સંસારી આણીરે ॥૧॥
ભવિકા એ ઉપનય ચિત્ત ધારો, તુમે માનવભવ મતિ હારો,
વલી સમકિત તત્વ વિચારોરે । ભવિકા૦ (એ આંકણી)
તે પ્રાણીને યતને રાખે, સકલ કલા શીખાવે,
શાસ્ત્ર ભણાવી સમકિત કેરી, સિત સમસેર વધાવોરે
॥ ૨ ॥ ભવિકા૦

નંદપરિ નવિન નરપત જાણો, આઠ કરમ મિથ્યાત ।
દૂર નિકંદી વિરતિપુરીનો, રાજ લહે સુવિખ્યાતરે ॥૩॥ ભવિ૦
શ્રી જિનવર અનુકુલપણાથી, શુભ સંયોગે ઉપન્યા ।
અનુપમ સમકિત ઉપશમ કોઇ, પારા ગુણ નિષ્પન્નારે
॥ ૪ ॥ ભવિ૦ ॥

નાણ ભંડાર ભરેવા કારણ, સોવન થાલ વિવેક ।
માંડીને નિતુ રમતુ રમતે, જીત્યો સઘલો લોકરે ॥૫॥ ભવિ૦ ॥
ઇણપરિ સુજસ લહયો તિણે સઘલે, ઉત્તમ નરભવ પામી ।
અકલ અરૂપ અને અવિનાશી, હોઇ અંતરયામીરે ॥૬॥ ભવિ૦
ધીરવિમલ ગુરૂરાજ પસાયે, એ ઉપનય ઇમ દાખ્યો,
નય કહે એ પરણતિમાં રમતાં, સરસ સુધારસ ચાખ્યો
॥ ૭ ॥ ભવિ૦

ઇતિ નરભવ દશ દ્રષ્ટાન્તાધિકારે પાસક નામ દ્વિતીય દ્રષ્ટાંત.

અથ નરભવ દશ દ્રષ્ટાન્તે તૃતીય ધાન્યસત્તરી દ્રષ્ટાન્ત:

દૂહા.

ક્ષેત્ર જાતિ કુલકર્મ તિમ, ભાષા દર્શન જ્ઞાન,
ચારિત્રને વિજ્ઞાન તિમ, એ નવ આર્ય પ્રધાન ॥૧॥
માનવ ભવ વિણ એ નહી, તિણે કરી ઉત્તમ એહ,
કહું ઉપનય ત્રીજું હવે, ધાન્યરાશિનો જેહ ॥૨॥

(હો મતવાલે સાંજના એ દેશી)

જંબુદ્વીપે ભરમાંધનત, ધનને પરભાવેજી ।
શુદ્ધ સુકાલ સુવાયથી, અન્ન જાતિ બહુ થાવેજી ॥૩॥
નરભવ સુરમણિ સારિખો, પામીને ભમ હારોજી ।
ફિરિફિર લહિવો દોહિલો, જિમ પંગુલ જલનિધિ પારોજી ॥૪॥
રાશિ કરી જે ધાનનો, ઉચ્ચપણે ગિરિ જોવેંજી ।
શશધર ગણિ તસ ઉપરે, રજત કુંભ પરિવાપેજી ॥૫॥ નરભવ૦
પાલ્હો સરસવ નેહમાં, અતિગાઢો ભેલીજેજી ।
ગલિત પલિત તનુ જાજરી, ડાસી તિહાં તે ઝીંજેજી
॥ ૬ ॥ નરભવ૦ ॥
તે સરસવ વહેંચી કરી, તરી ફીરી નસકૈ પાલ્હોજી ।
નિજબલ જરતી અજાણતા, જિમ જિન મતપાલ્યાજી
॥ ૭ ॥ નરભવ૦ ॥
યદ્યપિ તેહ ભરી શકે, દેવતણે અનુસારેજી ।
વિણ પુણ્યે પામે નહી, ફિરી નરભવ અવતારોજી
॥ ૮ ॥ નરભવ૦ ।
કર્મ શુભાશુભ વર્ગણા, ધાન જાતિ તે જાણોજી ।
નાસ્તિક ભાવ જરા મિલી, અવિરતિ જરતી આણોજી
॥ ૯ ॥ નરભવ૦
સરસવતેં સદ્ગુરૂ વયણડાં, કર્મરાશિમાં ભલીયાજી ।
તે જુદાં કરી નવિ શકે, નાસ્તિક ભાવે મિલીયાજી
વિષય કષાયે ભલિયાજી ॥૧૦॥ નરભ૦
ભમ અવિરતિ બલીહારીઓ, નરભવનો અવતારજી ।

ત્રીજો ઉપનય કહે, આગમને અનુસારેજી ॥૨૧॥ નરભવ૰
ઇતિ દશદૃષ્ટાન્તાધિકારે ધાન્યરાશિદૃષ્ટાન્તઃ તૃતીયઃ

દુહા.

સુગુરૂ સુદેવ સુધર્મનો, લહીઇ સકલ સ્વરૂપ ।
તે માટે ઉત્તમ કહ્યો, નરભવ સુકૃત સ્વરૂપ ॥૧॥
નરગતિ વિણ નહિ મુગતિગતિ, તિમ નહિ કેવલ જ્ઞાન ।
તિર્થંકર પદવી નહી, નરભવ વિણ નહી જાન ॥૨॥

રાગ ગોડી ધમાલ

ધીરવિમલ પંડિત પદ પ્રણમી, જાણી જિનવર વાણી ।
ઉપનય ચોથો નરભવ કેરો, કહું સુણજો ગુણખાણી ॥૩॥
સોભાગી સજ્જન સાંભલોજી ॥

રત્નાકર સમ રત્ન પુરીનો, નૃપતિ શતાયુધ નામે ।
કુલ સાયુધ ધરિ જાસ પરાક્રમ, રાણી રંભા નામ ॥૪॥ સોભાગ
લક્ષણ સદન મદન અંગજતસ, અંગજ સમજસરૂપ ।
મતિસાગર આગર સવિગુણનો, મંત્રીશ્વર ગુણ ભુપ
॥ ૫ ॥ સોભાગ ॥

નૃપ આસ્થાન સભાવેં બેસી, સુતને કરે યુવરાજ ।
પીવર કુચયુગ કુંભારંભા, વિત્રસે જિમ સુરરાજ ॥૬॥ સોભાગ॥
લાભેલોભ ઘણેરો વાધે, એ કલિયુગની રીતિ ।
સુતચિંતિ ભુપતિ મારીને, હું કરૂં રાજની નીતિ ॥૭॥ સોભાગ
એહ મંત્ર મંત્રી કહે નૃપને, એકાંતે ધરી પ્રેમ ।
આણજાણીતો થઇને ભુપતિ, અંગજ પ્રતિ કહે એમ
॥ ૮ ॥ સોભાગ ॥

સુણિ સુતરાજ કાજ એ સઘલું સુપું તુજ ઘર સૂત્ર ।
પણ એ નીતિ છે નિજ કુલ કેરી, સુણ તું સુંદર પુત્ર
॥ ૯ ॥ સોભાગ ॥

કુલવટ ઝે જુવટથી લહિયે, પૃથ્વી કેરૂં રાજ ।
અઠોત્તરસો મણિમય થંભા, એ આસ્થાન સમાજિ ॥૧૦॥ સોળા
થંભિ આરા અતિતીખા, અઠોત્તર શાતિ માનિ ।
મુજ સંસારે પાશિં રમતાં, જીપિતું પુત્ર નિધાન ॥૧૧॥ સોળા
અનુક્રમે પહિલો બીજો ત્રીજો, ચોથો તિમ વલી પંચ ।
ઇણિપરિ અઠોત્તરસો ખુણું, જીપવા ઉવટ સંચ ॥૧૨॥ સોળા
એકવાર લેખલતા પામે, રમતાં સારા પાસિ ।
મૂલથકી તેરા મતિહારે, મંડે પુનરપિ વાસ ॥૧૩॥ સોળા
અઠોત્તરસો થંભા ઇણિપરિ, જીતે જે નર જેહ ।
રાજ લહે તે નિજકુલકેરૂં, નીતિ અછે ગુણગેહ ॥૧૪॥ સોળા
દેવતણી સાંનિધી કોઈ, જીતે તેહ કલ્પિ ।
જિણ સમકિત નરભવ જેહાસ્યો, કહે નય તેમ દુષ્પ્રાપ ॥૧૫॥ સોળ

દૂહા.

અંતરમત ઉપનય કહું, મુણિ ગુરૂનો ઉપદેશ ।
વિસ્તર છે એહનો ઘણો, પણિ ઇહાં કહું લવલેશ ॥૧॥

(ઢાલ–રાગ ગોડી–જંબુદ્વીપ મઝાર એ દેશી)

નૃપતિ સંસારી જીવ, શુભ પરિણતિ પતિ, ઉપશમપુરનો
રાજએઆએ ॥ ૨ ॥
સુગુણ વિવેક પ્રધાન, માનવણું લહે, જીપતિને પાસે રહેએ ॥૩॥
આઠ મનવચ જોગ, અંગજ જાણીયે જનક ઉપરિ તે
દૂમણાએ ॥ ૪ ॥
અઠોત્તરસો ખાણી, જીવતણી કહી, થંભ સમાન તે જાણીયઈએ ॥૫॥
જીવ પ્રતે જે, કર્મ પ્રકૃતિ સવે, તીખા આરાની પરીએ ॥૬॥
દર્શન ચારિત્ર દોય, પાસા પાવરા, તાન ફલક ઉપરિ ધર્યાએ ॥૭॥
રમતિરમના એમ, જોખલના લહે, તો ફરી રમતિ મંડીયઈએ ॥૮॥
જે જીતે સવિનાય, તખતસહેતહા, ક્ષીણમોહ સિંહાસનેએ ॥૯॥
ઇણિપરિ પ્રકૃતિ વિચાર સાધે જે નર, તેહજ અવિચલ

પદ લહેએ ॥ ૧૦ ॥
દુષ્ટ સુતે જિમરાજ, નવિ તે પામી યઈ, તિમ અશુભ યોગથી
નરથેએ ॥ ૧૧ ॥
ઇમ ચોથો દ્રષ્ટાંત માનવ ભવિ તણો નયવિમલ પંડિત
ભણેએ ॥ ૧૨ ॥

ઇતિ માનવભવદ્રષ્ટાંતાધિકારે જુવટ નામ ચતુર્થ દ્રષ્ટાન્તઃ ॥૪

દુહા.

અથ નરભવદ્રષ્ટાન્તાધિકારે રત્નરાશિનામ પંચમ દૃષ્ટાન્ત

અણચિંતયો નરભવ લહ્યો, ધુણાક્ષરને ન્યાય ।
ગિરિ સિર ઉપલતણી પેરે, કર્મ નૃપતિ સુપસાય ॥૧॥
વિણ ધર્મે ભવ હારીએ, જેમ જુવર આદાય ।
આવે હર્ષે ધનગ્રહી, ધન ખોઇને જાય ॥૨॥
રયણરાશિનો પંચમો, બોલું હું દ્રષ્ટાન્ત ।
બંધન તોડે કર્મના, જિમ જલમાં જલકંત ॥૩॥

ઢાલ–ચાલીની.

ભરતવિભુષણ ઉજ્જિત કૂપણ, નયર સુકોશલ નામ
સુંદર મંદિર મંદરગિરિ સમ, સોહે ધવલતિ ધામ ॥
અતિધનવંત મહંત ગુણાકર, રત્નાકર ઇતિ નામ ।
નિવશે વિકસે સંપદ સુખશું, જિમ માધવ આરામ ॥૧॥
દેશ વિદેશે નયર નિવેશે, વિવિધ રયણની જાતિ ।

ઉપાય કરીને મેલી, જિમ જલનિધિ જલજાંત ॥
ગજ પરિદાની ગિરિ પરિમાની, બેઠા મોઠા સાત ।
એકદિન કુલધ્વજ કોટીધ્વજ પર દેખે કેતુ વિલાસ ॥૫॥
અંગજ જ્યારે એમ વિચારે, નહી સારે અમતાત ।
નિર્ધણ સયણ તણી પરિરયણે, નોહઈ ધન વિખ્યાત ।
અંતર્વાણીની જિમ વાણી નવિ જાણી જે કેણિ ।
કેવલ ઘટીદીપક પરિનિઃફલ બહુ પરિરયણ ઘણુણ ॥૬॥
એમ ચિંતવતાં તાત તેહનો, ધન મેલણને કાજિ
લોભાલ્યંતર દુર દેશાન્તરે ચઢીઓ ચતુર જિહાજ ।
ઉચ્છંખલ તસ પાછલી અંગજ, વેચે રયણાં મુલિ ।
ઓછે અધિકે દસદસ વેર્યાં, જિમ વાતુલે તુલિ ॥૭॥
રયણ રાશિ લોપી આરોમી ધજપલ્લવ નિજવાસિ
કોટીધ્વજ નિજ નામ ધરાવી પુરી નિજમન આસ ।
વાત સુણીને તાત પધાર્યા વાયા અંગજ તેહ ।
ઘટપટ ઘર ઘંટ ઉપરિ દેખી ચટપટી લાગી તેહ ॥૮॥
રે !અજ્ઞાની બાલા વ્યાલા પરનાલા અવનીત ।
ધનતરૂ કંદ કુદાલા હાલા વિણસાડયું ઘરસુત ।
ઇણિપરિહાંકીબાહિર કાઢયા અંગજ ગ્રહિ બાંહિ ।
રયણરાશિ દિસ દિસથી આણો, તો આવો ઘરમાંહિ ॥૯॥
નિજ વાંકે તેરંક તણી પરિ પુહવિ મંડલ ફીરતા,
કુટિલ સભાવે રયણ અભાવે બહુ દુઃખને અનુસરતા ।
યદ્યપિ દેવ પ્રભાવે રયણ, સયલ ગૃહી આવે
પણ નય કહે ધર્મવિણા નરભવ એ હાર્યો વલીય
ન પાવે ॥ ૧૦ ॥

દુહા.

હવે એહનો ઉપનય કહું, સુણજો સહુ ભવિ લોક ।
માનવભવ મોટોઅ છે, જિમ સોવન ઘનરોક ॥૧॥
(ઢાલ-વાત મ કાઢો પ્રત તણી-એ દેશી)

સુવિહિત હિત કરજે તુંને, મારગને અનુસારીરે ।
તે ગુરૂ વ્યવહારી સમો, આગમ રયણ ભંડારીરે ॥૬॥
સોભાગી જિન સાંભલો
પંચ પ્રકારે જાણીયે, આંગજ પરિતસ શિષ્યરે ।
ધ્વજ પરિજન પૂજા લહી, પામે પરિઘલ ભિખ્યારે
॥ ૨ ॥ સોભાગી૦
આગમ રયણાં વેચીયા, પેટ ભરાઇ મુલેરે ।
ઉંચે પદ ચઢયા લોકમાં, કોટીધ્વજ નામે ભુલેરે ॥૩॥ સોભાગી૦
તાતે તેહ કુશિષ્યને, દુર્વિનીતના છાકયારે ।
પરંપર ઘરથી કાઢીયા, હાથ ગ્રહીને હાંકયારે ॥૪॥ સોભાગી૦
રંકપરિ જિન વાંકથી, રૂલે ચઉગતિ સંસારેરે ।
તે પાછા નાવી સકે, પરંપરા ઘર બારિરે
આગમ રયણ ગ્રહી સારરે ॥૫॥ સોભા૦ ॥૬॥
ઇમહાર્યો નરભવવલી, દુષ્કરપણે તે લહીયેરે ।
ધીરવિમલ કવિરાજનો, નય સીસ ઇમ કહિયેરે ॥૬॥ સો૦ ॥૭॥

અથ માનવભવ દશ દૃષ્ટાન્તાધિકારે ષષ્ઠો દ્રષ્ટાન્ત.

દૂહા.

સમકિત વિણ ભવમાં ફર્યો, કાલ અનંતાનંત ।
પંચ પ્રમાદ વસે કરી, આઠે કર્મ મહંત ॥૧॥
નરભવ સુણવું શ્રુત તણું, સદ્દહણા તિમ ચંગ ।
છલ કરવુ ધર્મે વલી, એ ચ્યારે પરમંગ ॥૨॥
ચંદ્રપાન સુહણાં તણો, એ છઠો સંબંધ ।
કહું શ્રી ગુરૂ સાનિધ્યથી મુલદેવ પ્રબંધ ॥૩॥

શાર્દ્દ બુદ્ધિદાઇ—એ દેશી.

પાડલીપુર નયરી, વયરી સવિ વશિ કીધ ।
શંખોજલ ગુણધર, નરપતિ શંખ પ્રસિદ્ધ ॥૧॥

જય સિરિ તસ રાણી, રૂપ જિત ઇંદ્રાણી ।
તસુ સુત અતિ સુંદર, મૂલદેવ ગુણ ખાણી ॥૨॥

ત્રોટક.

ગુણખાણી જુવટ વિજાણી અસત્ય તણી સહ નાણી,
જિહાં જેહવો તિહાં તેહ વો દિસે જિમ જલધર તું પ્રાણી ।
જુવટ દહવટ કરવા હેતે તાતે દુરિ કરી તો
બહુ ધનવંતી સ્વર્ગ હસંતી નયરી અવંતી પોહતો ॥૪॥
ગુટીને કપટે તે થયો વામન રૂપી, ગણિકામાં માણિક
દેવદત્તા ગુણ કુળી । અતિ લીણા વિણા વાહે તિમ વલી ગાહે
ગણિકા તસ ગુણથી તિમ અનુરાગણિ થાઇ ॥

ત્રોટક.

થઇ અનુરાગી ભાવકિ ભાગી વૈણિકમાં સોભાગી
અચલ નામ ગાથાપતિ ધનપતિ આવ્યો તિહાં વડભાગી
દીન માન સતકારી સારી ગણિકા ઘરિ તે વિલસે
પણ વામન દેખી ગણિકાનુ અંતરહિયડું હીસે ॥૫॥
અક્કા કહે ગણિકા તું સુણી નિશ્ચલ ચિતે ।
ભજિ અચલ ધનીને તજિ મનિ નિરચિત્ત ।
તબ બોલી ગણિકા વામન કામન રૂપ
એ અચલ અચલ પરિ નિર્ગુણ પત્થર રૂપ ॥

ત્રોટક.

પત્થર રૂપી અતિ અવિવેકી એ માહરે મનનાવે, શેલડીનો
દ્રષ્ટાંત દેખાડી અક્કાને સમઝાવે,
અક્કા ઠક્કાની પરિ લાગી મૂલ દેવને તામ, અનુચિત થાનક
જાણી ચાલ્યો । ઉદેશી કોઇ ગામ ॥ ૬ ॥
વેણા તટ વાટે મિલીયો બંભણ એક, તેં સાથે ચાલ્યો
વિણ સંબલ સુવિવેક ।
ઉદરંભરિ બંભણ ભોજન કરવા કાજે, સરપાલે બેઠો
કાઢી સાથુ અસાજ ॥

ત્રોટક.

સાથુ સજિ નિર્લજ તે બંભણ, કુમરને નવિ સંભલાવે
નિર્ધણ શર્મ નિજ નામ યથા રથ લોકેં ખી છુપાવે
ઇણિ પરિ ત્રિણ દિવસનો ભુખ્યો, અટવીથી ઉતરીયો
મૂલદેવ ભોજનને હેતે વસતીમાં સંચરીઓ ॥૭॥
વાટે એક ગામે કોઇ કુલપતિને ધામે, ભોજનને કામે બેઠ
કરી વિશ્રામે ।
મનમાંહે ચિંતે સંત હોઇ જો કે ઈ, જઇ તેહને યાચું ઉદર
પૂર્ત્તિ જિમ હોઇ
ઉદરપૂર્ત્તિ કરવા કાજે એક ઘર ફિરતા દીઠાં અડદ બાકુલા
ભક્ષકની પરિ,
મોદકથી પણ મીઠા ક્ષુધિત થકો પણ નિશ્ચલ ચિતે,
બાકુલ લેઇ વલિઓ,
નિર્મલ નીર સરોવર તીરે બેઠો પુણ્યે વલીયો ॥

(ઢાલ—ચતુર સનેહી મોહનાં—એ દેશી)

મૂલદેવ મનિ ચિંતવે, એ કુલમાયમેં પાયારે ।
લાખ પસાય તણી પરે, મોદકથી સુખદાયારે ॥૨॥ મુલદેવ મ૦ ॥
કિંહા મુજરાજ પિતા તણું, કિહાં ઉજેણી વિલાસારે ।
કિહાં એ ભિખ કુલ ગામની, એ સવિ કર્મ વિલાસોરે
॥ ૨ ॥ મુલદેવ૦

એક દિવસ પણ તેહતો, દેતો બહુને અચ્છોરે ।
એક દિવસ પણ એહ છે, ઉદર ભરણ અસમર્થોરે ॥૩॥ મુલદેવ૦
અઠમ અંતે પામીયા, રંક પરિ કિમ ખાઉંરે ।
ભિક્ષુકને આપી ભખું, જેવો તેહવો પાઉંરે ॥૪॥ મુલ૦ ॥
ઇમ ચિંતવતે પુન્યથી, માસોપવાસી મુણિંદારે ।
પુન્યવંત જાણી તિહાં, મલપતો જાણે ગયંદારે ॥૫॥ મુલ૦ ॥
અજ ઠામે ગજમુજ મિલ્યો, પત્થર ઠામે રયણાંરે ।
જલ ઠામે અમૃત મિલ્યું, ઇમ ઉચ્ચરતો વયણાંરે ॥૬॥ મૂલ૦ ॥
રાજરો રસુત વાંઝીયો, જડ સુત અંધ જિમ નિરખોરે ।

મુંગો વચન લહી યથા, તિણ પરિ મનમાં હરખેરે ॥૭॥ મુલ૦
તુમ સરખી ભિક્ષા નથી, પણ મુજ ભાવ અપારોરે ।
ગ્રહણ કરો અનુગ્રહ કરી, મુજ ગરીબ નિસ્તારોરે ॥૮॥ મુલ૦
દુરિત સમુદ્રને તારવા, પાનિ પોતિ તિણિ ધરીઓરે ।
અનાકુલ મન બાકુલા, દેતાં ચિતડું ઠરીયુંરે ॥૯॥ મુલ૦
સુરવાણી આકાશથી, થઇ તસ પુન્યની સાખીરે । ।
યે યાચે તે તાહરે, દિઉં તુજને હિત દાખીરે ॥૧૦॥ મુલ૦
રાજ દિએા મુજને તુમે, દેવદત્તા સુખ ભોગોરે ।
હાથી સહસ તણું ભલું, સુમતિ તણેા સંયોગરે ॥૧૧॥ મુલ૦
આજ થકી દીન સાતમે, થશે તું ભુપાલોરે ।
ધમ નિસુણી હર્ષે ભર્યો, આયો પંથી સાલેરે ॥૧૨॥ મુલ૦
નિજ મુખમાંહે પેસતો, ચંદ્ર મંડલ તિહાં દીઠોરે ।
રાત્રિ ઘડી દોઇ પાછલી, અમૃતથી પણ મીઠુંરે ॥૧૪॥ મુલ૦
કોઇક તિહાં સૂતો કાપડી, દીઠું સ્વપ્ન તેણે વિહસીરે ।
અર્થ કરે તે મોહામાં, ગુડ યુત મંડકલ હસ્તરે ॥૧૫॥ મુલ૦॥
શ્રીફલ કુસુમ ગ્રહી કરે, સ્વપ્ન જાણ ઘર આવેરે ।
એ સ્વપ્ને તું આજથી, સાતમે દિન રાજ પાવેરે ॥૧૬॥ મુલ૦ ॥
દેવ વાણી મુહણે મિલી, ચંપક તરૂતલિ સૂતોરે ।
ઇણિ સમયે તિણપુરનો ધણી, અપુત્રીઓ ગતિ પોહતોરે
॥ ૧૭ ॥ મૂલ૦ ॥

પંચ દિવ્ય સિણગારીયા, કર આહિર તે આવેરે ।
કલશ ઢાલ્યો શિર ઉપરે, રાજ તેજ તિહાં પાવેરે ॥૧૮ ॥ મુલ૦॥
દેવદત્તા આવી મીલે, ગજરથ તુરગ અપારોરે ।
વાસવપરિવસુધાપતી, પાલે રાજ ઉદારોરે ॥૧૯॥ મુલ૦ ॥
રાજ સુણી મુલદેવનો, ચિંતે મનતાં થડુઓરે ।
એક ઈ સુપન વિચારણા, ફેર કિસ્યોએ પડિઓરે ॥૨૦॥ મુલ૦ ॥
સુપન લહે વા કાપડી, મુહડું માડી સુવેરે ।
સુપન ઠામિ વાગુલ તણી, વીઠ પડે મુખ ઘોપોરે ॥૨૧॥ મુલ૦॥
કાપડિ ફીરીને નવિ લહે, સહણ જડ જિમ વાણીરે ।

તિણિ પરિ નરભવ હારીએા, ન લહે પુનરપિ પ્રાણીરે
॥ ૨૨ ॥ મુલ૦ ॥

એલ વલેસ થકી કહયેા, મુલદેવ અવતારેારે ।
ધીરવિમલ કવિરાયનેા, શીષ્ય કહે એ વાતેારે ॥ ૨૩ ॥ મુલદે૦ ॥

દુહા

હવે એહનેા ઉપનય કહું, સુણ ગુરૂ મુખથી આજ ।
તે ચિતમાં અવધારતાં, સીઝે સઘલાં કાજ ॥૧॥

(ઢાલ—કરેલણાં ઘડિલ્યેારે—એ દેશી)

મૂલદેવ સમ જાણીએ, જીવ સંસારિ સાર ।
નવ વેસિં નટ ફિરઇ, ભમતેા ધણિ સંસારિ ॥૧॥
ભવિક જન સુણીલેરે, સમઝીર ઘટમાંહિ । ભવિક૦ ॥
ધરિએ સમકિત ચાહિ । ભવ૦ ॥ કાઢયેા કર્મનૃપતિ તિહાં
તિરિનયરીથી જાણી, વ્યસન મિથ્યાત્વ નિવારણ ।
કરવા ગુણની ખાણી ॥૨॥ ભવિ૦ ॥
નરગતિ ઉજેણી સમી, મલિએા જઇ તે માંહિ ।
શુભ રચિવાર ધુમિલી, પૂરણ પ્રેમ ઉચ્છાહિ ॥૩॥ ભવિ૦ ॥
અરૂચિ અકકાઇ કાઢીએા, તે પ્રાણીને જોર ।
ચંદ્ર પાન સમવમીએા, શુદ્ધ સમકિત ચિત્ત ઠાર ॥૪॥ ભવિ૦ ॥
પંચદિવ્ય ચારિત્ર, તેહથી સીધાં કાજ ।
પામે અનોપમ જીવડા મુગતિપુરીનું રાજ ॥૫॥ ભવિ૦ ॥
કપટી આણી કાંપડી, સુહણા સમ સમકિત ।
પેટભરાઇ કારણું, પેાહતેા અપવિત્ત ॥૬॥ ભવિ૦ ॥
ઇમ નરભવ સમકિત વિના, હાર્યેા ફિરિ નલહુંત ।
ચંદ્રપાન સુહણા સમેા, નહઇં તેહ અત્યંત ॥૭॥ ભવિ૦ ॥
છઠેા સુપન તણેા કહયેા, એ ઉપનય લવલેસ ।
ધીરવિમલ કવિ સેવિક નય કહે ધમ ઉપદેશ ॥૮॥ ભવિ૦॥
મુલદેવ નરપતિ તણેા, મેાટેા છે સંબંધ ।
સ્વપ્ન કાર્ય ભણી આણીએા, નરભવ સમકિત બંધ ॥૯॥ ભવિ૦॥

દૂહા

જિન ચક્રી હરિ પ્રતિ હરી, ચારણ મુનિ બલદેવ ।
વિદ્યાધર વલી પૂર્વધર, તિમ ગણધર જિન સેવ ॥૧॥
ઋદ્ધિવંત એ નર કહયા, સૂત્રમાંહિ ગુણ ગેહ ।
નરભવ વિણ એ નવિ હોઈ, તિણિ કરી ઉત્તમ એહ ॥૨॥
રાધાવેધ તણો કહું, સુણતાં અધિક આણંદ ।
ચક્ર નામ એ સાતમો, એ દૃષ્ટાંત અમંદ ॥૩॥

(ઢાલ—પુત્ર તુમારારે દેવકી એ દેશી.)

ઇંદ્રપુરીથી અધિક બિરાજે, ઇન્દ્ર પુરાભિધ નયરી ।
ધરીર ઇસર ગુરૂજન બુધજન, ધરીર સોહે ગૌરી ॥૧॥
રૂડે રંગિરે નરભવ સુરતરૂ સારિખો, પરિસો રદય
મઝારિ ॥ ૩૦ ॥ આંકણી
ઇંદ્રદત્ત ભુપાલ બીરાજે, ઇદ્ર તણી પરિકરાવે ।
શ્યામ ખડગ વલ્લી પણ તેહની, નિર્મલ જસ પ્રગટાવે ॥ ૨ ॥
ભિન્નર જનનીના જાયા, તેહને સુત બાવીસા ।
કલાચાર્ય ભણવાને પાસે, મુકયાં તે સુજગીસા ॥ ૩ ॥ ૩૦॥
એક દિન ચીત્ત સુબુદ્ધિ ધરિ ઉપરિ, સુમતિ સુતા ખેલંતી
તે નિરખી નરપતિ મન હરખ્યા, એ કન્યા ગુણવંતી ॥૪॥ ૩૦॥
નરપતિ મોહ્યો તેહને રૂપે, તે કન્યાને પરણી ।
રાગવંત નરપતિ તે વિલસે, જિમ પૂરવ દિસિ તરૂણી ॥૫॥ ૩૦॥
સોપ ગ્રહઈ જિમ મુકતા ફલ નઈ, તિમ સાગર્ભ ધરંતી ।
જિમ આલસૂ વિદ્યા વીસારઇ, તિમ સા નૃપ ગુણવંતી ॥૬॥ ૩૦॥
સંધ્યા વાદલ પરિ નિજ પતિનો, રાગ લહી પરધાને ।
નિજ પુત્રી નિજ ગેહે તેડી, દેઇ નિજ બહુ માનિ ॥૭॥ ૩૦॥
શુભ દિવસેં સૂત સૂત જાયો, સુરેંદ્ર દત્ત તસ નામ ।
મુદ્રાલ કૃત પ્રેમ ધરી નઈ, રાખેં જેમ નિધાન ॥૮॥ ૩૦॥
અગ્નિક પર્વત બહલી સાગર, દાસેરા નૃપ નંદ ।
સુરેંદ્રદત્ત સાથે તે ભણવા, બેઠા અતિ આણંદ ॥૯॥ ૩૦॥
માંહો માહી ભણે તે પંચઇ, પણ દીસેઇ બહુ મંદ ।
એક નીકલજ પાયા તોપણ, કરી કલ્પતરૂ કંદ ॥૧૦॥ ૩૦॥

જિમ કાયર રણ અંગણ નાસઈ, તિમ વિદ્યાથી ભાગ્યા ।
તે દાસીરા સુત બાવીસા, વિષય પ્રસંગે લાગ્યા ॥૩૦ ॥૧૧॥
અથિર પાસેર યોગ્ય નહી, સછંદી પરમાદી ।
કલાચાર્ય પણ એમ ઉવેખે, જિમ દુષ્ટ તુરગને સાદી ॥૩૦ ॥૧૨॥
સુમતિ પુત્ર એકતાન થઈને, સકલ કલાનઇ સીખઇ ।
રાધાવેધાદિક જે દુર્દ્ધર, તે પણ ન ગણે ક્ષેખે ॥૩૩॥ ૩૦॥

દુહા

ઇણિ અવસર મથુરા પુરી, તસ જિત શત્રુ ભુપ ।
નિવૃતિ નામે રૂયડી, કન્યા રત્ન અમુલ ॥૧॥
પ્રકટ યોવના દેખીને, પૂછે ભુપ તસ તાત ।
વસે વર કુણ તુજ મુનિ, તે કહીયે અવદાત ॥૨॥
સાધે રાધાવેધિ જે, તે માહરે ભરતાર ।
ઇમ નિસુણી મંડાવીયો, સ્વયંવર મંડપ સાર ॥૩॥
આવ્યા દેશાધિપ ઘણા, પણ ન ધરે સા રાગ ।
જિમ ભમરી ચતુરને, કુસુમ ન બંધે રાગ ॥૪॥

ઢાલ જત્તિરી.

ઇંદ્રદત્ત નરેસર આવે, સઘલા સુત સાથે લાવે ।
વલી સાથે સચિવ પ્રસિદ્ધો, પેસારો સબલો કીધો ॥૫॥
સયંવર મંડપમાંહિ આવે, કન્યા દેખી સુખ પાવે ।
ધન ૨ મુજ પુત્ર સોભાગી, જેહને એ કન્યા રાગી ॥૬॥
તિહાં રોપ્યો થંભ ઉત્તંગ, જાણે મેરૂ મહીધર ચંગ ।
આઠ ચક્ર તે ઉપરિ પૂતલી એક, તસ રાધા નામ વિવેક ॥૭॥
નીચું એક તેલનું કુંડ, તેલે ભરિઓ અતિ ઉંડ ।
પ્રતિબિંબે પુતલી જેહ, ડાબી આંખે વીંધે તેહ ॥૮॥
નીચે મુખી વીંધઇ કીકી, તસ વિદ્યા કહીઈ નીકી ।
ઇમ રાધા વેધ કરેઇ, તે કન્યા નઇ પરિણેઇ ॥૯॥
ઇમ નિસુણી રાજા ચિંતે, એ એ કાર્ય મહંત ।
શ્રીમાલી પ્રથમ બોલાયો, જેહને ઘણું હરખું લડાયો ॥૧૦॥

સુણો પુત્રી અછેલાભદાઈ. કહાં કન્યા ઈહાં જસ હોઇ ।
જું પહિલો થાહવઈ બેહિલો, આયો લાભ છંડે તે ગહિલો ॥૧૧॥
આયો પણ પાછું તાકે, બાણ નાખ્યો ફાટે વાંકે ।
રાખ્યાથી વાણ જટલીઓ, ખૂંખ પાડી પાછો વલીઓ ॥૧૨॥
બીજો આયો સુજગીસ, નવિ પોહતી તાસ જગીસ ।
ઈમ આયો ત્રીજો ચોથો, શર નાંખે ભરીઆ અબોથો ॥૧૩॥
ઈમ આવ્યા સુત બાવીસ, નિજ મુજ પ્રતિ કરતાં રીસ ।
તિહાં કોઇ તાલોટા વાય. હાલો મુખમાં ન સમાય ॥૧૪॥
કોલાહલ ઝાઝો થાય, વાળ્યા પણ નવિ સંભલાય ।
મંડપ બાહિર શર જાયે, જાણે પાસથી હરિણ ઉજાય ॥૧૫॥
હાંતે હોઠ ચાંપે જોર, કોઈ પાડે મુખ બહુ સોર ।
કોઇકના હાથજ ધ્રુજે, કોઇકના શર નવિ પૂજે ॥૧૬॥
જે ભુપતિ હુતા સામન્ય, તેહને મુખ વાધ્યો વાન ।
જેહ વલીયાને વલી મોટા, તસ વંદન ટલ્યા જસ લોટા ॥૧૭॥
પરમેસર અમને તુઠો, ઇંદ્રદત્ત ભુપતિ થયો ભુંઠો ।
જો અધિકી કાહત રેખ, તો કુલત એહ વિશેષ ॥૧૮॥
હાસે મંડપ અજુઆલ્યો, જસવાદ કુણે નવિ વાલ્યો
કોઇક અગ્રેથી થાકા, કેઇક થયા હાકા બાકા ॥૧૯॥
બાહિર દીસે સિંહ સરીખા, જંબુક સરીખા પરખ્યા ।
કન્યા પણ મન વિલખાણી, જોયો કર્મ તણી સહિનાણો ॥૨૦॥
આવ્યા તવ ચ્યારે દાસેરા, કહે અવસર છેહ બેમેર ।
એકને તો ધુજણી છુટી, બીજાની પણ ચિજ તૂટી ॥૨૧॥
એકને ભુઈ લાગે ભારી, ચોથો જોઈ નાસણહારી ।
ઇંદ્ર ભુપતિ વિલખાણો, કિહાં આવી એ થનસાણો ॥૨૨॥
એ સુતથી યશની હાણી, હસતાસ હુઇ રાજાન ।
નીચઇ મુખ ધરતી તાકઇ, લાજઈ જૈસે વા વાંકઇ ॥૨૩॥
સુત નહોત તો એકજ નામ, ઈણિ ઠામ ન જાવ તમામ ।
જિમ ચંદા કહલી કેરા, ભલા બાહિર ભીતરિ કેરાં ॥૨૪॥
જિમ હાથેં જુઆરી સોચઇ, તિમ રાજા મનિ આલોચઇ ।
એહવે નય સુવિધિ પ્રધાન, આવી ભુપ કરે સાવધાન ॥૨૫॥

॥ દુહા ॥

સચિવ કહે સુણ ભુપતિ તું, મમ કરી મન વિખવાદ ।
પુન્યબલે છે તાહરો, ઇહાં નિશ્ચે જયવાદ ॥૧॥૫॥
પુત્ર દોહિલો ગુણનિલો, તાહરો પુત્રરતન ॥
તેરાધા વેધ સાંધસ્યે કરસ્યે પ્રસન્ન વદન ॥૨॥૫॥
સિંહ શ્વાન પટ તરો, જાણી જે નરિંદ ।
ભઉ ભેદઇ મૃત હાડકાં, ઉભેદે ગજ કુંભ ॥૩॥૫॥
ઇમ નિસૂણી વિસ્મય પડયો, ભુપતિ કહે પ્રધાન ॥
મુજને સંભરતો નથી, જિમ અજ્ઞાની જ્ઞાન ॥૪॥૫॥
લિખત પત્ર દેખાડીયો, પ્રગટયો અધિક ઉચ્છાહ ।
ચિરવિલોકિત સ્વપ્નપરિ, પુત્રનો વિવાહ ॥૫॥૫॥

ઢાલ કડખાની દેશી.

નૃપતિ આણા લહી તેડીઓ, તિહાં વહીસુ સુબુદ્ધિ પરધાન
નૃપમાં ન પામી । સાર શૃંગાર વરહાર પહિરાવીઓ, આવીઓ
નૃપતિ પદ સીસ નામી ॥૧॥૫॥
જયો કુમર સિરતાજ માહરાજ સુત જગિ જયો ।
જે થયો સકલ વિજ્ઞાન વેદી, સચિવ કહે નૃપતિ સુણી એહ
સુત તુમ તણો, અમ્હ તણો સીખવ્યો બાણ ભેદી ॥૨॥૫॥ જયો૦॥૧॥
હૃદય આલિંગીયો મસ્તકે ચુંબીયો, પાપીયો કુમરને નિજ ઉત્સંગે
એહ નિવૃત્તિવરો વંશ ઉજવલ કરો, જયવરો એણિઠામે
પ્રશંસે ॥૨॥૫॥ જયો૦ ॥૨॥
તાત વાણી લહી ધનુષ શર સંગ્રહી તિહાં વહી આવીઓ થંભ
પાસે । વંદિયા નિજ કલાચાર્ય આનંદિયા સજ્જના બહુજના
મનિ વિમાસઇ ॥૩॥૫॥ જયો૦॥૩॥
બંધુ બાવીસ ધરી, રીસ મનમાં હસે, અમ્હ થકી આંધલ
રયું એહ પીસે । ચાર હાસેંર હાસેર પરિબ્રુ છુરે હાથ
તાલી દિઇ વાત પીસ ॥૪॥૫॥ જયો૦ ॥૪॥

વિકટ દાઢ સુભટ ત્રિહું પાસિ ઉભા કિયા, રૂદય મચ્છર
ધરી ખડગ હાથે । બાણ શર મૂકતાં જો વિચે મુકતો
ઝાલ્યો એહને જોર બાંધે ।।૬૨।। જયો૦ ।।
કેતુપની પણિય પૂજઅંબુજદ્ય મનિ, બાણ તીએ તસ
અગ્ર જોડયો ।
તેલ પ્રતિબિંબ અવિલંબ રાધા પ્રતિ, બાલ તતકાલ તિહાં
બાણ છોડયો
સકલ નરપતિ તણો માન મોડયો ।।૬૩।। જયળા
ચક્ર અહ ચક્ર ઉલ્લંઘ લઘુ લાઘવીકલ થકી ।
બાણ ગતિ સરલ કીધી જાણિઈ સાપરાધા યથા રાધિક ।
પૂતલી વામદૃગ તુરત વીંધી ।।૬૪।। જયો૦ળા
સયણ આવી મિલ્યા, દુઃખ દૂરે ટલ્યા, કુસુમની વૃષ્ટિસું
સુર વધાવે । નિવૃતિ બલિકા કંઠે વરિ માલિકા, થાપતી ભમરિ
રવિ ગીત ગાવે ।।૬૫।। જળા
ભુપ મનિ હરખીયો, સુત રયણ નિરખીયો ।
સુબુદ્ધિને ઋદ્ધિ વગ સીસદીની, સુજસ જયવાદમેં પામીઓ
નૃપતિમાં । આજ એ સાહાય તેં સમરૂ કીનો ।।૬૬।। જયળા
ઇમ અનભ્યાસ વસિ સાંધિવો દોહિલો, વેધ રાધા તણો મેરૂ તોલો
દીન પુણ્યે તથા નરભવ દોહિલો, ધીર ગુરૂ સીસ નય સુકવિ
બોલે ।। ૬૬ ।।જળા

દુહા,

રાધાવેધ તણો કહું, અંતરંગ તસુ વિચાર ।
આવશ્યકની ચુર્ણિમાં, ઉપનયનો અધિકાર ।।૧।।

(તુજ સાથે નડી બોલું મારા વાલા મુજને વીસારીજી–એ દેશી)

કર્મ નૃપતિને અવિરતિ પ્રમુખા બહુલી ધરણી દીસેજી ।

ભિન્નરજનની જાયા પરિસહ સુત બાવીસજી ।
દાસી સુતવલી ચાર વિચારો વિરૂયા વિષમ કષાયજી,
રાગ દ્વેષ દોઈ વિકટ મહાભટ અંગરક્ષક પદ પાયાજી ।
નરભવ સુરતરૂ સરીખો, પામી મહિ મૂઢ મહારોજી ॥ આંકણી
એક દિન સુબુદ્ધિ સચિવનીતનયા, વિરતકની નૃપ દેખેજી ।
તે પરણીને વિલસઈ ભુપતિ, જનમ સફલ મનિ લેખેજી ॥૧॥
સંયમનામા સુતને જનકે સકલ કલા સીખાવ્યોજી ।
અનુક્રમે જિનવર નૃપતિ મોટો, સ્વયંવર મંડાવ્યોજી ।
નિવૃત્તિ નામા સુતા પરણાવા મોટો થંભ રોપેજી ।
શુભ સામગ્રી દ્રોણી પાસઇ, વિધિમર્યાદન લોપેજી ॥૨॥
અવલાં સવલાં ચક્ર ફિરે તે ઘાતી અઘાતી કર્મોજી ।
મોહનીય સ્થિતિ રાધા જાણોજી, વેધે તેહની મર્મોજી ।
તેહ વિદ્યા સાધનને કાજે, પરિસહ અરે કષાયાજી ।
આયા પણ તિહાં માન ગમાયા, કલ્પા લાભ ન પાયાજી ।
આર્દ્ર રૌદ્ર દોઇ ધ્યાન ખડગ કરો, ધરીને તેહીજ રહીયાજી ॥૩॥
નોકષાય તાલાદિક દેવ દ્રવ્યગ્રહણ ઉમહિયાજી
ભવમંડપમાં વિવિધ પ્રકારે જંત જાત તસ પષ્યડજી ।
કર્મનૃપતિ અનુભાવે કોઈ તસ સાધનનો દખ્યાજી ॥૪॥
ઇમનિ વીર મહિતલ દેખી સંયમ સુત સાવધાનજી,
સચિવ પુત્ર વિદ્યાનો આગર પામી નૃપ તું માનજી ।
જ્ઞાન કમાણ પણિય શુભ ક્રિયા, જોડી દૃરિસણ બાણજી
આતમ બીજા તિહાં પ્રગટાવે રાધા વેધસું જાણજી ॥૬॥
ઘાતિકર્મથિતિ વેધ કરીને નિવૃતિ કન્યા પરિણઇજી ।
જય શબ્દ થયો જિન શાસન જિનવર ભૂપતિ વરણેજી ।
ઇણિપરિ રાધાવેધ તણી પરિ દોહિલો નર અવતારજી
વિષય કષાય વશે મમ હારો અંતર વૈરી વારોજી ॥૭॥
નરભવ સમકિત સંયુત પામી સર્વ વિરતિ અનુસરીયેજી,
રાધાવેધ કહી જઈ તેહને ભવજલનિધિ ધમ તરિયેજી ।
ચક્ર તણો દ્રષ્યંત કહ્યો એ શાસ્ત્ર તણે અનુસારેજી ।

મીર વિમલ ગુરૂરાજ પસાયે, નયવિમલ સુખકારજી ॥૮॥

ઇતિ નરભવ દ્રષ્ટાન્તાધિકારે ચક્ર નામ સપ્તમ દ્રષ્ટાન્તઃ ॥૭

અથ નરભવ દશ દ્રષ્ટાન્તાધિકારે નામ અષ્ટમો દ્રષ્ટાન્તઃ

દુહા.

માનવ ભવ વિણ નવિ હોવે, સમવસરણ મંડાણ ।
ક્ષપકશ્રેણિ પરમાવધિ, તિમ મણપજ્જવનાણ ॥૧॥
તે માટે ઉત્તમ કહી, ચિહુગતિમાંહિ એહ ।
પંચમ ગતિને પામવા, મૂલ મંત્ર વલી જેહ ॥૨॥

ઢાલ—નાયકાની.

હવે બોલું હું આઠમોરે, કાછવનો દ્રષ્ટાન્તરે । ચતુર નર
વીર જિણંદ કહે ધરમુંરે, ગૌતમને હિતવંતરે । ચતુર નર૦ ॥૩॥
ભવિજન ભાવ ધરી સુણોરે લાલ ॥
નીર ભર્યો દૃહ રૂઅડોરે, અનેક જોયણને માનરે ચતુ૦
કહિયે નીર ખુટે નહીરે લાલ । જમનાણીનું નાણરે ।
ચતુ૦ ॥ ૪ ॥ ભવિ૦
મીન પાણીન ઘણા તિહાંરે, જલચર જીવ અનેક । ચતુ૦
જાતિ ઘણી જિણ નયરમાંરે લાલ, નિવસે તિમ અતિ છેકરે
॥ ૫ ॥ ચતુ૦ ॥
તિહાં નિવસે એક કાછવોરે, જુનો થિર જસ આયરે । ચતુ૦
પુત્રાદિક પરિવારમુંરે લાલ, સુખમાંહે દિન જાયરે ।
ચ૦ ॥ ૬ ॥ ભવિ૦ ॥
પાખરની પરે આચર્યારે લાલ જસ ઉપરિ સેવાલરેચ૦ ।

પવને પણ નવિ ભેદીયેારે લાલ, જિમ કમલે કર વાલરે
ચ૦ । ૭ ॥ ભવિ૦
વાયુ વસે તિહાં એકદારે લાલ, વીખરીયેા સેવાલરે ચતુ૦।
દેખે ગૃહણા પરિવર્યુરે લાલ, શશધર બિંબ વિશાલરે ।
ચ૩૦ ॥૮॥ ભવિ૦ ॥
હરખ્યેા હૈયડે ચિંતવેરે લાલ, વસ્તૂ અનેાપમ એહરે । ચતુ૦।
દેખાડું પરિવારનેરે લાલ, મમ ચિંતી ગયેા તેહરે
ચ૦ ॥ ૯ ॥ ભવિ૦
તેડી કુટુંબ આવે જિસેરે, તે કાચ્છવ તત્કાલરે ચ૦ ।
પવન ઝકેાલે તે તલેરે લાલ, ઉપરિ વલ્યેા સેવાલરે ।
ચ૦ ॥ ૧૦ ॥ ભવિ૦ ॥
ભમી દ્રહ સઘલેા તિહાંરે લાલ, મનમાંહે થયેા ખિન્નરે ચ૦ ।
પણ નવિ દીઠેા ચંદ્રમારે લાલ, જિમ દુર્ગત શુર રત્નરે
॥ ચ૦ ॥ ૧૧ ॥ ભવિ૦ ॥
વલી દ્રહમાં કહી કાચ્છવેારે લાલ, શશિ દરસણ ન લહુંતરે ચ૦।
મિથ્યા બલિ તિમ હારીયેારે લાલ નરભવ ફિર ન લહુંતરે
॥ ચ૦ ॥ ૧૨ ॥ ભવિ૦ ॥
જન્મ જરા જલ પૂરીયેારે લાલ, દ્રહ સમ એ સંસારરે ચ૦ ।
તિહાં સંસારી જીવડારે લાલ, જલચરને અવતારરે ।
ચ૦ ॥ ૧૩ ॥ ભવિ૦ ॥
જ્ઞાન પવન નવિ ભેદીયેારે લાલ, મિથ્યામતિ સેવાલરે ચ૦ ।
તિહાં કાછવ સમ જાણીયેરે લાલ, માનવ ભવ સુકુમાલરે
॥ ચ૦ ॥ ૧૪ ॥ ભવિ૦ ॥
મેાહ મિથ્યાત્વ ક્ષય કરીરે લાલ, દીઠેા જિનવર દેવરેચ૦ ।
અથવા સમકિત રૂખડુંરે લાલ, કર્મવિવરસું વિસ્તરે ।
ચ૦ ॥ ૧૫ ॥ ભવિ૦ ॥
તત્વવસ્તુ પામી કરીરે લાલ, લાભ લહ્યો નવિ તેણરે । ચ૦ ।
મેાહ કુટુંબ તણે વસેરે લાલ, તે કરે ભવહ ભ્રમણરે ।
ચ૦ ॥ ૧૬ ॥ ભવિ૦ ॥

જિમ ચિંતામણિ હાથથીરે લાલ, પડિયો નાવે હાથરે । ચઠા
તિમ મિથ્યાત્વીને કહયોરે લાલ, દોહિલો શ્રી જગનાથરે ।
ચ૦ ॥ ૧૭ ॥ ભવિ૦ ॥
શ્રી વિનયવિમલ કવિરાયનોરે લાલ, ધીરવિમલ કવિ
ઈશરે ॥ ચ૦ ॥
ઈમ દ્રષ્ટાંત કહે ભલોરે લાલ નય વિમલ સુસીસરે ।
ચ૦ ॥ ૧૮ ॥ ભવિ૦ ॥
ઈતિ નરભવ દશ દ્રષ્ટાન્તાધિકારે કર્મ નામ અષ્ટમ દ્રષ્ટાન્ત; ॥

અથ નરભવ દશ દ્રષ્ટાન્તાધિકારે નામ નવમ દ્રષ્ટાન્તઃ

કલ્હા.

માનવભવમાં પામીઇ, આહારકતનુ આસ ।
દાન સુપાત્રે તિમ વલી, ક્ષાયકસમકિત વાસ ॥૧॥
નરભવ ઉતમ તે ભણી, સવિગતિમાંહી સાર
કહું યુગપુસર મેઅનો, હવે નવમો અધિકાર ॥૨॥

ઢાલ રાગ આશાઉરી.

મિત્રપરિ આલંગી રહિઓ, જંબુદ્વીપને જેહજી ।
લાખ દોઇ જોયણ વિસ્તારે, લવણજલધિ જલગેહજી ॥૩॥
પુન્ય કરોરે પુન્ય કરો નર, માનવભવ મતિહારો ।
સરલ સભાવે સમકિત પામી, સફલ કરો અવતારજી
॥ ૪ ॥ પુન્ય૦ ।
પંચદશાધિક યોજન લક્ષા, પરિધિ તણું તસમાનરે ।
ષટ શત સહસ અધિક એહુ જોજન; તસલ શિષ પરિમાણજી
પુન્ય૦ ॥ ૫ ॥ ॥

ચ્યાર પાતાળ કળશાછે તેહમાં, સહસ જોયણ અવગાહેજી ।
અનુકમલેાઘવ ધારણ કાજે, કરસણિયા જળમાંહિજી ॥૬॥ પુન્ય૦
મીન અદીન પાઠીન ઘણા તિહાં, વદન પસારી રંગેજી ।
કીડા જળનિધિ ચેાલે ખેલે, જિમ સુત જનક ઉચ્છંકેરે
॥ ૭ ॥ પુન્ય૦ ॥

જેહનીર સીષામાંહિલીના, અરૂણાદિક હેાઇ શીતજી ।
જાણે લેાકને આતપે પીડયા, લાજ થકી ભયભીતજી
॥ ૮ ॥ પુન્ય૦ ॥

દેાઈ તિહાં અમર વિનેાદી તેહમાં, પૂરવ પશ્ચિમ કુલેજી ।
યુગસમેલ જીજીઇ નાંખે, પવન કરી પ્રતિકુળજી ॥ ૯ ॥ પુન્ય૦ ॥
ધુંસર પશ્ચિમ દિશિ પ્રતિ દેાડે, પૂરવ દિસિને સમેળજી ।
જળધિમાંહિ પ્રતિકુળ પવનથી, ન લહે તેહિજ મેલજી
॥ ૧૦ ॥ પુન્ય૦ ॥

નવિ રૂંધી અચળાદિક અંતરિ, ભસડી નીર પ્રવાહિજી ।
સૂંસર વિવરમાંહિ તે કદાચિત, પેસે સમેલિ ઉચ્છાહિજી ॥૧૧॥
તિમ પ્રમાદ બલેથી હાર્યેા, માનવનેા અવતારજી ।
યુગ સમેલિ દ્રષ્ટાંત તણી પરિ ફિરિ ન લહે સુખકારજી
॥ ૧૨ ॥ પુન્ય૦ ॥

જળધિપરે સંસારી કહી જઇ, શુભ સામગ્રી સમેલજી ।
નર આનુપૂર્વી સરલીજીસર વાયુ પ્રમાદ ઝકેલીજી ॥૧૩॥ પુન્ય૦
કર્મવિવર સમ અમર વિનેાદી, જોય તેહ વિનેાદજી ।
ધંમ અનંત પુદ્ગળ પરિવર્ત્તન, કરતા પામે ખેદજી ॥૧૪॥ પુન્ય૦
ધંમ 'ઉપદેશપદે'થી દાખ્યેા, આહમેા ઉપનય એહજી ।
ધીર વિમળ ગુરૂરાજ પસાઈ, ભાખે નય ગુણ ગેહજી
॥ ૧૫ ॥ પુન્ય૦ ॥

ઇતિ શ્રી નરભવ દ્રષ્ટાંતાધિકારે યુગનામ નવમોદ્રષ્ટાંતઃ

અથ દશમ દૃષ્ટાન્ત.

(દૂહા.)

સર્વ વિરતિમાં નવ લહે, પામે અવર ન કોઇ
તે માટે ઉત્તમ કહ્યો, નરભવ આગમ જોઈ ॥૧॥
પરમાણુકનો હિવે કહું, એ દશમો દૃષ્ટાંત ।
ભવિજન ભાવ ધરી સુણે, જે ગિરૂઆ ગુણવંત ॥૨॥

(ધર્મ હિયડે ધરો એ દેશી)

શકિત પોતાની દેખવારે, કોઇક અમર વિશેષ ।
કૌતકરયું એક થંભનો, કરે ચુરણ સુક્ષ્મરે ॥૩॥ ચેતન ચેતીયે ।
ધરીયું ધર્મ તું ધ્યાનોરે આલસ પરિહરી
લહીયે જિમ જસમાંનોરે ॥ ચે૦ ॥ (આંકણી)
મેરૂ શિખર ઉપરિ જઇરે, સુક્ષ્મ ચુરણ જેહ ।
નલિક યંત્ર પ્રયોગથીરે, દશ દિશ વીખરે તેહરે ॥૪॥ ચે૦॥
વાયુ વશે પરમાણુયા, દીપ તરતે જાય ।
તે પરમાણુ ફિર મિલી, કહો કિમ થંભ તે થાયરે ॥૫॥ ચે૦ ।
યદ્યપિ દેવની સાંનિધ્યે, તે થંભો વલી થાય ।
પણ નરભવ હાર્યે વલી, વિણ પુણ્યે ન લહાયરે ॥૬॥ ચે૦॥
શુદ્ધ ધર્મ થાંભો કહ્યો, કર્મ વિવર તે દેવ ।
સંશય ગિરિ શિખર ઉપરિ, કરે વિનોદ સયમેવરે ॥૭॥ ચે૦॥
ઇણિપરિ નરભવ દોહલો, દશ દૃષ્ટાન્તે સાર ।
તે પામીને નીગમે, વિણ સમકિત નિરધારીરે ॥૮॥ ચે૦॥
કલ્પતરૂ ઉખેડીને વાવે તે એરંડ ।
છોડી સંગતિ સીંહની, સેવે તે ફેરંડરે ॥૯॥ ચે૦॥
ગજ વેચી ખચ્ચર આદરે, ઉપલ ગ્રહે મણી છોડ ।
અથિર કથિરને સંગ્રહે, છોડી કંચન કોડિરે ॥૧૦॥ ચે૦॥
એ સંક્ષેપથી કહ્યા, અનોપમ દશ દૃષ્ટાન્ત ।

ધીર વિમલ ગુરૂ સાંનિધ્યે, કવિ નય અતિ ગુણવંતોરે ॥
॥ ૧૧ ॥ ચેત૦ ॥

દૂહા

જે માનવભવ પામીને, સેવે વિષય પ્રમાદ ।
છંડે ધર્મ સુહંકરૂ, અવિરતિને ઉન્માદ ॥૧॥
અમૃત ફલને છોડીને, જાણે તે ખલખાય ।
સાહિબ ઉપરા ઠેકરી લિઈ તેરાં કમ નાઈ ॥૨॥

(ઢાલ–સકલ મનોરથ આપે—એ દેશી)

આવશ્યક ચુર્ણે કહ્યો, અન્ય પ્રકારે એ લહ્યો ।
સદહ્યો શ્રી સદગુરૂના વયણથી એ ॥૩॥
થંભ અનેકે શોભતી, શાલા મનનું મોહતી ।
જેહતી દ્રવ્ય અસંખે નીપની એ ॥૪॥
કોઇક સમય વશે કરી, જલણ જાલ કવલિત કરી ।
વિસ્તરી અષ્ટક શ્રેણિ પવને કરીએ ॥૫॥
ઇંદ્ર ચંદ્ર નરપતિ મિલી, તે પરમાણુક સવિ મીલી ।
વલી તે શાલા ન કરી શકઇએ ॥૬॥
દેવ પ્રભાવે કોઇ નર, યદ્યપિ તે શાલા કરે ।
પણ નવિ અનુસરે, નરભવ હાર્યો વલી વલીએ ॥૭॥
શુદ્ધ ધર્મશાલા કહી, સદ્ગુણ થંભે ગહિ ગહી ।
તે દહી વિષય કષાય અગનિ સલિએ ॥૮॥
વિષય કષાય નિવારીએ, જિમ આતમને તારીઇ ।
ન વિહારઇ દુર્લભ નરભવ પામીયઇએ ॥૯॥
નરભવ એમ વખાણીઇ, દશ દ્રષ્ટાન્તે જાણીઇ ।
આણીઇ સદહણા સાચી સદાએ ॥૧૦॥
પહિલાં સિદ્ધ ઋષે કરિ, નરભવ ઉપનય સિત્તરી ।
તે ખરી ગાથા પ્રકૃત બંધ છે એ ॥૧૧॥

તસ અનુસારઇ એ કહ્યા, ઉપનય સઘલા તિહાં લહ્યા ।
ધમ કહ્યા ભવિજનને ભણવા ભણીએ ॥૧૨॥
ઉત્તરાધ્યયને દાખીયા, અન્ય ગ્રંથ પણ સાખીયા ।
ભાખીયા નયવિમલે ઉલટ ધરીએ ॥૧૩॥

ઇતિ નરભવ દશ દ્રષ્ટાંત પરમાણુક નામ દશમ દ્રષ્ટાન્તઃ ॥ ૧૦ ॥

અથ નરભવ દશ દ્રષ્ટાન્તની સઝાય

દુહા

ઇણિ પરિભાવ કરિ ભણ્યોએ, ભવિજન સઝાય ।
અંતરગત ઉપનય લહો, જિમ સમાધિ સુખ થાય ॥૧॥
શ્રી ઉપદેશપદે અ છે, એહનો બહુ અધિકાર ।
તિમ આવશ્યક ચુર્ણિમાં ઉપનયનો વિસ્તાર ॥૨॥
વચનકલા તેહવી નહી, પણ ઉપનય એહમાંહિ ।
સજ્જન સઘલા એહને, આદરશે ઉચ્છાહિ ॥૩॥
એકવીસે ઢાલે કરી, એહનો બાંધ્યો બંધ ।
સવી ૨૮૫ એહની, ગાથા પ્રાકૃત બંધ ॥૪॥

રાગ ધન્યાશ્રી.

(થુણીએરે ૨ રામ મુનીસર થુણેા) એ દેશી.

ભવિ ધરિએરે ભવિએ ઉપનય ચિત્ત ધરિએ ।
સુમતિ સંયેાગ કરી નિજ હાથે, સહજે શિવ સુખવરીએરે
॥ ૫ ॥ ભવિ૦ ॥
દુસ્તર અપરંપાર ભવજલનિધિ, તુરત પણે જિમ તરિએ ।
એ દ્રષ્ટાંત સદાજે સમરે, તસ જસ જગિ વિસ્તરીએરે
॥ ૬ ॥ ભવિ૦ ॥

એહ સઝાય અનોપમ ગુણમણિ, ભવિજન કંઠે કરીયે ।
સરલ સ્વભાવ ધરી મનિ સમતા, શુદ્ધ સમકિત અનુસરીયેરે
॥ ૭ ॥ ॥ ભવિ૦

સમકિતથી જિનમારગ પામી, ભવિ અટવી નવિ ફરીએ ।
દુઃખ દોહગ જિમ દુરે કરીએ, જેહની આણા કુસુમચી માલા
શેષા પરિશિર ધરીએરે ॥૮॥ ભવિ૦॥
જસ અભિધાન મૃગાધિપતિ સુણી, પ્રતિવાદિ ગજિ ડરીએ ।
અહનિસિ કીર્ત્તિકની ગચ્છપતિની, ત્રિભુવન મંડપ ફરીએરે
॥ ૯ ॥ ભવિ૦ ॥
વિદ્યાગુરૂ વલી અમૃતવિમલ કવિ, મેરૂ વિમલ મનિ ધરીએ ।
જહિત સીખ સુણીને લોકાં, ભવિજન હિયડે ધરીએરે
॥ ૧૧ ॥ ભવિ૦ ।
શિવસુખ સંપદ વરીએરે
તપગચ્છ અંબર ભાણ સમોવડિ, શ્રી વિજય પ્રભ સૂરિ
વિનય વિમલ કવિરાજ શિરોમણિ, સુવિહિત મુનિ ધુરિ ધરિઆ
ધીર વિમલ પંડિત તસ સેવક, જસયસ ત્રિભુવન ભરીયેરે
॥ ૧૨ ॥ ભ૦ ॥
શ્રી નયવિમલ વિબુધ તસ સેવક, તિણિ એ ઉપનય કરીયે ।
એ ઉપનય ભણતાંને ગુણતાં, મંગલ કમલા વરીયેરે
॥ ૧૩ ॥ ભવ૦ ॥
ઇતિ શ્રી નરભવ દસ દૃષ્ટાંતાધિકારે સઝાય ॥૧૨॥

અથ કુંવર રાજઋષિ સઝાય.

રાગ–રામગિરી.
(તુંગીયા ગિરિ શિખરે સોહે–એ દેશી)

સહજ સુંદર મુનિ પુરંદર, વંદિયે ધરિ ભાવશે ભવિ મહોદધિ

તરણ પ્રવહણ, સાધુ વંદન નાચરે ॥૧॥ સહજ૦॥
દેવ કુંજર નૃપતિ નંદન, રાજકુંજર ભૂપરે ।
કાન કમાલ ઋષિ સરવર, રાજહંસ સરૂપરે ॥૨॥ સહજ૦॥
અન્ય દિન ઉદ્યાનમાંહિ, ગયા ક્રીડન કાજેરે ।
અરૂણોદય તેજ હેજિ, વિકસતાંબુજ રાજરે ॥૩॥ સહજ૦॥
સંત વિરસે ધમ વસંતે, કરી નવનવ રંગેરે ।
ધમ કરંતા સાંજ સમયે, પ્રગટીયેા બહુ રંગરે ॥૪॥ સહજ૦॥
કમલ કાનન મ્લાન દેખી, થયા તરૂ વિચ્છાયરે ।
ચકવાકી વિરહ આતુર, વિસતર્યું ભુછાયરે ॥૫॥ સહજ૦॥
તેહ દેખી નૃપતિ ચિંતે, અહેા અહેા શ્યું એહરે ।
સંધ્યા વાદલ પરિ વિચાર્યું, અથિર તનુ ધન ગેહરે ॥૬॥ સહજ૦॥
ધમ અનિત્યે ભવસરૂપે લહેા ભાવ ઉદાસરે ।
લહ્યું કેવલ નાણ ઉજવલ, સાધુ વેશ પ્રકાશેરે ॥૭॥ સહજ૦
સહસ્ર દસ નિજ પુત્ર સાથે, પરિવરીયા વિચરંતરે ।
ભવિક જન ઉદ્ધાર કરતાં, જ્ઞાન વિમલ મહંતરે ॥સહ૦॥

ઇતિ કુંજર રાજઋષિ સઝાય

અથ મહસેન મુનિ સઝાય

(દેશી રસીયાની)

સહજ સેાભાગી હેા સાધુ શિરેામણિ, શ્રીમહસેન નરિંદ મેાહનીયા ।
સંવેગી સમતારસ પૂરીએા, ચંપાપુર તણેા ધંદ મેાહનીયા૦ ॥ ૧ ॥ સહિજ૦ ॥
અણિરથ વિદ્યાધર કુલ દિનમણિ, મણિમાલા સુતસાર મેાહનીયાં ।
શ્રી સીમંધર જિન પાસે લિઇ, પંચમહાવ્રત ભાર । મે હ૦ ॥૪॥ સહિજ સેા૦॥
સુરતરૂ એક મનેાહર વાવીએા, આપે સીંચેારે રંગિ મેા૦॥

શાખા ફલદલ પરિમલ પૂરિયો, વાધ્યો અતિહિ ઉત્તંગ ।
મો૦ ॥૫॥ સહજ મો૦॥
નિસવિનતે પાસે વિલસે, ઘણું મંદિર કરી અદ્‌ભુત । મો૦ ।
નાટક નવિર છંદિ દેખતાં, જિન નંદન પુરૂહુત મોહનીયાં
॥ ૬ ॥ સહ૦
તેહ કુવાય વશે તરૂ શોષીઓ, શટિત જીરણ થયો રૂપ મો૦॥
નિરખી નેહ થકી તવ ચિંતવે, એ સંસાર સ્વરૂપ ।
મોહ૦ ॥ ૫ ॥
જો એજ શમય ચિંતા વાયથી, નિર્બલ હોઈ શરીર । મો૦।
ધર્મ પરાક્રમ તિહાં થાવે નહી, કિમ લહે ભવતીર,
મોહનીયાં ॥૬॥ સહજ૦॥
ધમ વૈરાગ્યે ચારિત આદર્યું, પંચસયાં સુત સાથ મો૦।
ચઉનાણી ચોખે ચિત વિચરતાં, પ્રણમે સુરનર નાથ ।
મો૦ ॥ ૭ ॥ સહજ૦॥
ઉત્તમ નર થોડા ઉપદેશથી, ધમ પામે પ્રતિબોધ । મો૦ ।
જ્ઞાનવિમલ ગુણ આગર વંદિ, એહવા મુનિવર ચોધ ।
મો૦ ॥૮॥ સહજ૦॥

ઇતિ શ્રી મહસેનમુનિ સઝાય

અથ જયભુષણ મુનિ સઝાય

(શીલ સોહામણું પાલીયે–એ દેશી)

નમો નમો જયભૂષણ મુનિ, દુષણ નહી લગારરે ।
શોષણ ભવજલ સિંધુના, પોષણ પુન્ય પ્રચારરે ॥૧॥ નમો૦॥
કીર્ત્તિભૂષણ કુલ અંબરિ, ભાસન ભાણ સમાનરે ।
કોસંબી નયરી પતિ, માય સ્વયંપ્રભા નામરે ॥૨॥ નમો૦॥
પરણી નિજ ઘરિ આવતાં, સાખિ સવિ પરિવારરે ।
જયધર કેવલી વંદીયા, નિસુણી દેશના સારરે ॥૩॥ નમો૦

પૂરવભવની માડલી, પરણી તે ગુણગેહરે ॥
જયમુંદરીયે સ્વયંવરા, આણી આધક સનેહરે ॥૪॥ નમો૦॥
તે નિસુણીને પામીએા, જાતિ સ્મરણ તેહરે ।
સંયમલે સહસ પુરૂષસ્યું, વનિતા સાથે અછેહરે ॥૫॥ નમો૦॥
એક અનંતપણે હોઇ, સંબંધે સંસારરે ।
ઇણ પરિભાવના ભાવતાં, વિચરે પૂરવ ધારરે ॥૬॥ નમો૦॥
ઘાતિકર્મ ક્ષયે ઉપનું, કેવલ જ્ઞાન અનંતરે ।
પર ઉપગાર કરે ઘણા, સેવે સુરનર સંતરે ॥૭॥ નમો૦॥
ઇમ વિરમે જે વિષયથી, વિષ સમ કટુફલ જાણીરે ।
જ્ઞાનવિમલ ચઢતી કલા, થઇ તે ભવિ પ્રાણીરે ॥૮॥ નમો૦॥
ઇતિ શ્રી જયભૂષણ મુનિ સઝાય ॥

અથ પદ્મનાભ નૃપ સઝાય.

(પુત્ર તુમારારે દેવકી—એ દેશી)

પદ્માવતી સમ પદ્મપુરીનો, પદ્મનાભ નૃપ રાજે ।
પુષ્પ રમણ ઉદ્યાને પોહતો, પ્રમદા પરિકરિ સાજે ॥૧॥
રૂડે રૂપેરે પય પ્રણમે મુનિ તણા, મુનિવર મહિમાવંત । રૂ૦ ।
સૂધા સંયમવંત રૂ૦ ॥ આંકણી ॥
ચંપકતરૂ તલે ધ્યાન ધરંતો, ચંપક વરણી કાયા ।
અભિનવ તેજી તરણિ અનુકરતો, ધનિ એ મુનિરાય ॥૨॥ રૂડે૦॥
હરખે નિરખી વંદી પૂછે, કિમ પામ્યો વૈરાગ્ય ।
યૌવનવય ભલપ્તે વેશે, પામ્યા ભવનો તાગ ॥૩॥ રૂડે૦॥
મુનિ કહે સુણ નરપતિ ધરી નેહે, એ સંસાર સ્વરૂપ ।
એક જીવ સંબંધ અનેકે, ધારે બહુવિધ રૂપ ॥૪॥ રૂડે૦॥
મુજ માતા મુજ જનમ સમયમાં, મરણ લહી ઇણ નયરે ।
ઇભ્યગૃહે પુત્રી ઉપની, રૂપવતી ગુણભરિરે ॥૫॥ રૂડે૦॥
કર્મયોગિ વિવાહ સમયમાં, વેંતા ચમરીમાંહિ ।

અથશ્રી આઠ દ્રષ્ટિની સઝાય. ॥ ચોપાઈ ॥

ચિદાનંદ પરમાતમરૂપ પ્રણમી બોલું દ્રષ્ટિ સરૂપ
યોગદ્રષ્ટિ સમુચ્ચયથી લહી આઠ દ્રષ્ટિ જે પ્રવચન કહી ॥૧॥
મિત્રા તારા દીપ્રા બલા સ્થિરા પ્રભા કાંતા સુણપરા
આઠે યોગ દ્રષ્ટિનાં નામ એ સંમત કિરિયાનાં ઠામ ॥૨॥
આઠ કર્મક્ષય ઉપરામે હોય ઓઘ દ્રષ્ટિ જાણો સહુ કોય
નિયમાદિક સહુ રૂઢિ કરે ગ્રંથિ પાસે તે ફિરવું કરે ॥૩॥
મિથ્યાગુણઠાણું જિહાં મિથ્યા દ્રષ્ટિ કહી જે સોય
રાગ દ્વેષ મંદ પરીણામ નિયમ કરે પણ નહી મન ઠામ ॥૪॥
અનુદ્વેગને ઇચ્છાસાર તારા દ્રષ્ટિ કહો જે સાર
દીપક પરે કરે ઘરને પ્રકાશ કહઈ મોક્ષપણે પહેમ ગુણવાસ ॥૫॥
દીપ્રા દ્રષ્ટિ કહીજે તાસ જસ વાંછકને કિયા અભ્યાસ
બલા ચોથી દ્રષ્ટિ કહાય શાસ્ત્ર બોધ પણ નહી નિરમાય ॥૬॥
ગ્રંથી ભેદ જબ કરે સુજાણ સ્થિરા દ્રષ્ટિ તવ પામે ભાણ
વિષય કષાય દમિ કરે દયા સર્વ જીવરયું રાખી મયા ॥૭॥
પ્રભા દ્રષ્ટિથી સકલ વિવેક પ્રગટે જ્ઞાન દીપક તવ છેક
કાંતા દ્રષ્ટિ સહુને નમે પ્રમાદ પાંચેને વલી દમે ॥૮॥
નિરતિચાર કિયાનુષ્ઠાન શુદ્ધ ઉપયોગ સચ્ચે સાવધાન
ધર્મોધમ કરવા ઉજમાલ શુદ્ધ વિધે કરણીને ઢાલ ॥૯॥
ધ્યાનાદિક સમવસ્થા કરે જે કુવિકલ્પ સવિ પરિહરે
નિર્વિકલ્પ ગુણ ધ્યાનારૂઢ પરા દ્રષ્ટિ જિહાં કિરિયા ગુઢ ॥૧૦॥
તણ૨ ઝાંખર કાષ્ટનિલડ લેશાઇ દિપશિખાપ તારાદ રવિ૭ દેશ
ચંદ્ર સમાન પ્રભા એહની આઠે દ્રષ્ટિ પ્રભા તેહની ॥૧૧॥
પ્રથમ ચાર અનુસારે કિયા કરતાં પામે ભવ વિક્રિયા
અંતિમ ચાર થકી સુખ લહે દર્શન જ્ઞાન ચરિત જિહાં કહે ॥૧૨॥
અંતિમ એક પુદ્ગલ સંસાર ભવ્ય લહે મિત્રાદિક ચ્યાર
અર્ધ પુદ્ગલે સ્થિરાદિક હોય અભવ્ય જીવ ન લહે એ કોય ॥૧૩॥
જ્ઞાન દ્રષ્ટિ સહુ એવી દ્રષ્ટિ જેહ વિચારે તેહ વિશિષ્ટ

ચેતન જ્ઞાન લહી અમ ચેતી જ્ઞાનવિમલ સુરિ
કહે ભવિહિત ॥ ૧૪ ॥

અથ દશવિધ યતિધર્માધિકારે પ્રથમ સઝાય ॥

દૂહા.

સુકૃત લતા વન સિંચવા નવ પુષ્કરવર ધાર
પ્રણમી પદ યુગ તેહના ધર્મ તણા દાતાર ॥૧॥
દશવિધ મુનિવર ધર્મજે તે કહિયે ચારિત્ર
દ્રવ્યભાવથી આચર્યા તેહના જનમ પવિત્ર ॥૨॥
ગુણ વિણ મુનિનું લિંગજે કાશ કુસુમ ઉપમાન
સંસારે તેહવાં કહ્યાં અવિધ અનંત પ્રમાણ ॥૩॥
તેહ ભણી મુનિવર તણા, ભાખ્યુ દસ વિધ ધર્મ
તેહને અતિ આરાધતાં, પામિજે શિવ સર્મ ॥૪॥
ખંતિ૧ મદ્દવ૨ અજજવા૩ મુત્તિ૪ તવ૫ ચારિત્ર૬
સત્ય૭ શૌચ૮ નિસ્પૃહપણું૯ બ્રહ્મચર્ય૧૦ સુપવિત્ર ॥૫॥

ઢાલ ભાવનાની.

પહિલો મુનિવર ધર્મ સમાચર્યોજી ખંતિ ક્રોધ નિરાસ
સંયમ સાર કહે ઉપશમ છતેજી સમકિત મૂલ નિવાસ ॥
પહિલો૦ ॥૧॥
પંચ ભેદ તિહાં ખંતિ તણા કહયાજી ઉપકારને૧ અપકાર.૨
તિમવિપાક૩ વચન૪ વલી ધર્મથીજી૫ શ્રી જિન જગદાધાર
॥૫૦ ॥ ૨ ॥
સમતા ક્ષિરોદધિને આગલેજી સુરનર સુખ એક બિંદુ
પર આશા દાસી તસ નવિ નડેજી તસ સમ સુરતરૂ કંદ
॥ ૫૦ ॥ ૩ ॥
પ્રથમ ત્રિવિધ જે ખંતિ તણે ગુણેજી વાધે જસ સૌભાગ્ય
ચોથે અઉગતિ વારક પંચમીજી આતમ અનુભવ લાગ
॥ ૫૦ ॥ ૪ ॥

પારસ ફરસે રસ કુપી રસેજી લોહ હોય જિમ હેમ
તિમ સમતા રસ ભાવીત આતમાજી સહજ સરૂપી પ્રેમ
॥ ૫૦ ॥ ૫ ॥
ઉપશમ કેરા એક લવ આગલેજી દ્રવ્ય ક્રિયા મહા લાખ
ફલ નવિ આપે તે નવિ નિર્જરાજી એહવી પ્રવચન સાખ
॥ ૫૦ ॥ ૬ ॥
ખંધક સીસ સુકોસલ આદિ દેઇજી ગયસુકુમાલ મુણિંદ
કુરગડુ પ્રમુખા જે કેવલીજી સમતાના ગુણ વૃંદ ॥૫૦ ॥૭॥
કાર્ય અકાર્ય હિતાહિત નવિ ગણેજી ઇહ લોક પરલોક વિરૂદ્ધ
આપ તપી પરતાપે તપને નાશવેજી ક્રોધ વશે દુર્બુદ્ધ ॥૫૦ ॥૮॥
શિવસુખ કેરો કારણ છે ક્ષમાજી ધર્મ સંવેગનું મૂલ
દુરિત ઉપદ્રવ નાશે ખંતિથીજી જિમ વિદ્યા અનુકુલ ॥૫૦ ॥૯॥
ઇમ જાણીને મૈત્રી આદરોજી કીજે સમતા સંગ
જ્ઞાનવિમલ સૂરીશ કહેજી ખંતિ શિવસુખ અંગ ॥૫૦॥ ૧૦॥
ઇતિ ॥

અથ યતિ ધર્માધિકારે દ્વિતીય સજ્ઝાય.

દુહા.

વિનય તણો એ હેતુ છે ક્ષમા પ્રથમ ગુણ જાણ
વિનયાધિષ્ઠિત ગુણ સવે જે મૃદુતા અનુમાન ॥૧॥
જિમ પાસુદી કેલવી અધીક હોય આસ્વાદ
તિમમાર્દવ ગુણથી લહે સમ્યગ્ જ્ઞાન સવાદ ॥૨॥

હાલ. રામ ભણે હરિ ઉઠીયે એ દેશી. ॥

બીજો ધર્મ એ મુનિતણો મદ્દવ નામા તે જાણીરે
મૃદુતા માન રાસથી વિનયાદિક ગુણ ખાણિરે ॥
વિનયે શ્રુત સુપ્રમાણરે શ્રુત તે વિરતિનુ ઠાણરે

અનુક્રમે કર્મ નિર્વાણરે અનુભવ રંગીરે આતમા
મુખી તું માનનો સંગરે નિર્મલ ગંગ તરંગરે
જિમ લહે જ્ઞાન પ્રસંગરે હોય અક્ષય અભંગરે
સુયશ મહોદય ચંગરે સમકિત જ્ઞાન એકંગરે
સહજ ગુણે સુખ સંગરે ॥અનુભવ૦॥ એ આંકણી ॥૧॥
મહા મહાવિષધરે ડસ્યા ન રહે ચેતના તાસરે
આઠે મદ ફણા ટોપસ્યું અહનિશ કરતા અભાસરે
ધ્યાન અશુભ જીહ જાસરે નયણ અરૂણ રંગ વાસરે
અમરીખ કંચુક પાસરે નિત ઉત્કર્ષ વિલાસરે ॥અનુ૦॥૨॥
ગુણસ્તવ દેખીને આપણો સુમતિ મૂઠો તું થાયરે
દોષ અનંતનો ગેહ છે પર દોષે મન જાયરે
તઈ વાસી પટ કાયરે ભાગી અનંત વિકાયરે
કાલ અનંત વહાયરે નહી કો શરણ સહાયરે
કરી હવે ધર્મ ઉપાયરે જિમ લહે શિવપુર ઠાયરે ॥અનુ૦॥૩॥
જ્ઞાનાદિક મદ વારીયો જે વિહુ ત્રિભુવન રાયરે
તો શીવાત પરમ પદતણી માને લઘૂપણું થાયરે
ખલતું ણિરૂઢ કહાયરે નહી તસ વિવેક સહાયરે
ક્રોધ મતંગજ ધાયરે હાહે ગુણ વણરાયરે ॥અનુ૦॥૪॥
જાતિ મદે જિમ દ્વિજ લહ્યો કુંઅપણું અતિ નિંદરે
કુલમદેથી લહ્યો ઉપના દ્વિજ ઘરે વીર જિણંદરે
લાભ મદે હરિચંદરે તપ મદે સિંહ નરિંદરે
રૂપે સનત નરીંદરે શ્રુત મદે સિંહ સુરિંદરે ॥અનુ૦॥૫॥
જ્ઞાન હલું તસ જાણીયે જસમદ વિષ ઉપસંતરે
તે ભણી જો મદ વાધીયો તો જલધિ અનલ ઉઠંતરે
તરણીથી તિમિર મહંતરે ચંદથી તાપ ઝરંતરે
અમૃતથી ગદ હુંતરે માન કરે તેહ સંતરે ॥અનુ૦॥૬॥
રતબંધ હોય પરમત પરે ઉર્ધ્વમુખી અભિમાનીરે
ગુરૂ જનને પણ અવ ગુણે આપે નવિ બહુમાનરે
નવિ પામે ગુરૂ માનરે ધર્માદિક વર ધ્યાનરે
ન લહે તેહ અજ્ઞાનરે દૂર્લભ બોધિ નિદાનરે

તે લહે દુખ અસમાનરે ॥અનુ૦ ॥૬॥
ઈમ જાણીનેરે આતમા છંડીજે અભિમાનરે
માર્દવ ગુણ જિમ ઉપજે વાધે જસ બહુ માનરે
થાઉં સંયમી સાવધાનરે નહી તસ કોઇ ઉપમાનરે
જ્ઞાન વિમલ ધરો ધ્યાનરે ॥અનુ૦ ॥૭॥

ઇતિ ॥

અથ યતિ ધર્માધિકારે તૃતીય સઝાય.

દુહા.

મૃદુતા ગુણ તો દ્રઢ હોવે જો મન ઋજુતા હોય
કોદરિ અગ્નિ રહે હુતૈતરૂ નવ પલ્લવ હોય ॥૧॥
આર્યવ વિણ નવિ શુદ્ધ છે અશુદ્ધને ધારે ધર્મ
મોક્ષ ન પામે ધર્મ વિણ ધર્મ વિના નવિ શર્મ ॥૨॥

ઢાલ. રાગ મારૂણી ચેતન ચેતનોરે એ દેશી ॥
ત્રીજો મુનિવર ધર્મ કહીજે અતિ ભલોરે આર્દવ નામે જેહ
તે ઋજુતા ગુણ માયા નાશ થકી હોવેરે કપટ તે
દુરિતનું ગેહ ॥ ૧ ॥
મુનિવર ચેતજોરે લેઇ સંયમ સાર
કપટ કુગતિનુ દાયક શ્રી જિનવર કહેરે
સંયમ થાયે અસાર મુનિવર ચેતજોરે ॥એ આંકણી॥
વિષય તણો આશંસા ઇહપર ભવ તણીરે
માન પૂજા જસવાદ તપ વ્રત શ્રુત રૂપાદિક ગુણના તે કહ્યારે
તે ન પ્રબલ ઉન્માદ ॥મુનિ૦ ॥૪॥
તે કીલ વિષ અવતાર લહીને સંપજેરે એલમૂક નરભાવ
નર તિરિ ગતિ તસ બહુલી દુર્લભ બોધિયારે માયા મોસ

પ્રભાવ ॥મુ૦ ॥૫॥
માયી નર અપરાધ કરે નવિ સહજ ગીરે તોહે તસ વિશ્વાસ
ન કરે સર્પ તણી પરે કોઇ તેહનોરે આપ દાષે હુત આસ
॥ મુ૦ ॥ ૬ ॥
શુદ્ધ ચરણધર મહાબલ તપ ભર્યા થકારે જુએ બાંધ્યો સ્ત્રી વેદ
તો શું કહેવું વિષયાદિક આશંસનુરે નિયમિતણા બહુ ક્ષેદ
॥ મુ૦ ॥ ૭ ॥
વંશ જાલપરે માયાતા ગુઢમૂલ છેરે મોહાદિક અરિવૃંદ
એહમાં પેશી આતમ ગુણ મણિને હરેરે નવિ જાણે તે મંદ
॥ મુ૦ ॥ ૮ ॥
પરવંચો ઇમ જાહો જે છલ કેલવેરે તે વંચાય આપ
શુભ નર સુરગતિ તેહને જાણો વેગલીરે પામે અધિક સંતાપ
॥ મુ૦ ॥ ૯ ॥
મીઠું મનોહર સાકર દુધ છે ઘણુંરે પણ વિષનો જિમ ક્ષેલ
તિણિપેરે સંયમ માયા મિશ્રિત જાણીયેરે ન લહે સમકિત
મેલ ॥મુ૦ ॥૧૦॥
દુર થકી પરિહરીયે માયા સાપણીરે પાપણી ગુંથે જાલ
જ્ઞાનવિમલ ગુણ અમૃત લહરિ છટા થકારે દોહગ દુખ
વિસરાલ ॥મુ૦ ॥૧૧॥
ઇતિ ॥

અથ યતિ ધર્માધિકારે ચતુર્થ સઝાય.

દૂહા

નિર્લોભી ઋજુતા ધરે લોભે નહી મન શુદ્ધ
દાવાનલ યથે તેહને સર્વ ગુણની રુદ્ધ ॥૧॥
રાજપંથી સવિ વ્યસનનો સર્વ નાશ આધાર
પંડિત લોભને પરિહરે આદર દીયે ગમાર ॥૨॥

ઢાલ ત્રિંબીયાનિ

સીલ સુરંગીરે મયણરે હસતી એ દેશી. ॥

ચોથો મુનિવર ધર્મ એ જાણીયે મુક્તિ નામે અનુપજી
લોભ તણા જયથી તે સંપજે નિર્મોહી મુનિ ભુપજી ॥૧॥
મમતા માણારે મુનિ દિલ આપણે મમતા દુરગતિ ગમોજી
મમતા સંગે સમતા નવી મલે છાયા તપ એક ઠામોજી
॥ ૨ ॥ મ૦ ॥

લોભ જલધિ જબ લહરે ઉલટે લોપે શુભ ગુણ ટેશોજી
સેતુ કરે જે તિહાં સંતોષજી ॥મ૦ ॥૩॥
દ્રવ્યોપગરણ દેહ મહિમપણું અસનપાન પરીવારજી
ઇત્યાદિકનીરે જે ઇહા ધરે કેવલ લિંગ પ્રચારજી ॥મ૦ ॥૪॥
લાભ અલાભે સુખદુખ બેયણા જે ન કરે તિલ માત્રજી
ઉપશમ ઉદય તણો અનુભવ ગણે જાણે સંયમ યાત્રજી ॥મ૦ ॥૫॥
લોભ પ્રબલથીરે થિરતા નવિ રહે હોઇ બહુ સંકલ્પજી
સત્યાદિક ગુણ તસ નવિ વધે દુર્ધ્યાનાદિક તલ્પજી ॥મ૦ ॥૬॥
લોભે ન હણ્યા રમણીયે નવિ છલ્યા ન મિલ્યા વિષય કષાયજી
તે વીરતા જગમાંહિ જાણીયે ધનધન તેહની માયજી ॥મ૦ ॥૭॥
લોભ તણુ થાનક નવિ જીતીયે જે ઉપશાંત કષાયજી
ચોગઇગમણ કરાવે તિહાં થકી પુનરપિ આતમરાયજી ॥મ૦ ॥૮॥
તસ કિંકર પરે અમર નિકરસવે નહી ઉણતિ તસ કાંઇજી
જસ આતમ સંતોષ અલંકર્યો તસ ત્રિભુવન ઠકુરાઇજી ॥મ૦ ॥૯॥
અનુભવ રસમય ચારિત્ર ફલ ભણું તે નિરલોભ પસાયજી
જ્ઞાનવિમલ પ્રભુતા લહે અતિ ઘણી ઉદય અધિક તસ થાયજી
॥ મ૦ ॥ ૧૦ ॥

॥ ઇતિ ॥

અથ યતિ ધર્મ અધિકારે પંચમ સઝાય.

દુહા

નિર્લોભી ઇચ્છા તણો રોધ હોય અવિકાર
કર્મ તપાવન તપ કહ્યો તેહના બાર પ્રકાર ॥૧॥
જેહ કષાયને શોષવે ત્રિસમય ટાલે પાપ
તે તપ કહીયે નિર્મલો બીજો તનુ સંતાપ ॥૨॥

ઢાલ. કપુર હોવે અતિ ઉજલોરે એ દેશી ॥

શક્તિ સ્વભાવે તપ કહ્યોરે પંચમ મુનિવર ધર્મ
પંચમ ગતિને પામવારે અંગ અ છે શુભ મર્મ ॥૧॥
સોભાગી મુનિવર તપ કીજે અનિદાન એ સમતા સાધન
ધ્યાન ॥ એ આંક ॥
ષટ વિધ બાહિરને તે કહયોરે અભ્યંતર ષટ ભેદ
અનાસંસ અગિલાંણતારે નવિ પામે મન ખેદ ॥સો૦ ॥૨॥
અશનેરૂ ઉનોદરીર વૃત્તિ સંક્ષેપ૩ રસત્યાગ૪ કાયકિલેશ૫
સંલીનતા૬ બહિર તપ ષટ વિધ ભાગ૭ ॥સો૦ ॥૩॥
અશન ત્યાગ અનશન કહ્યોરે તેહ દુવિધે જાણી
ઇત્વરૂ૧ યાવત કથિકછેરે૨ તનુ બહુ સમય પ્રમાણી ॥સો૦ ॥૪॥
ઉણોદરી ત્રણ ભેદનીરે ઉવગરણા૨ શનપાનર
ક્રોધાદિકતા ત્યાગથીરે ૩ ભાવ ઉણોદરી માન ॥સો૦ ॥૫॥
દ્રવ્ય૧ ક્ષેત્ર૨ કાલ૩ ભાવથી૪ વૃત્તિ સંક્ષેપ એ ચ્યાર
વિગયાદિક રસ ત્યાગથીરે ભાખ્યા અનેક પ્રકાર ॥સો૦ ॥૬॥
વીરાસનાદિક ઠાયવુંરે લોચાદિક તનુ કલેશ
સંલીનતા ચઉ ભેદનીરે ઇંદ્રિય યોગ નિવેશ ॥સો૦ ॥૭॥
એકાંત સ્થલ સેવવુંરે તિમ કષાય સંલીન
અભ્યંતર તપ ષટ વિધેરે સેવે મુનિ ગુણલીન ॥સો૦ ॥૮॥
દશવિધ પ્રાયશ્ચિત્ત ગ્રહેરે વિનય તે સાત પ્રકાર
દશવિધ વેયાવચ્ચ કરેરે સઝાય પંચ પ્રકાર

અથ શ્રી સ્થૂલભદ્રની સઝાય.

સદ્‌ગુરૂ વચન શિર ધરી મન મદ માર ટાલ
થૂલીભદ્ર મુનિવર આવિયા કોશ્યા મંદીર પોલ ॥૧॥
ઉઠ હાથ અલગી રહે કોશ્યા દીયે નીજ બોલ
ચાર ચીત્રશાલીએ મુનિવર રહ્યા અડોલ ॥૨॥

ઢાલ

કોશ્યા કહે થૂલભદ્રને રે, કીડા કરો ચકડોલ
મારને પાસે સોગઠેરે, અમર ઘરએઘ રંગરોલ
મુનિવર કોશ્યાએ રંગરોલ ॥૩॥
થૂલીભદ્ર વળતું ઈમ બોલેરે, કોશ્યા કેરો હુમ બોલ
અરિહંત નામ નરેસરૂરે, અમ ઘર એ રંગરોલ ॥કોશ્યા. ॥૪॥
સાલદાલ સુભે લણારે, પાલી ધીશું ઝબોલ
ભોજન કીજે ભાવતાંરે, અમ. ॥થુલભદ્ર ॥૫॥
સરસ નીરસ એકઠેરે, ભોજન કીજે ઘોલ
સ્વાદ લંપટપણું પરી હરીરે, અમ. ॥થુલભદ્ર ॥૬॥
કીજે કપૂરે કોગળારે, મુખ મેલું તંબોલ
ધન્ય-નખ્યો હારેહદય ધરૂંરે, અમ. ॥થુલભદ્ર ॥૭॥
સુકૃત કરી કોગળારે, મુખ્ય બોલ્યું સત્ય બોલ
નવપદ ધ્યાન તે ધરેરે, અમ. ॥કોશ્યા ॥૮॥
આંખડી આછી આંજી, ઐરઝકે ઝાલ કપોલ
પીત પીતાંબર પહેરિએરે, અમ. ॥થુલભદ્ર ॥૯॥
લોચ કરાવું કેશનારે, માથે ન બાંધું ફાલ
જીર્ણ વસ્ત્ર પહેરૂં સદારે અમ. ॥કોશ્યા. ॥૧૦॥
વારૂ વિલેપન કીજેરે, કીજે અંગ અંધોલ
સુંદર શરીર સોહાવીયેરે અમ. ॥થુલભદ્ર ॥૧૧॥
ચારૂં વિલેપન વારીએરે વારીએ અંધ અંધોલ
સરસ શરીર સોહાવીએરે અમ. ॥કોશ્યા ॥૧૨॥
સુખ સજ્યાંઈ પોઢીયેરે, હેંચીયે હર્ષ હેંડોલ

ચૂપ ઘટ અતિ મહમહેરે, અમ. ।।થુલભદ્ર. ।।૧૩।।
સુંદર વર ઈમ સુંદરીરે, પાંસુ કરેરે કલ્લોલ
જ્ઞાનનો દીપક દીપે ભલોરે, અમ. ।।કોશ્યા. ।।૧૪।।
પ્રીતિવિમલ કહે પ્રાણીયારે, કોશ્યા સ્થુલીભદ્ર બોલ
ભણે ગણે જે સાંભળેરે, તેહને ઘરે રંગરોલરે ।।મુ. ।।૧૫।। ઇતિ.।।

કલિયુગની સજઝાય.

ઢાલ

માય કહે મુજ નાનડી બેટી દીનપ્રભોલસ વાયોરે
કૂડો કલિયુગ યારો કૂડો કલિયુગ આયોરે ।।૧।।
રાજા તે પરજાને પીડે કો નર કામ ભોલાયો
બોજ બંધ નહી મંત્રીને ગોચર ખેત્ર ખણાયોરે ।।યા. ।।૨।।
હલ બેડ બ્રાહ્મણ ગઉ જોતી નીર દહીં ના કઢાયો
બાપ માયે બેટીને વેચી બેટાને પરણાયોરે ।।યા. ।।૩।।
ગુરૂને ગાલ દીયે નીજ ચેલા વેદ પુરાણ પઢાયો
સાસુ પાટલે વહુ બાટલે બુબારે ચિત્ત લાયોરે. ।।યા ।।૪।।
જમિ લે બાપ સંઘાતે બેટો ઘણે મનોરથ જાયો
હાથ ઉપાડી માને મારે પરણી શું ચિત્ત લાયોરે ।।યા. ।।૫।।
રાગતણે વસે ગુરૂ ને ગુરૂણી કામ કરે પરાયા
કુલગુરૂની પરવા ન લાવે લાલચ શું ચિત્ત લાયોરે ।।યા. ।।૬।।
નીચ તણે ઘેર લખમી લીલા ઉત્તમ નર નહિ પાયો
નેરધનને બહુ બેટા બેટી ધનવંત એક ન ભાયોરે ।।યા. ।।૭।।
બારે વરસની વહુઅર બેટી જાણે ગોદ ખિજાયો
માગ્યા મેહુલા ન વરસે મહિયલ લોભે ધન ગમાયોરે ।।યા. ।।૮।।
જાગી જંગમને મઠવાસી ભાગ્ય ભખે મદ પાયો
ચાર લંપટ ધન લેઈ જાય જાસી સાધુ જન સિદાયોરે ।।યા. ।।૯।।
લેખવે ભણવે શ્રાવિકા ગુરૂ ચાલે મન ભાયો

કાગાની પેરે કહ્યો મારે કુલ ગુરૂ નામ કહાયોરે ।।યા. ।।૧૦
કૂડા કલિયુગની એ માયા જાણી ગીત ગવાયો
પભણે પ્રીત વિમલ મનોરથ સુકૃત એક ન પાયોરે ।।યા. ।।૧૧।।

ઇતિ।।

અથ પચ્ચખ્ખાણનો સજ્ઝાય.

દેશી કડખાની

પચખ્ખ પચખાણ પરભાતે નોકારશી સયલ કાંઇ દિવસ આલે ગમાવે
ખેપવી એકસો વરસ લગે નારકી તેટલા કરમ દોએ ઘડી સમાવે
।।પચ્ચ. ।।૧।।
આદર જાણે પચખાણ પોરસી તણો સહસ એક વરસ દુઃખ દૂરે ટાલે
સાઢ પોરસી દસ સહસ વરસા લગે લાખ એક વરસ પુરીમઢ પાલે
।।પચ્ચ. ।।૨।।
વદતિ ગુરૂ લાખ દસ વરસ એકાસણે નીવીએ એક કોડિ વરસ વાણી
એકલઠાણું પચખાણ કરતાં કહે કોડિ દસ વરસ દુઃકૃત હાંણી
।।પચ્ચ. ।।૩।।
વરસ સો કોડિ એકલ્લ દત્ત કહે આંબીલે સહસ્સ એ કોડિ ભાખી
વરસ દસ કોડિ સહસ ઉપવાસથી છઠ કરતાં એક કોડિ ભાખી
।।પચ્ચ. ।।૪।।
લાખ દસ કોડિ ફલ અઠમ કહે કેવલી વરસ ક્રોડા કોડી દશમ મેલા
લાભ લહે અધિક પુંડરી કરવત તણો નામ જો ધરતી પચખાણ વેલા
।।પચ્ચ. ।।૫।।
નોકરસી છઠ ફલ પોરસી અઠમ ફલ પુરીમટ્ટે સમ ફલવી બુધ ગાવે
એકાસણે પંચ ઉપવાસ ફલ જાણીયો નીવીએ માસનો અરધ આવે
।।પચ્ચ. ।।૬।।
માસ ફલ આંબિલી સમરિ વિમલાચલે દાઢ માસી ઉપવાસ કરતાં
।।પચ્ચ. ।।૭।।
અનુક્રમે અધિક ફલ પ્રીતી વીમલ કહે શ્રી સંત્રુજ્ય ધ્યાન ધરતાં

ઇતિ।।

અથ મૃગા પુત્રની સઝાય.

સુગ્રીવ નયર સુહામણું જી રાજા શ્રી બલભદ્ર
તસ ઘરણી મૃગાવતીજી તસ નંદન ગુણવંતરે
માડી ખિણ લાખેણોરે જાય ॥૧॥
સંવર ચિંતામણી સમોજી અધિક મોરે મન થાય
તન ધન જોબન કારમોજી ખેણ ખેણ ખુટે આઉરે ॥માડી. ॥૨॥
એક દિન બેઠા માલીયેજી નારીને પરિવાર
સીસ સુર દાજે તલેજી દીઠા સિરી અણગારરે ॥માડી. ॥૩॥
તસ દરસણ ભવ સાંભર્યોજી આવ્યો મન વૈરાગ્ય
આમણ દુમણ ઉતર્યોજી લાગ્યો માતાને પાયરે ॥માડી. ॥૪॥
પાય લાગીને વિનવેજી સાંભલ મોરીરે માત
નાટિકની પરે નાચીયોજી હવે ન ખેલું ઘાતરે ॥માડી. ॥૫॥
સાતે નરકે હું ભમ્યોજી અનંત અનંતીરે વાર
છેદન ભેદન તિહાં સહ્યાંજી કહેતાં ન લહુ પારરે ॥માડી. ॥૬॥
સાયર જલ પીધાં ઘણાંજી વલી પીધાં માયના થાંન
નૃપતિ ન પામ્યો પ્રાણીયોજી વલી વલી માંગું માનરે
॥માડી. ॥૭॥
વયણ સૂણી બેટા તણાજી જનની ઘરણી ઢલંત
ચિત્ત વલ્યું તવ આરડેજી નયણે નીર ઝરંતરે ॥માડી. ॥૮॥
વલતું માડી ઇમ ભણેજી સાંભલ મોરારે પુત
મન મોહન ચુઝ વાલહોજી કાંઈ ભાગે ઘર સુતરે જાય
તુજવિણ ઘડીય ન જાય ॥માડી. ॥૯॥
બેટા મંદિર માલીયાંજી નારીનો પરિવાર
વરછ તુમ પાખે એ સહુજી રણ સમોવડી થાયરે જાયા ॥તુ. ॥૧૦॥
ઇસ અસવાડા ઉદર ધર્યોજી જનમ તણાં દુઃખ દીઠાં
કનક કચોલે પોષીયોજી હવે હું થઈ અનિહરે જાયા ॥તુ. ॥૧૧॥
જોવન વય રમણી તણાજી લીજે બહુલારે ભોગ
એ જોવન વીત્યાં પછીજી આદરજો તપ જોગરે જાયા ॥તુ. ॥૧૨॥

ઘર ઘર ભિક્ષા માગવીજી અરસ વીરસ આહાર
ચરિત્ર છે વચ્છ દોહ્યલોજી જેસી આંડાની ધારરે જાય ાતુ. ાા૧૩ાા
પંચ મહાવ્રત પાલવાજી પાલવા પંચ આચાર
દોષ બેતાલીસ ટાળવાજી લેવો સુધ આહારરે જાયા ાતુ. ાા૧૪ાા
મીણ દાંત લોહમે ચિણાજી તું કિમ ચોવીસ વચ્છ
વેલુ કવલ સમા કોલીયાજી સંજમ કહે જિનરાજરે જાયા ાતુ. ાા૧૫ાા
પલંગ તલાઈ પોઢતાજી કરવા ભુમી સંથાર
કનક કચોલા છાંડવાજી વચ્છ કાચલીએ આહારરે જાયા ાતુ. ાા૧૬ાા
શીયાલે શીત વાયછેજી ઉનાલે લુવાય
વરસાલે અતિ દોહીલોજી ઘડી વરસ સો થાયરે
જાયા ાતુ. ાા૧૭ાા
કુંવર ભણે સુણ માવડીજી સંજમ સુખ ભંડાર
ચઉદરાજ નગરી તણાજી ફેરા ટાલણ હારરે જાયા ાતુ. ાા૧૮ાા
સુણ અમારા બાલુડાજી કવણ કરશે તુજ સાર
તું અસમાધી પીડીએાજી ઔષધને ઉપચારરે જાયા ાતું ાા૧૯ાા
સુણ માતા વન મૃગલાં તણીજી કવણ કરેછે રે સાર
વન મૃગલાં પરે ચાલસાંજી અનુમતિ દીયો મોરી માયરે
જાયા ાતુ. ાા૨૦ાા
માય મોકલાવીને વલીજી સમરથ સાહસ ધીર
શ્રી ગુરૂ ચરણે જઈ નમ્યોજી દિક્ષાદ્યો શ્રી વીરરે જાયા ાતુ. ાા૨૧ાા
સૂર નર કિંનર બહુ મલ્યાજી ઉચ્છવનો નહિ પાર
સરવ વ્રતી જેણે આદરીજી જીણ લઈયે ભવ જલ તીરરે
જાયા ાતુ. ાા૨૨ાા
ષટકાય ગોવાલીયોજી ઉપશમ રસ ભંડાર
સૂમતિ ગુપતિ ઋષિ પાલતોજી નિરધારયાં આધારરે
જાયા ાતુ. ાા૨૩ાા
મૃગાપુત્ર ઋષિ રાજીયોજી પામ્યો શિવપુર ઠામ
સિહ વિમલ ધમ વિનવેજી હોજો તાસ પ્રણામરે જાયા ાતુ. ાા૨૪ાા

ઇતિા

અથશ્રી સુલસા શ્રાવિકાની સઝ્ઝાય.

રાગ—બેકરજોડિ વેાહરણ પાંગર્યાજી એ દેશી.

ધન ધન સુલસા સાચી શ્રાવિકાજી જેહને કાંઈ નિશ્ચલ ધર્મ શું ધ્યાનરે
સમકિત ધારી નારી જે સતીજી જેહને વીર દીયે બહુ માનરે
॥ધન ॥૧॥

એક દિન અંબડ તાપસ બેાધવાજી જંપે એહવું વીરજિનેશરે
નયરી રાજગૃહી સુલસા ભણીજી કહેજ્યેા અમારેા ધર્મ સંદેશરે ॥ધન ॥૨॥
સાંભળી અંબડ મનમાં ચિંતવેજી ધર્મ લાભ દીયા જિનવયણરે
એવું કહાવે જિન પણ જે ભણીજી કેવું દૃઢ સમકિત તેહનું રયણરે
॥ધન. ॥૩॥

અંબડ તાપસ પરિક્ષા કારણેજી આવ્યેા રાજગૃહિને બારરે
પહેલું તે બ્રહ્મારૂપ વિકુર્વીજી વૈકીય શક્તિ તણે અનુહારરે ॥ધન. ॥૪॥
પહેલી પેાળે તે પ્રગટ્યા પેખનેજે ચહુ મુખ બ્રહ્માવંદન કેાડિરે
સઘળી રાજપ્રજા સુલસા વિનાજી આવીને વંદે બેઉ કર જોડીરે
॥ધન. ॥૫॥

બીજે દિવસે દક્ષિણ બારણેજી ધર્યો તણેા કૃષ્ણ અવતારરે
આવ્યા પુરિજન તિહાં સઘળા મલીજી પણ નાવી તે સુલસા
સમકિત ધારરે ॥ધન. ॥૬॥

ત્રીજે દીવસે પશ્ચિમ બારણેજી ધર્યો ઈશ્વરરૂપ મહંતરે
તિમહીજ ચેાથે દિને પચવીસમેાજી, આવી સમેા સર્યો અરિહંતજી
॥ધન. ॥૭॥

તેાપણ સુલસા નાવિ વંદવાજી, તેહનું દૃઢ સમકિત જાણી સાચરે
અંબડ સુલસાને પ્રણમી કરીજી કરજોડી કરે એહ વિચારરે ॥ધન.॥૮॥
ધન્ય તું સમકિત ધારી શિરેામણિજી ધન્ય તું સમકિત વિસવા વીસરે
એમ પ્રશંશી કહે સુલસા ભણીજી, જિનજીએ કહીછે ધર્માશિષરે
॥ધન ॥૯॥

નિશ્ચલ સમકિત દેખી સતી તણુંજી તે પણ હુએા દૃઢ મન માંહિરે
ધણિ પરે શાંતિ વિમલ કવિરાયનેાજી બુધ કલ્યાણ વિમલ ગુણ ગાયરે
॥ધન. ॥૧૦॥

જંબુસ્વામીની સઝાય.

સરસત સામીને વિનવું સહગુરૂ લાગુજી પાય
ગુણરે ગાઉ જંબુસ્વામીના હરખ ધરી મન માંહિ
ધન ધન ધન જંબુસ્વામીને ॥૧॥
સંજમ પંથ સ્વામિ દોહલેા વરત ખાંડાની ધાર
વેલુ સમાન વાળવા કોલિયા તે કેમ વાલ્યા જાય ॥ધન. ॥૨॥
પાયે અલવાણ સ્વામિ ચાલવું દીન ઉગે તપેરે લેલાડ
મધ્યાને કરવીજી ગોચરી લેવેાજી સુઝતેા આહાર ॥ધન. ॥૩॥
કોડિ નવાણું સોવન તાહરે તારે છે આઠજનાર
ભોગ વેલારે જોગ કાંઇ લિયેા ભોગવેા ભોગ સંસાર ॥ધન. ॥૪॥
રામ સીતાના વિયેાગથી બહુત હુવેારે સંગ્રામ.
છતીરે નારિરે પિયુજી કાં તજે કાં તજે ધનને માલ ॥ધન. ॥૫॥
પરણીને પિયુજી શું પરિહરેા હાથ મેલ્યાનેા સ્નેહ
ભોગવેલારે જોગ કાંઇ લિયેા ભોગવેા ભોગ અનુપ ॥ધન. ॥૬॥
સંજમ પંથ સ્વામી દોહલેા વરત છે ખાંડાની ધાર.
પછી કરશેા સ્વામિ ઓરતેા જેમ કીયેા મેઘ કુમાર ॥ધન ॥૭॥
રત્નકચેાલ સ્વામિ જમતા કાચલડા વ્યવહાર.
ઢોલ તલે સ્વામિ પેાઢતા સંથારે વ્યવહાર ॥ધન. ॥૮॥
શિયાળે શીતળ ઢળે ઉનાળે લુવાયં
વરસાલે મેલાજી કાપડાં તમે છેા અતિ સુકમાલ ॥ધન ॥૯॥
પંખી મેલાવે સેા મલે પ્રભાતે ઉડિ ઉડિ જાય.
જે જેવી કરણી કરે તે તેવી ગતિ જાય ॥ધન. ॥૧૦॥
જંબુ કહે નારી પ્રતે અમે લેશું સંજમ ભાર
સાચેા સ્નેહ કરી લેખવેા સંજમ લ્યેા અમ સાથ ॥ધન. ॥૧૧॥
તેને સમે પ્રભુ આવિયા પાંચસેં જિ ચેાર સંઘાથ
તેને જંબુ સ્વામી બુઝવ્યા બુઝવી આઠજનાર ॥ધન. ॥૧૨॥
સસરા સાસુજીને બુઝવ્યા બુઝવ્યા માયને બાપ
સુધર્મા સ્વામિ પાસે આવિયા લીધેાજી સંજમભાર ॥ધન ॥૧૩॥
પાંચસે સતાવીસ સંગાથે વિચરેજી મનને ઉલ્લાસ

કર્મ ખપાવી થયા કેવળી પામ્યા ભવ કેરો પાર ।।ધન ।।૧૪।।
સંવત સત્તર છત્રીસઠ્યામાં કહુપર નગર મોજાર.
ભાગ્ય વિમલસુરી ઇમ ભણે જંબુનામે હોા જયજયકાર ।।ધન ।।૧૫।।
।।ઇતિ।।

અથશ્રી વૈરાગ્યની સજ્ઝાય.

રે મન ! માહરા મ પડીશ પંજરે સંસાર માયા જાલ રે.
।। આકણી૦ ।।

સંસાર માયા જાલમાં જેઓ કરે પાપ અનેક
પરભવે નરક નિગોદમાં દુઃખ સહેશે આતમ એકરે ।।મ ।।૧।।
માતા પિતા સુત કામની સહુકુટુંબ મલીઓ એહ
આપ સ્વારથ તણો સહુકો સગો ગરજે દેખાડે નેહરે ।।મ. ।।૨।।
આવ્યો તે ચેતન એકલો જાશે તે પરભવ એક
સાથે કો આવે નહી જો અછે સજ્જન અનેકરે ।।મ. ।।૩।।
રંગભરે સહુ આવી મલ્યું ચિત્ત વિહ્વચયા પરિવાર
દુઃખ દિવસ આવ્યે થકે કાંઇ નહીં જીવ આધારરે ।।મ. ।.૪।।
મેળો મલ્યાદિન પંચનો દશદિશા થકી સવિ આય
જોતાં તે નયણે.....હુહશે જાશે સહુ વેરાયરે ।।મ.।।૫।।
મન મુહનર જાણે નહીં કારમો એ પરિવાર
આપ સ્વારથ સહુકો મલ્યા કારમો એ પરિવારરે ।।મ.।।૬।।
કારમો સગપણ માતનો સહુ જાણજો જગમાંહિ
ચુલણી તે અંગજ બાલવા દીધી તે અગ્ની ઉચ્છાહરે ।.મ.।।૭।।
કારમો સગપણ બાપનો જુઓ કનકરથ નૃપ જેહ
આપણા બાલક છેદીયા કહું જ્ઞાતા માંહે એહરે ।।મ ।।૮।।
કારમો સગપણ કામનીનો જુઓ સુરિકતા નાર
પરદેશી નૃપતિ મારીઓ જે આપણો ભરતારરે ।।મ. ।।૯।।
કારમો સગપણ ભાઇનો જ ! જુઓ પ્રત્યક્ષ એહ
ભરત બાહુબલ લડયા કયાં રહ્યો બંધવ નેહ રે ? ।।મ.।।૧૦।।

કારમો સગપણ પુત્રનો જુઓ કોણિક નૃપતિજ આપ
કાષ્ટ પિંજરમે ઘાલીઓ જે શ્રેણિક નૃપતિજ બાપ રે ॥મ.॥૧૧॥
કારમો સગપણ મિત્રનો કોઇ કહે તો નવિ થાય
મિત્રદ્રોહ કીધો ચાણકે મારીયો પર્વતરાય રે ॥મ.॥૧૨॥
કારમો સગપણ કંથનો નળ કીયો બળ અન્યાય
વનમાંહિ દમયંતી તજી એકલી રહી વિલાપાયરે ॥મ.॥૧૩॥
કારમો સગપણ સર્વનો જે રામ સુભુમ સંસાર
નક્ષત્રી નિર્બ્રાહ્મણી કરી જેમ સાત એકવીસવારરે ॥મ.॥૧૪॥
કારમો સુખ સંસારમે કારમો રાજનો બાર
જેમ સુભુમ બ્રહ્મદત્ત બેહુજણા ગયા સાતમી નરક મઝારરે
॥મા॥૧૫॥
કારમો રૂપ સંસારમે વિણસતાં નહી ક્ષણવાર મત કરો ગર્વ લગાર
વિણસતાં ક્ષણ વેળા નહી, જુઓ ચકી સનત કુમારરે ॥મા॥૧૬॥
કારમો ઋદ્ધિ સંસારમાં ક્ષણમાંહે દશદિશિ જાય.
ચંડાલ ઘર ચાકર રહ્યો જલવહ્યો હરિચંદ રાયરે ॥મા॥૧૭॥
કારમો સંસાર સર્વ એ કારમો કારમો સવિ પરિવાર
કારમી તનધન સંપદા મત કરે ગર્વ ગમાર રે ॥મા॥૧૮॥
એકદિન એચિંતા ચાલવું સર્વ છોડી ને નિરધાર
લેજ્યો તે સંબલ ધર્મનો જે થાયે જીવ આધારરે ॥મા॥૧૯॥
ધન્ય ધન્નોથા વચ્ચામુનિ શાલિભદ્ર જંબુ કુમાર
એહ સંસાર અસાર જાણી જેણે લીધો સંજમ ભારરે ॥મા॥૨૦॥
એમ જાણીને જીવ ચેતજો કરજ્યો ધરમ સુખખાણી
પંડિત વીર વિમલ તણો કહે કુશલ વિમલ ધમ વાણીરે
॥મ૦॥૨૧॥ ઈતિ૦॥

અથ શ્રી સ્વાધ્યાય પ્રારભ્યતે.

રાગ—નવવાડી મુનિસર મનધરો એ દેશી.

શ્રી સદ્‌ગુરૂને ચરણે નમી, હું તો સમરી સરસતી માયરે
કહું સાધુ ધરમ દશવિધ ભલો, જે ભાખ્યો શ્રી જિનરાયરે ॥૧॥
નિજ ધરમ મુનીસર મન ભલો ॥આંકણીઓ॥

મરણાંત જો દુખ કોઇ દીયે, પણ મુનિ સમતા રસે ઝીલેરે
શ્રી ખંધક શિષ્ય તણીપરે, સમયંત્રે કર્મ સવિ પીલરે ॥નિજા ॥૨॥
બહુવંદન સ્તુતિ પૂજા લહી, નવિ માન મુનિ આણેરે
જાત્યાદિક મદ સવિ પરિહરે, બહુ કર્મ કટુક ફલ જાણેરે
॥નિજ૦॥ ॥૩॥
માયાયે તપ ક્રિયા કરે, પણ પામે ગર્ભ અનંતરે
એ જિનવાણી જાણી કરી, મુનિ માયાનો કરે અંતરે ॥નિજા ॥૪॥
જેણે દુવિધ પરિગ્રહ પરીહરી, નિર્લાભ દશા ન સંભાલીરે
વસ્ત્ર અસનાદિક ઇહાં ધરી, તેણે મુગતિ મેહુલી ઉલાલી રે
॥નિજ૦॥ ॥૫॥
મુનિ વરચના મુનિવર પરે, તપઘોર કરી અંગ ગાળોરે
મમતા માયા દુરે ત્યજી, ધર્મ પંચમો નિતુ અજુઆલોરે
॥નિજ૦॥ ॥૬॥
લેઈ સંયમ સિંહ તણી પરે, મુનિ સિંહ તણી પેરે પાળે રે
શ્રીગજ સુકુમાલ તણી પરે, ધ્યાન અનલે કર્મ પ્રજાલેરે ॥નિજા॥૭॥
મુનિક્રોધાદિક ચઉકારણે, અસત્ય વચન નવિ ભાખેરે
જીનરાજની આણા પાલંતો, શિવસુખ અમૃતરસ ચાખેરે ॥નિજા॥૮॥
ચઉભેદ અદત્તમુનિ પરિહરી, ધર્મ આઠમો અહનિશ પાળેરે
ભાવશોચ અમૃતરસ ઝીલતા, મુનિ આતમગુણ અજુઆલેરે
॥નિજા॥૯॥
જે અક્ષય અનંત નિજ સંપદા, મુનિ પૂર્ણાનંદને ભાવેરે
તે સહજ વિનાશી પુદ્‌ગલે, કિંચન મમતા નવિ લાવેરે ॥નિજા॥૧૦॥

ધરમ દશમે શીલ સુગંધીથી, તજે વિષય દુર્ગંધ મુનિ દૂરરે
તિણે અનુપમ સુખ તે અનુભવે, અનુભવ રસરંગને પૂરરે ॥નિજા૧૧॥
તે સુખ નહીં જગસુરરાયને, તે નહીં સુખ રાજા રાજરે
જે મુનિવરજી સુખ અનુભવે, નિતુ સમ સંતોષ પસાયરે ॥નિજા૧૨॥
કહે વીર વિભુ એ મુનિસરૂં; ધર્મ આરાધો થઇ સૂરોરે
બહુ દુશલ મંગલ ઇહ પરભવે, જિમપામો સુખ ભરપૂરોરે

॥નિજ૦૧૩॥

॥ઇતિ૦॥ (૨૧)

અથ શ્રી શાલોભદ્રની સજ્ઝાય.

સુભદ્રામાતા ઇમ ભણે તુમે સાંભલુ પુતા
તુમ ઘરે શ્રેણિક આવીયા ઉઠો સુત સુતા ॥સુ.૧॥
માતા મુજને શું કહ્યું લેઇ ભરૂં વખાર
લાભ આવતો જાણજો કય કર્યો તે વાર ॥સુ.૨॥
માતા વગતું ભણી વસીયે જેહ નિવાસ
ભુપતિ શ્રેણિક આવીયા તેહના આપણ દાસ ॥સુ૩॥
કણમણતું તવ ઉઠીયો આવ્યો શ્રેણિક પાસ
ભુપતિ અંકે બેસારીઓ મુખે એહવું ભાષ ॥સુ૪॥
ધનધન અવતાર એહનો ધનધન મુજ ગામ
જિહાં એવા ધનપતિ વસે ધન માહરૂં ધામ ॥સુ૫॥
મોતીહાર કંઠે ટવિ તવ શ્રેણિક વાલિઆ
શાલિભદ્ર મંદિર ગયા નિજ પ્રમદાને મલીયા ॥સુ૬॥
મન વૈરાગ્ય અતિ ઉપન્યું મુજથી અધિકું એહ
ઓછા તપ જો મેં કર્યાં હવે કરૂં કર્મનો છેહ ॥સુ૭॥
અકેકી દીન પરીહરી આણી મન વૈરાગ્ય
ધમ કરતાં કેટલે દીને સવિ કીધલું ત્યાગ ॥સુ૮॥
વીર પાસે સંયમલીઓ પાલે નિરતિચાર
ચારિત્ર ચોખું ચિત્ત ધરે જેહવી ખાંડા ધાર ॥સુ૯॥

માસ છમાસી તપ કરી, રૂડું પાલી ચારિત્ર
ધમ કરતાં કેટલે દીને, કીધું જનમ પવિત્રરે ॥સુા૧૦॥
વૈભારગિરી અણસણ લીએા પાળી શુભ આચાર
ધનવિમલ મુનિ ધમ ભણે પામ્યા સુર અવતાર ॥સુા૧૧॥
॥૪તિ૦॥ (૧૫)

અથ શ્રી અડાણુ અલ્પબહુત્વ સજ્ઝાય.

ઢાલ વીસાની.

ભવિ પ્રાણીરે જિનવાણી મનમાં ધરેા
ભીમ ભવજલરે ઉદધિમાંહિ જિમ નવિફિરેા
જિન આણારે પાખે મહાદંડક પદે
અડાણુંરે બેાલ કહ્યા ત્રીજે પદે.

ત્રૂ૦ પન્નવણા ઉપાંગમાંહી અલ્પ બહુ વક્તવ્યતા
અભિધાનથી સવિશેષ લહીયે સકલ કાલે સાસતા ॥૧॥
મનુષ્ય ગર્ભજ સર્વ થેાવા[૧], સંખગુણી સ્ત્રી તેહથી[૨]
અસંખ બાદર અગણિ[૩] કાયા પજ્જત્તા લહુ તેહથી ॥૨॥
અસંખ્યા તારે અણુ[૪]ત્તરસુર હવે સંખ ગુણા ઉવરિમ[૫]
માજ્ઝિમરે[૬] હિટ્ઠિમ[૭] અચ્ચુય[૮] આરણા[૯] પાણય[૧૦]
આરણે૨[૧૧] સગ સંખ્યાતગુણા કહ્યાં
હવે ચઉદસરે અસંખગુણા એહથી લહ્યાં ॥૩॥
ત્રૂ૦ માઘવે[૧૨]મઘા[૧૩] સહસ્સાર[૧૪] સુક્કહુ[૧૫] રિઠ[૧૬]
લંતગ[૧૭] અજણા[૧૮] બંભ[૧૯] વાલુય[૨૦] મહેંદ્રને[૨૧]
સણકુમર[૨૨] સક્કર[૨૩] સમુનરા[૨૪] ઇશાન[૨૫]સુર
એ અસંખ ગુણીયા દેવી તેહની સંખગુણી[૨૬]
સેાહમ્મસુર[૨૭] સુરી સંખગુણિયા[૨૮] વિશેષાધિક ત્રિણ્ય ભણી
॥૪॥
અસંખારે ભવણા[૨૯] દેવી સંખ ગુણી[૩૦]
ઘમ્મા નારકીરે અસંખ્યાત ગુણા સુણી[૩૧]

ખચર[૩૨] પંચેંદીરે તિરિ પુરિસા અસંખગુણાથી
સંખ ગુણીરે થલ[૩૩] તિરિ પુરિસ અસંખગુણા[૩૪] ॥૫॥
ત્રૂ૦ ગુણિય સંખ્યે તેહનીથી[૩૪] જલ તિરિ પુરિસ અસંખગુણા[૩૫]
તસ ઇચ્છી સંખાગુણી વલતી ત્રિણ્ય અધિકને ત્રેગુણા[૩૬]
દ્વેયવંતર વલી અસંખી[૩૭] દ્વેવી સંખગુણી જાણીયે[૩૮]
જ્યોતિષી સુર અસંખ જાણો[૩૯] તસ સુરી સંખ ગુણા
આણીયે[૪૦] ॥૬॥

ઢાલ.

કીવા નહુ[૪૧] થલ[૪૨] જલ[૪૩] પણ તિરિ અસંખ ગુણાય[૪૪]
ચોરિંદી પજ્જતા અસંચગુણા વલી થાય[૪૫]
પંચેંદી પજ્જતા વિશેષાધિક જાણો[૪૬]
તિમ બિ[૪૭] તિ[૪૮] પજ્જતા વિશેષ અધિક આણો ॥૭॥
અપજ્જત્ત અસંખા પણ[૪૯] તિરિ ચઉ[૫૦] તિ[૫૧] દુ[૫૨] જેહ
અપજ્જત્તા વિશેષાધિક બોલ્યા સવિતેહ
પ-તેય સરીર વણ બાદર જેહ પજ્જત[૫૩]
અસંચ ગુણા વલી બાયર નિગોય પજ્જત[૫૪] ॥૮॥
બાયર ભુ પઘુગ એહ અસંચ ગુણાય[૫૫]
બાદર આઉ[૫૬] વાઉ પજ્જ અસંખગુણા થાય[૫૭]
બાયર તેઉ અપજ્જ અસંખગુણા વલી જાણો[૫૮]
પત્તેય સરીર વણ અપજ્જ અસંખચિત્ત આણો[૫૯] ॥૯॥
બાયર નિગોયા અપજ્જ અસંખ ધારો[૬૦]
બાયર ભુ[૬૧] જલ[૬૨] મરૂ[૬૩] અપજ્જ અસંખ અવધારો
સૂહુમ તેહ અપજ્જા અસંખીજ્જ ગુણ તેહ[૬૪]
સુહુમ ભુ[૬૫] જલ[૬૬] વાઉ[૬૭] અપજ્જ વિસેસ અછેહ ॥૧૦॥
સુહુમ તેઉ પજ્જત્તા સંખગુણા ધારી જે[૬૮]
પજ્જ સુહુમ ભુ[૬૯] જલ [૭૦] વાઉ વિસેસાધિક કીજે[૭૧]
સુહુમ નિગોય અપજ્જા અસંખ્યગુણા જાણી જે[૭૨]
સુહુમ નિગોદ પજ્જતા[૭૩] સંખ ગુણા તિમ લીજે ॥૧૧॥

ઢાલ. તુમ સાથે નહી બોલું માહરા વાહાલા.

એ દેશી. ॥

હવે અનંત ગુણા ઇહાંથી બોલું અભવ્ય જીવ સંસારેજી[૭૪]
સમકિત પડિવડિયા[૭૫] ને સિદ્ધા[૭૬] પજ્જ વિણ બાયર વિચારોજી[૭૭]
વલી બાદર પજ્જતા જુત્તા વિસેસાધિક પદમાંજી[૭૮]
પણ એ સર્વ અનંત તેણે પદે લહવું ઇણિ પરે ચિત્તમાંજી
॥ ૧૨ ॥
બાયર વણ અપજ્જત્ત અસંખગુણ[૭૯] બાયર અપજ્જ
વિશેષાજી[૮૦]
બાયર વિશેષ[૮૧] સુહુમ વણ અપજ્જ અસંખ[૮૨] સુહુમ
અપજ્જ વિશેષાજી[૮૩]
સંખગુણી સુહુમ વણ પજ્જા[૮૪] સુહુમ પજ્જત્ત વિશેષાજી[૮૫]
સુહુમ વિશેષ[૮૬] ભવસિદ્ધિય વિશેષા[૮૭] નિગોય જીવ
વિસેષાજી[૮૮] ॥૧૩॥
વણસ્સઇ જીવ વિશેષા કહીએ[૮૯] બેઇંદિયા સવિશેષાજી[૯૦]
નિરય વિશેષા[૯૧] વિશેષ મિચ્છા[૯૨] અવિરયા તેહથી વિશેષાજી[૯૩]
સકસાયા[૯૪] ઉછમત્થા[૯૫] જાણો સયોગી સવિએ વિશેષાજી[૯૬]
સંસારી[૯૭] અને જીવા[૯૮] સઘલા વિશેષાધિક હેસાજી ॥૧૪॥
બિગડો અંક છન્નુ અભ્યાસે કરતાં જે થાય અંકજી
ગર્ભજ નરગુણ તીસ અંકે થાય તે નિઃશંકજી
નારી સત્તાવીસ ગુણી તેહથી અને અધિકી સત્તાવીસજી
ત્રિગુણીને ત્રિણ અધિકી નારી ગર્ભજ પણ તિરિ દીસેજી
॥ ૧૫ ॥
બત્રીસ ગુણી બત્રીસે અધિક સૂરથી સુરની દેવીજી
ધમ મહાદંડક પદે ફિરિયો પ્રભુ આણા નવિ સેવીજી
ચોથે અનંતે જીન અભવ્યા પડિવડિયાને સિદ્ધાજી
એ પાંચમે અનંતે જાણી અવર તેવીસ પદ લહ્યાજી (પાઠાંતરે)
પુણ આઠમે અનંતે જાણી અવર તેવીસ સિધ્ધાજી ॥૧૬॥

પજ્જ બાયર બણથી આરંભી યાવત સઘલા જીવજી
અલ્પ બહુત્વ પદે ધમ ભવમાં ફિરતા રહે અતીવજી
દિસિ ગતિ પ્રભુદ્વારે ચોવીસે વિસ્તારે કરી દાખ્યાજી
પન્નવણા ઉપાંગપદે ત્રીજે સામાચાર્ય ગણિ ભાખ્યાજી ॥૧૭॥
તેહ ભણી જિનમત અનુસારે જ્ઞાનક્રિયા અનુસરીયેજી
તો ભવ ભ્રમણ સકલ ટાલીને કેવલ કમલા વરીયેજી
જ્ઞાનવિમલ ગુરૂ પદ સેવાથી એહવા ભાવત હિજેજી
તો સમતારસ સરસ સુધારસે નિત્ય આતમ સિંચીજેજી
॥ ૧૮ ॥

ઇતિ.

અથ શ્રી ચૌદ પૂર્વની સજ્ઝાય.

ગણધર દશ પૂરવધર સુંદર એ—દેશી.

ચૌદ પુરવધર ભક્તિ કરીજે જિમ શ્રુતજ્ઞાન લહીજેરે
ચૌદ પુરવ તપ વિધિ આરાધી માનવભવ ફલ લીજેરે ॥ચૌદા૧॥
પ્રથમ પુરવ ઉત્પાદન નામે વસ્તુ ચૌદ તસ જાણોરે
એક કોડી પદ એક ગજ મસીમાને લીખનતણું પરિમાણુરે ॥ચૌદા૨॥
અગ્રયણી પુરવ છે બીજું વસ્તુ છવીસ છે જેહનીરે
છન્નલાખ પદ બે ગજ માને લિખન શક્તિ કહી તેહનીરે ॥ચૌદા૩॥
વીર્યપ્રવાદ નામ છે ત્રીજું વસ્તુ સોલ અધિકારોરે
સત્યરી લાખ પદ ગજ ચઉમાને લિખવાનો ઉપચારરે ॥ચૌ૪॥
અસ્તિ પ્રવાદ ચોથું જે પુરવ વસ્તુ અઠાવીસ કહીએરે
સાઠ લાખ પદ અડગજ માને મસી પૂંજે લિપિ લહીયેરે ॥ચૌ૫॥
જ્ઞાન પ્રવાદ પંચમ પુરવનું વસ્તુ બાર સુવિચારરે
ડડડડડ એકોન એક કોડિ પદ છે તેહનાં સોલસગજ લિપી થાવેરે
॥ચૌ૬॥ ૬ ॥
સત્યપ્રવાદ છઠું પદ પટશત અધિકા પદ એક કોડીરે
બેહું વસ્તુગજ બત્રીસ માને લીખવાને મતિ જોડીરે ॥ચૌ૭॥

આત્મપ્રવાદ સત્તમ સોલ વસ્તુક કોડી છવીસ પદ વારૂરે
ચોસઠ ગજ મસી માને લિખીયે એ ઉપમાન સંભારોરે ।।ચૌ।।૮।।
આઠમું કર્મપ્રવાદ પુરવ છે ત્રીસ વસ્તુ અધિકારરે
અસી સહસ એક કોડી ગજ વલી એકસો અડવીસ ધારોરે
।।ચૌ।।૯।।
પ્રત્યાખ્યાન પ્રવાદ છે નવમું વીસ વસ્તુ પદ જેહનારે
લાખ ચોરાસી ગજ બસે છપ્પન લિખન માન કહ્યું તેહનું રે
।।ચૌ।।૧૦।।
વિદ્યાપ્રવાદ પુરવ છે દશમું પનર વસ્તુ તસ ભણીયે રે
એક કોડિ દશલખ પદ છે તેહનો પાંચસે બાર સવિ ગણીયેરે
।।ચૌ।।૧૧।।
એકાદશમું કલ્યાણ નામે કોડી છવીસ પદ સુધારે
બાર વસ્તુ એક સહસ ચોવીસ ગજલિપિ અનુમાન પસિદ્ધારે
।।ચૌ।।૧૨।।
પ્રાણાવાય બારસમુ પૂરવ તેર વસ્તુ સુખકારીરે
છપન્નલાખ એક કોડી પદગજ વલી બે સહસ અડતાલીસ સારરે
।।ચૌ।।૧૩।।
ક્રિયાવિલાસ તેરસમુ પૂરવ નવ કોડી પદ વસ્તુ ત્રીસરે
ચ્યાર સહસ છન્નુ ગજમાને લિખવા અધિક જગીશરે ।।ચૌ।।૧૪।।
લોકબિંદસાર ચૌદમું પૂરવ પદ કોડી સાઢિ બારરે
વસ્તુ પંચવીસ ગજ એક શત બાણુ અધિકા આઠ હજારરે ।।ચૌ।।૧૫।।
ધુરિ ચ્યારે પૂરવ છે ચુલા અવર તેહન જાણોરે
દ્રષ્ટિવાદના ભેદ એ ચોથો શાશ્વત ભાવ વખાણોરે ।।ચૌ।।૧૬।।
દ્રષ્ણિ પરે ચૌદ પૂરવની સેવા કરતાં આતમ દીપેરે
શ્રી નયવિમલ કહે નિજ શકિત તો સવિ અરિયણ જીપેરે ।।ચૌ।।૧૭।।

અથ શ્રી કંથકામિની શિખામણ સજ્ઝાય.

દેશી રસીયાની.

સુગુણ સોભાગી હો સાહિબ માહરા
સુણિ મુજ આતમરામ વાલ્હેસર
કાયા કામિની કંથ પ્રતિ કહે
પ્રીતમનું અભિરામ સૌભાગી ॥સુ. ૧॥
રયણ અમૂલિક મેંતો સંગ્રહ્યો
મત હુએા કાચ સમાન
ચતુરનર ધુરિ છેહડા લગે તેહને ચાહતાં
નીપટ ખરાખરી કામ પન્હોતા ॥સુ. ૨॥
પુરવ પુન્યે હું તુજને મિલી ઉત્તમ કુલની એ કાય રંગીલા
અવસર મિલિયાં લાહો લીજે ક્ષણ લાખેણો જાય છબીલા ॥સુ. ૩॥
કામિની કંતતણો સંબંધ કરી પણ નવિ વિલસી રહેજી હલિમલિ
હું સોહાગિણી સોહવિ તુઝ છતે ઇમકિમ સરસીરે પ્રીતમ સાંભલી
॥સુ૦ ૪॥
કુમતિ કુચિંતા પ્રમુખ કુપરત્રિયા તેને તું વિલસેરે નેહ લગાઇ
નિજ ઘર છંડી પર ઘરે જાતાં કોઈ ન કહેશેરે કંત ભલાઇ ॥સુ. ૫॥
તેહ કુધરણી સંગમથી કદા વિષય કષાયારે અંગજ હોશે
તે બહુ દુખદાયક અતિ વાંકડા મહેણાં દેઇ સયણ વિગોશે ॥સુ. ૬॥
વિણજ કરે વાશેઠે ધન દેઇ કુમતિ કુધરણી રે તે સવિ મુસે
ચોખે લેખે કહેા કિમ પહોંચશેા સામી ધરમ કહેા કિણ પરે રહેશે
॥સુ૦ ૭॥
પાલે પ્રીતે સદા પરણી પ્રિયા પણ પર તરૂણીરે પ્રીતિ ન પાલે
હમણાં મદ વાહ્યા નથી જાણતા નિરતિ પડે સિરે મોહ સમ ગાલે
॥સુ૦ ૮॥
કુલવંતી કોઇ કામિની મુઝ સમી ફિર નહી મિલશેરે ચિત અવધારો
પણ છાયા સૂખ ત્યાહરે સાંભરે જબ તને લાગે તાપ નિરાલો
॥સુ૦ ૯॥

સયણ મિલીને દુરજન જખ મિલે તવ તે સાંભરે સયણ સુગુણનર
કપટ કુંવરણી કેરાં જાણશો તવ ચિત્ત ધરશોરે વયણ ચતુર નર
॥સુ૦ ૧૦॥

મુઝ વડપણ થયે તુમ રસીયા હુસ્યેા શેા રસ માણસ્યેા તાંય રંગીલા
એ ઉખાણેા મિલસે લેાકનેા ઉંટ બલદ તણેા ન્યાય ॥સુ. ૧૧॥

હવણા સરીખી જોડી બેહુ તણી નવ યેાવન રસ દેાય સલુણા
અવિચલ પ્રીતિ કરેા પ્રીતમ તુમે હુંસ્યે હીયાતણી પુરીશ નેહાં
॥સુ૦ ૧૨॥

પ્રસન્ન થઇને મુઝસુ વિલાસતાં હેાસ્યે સુત સુવિવેક સલુણેા
વડપણે સુખદાઇ તુમને હેાસ્યે ઘરને જનકસ્યું નેક બિહુણા ॥સુ. ૧૩॥

સુપરિઠ પીતમને જે ભાખવું તેહ અઘટતું રે સુકુલ વહુને
સેાકય વેધ હેાય અતિહિ આકરા વાંછા સુખનીરે હેાઇ સહુને
॥સુ. ૧૪॥

સુમતિ સહેલી માહરી અતિ ભલી તે પણ પીતમ ભેાગ તુમારે
સહજ સલુણા સાહિબ શેવતાં અવિચલ સુખ સંયેાગ વધારે
॥સુ. ૧૫॥

ઇમ ઘટઘટસ્યું પ્રેાતમ પીછવી અતિહિ અનેાપમ પ્રેમ લગાડયેા
સુકૃત સુકામણ કરીને વશકિયેા જગેજશ વાદસ્યું તેમ જગાડયેા
॥સુ૦ ૧૬॥

તપજપ ક્રિયા સમકિત સુખડી વિલસે કામિની કંત સદાયે
ધીર વિમલ કવિ સેવક નય કહે ઉત્તમ સંગતિ સુજશ ભલાજ
॥સુ૦ ૧૭॥

અથ શ્રી બાહુબલીની સજ્ઝાય.

આબુ શિખરે દેવતા એ દેશી.

બાહુબલિ મેાટેા મહિપતિ સખિ તક્ષશિલાનેા જેહ
સુનંદા માતા નંદનેા સખિ અતિ ભલી ભલગુણ ગેહ ॥ ૧ ॥
સખિ વંદીયે મુનિવર ભાવસ્યું એ શ્રી રિસહેસર તાત જસ કીરત
ત્રિભુવન

વિક્ષાત. સખી વંદિયે એ આંકણી ॥
આયુધ ધરી પેસે નહી નિજ ચક્ર તે ચક્રી દેખી
પૂછે અનમી કોણ છે સખિ દાખીયો બાહુબલીનું હેત ॥સ. ૨॥
ભરતે યુદ્ધ આરંભીયો સખિ બારવરસ મંડાણ
જય લક્ષ્મી સરિખી રહે સખી અનમિય બાહુબલી રાણ ॥સ. ૩॥
હરિ આવીને ઈમ કહે સખી દેઈ તાતનો આણ
માંહો માંહી બેઉ ભડા સખી પણ યુધ કરીય મંડાણ ॥સ. ૪॥
હાર્યો ભરત સઘલે તિહાં સખિ ઈમ કહે રાણો રાણી
રીસ ચઢી ચક્ર મુકિઓ સખિ તવ ભણે બાહુબલિ રાણ ॥સ. ૫॥
કરૂં ચક્રચુર એ ચક્રને કરે અપતિનું યુદ્ધ
ગોત્રમાંહિ ચક્ર ન ફિરે કદા સખિ ગુરૂપણે એહ અબુદ્ધ ॥સ. ૬॥
મુઠી ઉપાડે બાહુબલિ રીસે ચક્રી હણનને કાજે
તવ મનમાં એહવું વસ્યું સખિ ધિગ પડો એહ અનરથ કરરાજ
॥સ૦ ૭॥
ભૂંડી એ ભવ સુખ કારણી એહવાં જિહાં અનરથ થાય
મુઠી દિઠી ઉપાડી સહુ સખિ લોચ એ કરૂં સિર ઠાર ॥સ. ૮॥
કુસુમ વૃષ્ટિ સુરવર કરે શાસન સુરી આપે વેશ
પાય પડી ચક્રી ભણે સખિ લ્યો એ પુર ગામ નિવેશ ખમો
અપરાધ વિશેષ ॥સ. ૯॥
અભિમાને ઉભો રહ્યો ધરિ મનમાં એમ વિચાર
લઉ અડા અમ ભાઇલા સખી કિમનમું એ અણગાર ॥સ. ૧૦॥
નિરશની ધમ ઉભો રહ્યો એક સંવશર સીમ
તવ ઋષભ જિણેસર મોકલે સખી પુરણ જાણી નીમ ॥સ. ૧૧॥
બહિની બ્રાહ્મી સુંદરી સતી સાધવી એમ ભણંત
વીરા ગમે તુજ થકી ઉતરો સખી ગજ ચઢયે કેવલ ન હુંત
॥સ૦ ૧૨॥
શબ્દ સુણીને વિચારીઓ સખી એ નવિ ભાખે આલ
એ તાતજીયે મોકલ્યાં સખી તાતજી જંગત કૃપાલ ॥સ. ૧૩॥
અભિમાન ગજ મોટો અછે તિણે કર્યો એ જંજાલ
ગુણવંતનો વિનય સાચવું સખી ધનધન લહુયડા સુકુમાલ ॥સ. ૧૪॥

વસમસિ હુંસિ હુર્ષસ્યું પાન ભરે વંદન કાજે
ઝલહલતું કેવલ પામીઓ સખિ ભેટીયા જઇ જિનરાજ ॥સ. ૧૫॥
જ્ઞાનવિમલથી સુખ લહ્યાં નિજ તાત બંધવ સાથે
વંદન અહનિશ તેહને સખી તારીય ગ્રહી મુઝ હાથે ॥સ૦ ૧૬॥

ઇતિ. ॥

અથ શ્રી સતાસતોની સજઝાય.

સુપ્રભાતે નિત વંદીયે ભરત બાહુબલિ થંભારે
અભય કુમારને ઢંઢણ સિરિયોને કયવન્નો રે ॥સુ પ્ર૦ ૧॥
અનિકાપુત્રને અયમત્તો નાગદત્ત થુલિભદ્દો રે
વયરસ્વામી નંદીષેણજી ધન્નોને શાલિભદ્દોરે ॥સુ. ૨ ॥
સિંહગિરિ કીર્તિ સુકોસલો કરકંડુ પંડરીકોરે
ગય સુકુમાલ જંબુપ્રભુ કેશી અવંતી સુકુમાલોરે ॥સુ. ૩ ॥
ચ્છાણુંભદ્ર જસભદ્રજી ઇલાતી ચિલાતી પુત્ર સાલોરે
બાહુ ઉદાઈ મનક મુનિ આર્યરક્ષિત આર્યગિરિસોરે ॥સુ. ૪ ॥
આર્યસુહસ્તિ પ્રભવવલી સંજ્ઞ પ્રજુન મુનિસોરો
મૂલદેવ કાલિકાલિક સૂરિ વિષ્ણુકુમાર શ્રેયાંસોરે ॥સુ. ૫ ॥
આઇક દ્રઢ પહાર વલી કુરગડ મેહમુનિસોરો
શય્યંભવ પ્રસન્ન ચંદ્રજી મહાસાલ યંકચુલોરે ॥સુ. ૬ ॥
સુલસા ચંદનબાલિકા મણોરમા અયણરેહારે
કુંતી નર્મદા સુંદરી બ્રાહ્મી સુંદરી ગુણ મેહારે ॥સુ. ૭ ॥
દમયંતી સતી રેવતી શિવા જયંતી નંદારે
દેવકી દ્રોપદી ધારિણી શ્રી દેવી સુભદ્રા ભદ્રારે ॥સુ. ૮ ॥
ઋષિદત્તા રાજીમતી પદ્માવતી પ્રભુવતી કહીયેરે
અંજનાને કલાવતી પુષ્પચુલામને લહીયેરે ॥સુ. ૯ ॥
ગોરી ગંધારી લખમણા જંબુવતી સત્યભામારે
પદ્મા સુસીમા રૂખમણી એ અડ હરિની રામારે ॥સુ. ૧૦ ॥
જેષ્ટા સુજેષ્ટા મૃગાવતી ચિતણા પદ્મા પ્રભારાણીરે
બહિની સાત થુલભદ્રની બુદ્ધિ મહાગુણ ખાણીરે ॥સુ. ૧૧ ॥

જખ્ખા જખ્ખદિના વલી ભુયા ને ભુયદિન્નારે
સેણા વેણા રેણા કહીએ શકડાલની કશરે ॥સુ. ૧૨॥
ઇત્યાદિક જે મહાસતી ત્રિભુવનમાંહિ બિરાજેરે
આજ લગે પણ જેહની જસપડહા જગે ગાજેરે ॥સુ. ૧૩॥
શીલવતી સુરસુદરી કૌશલ્યાને સુમિત્રારે
દેવદત્તાદિક જાણીયે સવિ જિન જનની પવિત્રારે ॥સુ. ૧૪॥
પુરિત ઉપદ્રવ ઉપશમે હોવે મંગલ માલારે
જ્ઞાનવિમલ ગુણ સંપદા પામિજે શુવિશાલારે ॥સુ. ૧૫॥

અથ આત્મહિતશિક્ષાની સજઝાય.

માહરા આતમા એહિજ શીખ સંભાલે કાંઈ કુમત કુસંગતિ ટાલીરે
આતમ એલિજનાએ આંકણી ॥
સુગુરૂ સુદેવ સુધર્મા આદરીયે દોષ રહિતા ચિત્ત ધરીયે
દોષ સહિત જાણી પરહરીયે જીવદયા તું કરીયેરે ॥આ૦ ૧॥
પાછલી રાતે વહેલો જાગે ધ્યાનતણે લય લાગે
લોક વ્યવહાર થકી મત ભાગે કષ્ટ પડે મમ માગેરે ॥આ૦ ૨॥
દુઃખ આવે પણ ધર્મ મમૂકે કુલ આચાર ન ચુકે
ધરતી જોઈને પગ મુકે પાપે કિમહી મ ઢુકેરે ॥આ૦ ૩॥
સદ્ગુરૂ કેરી શીખ સુણીજે આગમનો રસપીજે
આલિ રિસે ગાલિન દિજે આપ વખાણ ન કીજેરે ॥આ૦ ૪॥
શકિત વૃત પચખ્ખાણ આદરીયે લાભ જોઇ વ્યય કરીયે
પર ઉપગારે આગલ થાયે વિધિસ્યું યાત્રે જાયેરે ॥આ૦ ૫॥
સમકિતમાં મત કર શંકા ધર્મ ધમ થાયે સવાંકા
છંડી સત્વન થઈયે રંકા સંતોષ સોવન ટંકારે ॥આ૦ ૬॥
કિમહી જુઠુ વયણ મ ભાખે જિન ભેટે લેઈ આખે
સીલ રતન રૂડી પરે રાખે હીણે દીન મ દાખેરે ॥આ૦ ૭॥

સમકિત ધર્મ મ મૂકે ઢીલો વ્યસને મ થાય સવીલો
ધર્મકાજે થાય તુ પહિલો એહીજ જસનો ટીલોરે ॥આ૦ ૮॥
જ્ઞાન દેવ ગુરૂ સાધારણનુ દ્રવ્ય રખોયુ કરજે
પાખંડી અન્યાય તણો દ્રવ્ય સંગતિ દુરે કરીયેરે ॥આ૦ ૯॥
વિનય કરે જે ગુરૂજન કેરો પંચ પર્વ ચિત્ત ધારે
હીન મહોદયે અનુકંપાયે દુઃખીયાને સાધારરે ॥આ૦ ૧૦॥
શકિત પાખે મ કરીશ મોટાઈ શુભ કામે ન ખોટાઇ
છોડે જે ચાગણ ચોટાઈ કોટાસ્યુ કોઇ રે ॥આ૦ ૧૧॥
ધર્મ ક્ષેત્રે નિજ ધનને વાવે જિમ આગલ સુખ પાવે
પરનિંદા મુખે મત લાવે આપે હીણું ભાવે રે ॥આ૦ ૧૨॥
ઉદ્દરી મત કઇયે લટાઇ આદરીયે સરલાઇ
પુલાયો ચિત્ત નવરે જડાઇ પામીશ ઇમ વડાઇરે ॥આ૦ ૧૩॥
વિધિસ્યુ સમજી વૃત આદરીયે ત્રણ કાલ જિન પૂજે
ગુરૂ પૂછીને ઉદ્યમ કરીયે વ્યશન અભક્ષ વરીહરીયેરે ॥આ૦ ૧૪॥
જ્ઞાન વીમલ ગુરૂ સેવા કરીયે તા ભવસાગર તરીયે
શીવ સુંદરીને સહેજે વરીયે શુદ્ધ મારગ અનુસરીયેરે ॥આ૦ ૧૫॥

ઇતિ.

અથ શ્રી આઠ સઠદોષ ગુણ સજ્ઝાય.

ક્ષુદ્રો[૧] લોભરતિ[૨] દીનો[૩] મત્સરી[૪] ભયવાન [૫] શઠ:[૬] ।
અજ્ઞો[૭] ભવાભિનંદી[૮]ચ નીષ્ફલારંભ સાધકા ॥૧॥ શ્લોક ॥

પ્રણમીય સરસ્વતી ભગવતીએ કહું વાત અનુભવ તણિ જે છતીએ
ચરમ પુદ્ગલ પરાવર્તમાંએ હોઇ પુર્વ સેવા તણી વાસમાં એ ॥૧॥
દોષ એ આઠ પહેલાં છે'એ જેહ અનાદીના અનુક્રમે તે ગછે એ
ક્ષુદ્ર[૧]ને લોભરતી[૨] દીનતાએ[૩] શઠ[૪] મત્સરી[૫] અજ્ઞસંવી
ભાતીતા એ ॥૨॥
ભવ આનંદે લહે સારતાએ[૮] દોષ એ આઠ એ ધર્મફલ વારતાએ
ક્ષુદ્રને તુચ્છ ગંભીર નહીએ નહી સત્વધની કૃપણતા નિરવહીએ ॥૩॥
લોભરતી યાચના શીલતાએ હવે પરતણાં આસની લીલતાએ
દીન તે અદીઠ કલ્યાણિએા એ પરવીઝનેા સંતોષ તસ જાણીએાએ
॥ ૫ ॥
ભવ અભીનંદી તે જાણીયે એ વલી સાર સંસાર બહુ ભાણીયે એ
સાર સંસાર માંહી છે એ જીહાં પૂન્ય ફલ જાગતા તે રૂચે એ ॥૬॥
નીષ્ફલારંભ કીરિયા હુવે એ તીહાં તત્વનેા લેશ નવી તે જુએ એ
એહ અડદોષ પાછા પડીએ તવ ગ્રંથીને ભેદે આવી અડે એ ॥૭॥
જ્ઞાનવિમલ પભુની કૃપાએ હોયતેા લહે શુભ રૂચીની પમાએ
દોષ પતીપક્ષ અડગુણ લહે એ હવે આગલી ઢાલમાં તે કહે એાટ॥

તેા હવે રાય વિમાસે એ દેશી.

તુચ્છ ન કૃપણતા ધારે તે ગંભીર ગુણસાર [૧]
સત્વ સંતોષ ઉદાર અતિ ગુણ બીજો તે ધારે[૨] ॥૯॥
જનપ્રિય પરહિતકારી સોમ્ય ત્રતીય ગુણધારી[૩]
વિનયી કપટ ન ધર્મે[૪] ભદ્રક ગુણનેા એ મર્મ ॥૧૦॥
ગુણરાગી ગુણ પક્ષી એ પંચમ ગુણ લક્ષી[૫]
દક્ષ તે તત્વનેા અરથી[૬] ધીર તે બીહે ન પરથી ॥૧૧॥
ધર્મે[૭] દ્રઢપણું ધારે શંકા કાશલ વારે[૭]
ભવસુખ દુ:ખ કરી જાણે એ સવિ પુન્ય પ્રમાણે ॥૧૨॥

સુખ દુઃખમાન આતુરતા ન ધારે કરે મન સમતા
સહજે એ ગુણ પ્રગટે તો કુદ્રષ્ટિ સવિ વિઘટે ॥૧૩॥
કરણ અપૂર્વને જોરે મિચ્છા અણજય ચોર
કર્મ સ્થિતિ કરે ઓછી હવે શુદ્ધ ધર્મ રોચી ॥૧૪॥
ઉગે સમકિત સુર જ્ઞાન વિમલતણું નુર
વધતે તત્વની વૃદ્ધિ, સહેજે સ્વભાવની સિદ્ધિ ॥૧૫॥

ઇતિ. ॥

અથ શ્રી સબલદોષ સજઝાય.

સદ્ગુરૂ એવા સેવીયે એ દેશી.

કહું હવે સબલની વારતા જે એકવીસ ભણીયારે
ચોથે અંગે આવશ્ય કે ગુરૂ મુખેથી મે સુણિયારે ॥૧॥

ચારિત્ત સૂધું ચિત્ત ધરો એ આકણી ॥

સબલ તે ચારિત્ર મલિનતા અનિયતિક્રમ અવિચારેરે ॥ચા૦ ૨॥
ઉત્તર ગુણની મલિનતા તિહાં લગે ચરણનું સબલરે
મૂલગુણે ઘાતિ જીકે ચરણ તે જિમ હિમે કમલરે ॥ચા. ૩॥
કર મુખ અંગ કુશીલતા હસ્ત કર્મનિ કારીરે
દિવ્ય ઔદારિક ભેદથી મૈથુન સેવન ચારીરે ॥ચા. ૪॥
દિવસે ગ્રહ્યું દિવસે જમ્યું ઇત્યાદિક ચઉ ભંગીરે
સન્નિધિ પ્રમુખ ના ભોગથી રયણી ભોજન સંગીરે ॥ચા. ૫॥
અથવા દિન રયણી કર્યું ઇત્યાદિક ચતુભંગીરે
પ્રથમ વિના જે આહારે તે પણ સબલનો લિંગીરે ॥ચા. ૬॥
ધણિપરે આધા કર્મનો રાજ્યપિંડ કૃતપિંડરે
પાંડિચ પાલટી આપવું આ છેવ ઉલાલી લીયે ચંડરે ॥ચા. ૭॥
સન્મુખ આણ્યું અભ્યાકૃત એહવા પિંડને ઇચ્છેરે
વારવાર પચ્ચખ્ખી જિને ગણથી ગણી તરી ગચ્છેરે ॥ચા. ૮॥

માસ ષટકમાંહિ તે કરે ત્રિણય દગ લેપ એક માસેરે
જલથલ પદ જલ જિહાં હુઈ તે દગલેપ વિભાસેરે ॥ચા. ૯॥
જંઘા અર્ધી જલે સંઘટ્ટા નાભિ લગે જલ લેપરે
તેહથી અધીક લેપોપરી તેહથી હોય વૃત લોપરે ॥ચા. ૧૦॥
માત્ર સ્થાનક સેવતો માસમાંહિ ત્રિણય મિત્તરે
આકુટી કરી સેવતો હિંસાલીક અદત્તરે ॥ચા. ૧૧॥
સચિત્ત સબ્બાજ જે ભુમિકા તિહાં સ્થાનાદિક કરતોરે
કંદમૂલ બીજ ભુંજતો દશદગ લેપ વરસ્યે કરતોરે ॥ચા. ૧૨॥
માયા સ્થાનક વરસમાં સેવે જે દસબારરે
સચિત્ત દગે ભોજનાદિકે દેતે લીય આહારરે ॥ચા. ૧૩॥
એ એકવિસ કહ્યા નામથી ચરણ મલીનતા ઠામરે
એહ સબ્બલ ટાલે જીકે જે મુની શુદ્ધ પરિણામેરે ॥ચા. ૧૪॥
એહમાં બહુ વિધિ નીપજે આશય ભેદે સબ્બલારે
જ્ઞાનવીમલ ગુરૂથી લહો ચરણ કલાવિધુ વિમલારે ॥ચા. ૧૫॥

ઇતિ. ॥

અથ શ્રી શ્રાવકગુણની સજઝાય.

ચોપાઇ.

પ્રણમી શ્રુતદેવી સારદા સરસ વચન વર આપે મુદા
શ્રાવક ગુણ બોલુ એકવીસ ચિત્તમાં અવધારો નિશદિશ ॥૧॥
પહિલો ગુણ અક્ષુદ્રજ કહ્યો સરલ સભાવી વયણે લહ્યો
રૂપવંત બીજો ગુણ ભલો સોમ પ્રકૃતિ ત્રિજો નિર્મલો ॥૨॥
લોકપ્રિય ચોથો ગુણ સદા મિથ્યા વચન ન બોલે કદા
કુરદ્રષ્ટિ ન કરે કોઇશ્યું એ પંચમ ગુણ બોલ્યો ઇસ્યું ॥૩॥
પાપ થકી ભય પામે ઘણું છઠો ગુણ વિણ જે નિરમલું

મનિ ન ધરે ધીઠ્ઠાઈપણું એ સત્તમગુણ ઋજુતાપણું ॥૪॥
ગુણ અવગુણ જાણે ધરી નેહ દાક્ષણ્ય ગુણ અઠ્ઠમ કહ્યો એહ
લજ્જાલુ નવમો ગુણ ભણું કાર્ય અકાર્ય વિચારે ઘણું ॥૫॥
સર્વ કામે યતના પરિણામ દયાવન્ત દસમો અભિરામ
એકાદશમો કહ્યો મધ્યસ્થ સાધુ અસાધુ દેખીને સ્વચ્છ ॥૬॥
ગુણવંત દેખી આણે પ્રીતિ એ બારમો ગુણ પરતીતિ
સૌમ્યદૃષ્ટિ ગુણ કહ્યો તેરમો પરહિતકારી ગુણ ચૌદમો ॥૭॥
કીધો ગુણ જાણે વળી જેહ પનરસમો ગુણ બોલ્યો એહ
વૃદ્ધ આચાર ભલો ચિત્ત ધરે સોલસમો ગુણ અંગે કરે ॥૮॥
પક્ષપાત કરે ધર્મનો ગુણ સત્તરમો એ શુભમનો
સત્કથ અઢારસમો ગુણ જાણ વાદવિવાદ કરે નહિ તાણ ॥૯॥
તત્વાતત્વ વિચારે જેહ દીર્ઘદૃષ્ટિ ઓગણીસ ગુણ એહ
વિશેયજ્ઞ ગુણ કહ્યો વીસમો વિનયવંત સહુને મન રમ્યો ॥૧૦॥
લબ્ધ લક્ષ ડહાપણનો ગેહ એકવીસ ગુણ ધર્મ બોલ્યા જેહ
એહવો શ્રાવક જે સાવધાન ધર્મ રયણનો તેહુ નિધાન ॥૧૧॥
નવે તત્વ જાણે નિર્મલા વાવે વિત્ત સુપાત્રે ભલા
કરણી ધર્મતણી જે કરે શ્રાવક નામ ખરૂં તે ધરે ॥૧૨॥
સુવિહિત ગીતારથથી સાંભલે ધરી વિવેક પાપથી ટલે
કરે પુન્યને ભવ સવરે શ્રાવક નામ ખરૂ તે ધરે ॥૧૩॥
પૂર્વ બદ્ધ અશુભ પાચવે ત્રિણ્યે વર્ગ વલી સાચવે
અરજે પુન્યને વરજે પાપ શ્રાવક ગુણની એહવી છાપ ॥૧૪॥
એહવા ગુણ જે અંગે ધરે તે નિશ્ચય ભવસાગર તરે
ધીરવીમલ પંડિતનો શિષ્ય કવિ નયવિમલ કહે નિશદિસ ॥૧૫॥

ઇતિ.

અથ શ્રી સાધુગુણની સજઝાય

દેશી ડુંગરીયાની.

સારદા સોંપ્યદા ચિત્ત ધરી વલી નમી સદ્‌ગુરૂ પાયરે
સુવિહિત સાધુ ગુણ વર્ણના બોલતાં સંપદ થાયરે ॥૧॥
ધનધન સાધુ સોહામણા ભામણા લીજે તાસરે
દાસપણું જાસ સુરવર કરે જે તરે ભવજલ રાશિરે ॥૨॥
ધનધન આ૦

મોક્ષનું સાધન સાધતા ધારતા ધર્મ તરૂ પારરે
સુકૃત તન તરૂવર કાનનં સિંચતાં સમજલ ધારરે ॥ધન. ૩॥
નવવિધ પરિગ્રહ પરિહરે નવિ હરે કિંપી અદત્તરે
ગ્રંથી અભ્યંતર ભેદથી જે થયા જગજન મિત્તરે ॥ધન૦ ૪॥
જે કહ્યા જિનવરે પંડિના દોય ચાલીસતે દોષરે
તેહ વિના પિંડ શુદ્ધો ગૃહે જે કરે સંયમ પોષરે ॥ધન. ૫॥
દશ વિધ ધર્મ નિત ધારતા મેલવિ આતમ ભાવરે
ચરણ કરણની સત્યરી ખિણરતાં તસ જમાવેરે ॥ધન. ૬॥
સુમતિથી હોય પ્રવર્તના ગુપ્તિને નિવર્તન રૂપરે
એકની એકની યોગ્યતા સયમ ઉભયથા રૂપરે ॥ધન. ૭॥
તપ તપેબાર ભેદે વલી બાહ્ય અભ્યંતરે જેહરે
બાહ્યથી કારણ શુદ્ધતા અંતરંગે સદા નેહરે ॥ધન. ૮॥
વિનય વેયાવચ્ચ અતિ ઘણું સાચવે સુગુણી સંયોગરે
દસવિધ ચક્રવાલે કરી સમાચારી જે મુનિલોગરે ॥ધન. ૯॥
માન અપમાન સરિખા ધરે નવિધરે પરતણે આશરે
દાસપણું શ્રી જિન આણનું અવર સવિ ભવ તણો પાસરે
॥ધન. ૧૦॥

દર્શન જ્ઞાન ચારિત્રના અખય નિધિ સિદ્ધિ નાગે હરે
મૈત્રી કરૂણા ગુણે વાસિયા તે મુનિ નિજ ગુણ દેહરે ॥ધન, ૧૧॥
કર્મસુડણ કનકાવલી તિમ શ્રી આંબિલ વર્ધમાનરે
તપતપે ઉપશમ રસ ભર્યા દિનદિન ચઢતલે વાનરે ॥ધન. ૧૨॥

ગુરૂ તણી આણ શિર ધારતા વારતા વિષય કષાયરે
આપપરે જંતુ સવિ પાલતા ટાલતા લોભ મદ પાયરે ॥ધન. ૧૩॥
વચન વિનયાદી ગુણ રયણના ખાણ ગુણ જાણ મુનિરાંજરે
તેહિજ મોક્ષ અધિકારીયા સારિયા તિણે નિજ કાજરે ॥ધન. ૧૪॥
એહવા સાધુ નિત ધ્યાયને પામીયે સંપતિ કોડિરે
ધિરવીમલ કવીવર તણો નય નમે એહુ કરજોડીરે ॥ધન. ૧૫॥

ઇતિ.

અથ નવકારની સજઝાય.

એ નવકાર તણું ફલ સાંભલિ હૃદય કમળે ધરીધ્યાન
આગે અનંત ચોવીશી હુઇ તિહાં એ પંચ પ્રધાન હો ॥૧॥
આતમ શ્રી શ્રી નવકાર જિનશાસનમાં સાર
પંચ પરમેષ્ટિ ઉદાર ત્રણકાલ નિરધાર હો
આતમ સમર સમર નવકાર એ આંકણી
વનમાં એક પુલિંદ પુલિંદી મુની કહે તસ નવકાર
અંતકાલે એહુ મંત્ર પ્રભાવે નૃપમંદિર અવતાર હો ॥આ૦ ૨॥
રાયસિંહ અને રત્નવતી તે પ્રેમદાને ભરતાર
ત્રિજે ભવે તે મુક્તિ જાશે આવશ્યકે અધિકાર હો ॥આ. ૩॥
ચારૂદત્તે અજ પ્રતિ બોધ્યો સંભલાવી નવકાર
સુરલોકે તે સુર ઉપન્યો કરી સાનિધ્ય તિણિવાર ॥આ. ૪॥
નગર રતનપુરે જોઉ મિથ્યા તણી વહુઅરને દિયે આલ
મહામંત્ર મુખે જપે મહાસતિ સર્પ થયો ફુલમાલ હો ॥આ. ૫॥
ભુમી પડિ સમલાયે દેખી દીધો મુનિ નવકાર
સિંહલરાય તણે ઘર કુંવરી ભરૂય છે કર્યો વિહાર હો ॥આ. ૬॥
નગર પોતનપુર શેઠ તણો સુત મિલિયો ત્રિદંડી સાથ
મહાસત્વ મને મંત્ર જપંતો ખડગ પ્રતકને હાથ હો ॥આ. ૭॥
તેહ વિઘન સવિ દુરે નાઠા સોવનપુરે શો પામી
કનકતણું જીન ભુવન કરાવી થાપ્યા ત્રિભુવન સ્વામી હો॥આ. ૮॥

યક્ષ પ્રસન્ન કરી બીજોરૂં લેવે મંત્ર પ્રભાવે
કુંડિક જક્ષને પીંગલ તસ્કર એહથી સુરપદ પાવે હો ।।આ. ૯।।
સોમદત્તને મણિરથ સિંહરથ ભાવતને કુંવિદ
એમ અનેક પરમેષ્ટિ ધ્યાને તરિયા ભવિજન વૃંદ હો ।।આ. ૧૦।।
ગર્ભાવાસી જીવ ધર્મ ચિંતવતો ધર્મ કરેસ્યું સાર
જ્યમ જનમ્યો તમ વીસરિ વેદન એલે ગયો અવતાર હો
।।આ. ૧૧।।
જીહાં લગે આપ તીહાં સહુ સાથી નિર્ધનને તે મૂકે
કુડ કુટુંબ તણે તુકાજે કાં આતમ હિત ચુકે હો ।।આ. ૧૨।।
યમરાજા કેણે નવિ જીત્યો સુકૃત કર્યું તે પોતે
અવસર વેરવેર નહી આવે જાય જનમ ધર્મ જોતે હો ।।આ. ૧૨।।
સાર એહ છે અસાર સંસારે શ્રી જિન સેવા કરીયે
વિષયકષાય કરીને અલગા જ્ઞાનવિમલ ગુણ ધરીયે હો ।।આ. ૧૪।।

ઇતિ.

અથ કાઉસગના ઓગણીસ દોષની સજઝાય.

સકલ દેવ સમરી અરિહંત પ્રણમી સદગુરૂ ગુણે મહંત
ઓગણીસં દોષ કાઉસગ તણી બોલુ સુત અનુસારે સુણી ।।૧।।
ઘોટક દોષ પ્રથમ કહ્યો એહ વાંકો પગ રાખે વલી જેહ
લતા દોષ બીજો હવે સુણો હલાવે જે અતિ ઘણો ।।૨।।
ઓઠિંગણ લેપ જે રહે થંભ દોષ તે ત્રીજો કહે
માલવ દોષ ચોથો કહ્યો એહ મસ્તક અડકાવી રહે જેહ ।।૩।।
પગ અંગુઠા મેલી રહે ઉધિ દોષ પંચમ તે લહે
બેહુ પગ પાની મેલવે નિલય દોષ છઠો જીન લવે ।।૪।।
ગુહ્યઠામે રાખે નિજ હાથ સબરી દોષ કહ્યો જગનાથ
ધર્મોપગરણ વાંકુગ્રહે ખલિન દોષ તેહને પણ કહે ।।૫।।
મુખ. ચાલના કરે અતિ ઘણું ખલિન દોષ અઠમ તે ભણું
ધુંઘટ તાણીને જે રહે બહુ દોષ નવમો તે લહે ।।૬।।

લડસઢતું પરિહરે પહિરણું દશમો દોષ લંબુતર ભણું
હૃદયસ્થલ આચ્છાદિ રહે તે ઘણા દોષ અગીયારમો લહે ॥૭॥
ભાંપણિ ચાલો કરે અતિ ઘણો ભમૂહ દોષ તેર સમો સુણો
અંગુલી હલાવે શંખ્યા કાજ અંગુલી દોષ ચૌદસમો ન્યાજ ॥૮॥
નેત્ર તણા જે ચાલા ધરે તે વાયસ દોષ પનરમો કરે
પહેલાં વસ્ત્ર સંકોડી રહે કપિઠ દોષ સોલસમો લહે ॥૯॥
મસ્તક ધુણાવે અતિ ઘણું તે શિર કંપ સતરમો સુણો
મદિરાની પરે જે બડબેડ વારૂણી દોષ અઢારમો ચઢે ॥૧૦॥
મુંગાની પરે હું હું કરે મૂક દોષ ઓગણીશમો ધરે
ત્રીણ્ય દોષ એ માંહિ ટલે સોલ દોષ સાધવીને મીલે ॥૧૧॥
લંબુત્તર થણને સંયતી દોષ એહ બોલ્યા જીનપતી
બહુ દોષ ચોથો જબ ટલે પંદર દોષ શ્રાવીને મીલે ॥૧૨॥
કાઉસગથી સમતા સુખ થાય કઠિન કર્મ કોડી પુલાય
કાઉસગ કરતાં શિવ સુખહોય કાઉસગ સમ તપ ન કહીયો કોય ॥૧૩॥
દોષ રહીત કાઉસગ કીજીયે તો સહેજે શિવ સુખ લીજીયે
ધીરવિમલ પંડીતનો શિષ્ય નયવીમલ ભણે સુજગીશ ॥૧૪॥

ઇતિ.

અથ શ્રી દમદંત રાજર્ષિની સજ્ઝાય.

દેશી ફાગની.

સ્વસ્તિ સદન સ્વસ્તિક વર મંદિર હસ્તિ શીર્ષપુર સોહે
ટાલે આલ પ્રજાને પાલે શ્રી દમદંત નૃપ સોહે
તિણે અવસરે કૌરવ સંજુ-તા પાંડવ પણ મેયમ-તા
ગજપુરમાંહિ રાજ કરંતા ખંડિત રિપુ બલવ-તા ॥૧॥
કોઇક વિષયાદિકને હેતે સમે વૈર ધરંતા
શ્રી દમદંત નરેસર સાથે કૌરવ પાંડવ મિલત

પ્રતિવર્ષે સસરાંગણે આવે પણ દમદંત ન ગજે
હરિપરિ એકાકી પણ બલિયો પાંડવ કૌરવ ભંજે ॥૨॥
અલ્પ સૈન્યપણ દૈન્ય ન પામે નિજ ભુજ બલ દમદંત
ઇમ બહુવારે દેખી નરપતિ અપર તે સર્વ હસંત
પ્રતિહરી શ્રી જરાસંધની શેવા કાજે ગયા દમદંત
રાજગ્રહી નયરી પહોતા જાણી સમય લહુંત ॥૩॥
બલે હાર્યા છલકલ બહુ જોવે ધુર્તનાં લક્ષણ એહિ
સત્વર કૌરવ પાંડવ આવ્યા જનપદ લુસે તેહિ
નિર્માક્ષિક મધુપરે જિમ શબરા તિમ નિજ ઇચ્છા પુરી
રાજધાણિ સ્વર્ણાદ્રિક લુસી વલિયા પાછા વયરી ॥૪॥
ભુરીદ્યુત મિલી તેહ જણાવ્યું પાંડવ કૌરવ કરણ
અતિકોપ ન દમદંત નરેસર જીમ તપે અભિનવ તરણ
તે અશ્રાંત પ્રયાણે પાંડવ નિજ દેશ સામે આવ્યા
તિણ સમે પુંઠે દમદંત આવે પણ પાંડવ ગજપુર પાવ્યા ॥૫॥
નાસી નિજ નગરીમાં પોહતા સૈન્ય આગલે જિમ ચઢિકા
ગઢ રોહો તે કરીને રહીયા બહીયા દુર્ધર કટકા
દ્યુત મુખે દમદમ કહાવે અરે અનાથ દેશ લુસ્યો
શશક શુંગાલ પરેજ ડરંકો તિમ નાસી ગઢ પેસો ॥૬॥
જો કુલ જાતિ ક્ષત્રિય હોઓ સુદ્ધા તો વીરપણું દેખાડો
નહીતર જીવિન વ્રતપરે કાતરસ્યું ભટપણું મતવાડો
દ્યુતવચન એહવાં નિસુણીને દભ મુનીપરે ન કહે
પાછું કાંધસ કૌરવ પાંડવ દમદંત તેજને ન લહે ॥૭॥
દ્યુત આવીને જેહવું દીઠું તેહવું નૃપને ભાખે
પાંડવે કૌરવને અમે જીત્યા તે પડહ વજાવે આખે
પાંડવ લાજ લહ્યા ઇમ નિસુણી ક્રુધે સાંહમા આવી
ભુજ કોટમાં ચાંપી પાંચે ઇણીપરે આણ મનાવી ॥૮॥
આપ આપણે નગરી તે આવ્યા નિજ ઘરે સુખ વિલસે
પુન્ય બલે દમદંત નરેસર ઘણું સામ્રાજે વીકસે
ચિરકાલે તે નૃપ સુખ વિલસી લહે સંવેગ વૈરાગ્ય

થીવીર પાસે ચારિત્ર ગ્રહિને પાલે વધતે રાગે ॥૬॥
કર્મઘાટિ ઉછાટન હેતે તપ તપે ઉપશમ ધારી
વિકથા છઞ વિવર્જીત નિર્મમ સુમતિ ગુપ્તિ આચારી
ખંતો દંતો બહુ સુતવંતો શુચિમાન શુચીકારી
દ્રવ ભાવ ગુણ રાગી ત્યાગી વીષય કષાય નીવારી ॥૬૦॥

ઢાલ.

સમુદ્રપાલ મુનિવર જયો એ દેશી.

વીહાર કરંતા આવીયા ગજપૂરી નયરી ઉદ્યાન સજની
કરૂણાકર કાઉસગ કરે ધરતાં ધર્મનું ધ્યાન સજની ॥૧॥
શ્રી દમદંત મુનીવર જયો યતના વંત મહંત સજની
સંવેગી સમતા વર્યો સંયમ ગુણહુ વસંત સજની એ આંચલી॥૨॥
સપરીવાર પાંડવ તિહાં કિડા હેતે જાય સજની
બલિયા અતી આડંબરે દીઠો તીહાં મુનીરાય સજની॥શ્રીદમ.૩॥
યુધિષ્ઠિર અર્જુન ભીમજી નકુલ સહદેવ બંધુ સજની
પંચમ ગતિને સાધતો દીઠો કરૂણા સિંધુ સજની ॥શ્રી દમ. ૪॥
નિરખી હરખે ઓલખી રોમાંચિત થઇ કાય સજની
ઉતરીયા ગજરાજથી ધાય નમે મુનિ પાય સજની ॥શ્રી દમ. ૫॥
દેઇ તીન પ્રદક્ષીણા મુનિપદ રજ શીર લીંત સજની
સાનંદે ભકિત સ્તવે ધનધન તુંહી ભદંત ॥શ્રી દમ.૬॥
જયજય સત્વ મહોદધિ પૂર્ણ પરાક્રમ થાન સજની
ભાવરીપુ તુમે જીતીયા અહમસમ બાહ્યકુણ માને સજની
॥શ્રી દમ. ૭॥
બાહ્ય અભિંતર રીપુ ગણે અધરતી ન પામે લીગાર સજની
તુ ત્રીલોક ચુડામણી ધન તુમચો અવતાર સજની ॥શ્રી દમ. ૮॥
લોક ત્રણ ગુણ તાહરી તું પ્યારો પૂજ્યમાં પૂજ્ય સજની
ઇમ સ્તુતિ નતી પાંડવ કરી ચાલ્યા મનધરી વૈર્ય સજની॥શ્રીદમ.૯॥

એહવ પાછલ આવીયેા ક્રૂધી કૌરવનું સૈન્ય સજની,
દુર્યોધનને જણાવિયેા નામે ઋષિ દમસેણ સજની ।।શ્રી ક્ષમ. ।।૧૦।।
અરે પાખંડ દુરાતમા લેઇ અમચા દેશ સજની
આજ અમારે કરે ચઢયેા પહેરી કપટનેા વેશ સજની ।।શ્રી દમ. ૧૧।।
ધમ કહી બીજો રેહણે દુષ્ટ દુર્યોધન રાય સજની
સૈનિક સઘલે તે હણ્યેા દુષ્ટ તણે સમુદાય સજની ।। શ્રી. ।।૧૨ ।।
ધમે અપરાધ કરી ઘણેા અપરાધી ગયેા રાય સજની
પાંડવ સ્તુતિ ન ગારવ્યેા કૌરવ હણ્યે નવિ છાય સજની શ્રી. ૧૩
ધર્મ ક્ષમા ખડગે કરી તે પથરનેા રાશિ સજની
સંયમ સંવર નવિ હુર્યેા થયા કૌરવને દુખરાશિ સજની શ્રી. ૧૪
પરિસહ ઘેાર અહિયાસીઆ અવિલંબે તિણે કાલે સજની
ધ્યાન ધૈર્ય નવિ ચુકીયેા કદલી દલ સુકુમાલ સજની શ્રી. ।। ૧૫।।
વંદન નિંદન સમ ગણીયું સમતા આતમ ભાવ સજની
ક્ષપક શ્રેણી આરેાહીને પામ્યા સિદ્ધ સભાવ સજની ।। શ્રી. ૧૬ ।।
શત્રુ મિત્ર તૃણ સ્ત્રી ગણે કર્કર રયણ સમાન સજની
ભવ શિવ બેહુ જે સમ ગણે તે મુનિ રત્ન નિધાન સજની
।।શ્રી. ।। ૧૭ ।।

જ્ઞાન વિમલના તેજમાં દીપે તેહ અમંદ સજની
શ્રી દમદંત મુનિવર તણે ધ્યાને પરમાનંદ સજની ।। શ્રી. ।। ૧૮ ।।

ઇતિ.

અથ શ્રી સુમતિ શિખામણ આત્માને સજ્ઝાય

દેશી રસીયાની

સુમતિ સદા સુકુલિણી વિનવે સુણે ચેતન મહારાય ચતુરનર
કુમતિ કુનારી દૂરે પરિહરેા જીમ લહેા સુખ સમદાય સેાભાગી સુ.૧
આવેા રંગ વિવેક ઘરે પ્રભુ કરીયે કેલિ અભંગ પન્હેાતા
જ્ઞાનપલક બિછાયેા અતિ ભલેા બેસી જે તસ સંગે રંગિલા ।।સુ. ૨।।

નિષ્ઠા રૂચિ બિહુ ચામર ધારિકા વીંજે પુન્ય સુવાય સદાયે
ઉપશમ રસ કસ બેઈ મહમહે કિમ નવિ આવે તે દાય
છબીલા ॥ સુ. ॥ ૩ ॥
હૃદય ઝરૂંખે બેસી હું સિસ્યું મુજરા લિજેરે સાર સનેહી
કાયા પુર પાટણનો તું ધણી કિજે નિજ પુરસાર સનેહી ॥સુ. ॥૪॥
જે તેં ચોકી કરવા નયરની થાપ્યા પંચ સુભટ મહાબલ
તેતો કુમતિ કુનારીસ્યું મિલ્યા તિણે લોપી કુલવટ કરે છલ ॥સુ. ૫
પંચ પ્રમાદની મદિરા છાકથી ન કરે નગર સંભાલ મહારાય
મન મંત્રીસર જે તેં થાપીઓ ગુંથે તેહ જંજાલ અહોરાય સુ. ૬
ચોટે ચ્યાર ફિરે નિત ચોરડા મુંસે અતિ ઘણું પુન્ય તણું ધન
બાહિર ખુબ ખબર નહી તેહની ગજપરે મ કરો નિંદ મહાજન
॥ સુ. ॥ ૭ ॥
કપટી કાલ છે બહુ રૂપીઓ હેરૂ પરે ફિરે નયર સમિપે
જોર જરા યોવન ધન અપહરે સાહરીની પરે નિત્ય ન છીપે સુ. ૮
ઇણિ પરે વયણ સુણી સમતાં તણાં જાગ્યો ચેતનરાય રસિલે।
તેગ સંવેગ ગ્રહી નિજ હાથમાં તેડયા શુદ્ધ સમવાય વસીલો સુ. ૯
મન મંત્રીસર કબજ કીયો ઘણું તવ વસિઆયારે પંચ મહાભડ
ચ્યારે ચોર ચિહું દીશે નાસીયા ટાલ્યો મોહ પ્રપંચ મહાજડ
॥ સુ. ॥ ૧૦ ॥
સુમતિ સુનારી સાથે પ્રીતડી જોર જડી જિમ ખીર અને જલ
રંગવિલાસ કરે નિત નવનવા ભેલી હિયડાનું હીર હલિમલી
॥ સુ. ॥ ૧૧ ॥
ઇણિ પરે ચતુર સનેહી આતમા ઝીલે સમરસ પુર સદાઈ
અનોપમ અવિચલ આતમ સુખ લહે દિન દિન અધિક સનુર
ભલાઇ ॥ સુ. ॥ ૧૨ ॥
પંડિત વિનય વિમલ કવિરાયનો ધીર વિમલ કવિરાય જયંકર
સેવક વિનયી નય વિમલ કહે સુમતિ શિવસુખ થાય સુહંકર
॥ સુ. ૧૩ ॥

ઇતિ.

અથ મયણરેહા સતી સજ્ઝાય

તુમહ સાથે નહી બોલું મોરા વાલા તે મુઝને વિસારીજી એ દેશી.

નયર સુદર્શન મણિરથ રાજા યુગ બાહુ યુવરાજજી
મયમરહા યુગબાહુની ધરણી શીલ તણા ગુણ તાજજી ॥ ૧ ॥
મણિરથ મોહ્યો તેલને રૂપે બંધવ કીધો ઘાતજી
મયણરેહાયે તેનો ઝાઝ્યો સુરસુખ લહ્યો વિખ્યાતજી ॥ ૨ ॥
ચંદ્રજસા અંગજ ઘરે છોડી ગર્ભવતી શીલવંતીજી
એકલડી પ્રદેશે પ્રસવ્યો સુંદરસુત સરપંતેજી ॥ ૩ ॥
જલ હાથીયે ગગને ઉડાડી વિદ્યાધર લીયે તેહનેજી
કામવયણ ભાખ્યાં પણ નવિ ચલી જિમ મંદિર ગિરિ પવનેજી ॥૪॥
આષ્ટાસી નંદીવર દ્વીપે શાવત તીર્થ ભેટેજી
તિહાં જ્ઞાની મુનિ અને નિજ પતિ સુર દેખી દુઃખ સવિ મેટેજી ॥૫॥
પુરવ ભવ નિસુણીને [illegible]નો સવિ સંબંધ જણાવ્યોજી
મિથિલાપુરી પતિ પદ્મરથ રાજા અષ્વે અપહર્યો આવ્યોજી ॥૬॥
પુષ્પમાલને તે સુત આપ્યો નમી ઠવ્યું તસ સાંભજી
તે મુનિ જનક છે વિદ્યાધરનો તસ વચને ગત કામજી ॥૭॥
મયણરેહા ધમ શીલ અખંડિત થઇ સાહુણી આપેજી
મણિરથ સર્પ ડસ્યો ગયો નરકે ચંદ્રજસ નૃપ થાપેજી ॥૮॥
રાજા પદ્મરથે પણ નમીને રાજ્ય દેઈ લિયે દિક્ષાજી
કેવલ પામી મુગતે પોહોત્યા ગ્રહી સદ્‌ગુરૂની શિક્ષાજી ॥૯॥
એક દિન નમી રાજાનો હાથી ચંદ્રજસા પુરી જાયજી
તેહ નિમિતે નમિચંદ્ર જસને યુદ્ધ સબલ તે થાયજી ॥૧૦॥
સાધવી યુદ્ધ નિવારણ કાજે બંધવ ચરિત્ર જણાવેજી
નમીને રાજ્ય દેઇને ચંદ્રજસ ગ્રહી સંયમ શીવ જાયજી ॥૧૧॥
નમિરાય પણ દાઘ જ્વર રોગે વલય શબ્દથી બુઝયોજી
ઇંદ્રે પરિક્ષ્યો પણ નવિ ચલિયો કર્મ નૃપતિસ્યું જુઝયોજી ॥૧૨॥
ઉત્તરાધ્યયને પ્રત્યેક બુધના વિસ્તારે સંબંધેજી
મયણરેહા પણ શીવસુખ પામી જ્ઞાનવિમલ અનુબંધેજી ॥૧૩॥

ઇતિ.

અથ અષ્ટભંગીની સજ્ઝાય.

સુગુરૂ દેવ સધર્મનું જેહ તત્વ ન જાણે
મુની શ્રાવક વૃત ના દરે ભાવે પણ નાણે ॥૧॥
ચેતન જ્ઞાન દશા ભજો જીમ જલ અરવિંદા ॥ ચેતન જ્ઞાન. ॥૨॥
નવિ જાણે નવી આદરે નવિ પાલે અંગે તેહ
મીથ્યાતે સવીજના કહ્યા પહિલે ભંગી ॥ ચે. ૩ ॥
નવી જાણે નવી આદરે અંગે પણ પાલે
કષ્ટ ક્રિયા શિલાદિકે તાપ સતનુ ગાલે ॥ ચે. ૪ ॥
નવી જાણે વલી આદરે મુનિવૃત નવી પાલે
પાસત્થાદીક દુર્ભવી ત્રીજે ભંગી નિહાલે ॥ ચે. ॥૫॥
નવી જાણે વલી આદરે પાલે પણ અંગે
અભવ્ય ઉત્સૂત્ર કથક મુખ્યા લહ્યા ચોથી ભંગે ॥ ચે. ॥૬॥
જાણે પણ નવી આદરે વૃત ભયે નવી પાલે
શ્રેણિક પ્રમુખ જે સમકીતી શાચન અજુઆલે ॥ચે. ૭॥
જાણેપણ નવિ આદરે શીલાદીક પાલે
પંચાનુત્તર સુરવરા છઠ્ઠો ભેદ નિહાલે ॥ચે. ૮॥
જાણે અંગે આદરે મુનિવૃત નવી પાલે
ગીતારથ પ્રવચન લહે સત્તમ ભેદ વિશાલ ॥ચે. ૯॥
જાણે પાલે આદરે જિનમતના વેદી
ચઉવિહ સંઘજે સૂરવીરતી અઠમ ભંગ વિનોદી ॥ચે. ૧૦॥
પઢમ ચઉભંગી માંહિલા મિથયાત નિવાસી
પર ચઉભંગી સમકીતી શ્રી જિનમતિ વાસી ॥ચે. ૧૧॥
એ અડભંગી ભાવતા વિધિને અનુસરતાં
જ્ઞાનવિમલ મતિ તેહની જિન આણ ધરંતાં ॥ચે. ૧૨॥

ઇતિ. ॥

અથ શ્રી પનરતિથિની સજઝાય.

આતમ અનુભવ ચિત ધરો કરો ધર્મનો રંગ
ભંગ નવિ આણે સર્મનો હોયે સમકિત સંગ ॥આતમ૦ ૧॥
એહ અનાદિ નિગોદમાં મહામોહ અંધાર
કૃષ્ણ પક્ષે જ્ઞાનની શુન્યતા અમાવાસી આકાર ॥આ૦ ૨॥
શુકલ પખે ચર્મ આવર્તની સ્થિતિ માર્ગ અનુસારે
આર્યત્તા શુદ્ધ શ્રદ્ધા તણી લહિ નૃભવે એકસાર ॥આ૦ ૩॥
બીજ લહે દુવિધ વર ધર્મનું લહિ તત્વ પરતીત
સુગુરૂ સુદેવ શુદ્ધ ધર્મનું એહ ત્રીજની રીતિ ॥આ૦ ૪॥
ઉપશમ ચાર કષાયનો ચઉવીધ ધર્મ આરાધે
પંચ વિધ જ્ઞાનની સેવના કરે અનુભવ વૃત સાધે ॥આ૦ ૫॥
જીવ ષટકાય સાથે સદા યતના પર થાવે
દંડ અનર્થ ધારે નહિ ધરે તો પસતાવે ॥આ૦ ૬॥
ઈહ લોક આદી અછે ભય સાતમે વારે
સાત સીખ્યા વરત આદરે આઠ કર્મ પખાલેરે ॥આ૦ ૭॥
દર્શન જ્ઞાન ચારિત્રના ધરે આઠ આચાર
નવપદ પદારથ લહે તત્વથી નિયાણા નવ વારે ॥આ૦ ૮॥
આદરે દશવિધ મુનિતણો દ્રઢધર્મ હિત આણી
અંગ અગીયારની વાચતા લિય ગુરૂ મુખ જાણી ॥આ૦ ૯॥
દ્વાદશ મુનિ પડિમા વહી કિયા ઠાર તેરવાર
ચઉદસ ભેદ જે જીવના અહિંસા ત્રિક ધારે ॥આ૦ ૧૦॥
ચૌદ ગુણઠાણ ફરસી હોઈ પરિપૂર્ણ પ્રકાશે
પનર ભેદ થઈ આતમા સદા સિદ્ધિ સંકાશ ॥આ૦ ૧૧॥
ધણિ પરે પનર તિથિનું ચરી લહે નિર્મલ રૂપ
જ્ઞાનવિમલ ગુણ ગુરૂ પદે નમે સુરનર ભુપ ॥આ૦ ૧૨॥

ઇતિ.

અથ શ્રી સીમંધર જિન બત્રીસ શિષ્ય કેવલી સજ્ઝાય.

વનિતાવે હસીરે વિનવે એ દેશી.

પોતન પુરી પૃથવીપતિ નામ પુરંદર દીપેરે
પટરાણી પદ્માવતી રૂપે રંભા જીપેરે ॥૧॥
પ્રેમધરીને પણમીયે ॥ એ આંકણી ॥
પ્રૌઢપ્રબલ પરાક્રમી પાવન પરમ જગીસારે
પંચાનન પરી રાજતી, તનયા તસ બત્રીસારે ॥પ્રેમ૦ ૨॥
મણિધર મણિરથ મણિપ્રભા મનમોહન મણિચુડારે
ઇત્યાદિક અનુપમ ગુણી રાજસ તેજે રૂડારે ॥પ્રેમ૦ ૩॥
મોટે મંદિર મલપતા મદન મનોહર કાયારે
મહિલા માલતી મોહિયા જિમ મધુ મધુકર રાયારે ॥પ્રેમ૦ ૪॥
અહનિસ એકદિને એકઠા આવી અડયા ઉઘાનેરે
અતિશયને ગુલે અલંકર્યા અરિહંત ભુવન પ્રધાનરે ॥પ્રેમ૦ ૫॥
હરિ સુત નિરખેરે હેજસ્યું હરણી મોર ભુજંગારે
ઓ તુ ઉચ્છંગે રેતુ ઉદીરા સુરભી ચિત્રક સંગારે ॥પ્રેમ૦ ૬॥
ષટરીતુ ફલ ફુગર દીયે સરસ સમીર સુગંધારે
જસ મહિમા થીરે ઉપશમ્યા જાતિ વયર અનુબંધારે ॥પ્રેમ૦ ૭॥
નીરખી હરખ્યારે હિયડલે ભાવ ભગતિ બહુ આણીરે
વાદી બેઠારે વિધિ થકી સુણવા જીનવર વાણીરે ॥પ્રેમ૦ ૮॥
દ્રવ્યવયર જિમ જાતિનાં ઉપશમ ભાવે આવેરે
ભાવ વયર તિમ કર્મના જીનવર દયાને જાવેરે ॥પ્રેમ૦ ૯॥
ઇમ નીરમોહપણું મને ધરતાં આતમ ભાવેરે
માનુ બત્રીસ બરાબરે યોગ્ય સંગ્રહ સમ થાવેરે ॥પ્રેમ૦ ૧૦॥
કેવલ કમલાઇ તે વર્યા અચિરજ સહુમન થાયરે
વેષ સમોપે સુરવરા રંગેમુનિ ગુણ ગાઇરે ॥પ્રેમ૦ ૧૧॥
જ્ઞાનવીમલ ગુણ પરિવર્યા પાવન પરમ નિધાનરે
લળી લળી તેહના પાયનમુ દયાનું અહનિશ ધ્યાનરે ॥પ્રેમ. ૧૨॥

અથ શ્રી વીસઅસમાધિસ્થાન સજઝાય.

ચતુરસ્નેહી મોહના એ દેશી

શ્રીજિન આગમ સાંભલી ચિત્ત સમાધી કરીજેરે
થીર શુભયોગે આતમ સમતાએ વાસીજેરે ॥શ્રી૦ ૧॥
વીરથોલ અસમાધિના ચોથે અંગે ભાખ્યારે
આવશ્યક નિર્યુક્તિમાં ચોથે આવશ્યકે દાખ્યારે ॥શ્રી૦ ૨॥
દ્રુત દ્રુત પંથે ચાલવું[૧] અપ્રમાર્જિત સ્થાને સ્હેલુ રે[૨]
તિમ દુઃખમાર્જિત જાણવું જાણવું,[૩] પંથિ ગમનનું કરવું રે[૪] શ્રી૦ ૩
અધિક શયાસન સેવતો[૫] ઉપગરણાદિત લેવું રે[૬]
રત્નાધિક મુનિપરે જવે[૭] થિવિરોપઘાત ચિંતવવું રે[૮] ॥શ્રી૦ ૪॥
ભુતંપ્રાણ ઉપઘાતીઓ[૯] બોલાવ્યો બહુ કોપે રે[૧૦]
દીર્ઘ રોસ રાખે ઘણો[૧૧] પિઠિ મંસ આડાપે રે[૧૨] ॥શ્રી૦ ૫॥
વારંવાર આકોસસું નિષ્ઠુર કલંકાદિક બોલે રે[૧૩]
ક્રોધાદિક જે ઉપસમ્યા તે ફિરિ અધિકરણને ખોલે રે[૧૪] ॥શ્રી૦ ૬॥
કરે સજઝાય અકાલમાં[૧૫] કર પગ સરજન પૂજે રે[૧૬]
ગાઢ સ્વરે ત્રિરાત્રિ લવે[૧૭] કલહમાંહે ચિત્ત રંજે રે[૧૮] ॥શ્રી૦ ૭॥
ગણભેદાદિક મોટકા ઝંઝકરણનો રાગી રે[૧૯]
સુર્ય ઉદયને આથમે તિહાં અસનાદિક ભોગી રે[૨૦] ॥શ્રી૦ ૮॥
એષણાદીકે સમતો નહી[૨૧] એ અસમાધી વરતે રે
ચિત્તસમાધી ન ઉપજે દ્રવ્યક્રિયા બહુ કરતે રે ॥શ્રી૦ ૯॥
નામ થકી એ દાખીયા પણ એહમાં બહુ આવે રે
આર્ત રૌદ્ર દોઇ ધ્યાનથી ચિત્ત ચપળતા થાવે રે ॥શ્રી૦ ૧૦॥
એહ પરિહરયાં મુની તણે ચિત્ત સમાધિ સલુઝે રે
ભાવક્રિયા સફલી હોય જ્ઞાનવીમલ ગુણ સુઝે રે ॥શ્રી૦ ૧૧॥

અથ તેત્રીસ આશાતના વારક સજઝાય.

દેશી ચોપાઈની.

શ્રી ગુરૂની કરીયે સેવના ટાલી તેત્રીસ આશાતના
ઉઠ હાથ અવગ્રહનો વાસી આગલે[૧] પાછલીને[૨] બેહુ પાસે[૩] ॥૧॥
ચાલત બેચત ઉભો રહે નવ આસાતન ત્રિકલહે
બહિર્ભુમિ લિયે પહિલાં વારી એક આચામને વારિ ॥૨॥
આલોઇ પહેલાં ગમણાગમણ બોલાવ્યો ન દીયે પડિવયણ
અહીને પ્રથમ સંભાષણ કરે ગુરૂવિણ ભિક્ષા લોયણ કરે ॥૩॥
ગુરૂને કહ્યા વિણ અપરને દીયે તિમ દેખાડે નિઠુર હીયે
ખાસ્યો કેતલું એક એ છે બહુ ખદ્ધ કહીજે સરસ લિયે લહું ॥૪॥
નિશિ બોલાવ્યો ઉત્તર નવિ દીયે અહવા ઠામે બેઠો દીયે
સ્યું સ્યું તું તુંકારો કરે કર્ક મોટો સ્વર કરી વઢે ॥૫॥
લાભ અછે તો તુમહીજ કરો બીજાં બહુ છે તે ચિત્ત ધરો
કથા કહેતાં દુમણો થાય અહી શીખવો પણ અહમને ન કહાય ॥૬॥
અર્થ પૂર્ણ સાંભરતો નથી અર્થ કહું હું ધમ અવિતથી
હુમણાં છે ભિક્ષાનો કાલ ઈમ કહી ભાંજે પરખદ બાલ ॥૭॥
આપ ડાહ્યા પણ દેખાડવા ભણી વીચમાં ભાખે જે અવગુણી
વિચમાંહિ વલી કરે વ્યાઘાત કરે તર્જના કરતાં વાત ॥૮॥
ગુરૂ ઉપગરણ પગે સંઘટે ઉચ્ચાસન સમ આસન વટે
ગુરૂ બેસણે છે સઈ તેત્રીસ આશાતના વરજે સુજગીશ ॥૯॥
આપ લાભ જ્ઞાનાદિક તણા શાતન થાય જેહથી ઘણા
તે આશાતન જો ટાલીયે સકલ લાભ તો સંભાલીયે ॥૧૦॥
મન વચ કાય કુશલ શુભ યોગ જોડે જે ગુરૂચરણ સંયોગ
જ્ઞાનવિમલ ગુરૂ વિનયથી સિદ્ધિ અષ્ટ મહાસિદ્ધિ ને નવનિધિ
॥ ૧૧ ॥

ઇતિ.

અથ શ્રી મુહપતિપડિલેહણ સજ્ઝાય.

પડિલેહણ મુહપતિ પચવીસ તિમ તનુ પડિલેહણ પંચવીસ
બિહુ મીલીને હોઇ પંચાસ સુણજો તેહના અર્થ પ્રકાસ ॥૧॥
દ્રષ્ટિ પડિલેહણ પહેલી કરો સુત્રાર્થ ત-ત્વ ચિત્તમાં ધરો
સમકિતે[૧] મિશ્ર[૨] મિથ્યાત્વમોહની[૩] પરિહરિયે ત્રિણ્યે એહની ॥૨॥
કામ[૧] સનેહુ[૨] દ્રષ્ટિ[૩] ત્રિણ્ય રાગ નવિ કરીયે એહુ નામની લાગ
સુદેવ[૧] સુગુરૂ[૨] સુધર્મ[૩] આદરૂં કુગુરૂ[૧] કુદેવ[૨] કુધર્મ[૩] પરિહરૂં ૩
જ્ઞાન[૧] દર્શન[૨] ચારિત્ર[૩] આદરૂં વિરાધના ત્રિણ[૩] તસ પરિહરૂં
મણ[૧] વય[૨] કાય[૩] ગુપ્તિ આદરો મણ[૧] વય[૨] કાય[૩] પરિહરો ॥૪॥
વામ ભુજ હાસ્ય[૧] રતિ[૨] અરતિ[૩] છંડે દાહિણ ભુજે ભય[૧]
સોગ[૨] દુગંછ
ત્રિણ્ય પડિલેહણ મસ્તકે કરો કૃષ્ણ[૧] નીલ[૨] કાપોત[૩] પરિહરો ॥૫॥
ઋદ્ધિ[૧] રસ[૨] સાતાગારવ[૩] છંડે વદને પડિલેહણ ત્રિણ્ય મંડિ
માયા[૧] નિદાન[૨] મિથ્યા[૩] ત્રણ સલ્ય ટાલી હૃદય કરો નિઃસલ્ય ॥૬॥
ક્રોધ[૧] માન[૨] માયા[૩]ને લોભ[૪] પુંઠે ટાલી થાઓ અક્ષોભ
પૃથ્વી[૧] અપ[૨] તેઉ[૩]ને વાય[૪] વણ[૫] ત્રસ[૬] પગે પૂજો છ કાય ॥૭॥
મન માંકડિ વશ કરવા ભણી પડિલેહણ કરો યતના ઘણી
અખોડા અનલગતે કરો પખોડા નગતિં કરી ધરો ॥૮॥
સ્ત્રીને ચાલીસ પડિલેહણ અંસ[૪] હૃદય[૬] શિર[૬] એ દસ વિના
ષટકાય જીવ આરાધક કહ્યો વિધિસ્યું અવિધિ વિરાધક લહ્યો ॥૯॥
તેર પડિલેહણ થાપન તણી દાંડા દાંડીની દસ ભણી
વસ્ત્ર પાત્ર પાટી પાટલા એહની પણ વીસ પડિલેહણા ॥૧૦॥
ઈણિપરે વિધિસ્યું જયણા કરો જિમ સહજે શિવ રમણી વરો
ધીરવીમલ પંડિતનો શિષ્ય કવિ નયવિમલ કહે સુજગીશ ॥૧૧॥

ઇતિ.

અથ સુંદરીની સજઝાય.

પુત્ર તુમારો દેવકી એ દેશી.

રૂડે રૂપેરે શીલ સોણાગીણ સુંદરી સુંદરી સુલલિત વયણ રૂડ૦ ૧

પંકજ દલસમ નયન રૂડે એ આંકણી

સાઠસહસ સમદ્વિગ જય કરીને, ભરત અયોધ્યાયે આવ્યા
બાર વરસનાં ચક્રિ પદને અભિષેકે ન્હવરાવ્યા ॥રૂડ૦ ૨॥
એક દિન ચક્રી સુંદરી દેખે બાહુબલીની બહિન
દિનકર તેજે ચંદ્રકલા જિમ રૂપે કાંતિ થઇ ખીણ ॥રૂડ૦ ૩॥
વૈદ્ય પ્રમુખા સવિ તેડી કહેા કિસ્યું ઉણ તાત વંસ
પરિતે તુમે, દાખેા જોઈયે તે હું પુરૂં ॥રૂડ૦ ૪॥
એ વાહલી સુંદરી કિમ કૃશતનુ તેહ નિદાન કહીજે
સાઠ હજાર વરસ થયાં એહને આંબીલનેા તપ કીજે ॥રૂડ૦ ૫॥
દિક્ષાલેતાં તુમહીન વારી સ્ત્રીરયણની ઈહા
તસ નથથી દુર્ધર જપ કીધાં ધન ધન એહના દીહા ॥રૂડ૦ ૬॥
ધમ નિસુણી કહે તાત અપત્યમાં તું હિજ મુકુટ સમાણી
વિષય દશાથી ઇણિ પરે વિરમી માત સુનંદા જાણિ ॥રૂડ૦ ૭॥
અમે તેા વિષય પ્રમાદે નડિયા પડીયા છું સંસારે
પરપતિ ઉચ્છવ સાથે પ્રભુ હાથે લિયે વૃત ભાર ॥રૂડ૦ ૮॥
યુદ્ધચક્રી હારી મનાવી બાહુબલી લીયે દીખ
વરિસ સમે બ્રાહ્મી સુંદરીપે કહવરાવે પ્રભુ શીખ ॥રૂડ૦ ૯॥
ગજ ચડયા કેવલ ન હેાય વીરા ધમ સુણી માન ઉતારે
પય ઉપાડી કેવલ પામ્યા એ મેાટા અણગાર ॥રૂડ૦ ૧૦॥
અનુક્રમે કેવલ સાધિ સાધવી બ્રાહ્મી સુંદરી જોડી
જ્ઞાનવિમલ પ્રભુ રિખભની બેટી પ્રણમું હું કરજોડી ॥રૂડ૦ ૧૧॥

ઇતિ.

અથ સાત વ્યસન પરિહારની સજઝાશ.

વારિ તું વારિ તું વ્યસન સમકમિદં જીવ તું જોઇ મનમાં વિચારી
દ્યુત માસં સુરા વારિ વનિતા વલી ચોરી મૃગયા પરકીર નારી
॥ વા૦ ૧ ॥

રૂપવંતી બહુ ગુણયુતા કુલવતી સુતવતી નિજ પતિ પ્રેમે લીધી
એહવા દ્યુતના વ્યસનથી નિજ વશા પરવશા તેહ સાનલે કીધી
॥ વા૦ ૨ ॥

તસના વ્યસનથી વનમાંહિ હરણલી બાંણે વેંધી પરાકમ વખાણે
શ્રેણિકો નરપતિ શ્રમણપતિ ભકિતયુતં નરકે ગયો તે સહુ લોક
જાણે ॥વા૦ ૩॥

દ્વારકા દ્વારિકા સ્વર્ગ નગરી તણી વાસિતા યાદવ પતિ મુરારિ
વિસ્તૃતા બાર યોજને ધને પુરિતા ચુરિતા તેહ દ્વીપાય નારી એ
સુરાપાનના જુઓ વિકાર ॥વા૦ ૪॥

નગર વસંત વસંત બંધવ સમો વસતિ ધમ્મિલ જસ દ્રવિણ કોડી
સકલ નિજ ગેહ સુખ છોડી વેસ્યા તણી સંગતિ પામીયો દુઃખ
કોડી ॥વા૦ ૫॥

ચોરીકા વ્યસનથી દુઃખ દુર્ગતિ તણા ભાજનં તેજના ભવનમાંહી
ચોર મંડક હરિ ચિત્રક પ્રમુખને રાજદંડાદિ દુઃખ નરક પ્રાહિ
॥ વા૦ ૬ ॥

દુખનું ઘર થયો જેહ મૃગયા થકી રાઘવો મનમાંહિ મેલી સીતા
હરિણને મારવાનિજ વસા હારવા રાવણે તેહ નિજ નયરી નીતા
લંઘટી રાવણે લીધી સીતા ॥ વા૦ ૭ ॥

વાસુદેવાર્દ્ધ સમ ઋદ્ધિ સેનાયુતો જાસ મહીંમાંહી મહિમા બિરાજે
પ્રબલ લંકાધિનાથો પરસ્ત્રી થકી નરકે લગ્ન અદ્યાપિ ગાજે
॥ વા૦ ૮ ॥

એમ અનેક થયા એક વ્યસન થકી દુઃખ સંતતિ તણા તત નિકૈતં
જેહને સાત વ્યસના હોય મોકલાં તે લહે દુઃખ કહેવાય કેતુ
તે લહે દઃખ વલી મેરૂ જેતું ॥ વા૦ ૯ ॥

એમ જાણી કરી વ્યસનને વારીયે ધારીયે ધર્મ વર ધરીય નેહા
સંયમે ધીર ગુરૂ ચરણ આરાહીયે નય કહે જિમ લહે સુખ સમુહા
॥ વા૦ ૧૦ ॥

અથ સામાયિક બત્રીસદોષ સજ્ઝાય.

સંયમ ધાર સુગુરૂ પ્રાયનમી જેહને જીવદયા ચિત્તરમી
દોષ બત્રીસ ટાલીને કરેા સામાયિક જિમ ભવજલ તરેા ॥૧॥
ધુરિ મનમા દસદોષ નિવારી પ્રથમ અવધિ અવિવેક પ્રચારી
અર્થ વિચાર ન જાણે કાંઇ ભય લૌકિક આણે મનમાંહિ ॥૨॥
જસ વંછે કરે લક્ષ્મી આસ ફલ સંશય નાણે વિશ્વાસ
રાખે રેાષ વિનય નવિ કરે કરે નિયાણું ઉદ્વેગજ ધરે ॥૩॥
સુણેા વચનના હવે દસ દોષ તે વારિ કરે સમકિત પેાષ
બાલ હુલાવે જિમ તિમ લવે વિકથા વાદ કલહ જગાવે ॥૪॥
કુવચન બેાલે દે રેકાર નિંદે ધર્મ હસે બહુવાર
સાવદ્ય કામની આજ્ઞા દિયે આશાતનાદિકથી નવી બીયે ॥૫॥
બાર દોષ કાયાના સુણેા સાવદ્ય કામ કરે ઘરતણેા
અથિરાસણ ચલ નયણે જોઇ દૃયે ઉઠી ગણ ભીંતે પાટે ॥૬॥
બણે બાજી મેાડે કરડકા કરે ઓઘતણાં સરડકા
વાલે પલેાઠી મલ પરિહરે વીસામણી ઉપરે મન ધરે ॥૭॥
અંગેાપાંગ ઉઘાડાં કરે અથવા તનુ વસ્ત્રે સંવરે
બાહ્ય દોષ ટાલે બત્રીસ અંતર ન ધરે રાગને રીસ ॥૮॥
યેાગ તણા સંગ્રહ બત્રીસ અંગે ધરી લહે શિવ સુજગીશ
સમતાયે સામાયિક કહ્યું કેસરિ ચેારે કેવલ લહ્યું ॥૯॥
સામાયિકથી લાભ અગાધ દર્શન જ્ઞાન ચરિત્ર નિરાબાધ
બાહ્ય અભ્યંર દુરમન દુર જ્ઞાનવિમલ ગુણ વાધે નુર ॥૧૦॥

ઇતિ. ॥

અથ શ્રી ગજસુકુમાલ સજ્ઝાય.

રેવતગિરિ વનમાંહિ નેમી જિનેસર આવી સમેાસર્યાજી
નયરી દ્વારમતી નાથ હરિબલ આવે યાદવ પરિવર્યાજી ॥૧॥
દેશના દિયે જિનરાજ તે સુણીને ભવ ભયથી ઉભગેાજી
ગિરૂએા ગયસુકુમાલ કહે હવે સંયમને કરૂં સગેાજી ॥૨॥

ભણે દેવકી સુણે વચ્છ લહુઓ છે તું વૃત દુર્ધર અછેજી
રાજ્ય કરી થઇ ભુકત ભોગી સંયમને લેયો પછેજી ॥૩॥
તિહાં જે પ્રેમના વયણ સયણ મિલીને જેજે ભાખીયાજી
ઉત્તર પદુત્તર જેહની આગમે છે ઇહાં સાખીયાજી ॥૪॥
ઉચ્છવસ્યું લેઇ દિખ્ય શિષ્ય સુણીને વૃતધારી થયાજી
કહે કિમ કર્મ પલાય અવિચલ સુખ લઇ તે કહો કરી મયાજી ॥૫॥
પ્રભુ કહે પ્રતિમાધ્યાને એકલ મલ રહ્યા કર્મને જીતવાજી
ભુમિ મસાણને ઠામે ચોમિલ સુસરો વયણ કહે નવાજી ॥૬॥
શું માંડયું પાખંડ ધર્મ કહી સીરે બાંધે માટી પાલસ્યું જી
ભરીયા તિહાં અંગાર કર્મ શરીર દહે તતકાલસ્યું જી ॥૭॥
થઇ કેવલી થયા સિદ્ધ સુર સીલી ઓચ્ચ તિહાં કરેજી
નિસુણી દેવકી માય હિયડલા માંહે દુખતે અતિઘરેજી ॥૮॥
નિસુણી નેમિની વાણી જાણી ધર્મ સંસાર વિડંબનાજી
છંડી વયર વિરોધ સંયમ લીયે તે સમયે બહુ જનાજી ॥૯॥
ધનધન એ મુનિરાજ કાજ સમર્યાં બાલપણા થકીજી
જ્ઞાન વિમલ સુખ લહંત જસ મની ધર્મ ખીમાની છબી જગીજી
॥ ૧૦ ॥

ઇતિ.

અથ શ્રી ચૌદસે બાવન ગણધરની સજઝાય.

તુઝ સાથે નહિ બોલું. એ દેશી.

સુખકર સદગુરૂના પદ પ્રણમી જિનગણ નામ પ્રમાણજી
પ્રહ ઉઠીને નિત પ્રત્યે ભણતાં થાવે કોડી કલ્યાણજી
ઋષભસેન આદિ ચોરાશી ગણધર ઋષભના જાણોજી
અજીતતણા પંચાણું ગણધર સિંહસેન પ્રમુખ પિછાણોજી ॥૧॥
એકસો બે ગણપતિ શ્રી સંભવ જિનના ચારૂપ પ્રમુખાજી
એકસો સોલ અભિનંદન જીનના વજ્રનાભ નામે સુમુખાજી
ચમરાદિક શત ગણધર પંચમ સુમતિનાથના કહીયેજી

વજ્ર આદિ એક શતને સાતજ પદ્મનાભના લહીયેજી ॥૨॥
વિદ્યાધર મુખ ગણે પંચાણું સુપાર્શ્વ જિનવર કેરાજી
દિન આદિ દેઇ ત્રાણુ ગણધર ચંદ્રપ્રભ જિન મેં રાજી
સુવીધી તણા અઠ્યાશી ગણધર વરાહ આદિ સુખકારિજી
નંદ પ્રમુખ એકાશી ગણધર શીતલના જયકારીજી ॥૩॥
છિહોત્તર ગણધર શ્રેયાંસ જિનના દુક્ષિ નરેસર નામેજી
વાસુપૂજ્યના છાસઠ ગણધર સુભોમ આદિ અભિરામજી
વિમલનાથ સત્તાવન ગણધર મંદર મહીધર આદિજી
અનંતનાથ પંચાશ ગણેશા જસ નૃપ આદિ આલ્હાદજી ॥૪॥
અરિષ્ટ આદિ તય ચાલીસ ગણધર ધર્મનાથના વારૂજી
છત્રીસ ગણધર શાંતિ જિણંદના ચક્રાયુધ ભવ તારૂજી
શ્રી કુંથુનાથના પાંત્રીસ ગણધર સંબાધ નૃપતિ વડેરાજી
તેત્રીસ ગણધર જિનના જાણો કુંભ આદિ ગુણ ઘેરાજી ॥૫॥
ભિષેક આદિ અઠાવીસ ગણધર મલ્લિનાથના સોહેજી
મલ્લઆદિ ગણધર અઠારહ મુનિસુવ્રત મનમોહોજી
નમિ જિનવરના સત્તર ગણધર સંભુતિ નૃપતી દેઈ આદીજી
વરદત્ત આદિ અગ્યારહ જાણો નેમિનાથ સુપ્રસાદજી ॥૬॥
આર્યદિન્ન આદિ દસગણધર પાર્શ્વનાથના કહેસજી
ઇંદ્રભુતિ ગોતમ દોય નામે વીર અગ્યાર ગણેશજી
ચૌદસયાં બાવન સવિ જિનના ગણધર માની લઈયેજી
બોધિ બીજને હેતે તેહના નામ ધ્યાન ગુણ કહીયેજી ॥૭॥
ઇંદ્રભુતિ અગ્નિભુતિ વાયુભુતિ વ્યકત સુધર્મા લહીયેજી
મંડિત મોરીય પુત્ર અકંપિત અચલભ્રાત ગુણ વહીયેજી
મેતારિજને પ્રભાસ એ નામે એહ અગ્યાર ગણધારજી
અજર અમર નિકલંક પરમપદ પામ્યાજે જિનસારજી ॥૮॥
લાખ અઠાવી અડતાલીસ વલી સહસ સાધુ સમુદાયજી
હસ્ત દીક્ષીત ચોવીસે જિનના નમતા પાપ પલીયાજી
લાખ ચુમાલીસ સહસ છેંતાલીસ ષટ શતને ચ્યાર ભણીયેજી

સાહુણી શિવ સુખ પ્રાહૂણી પ્રણમું ચોવીસ જિનની મુણિઇજી ॥૯॥
લાખ પંચાવન સહસ અડતાલીસ શ્રાવક સમકીત ધારીજી
એક કોડી પણ લખ અડતીસ સહસા શ્રાવિકા સવિ પરિવારજી
જ્ઞાન વિમલ પ્રભુના મુખથી ભવિ પ્રાણી સંવર ધારીજી
તેહને નિત નિત નમતાં વરિયે શિવસુંદરી જયકારીજી ॥૧૦॥

ઇતિ.

અથ શ્રી આત્માશિષ્યોપરિ સજ્ઝાય.

તે તરિયા ભાઈ તે તરિયા એ દેશી.

તે સુખિયા ભાઈ તે સુખિયા જે પર દુઃખ દેખી દુઃખિયાજી
પરસુખ દેખી જે સંતોષિયા જિણે જૈનધર્મ ઓલખિયાજી
॥ તે સુ૦ ૧ ॥
જ્ઞાનાદિ બહુ ગુણના દરિયા ઉપશમ રસ જલ ભરિયારે
જે પુલિ નિત્ય શુદ્ધિ ક્રિરિયા ભવસાયર તે તરિયારે ॥તે સુ. ૨॥
દાન તણે રંગે જે રાતા શીલ ગુણે કરી માતારે
સવિ જગે જીવને દેઇ જે સાતા પર વનિતાના ભ્રાતારે ॥તે સુ. ૩॥
જેણે છાંડયા ઘરધંધા જે પરધન લેવા અંધારે
જે નવિ બોલે બોલ નિષ્પંધા તપ તપવે જે જોધારે ॥તે સુ. ૪॥
પરમેશ્વર આગલ જે સાચા જે પાલે સુધિ વાચારે
ધર્મ કામેકબહી નહિ પાછા જે જિન ગુણ ગાવે જાચારે ॥તે સુ. ૫॥
પાપ તણા દૂષણ સવિ ટાલે નિજ વૃત નિત્ય સંભાલેરે
કામ ક્રોધ વયરીને ગાલે તે આતમ કુલ અજુવાલેરે ॥તે સુ. ૬॥
નિશદિન ઈર્યા સમિતિ ચાલે નારી અંગ ન ભાલેરે
શુકલ ધ્યાનમાંહિ જે મ્હાલે તપહુ તપી કર્મ ગાલેરે ॥તે સુ. ૭॥
જે નવિ બોલે પરની નિંદા જેહ અમીરસ કંદારે
જેણે મેડયા ભવના ફંદા તસ દેખત પરમ આનંદારે ॥તે સુ. ૮॥
તે પૂજે ભાવે જિન ઇંદા સૌમ્ય ગુણે જિમ ચંદારે
ધર્મે વીર ગુરૂ ચિર નંદા નય કહે હું તસ વંદારે ॥તે સુ. ૯॥

ઇતિ.

॥અથ શ્રી રત્નમાલાના પાંચ બંધવની સજ્ઝાય॥

પાંડવ પાંચે વાંદતાં એ દેશી.

રત્નવતી નયરી ભલી તિહાં રાજા શ્રી નયસારરે
રયણમાલાના રૂયડા પંચ બંધવ ગુણ ભંડારરે ॥૧॥
પંચ બંધવ ગુણ ભંડાર મહામુનિ વાંદતા સુખ થાયરે
સુખ થાઇ સવે દુઃખ જાઈ મહા. ॥ એ આંકણી૦ ॥

ભગીની ભગીનીપતી ભણી આવ્યા મિલવાને હેતેરે
એકદિન ગણધર વંદવા પોહતા તે સયણ સમેત. પો. ॥મહા. ૨॥
ભવ પાછલે ભવનૃપતિના શ્રી દેવી અંગજ હોઇરે
ઉદ્યાને રમવા ગયા ચારણ મુનિ મિલિયા દોયરે
દોઈ મિલ્યા મુનિવર તેહ ॥ મહા૦ ૩ ॥
ધર્મ સૂણી ઘરે આવતાં વીજલી વિઘને લહ્યા અંતરે
શુભધ્યાને સાતે થયા સૌધર્મે સુરવર કંતરે સૌધર્મે૦ ॥મહા. ૪॥
તીહાંથી ચવિ તુમે નીપન્યા સંપ્રતિ સંબંધે સાતરે
જાતિ સમરણ પામીયા નિસૂણી પુરવ અવદાતરે નિસુણી૦ ॥મહા પા
તનધન યૌવન જીવિત એ ચપલા પરે ચલભાવરે
તિહાં થિર જિનવર ધર્મ છે ભવજલધિ તરણ વડ નાવેરે ભવજ૦
॥ મહા૦ ૬ ॥
તિહાં કણે સંયમ આદર્યો સવિ હુ આણી મન નેહરે
સમદમ સુધાં સંવમી ગુણવંતા મુનિવર તેહરે ગુણવંતા૦ મ. ૭॥
માસખમણ અભિગ્રહ ધરિ વંદ્યા સિમંધર સ્વામીરે
વિચરે જિનવર સાથસું શ્રુતધર થયા તે અભિરામરે શ્રુતધર મ. ૮
કેવલ લહિ શીવ જાયસ્યે કરી આઠ કરમનો અંતરે
અહનિશ તે આરાહીયે જ્ઞાનવિમલ મહોદયવંત જ્ઞાનવિમલ૦ ॥મ. ૯॥

ઇતિ.

અથ દમયંતીની સજ્ઝાય.

સમુદ્રપાલ મુનિવર જયો એ દેશી.

કુંડિનપુર ભીમનંદની દમયંતી પતિ નામ સજની
નયરી અયોધ્યાનો ધણી નિષધાંગજ નલનામ સજની ॥૧॥
શીલ સુરંગ જે સતી એ આંકણી
પરણી નિજપુર આવતે વને કાઉસ્સગ્ગે રહ્યો સાધુ સ૦
તિલક પ્રકાસે વંદીયો ગજમદથી ગુણ લાધ સ૦ સી૦ ॥૨॥
કુમર સાથે જુગટે રમતે હાર્યું રાજ્ય સ૦
પરદેશે દોય નિસર્યાં સુતે કાઘો ત્યાજ સ૦ સી૦ ॥૩॥
સંકટ સવી દૂરે ગયાં બાર વરસની સીમ સ૦
ભાવિ સાંતિ જિણંદની પૂજે પ્રતિમા નીમ સ૦ સી૦ ॥૪॥
માસી મંદિર અનુક્રમે કુબજ રૂપી કંત સ૦
પુનરપિ સયંવરને મિસે આવિ મિલ્યો એકંટ સ૦ સી૦ ॥૫॥
પુનરપિ રાજ્ય મિલે થકે લેવે સંયમ ભાર સ૦
દંપતિ સૌધર્મે ગયાં નલ થયો ધનદ સુસ્સાર સ૦ સી૦ ॥૬॥
તિહાંથી ચવિ ભૈમી થઇ કનકવતી ગુણ ગેહ સ૦
વસુદેવે પરણી તિહાં ઉચ્છવ ધનદ કરે તેહ સ૦ સી૦ ॥૭॥
દર્પણ ઘર અવલોકતાં લહી કેવલ થઇ સિદ્ધ સ૦
દમયંતી મોટી સતી નામ થકી નવ નિધ સ૦ સી૦ ॥૮॥
નેમિ ચરિત્ર દશ વૈકાલિકે વૃત્તિમાંહી વિસ્તાર સ૦
જ્ઞાનવિમલ ગુણ જે લહિ સતીઓમાં સિરદાર સ૦ સી૦ ॥૯॥

ઇતિ.

અથ નંદા સતીની સજ્ઝાય.

રાણી ચિલણા લાવે ગુહલી એ દેશી.

ચેણા તટ નયરે વસે વ્યવહારી વડભામરે
સેઠ ધનાવાહ નંદીની નંદી ગુણમણિ ધામરે ॥૧॥
સમકિત સીલ ભુષણ ધરે। જિમ લહે। અવિચલ લીલરે
સહજે મિલે શિવસુંદરિ કરીય કટાક્ષ કલેાલરે સમકીત૦ એ આંકણી
પ્રસેનજિત નરપતિ તણેા નંદન શ્રેણિક નામરે
કુંમર પણે તિહાં આવીયેા તે પરણી ભલભામરે ॥સમ૦ ૨॥
પંચ વિષય સુખ ભેાગવે શ્રેણિકસ્યું તે નારીરે
અંગજ તાસ સેાહામણેા નામે અભયકુમારરે ॥સમ૦ ૩॥
અનુક્રમે શ્રેણિક નૃપ થયા રાજગ્રહી પુર કેસરે
અભય કુમાર આવી મિલ્યાં તે સંબંધ ઘણેરારે ॥સમ૦ ૪॥
ચઉવિહ બુદ્ધિ તણા ધણિ રાજ્ય ધુરંધર જાણીરે
પણ તેણે રાજ્ય ન સંગહ્યું નિસુણિ વીરની વાણીરે ॥સમ૦ ૫॥
બુદ્ધિબલે આજ્ઞા ગ્રહી ચિલણાને અવદાતેરે
કહે શ્રેણિક રાજા ઇહાં થકી એહની છે ઘણી વાતરે ॥સમ૦ ૬॥
નંદા માતા સાથસ્યું લીધેા સંયમ ભારરે
વિજય વિમાને ઉપના કરશે એક અવતારરે ॥સમ૦ ૭॥
શ્રેણિક કેાણિકને થયા વૈર તણા અનુબંધરે
તે સવી અભય સંયમ પછી તે સવિ કર્મ સંબંધરે ॥સમ૦ ૮॥
જ્ઞાન વિમલ પ્રભુ વીરજી આણ ધરે જે સીસરે
તે નિત લીલા લહે જાગતી જસ જગીશરે ॥સમ૦ ૯॥

ઇતિ ॥

અથ શ્રી નવકાર પદાધિકારે તૃતીય

આચાર્યપદ સજ્ઝાય.

રાગ પ્રથમ ગોવાલા તણે ભવેજી એ દેશી.

આચારી આચાર્યનુંજી, ત્રીજે પદે ધરેં ધ્યાન
શુદ્ધ ઉપદેશ પ્રરૂપતાજી, કર્યા અરિહંત સમાન ॥૧॥
સુરીસર નમતાં શિવસુખ થાય. ભવ ભવ પાતિક જાય સુરી૦
॥ આંચલી ॥

પંચાચાર પલાવતાજી, આપણપે પાલંત
છત્રીસ છત્રીસી ગણેજી, અનુકૃત તનુ વીલસંત ॥સુરી૦ ૨॥
દર્શનજ્ઞાન ચારિત્રનાજી, એકેક આઠ આચાર
બારંહુ તપ અચારનાજી, એમ છત્રીસ ઉદાર ॥સુરી૦ ૩॥
પડિરૂવાદિક ચોદછેજી, વળી દશવિધ યતીધર્મ
બારહુ ભાવન ભાવતાંજી, એ છત્રીસી મર્મ ॥સુરી૦ ૪॥
પંચેંદ્રિય દમે વિષયથીજી, ધરે નવનિધ બ્રહ્મ
પંચ મહાવ્રત પોષતાંજી, પંચાચારે સમર્મ ॥સુરી૦ ૫॥
ગુપ્તિત્રણ સુધી ધરેજી, ટાળે ચાર કષાય
એ છત્રીસી આદરેજી, ધનધન તેહની માય ॥સુરી૦ ૬॥
અપ્રમ-તે અર્થ ભાખતાજી, ગણીસ પદ જે આઠ
બત્રીસ ચઉવિનયાદીકજી, ધમ છત્રીસી પાઠ ॥સુરી૦ ૭॥
ગણધર ઉપમા દીજીયેજી, યુગપ્રધાન કહેવાય
ભાવ ચારિત્ર જેહવાજી, તિહાં જિનમારગ ઠરાય ॥સુરી૦ ૮॥
જ્ઞાનવિમલ ગુણ રાજતાજી, ગાજે શાસન માંહિ
તે વંદી નિર્મલ કરોજી, બોધીબીજ ઉચ્છાહિ ॥સુરી૦ ૯॥

ઇતિ.

અથ શ્રીમંધર ગણધરની સજ્ઝાય.

ગણધર દસ પુરવધર સુંદર એ દેશી.

ગણધર ગુણમણિ રોહણ ભુધર વંદા વિનય કરી નેહો
ચંપાવતી નયરી વિચરંતા નિરખ્યા તે ધરી નેહો ॥ગણ૦ ૧॥
શ્રી સીમંધર ગણધર કેરા ચંદ્રશેખર ગણધારો હો
પંનર સહસ નૃપ કુમર સંઘાતિ લીધા સંયમ ભારા હો ॥ગણ. ૨॥
ધનરથ ચક્રી વંસ મલયગિરિ ચંદન તરૂ ઓપમાને હો
વાને કનક કમલદલ ગોરી પંચસયા ધનુ માને હો ॥ગણ૦ ૩॥
ભુવનશેખર જયશેખર બંધવ બેહુ બહુ ગુણના દરિયા હો
શમદમ સંયમવંતની રાહાદિક ગુણ ભવજલ તરીયા હો ॥ગણ ૪
ચોરસી ગણધરમાં જેઠા મોટા મોહન વેલી હો
દેખી પુરવ પુન્ય પસાયે આજ સુકૃત થયા છેલ્લી હો ॥ગુણ. ૫॥
શ્રી જીનવર અનુદેશના દેતા ભવી જનને પડિબોહે હો
દાનવાણી ગુહિરી ચઉનાણી ભવિ પ્રાણી મનમોહે હો ॥ગુણ. ૬॥
સમણા સમણી સાવય સાવી બેઠી પરખદા બાર હે
નિરખંતા સવિ દુઃકૃત નાઠા સંફલ થયો અવતાર હો ॥ગુણ. ૭॥
ભવસમુદ્ર તરવા પ્રવહણ સમ એ આલંબન પ્યારૂં હો
જ્ઞાનવિમલ ગણધરનું દરિસણ અહનિશ નામ સંભરૂં હો ॥ગુ. ૮॥

ઇતિ.

અથશ્રી ચતુર્વિધ આહાર પરિજ્ઞા સજ્ઝાય.

સારદ બુદ્ધિદાઈ એ દેશી.

પ્રભુ પગલાં પ્રણમી પચખ્ખાણ વિચાર
પ્રભણું ભવિ કાજે પ્રથમ નોકારશી સાર
પહ વિકસે જિહાંથી તરણી કિરણ વિસ્તાર
તિહાં લગે તેહ જાણો તેહના દોય આગાર

ત્રુટક:—ચોવીહાર પચ્ચખાણ એ જાણો નોકાર ગણીને પારો
પોરસી પહોર દોઢ રાઢપોરસી છ આગાર ચિત્ત ધારો
પુરિમઢ અવઢ એ સાત આગારે સંકેતે ચરિમે ચ્યાર
ગંઠસી મુઠસી આદિ અભિગ્રહ એ સઘલા ચોવીહાર ।૧।

સગ એકલ ઠાણે એકાસણે બિયાસણે આઠ
વિગઇ ની વીગઇએ નવ આઠ આયંબિલ પાઠ
સંધ્યા પચ્ચખાણે ચ્યાર ઉપવાસે વલી પંચ
પાણસ્એ છગ જાણો ધમ આગર પ્રપંચ

ત્રુટક:—નહિ ખલખંચ મુનિ દિને ત્રિહું ચઉવિધ રાતે નિત
ચોવિહાર નિવિ આંબિલ તિવિહારે શ્રાવકને નિશ
હોય પાણહારે બાકી દુતિ ચઉ યથા શકિત દિન
રાતે વલી હોઇ વિરતિ તણા ફલ બહુલાં જાણો
વીરતી કરો સહુ કોઇ ।૨।

હવે ચાર આહાર ભેદ કહુ ધરી નેહ
આસન[1] પાનને[2] ખાદિમ[3] સ્વાદિમ નામે જેહ
દુવિહારે સ્વાદિમ વીરિ સકલ કોઇ સુઝે
તિવિહારે પાણી ચોવિહારે કાંઇ ન સુઝે

ત્રુટક:—બુઝો અસન લે ઓદન રોટી ભાત દાલ પકવાન
વિગત સાતને સાધુપૈયા સાક તે સવિધાન
ફલ કંદાદી ખાદિમમાં ભાખ્યાં પણ અસનમાં માન[1]
ફલજલ ધોયણ આસવ મદિરા ઇક્ષુ રસાદિક પાન[2] ।૩।

ખાદીમ ફલ સુખડીપાક ખજુર સેકયાં ધાન
મેવા ટોપરાં ગુંદદ્રાખ ચારોલી બદામ[3]
સ્વાદિમ સુંઠિ પીપરી દાતણ પીપલીમૂલ
હરડાં બેડાં આંબલાં બિડલવણ પુસ્કરમૂલ

ત્રુટકઃ—એલચી મોચ ઉટીંગણ દ્રાઈ બાયચી ચણીકબાવાને
કપુર, કંઠા સેલીયેા પીંપલી મરીચાં લવીંગ પટોલ કચુર
મરી કલિંજણ કાથેા કસેલેા આજોને અજમાદિ સેાયામેથિ
મેથી ધાણા જીરૂપાન આમેાદિ હિંગુ હિંગલેા કાઠે ત્રેવીસેા
તજ તમાલ જાવંત્રી નાગકેસર હિંગુલાષ્ટક જેથી મધુ
કેસર પૂગી વિચિત્ર ॥ ૪ ॥

સંચલને સિંધવ જાયફલ જવખાર
સવીગેાલી ઔષધ કવાથ ખદિર ખયરસાર
ઇત્યાદિ સ્વાદિમ ભેદ ઘણા ગ્રંથમાંહિ
ગેાલ જીરૂ અજમેા સેાયા ધાણા મેથી ચાહ

ત્રુટકઃ—પ્રાહિ જીતતણે વ્યવહારે એહ અસનમાં આવે
ઓખારા ગેામૂત્રમાં કીધા હેાય તેા સ્વાદિ ફાવે
ઇત્યાદિક બહુ સુત પૂછીને લેવાનેા વ્યવહાર
અસન પાન ખાદિમને સ્વાદિમ એણિ પરિચાર ॥ ૫ ॥

ચેાવિહારે એ સવિ નવિ સુઝે આહાર
હવે રાત્રિ પ્રમુખમાં સુઝે તે અણાહાર
ત્રિફલા સમ ભાગે કહુ ફિરિયાતું નાંહિ
સુકડીને ધમાસેા અગુરૂ મલયાગરૂ ચાહિ

ત્રુટકઃ—લિંબ પંચાગને બાવલ છલ્લિ ચિત્રેા કંથેરી મૂલ
આછિ આ સંધીને ચીઠ ઉપલેાટ હરાખી વેાણી અર્કમૂલ
કુંદર કસ્તુરી ચેાપચીની વજ હલ્દર કેરડામૂલ
સાજી કંણ અફીણ વિષ સઘળા અતિવિસ બીએા બેાલ ॥૬॥

ગેામૂત્ર સવિ મૂત્રહુ કણુયરી મૂલ કુંચારી
ચુનેા ગુગલ થેાહરી ગલેા ખારેા મજીઠ
સુરેાખાર એલિયેા બેાર છલ્લી ઝીકેા ફટકડી પુંઆડ
રીંગણ બાતુ સઘલી અનિષ્ટ કહુક મૂલ ઝાડ

ત્રુટકઃ—જીરૂ હાડિ બિના મુખી દિજે જે વહી રાત્રી સુઝે
પાણાહાર કર્યે આંબિલ માંહિ તે પણ રાત્રે સુઝે
બુઝે લાભાલાભ વિચારી લેતાં દુષણ ન હોઇ
પચ્ચખ્ખાણ જે સૂધું પાલે વિરતી ગવિ તો દોહે ॥૭॥

ધર્મ પ્રવચન સાખે નહી ઈંદ્રિયની પુષ્ટિ
આગાર પદે પણ તે લેતાં નહિ દુષ્ટ
પચ્ચખ્ખાણ પ્રવાદહુ પૂર્વમાંહિ અધિકાર
આચર્ણ અનાચીરણ કેતાં પ્રવચનમાં અધિકાર

ત્રુટકઃ—સાર વિચાર ધરી મનમાંલે અભક્ષ્ય તણો પરિહાર
જે કરશે તે નરભવ લેખે જગમાં ધન અવતાર
જ્ઞાનવિમલ ગુરૂ મુખેથી નિસુણી તત્વાર્થ અવરયો
સારએહ અને દાન વિરતીથી ભવસમુદ્રને તરયો ॥૮॥

ઇતિ.

અથ શ્રી સુલસાજી શ્રાવિકાની સજ્ઝાય.

અરણીક મુનિવર ચાલ્યા ગોચરી એ દેશી.

શીલ સુરંગીરે સુલસા મહાસતી વરસમકીત ગુણધારીજી
રાજગ્રહી પુરે નાગ રથિક તણી સુલસા નામે નારીજી ॥શી૦ ૧॥
નેહુ નિવિડ ગુણ તેહ દંપતિ તણો સમકિત ગુણ થિર પેખીજી
ઇંદ્ર પ્રસંસેરે તસ સત કારણે આવ્યો હરિણે ગમેષીજી ॥શી. ૨॥
ગ્લાન મુનિને કાજે યાચીયા ઔષધ કુંપા ચારજી
ભગ્ન દેખાડયા પણ નવિ ભાવથી ઉણિય ધરીય લિગારજી ॥શી. ૩॥
પ્રગટ થઇ સુરસુત હેતે દીયે ગુટીકા તિહાં બત્રીસજી
તસ સંયોગેરે બત્રીસ સુત થયા સકલ કલા સુજગીશજી ॥શી. ૩॥
એક દિન વીરે ચંપાપુરી થકી ધર્માશીશી કહાવેજી
અંબડ સાથે રે પરિક્ષા તે કરે પણ સમકિત ભડગાવેજી ॥શી. ૬

દેશવીરતિનોરે ધર્મ સમાચારી સુરલોક ગઇ તેહજી
નિર્મમ નામેરે ભાવિ જિન હોસ્યે પંદરમો ગુણ ગેહજી ૫૩૫. ૭૫
ઇણિ પરે દ્રઢ મન સમકિત ગુણ જ્ઞાનવિમલ સુપસાયજી
તે ધનધન જગમાંહિ જાણીયે નામે જાણીયે નામે નવનિધિ થાયજી
॥ શી૦ ૮ ॥

ઇતિ.

અથ ચંદન બાલાની સજ્ઝાય.

આવ્યા આમ પધારો પૂજ્ય એ દેશી.

કૌશાંબીપતી શતાનિક નૃપ મૃગાવતી તશ રાણી
મંત્રી ગુપ્તિ પ્રિયા તસ નંદા મૃગાવતી સહિઆણી ॥૧॥
પ્રેમે પૂજ્ય પધારો વીર બોલે ચંદનબાલા એ આંકણી

શેઠ ધનાવહ મૂલાનો પતિ નિવસે તે પુરમાંહે
એક દિન વીર અભિગ્રહ ધારે પૈસ બહુલ પડવાઇ ॥પ્રે૦ ૨॥
મુંડિત મસ્તક કર પગે નિગડિત રોતી અઠમ અંતે
રાજસુતા દાસી થઈ આપે અડદ સુપડાને અંતે ॥પ્રે૦ ૩॥
ઇમ ગોચરિયે નિત્ય ફિરે પણ અભિગ્રહ પુર્ણ ન થાવે
મૃગાવતી શતાનિક નંદા મનમાંહિ દુઃખ પાવે ॥પ્રે૦ ૪॥
દધિવાહન નૃપ નયરી ચંપા સતાનિકે ભાગી
પદ્માવતી પુત્રી વસુમતી જે રાજસુતા બંદી લાગી ॥પ્રે૦ ૫॥
શેઠ ધનાવહે તે ઘરે આણી ત્રિણ્ય દિવશની ભુખી
અડદ ઉત્સંગે લેઈને બેઠી મૂલાઈ તે દેખી ॥પ્રે૦ ૬॥
દેખી વીર હરખ જલ નયણે અડદ બાકુલા આપે
પંચ દિવ્ય સુર પ્રગટે નામે ચંદન બાલા થાપે ॥પ્રે૦ ૭॥
વીર હાથે લઇ સંયમ અનુક્રમે શિવ લહે ચંદનબાલા
જ્ઞાનવિમલ ગુણ લહી ખમાવતાં નામે મંગલમાલા ॥પ્રે૦ ૮॥

ઇતિ.

અથ કૌશલ્યાની સજ્ઝાય.

ભામનીને ભરતાર મનાવે એ દેશી.

દશરથ નૃપ કૌશલ્યાને કહે તું ભામિની કિમ દુહવાણી
કે આ જોનેરે તું ભા૦ ॥
પ્રાણ થકી અધિકી છે વાહલી રામમાતા ગુણ ખાણિ
કે આ જોનેરે રામ રામ૦ ॥
કે ના જોકે નહિ જો કે સ્થાનેકે રયા માટે
નારી વાહલી નહિ બોલું તુમ સાથે રે રે ॥૧॥
તુમરયું અબોલડા લીધા એ આંકણી
ગલા પાસો રમણી નાગલાથી છાંઠવે આપ્રણે હાથે કે આજો૦
સાહમું જોઈ દુઃખ કહે મુજને ધમ મ્હોરી બાથે કે આજો૦
॥ ૨ ॥ કે ના જો૦ ॥
અઠોત્તર ત્રિણ સ્નાત્ર કરાવ્યાં મંત્ર હ્વાણનાં પાણિ કે આજો૦
આમવિણ તે સઘલે બોકલાવ્યાં ત્યારે પ્રીતિ તુમારી જાણી કે આજો૦ ॥ ૩ ॥ કે ના જો૦ ॥
પતિ સૂતવંતી જે કુલવંતી તે સરિખે હાવે કે આજો૦
શોકિ વેષ હોય શુલી સમાના તે કિમ ખમિયા જાવે કે આજો૦
॥ ૪ ॥ કે ના જો૦
કહે દશરથ નૃપ સ્નાત્ર તણુંજલ બોકલીયું છે પહેલાં કે આજો૦
કરકંકણને રયો આરિસો રયા બોલો છો ગહિલાં કે આ૦
॥ ૫ ॥ કે ના જો૦
પ્રેમ કલહ કરતાં એક આવિ જલ લેઈ દાસી જલદી કે આ૦
પુરત આચમણ નવિ થયું જરાથી એમ અવસ્થા કરતી કે આ૦
॥ ૬ ॥ કે ના જો૦
એણે નિમિત્તે ભવ સંવેગ આવ્યો દેહ અથીરતા જાણી કે આ૦

દંપતિ દાય મિલ્યાં રસ રંગે લીયે સંયમ નૃપ ને રાણો કે આ૦
॥ ૭ ॥ કે ના જો૦

હોવે જિહાંરે વાલહા હવે બોલું તુમ સાથે રે ! ઈમ સંબંધ છે
પદ્મ ચરિત્રે, રામને રાજ્યની વેલી કે આ૦

જ્ઞાનવિમલ ગુરૂથી તે લહ્યો કરજો ભગતને મેલી કે આ૦
॥ ૮ ॥ કે આ૦ ॥

ઇતિ.

અથ શ્રી પાપ શ્રુતિરાજવારક સજ્ઝાય.

તે ગિરૂયા ભાઈ તે ગિરૂયા. એ દેશી.

ધનધન તે મુનિ ધર્મના ધોરી જેહની કીર્તિ ગારોજી
જે શ્રુતપાપ નિદાને પાવે તિણે શ્રુતમતિ નવી જોરીજી ॥ધન૦ ૧॥
દિવ્ય તે વ્યંતર અટ્ટહાસાદિક રૂધિર પ્રમુખ વૃષ્ટિ ઉત્પાતજી
ગ્રહ ભેદાદિક અંતરીક્ષ કહિયે ભોમ તે ભુમિ પ્રતાપજી ॥ધન. ૨॥
અંગે અંગ ફુરકણ ચેષ્ટાદિક સ્વર પશુ પંખી ભાખાજી
વ્યંજન મષી તિલકાદિક જાણે લક્ષણ કર પદ રેખાજી ॥ધન૦ ૩॥
એ અષ્ટાંગ નિમિત્ત કહીજે તે ત્રિગુણા ચોવીસજી
સુત્ર અર્થ વાર્તિકથી યુંજન નિજ સ્વારથની જગીશજી ॥ધ. ૪॥
વલી ગાંધર્વને નાટિક વિદ્યા વાસ્તુતે ગૃહ નિષ્પાદજી
વૈદક વિદ્યા અને ધનુર્વિદ્યા એ પંચક ઉઆદજી ॥ધન૦ ૫॥
ઓગણતીસ એ પાપશ્રુત કહિજે તે દિલમાંહી જાણેજી
હેય પરિજ્ઞાયે કરી છંડે સાર કરી ન વખાણેજી ॥ધન ૬॥
સાતિશયી જિનશાસન ટાજે લાભાલાભ વીચારજી
જેહ કર તે શ્રી જિન આણા જ્ઞાનવિમલ જયકારીજી ॥ધન૦ ૭॥

ઇતિ.

અથ શ્રી સીતા મહાસતીની સજ્ઝાય.

ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે એ દેશી.

જનક સુતા સીતા રામચંદ્રની ઘરનારીરે
કૈકાયી વર અનુભાવથીરે પોહતા વનહ મજોરરે ॥૧॥
શીલવંતી સીતા વંદિયેરે એ આંકણી.
અતિ રૂપે રાવણે હરીરે તિહાં રાખ્યું શીલ અખંડરે
રાવણ હણી લંકા ગ્રહીરે લક્ષ્મણ રામ પ્રચંડરે ॥સી૦ ૨॥
અનુક્રમે અયોધ્યા આવીયારે કર્મ વશે થયું દુખરે
ગર્ભવંતી વને એકલીરે મૂકી પણ થયું સુખરે ॥સી૦ ૩॥
લવ અંકુશ સુત પરગડારે વિદ્યાવંત વિસાલરે
અનુક્રમે દ્વીજે ઉતર્યારે જલ થયું અગનીની ઝાલરે ॥સી૦ ૪॥
દિક્ષા ગ્રહી સુરપતિ થયારે અચ્યુત કલ્પે તેહરે
તિહાંથી ચવી ભવ અંતરેરે શિવ લેશે ગુણ ગેહરે ॥સી૦ ૫॥
લવ અંકુશ હનુમાનજીરે રામ લહ્યા શિવ વાસરે
રાવણ લક્ષ્મણ પામશેરે જિન ગણધર પદ ખાસરે ॥સી૦ ૬॥
પદ્મચરિત્રે એહનારે વિસ્તારે અધિકારરે
જ્ઞાનવિમલ ગુરૂથી લહ્યોરે સુખ સંપત્તિ જયકારરે ॥સી૦ ૭॥

ઇતિ.

અથ શ્રી નવપદાધિકારે ચરણસિત્તરી

કરણસિત્તરી સજ્ઝાય.

રાગ:—તુજ સાથે નહી બોલું મ્હારા વાલા
તે મુજને વી૦ એ દેશી.

પંચમહાવ્રત દશવિધ યતિધર્મ શત્તર સંયમ ભેદ પાલેજી
વેયાવચ્ચદશ નવવિધ બ્રહ્મ વડિભલી અજુઆલેજી ॥૧॥
જ્ઞાનાદિત્રય બારભેદે તપ કરે જે અનિદાનેજી

ક્રોધાદિક ચારેનો નિગ્રહ એ ચરણ સત્તરિ માનેજી ॥૧॥
ચઉવિધપિંડ વસતિવસ્ત્ર પાત્રહ નિર્દૂષણ એ લેવેજી
સમિતિ પાંચવળી પડિમા બારહ ભાવના બારહ સેવેજી ॥૩॥
પચવીસ પડિલેહણ પણ ઇંદ્રિય વિષય વિકારથી વારેજી
ત્રણ ગુપ્તિને ચાર અભિગ્રહ દ્રવ્યાદિક સંભારેજી ॥૪॥
કરણસિત્તરિ એહવી સેવે ગુણ અનેક વળી ધારેજી
સંયમી સાધુ તે તેહને કહીએ બીજા સવિનામ ધારેજી ॥૫॥
એગુણવિણ પ્રવૃજ્યા બોલી આજીવિકાતે તોલેજી
તે ષટકાય અસંયમી જાણો ધર્મદાસ ગણી બોલેજી ॥૬॥
જ્ઞાન વિમલ ગુરૂ આણધરીને સંયમ શુદ્ધ આરાધોજી
જિમ અનોપમ શિવસુખ સાધો જગમાં સુયશ વાધોજી ॥૭॥

ઇતિ.

અથ બાહુબલીની સજ્ઝાય.

રાગ ગોડી ચાલીની એ દેશી.

તક્ષશિલા નગરીનો નાયક લાયક સંયમ ધારી
પાયક પરિપાયે નમે ચક્રી વિનતી કરે મનોહારી
દેરાણી બહુ દિયે ઓલંભા એકવાર ઘરે આવો
બાહુબલિ અતુલિ બલ બંધવ ફિરી ન કરૂં હવે દાવો ॥૧॥
અભિમાની અભિનવ અનમિ જીમ ભત્રીજ નમી વિનમી
ધમ અપરાધ ખમાવી પોહતા ઘરે ચક્રી પદ પ્રણમી
જનક ચાલે જે અંગજ ચાલે તેહી અંગજ વારૂ
એ ઉખાણો ચિત્ત ધરીને રહ્યા વરસ સીમ અણહારૂ ॥૨॥
શીત તાપ વાતાદિક પરિસહ ન ગણે મને અભિમાને
લઘુ બંધવને કહેો કિમ નમીયે રહે કાઉસ્સગ્ગ ધરી ધ્યાને
કેવ જ્ઞાનને માન બોહુને ધમ ઝગડો બહુ લાગ્યો
જ્ઞાનબલે જિણે અવસર જાણી અધપી છે નીરાગો ॥૩॥
બ્રાહ્મી સુંદરી સાધવિ આવે ગાવે મધુરાં ગીત

ગજ ચઢયે કેવલ ન હોવે વીરા ઉતરે ગજથી વિનીત
સુણી વચન મનમાંહિ ચિંતે જુઠુ એહ ન ભાખે
ગજ અભિમાન કહ્યો અવચનમાં તે ચારિત્ર સોભન રાખે ॥૪॥
ઘર મૂકયું પણ એ નવી મૂકયો એહ કરે ગુણઘાત
ધંમ તજી માનરે ચરણ ઉપાડે એ લહે કેવલ સાક્ષાત્
ભેટયા તાત પ્રદિક્ષણ દેઈ વંદી પરખડે બેઠા
અવર જે સાધુ આવિને વંદે જેઠા તે કિમ હોય હેઠા ॥૫॥
સંયમ પાલી શિવસુખ લેવા અષ્ટાપદ ગિરી ચઢીયા
એકણી સમયે એક શત અઠમાં સિદ્ધિ અનંત સુખ ગઢીયા
ધનધન ઋષભવંશ રયણાયર તરીયા બહુ ભવ દરિયાં
જ્ઞાનવિમલ ગુણ સુયશ મહોદય સંપદ સુખ અનુસરિયા ॥ ૬ ॥

ઇતિ.

અથ ઈરિયાવહી કુલકની સજ્ઝાય,

ઢાલ એકવીસાની.

મન શુદ્ધિરે ઈરિયાવહિ ભવિ પડિકમા
ચોરાશી લખરે જીવયોનિ સાથે ખમો
કરો મૈત્રીરે સમતા રસ માંહિ રમો
ચઉ ગતીમાંરે જીમ ભવિયાં તુમે નહિ ભમો

ત્રુટક:—નવિભમો જિમ સંસાર માંહિ સકલ સુખને અનુસરો
મિચ્છામિ દુક્કડ દેઇ, ધણિપરે સુગુરૂ વયણાં ચિતધરો
ભુ[૧] જલ[૨] જલણ[૩]ને વાયુ[૪] પુહુમવણ[૫] એ પાંચે થાવરા
વીસ ભેદ પજ્જ અપજ્જ કહે સુહુમ તિમવલી બાયરા ॥૧॥
વણ પ્રત્યેકરે પજ્જ[૧] અપજ્જ[૨] દુવીસ[૨૨]એ બિ[૧] તિ[૨] ચઉ[૩] પજ્જરે
અપજ્જ છક્કે અડવીસી[૨૮] એ જલ[૧] થલ[૨] ખયરે[૩] ઉરપરિ[૪]
ભુજપ[૫]રિસ[૫૫] એ

પજ્જા પજ્જરે સન્નિયર વીસ[૨૦] થાય એ
છપ્પિયા ધમ પંચેંદી તિરિસ્યું મિલી થયા અડયાલ[૪૮]
સગ નારકીના ચૌદ[૧૪] પજ્જાપજ્જ દુસઠિ ધમ સંભાલ એ
તીસ ૩૦ અકરમ ભુમિ પનરહ કર્મભુમિ[૧૫] વિવેકએ
છપ્પન્ન અંતરદીવ નરનાં ખિત્ત એક શત એક ૧૦૧ ॥ ૨ ॥
પજ્જાપજ્જરે સનિ બિશત બહુ આગલા ૨૦૨
અસનિ નરરે અપજ્જ એક શત એક મિલ્યા ૧૦૧
ધમ ત્રણસેરે ત્રણ અધીકા નરના થયા ૩૦૩
હવે દેવનારે કહીયે છે તે જુજ્યા
ત્રુટક:—જુજ્યા પરમાધામિ પનરહ ૧૫ ભવણ દસ ૧૦ સોલ
વંતરી ૧૬
ચર અચર જ્યોતિષી પંચ પંચહ ૧૦ કિલવિષા ત્રણ ગોખરા ૩
લોકાંતિક નવ ૯ તિરિયજંભક દશ ૧૦ વૈમાનિક બાર એ ૧૨
ગ્રેવેયના નવ ૯ પણ અણુત્તર ૫ ભેદ નવાણુ સાર એ ૯૯ ।૩।
પજ્જતારે અપજ્જત ભેદે કરી, અઠાણુરે અધિકા એકરાત ૧૯૮
ઉપરે સવિ મિલીનેરે પંચસયા ત્રસઠિ થયા ૫૬૩
જીવ ભેદારે એગિંદિયાદિક પદે લહ્યા.
ત્રુટક:—લહ્યા એહના ભેદથી જે મિચ્છા દુક્કડ અછે
અભિહ્યાદિક પદે દશ ગુણા કરો જિમ ભવિ મન રૂચે
પંચ સહસ ષટ શતક ઉપરે ત્રીસ અધિક સોહામણા ૫૬૩૦
એગાર સહસે બિસઇ સાઠિ હોવે રાગ દ્વેષે તે ગણ્યા
૧૧૨૬૦ ॥ ૪ ॥
વલી ત્રિગુણારે મન વચ કાય થકી ગણો
તેત્રીસ સહસ રે સાત સયાં એંશી ભણો ૩૩૭૮૦
કરણાદિકેરે ત્રિગુણા એક લખ જાણે
સહસ એકજ રે તેનસે ચાલીસ જાણીયે ૧૦૧૩૪૦

ત્રુટકઃ—જાણીયે સંપ્રતિ અતીત અનાગત કાલે ત્રિગુણા કીજીયે
લખતીન ઉપરે ચાર સહસા વીસ અધિકા લીજીયે ૩૦૪૦૨૦
અરિહંત[૧] સિદ્ધ[૨] સુસાહુ[૩] આતમ[૪] દેવ[૫] ગુરૂ[૬] સાંભેકરી
ષટ ગુણાં કરતાં જેહ હોઈ તે સુણો હૃદયે ધરી ॥ ૫ ॥

લખ અડ દસરે ચોવિસ સહસા ઉપરે
વીસ આધકારે એક શત સવિ મેલી વારે
મિચ્છા દુક્કારી એતા ભાવ ધરી દીઓ
બહુવિધ વલીરે ભેદ થાય છે તે જુઓ

ત્રુટકઃ—જોઉં તે વલી અવર ગ્રંથે કર્યા ષટ ગુણ તે છતાં
એક કોડી નવલખ સહસ ચઉયાલીસ સાત સયને વીસ
એ ૧૦૯૪૪૭૨૦
ધરિયા વહિનો અર્થ તે સુજગીશ એ ॥૬॥

નવ્યાણુરે એક શત અક્ખર એહના ૧૯૯
આઠ સંપદારે ૮ ચોવિસ ગુરૂ છે જેહના ૨૪
ઇચ્છામિરે પડિક્કમણું ધુરી જાણીયે
ઠામિ કાઉસ્સગ્ગરે અંતિમ પદ એ આણિયે

ત્રુટકઃ—જાણે એહ વિણ શુદ્ધ કિરિયા વિધ સઘલો સફલો નહી
અપ્રમતમ મુનિ મૃગાવતી સાધુણિ પ્રમુખ બહુ શિવગતિ લહી
તેહ જાણી યતના કરો સુધી સયલ સંપદ જિમ લહે
કવિરાજ શ્રી ધીરવિમલ સેવક નયવિમલ કવિ ઇમ કહે ॥૭॥

ઇતિ.

અથ શ્રી સાધુજીની સજ્ઝાય.

પંચમહાવ્રત દશવીધયતિધર્મ, સત્તર સંજમ ભેદ પાલેજી ।
વૈયાવચ્ચદશ નવવિધ બ્રહ્મચર્ય, વાડ ભલી અજુઆલોજી ॥૧॥
જ્ઞાનાદિત્રય બાર ભેદે, તપ કરે જે અનીદાનજી ।

કોપાદીક ચારનો નિગ્રહ, એ ચરણ સીતેરી માનજી ॥૨॥
ચઉવિધ પિંડ વસતી વસ્ત્ર પાત્ર, નિર્દૂષણ એલેવેજી ।
સુમતિ પંચાલી પડીમાં બારહ, ભાવના બારહ સેવેજી ॥૩॥
પચવીશ પડીલેહણ પંચેંદ્રીયા, વિષય વિકારથી વારેજી ।
ત્રણ ગુપ્તને ચ્યાર અભિગ્રહ, દ્રવ્યાદિક સંભારેજી ॥૪॥
વરણસી તેરિ એહવી સેવે, ગુણ અનેક વલી વાધેજી ।
સંજમી સાધુ તેહને કહીએ, બીજા સવી નામ ધરાવેજી ॥૫॥
એ ગુણ વિણ પ્રવજ્યા બોલી, આજી વિકારને તોલેજી ।
તે ખટકાય અસંજમી જાણે, ધર્મદાસ ગણી બોલેજી ॥૬॥
જ્ઞાનવિમલ ગુરૂ આણા ધરીને, સંજમ શુદ્ધ આરાધોજી ।
જેમ અનુપમ શિવસુખ સાધો, જગમાં કીર્તી વાધેજી ॥૭॥

અથ શ્રી નવપદાધિકારે પંચમ શ્રી સાધુપદ સજ્ઝાય.

રાગ:—તે મુનિને ભામણડે જઇએ એ દેશી.

તે મુનિને કરૂં વંદનભાવે, જે પટવ્રત પટકાત રાખેરે
ઇંદ્રીય પણદમે વિષય પણાથી, વળી ખંતિ સુધારસ ચાખેરે
॥ તે મુ૦ ૧ ॥
લોભ તણા નિગ્રહને કરતા, વળી પડિલેહણાદિક ક્રિયારે
નિરાશંસયતનાએ બહુ પેર, વળી કરણશુદ્ધિગુણ ધરિયારે ॥તે મુ૦ ૨॥
અહનિશ સંયમ યોગ શું યુગતા, દુર્દ્ધર પરિષહ સહતારે
મનવચકાય દુશલતા યોગે, વર્તાવે ગુણ અનુસરતારે ॥તે મુ૦ ૩॥
છંડે નિજ તનુ ધર્મને કાજે, ઉપસર્ગાદિક આવ્યે રે
સત્તાવીસ ગુણે કરી સોહે, સુત્રાચારને ભાવે રે ॥તે મુ૦ ૪॥
જ્ઞાન દર્શન ચારિત્ર તણાજે, ત્રિકરણ યોગે આચારરે
અંગે ધરે નિ:સ્પૃહતા સુધી, એ સ-તાવીસ ગુણ સારરે ॥તે મુ૦ ૫॥
પદ પંચમ એ ગુણપરે ધ્યાવંતા, પંચમગતિને સાધેરે
સુખકર શાસ્ત્રતના એ દાયક, જ્ઞાનવિમલ ગુણ વાધેરે ॥તે મુ૦ ૬॥
॥ ઇતિ ॥

અથ નવ પદાધિકારે અગ્યાર અંગબાર ઉપાંગ સજ્ઝાય.

ઢાલ—સાહેલડીની દેશી

અંગ ઇગ્યાર સોહામણા સાહેલડી રે, આચારાંગ સુયડાંગ
ઠાણાંગ સમવાયાંગ વળી સા૦, ભગવતી પંચમ અંગતો ॥૧॥
જ્ઞાતા ધર્મકથા છઠું સાતમું ઉપાસક દશાંગ
અંતગડ અણુત્તરોવવાઇયાં પ્રશ્ન વ્યાકરણ દશ માંગતો ॥૨॥
સુખદુઃખ વિપાક ઇગ્યારમું સા૦ હવે ઉપાંગ કહું બારતો
ઉવવાઇ અને રાયપસેણિયાં સા૦ જીવા ભિગમ વિ ॥૩॥
પન્નવણાં જંબુપન્નતી સા૦ જેહમાં ક્ષેત્ર વિચારતો
ચંદ પન્નતી સુરપન્નતી સા૦ હવે પણ એકમાં સંભારતો ॥૪॥
કપ્પિયા કપ્પવડિંસિયા સા૦ જેહમાં વિમાન વિચારતો
પુપ્ફિયાને પુપ્ફચુલિયા સા૦ નિરયાવળી ધમ બારતો ॥૫॥
સુત્ર અર્થ ગુરૂથી લહી સા૦ ભણે ભણાવે જેહતો
તે વાચકને વંદિયે સા૦ જ્ઞાન વિમલ શું નેહતો ॥૬॥

ઇતિ.

અથ ચેતનની સજ્ઝાય.

ચેતન અબ કછુ ચેતીયે જ્ઞાન નયન ઉઘાડી
સમતા સહજ પણું ભજે તજે મમતા નારી ॥ ચે૦ ૧ ॥
યા દુનિયા હે બાઉરી જેસે બાજીગર બારી
સાથે કિસીકે ના ચલે જ્યું કુલટા નારી ॥ ચે૦ ૨ ॥
માયા તરૂ છાયા પરે ન રહે થીર કારી
જાનત હે દિલમાં જની પણ કરત વિચારી ॥ ચે૦ ૩ ॥
મેરી મેરી તું કયા કરે કરે કોન સ્યું યારી
પલટે એકણી પલકમે જ્યું ઘન અધીયારી ॥ ચે૦ ૪ ॥

પરમાતમ અવિચલ ભજો ચિદાનંદ આકારી
નય કહે નિયત સદા કરો સજ્જન સુખકારી ॥ મે૦ ૫ ॥

ઇતિ.

૫૩

અથ હિત શિક્ષાની સજ્ઝાય.

ધમ ધન્નો ધણીને પરિચાવે એ દેશી.

આપે આપ સદા સમઝાવે મનમાં દુઃખ મત પાવેરે
કોઇ કિસીકે કામ ન આવે આપ કીયા કૂલપાવેરે
॥ આપે આપ સદા૦ ૧ ॥

જિમ પંખી તરૂય મિલી આવે રયણી વિતે જાવેરે
તિમ તીરથ મેલો સવિ સોદા કરિકરિ નિજ ઘરે આવેરે
॥ આપે૦ ૨ ॥

આપ તણી કરતુ તે કર્યો જે ભોગવે તેહુ એકલોરે
માહરૂં માહરૂં કરતો અહુનિસિ મુઢ પણે હોઇ ગહિલોરે
॥ આપે૦ ૩ ॥

થીર નહી એ સંસારી પ્રાણી તન ધન યોવન વાનરે
જિમ સંધ્યાનું વાદલ રંગ જિમ ચંચલ ગજ કાનરે ॥આપે૦ ૪॥
ધમ જાણિને ધર્મ આરાધો કો આપે આપસ બાહુરોરે
શ્રી જ્ઞાનવિમલ પ્રભુને નિત ધ્યાએો જિમ શિવ સૂખને પાએોરે
॥ આપે૦ ૫ ॥

અથ આત્મશિક્ષાની સજ્ઝાય.

સમતા સુંદરીરે આણો ચતુર સુજાણ પ્રોતડી મેં કરીરે જિણ પરે
કોકને ભામતા વાનરી રે નવિ પૈસે ઘટમાંહિ તૃષ્ણા પામરીરે ન
રહે તસ મનમાંહિ ॥ આં૦ ॥

જિનવર ગણધરને વલી મુનિવર તેહને તું ઘણું વાહલીરે
તેહને સંગે તું પણ દિએ સવિગુણ માંહિ પહેલી ॥સમ૦ ૧॥
સુહુરયું એક રસે થઈ તું મિલતી સતીયાં માંહિ વેડરી રે
ત્રિભુવનમાંહિ તારિ ઉપમ નાવે કોઇ અનેરી ॥સમ૦ ૨॥
તેહીજ જગમાં પ્રગટ પ્રભાવી તેહ નજરે તેં જોયા રે
તુમ્હ વિણ બાલા ભોલી તરૂણી તેણે યું હી ભવ ખોયા ॥સમ૦ ૩॥
સજ્જન જનના સકલ મનોરથ તુમચી સાહાયે સિધ્યારે
નિગુણા પણ વલી એક પલકમે જગત પૂજ્ય તેં કીધ ॥સમ૦ ૪॥
જ્ઞાનવિમલ પ્રભુની પટરાણી સઘલે આગમે જાણીરે
સહજ સમાધિ વશે ગુણે આણી જ્ઞાન ચરિત્ર ગુણખાણીરે
॥ સમ૦ ૫ ॥

ઇતિ.

અથ શ્રી વીસ સ્થાનક કાઉસ્સગ સજઝાય.

સારદ બુધ્ધદાઈ એ દેશી,

અરિહંત પ્રથમ પદે લોગસ ચોવીસ બાર ॥ ૧ ॥
બીજે પદે સિદ્ધા અડવન્ના પનર વિચાર ॥ ૨ ॥
પવયણ પદે નવ સગ સુરી પદે છત્તોસ ॥૩-૪॥
થિવિરે દસ પ વાચકે દ્વાદશ વલી પણવીસ ૬ ॥ ૧ ॥
ત્રુ૦ તિમ ઇગવીસ અને સગવીસ સાધો પદે આરાધો ॥ ૭ ॥
નાણા પદે પણ ૮ દંસણે સતસઠિ ॥ ૯ ॥
વીનયપદે દસ સાધો ॥ ૧૦ ॥
ચારિત પદે પટ સત્તર કહી જે ॥ ૧૧ ॥
બંભપદે નવ જાણો ॥ ૧૨ ॥
કિરિયા તેર અને પણવીસા ॥ ૧૩ ॥

બારસ તપે મન આણે ૧૪ ॥ ૨ ॥
ગોયમ પદે સગ દસ ૧૫ લોગસ્સ દશ જિન નામ ૧૬
ચારિત્તપદે ઇગદશ ૧૭ નાણે પણ અભિરામ ૧૮
ઇમ વલી પણ લોગસ સુત પદે કાઉસ્સગ્ગો કીજે ૧૯
પણ લોગસ વીસ તીર્થ પદે પ્રણમી જે ૨૦ ॥ ૩ ॥

ટુ૦ તિમ કીજે દોઇ સહસ ગુણ ન સ્યું સ્થાનિક આરાધી જે
વીસવાર ધમ વિધિસ્યું કરતાં તીર્થંકર પદ લીજે
નામ ફેર દીસે બહુ ગ્રંથે પણ પરમારથ એક
ઉભય ટંક આવશ્યક જયણા કીજે ધરીય વિવેક ॥ ૪ ॥

કાઉસ્સગ્ગનો વિધિ જે દાખ્યો તપ આરાધન હેતે
શાસ્ત્રમાંહિ નવિ દીસે તો હિ પરંપરા વિગતે
ચોથે અથવા છઠ્ઠે થાંનિક કરતાં લહીયે પાર
ધીરવિમલ કવિ સેવક નય કહે તપ શિવ સુખ દાતાર ॥ ૫ ॥

ઇતિ.

અથ શ્રી ત્રીસ મહા મોહનીય સજ્ઝાય.

સારદ બુધદાઇ એ દેશી.

જિન શાસન જાણી આણી શુભ પરિણામ
સંયમ ખપ કરવા થાએા કરી મન ઠામ
મોહનીય કર્મ જે ચોથું ભવનું મુલ
ત્રીસ થાંનક તેહનાં મહામોહ અનુકૂલ ॥ ૬ ॥
ટુ૦ જલમાંહિ બોલી ત્રસ હિંસે ॥ ૧ ॥
કર પ્રમુખે મુખ બુંદીમારે ॥ ૨ ॥
સિસે વાધર પ્રમુખ વિંટે ॥ ૩ ॥

વલી ભોગરે કરી ગુંદ ॥ ૪ ॥
નવોદધિ પડતા દ્વીપકલ ॥ ૫ ॥
જે ઉત્તમ જન મૃત્યુ ચિંતે ॥ ૬ ॥
છતિ શકિત પણ ગ્લાનાદિકની પ્રતિ ચરણાદ્ય ન વરને ॥ ૭ ॥
વલી ધર્મી જનને હઠસ્યું ધર્મ છંડાવે ॥ ૮ ॥
રત્નત્રય મારગ કારકને ભંડાવે ॥ ૯ ॥
જિણ તાણી પ્રમુખના દોષાદિક ઉઘારે ॥ ૧૦ ॥
ગણિ વાયગ ઉપકૃતિ કારકને ભંડાવે ॥ ૧૧ ॥
૩૦ તાડે વચન થકી નવિ સંતોષે ॥ ૧૩ ॥
નિમિત્ત આધિકરણાદિક ભાખે. ॥ ૧૪ ॥
તીર્થ ભેદ કરવા જોગ જોડે વશીકરણાદિક આખે ॥ ૧૫ ॥
પચખી ભોગ અને વલી વાંછે ॥ ૧૬ ॥
અજાણ્યો હું કહે બહુ ભણીયો ॥ ૧૬ ॥
તપ વિણ તપીઓ નામ ધરાવે ॥ ૧૭ ॥
ઉપકૃતિ ન લહે રણીયો ॥ ૧૮ ॥
વલી ધૂમ અગ્નિ સ્યુ હિંસા બહુની ચિંતે ॥ ૧૯ ॥
કરે આપે મા પાપજ અન્ય વાયંતે ॥ ૨૦ ॥
અશુભાશય કહે સત્યને અસત્ય સભામાંહિ ॥ ૨૧ ॥
વિસાસી પરધન લેવે ॥ ૨૨ ॥
પરસ્ત્રી સેવે પ્રાંહિ ॥ ૨૩ ॥
૩૦ નહિ કુમારને કુમારપણું કહે ॥ ૨૪ ॥
કુશીલ કહે સુશીલ ॥ ૨૫ ॥
દ્રવ્ય ગ્રહે વચોને પોતે જેહથી પામ્યો લીલ ॥ ૨૬ ॥
દેવને દેખે ને કહે દેખું ૨૬ કલહે કિમહિ ન થાકે ॥ ૨૭ ॥
રાજાદિક બહુ જનનો નાયક હિસન તેહનું તાકે ॥ ૨૮ ॥
જેહથી જસ પામ્યો કરે તેહને અંતરાય ॥ ૨૯ ॥
કરે દેવ અવજ્ઞા હું છું પ્રત્યક્ષ દેવ કહાય ॥ ૩૦ ॥

એ ત્રીસે બોલે મહા મોહનીય બાંધે
ઉત્કૃષ્ટે બાંધે કર્મ વિપાકને સાધે
ઢા૦ એહને છેહીજ ઉત્તમ કર્મ નિહાચિત ત્રોટે
એહિજ વીર્ય ઉલ્લાસે પ્રાણી ક્ષપક શ્રેણિને જોડે
જ્ઞાનવિમલ ગુણ ગિરૂયા પાવે ચોથે અંગે વિચાર
આવશ્યક નિર્યુક્તિ ભાખ્યા વિસ્તરથી અધિકાર ॥ ૫ ॥

ઇતિ.

અથ ચંદનબાલાની સજ્ઝાય.

મારૂં મન મોહ્યુંજી ઇમ બોલે ચંદનબાલા
ફલિયો સુરતરૂ સાલે મારૂં૦ ॥ એ આંકણી ॥

હું રે ઉંબરડે બેડી હું તી અઠમ તપને અંતે
હાથ દશકલા ચરણે નેઉર માહરા મનની ખંતિ ॥ મારૂં૦ ॥ ૧ ॥

શેઠ બનાવહ આણી દીધા અડદ બાકૂલા ત્યારે
એહવામાં શ્રી વીર પધાર્યા કરવા મુગ નિસ્તાર ॥ મા૦ ૨ ॥

ત્રિભુવન નાયક નિરખી નયણે હરખી ચિત્ત મઝાર
હરખાંરયુ જલરયું વરસંતી અડદ દિયે તિણિ વાર પતિલાભ
જયકાર ॥ મા૦ ૩ ॥

પંચ દિવ્ય તર દેવ કૃત શુચિવર વરસી કંચન ધાર
માનું અડદ અન્ન દેવા મસિ વીર કર્યા તિણ વાર ॥ મા૦ ૪ ॥

જ્ઞાનવિમલ પ્રભુજીને હાથે લીધો સંયમ ભાર
વસુમતિ તવ કેવલ લઇ પામી ભવજલ પાર ॥ મા૦ ૫ ॥

ઇતિ.

અથ શ્રી નવકાર પદાધિકારે ઉપાધ્યાય પદ સજ્ઝાય.

રાગ–પાંચે પાંડવ વાંદત એ દેશી.

ચોથે પદ ઉવજ્ઝાયનું, ગુણવંતનું ધ્યારો ધ્યાનરે
યુવરાજા સમ તે કહ્યો, પદેસૂરિ ન સૂરિ સમાનરે

ત્રુટક.

જે સૂરિ સમાન વ્યાખ્યાન કરે પણ નવિધરે અભિમાનરે
વળી સૂત્રારથનો પાઠ દીએ ભવિ જીવને સાવધાનરે ॥ ૧ ॥
અંગ અગીયાર ચોદ પૂર્વજે, વળી ભણે ભણાવે જેહરે
ગુણ પણવીસ અલંકર્યા, દૃષ્ટિવાદ અરથના ગેહરે

ત્રુટક.

બહુ નેહે અર્થ અભ્યાસ સદા મને ધારતા ધર્મ ધ્યાનરે
કરે ગચ્છની ચિંત પ્રવર્તક કહિએ થિવિરને બહુ માનરે ॥ ૨ ॥
અથવા અંગ ઇગ્યાર જે વળી તેહના બ ૨ ઉપાંગરે
ચરણ કરણની સિત્તરી જે ધારે આપણે અંગરે

ત્રુટક.

વળી ધારે આપણે અંગે પંચાંગી સમતે સુધી વાણીરે
નયગમ ભંગ પ્રમાણ વિચારને દાખતા જિન આણરે ॥ ૩ ॥
સંઘ સકલ હિતકારિયા, રત્નાધિક મુનિ હિતકારરે
પણ વ્યવહાર પ્રરૂપતા કહે, દશ સામાચારી આચારરે

ત્રુટક.

કહે દશ સામાચારી આચાર વિકારને વારતા ગુણગેહરે
શ્રી જિનશાસન ધર્મધુરા નિરવાહતા શુચિ દેહરે ॥ ૪ ॥
પચવીસ પચવીસી ગુણતણી, જે ભાખી પ્રવચનમાંહિરે
મુક્તાફલ માલાપરે દીપે જશ અંગે ઉચ્છાહિરે

ત્રુટક.

જસદીપે અતિ ઉચ્છાહ અથાહ ગુણે જ્ઞાન વિમલથી એકતારે

એહવા વાચકનું ઉપમાન કહું કિમ જેહથી શુભ ધ્યાનરે ॥ ૫ ॥

॥ ઇતિ ॥

અથ શ્રી નવકાર પદાધિકારે નવકાર મહિમા વર્ણન સ્તવન.

રાગ-માઇધન સુપન તું એ દેશી.

પંચ પરમેષ્ટિ પદ મંત્રે નવકાર, શિવ પદનું સાધન પ્રવચન કેરૂં સાર.
એક અક્ષરનું જપતાં સાત સાગરનું દુઃખ, નાશે સઘળે પદ પણ
સય સાગર દુઃખ ॥ ૧ ॥

નવપદ વળી સંપદ આઠ અક્ષર અડસઠ્ઠિ, ગુરૂ અક્ષર સાતજ લઘુ
અક્ષર ઇગસઠ્ઠિ

જો વીધિશું જપીએ ગુરૂમુખ વહી ઉપધાન, વળી નિર્મળ ચિત્તે
સમકિત વિનય પ્રધાન ॥ ૨ ॥

હોય બહુ ફલદાયક બહુ પરલોકે સાર, સિદ્ધિ સઘળી એહમાં ચૌદ
વિદ્યા આધાર

બહુ ભેદે ધ્યાવો કમલ કર્ણિકા કાર, વળી રહસ્ય ઉપાંશુ ભાષ
જાપ ત્રણ સાર ॥ ૩ ॥

વળી દ્રવ્યે ભાવે એહના અનેક વિધાન, ગુરૂવિનયથી લહીએ
થાપના પંચપ્રસ્થાન

સવિ મંગલમાંહિ પરમ મંગલ છે એહ, સવિ પાપ નસાડે તાડે
દુરિત અછેહ ॥ ૪ ॥

એનું માહાત્મ્ય જ્ઞાનવિમળથી જાણી; આરાધો અહનિશ જિમ
સુખીયા થાઓ પ્રાણી.

અંતર આતમથી લહિએ એહ સ્વરૂપે, પરમાતમ ભાવે એહ છે
છે સિદ્ધિ સ્વરૂપ ॥ ૫ ॥

॥ इति नवकार महिमा गुणवर्णन सज्जाय सम्पूर्णः ।
॥संवत १७७६ वर्षे माधवमासे कृष्णापक्षे नवम्यां तिथौ भृगुवासरे॥

અથ મનોરમા સતીની સજ્ઝાય.

નમો નમો મનહ મહા મુનિ. એ દેશી.

મોહનગારી મનોરમા શેઠ સુદર્શન નારીરે
શીલ પ્રભાવે શાસન સુરી થઇ જરા સાનિધિકારીરે ॥ મો૦ ॥૧॥
દધિવાહન નૃપની પ્રિયા અભયાદિય કલંકરે
કોપ્યો ચંપાપતિ કરે શૂલિ રોપણ વંકેરે ॥ મો૦ ॥ ૨ ॥
લે નિસુણી ને મનોરમા કરે કાઉસગ ધરી ધ્યાનરે
દંપતિ શીલ જો નિર્મલું તો વધ્યો શાસન માનરે ॥ મો૦ ॥ ૩ ॥
શુક્તિ સિંધાસન થયું શાસન દેવી હજુરરે દોષ ગયા સવિ દૂરરે
સંયમ ગ્રહી થયા કેવલી હોય સનુરરે ॥ મો૦ ॥ ૪ ॥
જ્ઞાનવિમલ ગુણ શીલથી શાસન શોભા ચઢાવેરે
સુર નર સવિ તસ કિંકરા શિવસુંદરી તે પાવેરે ॥ મો૦ ॥ ૫ ॥

॥ इति ॥

અથ શ્રી રહનેમીનું સ્તવન.

રાગ છેટોનાંજી.

દવરીયા મુનિવર છેડો નાંજી. સંયમવ્રત ભાગે છે., યદુકૂલને દુષણ લાગેછે,
છેડો નાંજી નાંજી નાંજી નાંજી નાંજી ॥ આંકણી ॥
અગ્નિકુંડમાં નિજ તનુ હોમે પણ વામ્યું નવિ લેવે
તેહ અગંધન કુલના ભોગી તું કિમ કરી વિષ સેવે ॥છેડો૦॥૧॥
લોક હસે વળી ગુણ સવિ નીકસે દુરગતિ વારી
ધર્મ જાણીને કહો કુણસેવે પાપ પંક પરનારી ॥ છેડો૦ ॥ ૨ ॥
વળી વિશેષે સંયતીની સંગે બોધી બીજ બલી જાવે

સાહિબ બંધવ નામ ધરાવે ધમકિમ લાજ ન આવે ।।છેડો૦।।૩।।
મૂરખ કોઇ કરે કહો ચંદન છાર કોઇલા કામે
વિષ હલાહલ પાનથકી કહો કુણ ચીરંજીવીત કામે ।।છેડો૦।।૪।।
રાજુલવાળા વચન વિશાલા જિમ અંકુશ સુંડાલા
તિમ થિર કરી રહનેમી પ્રગટી તવ જ્ઞાનવિમલ ગુણમાલા
।। છેડો૦ ।। ૫ ।।

।। ઇતિ૦ ।।

અથ શ્રી વણઝારાની સઝાય.

રાગ ગોડી.

નરભવ નગર સોહામણો મારા નાય કરે, તું ન્યાયે વણજ રેય
હોવણ ઝારારે
ભાઇ ભરે શુદ્ધ વસ્તુનો મારા૦, અતિહિ અમૂલિક લેયહો વણઝારારે ।।૧।।
સાત પાંચ પોઠી ભરે મારા૦, લેયે સંબલસાર હોવણ ઝારારે.
વહોરતિ વારૂ રાખે માહરા૦, શેઠશું રાખે વ્યવહાર હોવણ ઝારરે. ।।૨।।
સેહરો રહે સાથમાં માહરા૦, વશ કરે ચાર ચોર હો વણઝારારે
પાંચ પાઠોસી પાંડુઆ માહરા૦, આઠે મદકી દોર હો વણઝારારે ।।૩।।
વાટવિષમ ભવ પાલી છે માહરા૦, રાગદ્વેષ દોય ભીલ હો વણજારારે
ચોકી ચોકસ તેહની કરે માહરા૦, જિમ હોય અવિચલ ઠામ હો
વણઝારારે ।। ૪।
કાયા કામિની ધમ કહે માહરા૦, સુણી તું આતમરામ હો વણઝારારે
જ્ઞાન કહે ધમને ભયથકી માહરા૦, પામે અવિલચલ ઠામ હો વણઝારારે
।। ઇતિ૦ ।।

અથ ચેતનની સજ્ઝાય.

સહુકો સુણજોરે કરમ સમો નહિ કોઇ. એ દેશી
ચેતન ચેતજોરે એ કાલ ન મેહલે કેડો સબલ શીઘ્ર સાથે લેજો
કીના સબસેં છે નેડો ।। ચેતન૦ ।। ૧ ।।

છાયા મિસ કરીયે નિત્યે છલ ગવેખે છાનો
અચિંત્યાનો પકડી જાસે કાંધક ચડાવી બાંનો ।। ચેતન૦ ।। ૨ ।।
તનુ રૂખ એ જીવ બઠેરો ઇચ્છા રાખે રમતો
ફરર કિનાસ એ સમલી પેરે લેઇ જાસે ભમતો ।। ચે૦ ।। ૩ ।।
બાલા બુઢા ગરબે હુતા યોવન વય લઈ જાવે
કાચાં પાકાં સઘલાં બેડાં એહને દયા ન આવે ।। ચે૦ ।। ૪ ।।
તું જાણે પરવારી જાશું લોચ્યા સઘલા ધોઈ
હાહો કરતાં લેઇ જાશે સહુ કો રહે યમ જોઇ ।। ચે૦ ।। ૫ ।।
તું અમર પેરે થઇને બેઠો લોચ્યા વાલે મૂઢ
લખપેતિ નરપતિ શેઠ સથવાહ તુજ આગલ કેઇ બુઢ ।। ચે૦ ।। ૬ ।।
આજ કાલને પોર પરારે ધરમ વિલંબજ કરજો તો
ક્ષણ ક્ષણ આયુ ઓછો થાયે અંજલી જલ જિમ ખરતો ।।ચે૦।।૭।।
તાહરે તો રોહણમાં ગાજે બેહરો થઇને બેઠો
તુજ આગલ કેઇ નર ચાલ્યા તું એ પંથે પેઠો ।। ચે૦ ।। ૮ ।।
વાર કવાર એ સુખી દુઃખી ન ગણે એક એ ટાંણું
અવર રૂઠા તે દામે પાચે નવ લે એહનું આણું ।। ચે૦ ।। ૯ ।।
નિશ્ચિંતા નવિ સુવે પ્રાણી જમનો ઝાઝરે જોરો
માતપિતાદિક જોતાં લેશે કેહનો ન ચાલે તોરો ।। ચે૦ ।। ૧૦ ।।
સામરથાઇ ચેત્યો નહિ પ્રાણી આવે આયુ બહુ ઝુરે
બુડતાં વરે કેહવી લાગે સાયરને જિમ પુરે ।। ચે૦ ।। ૧૧ ।।
રાત દિવસ ચાલે એ પંથે કિણે ન જારે કલિયો
થાવચ્ચાદ્રિકને મુનિ ચેત્યા તેહને એ ભય ટલિયો ।। ચે૦ ।। ૧૨ ।।
પાંણી પહેલી પાલ જે બાંધે જે બાંધે જે જગમાંહિ બલિયો
ઘર લાગે કૂવો જે બોદ્ધે તે મૂરખમા ભલિયો ।। ચે૦ ।। ૧૩ ।।
જરા કુતી યોવન એ સસલો આહેડી જમ જાણો
જિહાં જાશે તિહાં એ મારે ચિત્તમાં કાં નવિ આણો ।।ચે૦।।૧૪।।
એહવો જાણી ધરમ આરાધો શું કરે તે જમ બલિયો
શ્રી વીરવિમલ ગુરૂ શીખ વિશુદ્ધ કહે જઈ શિવપુરમાં ભલિયો
।। ચે૦ ।। ૧૫ ।।

આત્મશિક્ષાની સજ્ઝાય.

જોજો રે એ યૌવનમાં જાણું કેઈ દિન રહેશે રે
ઘણા દિવસની પીતડી કાંઇ ભલું મુજને કહેશે રે ॥ જો૦ ॥ ૧ ॥
યૌવનવય યુવતી રસ રાતો ધન કારણ બહુ ધાતો રે
પુદ્ગલ શું નિશદિન રહ્યો રાતો ડાલ ન જાણ્યો જાતો રે ॥જો૦॥૨॥
જાતેરે ૪ણે યૌવનીયે વલી જશ રાખશે મેહલીરે
સ્નેહે લોહી ચૂસી લેઈ તિલને જેમ કરે તેલીરે ॥ જો૦ ॥ ૩ ॥
કાલા તે ધોલા થયા એ તનનો જોરો ભાગ્યો રે
ઇચ્છા ઇંધ કેરી બહુ વાધે લોભ પિશાચ તે લાગોરે ॥ જો૦ ॥૪॥
શ્રવણે કાંઈ સુણે નહિ એ આંખે પણ નવિ સુઝેરે
લાખ ગમે લાલોચુવે એ મુરખ તોહિ ન બુઝેરે ॥ જો૦ ॥ ૫ ॥
દાંત સવિ મુખથી ગયા એ હાથ પગ નવિ હાલેરે
ચિંતયો કામ એ નવિ થવે એ ગરઢપણાં બહુ સાલેરે ॥જો૦॥૬॥
સજ્જન વર્ગ સહુ ઇમ ભાંડે જડ તે શું'ય એ જાણેરે
લવ લવ કરતો લાજે નહિ એ કેા ન ગણે તૃણ તોલેરે ॥જો૦॥૭॥
વંઠ વહુરો ધણીપરે બોલે તાત ઘાડીઓ તાંણોરે
લાઠી લેઈ લુંડીને હાંકે એ વૃદ્ધતણાં સુખ માણોરે ॥ જો૦ ॥૮॥
કટુક વચન સુણી ઇમ શ્રવણે શિર ધુણે બહુ દુઃખેરે
જરાએ જરણ કર્યો એ આંખે આંસુ ચુવેરે ॥ જો૦ ॥ ૯ ॥
સાત લલા આવી અડયા એ કેહને જઇને કહીયેરે
અવસર તો ચેત્યો નહિ પ્રાણી સમતાયે હવે સહીયેરે ॥જો૦॥૧૦॥
હાય હાય જન્મ એલે ગયો એ સજન વિણ રંગસું મોહિયોરે
પાપ કરી આણીને પોસો નરભવ એલે બોયોરે ॥ જો૦ ॥ ૧૧ ॥
જાણતા પણ કેઈ ભવ પાણી કરિ જિમ કચરે ખુંચેરે
મોહ મહા લાલે ગુંથાણા બોલે મચક જિમ ગુચેરે ॥ જો૦ ॥૧૨॥
એહવો જાણી ચિતમાંહિ આણી પુન્ય કરો ભવિ પાણીરે
જન્મ જરા કરવું નહિ હોવે ઇમ કહે કેવલ નાણીરે ॥ જો૦ ॥૧૩॥

પંડિત વીરવિમલ ગુરૂ સેવક વિશુધ્ધ કહે ચિત્ત ધરજોરે
એ સંસાર અસાર મન આણી ધર્મ તે વહેલો કરજોરે ॥જે૦॥૧૪॥
॥ ઇતિ ॥

અથ શ્રી તેર કાઠીયાની સજ્ઝાય.

અથ આલસ કાઠીયાની પ્રથમ સજ્ઝાય.

દૂહા.

પાસ જીણેસર પય નમી સમરી સરસતી ગાય
સાનિધ કરજો માહરી દેવિ કરી સુપસાય ॥ ૧ ॥
ભવિ પ્રાણી ભલે ભાવસ્યું સુણજો દેઈ કાન
આપણ પું વિચારીને પરિહર્યો અભિમાન ॥ ૨ ॥
ધર્મ કરસન નવિ દિયે દુરજન કહીયા તેર
નરગ પંથ નિશ્ચે હોઈ નહિ તિહાં કારને ફેર ॥ ૩ ॥

ગાથા:—[1]આલસ [2]મોહ [3]અવન્ના [4]થંભા [5]કોહા [6]પમાય [7]કવિણતા
[8]ભય [9]સોગ [10]અનાણા [11]વાખેવ [12]કોહલા રમણા ॥ ૪ ॥

દેશી હમીરાની તથા નણંદ ભોજાઈ એ જણાં એહની

આલસ અંગથી પરિહરો આલસ તે દુખદાય સલુંણે
અલ્પ આલસુ ઘર વસે લછ તે દૂરે જાય સલુંણે ॥ આ૦ ॥ ૧ ॥
આલસુ અલગો ધરમથી આલસુને સંદેહ સલુણે
ખણ ખણ નિત નવા ઉપજે હિયડે તે વિસેસ સ૦ ॥ આ૦ ॥૨॥
પુન્યે નરભવ પામીયો ચિહું ગતિ ભમતાં જોય સ૦
આર્યજ દેશ ઉત્તમ કુલે ભાગ્યે જનમ હોય સ૦ ॥ આ૦ ॥ ૩ ॥
આલસ પરિહરો પાણીયા ધર્મે ઉદ્યમ માડ સ૦
સામથ્યો સુવી લહી આલસ કાઠીયો છાંડ સ૦ ॥ આ૦ ॥ ૪ ॥
ઇંદ્રી પુરાં પામીને સાંભલ સૂત્ર સિધ્ધાંત સ૦
દેવગુરૂ ધર્મને ઓલખી સેવો મન એકાંત સ૦ ॥ આ૦ ॥ ૫ ॥

આળસે બંધા પ્રાણીયા ન કરે ધર્મ વ્યાપાર સ૦
પામ્યો ચિંતામણિ પરિહરી તે ગ્રહે કાચ ગમાર સ૦ ॥આ૦॥૬॥
ઉદ્યમથી સુખ સંપજે ઉદ્યમે દારિદ્ર જાય સ૦
વિમલલક્ષ્મી ચાકરી ઉદ્યમે સફલ થાય સ૦ ॥ આ૦ ॥ ૭ ॥
આલસ ઉંઘે પીડીયા બહુ લોકે સિદ્ધાય સ૦
પરલોકનું શું પૂછવું ભવોભવ દુઃખીયા થાય સ૦ ॥ આ૦ ॥૮॥
નારી નિભ્રં છે તેહને આલસુ માંહે ધન સ૦
સજ્જનમાં શોભા નહિ આલસુ દુઃખીયો દીન સ૦ ॥ આ૦ ॥૯॥
પામી નર આલસુ ભલા ધર્મી ઉદ્યમવંત સ૦
પંચમ અંગે ભાખીયો ભાવે તે ભગવંત સ૦ ॥ આ૦ ॥ ૧૦ ॥
ધર્મે દિસે બહુ આલસુ પાપે ઉદ્યમવંત સ૦
પાપે પરભવ દુઃખ લહે ધર્મે સુખ અનંત સ૦ ॥ આ૦ ॥ ૧૧ ॥
આદ્ર અરણક અરજણ દ્રઢપ્રહારી ધીર સ૦
આલસ ગોદહું નાંખીને ઉદ્યમે થયા વડવીર સ૦ ॥ આ૦ ॥ ૧૨ ॥
એહવું જાણીને ઉદ્યમે ધર્મ કરો નરનાર સ૦
વીર કહે આલસ વિરમીયે વિશુદ્ધ કરીય વિચાર સ૦ ॥આ૦॥૧૩॥

ઇતિ.

અથ મોહ કાઠીયાની દ્વિતીય સજ્ઝાય.

દેશી પ્રભુની ચાકરીરે એહનો

મોહે વાહો પ્રાંણીયોરે ન કરે ધર્મ સુ ચંગ કે
મોહે મુઝીઓરે દેવગુરૂ નવિ ઓલખેરે ન કરે ઉત્તમ સંગકે
મોહે મુઝીઓંરે. એ આંકણી ॥ ૧ ॥
છારૂડામાં છકયો રહેરે રમે રામાને ધામકે મો૦
ઘડી અથવા અધઘડીરે ન કરે આતમ કામ કે મો૦ ॥ ૨ ॥
હું એહનો એ માહરોરે એ માહરો પરિવાર કે મો૦
રાત દિવસ રાતો રહેરે ભરમે ભૂલ્યો ગમાર કે મો૦ ॥ ૩ ॥
ધર્મે નાવે દુકડોરે બેઠો રમાડે બાલ કે મો૦

સુખનું મૂલ એ સુંદરીરે અવર આલ પંપાલ કે મો૦ ॥ ૪ ॥
ધન ઘર રમણી કારણે રે ન ગણે માને બાપ કે મો૦
લોકની લજ્જા પરહરીરે ન ગણે પુન્ય ને પાપ કે મો૦ ॥ ૫ ॥
રાગી નર બહુ દુખ સહેરે જિમ જગ ચોલ મજીઠ કે મો૦
તલ સરસવને પીલતાં રે વેહુક નયન દીઠ કે મો૦ ॥ ૬ ॥
રાગદ્વેષ મૂલ કર્મનુંરે રસનું મૂલ એ વ્યાધ કે મો૦
દુઃખનું મૂલ સનેહ છેરે એ છાંડે સમાધ કે મો૦ ॥ ૭ ॥
શિવપુર જાતાં શંખલા રે હોયે દુશમન જોર કે મો૦
શાતનું સાહુ નવિ રહે રે નાઠે મોહની ચોર કે મો૦ ॥ ૮ ॥
સ્વારથીઓ જગમાં સહુરે ભોલાને પડી ભલ કે મો૦
સુરીકાંતા ચુલણી પરેરે એ સંસારનું સૂલ કે મો૦ ॥ ૯ ॥
એહવું જાણીને ઉદ્યમેરે મોહને દેશે મારકે મો૦
સુરામાં શિરોમણીરે સિદ્ધવધૂ ઉરહાર કે મો૦ ॥ ૧૦ ॥
શ્રી વીર કહે મોહ કાઠીયેરે વિરમો વિસવા વીસ કે મો૦
વિરમ્યાથી જગમાં હશેરે વિશુદ્ધ જગના ઇશ કે મો૦ ॥ ૧૧ ॥

ઇતિ.

અથ શ્રી અવજ્ઞા કાઠીઓ તૃતીય સજ્ઝાય.

દેશી જી હો જાણું અવિચ પ્રભુજને એહની.

જી હો અવજ્ઞા કરતાં જીવડા પ્રાણી બાંધે બહુલાંરે કર્મ
જી હો ભવસાયર ભૂરિ ભમે પ્રાણી દુષ્કર તસ શિવ શર્મ ॥૧॥
ચતુર નર અવજ્ઞા દૂર નિવાર એ આંકણી
જી હો આપ ગુણે અધુરડા પ્રાણી પર ગુણ લે વારે મુંગ
જી હો બોધિ બીજ દુષ્કર તસે પ્રાણી ભવ માંહે ભમે તુંગ ॥ચતુ૦॥૨॥
જી હો નિંદક નર એહવા હોયે પ્રાણી જિમ જગત લોક સભાવ
જી હો રૂધીર પીયે પય પરિહરે પ્રાણો હરખે છીદ્રે પાવ ॥ચ૦॥૩॥
જી હો સુધાસમ સદા ગમ તજી પ્રાણી પીયે નંદક વિષ પુર
જી હો ભુડ સુયર ભૂખર કરે પ્રાણી પરિહરે કુર કપૂર ॥ચ૦॥૪॥

જી હો આપણી ઉનત કારણે પ્રાણી અછતા પરનારે દોષ
જી હો તલસમ છીદ્ર પરતણો પ્રાણી દાખવે મેરૂ લેખ ।।ચ૦।।૫।।
જી હો અવજ્ઞા કરતા બાપડા પ્રાણો ન ગણે શ્રાવક શ્રાદ્ધ
જી હો ધાનપરે ભસતા દીસે પ્રાણી બાંધે કર્મ અગાધ ।।ચ૦।।૬।।
જી હો ધર્મ ધ્યાનથી વેગલા પ્રાણો સાધુ સંગમથીરે દૂર
જી હો ખર લોટે જિમ રાખમાં પ્રાણી છાંડી ગંગાજલ પુર ।।ચ૦।।૭।।
જી હો એહવું જાણોને આદરો પ્રાણી સેવો સદ્‌ગુરૂ પાય
જી હો કારણે કારજ જાણીયે પ્રાણી શિવસાધન ઉપાય ।।ચ૦।।૮।।
જી હો સમભાવે રહુતે મીલે પ્રાણી શીવસુખ કેરીરે સંઘ
જી હો તપ કિરિયા તસ કુલ હોય પ્રાણી નહીતર હોય બંધ ।।ચ૦।।૯।।
જી હો અવજ્ઞા કાઠીયો પરહરી પ્રાણી કીજે ઉત્તમ સંગ
જી હો વીર કહે વિશુધ્ધે એહજ પ્રાણો શિવપુર જવા એ અંગ
।। ચ૦ ।। ૧૦ ।।

ઇતિ.

અથ માન કાઠીયાની ચતુર્થ સજ્ઝાય.

ઈડર આંબા આંબલીરે એ દેશી,

માન ન કીજે માનવીરે માન તે દુઃખ નિદાન
માને હોય મલિનતારે જિમ જગ કોહ્યું પાન ।। ૧ ।।
સુગુણ નર ગરવપણે ગુણ જાય ભવિજન ગવરપણું દુઃખદાય એ આંકણી
અતિ અભિમાની આકરારે ન નમે દેવ ગુરૂને પાય
હું હુકાર કરે ખર પરેરે સાધુ સંગે નવિ જાય ।। સુ૦ ।। ૨ ।।
માની મનમાં ચિંતવેરે હું એક ચતુરસુજાણ
અમે કામ મોટાં કર્યાં રે શું જાણે લોક અજાણ ।। સુ૦ ।। ૩ ।।
સેલ ખંભ જિમ સદા રહે રે વંકો વયરિ અભિમાન
નમાવ્યો નમે નહીરે દૂરે તસ ધરમ ધ્યાન ।। સુ૦ ।। ૪ ।।
શું જઇયે ઉપાશ્રયેરે કોઇ નવિ દિયે બહુ માન

ધર્મલાભ ગુરૂ નવિ દિયેરે એમ બોલે અભિમાન ॥ સુ૦ ॥ ૫ ॥
મુરખ મનમાં નવિ લહેરે તુજમાં હોસ્યે ગુણ
આદરે આધો બેસારશેરે કહે જા જાસ્યે કુણ ॥ સુ૦ ॥ ૬ ॥
માનીનું મન રાખવારે બોલાવી દેય માન
તિમ તિમ કુલી દડો હોયરે અધિક ધરે અભિમાન ॥ સુ૦ ॥ ૭ ॥
સન્નિપાત એક સહજનોરે સાકર દુધ વલી સંગ
વણ ઉદ્યમ વધતો હોયરે જિમ ગલિનો રંગ ॥ સુ૦ ॥ ૮ ॥
વરસવને કાઉસ્સગ્ગ રહ્યારે બાહુબલિ બલવંત
માન મેહલી મુગતે ગયારે આપ થયા અરિહંત ॥ સુ૦ ॥ ૯ ॥
ચોથો ચંડાલ કાઠીયોરે દૂર તજો અભિમાન
વીર વિશુધ્ધે આદરો રે શિવરમણી કરે સાન ॥ સુ૦ ॥ ૧૦ ॥

ઇતિ.

અથ ક્રોધ કાઠીયાની પંચમ સજ્ઝાય.

સંયમ મારગ સુધો પાલે આતમને અજુઆલે. એ દેશી
પંચમો કાઠીયો પરિહરો પ્રાણી પરમ પદનો વયરી
ધર્મ ધનનો ધૂતણહાર જા જલમ એ જહેરી રે ॥ ૧ ॥
પ્રાણી ક્રોધ કરો પરિહાર. એ આંકણી.
સમકિત સુરતરૂ છાયા પામે દેસ વરત રહે દૂર
સર્વ વરત સુર સંપદ કેરા પામે નહિ સુખ પુરરે ॥ પ્રા૦ ॥ ૨ ॥
ક્રોધે કરી મુખ હોય કાલું ભૃકુટી ભયંકર રાતી
કીનાસ કુઅર સરિખો દિશે આતમ ગુણનો ઘાતી રે ॥ પ્રા૦ ॥ ૩ ॥
ક્રોધે આવશે કાંઇ ન જાણે હિત અહિત નિવાર
વારે તિમ તિમ વધતો થાયે કરે કેઇ ઉતપાતરે ॥ પ્રા૦ ॥ ૪ ॥
ધર્મી ઉપર દ્વેષ ધરીને ધર્મ સ્થાનકને છોટે
એક ઉપર અદેખાઇ આણી સહુ સંઘાતે તોડે રે ॥ પ્રા૦ ॥ ૫ ॥
જો એ આવશે એણે ઠામે તો મુઝ આવણ નિયમ
મન મેલે મછરાઇ કરતો સદ્ગતિ પામે કેમરે ॥ પ્રા૦ ॥ ૬ ॥

માઇ મછરી મુસાવાઇ ક્રોધી કુગતિ ગામી
અદીઠ કલ્યાણીયા ઉદ્વેગકારી પ્રત્યક્ષ પરમા ધામીરે ॥ પ્રા૦ ॥ ૭ ॥
પુરવ કોડિ લગે જે પાલ્યું સંયમ સુખનું મૂલ
દાય ઘડીમાં ક્રોધે બાલી ધર્મ્યું સોનું કર્યું ધૂલરે ॥ પ્રા૦ ॥ ૮ ॥
ક્રોધ અંતર દાહ સમાવો સિંચો સદાગમ વાણી
સુગુરૂ શિખ સુધા સમ પીજે વરવા શિવ પટરાણીરે ॥પ્રા૦૯॥
ક્રોધ કાઠીયો ક્રૂર નિવારી અરિહંત આણા પાલે
શ્રીવીર વિમલ કહે વિશુદ્ધ તેનર આતમગુણ અજુઆલેરે ॥પ્રા૦૧૦॥

॥ ઇતિ ॥

અથ પ્રમાદ છઠ્ઠો કાઠીયો સજઝાય.

ચતુર સનેહી મોહન–એ દેશી.

છઠ્ઠો કાઠીયો છંડીયે આતમને અહિતકારોરે
વૈરી તે વાલ્હા નવ કીજે દુરમતિના દાતારોરે ॥ ૧ ॥
પ્રમાદ પરિહરો પ્રાણી એ આંકણી.
પરમાદે પુરા પ્રાણીયા ઇહલોકે સીદાઇરે
પરલોકે શું પૂછવું ભવ ભવ દુઃખીયા થાય રે ॥ પ્ર૦ ॥ ૨ ॥
મધરાયક્ષયું તુ ઉદ્ધારિકા વિષય–લલિતાંગ વગોયો રે
ક્રોધે કેઈ કુગતિ ગયા વિકથાયે ધર્મને ખોયો રે ॥ પ્ર૦ ॥ ૩ ॥
પરમાદે પૂર્વ વીસરે વિસરે અરથ વિચારો રે
રાંક થઈ તે રડવડયા રૂલે બહુલ સંસારરે ॥ પ્ર૦ ॥ ૪ ॥
રશનાયે રસીયા કરે વિકથા ચાર રસાલો રે
કરતા સરસ સવાદને નિરવહે તું જંજાલોરે ॥ પ્ર૦ ॥ ૫ ॥
આલ જંજાલ કેઈ ઉંઘમાં ઝંખણા બહુ જંજાલો રે
હાસીમાં હર્ષ ઘણો કહુવાં કર્મ રસાલો રે ॥ પ્ર૦ ॥ ૬ ॥
પંચમહાવ્રત પાલતાં પાલતાં પાંચ આચારોરે
પરમાદ પરવશે તે જુઓ નરકે ગયા નિરધારો ॥ પ્ર૦ ॥ ૭ ॥

પરમાદ પરિહરેા પ્રાણીયા સેવેા સદ્‌ગુરૂ પાયેારે
વિનય વિવેક વિચારણા લહીયે શિવ ઉપાયેા રે ॥ પ્રા૦ ॥ ૮ ॥
સુગુરૂ સદાગમ સેવીયે પરિહરેા પાંચ પ્રમાદેા રે
વીર વિશુધ્ધ પદ એહથી વહીયે જગ જસ વાદેા રે ॥ પ્રા૦ ॥ ૯

ઇતિ.

અથ કૃપણ કાઠીયેા સાતમેા સજ્ઝાય.

ઢાલ. કપૂર હેાએ અતિ ઉજલેા રે એ દેશી

કૃપણ પણાથી બીહતેા રે નાવે ધર્મ સુઠામ
યાચક જન આવે થકે રે ઉઠી જાય કામ રે ॥ ૧ ॥
પ્રાણી જિન વાણી ધરેા ચિત્ત એ આંકણી.
દર્સન દૂરે તેહનું રે નામ ન જપે કેાઇ
દર્શન દૂરે તેહનું રે ચાલે શુકન ન જેાઇ રે ॥ પ્રા૦ ॥ ૨ ॥
કૃપીનું કુગતિ વરે રે સંબલ ન લહે સાથ
પુન્ય કાજે એક પાયકેારે હર્યે ના આપે હાથ રે ॥ પ્રા૦ ॥ ૩ ॥
સજ્જન લેાક આવ્યા આંગણે રે થર થર ધ્રુજે હાથ
પરજન દેખી પ્રીસતાંરે આંખે નીચી અનાથ રે ॥ પ્રા૦ ॥ ૪ ॥
બેટા બેટી પરણાવતાં રે હર્યે ખરચે હજાર
ધર્મ ઠામે લેખું ગણે રે કરે વીસ વિચાર રે ॥ પ્રા૦ ॥ ૫ ॥
ભુંજીને ભુંઇ વાવીયે રે ઉખર ક્ષેત્રે બીજ
સિધ્ધક્ષેત્રે હેાયે સેા ગણું રે અધિક હેાય રસ રીઝ રે ॥પ્રા૦॥૬॥
શાલિભદ્ર સુખ ભેાગવે રે દેતેા દાંન પસાય
શ્રેણિક સરિખેા રાજીયેા રે જોવા આવ્યેા ઉછાંહી રે ॥ પ્રા૦ ॥ ૭ ॥
મૂરખ નર જાણે નહી રે દાંને દલિદ્ર જાય
જગ જસવાદ હેાઇ ઘણેા રે દાન તે શિવ ઉપાય રે ॥ પ્રા૦ ॥ ૮ ॥
કૃપણપણું ભવિ પરિહરેા રે ઉલટે દીજે દાન
વીર વિશુધ્ધ પદ એહુછે રે ઇમ ભાખે ભગવાન રે ॥પ્રા૦॥૯॥

ઇતિ

અથ કર્મ કાઠીયેા અષ્ટમ સજ્ઝાય.

ઢાલ હુસિને રહ્યાં લેાયણાં એ દેશી.

કર્મ ઉદય હેાયે જેહને હેા રાજ ભાવે ધર્મ સુ ઠામ રે
ભવિકજન સાંભલેા બીહતેા રહે તે આપડા હેા રાજ શીનતાપ
બહુ તાંયરે ભ૦ ॥ ૧ ॥ એ આંકણી.
શું જઇએ ઉપાશ્રયે હેા રાજ ગુરૂ કહે ગિરૂઆં દુઃખ રે ભ૦
ભેાલા જનને ભેાલવે હેા રાજ દેખાડે ઇમ બીકરે ભ૦ ॥ ૨ ॥
રાતદિવસ રંગમેં હેા રાજ વાણી વદે ઇમ સાચ રે ભ૦
પાપ કરમ કરી પરભવે હેા રાજ દુઃખ સહે અગાચ રે ભ૦ ॥૩॥
ભમે સંસારી પ્રાણીયા હેા રાજ આપણે ચાલે કેમ રે ભ૦
પાપે પેટ ભરૂવું સદા હેા રાજ ગુરૂ ભાખે છે ઇમરે ભ૦ ॥ ૩ ॥
આપ અનાણે આવરા હેા રાજ કરે નાણિની બીજ રે ભ૦
ઘરે ઘરે ધર્મી ઉપરે હેા રાજ દુષ્કર તસ બેાધિ બીજ રે ભ૦॥૫॥
ધર્મી જનથી વેગલેા હેા રાજ નાવે સાધુને સંગ રે ભ૦
ફેરૂ જિમ ફરતા રહે હેા રાજ જિમ વન રેઝ કુરંગરે ભ૦ ॥૬॥
મૂરખ નર જાણે નહિ હેા રાજ સુણતાં સૂત્ર સિધ્ધાંતરે ભ૦
ભવસાયર ભુરિ તરે હેા રાજ એહજ મંત્ર મહુ તરે ભ૦ ॥ ૭ ॥
ભય તજિ ભવિ સેવીયે હેા રાજ સુગુરૂ સદાગમ રીઝરે ભ૦
શ્રી વીર કહે વિશુદ્ધ સહી હેા રાજતે લહે સુખે બેાધિ બીજરે ભ૦ ॥૮॥

ઇતિ.

અથ શ્રી સેાગ કાઠીયેા નવમ સજ્ઝાય.

તુંગીયા ગીર શિખર સેાહે એ દેશી.

શ્રી વીર વાણી ચિત્ત ધારે વારેા સેાગ સંતાપ રે
સેાગ કરતેા કરમ બાંધે આડતેણ હું આપ રે ॥ શ્રી૦ ॥ ૧ ॥
માત પિતા પરિવાર પરભવ પેાહતાં મંડે સેાક રે
ખાય ખરચે પહેરે પેાલાં ધરમ હામે રેકે રે ॥ શ્રી૦ ॥ ૨ ॥

કુટુંબ કારજ વાત જાણીજ કરે ઘરનાં કામ રે
જાત્ર પુજા ગુરૂ વંદણ નાવે ધરમ સું ઠામ રે ॥ શ્રી૦ ॥ ૩ ॥
વારૂ વસ્ત્ર પહેરી જાય જિમણ કાજે નિઃશંક રે
પુત્ર પુત્રી પરણાવે પ્રેમે ધરમે કાઢે વંક રે ॥ શ્રી૦ ॥ ૪ ॥
ઇમ ન જાણે મૂરખ મનમાં એ સંસાર સ્વરૂપ રે
ગગન બદરી ઉદક બુદાબુદ વીજલી સંઝા રૂપ રે ॥ શ્રી૦ ॥૫॥
સંઝ વેલા એક તરૂવર વિહુગ લે વિસરામ રે
થયે પ્રભાત તેહજ પંખી જાયે ઠામો ઠામ રે ॥ શ્રી૦ ॥૬॥
રાયલ પરિજન એહ ન્યાયે મલિયો તુમ પરિવાર રે
સહુ આપણી ગતે જાશે કરણીને અનુસારે રે ॥ શ્રી૦ ॥૭॥
ચઉ ગતિમાંહે ફરતાં જીવે કર્યા કેઇ પરિવાર રે
કેહી ગતનો શોક કરશો ધમ અનંતી વાર રે ॥ શ્રી૦ ॥ ૮ ॥
મોહનીનો ઉદય મોટો સીતર કોડા કોડ રે
શ્રી વીર વાણી વિશુદ્ધ પીજે નુમો કાઢીઓ છોડ રે ॥શ્રી૦૯॥

ઇતિ.

અથ અનાણ કાઠીયો દશમ સજ્ઝાય.

ઢાલ. દેશી ભટીયાણી રાણીની

અનાણપણાને હોજોરે કેઇ પાણીયા ન સુણે સૂત્ર સિદ્ધાંત
સુણતાં ને શંકા હોા અન્નાણી મન ઉપજે એહ સું ભાખ્યું
મહંત ॥ અના૦ ॥ ૧ ॥
ઉદક બિંદુમાં હોા અસંખ્યાતા કહ્યા અસંખ્યાતે સમુદ્ર ધમ
સોઇને અથ હોા મુલે અનંતા કહ્યા તેહ મનાયે કેમ ॥ અ૦ ॥૨॥
નરકને સ્વર્ગ કોણ જોઈ આવીયો પુન્ય પાપ કુણ હોય
ઉપદેશે કુશલા હોા જગમાંહે ઘણા પોથી વિંગણ જોય ॥અ૦॥૩॥
તપ જપ હોા કિરીયા તનુ સોષવું ખાએા પીયો કરો ખેલ
ભ્રંતમ દિસે હોા જગ એ વાતની અવલો ધીનો મેલ ॥અ૦॥૪॥
સુગુરૂ સેવે હોા સદાગમ સાંભલે તે જુઓ પાપ કરંત

અજાણપણાનો હો કોઈ ધોખે નહીં જાણ્યાનો દોષ મહંત ।।અ૦।।૫।।
જાણીને કરે હો તેહની આલોયણ કરસી ભોલા ભોલા સિદ્ધ
અનાણપણાની હો આલોયણ કહુ ગુરૂ જાણ ને કદીય ન દીધ ।।અ૦।।૬।।
આંધો નર હો જુએ અગડે પડે દેખતો પામે ઠામ
અન્નાણી નર હો અલગો ધર્મથી જ્ઞાની લહે ગુણ ગ્રામ ।।અ૦।।૭।।
અનાહપણામાં હો કાલ અનંતો ગયો જાણપણામાં થોય
જાણ અજાણ હોજો એ તું અંતરૂં સુરજ ખજુયા જોય ।।અ૦।।૮।।
એક નર હો જુએ બેસે પાલખી એક ઉપાડે ઉજાય
પુન્યને પાપ હો જુઓ પટંતરો મુઢા એમ સુમુજાય ।।અ૦।।૯।।
સુક્ષ્મ ભાવ હો કેવલી ગમા રહ્યા મૂરખ ન લહે ભેદ
જ્ઞાન ગુણ હો ભવિ અંગે કરો જે કરે કર્મ ઉચ્છેદ ।।અ૦।।૧૦।।
દસમો દૂરે હો અનાણ કરી કાઢીઓ સેવો સદ્‌ગુરૂ પાય
ધરમ આરાધો હો જે જિનવર કહ્યો શિવ સાધન ઉપાય ।।અ૦।।૧૧।।
વીર વાણી હો પીતાં પાણી પ્રેમસ્યું નાસે કુતર્ક વિભાવ
વિશુદ્ધ હોય હો આતમ આપણો પ્રગટે સહજ સ્વભાવ ।।અ૦।।૧૨।।

ઇતિ.

અથ વ્યાખેપ કાઠીયો એકાદશમો સજ્ઝાય.

દેશી વીંછીયાનો

રાત દિવસ વ્યાખેપમાં લાલ કાલ જાય કેઇ વોલી રે લાલ
ઘર ઘરણી પરિવારમાં લાલ મનડુ મેલુ જોઇ રે લાલ ।। ૧ ।।
વાખેપ ચિંતે વાધ્યો. એ આંકણી.
વાખેપ ચિત્તમાં નવિ હોયા લાલ કારજની કોઇ સિધ્ધરે લાલ
એકો પદારથ નવિ હોઇ લાલ બાજીગર જિમ રીધ્ધરે લાલ ।।વા૦।।૨।।
પડિકમણાં પોસો કરે લાલ સામાયિકને ધ્યાનરે લાલ
વાખેપ ચિત્તમાં જેહને લાલ ન રહે તે કાંઇ માનરે ।। વા૦ ।। ૩ ।।
ધર્મ થાંનક આવે કદા લાલ વાખેપ ચિંતે બબ્બેસેરે લાલ
જિનવાણી પ્રાણી નવિ પોયે લાલ આર્ત ધ્યાનેપેસેરે લાલ ।।વા૦।।૪।।

કીધું ને કરવું ઘણું લાલ સંસારીનું કારજ સારરે લાલ
વાએપ ચિત્તમાં કરે લાલ આગલી આંખ વિચારરે લાલ ॥૩॥૩॥૫॥
બેટા બેટી પરણાવવા લાલ પરિજન પોષણ કાજરે લાલ
ઢોર જિમ બસતો ફિરે લાલ ચિંતે અનેક ઈલાજરે લાલ ॥૩॥૩॥૬॥
વિષય વિષ સરખા કહ્યા લાલ વિષ એક ભવ હારેરે લાલ
વિષય નાણી વિધતા કહ્યા લાલ મારે અનંતી વારરે લાલ ॥૩॥૩॥૭॥
તનુ વ્યાપીત વિષ મંત્રથી લાલ ગારૂડી ડંકે આણેરે લાલ
સકલ વ્યાપીત મન સંકલી વાલ પરમ પદને પામેરે લાલ ॥૩॥૩॥૮॥
દીપ શિખા પરે ડોલતેા લાલ વાએપ ચિત્તને રાખેરે લાલ
શ્રી વીર કહે તેહજ નરા લાલ વિશુધ્ધ પદને ચાખેરે લાલ ॥૩॥૩॥૯॥

ઇતિ.

અથ કુતુહલ કાઠીયેા દ્વાદશમેા સજ્ઝાય.

શીરેાહીના શેરા મંગાવ હેા રાજ એ દેશી

કતેાહલ વાહેા પ્રાણીયેા રાજ ન કરે ધર્મસુ રંગ હેા રાજ
બેઠા ચારે ચૈાટે રાજ કરે હીણાનેા સંગ હેા રાજ ॥ કતે૦ ॥ ૧ ॥
હાસી કરતાં પ્રાણીયા રાજ લઘુતા પામે જોર હેા રાજ
સજ્જનમાં શેાભા નહિ રાજ બાંધે કર્મ કઠોર હેા રાજ ॥૩॥૩॥૨॥
નટ વટ સું મલતેા રહે રાજ વેરયા સું રાખે વગ હેા રાજ
જુવે રમે જુગારી સું રાજ દૂરે સગ અપવગ હેા રાજ ॥૩॥૩॥૩॥
સુગુરૂ ચરણ સેવે નહિ રાજ સાતે વ્યસને સુરા હેા રાજ
ધે લે બેાલે કેાલને રાજ પાપી નર તે પુરા હેા રાજ ॥૩॥૩॥૪॥
વ્રત ગણે વિષ સારખું રાજ ધર્મી સું ન મલે ધાત હેા રાજ
સાધુ સંગે આવે નહિ રાજ દૂરે ધરમની વાત હેા રાજ ॥૩॥૩॥૫॥
ભંડ ભવૈયા બેાડા રાજ વાડી નવ નવ ખંડ હેા રાજ
જોયે ધેાયે ધેાતીયાં રાજ બય તમ બેાલે ભંડ હેા રાજ ॥૩॥૩॥૬॥
રખે રમતા કેાઈ શેાગઠે રાજ નહી ઉત્તમ આચાર હેા રાજ
રમતે રસ રીઝ ઉપજે રાજ સેવે બહુ અનાચાર હેા રાજ ॥૩॥૩॥૭॥

પાંડવ પંચે દ્રોપદી રાજ નલ દમયંતી જોય હો રાજ
વચને તેહ વડંબીયા રાજ સગલું બેઠા ખોય હો રાજ ।।કતો૦।।૮।।
કતુહલ હાંશી નિવારીને રાજ સેવો સદ્‌ગુરૂ પાય હો રાજ
જ્ઞાન આરાધી રંગસ્યું રાજ શિવ સાધન ઉપાય હો રાજ ।।કતો૦।।૯।।
બાર માસ સીમ બારમો રાજ કાઠીયો જગમે જોર હો રાજ
મેલે ઠેલી નરકમાં રાજ પામે દુઃખ અઘોર હો રાજ ।। કતો૦ ।।૧૦।।
સજ્જન સાથે પ્રીતડી રાજ કરતે હોયે ગુણ ગોઠ હો રાજ
વિશુદ્ધ કહે તે રીઝની લાજ કરણી નાવે હોઠ હો રાજ ।।કતો૦।।૧૧।।

ઇતિ.

અથ રમણ કાઠીયો તેરમો સજ્ઝાય.

પ્રણમી સદ્‌ગુરૂ પાય ગાય સું રાજમતી સતિજી એ દેશી
જગમાં જાલમી જોરતર જાત તેરમો કાઠીયોજી
દુરગત વનનું મૂલ અસલ સલાવે એ કાઠીયોજી ।। ૧ ।।
એહનું અકલ સરૂપ કહ્યું ન જાય કામનીજી
રમણતાનું ધામ ભુમાંહે એક ભામનીજી ।। ૨ ।।
રાત દિવસ રસ રંગ રામા સું રાતો રહેજી
બેલ જિમ બલવંત રામા આણા તે સિર વહેજી ।। ૩ ।।
બેટા બેટી ને નાર વયણે નર તે વશ હુવાજી
નિરખી હુરખી ચિત્ત ઘાટ ઘડાવે નવનવાજી ।। ૪ ।।
ન કરે ધરમ લગાર લલના લોયણ રાતો રહેજી
પુન્યે પામ્યો એહ વારંવારે મુખે કહેજી ।। ૫ ।।
વિષય વિડંબા જેહ વિષય વિલાસ વાડી જોયલી
મોહે મોહીયા લોક લાખેણા દિવસો ખોયજી ।। ૬ ।।
ઇંદ્રીય આવરા જેહ નરભવ ખોય બાપડાજી
પામી ચિંતામણ સાર કાગ ઉડાવે તે જડાજી ।। ૭ ।।
મનની મયલી એહ ગરજની ગેહલી કામનીજી
છટકે દીય છેહ જિમ ચમકંતી દામનીજી ।। ૮ ।।

અસુચિનો ભંડાર શુચી કપટ કલા કેલવેજી
ચિત્તનો નાવે છેહ મૂરખ તે મહિલા વશ હુવાજી ॥ ૯ ॥
રખે કરતા વિસવાસ કાંમની ન હોય કહેનીજી
મુજ પરદેશી રાય જુએ અગડદત્ત જેહનીજી ॥ ૧૦ ॥
છેતરી સચેવાઈ દેવ સોનાર ઘરણીની કથાજી
મનુષ્ય તે કુણ માત્ર મેલો મહિલાની તથાજી ॥ ૧૧ ॥
ચતુર વિચારી ચિત્ત રમણી રાગ નીવારીયેજી
દેવ ગુરૂને ધર્મ આરાધી આતમ તારીયેજી ॥ ૧૨ ॥
વીર વિમલ ગુરૂ સિસ વિશુધ્ધ વાણી મન ધરીજી
ધરમ કરો સુખ દાય કરમ કાઠીયા પરિહરીજી ॥ ૧૩ ॥

॥ ઇતિ૦ ॥

અથ શ્રી તેર કાઠીયાની સજ્ઝાય.

રાગ ધન્યાશ્રી.

ધરમ કરતાં એહજ વારે કરમ કાઠીયા તેર
દેવગુરૂ ધરમ દર્શન કરતાં જાણે આડા મેરરે ॥ ૧ ॥
પ્રાણી કરમ કાઠીયા ટાલો અરિહંત આણા પાલોરે. એ આંકણી.
આલસ મોહ અવનામ ન કોહ પમાય કવીણ
ભય સોગ અનાંણુજ ટાલો વાંમેવ કુહલા રમણારે ॥ પ્રા૦ ॥ ૨ ॥
કરમ કાઠીયા દૂરે ટાલો આતમને અજુઆલો
અરિહંત આણા શુદ્ધ પાલો કરમ જાલને જ્વાલોરે ॥ પ્રા૦ ॥ ૩ ॥
શુદ્ધ સિખામણ ચિત્તમાં નાવે જ્યાં લગે એહનો જોરો
કરમ કાઠીયા દૂરે કર્યા પછી શિવપુર જાવો સોરોરે ॥ પ્રા૦ ॥ ૪ ॥
તેર અઠમ અંતર આંબલ ચઉવિહાર પણ કીજે
ભાવે કરી ભવિ પ્રાણી તેહને મનવંછીત ફલ સીઝેરે ॥ પ્રા૦ ॥ ૫ ॥
ભણે ગણે તપ કિરિયા કરે બહુ સંયમ લેા ઉલ્લાસ
અંતર ઘટથી એ નવિ ગયા તેા સગલેા અભ્યાસરે ॥ પ્રા૦ ॥ ૬ ॥

હું મૂરખ મતિહીન ન જાણું શાસ્ત્રતણો લવલેશ
ગુણ સેવા મુજ સુરતરૂ ફલીયો પુન્ય પ્રવેશરે ॥ પ્રા૦ ॥ ૭ ॥
ધન્ય ધન્ય તે નારી કૃતારથ જે જિનધર્મ આરાધે
દાન શીયલ તપ ભાવના ભાવી આતમ હિતારથ સાધેરે ॥પ્રા૦॥૮॥
કીર્તિવિમલ શિષ્ય વીર વિમલ ગણિ વાણી અમીય સમાણી
પીતા વિશુદ્ધ હોય ભવિ પ્રાણી કીર્તિ તસ ગવાણીરે ॥ પ્રા૦ ॥૯॥
પાલણપુરમાં પાસ જિણેસર પ્રણમી મન ઉલ્લાસે
વીરવિમલ ગુરૂ ચરણ સેવક વિશુદ્ધ કર્યો અભ્યાસરે ॥ પ્રા૦ ॥૧૦॥
સંવત અઢારસો મૃગસિર માસે શુદિ દ્વતીય ગુરૂ ઉલ્લાસેરે
વિશુધ્ધ શું વંદી પૂજી તાસ શિવ સુખ લહે ઉલ્લાસેરે ॥પ્રા૦ ॥૧૧॥

ઇતિ

શ્રી આત્મશિખામણની સજ્ઝાય.

વાણીઓ વણજ કરે છે રે, ઓણું આપીને મકલાય.

ગરાગ દેખી ગલીયો થાય.
બેસો બેસો કરેરે, ત્રાજુડીને ટાકર મારે પઇસો ઝુંટી લેયકે ॥વા૦॥૧॥
વીવાહે ધનવારે, પાલખીઓ લેવા જાયરે
એકબદ્દાનને કાજે વાણીઓ સોસો ગાળો ખાય ॥ વા૦ ॥ ૨ ॥
દ્દાઢ સવાયા કરે વાણીઓ ઘરમે ભેલું થાયરે
કરપીનું કાંઇ કાજ ન આવે બારે વાટે જાય ॥ વા૦ ॥ ૩ ॥
વાણીઓ દિસંતો વહેવારીઓ કોટે સોવન કંઠીરે
ધુત્યાનો જેને હાલ પડયો છે એની વેલા વિણઠી ॥ વા૦ ॥ ૪ ॥
આઈ બાઈ કાકો મામો બોલાવે બહુ માનેરે
મોહનો મીઠો મનનો મેલો જુઓ એ ભગધાન ॥ વા૦ ॥ ૫ ॥
ઘરાક દેખી ઘેલો થાય હુલફલ થઇને હુરખેરે
લુંબે આવ્યું લુંસી લીયે પાપ કરમ નવિ પરખે ॥ વા૦ ॥ ૬ ॥
અસંખ્યાતે જીવને ઘાતે એક બદામ કમાયરે
આરંભે અભિમાને ખરચે મહુર મહુર પમાય ॥ વા૦ ॥ ૭ ॥

પાપ કરંતો પાછું ન જોવે સો સો સમ્મા ખાયરે
કરહો કાઢે જુઠું બોલે જિમ તિમ ભેલું થાય ॥ વા૦ ॥ ૮ ॥
પાપ કરૂં તે પાસે રહેશે સજ્જન ખાસે આથરે
વિશુધ્ધ વિમલ કહે વીરની વાણી આવે કમાઈ સાથ ॥વા૦॥૯॥

ઇતિ.

અથ શ્રી આત્મશિખામણની સજ્ઝાય.

વ્યાપાર કીજે વાણીયા જેમ કમાએ કોટ લાલન
ડોઢ સવાયા બમણા નાવે જેમે ખોટ લાલન ॥ ૧ ॥
જિનશાસન હાટ મનોહરૂં સમકિત પેઢી સાર લલના
મિથ્યાત્વ કચરો કાઢીએ સધ્ધા ગાદી ઉદાર લલના ॥ ૨ ॥
જ્ઞાન કિરિયા દોયે ચેલીયા ધારણા માંડી ધાર લલના
સ્યાદ્વાદ થવા સઓસમ તપ તોલાં શ્રીકાર લલના ॥ ૩ ॥
કાજું કરીઆણાં રાખીએ દાનાદિક ધાર રતન લલના
શ્રાવક ધર્મ શ્રોફલ ભલે કીજે તાસ જતન લલના ॥ ૪ ॥
પરવંચન ગોલ ગલ્યો ઘણો વિનય મનોહર ઘૃત લલના
તત્વ તે તંદુલ ઉજળા દયા તે સુખડી અમૃત લલના ॥ ૫ ॥
વિવેક વસ્ત્ર વારૂં ઘણા ધ્યાન તે ધન્ય વસેક લલના
સુમતિ સોપારી શોભતી ઈમ કરીઆણા અનેક લલના ॥ ૬ ॥
ઈમ વ્યાપારે વાણીયા કોઈ ન માગે ભાગ લલના
આપ કામે આપણી લહિયે શિવપુર લગ લલના ॥ ૭ ॥
વિશુધ્ધ વાણી વીરની પીતાં જાયે પાપ લલના
વ્યવહારે શુધ્ધે વાણીયા સુખીયા થાયે આપ લલના ॥ ૮ ॥

ઇતિ.

અથ શ્રી જ્ઞાનપંચમીની સજ્ઝાય.

રાગ-ચોપાઇ.

અનંત સિધ્ધને કરૂં પ્રણામ હૈયડે સમરૂં સદ્‌ગુરૂ નામ
જ્ઞાનપંચમી કરૂં સજ્ઝાય ધર્મિ જિનને હોઇ સુખદાય ॥ ૧ ॥
જગમાંહિ એક જ્ઞાનજસાર જ્ઞાન વિના જીવ ન લહે પાર
દેવગુરૂ ધર્મ નવિ ઓલખે જ્ઞાનવિના કરમ નવિ ખપે ॥ ૨ ॥
નવતત્ત્વાદિક જિવવિચાર હેય જ્ઞેયોપાદેય સાર
સાધુ શ્રાવકનો શુધ્ધ આચાર જ્ઞાને લહે જીવ ભવનો પાર ॥ ૩ ॥
આતમા આઠ પ્રકારના કહ્યા સમકિત દ્રષ્ટિએ તે સદહ્યાં
દ્રવ્ય આતમા પહેલો જાણ બીજો કષાય આતમ પ્રધાન ॥ ૪ ॥
જોગ આતમા ત્રીજો સહી ઉપયોગ આતમા ચોથો અહીં
જ્ઞાન આતમા પાંચમો સાર દર્શન આતમા છઠ્ઠો ધાર ॥ ૫ ॥
ચરિત્ર આતમા સાતમો વરો વિરજ આતમા અષ્ટ મન ધરો
ચાર જ્ઞેય ઉપદિય હોય હેય હોય ઉત્તમને હોય ॥ ૬ ॥
જિનવર ભાષિત સર્વ વિચાર ન લહે જ્ઞાનવિના નિરધાર
જ્ઞાનપંચમી આરાધે ભલી વિધસહિત નિરદુષણ વલી ॥ ૭ ॥
વરદત્ત ગુણમંજરી જુઓ કર્મબંધન પૂર્વ ભવ હુઓ
ગુરૂવચને આરાધે સહી સોભાગ્ય પંચમી મન ગહગહી ॥ ૮ ॥
રોગ ગયો સુખ પામ્યો બહુ એ અધિકાર પ્રસિધ્ધ શું કહું
સંયમ લેઇ વિજયે તે જાય એકાવતારી તે વહુ થાય ॥ ૯ ॥
મહાવિદેહ માંહે જે અવતરી સંયમ લેઇ શિવનારી વરી
ઇણિપરે જે આરાધે જ્ઞાન તે પામે નિશ્ચે નિર્વાણ ॥ ૧૦ ॥
માનવભવ લહી કરો ધર્મ જિમ તુમ છુટે સઘળાં કર્મ
ઋધ્ધ કીર્ત્તિ વાધે અતિ ઘણી, અમૃતપદના થાજો ઘણી ॥ ૧૧ ॥

॥ ઇતિ ॥

અથ શ્રી રોહિણી સજ્ઝાય.

શ્રી વાસુપુજ્ય નમી સ્વામિ કહું રોહિણો તપ સુખ કામી હો
ધરમી જિન સુણો.
તપ કરતાં સવિ દુઃખ જાય તપ કરતાં રોગ ન થાય હો ધ૦ ૧૫૧૫
ઇંદ્રિયના વિષય નીહાણી તપ કરમ પીયણણી ઘાણી હો ધ૦
તપ કરતાં નિર્મલ પ્રાણી આતમ હોય કેવલ નાણી હો ધ૦ ૧૫૨૫
તપ કરતાં આતમરાયા પાયક થઈ રહે સવિ રાયા હો ધ૦
રોગ રહિત હોય કાયા સુરાસુર સેવે પાયા હો ધ૦ ૧૫૩૫
ધૈર્યવંત જે કારી રહ્યા કાયાની માયા નિવરી હો ધ૦
જેહને મંગલ માલાથી નારી તે તપ કરે નિરધારી હો ધ૦ ૧૫૪૫
તપ રોહિણીનો છે વારૂ ધર્મી જન કરે ચિત્ત વારૂ હો ધ૦
સાત વરસ ઉપર સાત માસ ધરી કર્મ ક્ષયની આશ હો ધ૦ ૧૫૫૫
તપ પૂરે ઉજમણું કીજે પૂરણ ફલતો સહી લીજે હો ધ૦
પૂજા કીજે બહુ યુગતે વાસુપૂજ્ય તણે ભાવ પુગતે હો ધ૦ ૧૫૬૫
વાસુપૂજ્યનું બિમ્બ ભરાવો જિનજીનો પ્રાસાદ કરાવો હો ધ૦
કેશરચ્ચંદન આભરણ નૈવેદ્ય કરો ભવહરણ હો ધ૦ ૧૫૭૫
સામીવચ્છલ કરો ભક્તે પહેરામણી કરો નિજ શક્તે હો ધ૦
દીન દુઃખીયાના દુઃખ કાપો યાચકને વંછિત આપે હો૦ ધ૦ ૧૫૮૫
જ્ઞાન લખાવો રંગે અજ્ઞાન નાશે ગુરૂ સંગે હો ધ૦
ઇત્યાદિક ઉજમણાં કીજે માનવભવ લાહો લીજે હો ધ૦ ૧૫૯૫
પૂરવ ભવે એ તપ કીધો રોહિણી રાણો સુખ લીધો હો ધ૦
વાસુપૂજ્ય સુત બેટી જાણો વાસુપૂજ્ય ચરિત્રથી આણો હો ધ૦ ૧૫૧૦૫
એ તપ જે કરશે ભાવે રોગસોગાદિક દુઃખ નાવે હો ધ૦
ઋધ્ધિકીર્ત્તિ અનંતી પામી અમૃતપદનો હોઈ સ્વામી હો

ધન ૧૧ ઇતિ૦

॥ ઇતિ૦ ॥

અથ શ્રી સાલમહાલસજ્ઝાય.

રાગ-તપનો રાય સંવેગીઓ એ દેશી.

સારદ ગુરૂ ચરણે નમી ગાશું સાલ મહાસાલરે, જેહનું ચરિત્ર રસાલરે,
પિઠ ચંપાનો ભુપાલરે, પ્રજાપાલે દયાળરે ॥ ૧ ॥
સાલ મહાસાલ દોય મુનિવરા તારણ તરણ જહાજરે ॥સાલ૦આંકણી૦॥
વીરજિનેસરની સુણી, દેશના અમૃત વાણીરે, પાપથી દુઃખની વાણીરે
ધર્મથી સુખ નિર્વાણરે, ભાઇ ભેજ બુઝયા સુણજ્જણરે, ઉલ્લસ્યું
પ્રમિત પ્રાણરે ॥ સાલ૦ ॥ ૨ ॥

રાજ દેઈ ભાણેજને, સંયમ લે જિનપાસરે, નિશદિન શ્રુત અભ્યાસરે
તપજપ સાધે તે ખાસરે; ન ધરે મોહને પાસરે ॥ સાલ૦ ॥ ૩ ॥
ખમદમતાંરે મુનિવરા, વિનયીને ગુણવંતરે, ક્રોધાદિક વમંતરે
ભાવનિર્વેદ અત્યંતરે, જ્ઞાનદશા તે ધરંતરે ॥ સાલ૦ ॥ ૪ ॥
પીઠચંપાયે તે આવીયા, ગૌતમ ગણધર સાથરે, હરખ્યો નગરીનો નાથરે
માતપિતા લેઈ સાથરે, રાયવંદે મુનિ નાથરે ॥ સાલ૦ ॥ ૫ ॥
ગૌતમ સ્વામિરે ઉપદિશે, તનધન યૌવન સારરે, રાજઋદ્ધિ અસારરે
અનિત્ય છે પરિવારરે, ભવમાં કાંઈ ન સારરે, સ્થિર એક ધરમ
વિચારરે ॥ સાલ૦ ॥ ૬ ॥

ગાંગલી રાજારે બુઝી, જસમઈ પિયુ તામરે, માતપિતા ગુણગ્રામ
દિક્ષા લીયે અભિરામરે, નિરમલ તાસ પરિણામરે ॥ સાલ૦ ॥૭॥
સાલમહાસાલ ભેજ હરખીયા, ધન્ય એ તરીયા સંસારરે, લીધો સં-
યમ ભારરે
તે ત્રણે ચિંતે ઉપગારરે, સફલ થયો અવતારરે ॥ સાલ૦ ॥ ૮ ॥
ક્ષપક શ્રેણિ પાંચે ચડયા, પાંચમું જ્ઞાનતે લીધરે, ઋદ્ધિને કીર્તિને સમૃદ્ધરે
અમૃતપદ વશ કીધરે, સેવક માગે તે સિદ્ધરે, હોજો ધર્મની વૃદ્ધિરે
॥ સાલ૦ ॥ ૯ ॥ ઇતિ૦ ॥

અથ ચેલાની સજ્ઝાય.

ચેલા રહે ગુરૂને પાસ ભટકતો સિદ્ધ ફરે છેરે
ચેલો છે પણ ઘણી ચંચળતા નથી ગુરૂ વશ રહેતોરે

આડું અવળું જો તો હિંડે રાત દિવસ રહે ફિરતો ॥ ચે૦ ॥૧॥
પાપ તણી ઝોલી કરી મોટી લોભ પાત્ર લેઇ હાથેરે
વિષય ભિક્ષા ઘર ઘર માગે ગુરૂ પ્રત્યનીકની સાથે ॥ ચે૦ ॥૨॥
દુર્જન ભેલો હુંસે બેસે જાય સજ્જનથી નાસીરે
જિહાં તિહાં ગુરૂને ગાલ દેવરાવે લોક કરે છે હાંસી ॥ ચે૦ ॥૩॥
ચૌરાસી લખ ચૌટા વચ્ચે દુઃખ પામ્યો બહુ વારોરે
તોહિ તુજને શિખ ન લાગે ધિક્ તાહરો અવતારો ॥ ચે૦ ॥૪॥
ગુરૂના ગુણનો જિનવર ભાખે શ્રી સિધ્ધાંતે વારૂરે
એહવા ગુરૂને મૂકી જાતાં લોક કહેશે કારૂ ॥ ચે૦ ॥ ૫ ॥
ગુરૂ પાસે રહેતાં જસ પામ્યો અલગા અવગુણ ઝાઝોરે
ગૌતમની પરે ગુરૂને સેવે સરસે તુમારૂં કાજ જો ॥ ચે૦ ॥ ૬ ॥
ચંચલતા છાડી ગુરૂ પાસે વસતાં કોડ કલ્યાણરે
વિબુધ વિમલ સૂરિપદ સેવો ઇમ કહે જિન ભાણ ॥ ચે૦ ॥ ૭ ॥

અથ વિનયની સજ્ઝાય.

ધન ધન એ દોય ગણધરા.

વિનય કરો ચેલા ગુરૂ તણો જિમ લહો સુખ અપારોરે
વિનય થકી વિદ્યા ભણે જપ તપ સૂત્ર આધારોરે ॥વિ૦ કરો૦॥૧॥
ગુરૂ વચન નવિ લોપીયે નવિ કરાયે વચન વિધાતોરે
ઉંચે આસને નવિ બેસીયે ગુરૂ વચે નવિ હુરીયે વાતોરે ॥વિ૦ કરો૦॥૨॥
ગુરૂ આગલ નવિ ચાલીયે નવિ રહીએ પાછલ દૂરોરે
બરોબર ઉભા નવિ રહીયે ગુરૂ શાતા દીજે ભરપૂરોરે ॥વિ૦॥૩॥
વસ્ત્રપાત્ર નિત્ય ગુરૂ તણાં પડિ દોય વારોરે
આસન બેસન પૂંજીને પાથરીએ સુખ કારોરે ॥ વિ૦ કરો૦ ॥૪॥
અસન વસનાદિક સુખ દીજીયે ગુરૂ આણાયે સુખ નિરખોરે
વિબુધ વિમલ સૂરિ ઇમ કહે શિષ્ય થાય ગુરૂ સરિખોરે
॥ વિનય ॥ કરો૦ ॥ ૫ ॥

અથ શ્રી ઇરિયાવહિની સજ્ઝાય.

ઇરિયાવહિ પડિકમશ્યોરે ભવિકા ઇરિયાવહિ પડિકમશ્યોરે

અમજીવ સવને ખમશ્યેારે ભ૦ અમઆપ સમાણા ગણશ્યેારે ભવિકા
રૂડાં ધર્મ તણાં ધ્યાન ધરસ્યેારે ભવિકા ॥ ૧ ॥ ધરિ૦ ॥
પૃથ્વી અપ્ તેઉને વાઉ સાધારણ વનસ્પતિ
વીસ ભેદ સૂક્ષ્મને બાદર અપ્પજ્જત્તિ પજ્જત્તિરે ભ૦૧૨૫ધરિ૦૧૫
પ્રત્યેક વનસ્પતિ દોય ભેદે અપજ્જત્તા પજ્જત્તા
ભાવીસ ભેદ થયા થાવરના ત્રેસતાણુ કહું છત્તારે ભ૦૧૬ધરિ૦૧૭
બેઇંદ્રી તેઇંદ્રી જીવા ચઉરિંદ્રિએ વિગલા
અપજ્જત્તા પજ્જત્તા કરતાં ભેદ થયા છ સવલારે ભ૦૧૭ધરિ૦૧૮
જલચર થલચર ખેચર કેરા ઉરપરિ ભુજપરિ સપ્પા
સન્ની અસન્નીને અપજ્જત્તા પજ્જત્તા વીશ થપ્પારે ભ૦૧૮ધરિ૦૧૯
અપજ્જત્તા પજ્જત્તા ચૌદે સાતે નરકના લેવા
તિન સયાને ઉપરે તિન માનવભેદ કહેવારે ભ૦૧૯ધરિ૦૨૦
કર્મભૂમિકા પન્નર કહિએ અકર્મભૂમિ ત્રીસ
છપ્પન અંતરદ્વીપના મનુષ્ય એકસો એક જગીસરે ભ૦૨૦ધરિ૦૨૧
અપજ્જત્તા પજ્જત્તા સન્ની નરના દોયસે દોઈ
અસન્નિ નરના અપજ્જત્તા એકસોને એક હોઇરે ભ૦૨૧ધરિ૦૨૨
પન્નર ભેદે પરમાધામી ભુવનપતિ દશ ભેદે
વંતર સોલ અચરચર જોઇસ પાંચ પાંચ જીવ ભેદેરે ભ૦૨૨ધરિ૦૨૩
કિલ્બિષિયા ત્રિહું ભેદે ભણિયા નવ લોકાંતિક લોકા
તિર્યક્ જૃંભક દશ ભેદે બાર ભેદે દેવલોકારે ભ૦ ૨૩ધરિ૦૨૪
નવ ગ્રૈ વેયકને પાંચ અનુત્તર વૈમાનિક વૈભાવે
સરવાલે મઘલા મીલીને આંક નવાણું આવેરે ભ૦૨૪ધરિ૦૨૫
પજત્તા અપજત્તા ભેદે એક સયાં અઠ્ઠાણું
પાંચ સયાંને ત્રેસઠ ઉપર જીવ સંવેના જાણુંરે ભ૦૨૫ધરિ૦૨૬
અભિહિયા પદ આદે દેઇને દશે પદે દશ ગુણીએ
પાંચ સહસ છ સયને ત્રીસા એટલે ઉપર ભણીએરે ભ૦૨૬ધરિ૦૨૭
રાગદ્વેષે દોભાગે ભજતાં ઈગ્યાસ સહસ દાસઠ્ઠા
તિત્તીસ સહસ સત્તમય અયસિય મણુવયકાયે અઠ્ઠારે ભ૦૨૭ધરિ૦૨૮

ઇતિ.